# પીકવીક ક્લબ

ડિકન્સ કૃત

વિખ્યાત હાસ્યકથા

સંપાદક
ગોપાળદાસ પટેલ

પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ.અમદાવાદ-૫૪

લુપટેલ

# પિકવિક ક્લબ

## ડિકન્સની બીજી નવલકથાઓ

### [સંક્ષિપ્ત અનુવાદ]

૧. **વેર અને ક્રાંતિ** ['ટેલ ઑફ ટૂ સિટીઝ'] ૩.૦૦
સંપા૦ ડૉ. બિપિનચંદ્ર ઝવેરી [સચિત્ર]

૨. **'ઑલિવર ટ્વિસ્ટ' યાને એક અનાથ બાળકની કહાણી** ૫.૫૦
સંપા૦ ગોપાળદાસ પટેલ [સચિત્ર]

૩. **'નિકોલસ નિકલ્બી' યાને કરણી તેવી ભરણી** ૧૦.૦૦
સંપા૦ ગોપાળદાસ પટેલ [સચિત્ર]

૪. **'ડોમ્બી ઍન્ડ સન' યાને તવંગરનું સંતાન** ૧૨.૦૦
સંપા૦ ગોપાળદાસ પટેલ [સચિત્ર]

**પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ.**
સત્યાગ્રહ છાવણી, અમદાવાદ-૫૪

# પિકવિક ક્લબ

[ચાર્લ્સ ડિકન્સ કૃત હાસ્યકથા 'સૌ સારું જેનું છેવટ સારું']

સંપાદક
ગોપાળદાસ જીવાભાઈ પટેલ



પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ.
સત્યાગ્રહ છાવણી, અમદાવાદ-૫૪

પ્રકાશક
પુ૦ છો૦ પટેલ
મંત્રી, પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ૦
અમદાવાદ–૫૪

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય અમદાવાદ–૧૪

પહેલી આવૃત્તિ : પ્રત : ૧૦૦૦

કિં. ત્રીસ રૂપિયા

જૂન ૧૯૮૪

# પ્રકાશકનું નિવેદન

જગવિખ્યાત અંગ્રેજ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ(૭-૨-૧૮૧૨ થી ૯-૬-૧૮૭૦)ની તેવી જ વિખ્યાત કટાક્ષ-કથા 'પિકવિક પેપર્સ'નો વિસ્તૃત ગુજરાતી સંક્ષેપ ગુજરાતી વાચક સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે.

ડિકન્સે એકસાથે હાસ્ય અને નવલકથાનો રસ ભેગા કરીને એક અનોખું સર્જન કર્યું છે. પિકવિક નામના એક તવંગર અને નિવૃત્ત સદ્‌ગૃહસ્થે સ્થાપેલી પિકવિક ક્લબને પાયામાં લઈ ને તેના પ્રમુખ અને સ્થાપક મિ૰ પિકવિક સાથે ક્લબના બીજા ત્રણ સભ્યોને — જેમાંનો એક પોતાને કવિ કહેવરાવે છે, બીજો મરદાની રમતગમતનો શોખીન કહેવરાવે છે અને ત્રીજો કેવળ સ્ત્રી-દાક્ષિણ્ય ધરાવે છે — તેમને લેખક પત્ર-પ્રવાસે મોકલે છે. અર્થાત્ પોતાને ખર્ચે પ્રવાસે નીકળનારા એ ચાર માનદ સભ્યો પ્રવાસ દરમ્યાન પોતે જે અનુભવો-માંથી પસાર થાય, જે નિરીક્ષણ કરે, જે વ્યક્તિઓના પરિચયમાં આવે તથા જે 'સંશોધનો' કરે, તે બધાં પોતાની ક્લબને પત્રો મારફત પહોંચાડે, અને ક્લબ તેમની સહર્ષ નોંધ લે અને રાખે.

એ પ્રવાસીઓ મારફત ડિકન્સ પોતાના આખા સમાજની — સ્ત્રીઓ-પુરુષો, તવંગર-ગરીબો, માલિક-નોકરો, કાયદો અને ન્યાયના સંરક્ષક તથા વિતરક ગણાતા પોલીસ-ન્યાયાધીશ-વકીલ-ગુમાસ્તાઓ, પ્રજાની શારીરિક સંભાળ રાખનારા કહેવાતા દાક્તરો, પ્રજાના આધ્યા-ત્મિક રખેવાળો ગણાતા ધર્માચાર્યો, લોકશાહીના પ્રાણરૂપ ગણાતી ચૂંટણીઓ, વિજ્ઞાનીઓનાં સંશોધનો અને અભ્યાસો — ક્લબો, મંડળો અને તેમની કામગીરીઓ — એ બધાં ઉપર પોતાની હાસ્યકટારી ચલાવે છે. કોઈ વર્ગ કે વ્યક્તિ એની ઉગામેલી કલમમાંથી બચી શકતાં નથી. આવી રીતે પોતાના સમાજની ઊણપો અને દૂષણો ઉઘાડાં પાડવાં — અને તે માત્ર ટીકાખોર બનવા નહિ, પણ લોકોને એ બધાંમાંથી નીકળી જવા માટે માર્ગ કરી આપવા — એ જેવા તેવા કસબનું કામ નથી. આપણે પણ અત્યારે કહેવાતી લોકશાહી હેઠળ જીવીએ છીએ તથા

ચૂંટણીઓ લડીએ છીએ, ન્યાયતંત્ર, અને પોલીસતંત્ર ચલાવીએ છીએ, અર્થાત્ પાર્લમેન્ટ-ધારાસભા-અદાલત-દવાખાનાંવાળા ગણાઈએ છીએ. એટલે ડિકન્સની એ નિત્ય-નૂતન નવલકથાના કેટલાય અંશો આપણને સારી પેઠે સ્પર્શી જાય છે.

ડિકન્સના મૂળ અંગ્રેજી ભાષાના વિનોદો, કટાક્ષો અને મજાકો બીજી ભાષામાં ભારોભાર ઉતારવાં એ તો બહુ અઘરું કામ કહેવાય. પરંતુ 'પિકવિક ક્લબ'ના સંપાદક એ કામ સફળતાથી કેટલે અંશે પાર પાડી શકયા છે, તેનો નિર્ણય વાચક પોતે જ કરી લેશે.

ડિકન્સ જેવો નિષ્ઠાવાન લેખક પોતાના સમાજનાં અમુક અંગોની માત્ર ઠેકડી કરીને બેસી રહે તો જ નવાઈ. આ નવલકથામાં તો તેણે માનવસ્વભાવની કેટલીક ઉજ્જ્વળ બાજુઓ પણ એવા જ ઉત્તમ કસબથી રજૂ કરી છે. તે અંગેના જે કેટલાક ઉત્તમ નમૂનાઓ તેણે રજૂ કર્યા છે, તે વાંચી આપણે ધન્યતાની લાગણી અનુભવ્યા વિના રહી શકતા નથી.

ડિકન્સે ઉપરાંતમાં આ નવલકથામાં કેટલીક જગાએ કોઈ પાત્ર પોતાની આપવીતી કહેતું હોય કે પોતે જોયેલી અમુક બીના કે ઘટના કહી બતાવતું હોય એવા પ્રસંગો ઊભા કરીને કેટલીક હૃદય હલમલાવી મૂકે એવી આડકથાઓ પણ રજૂ કરી છે.

આ નવલકથા ગુજરાતી વાચક સમક્ષ રજૂ કરીને અમે એક પ્રકારનું ઋણ અદા કર્યાનો પણ સંતોષ અનુભવીએ છીએ. સ્વ૦ શ્રી. મગનભાઈ દેસાઈએ પરિવાર સંસ્થા મારફત વિશ્વસાહિત્યની કેટલીક ઉત્તમ નવલકથાઓના ગુજરાતી સંક્ષેપો વાચકોને ઉપલબ્ધ કરી આપવાની જોરદાર પ્રવૃત્તિ ઉપાડી હતી. અને એ રીતે કેટલીક ઉત્તમ નવલકથાઓ ગુજરાતને મળી પણ ચૂકી છે. આ તથા બીજી તરત જ પ્રકાશિત થનારી થોડીક નવલકથાઓ એમનો એ હેતુ પાર પાડવામાં યત્કિંચિત્ મદદરૂપ થશે, એ વાતનો પણ અમને ઓછો સંતોષ નથી.

૨૧-૪-૮૪ પુ૦ છો૦ પટેલ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રકાશકનું નિવેદન | ૩ |
| | પાત્રપરિચય | ૧૧ |
| ૧. | પિકવિકિયનોની જાહેર ઓળખાણ | ૩ |
| ૨. | મુસાફરી અને પરાક્રમોનું મંડાણ | ૧૦ |
| ૩. | રોચેસ્ટરમાં મુકામ | ૧૮ |
| ૪. | મિ૦ વિંકલની ખેલદિલી | ૨૫ |
| ૫. | તકરારનો અંત | ૩૬ |
| ૬. | નવી ઓળખાણ | ૪૧ |
| ૭. | ડિંગ્લી ડેલ તરફ | ૪૯ |
| ૮. | મૅનોર-ફાર્મમાં | ૫૭ |
| ૯. | શિકાર, ક્રિકેટ, ખાણું અને પીણું | ૬૩ |
| ૧૦. | સાચા પ્રેમનો માર્ગ, રેલ્વે-માર્ગ નથી.... | ૭૩ |
| ૧૧. | પીછો | ૮૬ |
| ૧૨. | મિ૦ જિંગલ ઉઘાડા પડે છે– | ૯૩ |
| ૧૩. | પુરાતત્ત્વ સંશોધન | ૧૦૭ |
| ૧૪. | ખાડો ખોદે તે પડે! | ૧૧૩ |
| ૧૫. | એક અગત્યનું પ્રકરણ : મિ૦ પિકવિકના જીવનમાં | ૧૧૬ |
| ૧૬. | ચૂંટણી-જંગ | ૧૨૩ |
| ૧૭. | ચૂંટણી | ૧૩૧ |
| ૧૮. | ફરી પાછા ભેટા! | ૧૩૭ |
| ૧૯. | વહાર! | ૧૪૫ |
| ૨૦. | મિસિસ બાર્ડેલનો દાવો | ૧૫૮ |
| ૨૧. | ડૉડસન અને ફૉગ | ૧૬૭ |
| ૨૨. | વિચિત્ર અસીલ | ૧૭૭ |
| ૨૩. | નવું પરાક્રમ | ૧૮૫ |
| ૨૪. | સેમ વૅલ્ટરનું દેવું ચૂકવવા ધારે છે | ૧૯૭ |
| ૨૫. | ફરી પાછા કાયદાની ચુંગલમાં | ૨૦૨ |

૨૯. ચડતી અને પડતી ૨૧૪
૩૭. પ્રેમ-બાણ વાગ્યાં હોય તે જાણે ૨૨૪
૨૮. મુકદ્દમો આગળ વધે છે ૨૩૧
૨૯. સૅમની અપર-મા ૨૩૬
૩૦. લગ્ન-મિજબાની ૨૪૪
૩૧. નવા પ્રેમ-કૃષ્ણગા ૨૪૮
૩૨. કાયદા અંગેનું થોડુંક ૨૫૭
૩૩. મેડિકલ સાળો-બનેવી ૨૭૦
૩૪. સૅમનો પ્રથમ પ્રેમ-પત્ર ૨૭૭
૩૫. મદ્યનિષેધક મંડળી ૨૮૨
૩૬. કેસ ચાલ્યો ૨૮૮
૩૭. 'બાથ' તરફ ૩૧૦
૩૮ મિ૦ વિંકલની ખેલદિલી ૩૧૯
૩૯. સૅમની કામગીરી ૩૨૮
૪૦. અદ્‌ભુત પ્રકાશની શોધનો જન્મ ૩૩૯
૪૧. જેલ-મહેલમાં ૩૪૬
૪૨. સૅમ મુશ્કેલીમાં આવી પડે છે ૩૫૫
૪૩. મિ૦ વિંકલ જાન ઉપર આવી જાય છે ૩૬૦
૪૪. સૅમને ધર્મોપદેશ ૩૬૬
૪૫. સૅમ નવાઈમાં દૃશ્ય જુએ છે ૩૭૩
૪૬. મિસિસ બાર્ડલ આફતમાં ૩૭૬
૪૭. મિ૦ પિકવિક બેન એંલનને અને રૉબર્ટ સૉયરને મળે છે ૩૮૯
૪૮. મિ૦ વિંકલ-સિનિયર ૩૯૫
૪૯. છેલ્લી લાત ૪૦૦
૫૦. કેટલીક વિદાય : ભાવભરી અને કડવી ૪૦૭
૫૧. મિ૦ વૉર્ડલની મુશ્કેલીઓ ૪૧૪
૫૨. ચોંકાવનારી વાતો ૪૨૫
૫૩. "સૌ સારું, જેનું છેવટ સારું..." ૪૩૮

# પાત્રપરિચય

[વાર્તામાં પાત્રના પ્રવેશને ક્રમે]

**પિકવિક, સૅમ્યુએલ, મિ૦ :** પિકવિક ક્લબના સંસ્થાપક. નિવૃત્ત થયેલા ધનવાન વિધુર સદ્‌ગૃહસ્થ. સફળ ધંધારોજગારવાળી જુવાનીનું વૃત્તાંત અજ્ઞાત. લંડનની ગૉસ્વેલ-શેરીમાં એક વિધવા ઘરમાલિકણ મિસિસ બાર્ડેલને ત્યાં પેઇંગ-ગેસ્ટ તરીકે નિવાસ. ફુરસદનો સમય પિકવિક ક્લબ મારફત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ગાળે,

**પિકવિક ક્લબ :** મિ૦ પિકવિક સ્થાપેલી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવતી મશહૂર ક્લબ. પોતાની નવી જંગમ પત્ર-શાખા સ્થાપી મિ૦ પિકવિક અને બીજા ત્રણ સભ્યોને પોતપોતાને ખર્ચે પ્રવાસે મોકલે છે અને તેમાંથી આ નવલકથાનું આખું વસ્તુ ઊભું થાય છે.

**ટપમન, ટ્રેસી, મિ૦ :** મિ૦ પિકવિક સાથે પિકવિક ક્લબની જંગમ પત્ર-શાખામાં જોડાનાર ત્રણમાંના એક સભ્ય. સ્ત્રીજાતિ પ્રત્યેના તેમના નિત્ય વહેતા અખૂટ દાક્ષિણ્યને કારણે હમેશ તેમનાથી ભોંઠાઈ જવાની ક્ષમ્ય નિર્બળતા ધરાવે છે. સ્ત્રીજાતિનાં હૃદયો ઉપર સતત વિજય મેળવવાની આકાંક્ષાવાળા.

**સ્નૉડગ્રાસ, ઑગસ્ટસ, મિ૦ :** મિ૦ પિકવિક સાથે પત્ર-પ્રવાસે નીકળેલા ત્રણ સાથીઓમાંના એક. કવિનો જીવ. કવિ તરીકેની કીર્તિ વહાલી છે.

**વિંકલ, નૅથેનિયલ, મિ૦ :** મિ૦ પિકવિક સાથે પત્ર-પ્રવાસે નીકળેલા ત્રણ સાથીઓમાંના એક. બધી મેદાની રમતગમતોના આભૂષણરૂપ. મેદાન, હવા અને પાણીની રમતગમતમાં વિક્રમ સ્થાપવાની તમન્ના ધરાવે. પોતાનો પોશાક પણ તેમણે ખાસ શોધેલો – મેદાની–મરદાની. તેમના તવંગર પિતાએ તેમને મિ૦ પિકવિકની દેખરેખ હેઠળ ઘડાવા માટે થોડા વખતથી મૂકેલા છે.

**બ્લૉટન, મિ૦ :** પિકવિક ક્લબનો એક ટીકાખોર સભ્ય.

**સ્લૅમર :** રોચેસ્ટરની રેજિમેન્ટનો સરજન ડૉક્ટર.

**વૉર્ડલ, મિ૦ :** ડિંગ્લી ડૅલ મુકામે આવેલા મૅનોર–ફાર્મના માલિક જમીનદાર. આઇઝાબેલા અને ઍમિલી તેમની બે સુપુત્રીઓ. અને મિસ રાશેલ વૉર્ડલ, તેમનાં પ્રૌઢ ઉંમરનાં કુંવારાં બહેન. આઇઝાબેલાનું મિ૦ ટ્રન્ડલ સાથે

વાગ્દાન થયેલું છે. જ્યારે એમિલી આગળ ઉપર મિ૦ પિકવિકના પ્રવાસી સાથીદાર સ્નૉડગ્રાસ સાથે પ્રેમમાં પડવાની છે.

**આઇઝાબેલા :** મિ૦ વૉર્ડલની પુત્રી. મિ૦ ટ્રન્ડલ સાથે વાગ્દાન થઈ ચૂકયું છે. ટૂંકું નામ બેલા.

**એમિલી :** મિ૦ વૉર્ડલની બીજી પુત્રી. મિ૦ પિકવિકના પ્રવાસી સાથીદાર સ્નૉડગ્રાસ સાથે પ્રેમમાં પડી આ નવલકથાનાં કેટલાંક રસિક પ્રકરણોનું વસ્તુ પૂરું પાડવાની છે.

**રાશેલ, મિસ વૉર્ડલ :** મિ૦ વૉર્ડલની પ્રૌઢ કુંવારી બહેન. મિ૦ પિકવિકના પ્રવાસી સાથીદાર મિ૦ ટપમન સાથે પ્રેમમાં પડે છે. દરમ્યાન મિ૦ જિંગલ તેને ભોળવીને ભગાડી જવામાં સફળ થાય છે.

**જિંગલ, આલ્ફ્રેડ, મિ૦ :** છૂટક કામ કરતો જંગમ નટ. નાનાં અખૂરાં વાકયો બોલવા ટેવાયેલો. ગમે તેવી બડાશ મારી શકે. લોકોને છેતરીને જ પેટ ભરવામાં માને. વાર્તાની શરૂઆતના ભાગમાં જ દાખલ થાય છે તે વાર્તાના અંત સુધી પથરાયેલો રહે છે. જૉબ ટ્રૉટર તેનો વફાદાર પણ તેના જેવો જ ફરેબબાજ સાથી.

**ટ્રૉટર, જૉબ :** જિંગલનો વફાદાર સાથી. તેના જેવો જ ફરેબબાજ. જંગમ વૉટરવર્કસ જ જોઈ લો. ગમે ત્યારે વાતવાતમાં આંખોમાંથી આંસુના ધધૂડા રેલાવી શકે.

**જોસફ :** મિ૦ વૉર્ડલનો નડિયો જુવાન નોકર. ખાવું અને ઊંઘવું એ બે કામમાં પાવરધો. તેના જાડા શરીરમાં પણ પ્રેમ-બાણ પેસી શકે છે.

**સૅમ વેલર :** (સૅમ્યુએલ. તેનો બાપ તેને સૅમિવેલ કહે છે.) લંડનની 'વ્હાઇટ-હાર્ટ' નામની બીશીનો નોકર. અપર-મા અને બાપથી જુદો પડી સ્વતંત્ર-પણે જીવન ગુજરે છે. પછીથી મિ૦ પિકવિકની નોકરીમાં જોડાય છે. બહુ ચાલાક તથા તેવો જ વફાદાર. ડિકન્સે માનવસ્વભાવની ઉત્તમ બાજુ રજૂ કરનારાં જે થોડાંક પાત્રો આ નવલકથામાં રજૂ કર્યા છે તેમાંનું એક મુખ્ય પાત્ર. નવલકથામાં સૅમ દાખલ થતાં જ રંગ જામે છે. પોતાનાં કથનોને 'ફલાણાએ કહ્યું હતું તેમ, કે કર્યું હતું તેમ' એમ કહીને મઠારવાની ટેવ છે. તેનો ભલો બાપ મિ૦ વેલર કોચગાડી હાંકવાનું કામ કરે છે.

**વેલર, ટોની, મિ૦ :** લંડનમાં કોચગાડી હાંકવાનું કામ કરતો એક ભલો ભોળો, પ્રામાણિક માણસ. તે વખતે મોટરો કે રેલગાડીઓ નહોતી એટલે બધી મુસાફરી કોચગાડી મારફત જ કરાતી. જુદાં જુદાં શહેરો વચ્ચે કોચગાડીના

અને ઘોડાઓ બદલવાના ટપ્પાઓ હોતા. અને ફાચગાડી હાંકનાર પ્રતિષ્ઠિત વ્યક્તિ ગણાતો. પ્રથમ પત્ની (સૅમની મા) મરી જતાં લગ્નના દલ્લાલો તેને ભોળવીને દારૂનો 'બાર' ચલાવતી એક વિધવા બાઈ સાથે પરણાવી દે છે. તેથી પછી જીવનભર વૅલર ડોસા વિધવાના હાથમાં ન સપડાવું એવો ઉપદેશ જોને ને તેને આપ્યા કરે છે.

**ડલ્લાર્ડ, સુસાન, મિસિસ :** 'બાર્કિવસ ઑફ ચેન્બી' નામે દારૂનો બાર ચલાવતી એક વિધવા બાઈ; મિ૦ વૅલર (સૅમના બાપ) સાથે પરણે છે.

**પર્કર, મિ૦ :** વકીલ. પાતળા, બટકા અને મળતાવડા. મિસિસ બાર્ડલે મિ૦ પિકવિક ઉપર માંડેલા દાવામાં પિકવિકના વકીલ બને છે. ધંધાદારી નીતિને વળગી રહેનાર ભલા માણસ.

**બાર્ડલ, માસ્ટર :** મિસિસ બાર્ડલનો છોકરો.

**સૅમ્યુએલ વેલર :** જુઓ સૅમ વેલર.

**સ્લમ્કી, ઑન૦ સૅમ્યુએલ :** ઍટર્નસવિલ મુકામે યોજાયેલી ચૂંટણીમાં 'બ્લ્યૂ' પક્ષના ઉમેદવાર. ચૂંટણી-જંગ જીતે છે.

**ફિઝકિન, હોરેશિયો ઍડવા૦ :** ઍટર્નસવિલની ચૂંટણીમાં 'બફ' પક્ષના ઉમેદવાર. ચૂંટણીમાં હારે છે.

**પૉટ, મિ૦ :** 'ઍટર્નસવિલ ગેઝેટ'ના તંત્રી. 'બ્લ્યૂ' પક્ષનું વાજિંત્ર.

**હંટર, લિયો, મિસિસ :** ઍટર્નસવિલની એક તવંગર બાઈ. કવચિત્રી તરીકેની ખ્યાતિ વધારવા મહેમાનોને મિજબાનીઓ આપ્યા કરે. તેનો પતિ તેનો નમ્ર ભક્ત.

**ફિટ્ઝ-માર્શલ, મિ૦ થાલ્સ :** જિંગલે ધારણ કરેલું ખોટું નામ અને હોદ્દો.

**પૉટ, મિસિસ :** મિ૦ પૉટનાં મહોરદાર. પતિ ઉપર ભારે કરપ રાખે છે.

**ટ્રન્ડલ, મિ૦ :** મિ૦ વૉર્ડલની પુત્રી આઇઝાબેલા સાથે પરણે છે.

**ડૉડસન અને ફૉગ :** મિસિસ બાર્ડલના વકીલો—મિ૦ પિકવિક ઉપરના દાવામાં. સિદ્ધાંત વિનાના અદાલતોના ઍટર્નીઓ. અઠંગ કજિયાદલાલો.

**ફૉગ :** જુઓ ડૉડસન અને ફૉગ.

**લૉટન :** પર્કર વકીલનો ગુમાસ્તો.

**મૅન્સ, પિટર, મિ૦ :** ઇપ્સવીચ તરફ જતી વખતે મિ૦ પિકવિકને ભેગો થયેલો મુસાફર. ખૂબ વહેમી સ્વભાવનો માણસ.

**વિધરફિલ્ડ, મિસ :** મૅગ્નસ જેને વરવા ઇપ્સવીચ આવ્યો હતો તે બાનુ. ભૂલથી તેના કમરામાં મિ૰ પિકવિક પેસી જતાં કરુણાન્ત સરજાયો હતો.

**નપ્કિન્સ, જ્યૉર્જ, મિ૰, :** ઇપ્સવીચના મુખ્ય મૅજિસ્ટ્રેટ.

**મઝલ :** નપ્કિન્સની કોર્ટનો પહેરગીર.

**જિન્કસ, મિ૰ :** નપ્કિન્સની કચેરીનો કારકુન.

**ગ્રમર :** ઇપ્સવીચનો પોલીસ-કૉન્સ્ટેબલ.

**હુપ્લી :** ગ્રમરનો સાથીદાર પોલીસ.

**મૅરી :** મૅજિસ્ટ્રેટ નપ્કિન્સના ઘરની કૂટકી 'હાઉસ-મેઇડ'. સૅમ તેના પ્રેમમાં પડે છે.

**સ્ટિગિન્સ, મિ૰ :** 'ડેપ્યુટી-શેકર્સ'-મદદનીશ પુરોહિત. દાઢીધો છે. સૅમની અપરમા તેના ભક્તામંડળમાં છે. મદ્યનિષેધક મંડળમાં પોતાના વિભાગના પ્રતિનિધિ તરીકે ભાષણ આપે છે.

**બેન્જામિન, ઍલન, મિ૰ :** ટૂંકું નામ 'બેન'. સર્જરીનો મેડિકલ વિદ્યાર્થી. આરાબેલાનો ભાઈ. તેને પોતાના મેડિકલ મિત્ર બૉબ સૉયર જોડે પરણાવી દેવા માગે છે. મિ૰ વિંકલ – મિ૰ પિકવિકના પ્રવાસ-સાથી, આરાબેલાના પ્રેમમાં પડી જાય છે.

**સૉયર, બૉબ :** એક કંગાળ મેડિકલ પ્રૅક્ટિશનર. બેન્જામિન ઍલનનો મિત્ર. ઍલનની બહેન આરાબેલાના હાથનો ઉમેદવાર.

**આરાબેલા, ઍલન :** બેન્જામિનની મા-બાપ વિહોણી થયેલી નાની બહેન. મિ૰ વૉર્ડલની પુત્રીઓની સખી. તે પણ ભાઈની મરજી વિરુદ્ધ મિ૰ વિંકલ સાથે પરણવા ઇચ્છે છે.

**સ્નબિન, સારજંટ :** મિ૰ પિકવિકના મળતાવડા વકીલ મિ૰ પર્કર મિ૰ પિકવિકના મુકદ્દમા માટે રોકેલો વડો બૅરિસ્ટર. બધા જ અસીલો તેને પોતાના પક્ષે રોકી લેવા પડાપડી કરતા હોય છે. કોઈ પણ અસીલના કાગળો વાંચવાની બાધા. પાછો બીજો જુનિયર બૅરિસ્ટર રોકયો હોય તેની સાથે થોડી વાત કરી લે એટલું જ.

**મલાર્ડ, મિ૰ :** સારજંટ સ્નબિનનો ગુમાસ્તો.

**ફ્રૂંકી, મિ૰ :** મિ૰ પિકવિકના મુકદ્દમા માટે સારજંટ સ્નબિનના મદદનીશ તરીકે રોકવામાં આવેલો જુનિયર બૅરિસ્ટર. પોતાની ફરજ બજાવવામાં ચીવટવાળો.

**રૅંડલ, મિસિસ :** મિ૦ બૉબ સૉયર જેના કમરામાં ભાડે રહી દવાખાનું ચલાવતા હતા તે સધવા પેટા મકાન-માલિકણ. ભારે કજિયાખોર.

**હૉપકિન્સ, જૅક :** બૉબ સૉયરનો મેડિકલ મિત્ર

**બઝફઝ, સારજંટ :** મિ૦ પિકવિક ઉપરના દાવામાં મિસિસ બાર્ડલ તરફનો બૅરિસ્ટર.

**સ્નિકપિન, મિ૦ :** મિસિસ બાર્ડલના બૅરિસ્ટર સારજંટ બઝફઝનો મદદનીશ વકીલ.

**ડલપિન્સ, મિસિસ :** મિસિસ બાર્ડલની પડોશણ. મિ૦ પિકવિક સામેના દાવામાં સાક્ષી આપવા જાય છે.

**સૅન્ડર્સ, મિસિસ :** મિસિસ બાર્ડલની પડોશણ. મિ. પિકવિક સામેના દાવામાં સાક્ષી તરીકે જાય છે.

**સ્ટેલ્લે, જજ :** જેમની સમક્ષ મિ૦ પિકવિક ઉપરનો કેસ ચાલે છે. કોર્ટમાં ચાલતા કેસો ઊંઘી પણ લે છે.

**ડાઉલર, મિ૦ :** લશ્કરના માણસ. પત્ની સાથે બ્રિસ્ટલ મુકામે 'બાથ' ની સહેલગાહે જવા ઊપડયા ત્યારે કોચમાં મિ૦ પિકવિક વગેરેના સહયાત્રી બને છે. પત્નીની સુંદરતાના અભિમાની. મિ૦ વિંકલ સાથે અથડાઈ પડે છે.

**ડાઉલર, મિસિસ :** મિ૦ ડાઉલરનાં પત્ની.

**રેકર, ટૉમ :** ફ્લિટ સ્ટ્રીટમાં આવેલી દેવાળિયાઓને કે પોતાનું કરજ ભરપાઈ ન કરી શકનારાઓને દેવું ભરપાઈ ન કરે ત્યાં સુધી પૂરી રાખવાની જેલનો કર્મચારી.

**પેલ, મિ૦ :** કોચમનોના માનીતા વકીલ. સૅમ બાપની મદદથી ફ્લિટ જેલમાં મિ૦ પિકવિક સાથે રહેવા માટે મિ૦ પેલ પાસે દેવાદારપણાનો દાવો મંડાવે છે.

**વિંકલ-સિનિયર, મિ૦ :** મિ૦ વિંકલના તવંગર પિતા. તેમણે પોતાના પુત્રને મિ૦ પિકવિક પાસે ઘડાવા મૂકયો હોય છે. મિ૦ વિંકલે, આરાબેલા સાથે, પોતાને અન્યાય રાખી કરેલા લગ્નથી ખૂબ ગુસ્સે થઈ જાય છે અને મિ૦ વિંકલને ના-વારસ બનાવવાનું નક્કી કરે છે. પરંતુ પછી આરાબેલાને નજરે જોયા પછી 'સૌ સારું, જેનું છેવટ સારું' એવું પરિણામ આવે છે.

# શુદ્ધિપત્ર

| પાન | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૮ | ૧૨ | હશો | હસો |
| ૫૪ | ૧૩ | લગામના | લગામનો |
| ૭૨ | ૧૨ | ન હોત | હોત |
| ૯૦ | ૨ | બિચારે | બિચારાએ |
| ૯૨ | ૫ | સાળો | સાલો |
| ૧૧૫ | ૨૨ | પથ્થરે | પથરો |
| ૧૩૪ | ૧૫ | સાથ | સાથે |
| ૧૪૧ | ૧૯ | હતી | હતાં |
| ૧૪૨ | ૨૬ | હુંટે | હંટરે |
| ૨૦૩ | ૫ | તમામ | તમારા |
| ૨૩૧ | ૧૮ | ઉગાડો | ઉઘાડો |
| ૨૩૨ | ૨૬ | ખાશો | ખાસ્સો |
| ૨૬૦ | ૧૫ | નછી | નથી |
| ૨૭૮ | ૪ | બોર | બોર |
| ૨૮૫ | ૮ | રાખવા | આપવા |
| ૨૯૦ | ૨૨ | ઠાર | ઠસકું |
| ૨૯૬ | ૨૫ | ચાલ | ચાલવા |
| ૨૯૬ | ૨૭ | પિકવિકન કમરા | પિકવિકના કમરામાં |
| ૨૯૮ | ૧૭ | પૂછ | પૂછ્યું |
| ૩૪૨ | ૨૬ | સીસામાંથી | શીશામાંથી |
| ૩૬૯ | ૨૭ | જુઓ | જુઓ ! |
| ૩૮૪ | ૯ | ટડી | ધંટડી |
| ૩૮૮ | ૨ | ઓળખતા | ઓળખીતા |
| ૩૯૧ | ૧૨ | લપટકયો | લપકયો |

# પિકવિક ક્લબ

[ ચાર્લ્સ ડિકન્સ કૃત હાસ્યકથા "સૌ સારું, જેનું છેવટ સારું" ]

# ૧

# પિકવિકિયનોની જાહેર ઓળખાણ

અમર પુરુષ પિકવિકની શરૂઆતની કારકિર્દી, દુનિયાની બીજી ઘણી મહત્ત્વની વસ્તુઓની જેમ, ભુલાવાના અંધકારમાં ઘેરાયેલી છે; તેના ઉપરનો પડદો પહેલવહેલો ઊઘડે છે, પિકવિક ક્લબની કાર્યવાહીની નોંધ આ લેખકના હાથમાં આવી, ત્યારથી. તેના હાથમાં મુકાયેલા એ બધા દસ્તાવેજી કાગળો કાળજીથી, ખંતથી અને વિવેક-પૂર્વક વાંચી-સમજી-ગોઠવીને આજે જાહેર જનતા સમક્ષ મૂકતાં લેખકને એકીસાથે આનંદ અને ગૌરવનો અનુભવ થાય છે.

તા. ૧૨મી મે, ૧૮૨૭ના દિવસે જૉસેફ સ્મિગર્સ, એસ્કવાયર, પી. વી. પી., એમ. પી. સી.,૧—ના પ્રમુખસ્થાને મળેલી પિકવિક ક્લબની બેઠકમાં નીચેના ઠરાવો સર્વાનુમતિથી મંજૂર રાખવામાં આવ્યા, — ત્યાંથી અમે એ ક્લબની કાર્યવાહી રજૂ કરીએ છીએ, એ વિદિત થાય.

"સૅમ્યુએલ પિકવિક, એસ્કવાયર, જી. સી., એમ. પી. સી.,૨ તરફથી રજૂ થયેલો 'હૅમ્પ્સ્ટેડ મુકામે આવેલાં સરોવરોનાં મૂળ વિષે સૂચનો તથા પીઠ ઉપર અણીદાર ખૂંટાવાળાં ટિટલ-બૅટ માછલાં અંગે થોડાંક સંશોધનો' — એ લેખ આ ક્લબ સમક્ષ વાંચી બતાવવામાં આવ્યો. ક્લબે તેને નિર્ભેળ સંતોષ તથા સંપૂર્ણ સહમતી સાથે સાંભળ્યો છે; અને

---

૧. પરપેચ્યુઅલ વાઈસ પ્રેસિડન્ટ, — મેમ્બર પિકવિક ક્લબ: કાયમી વા૦ પ્રે૦.....

૨. જનરલ ચૅરમૅન, — મેમ્બર પિકવિક ક્લબ.

આ ક્લબ એ બદલ સદરહુ સેમ્યુએલ પિકવિક, એસ્કવાયર, જી. સી., એમ. પી. સી.,-ને પોતાના હાર્દિક ધન્યવાદ સમર્પે છે.

" સેમ્યુએલ પિકવિક, એસ્કવાયર, જી. સી., એમ. પી. સી.,-ના ઉપરોક્ત લેખથી તથા તે ઉપરાંત તેમણે હૉન્સી, હાઈગેટ, બ્રિકસ્ટન અને કૅમ્બરવેલ મુકામોએ ચલાવેલાં અથાક સંશોધનોથી વિજ્ઞાનની તે તે શાખાને જે લાભો થવાના છે, તેનું આ ક્લબને ઊંડું ભાન છે; છતાં, એ વિદ્વાન પુરુષ પોતાનાં સંશોધનો વધુ વિશાળ ક્ષેત્રોમાં ચલાવે અને પોતાનો પ્રવાસ વધુ વિસ્તૃત બનાવીને પોતાના નિરીક્ષણનું ક્ષેત્ર વધુ મોટું બનાવે, તો જ્ઞાનની વૃદ્ધિ અને જ્ઞાનના પ્રસારને જે અનુપમ લાભ અચૂક થાય, તેના પ્રત્યે આ ક્લબ આંખ મીંચી શકતી નથી.

" ઉપર દર્શાવેલો હેતુ નજર સમક્ષ રાખીને, સદરહુ સેમ્યુએલ પિકવિક, એસ્કવાયર, જી. સી., એમ. પી. સી., અને બીજા ત્રણ પિકવિકિયનો – જેમનાં નામો હવે પછી દર્શાવેલાં છે, તેમના તરફથી આવેલી, પિકવિક ક્લબની જંગમ પત્ર-શાખા સ્થાપવાની દરખાસ્ત ઉપર આ ક્લબે ગંભીરપણે વિચારણા ચલાવી છે.

" એ દરખાસ્તને આ મંડળ પૂરેપૂરી મંજૂર અને બહાલ રાખે છે.

" અને તેથી, પિકવિક ક્લબની જંગમ પત્ર-શાખા આ સાથે વિધિસર સ્થાપિત થયેલી જાહેર કરવામાં આવે છે; અને સેમ્યુએલ પિકવિક, એસ્ક૦, જી. સી., એમ. પી. સી., ટ્રેસી ટપમન, એસ્ક૦, એમ. પી. સી., ઑગસ્ટસ સ્નૉડગ્રાસ, એસ્ક૦, એમ. પી. સી., અને નૅથેનિયલ વિંકલ, એસ્ક૦, એમ. પી. સી.,-ની સદરહુ શાખાના સભ્યો તરીકે પસંદગી અને નિમણૂક કરવામાં આવે છે. વખતોવખત તેઓ તેમની મુસાફરી અને સંશોધનના પ્રમાણભૂત અહેવાલો, તે તે સ્થળોના લોકોનાં વર્તન અને રીતભાત વિષેનાં તેમનાં નિરીક્ષણો, તથા સ્થાનિક દૃશ્યો અથવા પરિચયોથી જે વાતો કે નોંધો ઊભી થાય, તે સહિત તેમનાં પરાક્રમોની પૂરી વિગતો લંડન મુકામે પિકવિક ક્લબને મોકલતા રહે, એવી વિનંતી કરવામાં આવે છે.

"એ પત્ર-શાખાનો દરેક સભ્ય પોતાનું મુસાફરી-ખર્ચ પોતે જ ઉઠાવે, એ સિદ્ધાંતને આ ક્લબ હાર્દિક મંજૂરી આપે છે, તથા એ શરતોએ સદરહુ શાખાના સભ્યો પોતાનાં પ્રવાસ તથા નિરીક્ષણ ગમે તેટલો વખત લંબાવે, તેની સામે તેને કશો વાંધો ઉઠાવવાપણું દેખાતું નથી.

"સદરહુ પત્ર-શાખાના સભ્યોએ પોતે જે પત્રો લખે તેનું ટપાલ-ખર્ચ, તથા પોતે જે પાર્સલો મોકલે તેમનું નૂર પોતે જ ભરવાનો જે પ્રસ્તાવ રજૂ કર્યો છે, તેના ઉપર આ ક્લબે વિચારણા ચલાવી છે; અને આ ક્લબ એ પ્રસ્તાવ, જે મોટાં મનના લોકો તરફથી તે આવ્યો છે તેમને સર્વથા અનુરૂપ માને છે, અને તે ઉપર પોતાની સંપૂર્ણ અનુમતિની મહોર લગાવે છે."

આ મંડળની નોંધો લખનાર સેક્રેટરી ઉમેરે છે કે, પોતે આ ઠરાવો વાંચતો હતો તે વખતે તેની સામે ધુમાવેલા ટાલિયા માથામાં કે તેની સાથેનાં ગોળ ચશ્માંમાં સામાન્ય નિરીક્ષકને તો કશું અ-સામાન્ય ન લાગે; પરંતુ એ કપાળ હેઠળ મિ૰ પિકવિકનું વિરાટ મગજ ધમધમી રહ્યું હતું તથા એ ચશ્માંના કાચ પાછળ પિકવિકની ઉજ્જવળ આંખો ચમકી રહી હતી. ત્યાં બેઠેલા એ માણસે હેમ્પ્સ્ટેડનાં જંગી સરોવરોને તેમનાં મૂળ કારણ સાથે જોડી આપીને તથા ટિટલ-બૅટ માછલાં અંગેનાં પોતાનાં સંશોધનોથી આખા વૈજ્ઞાનિક જગતને ચોંકાવી મૂક્યું હતું, એ યાદ રહે!

પછી તો ક્લબના સૌ સભ્યોએ 'મિ૰ પિકવિક,' 'મિ૰ પિકવિક' એમ એકીસાથે ધૂમો પાડીને તેમને કંઈક બોલવાનું જણાવતાં, તેઓશ્રી પોતાની વિન્ડસર-ખુરસી ઉપર ધીમેથી ઊભા થયા, અને પોતે જ સ્થાપેલી ક્લબને સંબોધીને બે શબ્દો બોલવા તૈયાર થયા. તે વખતે, સામાન્ય પુરુષે જેમને પહેર્યાં હોત તો જે ટાઈટ-પાટલૂન અને ગેઇટરો કોઈનું ધ્યાન પણ ન ખેંચત, તે જ ટાઈટ-પાટલૂન અને ગેઇટરો મિ૰ પિકવિકે પહેર્યાં હોવાથી જે અસાધારણતાની છાપ સૌ ઉપર પાડી

રહ્યાં હતાં, તેનું વર્ણન કરવા તો કોઈ કળાકારે જ ત્યાં હાજર રહેવું જોઈતું હતું.

તેમની આસપાસ, જે સાથીઓએ તેમની મુસાફરીનાં જોખમોમાં તથા તેમનાં સંશોધનોની યશગાથામાં ભાગીદાર બનવાનું સ્વીકાર્યું હતું, તેઓ ગોઠવાયા હતા. તે જેમકે,— જમણે હાથે મિ૦ ટ્રેસી ટપમન, જે સ્ત્રી-જાતિ પ્રત્યેના તેમના નિત્ય વહેતા અખૂટ આદરભાવને કારણે હંમેશ તેમનાથી ભેદાઈ જવાની માનવસુલભ અને તેથી ક્ષમ્ય નિર્બળતા ધરાવતા હતા, તે બેઠા હતા. સમય અને ખાનપાને એક વખતની તેમની રોમાંચક આકૃતિને વિસ્તારી મૂકી હતી; અને તેથી તેમની સોનાની ઘડિયાળની ચેઈન પણ એક એક ઈંચ કરીને તેમની ફાંદ આડે દબાતી જતી રહેવાથી તેમની દૃષ્ટિથી અગોચર બનતી ગઈ હતી; અને તેમની હડપચીએ પણ વધતાં વધતાં તેમના કૉલરને દબાવી દીધો હતો; છતાં ટપમનનો 'માંહ્યલો' જરાય બદલાયો નહોતો — સુંદરી જાતિ માટેનો તેમનો પ્રશંસાભાવ હજુ તેમના જીવનનું પહેલાં જેટલું જ મુખ્ય લક્ષણ રહ્યું હતું.

મિ૦ પિકવિકને ડાબે હાથે, કવિનો જીવ કહી શકાય તેવા મિ૦ સ્નૉડગ્રાસ બેઠા હતા; અને તેમની પાસે જ બધી મેદાની રમતગમતોના આભૂષણ રૂપ મિ૦ વિંકલ બિરાજ્યા હતા; જેમનો પોશાક પણ તેમના જીવન-રસને અનુરૂપ 'મેદાની' હતો.

મિ૦ પિકવિકે આ પ્રસંગે જે વક્તૃત્વ કર્યું તથા તે ઉપર જે ચર્ચા ચાલી, તે બધું ક્લબના અહેવાલોમાં શબ્દશઃ નોંધવામાં આવ્યું છે. અને મોટાં મોટાં અને વિખ્યાત મંડળોની કાર્યવાહી સાથે એ બધાનું એટલું બધું સામ્ય છે કે, તેમાંથી થોડીક વાનગી આ પાનાંમાં ઉતાર્યા વિના સંપાદકને ચાલે એમ લાગતું નથી.

મિ૦ પિકવિકે શરૂઆતમાં જ જણાવ્યું (એમ સેક્રેટરી નોંધે છે) કે, "કીર્તિ દરેક માણસને વહાલી છે; જેમ, મારા કવિ-મિત્ર સ્નૉડગ્રાસને કવિ તરીકેની કીર્તિ વહાલી છે, સ્ત્રી-જાતિનાં હૃદયો ઉપર

વિજય મેળવવાની કીર્તિ મારા મિત્ર ટપમનને વહાલી છે, અને મેદાન, હવા અને પાણીની રમતગમતમાં વિક્રમ સ્થાપવાની તમન્ના મારા મિત્ર વિંકલને વહાલી છે. તેમ જ હું પણ એવી માનવસુલભ લાગણીઓ અને ભાવનાઓથી પ્રેરિત થયેલો માનવ છું (હર્ષનાદો)—અને કદાચ માનવ-સુલભ નિર્બળતાઓથી પણ. ('ના,' 'ના', એવા મોટેથી પોકારો.)

"કદીક પોતાની જાતને વધુ મહત્ત્વ આપવાની ભાવના મારામાં પણ પ્રબળ બની હશે; છતાં સાથે સાથે હું એટલું જરૂર ઉમેરવા માગું છું કે, માનવજાતનું હિત સાધવાની વૃત્તિ પણ મારામાં તે સાથે જ એટલી જ પ્રબળ રહી છે—જેથી પેલી કેવળ કીર્તિની વાસના હંમેશ અસરકારક રીતે ખુઝાતી રહી છે. મેં જ્યારે 'ટિટલબેશિયન' સિદ્ધાંત જગતને અર્પ્યો, ત્યારે મારા મનમાં જરૂર કંઈક ગર્વની લાગણી સ્ફુરી આવી હતી—અને એ વાત હું ખુલ્લા દિલે કબૂલ કરી દઉં છું. ભલે પછી તે સિદ્ધાંત જગતમાં વિખ્યાત થવા લાયક હોય કે નહિ. ("જરૂર છે" એવો એક અવાજ; અને હર્ષનાદ.) હું એ માનવંત પિકવિકિયન સભ્યનું કથન સ્વીકારી લઉં છું કે, તે સિદ્ધાંત વિશ્વવિખ્યાત થવા લાયક છે; પરંતુ એ સિદ્ધાંતની ખ્યાતિ માનવજાતને જાણીતા જગતના છેડા સુધી પહોંચે, તો પણ તે સિદ્ધાંતનો કર્તા હોવાને લીધે મારા અંતરમાં જે અહંકાર ઊભો થાય, તે અત્યારે મારા અસ્તિત્વની આ સર્વોત્તમ ક્ષણે જે ગર્વ હું અનુભવી રહ્યો છું, તેની તોલે હરગિજ નહિ આવે. (હર્ષનાદો.)

"હું પોતે બહુ નાચીજ વ્યક્તિ છું, ('ના, 'ના') છતાં તમે બધાએ મોટું ગૌરવ પ્રાપ્ત થાય તેવી તથા કંઈક જોખમભરેલી સેવા માટે મને અત્યારે પસંદ કર્યો છે. મુસાફરી આજકાલ બહુ બિસ્માર હાલતમાં છે, અને કોચ-ગાડી હાંકનારા કોચમૅનોનાં મન હંમેશ અસ્થિર રહે છે. રોજ કોઈ ને કોઈ કોચ-ગાડી ઊંધી વળ્યાના, ઘોડાઓ જોતર તોડી નાસી ગયાના, હોડીઓ ડૂબ્યાના, અને બૉઇલરો ફાટચાના સમાચારો આવ્યા જ કરે છે. (એક અવાજ—'નહિ! નહિ!')

"જે માનવંત પિકવિકિયન મારા કથનને 'નહિ, નહિ' કહીને ઇન્કારે છે, તે આગળ આવીને મારા કથનને પડકારી શકે તો પડકારે. (હર્ષનાદ.) કયો માણસ અત્યારે 'નહિ, નહિ,' એમ બોલ્યો હતો? (ઉત્સાહપૂર્વક હર્ષનાદો.) એ માણસ જરૂર કોઈ ધમંડી પણ નિરાશ થયેલો માણસ હોવો જોઈએ, કે જે બીજાનાં (મિ૦ પિકવિકનાં) સંશોધનોથી મળેલી ખ્યાતિથી દાઝીને, અને પોતે પ્રતિસ્પર્ધામાં આવી જઈને કરેલા નબળા પ્રયત્નોથી પ્રાપ્ત થયેલી અપકીર્તિથી મનમાં બળતો અત્યારે આ હીન અને હીણપતભર્યા માર્ગે —"

સેક્રેટરી નોંધે છે કે, "મિ૦ બ્લૉટન (ઑલ્ડગેટના) 'ઑર્ડર' 'ઑર્ડર' બોલતા તરત જ ઊભા થયા. 'શું માનનીય પિકવિકિયન મને ઉલ્લેખીને આ બધું કહે છે?' તેમણે પૂછ્યું. ('ઑર્ડર', 'પ્રમુખશ્રી,' 'હા,' 'ના', 'આગળ ચલાવો,' 'બેસી જાઓ' ઇ૦ પોકારો.)

"મિ૦ પિકવિક આવી ધાંધલોથી દબાઈ જાય તેવા પુરુષ ન હતા. તેમણે તરત જ જવાબ આપ્યો, 'મેં એ સંમાનનીય સભ્યને ઉલ્લેખીને જ એ શબ્દો વાપર્યા છે.' (ભારે ઉશ્કેરણી.)

"મિ૦ બ્લૉટને જવાબમાં કહ્યું, 'તો પછી મારે એટલું જ કહેવાનું છે કે, હું એ સંમાનનીય સદ્‌ગૃહસ્થના જૂઠા તથા દંશીલા આક્ષેપો ઊંડા તિરસ્કાર સાથે પાછા વાળું છું, અને ઉમેરું છું કે, એ સંમાનનીય સદ્‌ગૃહસ્થ કેવળ હુંબગ છે. (ભારે ધાંધળ. 'પ્રમુખશ્રી,' 'ઑર્ડર'ના મોટા પોકારો.)

"મિ૦ એ. સ્નૉડગ્રાસ હવે 'ઑર્ડર' 'ઑર્ડર' બોલતા ઊભા થયા. તેમણે પ્રમુખશ્રીને જ ઊધડા લીધા કે, 'આ ક્લબના બે સભ્યો વચ્ચે આવો અણછાજતો સંઘર્ષ વધુ વખત ચાલવા દેવો યોગ્ય છે કે કેમ, તે હું જાણવા માગું છું.' ('સાંભળો,' 'સાંભળો'ના પોકારો.)

"પ્રમુખશ્રીએ જણાવ્યું કે, માનવંત પિકવિકિયને હમણાં જે શબ્દ વાપર્યો, તે પાછો ખેંચી લેશે એવી તેમને ખાતરી છે.

"મિ૦ બ્લૉટને જણાવ્યું કે, પ્રમુખશ્રી માટે તેમના મનમાં સંપૂર્ણ આદર હોવા છતાં, એ શબ્દ પાછો ખેંચી લેવા પોતે હરગિજ ના પાડે છે.

"પ્રમુખશ્રીએ પછી એ માનવંત સભ્યને પૂછ્યું, 'તમે વાપરેલો શબ્દ તમે ચાલુ અર્થમાં વાપર્યો છે કે કેમ, એ પૂછવાની મને ફરજ પડે છે.'

"મિ૦ બ્લૉટને તરત જ ખચકાયા વિના જણાવ્યું કે, 'મેં એ શબ્દ ચાલુ અર્થમાં નહિ, પણ પિકવિકિયન અર્થમાં વાપર્યો છે.' ('સાંભળો,' 'સાંભળો,'ના પોકારો.)

પોતાના માનવંત મિત્રે ખુલ્લા દિલથી કરેલા આ સંપૂર્ણ ખુલાસાથી મિ૦ પિકવિકને ઘણો સંતોષ થયો અને તેમણે પણ સૌને એમ સમજવા આગ્રહ કર્યો કે, તેમણે પોતે પણ એ બારામાં જે કાંઈ કહ્યું હતું, તેનો પિકવિકિયન અર્થ જ સમજવામાં આવે. (હર્ષનાદ.)"

અહીં આગળ એ બેઠકનો અહેવાલ પૂરો થાય છે. કારણ કે, નાહક ઊભી થયેલી એક કડવી ચર્ચાનો સંતોષજનક અને સમજી શકાય તેવો ઉકેલ આવી ગયો હતો. હવે બીજા પ્રકરણમાં જે માહિતી અમે રજૂ કરી છે, તેનો કશો સત્તાવાર હેવાલ અમને મળ્યો નથી, પણ અમે જુદા જુદા પત્રો તથા પ્રમાણભૂત હસ્તલિખિત પ્રતો ઉપરથી એ બધું એકઠું કરી, ક્રમબદ્ધ રૂપમાં ગોઠવીને રજૂ કર્યું છે, એ કહી દેવાની અમે સંપાદક તરીકે અમારી ફરજ સમજીએ છીએ.

## ૨

# મુસાફરી અને પરાક્રમોનું મંડાણ

ઈ. સ. ૧૮૨૭ના મે મહિનાની તેરમી તારીખે જગતનો નિયમિત મુસાફર સૂર્ય હમણાં જ ઊડીને આકાશમાં ઊંચો આવ્યો હતો, ને પૃથ્વી ઉપરના બીજા સૂર્ય મિ૦ સૅમ્યુએલ પિકવિક પણ પોતાની નિંદરમાંથી ઊઠીને ઊભા થયા. તેમણે પોતાના કમરાની બારી ઉઘાડી નીચેની દુનિયા ઉપર નજર નાખી, તો ગૉસ્વેલ-રોડ તેમના પગ નીચે પથરાયેલી હતી, ગૉસ્વેલ-રોડ તેમને જમણે હાથે ફેલાયેલી હતી; અને ગૉસ્વેલ-રોડ જ તેમને ડાબે હાથે પણ આંખ પહોંચે ત્યાં સુધી લંબાતી પડેલી હતી.

મિ૦ પિકવિકને એ જોઈ વિચાર આવ્યો, "અહા! જે ફિલસૂફો પોતાની નજર સમક્ષ પથરાયેલી વસ્તુઓથી જ સંતોષ માને છે, અને તેમની પાર છુપાયેલાં સત્યો જોવા ને જાણવા તસ્દી લેતા નથી, તેમની માનસસૃષ્ટિ પણ આવી સંકુચિત જ રહે છે. હું પણ એમની પેઠે જ અહીં પડ્યો રહું, તો ગૉસ્વેલ-રોડની દુનિયાથી જ વીંટાયેલો રહું અને તેની પેલી તરફ બધી બાજુએ જે અફાટ સૃષ્ટિ ફેલાયેલી પડી છે, તેનું યત્કિંચિત્ દર્શન પણ ન પામું."

આવો સુંદર વિચાર કરી લઈ, મુસાફરીએ નીકળવાના પોતાના નિર્ણયને વધુ દૃઢ કરી, મિ૦ પિકવિક કપડાં પહેરીને તૈયાર થવાની વેતરણમાં પડ્યા. મહાપુરુષો પોતાની બાહ્ય ટાપટીપ પાછળ વધુ વખત કે વધુ વિચાર ખર્ચતા નથી; એટલે મિ૦ પિકવિક શૌચ-પ્રસાધન-કૉફી વગેરે બધું એકાદ કલાકમાં જ પરવારી લઈને કોચ-સ્ટૅન્ડ આગળ

આવી પહોંચ્યા. કહેવાની જરૂર નથી કે, પોતાની માનસિક સમૃદ્ધિ માટે જોઈતું દૂરબીન, નોંધ-પોથી વગેરે બધું તો તેમણે કાળજીપૂર્વક સાથે ખીસામાં જ રાખ્યાં હતાં.

સ્ટેન્ડે આવી મિ૦ પિકવિકે કૅબ-ગાડીને બોલાવી. ઘોડાઓને પાણી પાનારે તરત જ પહેલી કૅબવાળાને બોલાવ્યો.

મિ૦ પિકવિકે પોતાને ગોલ્ડન-ક્રૉસ લઈ જવા જણાવ્યું.

"માત્ર એક શિલિંગ જેટલી જ બોણી છે, અલ્યા," કૅબવાળાએ પાણીવાળાને જણાવ્યું.

કૅબગાડી ચાલી એટલે મિ૦ પિકવિકે ત્યાંથી જ જ્ઞાન-સંગ્રહ વધારવાનું શરૂ કર્યું. તેમણે તરત જ કૅબવાળાને પૂછ્યું, "આ તમારા ઘોડાની ઉંમર શી છે, ભાઈ?"

"બેંતાલીસ," કહીને કૅબવાળો પિકવિક સામે નવાઈ પામી જોઈ રહ્યો.

"હેં? શું?" એમ કહી તરત મિ૦ પિકવિકે પોતાની નોંધ-પોથી કાઢતાં ફરી પૂછ્યું. કૅબવાળાએ ફરીથી 'બેંતાલીસ' કહ્યું, એટલે મિ૦ પિકવિકે ટપ દઈને ઘોડાની ઉંમર નોંધપોથીમાં ટપકાવી દીધી.

"અને તમે તેને એકી સાથે કેટલો વખત જોતરેલો રાખો છો?"

"બે કે ત્રણ અઠવાડિયાં."

"અઠવાડિયાં?" મિ૦ પિકવિકે નવાઈ પામી પૂછ્યું અને તરત પાછી નોંધપોથી ખીસામાંથી કાઢી.

"તેને છોડીએ ત્યારે એ તેને ઘેર પેન્ટોનવિલ જાય છે. પણ તેની કુટેવને કારણે એને અમે તેને ઘેર લઈ જતા નથી."

"કુટેવને કારણે?"

"તેને કૅબમાંથી છોડીએ છીએ કે તરત તે નીચે બેસી પડે છે; એટલે અમે તેને ઘોડાગાડીમાં બરાબર જકડીને બાંધી રાખીએ છીએ; પરિણામે પછી તેનાથી ગબડી પડાતું નથી. અમે આ કૅબનાં પૈડાં મોટાં રાખ્યાં છે, જેથી ઘોડો જરાક ખસે એટલે તે પૈડાં તેની પાછળ

દોડતાં હોય એમ તેને લાગે; એટલે પછી તે આગળ ને આગળ દોડ્યા જ કરે છે."

મિ૦ પિકવિકે આ બધું તેમની નોંધપોથીમાં ટપકાવી લીધું અને ક્લબને મોકલવા માટે એક મહા-નિબંધ તૈયાર કરવાનો નિર્ણય કરી લીધો: "કપરા સંજોગોમાં પણ ઘોડાઓને વળગી રહેવામાં જીવનનું જક્કીપણું." આ બધું તે નોંધપોથીમાં ટપકાવી રહ્યા એટલામાં તો ગોલ્ડન-ક્રોસ મથક આવી પૂગ્યું, જ્યાં તેમના માનનીય સાથીદારો મિ૦ ટપમન, મિ૦ સ્નોડગ્રાસ અને મિ૦ વિંકલ તૈયાર થઈ પોતાના વિખ્યાત નેતાની રાહ જોતા ઊભા હતા.

મિ૦ પિકવિકે કોંબવાળાને તેનું ભાડું ચૂકવી દીધું.

પણ આ શું? કોંબવાળાએ તો એ શિલિંગ જમીન ઉપર ફગાવી દીધો, અને બાંયો ચડાવી મિ૦ પિકવિકને 'સામા આવી જવા'ની મહેરબાની કરવા ગર્ભિત શબ્દોમાં જણાવ્યું.

"અલ્યા ગાંડો-બાંડો છે કે શું?" મિ૦ સ્નોડગ્રાસે પૂછ્યું.

"અથવા પીધેલો-બીધેલો છે કે શું?" મિ૦ વિંકલે પૂછ્યું.

"અથવા ગાંડો તેમ જ પીધેલો બંને છે કે શું?" મિ૦ ટપમને પૂછ્યું.

"અરે આવી જનઓ, તમે ચારે જણા!" પેલા કોંબ-ડ્રાઇવરે મુક્કીઓ ઉગામતાં જણાવ્યું.

"શાબાશ, શાબાશ બેટે!" બીજા ઘોડાગાડીવાળા આસપાસથી દોડી આવી પેલાને પાનો ચડાવવા લાગ્યા.

"શી વાત છે, ભાઈ સેમ?" એક સદ્‌ગૃહસ્થે દોડી આવી પૂછ્યું.

"વાત? વાત વળી બીજી શી? આણે મારો નંબર લખી લીધો છે!" કોંબ-ડ્રાઇવરે કહ્યું.

"મેં ભાઈ તમારો નંબર કયાં પૂછ્યો પણ છે?" નવાઈ પામેલા મિ૦ પિકવિકે પૂછ્યું.

"પણ તમે લખી તો લીધો છે ને?"

"મેં વળી કયાં લખી લીધો છે?" મિ૦ પિકવિકે ગુસ્સે થઈને પૂછ્યું.

"અબે, નથી-લખ્યો-વાળાના કાકા? બેટમજી તમે સરકારના ચાડિયા છો તે જાણ્યું. મારો નંબર તો શું પણ મારા ઘોડાની ઉંમર વગેરે બધી વાત પણ જરેજર ટપકાવી લીધી છે. ઉપરથી આ ત્રણ જણાને સાક્ષી તરીકે અહીં તૈયાર રાખ્યા છે. પણ બેટમજી, હું તારું બધું લખવાનું કાઢી નાખું છું, ભલે મને છ મહિનાની જેલ મળે!" એમ કહીને તેણે પોતાનો ટોપો તો, પોતાની માલમિલકત પ્રત્યે છેક જ અનાસક્તિ દાખવીને, જમીન ઉપર ફગાવી દીધો. પણ બીજાની મિલકત વિષે પણ એવી જ લાપરવાઈ બતાવી, મિ૦ પિકવિકનાં ચશ્માં એક તમાચ સાથે તેણે દૂર ઉડાવી દીધાં, અને એક મુક્કો તેમના નાક ઉપર જમાવી, બીજો તેમની છાતી ઉપર, ત્રીજો મિ૦ સ્નોડગ્રાસની આંખ ઉપર અને ચોથો વિવિધતા ખાતર મિ૦ ટપમનની પીઠ ઉપર લગાવી, નાચતો કૂદતો રસ્તા ઉપર દોડી જઈ, જોરથી પાછો સ્ટેન્ડ ઉપર આવી, મિ૦ વિંકલના શ્વાસનો પુરવઠો તાત્પૂરતો તેણે ખતમ કરી નાખ્યો. આ બધું અર્ધો-એક ડઝન સેકંડોમાં જ બની ગયું.

"પોલીસ-ઑફિસર, પોલીસ-ઑફિસર કયાં છે?" સ્નોડગ્રાસે ત્રાડ નાખી.

"અરે સાળાઓને પંપ નીચે લઈ જઈ ટાઢા કરી દો ને! પોલીસ-ઑફિસરવાળા ન જોયા હોય તો!" ગરમાગરમ પાઈ-પકોડી વેચનારાએ કૅબવાળાઓને સૂચવ્યું.

"તમે બધા આ બદલ પસ્તાશો, યાદ રાખજો," મિ૦ પિકવિક હાંફતા હાંફતા બોલ્યા.

"ચાડિયા – બાતમીદારો!" આજુબાજુનું ટોળું પોકાર કરી ઊઠ્યું.

"આવી જાઓ, બેટ્રાઓ!" પેલો કૅબ-વાળો ઠોંસાબાજી જરી રાખીને ઉપરથી આ ચારે જણને પડકારવા લાગ્યો.

ટોળું અત્યાર સુધી માત્ર પ્રેક્ષક તરીકેની જ કામગીરી બજાવી રહ્યું હતું; પણ જેમ જેમ આ લોકો સરકારી ખાતમીદારો છે એવી ખબર ફેલાતી ગઈ, તેમ તેમ, સૌએ હવે પાઈ-પકોડીવાળાની સૂચના અમલમાં મૂકવાનો બેત રચ્યો; અને એ યોજના અમલમાં મુકાવાની તૈયારી જ હતી અને એને અંતે આ મિત્રોની શી વલે થઈ હોત એ કહેવું મુશ્કેલ છે; — પરંતુ એટલામાં લીલા કોટવાળો એક ઊંચો પાતળો માણસ ધક્કામુક્કી કરતો આગળ ધસી આવ્યો અને મિ૦ પિકવિક પાસેથી સાચી હકીકત સાંભળી લઈ, આસપાસના ટોળાને વિખેરતો ટૂંકાં ટૂંકાં વાકયો બોલવા લાગ્યો! — "અરે એય નં૦ ૯૨૪ – ભાડું લેતો પરવાર – બધા વીખરાઈ જાઓ – સદ્‌ગૃહસ્થો છે – ઓળખું છું – ખાતમીદાર નથી – ભૂલ થાય છે – ગોટાળો – આવો, તમે આ તરફ ચાલ્યા આવો." એમ બોલતો તે માણસ ચારે મિત્રોને મુસાફરો માટેની વેઇટિંગ-રૂમ તરફ ધકેલી લાવ્યો.

અંદર આવી, તેણે ઘંટ જોરથી વગાડયો અને વેઇટરને બોલાવી ખાન-પાનના ઑર્ડરો આપવા માંડયા – "બ્રાન્ડી અને ગરમ પાણી – જલદ ને મીઠું – ખુલ્લામાં ઊભા રહ્યા છે – શરદી – દરેકને બબ્બે ત્રણ ત્રણ – હાડકાં ખોખરાં – ગરમાગરમ ખાવાનું ફાયદાકારક – દુઃખાવો ઓછો થઈ જાય – પૈસાની ફિકર નહિ – મુસાફરી કરવાની છે – ઉતાવળ કરો – ખૂબ."

અને બ્રાન્ડીના પ્યાલા આવ્યા એટલે તેણે જ તેમનો ઉપયોગ કરવાની શરૂઆત કરી; – અલબત્ત, પીણું પૂરતું જલદ તથા ગરમ છે કે નહિ તે જોઈ આપવા જ !

મિ૦ પિકવિકના ત્રણ મિત્રો તો તે સદ્‌ગૃહસ્થનો પોતાની મદદે દોડી આવવા બદલ આભાર માનતા પ્યાલા ગટગટાવા માંડયા; દરમ્યાન મિ૦ પિકવિકે પેલા અજાણ્યા માણસના પોશાકનું તથા બાહ્ય દેખાવનું બારીક નિરીક્ષણ કરવા માંડયું. તેમને તરત દેખાઈ આવ્યું કે, ગમે તેટલી ટાપટીપ કરી હોવા છતાં, એ માણસનાં કપડાં તેને ટૂંકાં પડતાં

હતાં, તથા અંદર કયાંક કયાંક ઠીંગડાં પણ મારેલાં હતાં. જોકે ચહેરા ઉપરથી તે જનમનો તવંગર હોય તેવો દેખાવ દાખવી રહ્યો હતો.

મિ૦ પિકવિકે પણ હવે તેને હાર્દિક ધન્યવાદ આપવા માંડ્યા. પેલા અજાણ્યાએ ટૂંકાં વાકયોથી તેમને બોલતા રોકયા – "ઘણું થયું – કંઈ જરૂર નથી – પેલો કેબવાળો ખરો બદમાશ – પંજા બરાબર વાપરી જાણે – પણ હું બેટાનું માથું ચપટું કરી નાખત – પાઈ-પકોડીવાળાનું પણ – આ કંઈ રીત છે? – સીધા કરવા જોઈએ – સાલાઓને! – ખૂબ."

આ સંભાષણ હજુ લાંબું જ ચાલત, પણ એટલામાં રોચેસ્ટર તરફ જનાર કોચ-ગાડીવાળો ત્યાં બેઠેલા સૌને ખબર આપવા આવ્યો કે, "કોચ ઊપડવાની તૈયારી છે."

પેલો અજાણ્યો તરત જ ઊભો થઈને બોલ્યો, "હું જાઉં છું – બેઠક રિઝર્વ કરાવી છે – રોચેસ્ટર જવા – નાસ્તા-પાણીનું બિલ હું જ ચૂકવી દેત – પણ લાચાર – પાંચ પાઉંડની નોટ – પરચૂરણનો કંટાળો – ઠીક, જાઉં છું – આવજો!"

પણ મિ૦ પિકવિક અને તેમના મિત્રોએ પણ પોતાના પ્રવાસની પ્રથમ મંજિલ રોચેસ્ટર મુકામે જ નિરધારી હોવાથી, બિલ ચૂકવી દઈ, તેઓ પેલા અજાણ્યા સાથે જ કોચમાં બેસવા ચાલ્યા.

પેલા અજાણ્યા પાસે કશો સરસામાન ન જોઈ, કોચમાં ચડતી વખતે મિ૦ પિકવિકે તેને પૂછપરછ કરી; તો તેણે તરત જ ખુલાસો કરી દીધો, "પુષ્કળ સરસામાન – ઘર જેટલાં ઊંચાં બંડલો – બહુ ભારે – જળમાર્ગે – અગાઉથી વિદાય કરી દીધાં – સાથે આટલું – કાગળમાં વીંટેલું પાર્સલ – જરૂરી – ખૂબ."

એ બ્રાઉન-પેપરમાં વીંટેલું 'પાર્સલ' જ્યારે તેણે બીસામાં બોસ્યું, ત્યારે તેમાં એકાદ વધારાનું શર્ટ અને બીસા-રૂમાલ સિવાય બીજું કાંઈ વિશેષ અગત્યનું હોય એમ દેખાયું નહિ.

પછી કોચ દરવાજાની નીચી કમાન તળેથી બહાર નીકળવાનો થયો કે તરત પેલા અજાણ્યા સાથીએ પિકવિક વગેરેને ચેતવણી આપી,

"માથું નીચું – માથું નીચું – બહુ ખરાબ કમાન – થોડા દિવસની વાત, એક મા અને પાંચ છોકરાં – કોચમાં ખેડેલાં – સૅન્ડવીચ ખાતાં – નીચી કમાન – માનું ડોકું ઊઠી ગયું – હાથમાં સૅન્ડવીચ – મોઢું ડૂલ – છોકરાં મોઢું શોધે – બહુ કરુણ – બહુ કરુણ ! – પણ શા વિચારમાં, મહેરબાન ? હેં ?" તેણે એ વાત સાંભળી વિચારમાં પડેલા પિકવિકને પૂછ્યું.

"માણસજાતની દશા કેવી અસ્થિર છે, તે હું તમે કહેલા આ દાખલા ઉપરથી વિચારું છું." મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

"ફિલસૂફ છો મહેરબાન ?"

"ના, ના; માનવ પ્રકૃતિનો નમ્ર નિરીક્ષક, સાહેબ."

"હું પણ ફિલસૂફ – કામકાજ થોડું અને કમાણીની પંચાત ન હોય – એ બધા જ ફિલસૂફ, મહેરબાન – બહુ સારું કામ – અને તમે કવિ, મહેરબાન ?" સ્નૉડગ્રાસના પોશાક ઉપરથી કલ્પના કરી તેણે પૂછ્યું.

"મારા મિત્ર મિ૦ સ્નૉડગ્રાસ કવિની પ્રકૃતિ ધરાવે છે, એ ખરી વાત છે," મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

"હું પણ કવિ – મહાકાવ્ય લખ્યું છે – દશ હજાર કડીઓ – જુલાઈની કાંતિ ઉપર – સ્થળ ઉપર જ લખી નાખ્યું – દિવસે તોપ – રાતે વીણા – ખૂબ."

"તો શું તમે કાંતિના તે ભવ્ય પ્રસંગે જાતે હાજર હતા ?" "મિ૦ સ્નૉડગ્રાસે પૂછ્યું.

"હાજર – અરે, જાત-હાજર ! બંદૂક ફોડી – વિચાર ફૂટ્યો – પીઠામાં ગયો – લખી નાખ્યો – પાછી બંદૂક – પાછો વિચાર – કલમ ને ખડિયો – લોહી ને બંદૂક – એકદમ ભેગાં – અદ્‌ભુત કામગીરી – અને તમે ખેલાડી – શિકારી, ખરું ?" મિ૦ વિંકલના પોશાક ઉપરથી કલ્પના કરીને તેણે પૂછ્યું.

"કંઈક કંઈક, સાહેબ," મિ૦ વિંકલે જવાબ આપ્યો.

"સરસ શોખ – મજાનો શોખ – કૂતરાઓ ? શિકાર ?"

"હજુ રાખ્યા નથી." મિ૦ વિંકલે જવાબ આપ્યો.

"અરે, રાખવા જોઈએ – સુંદર પ્રાણીઓ – ચાલાક, હોશિયાર – મારો કૂતરો પૉઇંટર – હું શિકારે નીકળ્યો – વાડ આવી – કૂતરો સ્થિર – સીટી મારી – ખસે જ નહિ – પાટિયા ઉપર નજર – વાંચ્યું – 'આ આંતરાને વટાવનાર કૂતરાને ઠાર કરવાનો ચોકીદારને હુકમ છે' – અદ્‌ભુત પ્રાણી – ચાલાક કૂતરો – કીમતી કૂતરો – ખૂબ."

"નવાઈનો દાખલો છે સાહેબ, મને જરા ટપકાવી લેવા દેશો?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"ખસૂસ – જરૂર – હજારો દાખલા – અદ્‌ભુત કૂતરો – સુંદર છોકરી, સાહેબ (મિ૦ ટ્રેસી ટપમનને સંબોધીને, કારણ કે, રસ્તા ઉપર થઈને જતી એક જુવાન સ્ત્રી તરફ ગૅર-પિકવિકિયન કટાક્ષો તે નાખી રહ્યા હતા.)

"ખરેખર, સુંદર છે!" મિ૦ ટપમને કહ્યું.

"અંગ્રેજ છોકરીઓ – પણ સ્પૅનિશની તોલે નહિ – સુંદર પ્રાણીઓ – કાળી આંખો – મધુર પ્રાણીઓ – ખૂબ."

"તમે સ્પેન ગયા છો, શું?" મિ૦ ટ્રેસી ટપમને પૂછ્યું.

"ત્યાં રહ્યો છું – સૅકડો વર્ષ –"

"ઘણાં હૃદયો જીત્યાં હશે નહિ?" મિ૦ ટપમને પૂછ્યું.

"હજારો! ઉમરાવ ડૉન બોલારો ફ્રિઝગીગ – એકમાત્ર દીકરી – ડૉના ક્રિસ્ટીના – સુંદર પ્રાણી – મારા ઉપર કુરબાન – બાપ અદેખો – છોકરી હતાશ – પ્રુસિક ઍસિડ પીધો – મારા પોર્ટમેન્ટોમાં જઠર-પંપ તૈયાર – ઍસિડ ખેંચી કાઢ્યો – બોલારો રાજીરાજી – તરત હાથ પકડાવી દીધા – અદ્‌ભુત કહાણી – ખૂબ."

"અત્યારે તે બાનુ ઇંગ્લૅંડમાં છે?" ટપમને પૂછ્યું. તેમને એ સ્પૅનિશ સુંદરીના સૌંદર્યના વર્ણનથી ગલગલિયાં થઈ આવ્યાં હતાં.

"મરી ગઈ, સાહેબ – જઠરપંપથી ઈજા – ન જીવી – શરીર ભાગી ગયું – ખલાસ."

"અને તેના બાપનું શું થયું?" કવિજન સ્નોડગ્રાસે પૂછ્યું.

"પસ્તાવો – કરુણતા – નિસાસા – ઊના ઊના – ધગધગતા – અચાનક અદૃશ્ય – આખું શહેર તળે ઉપર – બન્નરનો કુવારો બંધ – મજૂરોએ પાઇપ ખોલી નાખી – સસરો આખો અંદર – કાઢી નાખ્યો – તરત કુવારો ચાલુ – કરુણ – કરુણ – ખૂબ."

"મને એ અદ્‌ભુત રોમાન્સ લખી લેવા દેશો?" સ્નોડગ્રાસે પૂછ્યું.

"જરૂર, જરૂર – બીજા પચાસ સાંભળવા હોય તો – ખૂબ વિચિત્ર ઇતિહાસ – અસામાન્ય – અદ્‌ભુત – ખૂબ."

કોચ થોભે ત્યાં રસ્તામાં વચ્ચે વચ્ચે એલના પ્યાલા ગટગટાવતા અને પેલા અદ્‌ભુત સાથીદારને મોંએ વાતો સાંભળતા એ મુસાફરો રોચેસ્ટર તરફ આગળ વધવા લાગ્યા.

## ૩

## રોચેસ્ટરમાં મુકામ

### ૧

રોચેસ્ટર આવતાં પેલા અજાણ્યા મુસાફરે તેમને બુલ-ઈનમાં ઉતારો કરવા ભલામણ કરી. કારણ કે, બીજી જે રાઇટ-ઈન હતી તેના કાયદા વિચિત્ર હતા — "વેઇટર સામે જુઓ તો બિલમાં અર્ધો ક્રાઉન વધારે; મિત્રને ઘેર જમી લો, તો તે વીશીમાં જમો તેના કરતાં વધારે ચાર્જ ૪૦."

આટલું કહી તે જવા માગતો હતો, તેવામાં મિ૦ પિકવિકે પોતાના મિત્રોને પૂછીને તેને પાંચ વાગ્યે પોતાની સાથે જમવા આવવા આમંત્રણ આપ્યું. તે વખતે ત્રણ વાગ્યા હતા.

આમંત્રણ સ્વીકારી તે ચાલ્યો ગયો એટલે પિકવિક મિત્રોને કહ્યું, "બહુ દેશોમાં ફર્યા લાગે છે, તથા માણસો અને વસ્તુઓના ઊંડા સમજદાર નિરીક્ષક છે."

"મને તો તેમણે રચેલું મહાકાવ્ય જોવાનું જો મળે —" મિ૦ સ્નોડગ્રાસ બોલ્યા.

"મને તેમનો કૂતરો જોવા મળ્યો હોત —" મિ૦ વિંકલ વદ્યા.

મિ૦ ટપમન કશું બોલ્યા નહિ, પણ અદ્‌ભુત સુંદરી ડોના ક્રિસ્ટીના, જઠર-પંપ, કુવારો, વગેરેનાં ચિત્રો તેમની નજર સમક્ષ થઈને પસાર થઈ ગયાં અને તેમની આંખો આંસુથી છલકાઈ ગઈ.

પોતાના ઉતારાની, બેડ-રૂમોની, જમણની વગેરેની વ્યવસ્થા કરી લઈ, તેઓ શહેરમાં લટાર મારવા નીકળી પડ્યા.

મિ૦ પિકવિકે ચાર શહેરો – સ્ટ્રાઉડ, રોચેસ્ટર, ચેથામ અને ગ્રોમ્પ્ટન – વિષે જે નોંધો લખી છે, તે બધી કાળજીથી તપાસતાં, તેમની પહેલાં આવી ગયેલા બીજા મુસાફરોએ એ શહેરો વિષે કરેલાં વર્ણનો કરતાં મિ૦ પિકવિકે ખાસ કંઈ વિશેષ જુદું લખ્યું હોય, એમ જણાતું નથી.

જેમકે, તે જણાવે છે કે, "આ શહેરોની મુખ્ય પેદાશ – સૈનિકો, બલાસીઓ, યહૂદીઓ, ચાક, શ્રીંપ-માછલી, અફસરો અને ધક્કા-ગોદી-કામદારોની છે. બજારોમાં પણ વહાણવટાનો સામાન, અને દરિયાઈ બાબ જ વધુ પ્રમાણમાં દેખાય છે. લશ્કરી માણસોની અવર-જવરથી શેરીઓ ગાજતી રહે છે. તે લોકોને નશાના જુસ્સા હેઠળ લથડિયાં બાતા તથા તેમની પાછળ મજાક-મશ્કરી કરતા આવતા છોકરાઓના ટોળાને સસ્તું અને નિર્દોષ મનોરંજન પૂરું પાડતા જોવા, એ એક લહાવો જ છે. તેમનો આનંદી સ્વભાવ પણ અનોખો જ હોય છે. અમે આવ્યા તેના આગલા દિવસે, એક પીઠામાં પ્યાલા ભરી આપનારી બાઈએ વધુ દારૂ આપવાની ના પાડી, એટલે એક સૈનિકે ખેલ બાતર જ બેયોનેટ ચડાવી તેનો બભો ટોચી નાખ્યો.

તે સૈનિકની ખેલદિલી પણ કેવી નોંધપાત્ર કહેવાય કે, બીજે દિવસે તે એ પીઠામાં આપમેળે જઈ પહોંચ્યો, અને જે કંઈ બન્યું હતું તે ભૂલી જવાની તથા એ બાઈએ કરેલા પોતાના અપમાન તરફ દુર્લક્ષ કરવાની તેણે તૈયારી બતાવી દીધી.

"આ શહેરોમાં તમાકુનો વપરાશ ઘણો વધારે પડતો હશે; કારણ કે શેરીઓ બધી એના ધૂમાડાથી ભરેલી જ રહે છે. અલબત્ત જેઓ ધૂમ્રપાન કરતા હોય તેઓને એ ધૂમાડો બહુ આનંદપ્રદ લાગે. એવું જ એ શહેરોમાં દેખાતી ગંદકીનું પણ છે: ઉપરચોટિયો મુસાફર તો ગંદકી પ્રત્યે સૂગથી નાકનું ટેરવું ચડાવે; પરંતુ જેઓ એ ગંદકીને એ શહેરના ભારે અવરજવરનું કે વેપારી સમૃદ્ધિનું નિદર્શક ગણે, તેમને તો એનાથી સંતોષ જ થાય.

૨

પાંચ વાગ્યે વખતસર પેલો આમંત્રિત મહેમાન આવી પહોંચ્યો. અને તરત જ ભોજન શરૂ થયું.

ભોજન દરમ્યાન પેલાએ દારૂ પીવા અને પાવા ઉપર વધુ મારો રાખ્યો; અને તેની એમ કરવાની રીત પણ સીધી સરળ હતી. તે વારાફરતી દરેક જણને, "લેશો?" એમ પૂછી પ્યાલો ભરી આપતો અને દરેક વખતે પોતાનો પણ ભરતો!

દરમ્યાન એક વખત તેણે વેઇટરને પૂછ્યું, "દાદર ઉપર – ધમાલ – સુથારો – પ્યાલા – દીવા – વાર્જિત્રો – હેં?".

પેલાએ જવાબ આપ્યો, "એ તો ધર્માદા માટે આજે નૃત્ય-સમારંભ રાખવામાં આવ્યો છે; તેમાં રેજીમેન્ટના અફસરો, ધક્કા-ગોદીના અધિકારીઓ, વેપારીઓ વગેરે ભાગ લેવાના છે."

"આ શહેરમાં સુંદર સ્ત્રીઓ ઘણી હશે, નહિ?" મિ૦ ટપમને આમંત્રિત મહેમાનને પૂછ્યું.

"ઘણી – બધા જાણે – અહીંનાં એપલ, ચેરી અને સ્ત્રીઓ વખણાય – પ્યાલો લેશો?"

"ઘણી ખુશીથી," મિ૦ ટપમને જણાવ્યું.

"નીચે બાર આગળ એની ટિકિટો મળે છે, સાહેબ; અર્ધી ગિની, દરેકની," વેઇટરે ઉમેર્યું.

મિ૦ ટપમને એ સમારંભમાં હાજરી આપવા ફરીથી ઇચ્છા પ્રગટ કરી; પણ મિ૦ સ્નૉડગ્રાસ કે મિ૦ પિકવિક તરફથી કંઈ ઉત્તેજક જવાબ ન મળવાથી, તે હવે ખાનપાન ઉપર જ મારો ચલાવવા લાગ્યા.

ભોજન પત્યા પછી બધા બેચેક કલાક આરામથી વાતો કરતા બેઠા. દરમ્યાન પેલા અજાણ્યા મહેમાને બધાને વારંવાર આગ્રહ કરી પ્યાલાઓ ધરવા માંડ્યા, અને શીશા ખાલી થાય તેમ નવા મંગાવવા માંડ્યા. દરમ્યાન તેણે વાતોના તડાકા એવા ચાલુ રાખ્યા કે, બધાને સમય ઉપયોગી તથા લાભદાયક રીતે પસાર થયો એમ જ લાગ્યું.

થોડા વખત બાદ મિ૦ પિકવિક, મિ૦ વિંકલ અને મિ૦ સ્નૉડગ્રાસ ઘેને ભરાઈને ઊંઘવા લાગ્યા; મિ૦ ટપમન જ નૃત્ય-સમારંભમાં જવાની પોતાની વધુ તીવ્ર બનેલી ઇચ્છાને કારણે જાગતા બેસી રહ્યા હતા.

દરમ્યાન ઉપરથી વાદ્યિંત્રોના સુરો પણ આવવા શરૂ થયા, એટલે મિ૦ ટપમનથી બેસી રહેવું અશકય થઈ પડ્યું. તેમણે પેલા મહેમાનને પોતાની એ ઇચ્છા કહી પણ સંભળાવી. પેલાએ તરત જ મિ૦ ટપમનને લઈ જવાની તત્પરતા બતાવી પણ સાથે સાથે ઉમેર્યું — "મારો સામાન – ખડકાયેલો – છોડવો જ નથી – સમારંભનાં કપડાં બહાર નથી – જરૂર આવત – સુંદર સ્ત્રીઓ સાથે ઓળખાણ કરાવત – ખૂબ."

પણ પિકવિક કલબના સભ્યો બીજાઓને મુશ્કેલીમાં મદદ કરવામાંથી તો પાછા પડે જ નહિ; એટલે મિ૦ ટપમને તરત પોતાનાં કપડાંનો સેટ આજની રાત પૂરતો તેમને પહેરવા આપવાની તૈયારી બતાવી. પરંતુ પેલો અજાણ્યો આદમી કદમાં તેમનાથી ઓછામાં ઓછો બે ગણો સૂકલેો તો હતો જ; એટલે છેવટે મિ૦ ટપમને પોતાના મિત્ર

વિંકલનાં કપડાં તેને બેસતાં આવશે એમ માની, તેમની બૅગમાંથી તેમનો નવો નક્કોર સૂટ તેને કાઢી આપ્યો.

પેલો મહેમાન એ કપડાં પોતાને ફીટ બેસતાં આવ્યાં દેખી ખુશ ખુશ થઈ ગયો. તેણે જોકે ખરખરો કર્યો, "ચૌદ ચૌદ સૂટ પેટીઓમાં – બીજાનાં કપડાં પહેરવાની નાનમ – જિંદગીમાં પહેલી વાર શરમ – ખૂબ."

"હવે આપણે ટિકાટો ખરીદી લાવીએ," મિ૦ ટપમને જણાવ્યું.

"ગિની ફાડવી – નહિ નહિ – ટોસ ઉછાળો – જે હારે તે બંનેની ટિકિટ ખરીદે – તમે જાતે જ ઉછાળો – મારી રાણી —"

અને મિ૦ ટપમને સિક્કો ઉછાળતાં રાણી જ ઉપર આવી. (અલબત્ત ગિની ઉપર એક બાજુ હોતા ડ્રેગન માટે માનવાચક રાણી શબ્દ ઉલ્લેખવામાં આવ્યો હતો.) એટલે મિ૦ ટપમને બંનેની વતી ટિકિટો ખરીદી.

પેલા અજાણ્યાએ જતાં જતાં કોટ ઉપરનાં બટન ઉપર પી. સી. શબ્દ જોઈ પૂછ્યું, "આ શું? પી. સી.— પીકયૂલિયર કોટ? હેં?"

"અમારી પિકવિક ક્લબની નામમુદ્રા છે," મિ૦ ટપમને જવાબ આપ્યો.

## ૩

નૃત્ય-સમારંભના ઓરડામાં દાખલ થયા બાદ બંને જણા જુદા જુદા માનવંત અફસરોને નામોલ્લેખ સાથે સહકુટુંબ અંદર દાખલ થતા નિહાળી રહ્યા. એ અફસરો પણ પોતાના ઊંચા નીચા હોદ્દા અને પ્રતિષ્ઠાની રૂએ જ ઓછાવત્તા નમીને સામાની સલામ ઝીલતા તથા ઓછુંવત્તું બોલતા. તેમની કુટુંબિનીઓ ખાસ કરીને એ અંતર જાળવતી.

આખા ટોળામાં ૯૭મી રેજીમેન્ટનો સરજન ડૉકટર સ્લેમર છૂટથી હરફર કરતો હતો. પોતાના હોદ્દાની રૂએ તે સૌ ઊંચા-નીચા

થરોમાં જતો અને લળી લળી હાસ્ય વેરતો અને હાસ્ય ઉધરાવતો. તે ગટ્ટો જાડો ગોટા જેવો માણસ હતો. બધાંની સાથે હર-ફર કરતી વેળા ખાસ કરીને એક નાની બુઢ્ઢી વિધવા પ્રત્યે તે ખાસ લક્ષ બતાવતો. તે બુઢ્ઢીએ પહેરેલાં ઘરેણાં અને તેનો પોશાક ઓછી આવકવાળા કોઈ પણ પુરુષને તેનો ભાવિ પતિ થવા લોભાવે તેવાં હતાં જ.

મિ૦ ટપમન તથા પેલો અજાણ્યો એ દાક્તર ઉપર અને પેલી તવંગર વિધવા ઉપર જ નજર રાખી રહ્યા હતા.

"ઢગલાબંધ પૈસા – બુઢ્ઢી છોકરી – દાક્તરનો સારો વિચાર – મજા – ખૂબ."

મિ૦ ટપમન એ અજાણ્યાના મોં સામે જોઈ રહ્યા.

"હું એ બુઢ્ઢી સાથે નાચ્યું ત્યારે ખરો." અજાણ્યાએ પોતાનો નિરધાર મક્કમ શબ્દોમાં અને પૂરા સળંગ વાક્યમાં જણાવી દીધો.

અને તરત જ તે નિરધારને અનુરૂપ કામગીરી પણ તેણે શરૂ કરી દીધી. દાક્તર બીજી કોઈ બાનુ સાથે નાચવામાં પડ્યો હતો, તે અરસામાં પેલા અજાણ્યાએ એક બાજુએ પણ પેલી તવંગર વિધવાની બરાબર સામે ઊભા રહી, તેના જાડા લચી પડેલા ગાલ ઉપર પ્રશંસાદર્શક કટાક્ષો નાખવા માંડ્યા તથા સાથે સાથે યોગ્ય વખતે છાતી ઉપર હાથ પછાડીને તેમાં મચી રહેલું ધમસાણ પણ તેણે યથાયોગ્ય વ્યક્ત કરવા માંડ્યું.

અને એ તપશ્ચર્યાનો સ્વીકાર પણ તરત જ થયો ! થોડી વારમાં જ વિધવાએ પોતાના હાથનો પંખો નીચે પડી જવા દીધો; જે તરત જ પેલા અજાણ્યાએ પાસે દોડી આવી ઉપાડી લીધો, અને કોઈ મહારાણીને અંજલિ અર્પતો હોય તે ઢબે જરા હસીને જરા લળીને તથા થોડા શબ્દો બોલીને તેના હાથમાં મૂકી દીધો.

અને, અને – મિ૦ ટપમને જોયું કે, થોડી વારમાં તો તે વિધવા અને પેલો અજાણ્યો નૃત્યના મેદાનમાં ચકરડીઓ લેવા મંડી ગયાં !

પણ એકલા મિ૦ ટપમન જ એ જોઈને નવાઈ પામ્યા ન હતા. વધુ નવાઈ તો પેલા ડાક્તરને થઈ. અલબત્ત, એ ડાંક્તરના ગાભા ભરેલા પોટલા જેવા દેખાવ કરતાં પેલો અજાણ્યો વધુ પાતળો, ઊંચો તથા ઘાટીલો હતો; એટલે આખા સમારંભ દરમ્યાન પેલી વિધવાએ ડાક્તર સામે નજર પણ કરી નહિ; એટલું જ નહિ પણ, એ અજાણ્યાએ જ્યારે પોતાના મિત્ર તરીકે મિ૦ ટપમન સાથે નૃત્ય કરવાની તે વિધવાને વિનંતી કરી, ત્યારે જરાય આનાકાની વિના તે વિધવા હૃષ્ટપુષ્ટ દેખાવના રંગીલા મિ૦ ટપમન સાથેય કુદરડીઓ લેવા લાગી.

ડૉક્ટર સ્લૅમર – ૯૭મી રેજીમેન્ટના ડાક્તર સ્લૅમર તો જોઈ જ રહ્યા !

ડાક્તરે આ બધું ધીરજથી તથા શાંતિથી સહન કરી લીધું. પણ જ્યારે પેલો અજાણ્યો સમારંભને અંતે તે વિધવાનો હાથ પકડી તેની ઘોડાગાડી સુધી દોરી ગયો, ત્યારે તો હદ આવી ગઈ.

પેલો અજાણ્યો અને મિ૦ ટપમન એ વિધવાને વિદાય આપી પાછા ફરતા જ હતા, તેવામાં ડૉક્ટર સ્લૅમરે સીધા તેમની પાસે ધસી જઈ, પોતાના નામનું કાર્ડ પેલા અજાણ્યાના હાથમાં ધરી દીધું અને કહ્યું, "મારું નામ સ્લૅમર છે, ડૉક્ટર સ્લૅમર, ૯૭મી રેજીમેન્ટ – ચૅથામ બૅરેક્સ – મારું કાર્ડ, સાહેબ, કાર્ડ." હજુ પણ તે આગળ વધુ બોલવા માગતો હતો, પણ ગુસ્સાથી અને જુસ્સાથી તેનો કંઠ એકદમ રૂંધાઈ જતાં, તે વિશેષ બોલી શક્યો નહિ.

પેલો અજાણ્યો, જાણે ડાક્તરના કહેવાનો ભાવ સમજ્યો જ ન હોય, તેમ બોલ્યો — "સ્લૅમર – આભાર – નમ્રતાભરી લાગણી – પણ હમણાં બીમાર નથી – બીમાર પડીશ ત્યારે જરૂર બોલાવીશ – આભાર – ખૂબ."

"તું સાળા બાયલો છે, કાયર છે, હીજડો છે; તારું ગમે તેટલું અપમાન કરું તોપણ તું તારું કાર્ડ મને નહિ આપે, કેમ ?"

"દારૂ બહુ જલદ લાગે છે – હોટેલ-માલિક ગધેડો – લેમોનેડ વધુ સારો – ઓરડામાં ગરમી પણ – બુઢ્ઢા સદ્‌ગૃહસ્થો – માથું ફરી જાય – બીજી સવારે દુઃખી થાય – સારું નહિ સારું નહિ – ખરાબ – ખૂબ."

"તમે લોકો આ હોટેલમાં જ ઊતર્યા લાગો છો; આવતી કાલે સવારે હું જરૂર તમને શોધી કાઢીશ, ત્યારે ખબર પડશે." કહી દાક્તર ગુસ્સામાં ધમધમતો વિદાય થયો.

મિ૦ ટપમન અને અજાણ્યો હવે ઉપર ગયા. અજાણ્યાએ ઉતારેલો પોશાક મિ૦ ટપમને મિ૦ વિંકલની બૅગમાં મૂકી દીધો.

બધા મિત્રો ઘસઘસાટ ઊંઘતા હતા. પેલો અજાણ્યો ધીમે પગલે વિદાય થયો.

## ૪

# મિ૦ વિંકલની ભેલદિલી

### ૧

મિ૦ ટપમન જ્યારે પેલા અજાણ્યા મહેમાનને વિદાય કરી, પોતાની પથારીમાં આડા પડ્યા, ત્યારે દારૂ, સ્ત્રીઓ, દીવા વગેરેથી તેમનું મગજ એટલું બધું પ્રકાશમય થઈ ગયું હતું કે, ડૉક્ટર સ્લેમરની વાત તો તેમને મન ઉપરથી કાઢી નાખવા જેવી એક મજાકરૂપ જ લાગી. છેવટે પોતાની રાત્રી-ટોપીને પોતાના માથા ઉપર અથવા પોતાના માથાને એ રાત્રીટોપીમાં ખોસવાના અનેક હળવા પ્રયત્નો પછી, અને દરમ્યાન મીણબત્તીને ગબડાવી દીધા બાદ, તે વિચિત્ર ગતિથી પોતાની પથારી નજીક પહોંચ્યા, અને તેમાં ગબડી પડી ઊંઘવા લાગ્યા.

સવારના સાતના ટકોરા હજુ પૂરા વાગી પણ નહિ રહ્યા હોય અને કોઈકે મિ૦ પિકવિકના કમરાનું બારણું ખખડાવ્યું.

"કોણ છે?" મિ૦ પિકવિકે પથારીમાં બેઠા થઈ જઈને પૂછ્યું.

"જોડા સાફ કરનાર, સાહેબ."

"શું કામ છે?"

"આપની મંડળીમાં ચમકદાર ભૂરો કોટ કોણ પહેરે છે, – જેના ઉપર પી. સી. અક્ષરવાળાં બટન છે."

મિ૦ પિકવિકને કલ્પના ગઈ કે, પોતાના મિત્ર મિ૦ વિંકલે કદાચ પોતાનો કોટ બ્રશ કરવા આપ્યો હશે ને હોટેલનો નોકર હવે તે કોનો છે, તે ભૂલી ગયો હશે. તેમણે તરત જ જવાબ આપ્યો,

"એમનું નામ મિ૦ વિંકલ, અને જમણે હાથે આની પછીના ત્રીજા કમરામાં તે હશે; અમારી મંડળીમાં તેમના સિવાય બીજું કોઈ એ રંગનો કોટ ધારણ કરતું નથી."

"આભાર સાહેબ," હોટેલનો નોકર જતાં જતાં બોલ્યો.

પોતાના કમરાનું બારણું ઠોકાતાં મિ૦ ટપમન જાગી ઊઠ્યા.

"શી વાત છે?" તેમણે પૂછ્યું.

"મારે મિ૦ વિંકલનું કામ છે, સાહેબ;" નોકરે જવાબ આપ્યો.

મિ૦ ટપમને તરત અંદરના ઓરડામાં સૂતેલા મિ૦ વિંકલને નામ દઈ બે વખત બૂમ મારી.

અંદર પથારીમાંથી "હેં!" એવો અવાજ આવ્યો.

"બહાર તમને કોઈ બોલાવે છે—" આટલું કહેવાની તસ્દી લઈ મિ૦ ટપમન પાછા ઊંઘમાં પડ્યા.

"મને બોલાવે છે? શહેરથી આટલે દૂર વળી મને કોણ બોલાવે છે?" મિ૦ વિંકલે થોડાં ઘણાં કપડાં પહેરી લઈ, બારણું ઉઘાડતાં પૂછ્યું.

"કૉફી-રૂમમાં એક સદ્‌ગૃહસ્થ આવીને બેઠા છે, સાહેબ; તેઓ કહે છે કે, એ આપને બહુ રોકી નહિ રાખે, પણ આપને મળ્યા વિના તે હરગિજ જવા માગતા નથી.

"ભારે વિચિત્ર! ચાલો, હું કંઈક ઓઢી કરીને આવું છું."

મિ૦ વિંકલ આવતાં જ પેલા સદ્‌ગૃહસ્થે નોકરોને બહાર કાઢ્યા અને બારણું કાળજીથી બંધ કરીને પૂછ્યું, "તમે જ મિ૦ વિંકલ હશો, એમ માની લઉં છું."

"મારું નામ વિંકલ જ છે, સાહેબ."

"તો પછી હું, મારા મિત્ર ડૉક્ટર સ્લેમર, હ૭મી રેજીમેન્ટ, તરફથી આવું છું, એમ હું કહીશ તો તમને નવાઈ નહીં જ થાય; તમે રાહ જ જોતા હશો!"

"ડૉક્ટર સ્લેમર! ખરે જ, મને એ નામ જરાય પરિચિત હોય એમ લાગતું નથી."

"જુઓ સાહેબ, ગઈ રાતની તમારી વર્તણૂક કોઈ પણ સદ્‌ગૃહસ્થ સહન કરી શકે તેવી નહોતી — હું પણ માનું છું કે, કોઈ પણ સદ્‌ગૃહસ્થ કહેવરાવનાર એવું ન કરે."

પણ મિ૦ વિંકલના મોં ઉપરનો આશ્ચર્યનો વધતો જતો ભાવ એવો સ્પષ્ટ દેખાઈ આવતો હતો કે, આગંતુકે તરત ઉમેર્યું, "મારા મિત્ર ડૉક્ટર સ્લેમરે વધુમાં તમને એમ જણાવવા મને ભલામણ કરી છે કે, ગઈ રાતે તમે વધારે પડતા પીધેલા હતા, એટલે તમે તેમના કરેલા અપમાનની વાત આજ સવારે તમને યાદ ન પણ હોય. એટલે હું લખાવું તે પ્રમાણેની માફી તમે તમારે હાથે લખી આપવા કબૂલ થાઓ, તો એવા માફીપત્રથી સંતોષ માનવા દાક્તર તૈયાર છે."

"લેખિત માફી!"

"હા હા; નહિ તો પછી તેનો વિકલ્પ શું હોય, તે તો તમે સમજી જ શકશો."

"પણ આ સંદેશો ખરેખર મને કહેવાનો છે, એની તો ખાતરી કરી લીધી છે ને?"

"હું પોતે તો ગઈ કાલે રાતે નૃત્યસમારંભમાં હાજર નહોતો; પરંતુ તમે તમારું કાર્ડ ડૉક્ટર સ્લેમરને આપવાની ના પાડી; એટલે તેમણે

મને આ હૉટેલમાં જ ઊતરેલા અને ચમકતો ભૂરો કોટ — જેના ઉપર પી. સી. અક્ષરોવાળાં બટન હતાં, તે પહેરનાર સદ્‌ગૃહસ્થને શોધીને આ સંદેશો કહેવાનું જણાવ્યું છે.”

પોતાના કોટનું આટલું બધું આબેહૂબ મળતું આવતું વર્ણન સાંભળીને મિ૦ વિંકલનું આશ્ચર્ય વળી વિશેષ વધી ગયું. ડૉક્ટર સ્લૅમરના મિત્રે આગળ ચલાવ્યું, “ મેં અહીં આવીને તપાસ કરી તે ઉપરથી મને જાણવા મળ્યું કે, એ કોટના માલિક ગઈ કાલે બપોરે આવીને બીજા ત્રણ સાથીઓ સાથે અહીં ઊતરેલા છે. એ મંડળીના આગેવાન જેવા દેખાતા માણસને પૂછપરછ કરતાં, તેમણે તમારું નામ મને તરત બતાવી દીધું.”

રોચેસ્ટરના કિલ્લાનું મુખ્ય ટાવર પગે ચાલતું પોતાની સામે આવ્યું હોય તે જોઈને જેટલી નવાઈ થાય, તેટલી નવાઈ મિ૦ વિંકલને આ બધું સાંભળીને થઈ આવી. તેમને તરત તો એવો જ ખ્યાલ આવ્યો કે, પોતાનો કોટ કદાચ ચોરાઈ ગયો હશે, અને એ ચોરે એ કોટ પહેરી કંઈ પરાક્રમ કર્યું હશે. એટલે તે તરત પેલાની રજા લઈ, દોડતે પગલે પોતાની ઓરડીમાં જઈ, પોતાની બૅગમાં એ કોટ છે કે નહિ, તેની ખાતરી કરી આવ્યા. એ કોટ તો બૅગમાં બરાબર હતો, પણ આગલી રાતે તેને પહેરવામાં આવ્યો હોય, એવાં ચિહ્ન સ્પષ્ટ દેખાતાં હતાં.

મિ૦ વિંકલ એ જોઈ તરત જ એ કોટને હાથમાંથી પાછો બૅગમાં નાખતાં ગણુગણ્યા, “ ગઈ કાલે રાતે ભોજન બાદ મેં વધારે પડતો દારૂ પીધેલો હતો; અને ત્યાર બાદ શેરીઓમાં ફરવા નીકળ્યાની અને સિગાર ફૂંકવાની મને આછી યાદ આવે છે. એટલે જરૂર, પીધેલી અવસ્થામાં હું મારો આ કોટ પહેરી, બહાર કયાંક ચાલી નીકળ્યો હોઈશ, અને કોઈનું અપમાન કરી બેઠો હોઈશ!”

હવે કૉફી-રૂમમાં પાછા આવી, યુદ્ધપ્રિય ડૉક્ટર સ્લૅમરનો પડકાર ઝીલી લીધા વિના મિ૦ વિંકલનો છૂટકો ન હતો. કારણ કે, ક્લબમાં

રમત-ગમત, પટ્ટાબાજી, નિશાનબાજી, વગેરે બાબતોના તજજ્ઞ તરીકે તેમની નામના હતી. એટલે પોતાની એ નામનાની કસોટીને પ્રથમ પ્રસંગે જ પીછેહઠ કરવી – અને તેય પોતાના નેતાની નજર હેઠળ જ – એ તેમને માટે અશક્ય હતું.

તદુપરાંત, તેમના મનમાં સાથે સાથે એવો ખ્યાલ પણ હતો જ કે, દ્વંદ્વયુદ્ધના પ્રતિસ્પર્ધીઓના ટેકેદારો જો ડાહ્યા માણસો હોય, તો તેઓ અરસપરસ મળી જઈ, પિસ્તોલોમાં સીસાની સાચી ગોળીને બદલે માત્ર ધૂમ-ધડાકા થાય તેટલી જ સામગ્રી ભરી, બંને પ્રતિસ્પર્ધીઓને જીવતા રહેવાની તથા અંતે હાથ મિલાવી ઘેર પાછા ફરવાની સગવડ જરૂર ઊભી કરી શકે. ઉપરાંત, પોતાના ટેકેદાર તરીકે મિ૦ સ્નોડગ્રાસને પસંદ કર્યા હોય, તથા તેમની સમક્ષ દ્વંદ્વયુદ્ધમાં રહેલું પ્રાણાંતક જોખમ ભારપૂર્વક વર્ણવી બતાવ્યું હોય, તો મિ૦ સ્નોડગ્રાસ એ દ્વંદ્વયુદ્ધની વાત પિકવિકને કરી દીધા વિના ન રહે; અને મિ૦ પિકવિક જેવા કાયદાપ્રિય માણસ સ્થાનિક સત્તાવાળાઓને મળીને આ દ્વંદ્વયુદ્ધ રોકવાનો પ્રયત્ન પણ જરૂર કરે.

તેથી કૉફી-રૂમમાં પાછા ફરી, જેવો મિ૦ વિંકલે ડૉ૦ સ્લૅમરનો પડકાર ઝીલી લીધો, તેવો જ ડૉ૦ સ્લૅમર તરફથી આવેલો માણસ બોલી ઊઠ્યો, "તો પછી તમારા ટેકેદાર મિત્રને જલદી મોકલીને દ્વંદ્વયુદ્ધનાં સ્થળ-કાળ-હથિયાર વગેરે નક્કી કરી લેજો."

"એમ કરવાની શી જરૂર છે?" મિ૦ વિંકલે જવાબ આપ્યો; "તમે જ એ બધું નક્કી કરીને કહેતા જાઓ, એટલે બસ. ટેકેદાર તરીકે હું મારા કોઈ મિત્રને મેદાન ઉપર તો લેતો આવીશ જ."

"તો આજે સાંજે જ રાખીએ તો કેમ?"

"ઘણું સરસ," મિ૦ વિંકલે જવાબ આપ્યો; જોકે મનમાં તો તે વિચારી રહ્યા કે, ઘણું જ ખરાબ.

"તમે ફૉર્ટ પિટ્ટ જોયો છે ને?"

"ગઈ કાલે જ અમે જોઈ આવ્યા."

•

"બસ, તો ત્યાંની ખાઈ ઉપરનાં ખેતરો તરફ વળીને કિલ્લે-બંદીના ડાબા ખૂણા આગળ આવી પહોંચજો. ત્યાં હું ઊભો રહીશ અને તમને તથા તમારા ટેકેદારને પાસેની એક નિર્જન એકાંત જગાએ લઈ જઈશ, જ્યાં આ બધું કોઈની ડખલગીરી વિના પતવી શકાશે."

૨

સવારનો નાસ્તો જરા વિચિત્ર રીતે જ પત્યો; મિ૦ ટપમન ગઈકાલની કામગીરી પછી હજુ ઊઠવાની પરિસ્થિતિમાં ન હતા; મિ૦ સ્નોડગ્રાસ પણ કવિતા માથામાં ઘેરાઈ રહી હોય એ સ્થિતિમાં હતા; મિ૦ પિકવિક પણ ગુપચુપ સોડા-વૉટર ઉપર જ મારો ચલાવી રહ્યા હતા.

નાસ્તા પછી મિ૦ સ્નોડગ્રાસે જ્યારે કિલ્લા તરફ ફરવા જવાનું સૂચવ્યું, ત્યારે મિ૦ વિંકલ સિવાય બીજું કોઈ તેમની સાથે જવા તૈયાર થયું નહિ. મિ૦ વિંકલ તો એ જ તક ઝંખી રહ્યા હતા.

એટલે જાહેર માર્ગ ઉપર આવી પહોંચતાં વેંત મિ૦ વિંકલે ભેદ-ભરમની રીતે વાત ઉપાડી —

"સ્નોડગ્રાસ, મારા પ્રિય મિત્ર, હું એક ગુપ્ત વાત તમને કહી શકું? પણ તમારે તે તદ્દન ગુપ્ત રાખવી એ શરત!"

"જરૂર, મિત્ર; કહો તો સોગંદ —"

"ના, ના; સોગંદ ખાવાની જરૂર નથી!" મિ૦ વિંકલ એ વાત મિ૦ સ્નોડગ્રાસ ગુપ્ત ન રાખે તે માટે તો કહેતા હતા.

"મારે એક ઇજ્જત-આબરૂની – દ્વંદ્વયુદ્ધની – બાબતમાં તમારી મદદ જોઈએ છે, પ્રિય મિત્ર."

"તમે એવી બાબતમાં મારી મદદ ઉપર હંમેશ ભરોસો રાખી શકો છો."

"એ દ્વંદ્વયુદ્ધ ડૉક્ટર – લછમી રેજીમેન્ટના ડૉક્ટર સ્લેમર સાથે લડવાનું છે – ધરાર લશ્કરી અફસર જોડે! તેમનો ટેકેદાર પણ લશ્કરી અફસર છે! આજે જ સાંજે, ફોર્ટ પિટ્ટ આગળની એક તદ્દન નિર્જન – કોઈના અવરજવર વિનાની જગાએ – લડવાનું છે."

મિ૦ વિંકલ આ દરેક બાબત ઉપર ભાર મૂકી તેને જેમ જેમ બિહામણી બનાવતા ગયા, તેમ તેમ મિ૦ સ્નોડગ્રાસનો મિત્રની મદદમાં ઊભા રહેવાનો નિરધાર પણ મક્કમ બનતો ચાલ્યો.

"હું તમારી સાથે આવીશ જ." મિ૦ સ્નોડગ્રાસે ટૂંકો ને ટચ જવાબ આપી દીધો.

"એ દ્વંદ્વયુદ્ધનું પરિણામ ઘણું કારમું આવવાનો સંભવ છે."

"અરે, શા ભાર છે?"

"એ ડૉક્ટર લશ્કરી માણસ હોઈ, પક્કો નિશાનબાજ છે."

"એ બધા તો હોય જ; પણ તમેય કયાં ઓછા નિશાનબાજ છો?"

મિ૦ વિંકલે જોયું કે પોતાના મનની વાત મિ૦ સ્નોડગ્રાસના અંતરમાં બરાબર ઊતરી નથી. એટલે તેમણે વસ્તુને વધુ ગંભીર સ્વરૂપ આપવા પ્રયત્ન કર્યો —

"જો હું – જો હું માર્યો જાઉં, તો મારા ખીસામાં મારા પિતા માટે એક કાગળ મૂકતો જઈશ."

મિ૦ સ્નોડગ્રાસે પોતાના મિત્રની ચિંતા દૂર કરવા તરત તેને મક્કમ શબ્દોમાં ખાતરી આપી કે, પોતે તે કાગળ ટપાલમાં નાખવાને બદલે જાતે જઈને મિ૦ વિંકલના પિતાને પહોંચાડી આવશે.

"પરંતુ હું પડું કે ડૉક્ટર પડે, તો પણ તમને સાગરીત તરીકે એ લોકો કાયદાની ચુંગલમાં ખેંચશે, અને પરિણામે કદાચ તમને જીવનભર દેશનિકાલની સજા થાય."

મિ૦ સ્નોડગ્રાસ એ સાંભળી કંઈક ચિંતામાં પડ્યા ખરા; પણ પછી તરત બોલી ઊઠ્યા, "મિત્રતા ખાતર હું એ જોખમ ખેડવા તૈયાર છું."

મિ૦ વિંકલ હવે આ શત્રુ જેવા મિત્રની બેસમજદારી ઉપર ચિંતા કરતા ચુપચુપ આગળ ચાલ્યા; મિ૦ સ્નોડગ્રાસ પણ પોતાના

મનને આ મિત્રકૃત્ય ખાતર મક્કમ કરવા જુદા જુદા પ્રાચીન મિત્ર-વીરોના દાખલાઓ અને કાવ્યો યાદ કરવા લાગ્યા.

મિ૦ વિંકલે હવે મરણિયા થઈને કહ્યું, "જોજો, ભાઈ, આ ખબર કોઈને પહોંચાડી ન દેતા,—જેથી છેવટની ઘડીએ કોઈ આવીને ડખલ કરે કે રુકાવટ કરે! સુલેહશાંતિ જાળવનારા અફસરોને કાને આ વાત ન જાય તે જોજો; નહિ તો તેઓ આવીને મને કે ડૉક્ટરને કે બંનેને હાજતમાં પૂરી આ દ્વંદ્વયુદ્ધના ઉપક્રમને જ નિષ્ફળ બનાવી દેશે."

મિ૦ સ્નૉડગ્રાસે મિત્રના બંને હાથ પોતાના હાથમાં પકડી લઈ તરત જણાવ્યું, "આકાશ તૂટી પડે તો પણ હું એવું હરગિજ નહિ થવા દઉં."

## ૩

છેવટે જ્યારે બધી તૈયારી સાથે બંને મિત્રો હૉટેલમાંથી કોઈને કહ્યા વિના આ દ્વંદ્વયુદ્ધ માટે તૈયાર થઈને નીકળ્યા, ત્યારે બંનેના મનમાં જુદી જુદી ભાવનાઓ ઘોળાઈ રહી હતી. મિ૦ સ્નૉડગ્રાસ મિ૦ વિંકલને ખાતરી આપી આશ્વાસન આપવા પ્રયત્ન કરતા હતા કે, પોતે અગમચેતી વાપરીને દારૂગોળો વગેરે સામગ્રી બરાબર વધારે પડતી જ લીધી છે, તથા વન-વગડામાં પિસ્તોલને દાટો મારવાના ડૂચા ન ખૂટી પડે માટે બે આખાં ન્યૂસપેપર સાથે ખીસામાં લઈ લીધાં છે.

મિત્રતાની ભાવનાનાં આ બધાં જ્વલંત ઉદાહરણોથી કોઈ પણ બીજા માણસનું હૈયું તો અભિમાનથી ઊભરાઈ જાય; અને મિ૦ વિંકલ પણ કશું બોલ્યા વિના ગુપચુપ ચાલવા લાગ્યા એટલે એમ માની લેવું જ રહ્યું કે, તે પણ ખરેખર મિ૦ સ્નૉડગ્રાસની મિત્રતાથી પૂરેપૂરા પ્રભાવિત થયા હશે.

દ્વંદ્વભૂમિ ઉપર સામા પ ના માણસોને તેઓ મળ્યા ત્યારે સંધ્યાકાળ થવા આવ્યો હતો.

સવારે મળવા આવેલા અફસરે અને મિ૦ સ્નોડગ્રાસે જમીન ઉપર જઈને, માપીને, બંને હરીફોને ઊભા રહેવાનું સ્થાન નક્કી કરી દીધું. ડૉક્ટર સ્લેમર તરફથી તેમના ટેકેદાર આ અફસર ઉપરાંત, સરજન્ત તરીકે, એક વધુ માણસ કૅંપ-સ્ટૂલ ઉપર તૈયાર બેઠેલો હતો.

બંને ટેકેદારોએ હવે એકબીજાનાં હથિયાર સમાન કોટીનાં છે તે નક્કી કરવું રહ્યું. પેલા અફસરે મિ૦ સ્નોડગ્રાસ પાસેની પિસ્તોલ કઠંગી રીતે તૈયાર કરેલી જોઈને, ખેલદિલી દાખવી, પોતાની પાસેની વધારાની ભરેલી પિસ્તોલ મિ૦ સ્નોડગ્રાસને આપવા મરજી બતાવી. મિ૦ સ્નોડગ્રાસે અત્યંત તત્પરતાથી એ પિસ્તોલ પોતાના મિત્ર મિ૦ વિંકલ માટે સ્વીકારી લીધી; કારણ કે, પેલા અફસરે જ્યારે પિસ્તોલો તેમના દેખતાં ભરી, ત્યારે જ મિ૦ સ્નોડગ્રાસને સમજાઈ ગયું હતું કે, પોતે પોતાના મિત્રની પિસ્તોલ વિચિત્ર રીતે જ ભરી હતી – અર્થાત્ ખોટી રીતે જ તૈયાર કરી હતી!

પછી બધી તૈયારી પૂરી થતાં, લથડિયાં ખાતા મિ૦ વિંકલને, વિધિસર તેમને સ્થાને લઈ જઈ, હિંમત આપી, મિ૦ સ્નોડગ્રાસે તેમના હાથમાં પિસ્તોલ પકડાવીને જ્યારે તેમને સ્થાને ઊભા રાખ્યા, ત્યારે એમ જ લાગતું હતું કે, મિ૦ વિંકલને સામા માનવપ્રાણીની હત્યા કરવાનો, પોતાના જનને જોખમે પણ, જરાય વિચાર ન હતો; અને તેથી જ તેમણે આખા સમય દરમ્યાન આંખો મીંચી જ રાખી હતી.

પણ એમણે એ આંખો મીંચી દીધી હતી, તેથી જ તે પોતાના સામા પ્રતિસ્પર્ધીની અસાધારણ હિલચાલ જોઈ ન શકયા. ડૉક્ટર સ્લેમર તો મિ૦ વિંકલને જોઈ, આંખો ચોળવા માંડયા, મટમટાવવા માંડયા; તથા છેવટે ફરી આંખો ચોળી, ઘૂમ પાડી ઊઠયા, —

"થોભો, થોભો!"

સ્નોડગ્રાસ અને પેલો અફસર તરત ડૉક્ટર સ્લેમર પાસે દોડી ગયા. સ્લેમરે તેમને મક્કમ અવાજે જણાવી દીધું, "મારે જેની સાથે લડવાનું છે, તે આ માણસ નથી."

"હેં? એ માણસ નહિ તો બીજો કોણ છે?"

"બીજો ગમે તે હશે, પણ ગઈ રાતે મારું અપમાન કરનાર માણસ આ નથી, એ નક્કી!"

પરંતુ પેલો કૅપ-સ્ટૂલવાળો બધો ખેલ છેલ્લી ઘડીએ બગડતો જોઈ તરત બોલી ઊઠ્યો, "ભલે તે માણસ પોતે ન હોય; પરંતુ તમારો પડકાર ઝીલી હવે મેદાન ઉપર આ હાજર થયો જ છે, તો પછી આપણે તેનો પડકાર ઝીલી લેવો જોઈએ!"

દરમ્યાન મિ૦ વિંકલે પોતાના કાન તો ખુલ્લા રાખ્યા હતા; તેમણે હવે પોતાની આંખો પણ ખુલ્લી કરી. હવે પોતાની ઇજ્જત – આબરૂ ઉપરાંત પોતાનો જાન પણ સહીસલામત રહ્યાની ખાતરી થતાં, ગંભીરતાથી અને હિંમતપૂર્વક આગળ આવીને તે બોલ્યા—

"હું જાણતો જ હતો કે હું એ માણસ નથી."

તરત જ કૅપ-સ્ટૂલવાળો અફસર બોલી ઊઠ્યો—

"તો તો તમે ડૉક્ટર સ્લૅમરનું જાણી જોઈને અપમાન કર્યું કહેવાય; એટલે તે હવે એનો બદલો માગી શકે છે."

"મહેરબાની કરીને તમે ચૂપ રહો," ડૉક્ટરના ટેકેદારે કૅપ-સ્ટૂલવાળાને કહ્યું. "પણ તો પછી તમે એ વાત મને સવારના જ કહી કેમ ન દીધી?" તેણે મિ૦ વિંકલને પૂછ્યું.

"કારણ એટલું જ હતું કે, તમે એક પીધેલા તથા સદ્‌ગૃહસ્થાઈ ન દાખવનાર એવા માણસની વાત કરી હતી કે, જેણે મારો પોતાનો એટલું જ નહિ પણ, મેં જ ખાસ શોધેલો કોટ પહેર્યો હતો. મારે છેવટે, અમારી લંડનની પિકવિક ક્લબની મેં સૂચવેલી એ વર્દીની ઇજ્જતનું તો રક્ષણ કરવું રહ્યું; એટલે મેં તરત જ એ પડકાર સ્વીકારી લીધો."

ડૉક્ટર સ્લૅમર હવે ખુશી થતા થતા પોતાનો હાથ લાંબો કરી આગળ આવ્યા અને બોલ્યા, "સાહેબ તમારી મરદાનગી અને ઇજ્જત-

દારી ઉપર હું આફરીન છું. અને તમને આવી રીતે પડકારીને અહીં સુધી આવવાની તસ્દી આપવા બદલ દિલગીરી દર્શાવું છું."

"મારી વિનંતી છે કે, તસ્દીની વાત તમે જરાય મનમાં ન લાવશો."

"તમારું ઓળખાણ આ રીતે પણું થવાથી મારી જાતને હું ધન્ય માનું છું."

"મને પણ એટલો જ આનંદ થાય છે, એની એક સદ્‌ગૃહસ્થના મોંના શબ્દોથી ખાતરી રાખશો."

"તો હવે આપણે અહીંથી વિદાય થઈએ," દાક્તરના ટેકેદારે કહ્યું.

"સિવાય કે, આ આખા પ્રસંગને જે રીતે ઉપાડવામાં આવ્યો તેથી મિ૦ વિંકલ પોતાની જાતને અપમાનિત થયેલી માને અને તે બદલ પોતાને સંતુષ્ટ કરવા માગણી કરે, તો એ તેમનો અધિકાર છે." પેલા કેંપ-સ્ટૂલવાળાએ હજુ પણ બાજી હાથથી ન જાય તે માટે છેવટનો પ્રયત્ન કરી જોયો.

મિ૦ વિંકલે તો પોતાને પૂરો સંતોષ થયો હોવાનું જણાવીને એ વાતની ના પાડી દીધી.

"તો પછી તમારા ટેકેદારને મારા કોઈ શબ્દોથી ખોટું લાગ્યું હોય, તો તે મારી પાસે સંતોષ માગી શકે છે."

મિ૦ સ્નોડગ્રાસે, પરંતુ, પોતાને આ આખા પ્રસંગથી જરાય અસંતુષ્ટ થવાનું કારણ મળ્યું હોવાનો ભારપૂર્વક ઇન્કાર કર્યો.

હવે ડૉકટર સ્લેમરે મિ૦ વિંકલને તેમના ટેકેદાર મિત્ર સાથે સાંજના પોતાને ત્યાં ભોજન માટે આમંત્રણ આપ્યું. પરંતુ મિ૦ વિંકલે પોતાની સાથે બીજા મિત્રો હોવાનું કારણ દર્શાવી, ડૉકટરને જ તેમના ટેકેદાર સાથે પોતાની હોટેલ ઉપર આવીને આભારી કરવાની આગ્રહભરી વિનંતી કરી, જે ડૉકટર સ્લેમરે ખેલદિલીથી તરત સ્વીકારી.

## ૫

# તકરારનો અંત

મિ૦ પિકવિકને પોતાના બે મિત્રોની અસાધારણ ગેર-હાજરીથી કંઈક ચિંતા થવા લાગી હતી; તથા આખી સવાર દરમ્યાનની તેઓની ભેદી વર્તણૂકથી તેમાં સારી પેઠે વધારો થયો હતો. તેથી જ્યારે તેઓ પાછા આવ્યા, ત્યારે સામાન્ય કરતાં વધુ ઉત્સાહથી તેમણે તેઓને આવકાર આપ્યો તથા પોતાની સોબતમાંથી આટલો લાંબો સમય છૂટા પડવા માટે તેઓને શું કારણ મળ્યું હતું, તે તેઓને પૂછ્યું.

મિ૦ સ્નૉડગ્રાસ આખા પ્રસંગનું ઐતિહાસિક નિરૂપણ કરવા જતા જ હતા, પણ તેમણે જોયું કે ત્યાં મિ૦ ટપમન તથા પેલા કોચ-ગાડીવાળા સાથી ઉપરાંત બીજો એક વિચિત્ર દેખાવનો અજાણ્યો માણસ હાજર હતો, એટલે તે થોભી ગયા. નવો અજાણ્યો માણસ ફિકર-ચિંતાથી તવાઈ ગયેલા દેખાવનો તથા ઊંડી ઊતરી ગયેલી આંખો-વાળો હતો. મિ૦ વિંકલની આંખો પણ તેના ઉપર જ સ્થિર થઈ હતી. એટલે મિ૦ પિકવિકે તેના તરફ આંગળી કરીને કહ્યું કે, "આપણા આ કોચ-ગાડીવાળા મિત્ર – જેમનું નામ જાણવા હજુ આપણે ભાગ્યશાળી થયા નથી, તેમના એ મિત્ર છે. અમને આજે સવારે જ જાણવા મળ્યું છે કે, આપણા કોચગાડીવાળા મિત્ર અહીંની નાટ્યભૂમિ સાથે સંકળાયેલા છે – જો કે તે પોતે એ વાત બહાર જણાવવા આતુર નથી — અને આ ભાઈ પણ એ જ ધંધાના માણસ છે."

એ "ભાઈ" આ બે જણ આવ્યા ત્યારે પોતાના એક દાઢડિયા મિત્રની, અને તેની વફાદાર સ્ત્રીની, તથા તે મિત્રે તેની કરેલી દુર્દશાની

કરુણ કથની કહેવાની શરૂઆત જ કરવા જતા હતા. તે હવે સૌની વિનંતીથી તેમણે આગળ ચલાવી. "ગમે તેટલી હડધૂત થવા છતાં, તથા કાયમની તંગી વેઠવા છતાં, તે સ્ત્રી, મારો મિત્ર જ્યારે વ્યસન અને તંગીથી ઘસાઈને આખરી પથારીએ પડ્યો, ત્યારે જાત-મહેનતથી એ દારૂડિયા વ્યસનીનો ઉપચાર તથા ભરણપોષણ કરવા લાગી.

"પણ કરુણતા એ હતી કે, એ સ્ત્રીની ભાવભરી દુઃખી આંખો સામું જોવું જ તે માણસને માટે મુશ્કેલ બની ગયું હતું; અને તે બાઈ દવા પાવા કે ખાન-પાનનું પૂછવા પાસે આવતી કે તે વધુ ગુસ્સો કરી તેને વિશેષ હડધૂત કરતો તથા દૂર ભગાડી મૂકતો.

"છેક છેવટની ઘડીએ, તે કંઈક હોશમાં આવ્યો, ત્યારે પોતે પોતાની ભલી પત્નીને આપેલો ત્રાસ તેના મનમાં ગૂંચવાતો હતો. તે એ બાઈને તથા પોતાના મિત્રને કંઈક કહેવા ગયો, પણ બોલી ન શકાયાથી છેવટે પોતાની છાતી ઉપર હાથ પછાડતો મરી ગયો. એ માણસ રંગભૂમિનો સારો કલાકાર હતો, પણ દારૂના વ્યસને તેની અને તેના કુટુંબની છેક જ અવદશા કરી મૂકી હતી."

આ કથની પૂરી થઈ એટલે મિ૦ પિકવિક કંઈક બોલવા જતા હતા, તેવામાં વેઈટરે આવીને જણાવ્યું કે, "કેટલાક સદ્‌ગૃહસ્થો નિમંત્રણથી પધાર્યા છે, સાહેબ."

મિ૦ પિકવિકે નવાઈ પામી પોતાના મિત્રો તરફ પ્રશ્નાર્થક નજરે જોયું, તો મિ૦ વિંકલ તરત જ ઊભા થઈને બોલી ઊઠ્યા કે, "મેં તેમને આવવા નિમંત્રણ આપ્યું છે, તેમને અંદર લાવો." અને વેઈટર તેમને તેડી લાવવા બહાર ગયો એટલામાં મિ૦ વિંકલે તે લોકોનો પરિચય આપી દીધો કે, "૯૭મી રેજિમેન્ટના અફસરો છે. આજે સવારે કંઈક વિચિત્ર રીતે મારે તેમનું ઓળખાણ થયું હતું; પરંતુ તેઓ મજાના માણસો છે, અને તમને સૌને ઘણા ગમશે."

વેઈટરે ત્રણ જણને કમરામાં દાખલ કર્યા કે તરત મિ૦ વિંકલે તેઓનો તથા પોતાના મિત્રોનો નામ દઈને અરસપરસ પરિચય કરાવવા માંડ્યો.

પરંતુ તે દરમ્યાન મિ૦ ટપમન તથા ડૉક્ટર સ્લૅમરના મોં ઉપર થયેલા અસાધારણ ફેરફારો જોઈ, તે અચાનક ચોંકચા.

"આ સદ્‌ગૃહસ્થને હું પહેલાં મળ્યો છું," ડૉક્ટર સ્લૅમરે મિ૦ ટપમન તરફ આંગળી કરીને ભારપૂર્વક જણાવ્યું.

"એમ!" મિ૦ વિંકલે નવાઈ પામી કહ્યું.

"અને – અને પેલા માણસને પણ હું ઓળખું છું," પેલા કોચ-ગાડીવાળા સાથી તરફ આંગળી કરીને ડૉક્ટરે કહ્યું.

"અને મારી ભૂલ ન થતી હોય, તો તેને મેં ગઈ રાતે આગ્રહ-પૂર્વક એક બાબત માટે આમંત્રણ આપ્યું હતું, જેનો ઇન્કાર કરવાનું તેણે મુનાસિબ માન્યું હતું." આટલું કહી, ડૉક્ટરે દ્વંદ્વયુદ્ધ વખતે પોતાના ટેકેદાર થયેલા મિત્રને કાનમાં કંઈક કહ્યું.

"તો સાલાને અહીં ને અહીં લાત લગાવી દો ને!" દ્વંદ્વ-મેદાનમાં કૅપ-સ્ટ્રૂલ લઈને આવેલા ડૉક્ટરના પેલા મિત્રે કહ્યું.

"મિત્ર જરા સાંસતા થાઓ," 'ટેકેદાર' મિત્રે 'કૅપ-સ્ટ્રૂલ'ને કહ્યું અને પછી નવાઈ પામી જોઈ રહેલા મિ૦ પિકવિક તરફ ફરીને જણાવ્યું, "સાહેબ, મને જરા કહેશો કે એ માણસ તમારી મંડળીનો માણસ છે કે કેમ?"

"હરગિજ નહિ." મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

"અને તમારી ક્લબનાં ખાસ બટન તે પહેરી શકે ખરો?"

"ના, ના, હરગિજ નહિ."

ટેકેદાર મિત્રે હવે ડૉક્ટર તરફ જોઈને ખભા ભરડ્યા; એ અર્થમાં કે ડૉક્ટરે ગઈ રાતે જરા વધુ પીધો હશે, જેથી તે વખતે તેમના મગજનું ઠેકાણું ન રહેતાં તેમણે ગમે તે લોકો વિષે ભળતી કલ્પનાઓ કરી લઈને આ બધું રમખાણ ઊભું કર્યું હશે.

ડૉક્ટર એ ચેષ્ટાનો અર્થ સમજી જઈ ચિડાઈ ગયા. તેમણે તરત મિ૦ ટપમન તરફ ફરીને ધમકાવતા હોય એવા અવાજે પૂછ્યું—

"તમે કાલે નૃત્યસમારંભમાં હાજર હતા કે નહિ, એ સાચેસાચું કહી દો!"

મિ૦ ટપમને મિ૦ પિકવિક તરફ ગુનેગારની રીતે જોતાં જોતાં ડોકું ધુણાવી હા પાડી.

"અને પેલો માણસ કાલે તમારી સાથે હતો કે નહિ?"

મિ૦ ટપમને તે વાતની પણ હા પાડી.

ડૉક્ટરે તરત જ પેલા અજાણ્યા તરફ ફરીને પૂછ્યું, "બોલો, સાહેબ, હવે આ બધા સદ્‌ગૃહસ્થોની સમક્ષ પણ તમે તમારું કાર્ડ મને આપવા કબૂલ થાઓ છો કે કેમ? જો તમે એમ કરવા કબૂલ થશો, તો હું તમારી સાથે સદ્‌ગૃસ્થની રીતે વર્તીશ; નહીં તો મારે અહીં ને અહીં તમને એક તુચ્છ પ્રાણીની પેઠે ફટકારવા પડશે."

"થોભો, થોભો, સાહેબ; કશા ખુલાસા વિના મારાથી આ બધું આ રીતે આગળ વધવા દઈ શકાશે નહિ," મિ૦ પિકવિક બોલી ઊઠ્યા; "તમે ટપમન, જાણતા હો તે બધી વિગતો મને કહી સંભળાવો જોઉં."

મિ૦ ટપમને પોતાના નેતાનો હુકમ થતાં, ગઈ રાતની વિગતો ટૂંકમાં કહી સંભળાવી, અને ડરતાં ડરતાં મિ૦ વિંકલનો કોટ તેમને પૂછ્યા વિના પહેરવા કાઢી આપ્યાની વાત પણ કરી. અને બાકીની વાતનો વિશેષ ખુલાસો પેલો કોચ-ગાડી વાળો મિત્ર જ કરશે એવી આશાથી તેમણે તેની સામું જોયું.

પણ એટલામાં તો ડૉક્ટરના ટેકેદારે એ અજાણ્યા સામું તાકીને જોઈ, કંઈક તુચ્છકારથી પૂછ્યું, "મેં તમને થિયેટરમાં જોયા છે, એ સાચું?"

"જરૂર," પેલાએ જરાય છુપાયા વિના જવાબ આપ્યો.

"અરે એ તો છૂટક કામ કરતો જંગમ નટ છે," ટેકેદારે ડૉક્ટર સ્લેમર તરફ ફરીને કહ્યું — "અને આવતી કાલે રાતે બાવનમી રેજિમેન્ટના અફસરોએ જે ખેલ રોચેસ્ટર થિયેટરમાં ગોઠવ્યો છે, એ

માટે તેને તેડાવ્યો છે. એટલે હવે તમારાથી આ બાબતમાં કશું થઈ ન શકે, ડૉક્ટર!"

પછી તેણે મિ૦ પિકવિક તરફ ફરીને કહ્યું, "તમને કંઈક કઢંગી પરિસ્થિતિમાં મૂકવા બદલ દિલગીર છીએ; પરંતુ મને એમ સૂચના કરવાનું મન થાય છે કે, આવું ભવિષ્યમાં ફરીથી ન બને તે માટે તમારે તમારા સાથીઓની પસંદગી કંઈક વધુ કાળજીથી કરવી જોઈએ." એટલું કહી તે લાંબી ફલંગે કમરામાંથી બહાર ચાલ્યો ગયો.

પણ પેલો કૅંપ-સ્ટ્રૂલવાળો પેલા તરફ ફરીને બોલ્યા વિના ન રહ્યો કે, "હું જો ડૉક્ટર સ્લૅમર ન હોત, તો તમારું તથા તમારી મંડળીના આ બધાનું નાક આમળ્યા વિના ન રહ્યો હોત." આટલું કહી, તે ડૉ૦ સ્લૅમરને સાથે લઈ બહાર ચાલ્યો ગયો.

મિ૦ પિકવિક ગુસ્સાથી ફાટ ફાટ થતા શરીરે અને કપડાંએ એકદમ એ લોકોની પાછળ દોડવા અને વચ્ચે બંધ બારણું ન આવ્યું હોત, તો સીધું પેલા કૅંપ-સ્ટ્રૂલવાળાનું ગળું જ તેમણે પકડયું હોત; પણ મિ૦ સ્નોડગ્રાસે તેમના કોટની પૂંછડી પકડીને તેમને ખેંચી રાખ્યા; તથા મિ૦ વિંકલ તથા મિ૦ ટપમને પોતાના નેતાને તેમની કીમતી જિંદગી આવી તુચ્છ બાબત માટે જોખમમાં નાખતા રોકવા ભાવભરી અપીલ કરી.

છેવટે બધાએ મળી મિ૦ પિકવિકને ખુરશીમાં પાછા બેસાડી દીધા. પેલા કોચગાડીવાળા સાથીદારે તરત બ્રાન્ડી અને પાણીનો પ્યાલો તેમની સમક્ષ ધરી દીધો — "જવા દો એ લોકોને — બ્રાન્ડી અને પાણી — ખરા બહાદુર માણસ — પી જાઓ — ફક્કડ પીણું છે — ખૂબ."

એ પ્યાલાએ તરત જ મિ૦ પિકવિકના ઉપર અસર કરવા માંડી, અને છેવટે હોઠ આખા પહોળા થાય તેવું 'લાંબું' હાસ્ય હસી, સમજુ માણસની પેઠે તે માથું ધુણાવવા લાગ્યા.

## ૬

# નવી ઓળખાણ

ઉપરના પ્રકરણમાં વર્ણવેલી વિગતો માટે આપણે મુખ્યત્વે આપણા મિત્ર સ્નોડગ્રાસની નોંધપોથીના આભારી છીએ.

તે દિવસે રોચેસ્ટરના કૅંપ પાસેના મેદાનમાં જુદી જુદી રેજિમેન્ટોની કૂચ-કવાયતનું સર-સેનાપતિ નિરીક્ષણ કરવાના હતા. નાગરિકોના મનોરંજન અર્થે, ઉપરાંતમાં, એક કામચલાઉ કિલ્લેબંદી ઊભી કરીને તેના ઉપર હુમલાની તથા તેના રક્ષણની કારવાઈ પણ કરી બતાવવાની હતી. એટલે રોચેસ્ટરના તો શું પણ આસપાસનાં કેટલાંય શહેરોના લોકો વાહનોમાં બેસી ત્યાં ખડકાયે જતા હતા.

મિ૰ પિકવિક લશ્કરી કવાયતોના તેમ જ લશ્કરના પોતાના ભારે પ્રશંસક ભક્ત હતા. એટલે તે તથા તેમના મિત્રો તે સ્થળે જઈ પહોંચવા કચારના પગપાળા નીકળી પડચા હતા.

'લાઈન્સ' નામે ઓળખાતા એ મેદાન ઉપર જે ધમાલ હતી, તે ઉપરથી લાગતું જ હતું કે, આજનો સમારંભ ભારે દબદબાભર્યો તથા અગત્યનો નીવડવાની વકી હતી. ચારે તરફ સંત્રીઓ ગોઠવાઈ ગયા હતા, તથા તોપખાનાં ખડાં કરી દેવાયાં હતાં. કર્નલ ગુલ્ડર પોતાની પૂરી લશ્કરી વર્દીમાં, પૂરેપૂરા શસ્ત્રસજ્જ થઈ, ઘોડા ઉપર આમથી તેમ દોડાદોડ કરીને જાત-દેખરેખ રાખી રહ્યા હતા.

મિ૰ પિકવિક તેમના ત્રણ મિત્રો સાથે ટોળાની આગળની હરોળમાં ગોઠવાઈ ગયા, અને સમારંભ શરૂ થાય તેની આતુરતાથી રાહ જોવા લાગ્યા. પરંતુ પોતાનું તે સ્થાન ટકાવી રાખવા માટે તેમને પાછળથી આવતા અને બાજુએથી આવતા જોરદાર હડદોલાઓ સામે

ભારે મક્કમતા અને તાકાત દાખવવાં પડતાં હતાં. દરેક જણ, આગળના માણસને પોતાની ડોક બીસામાં મૂકવા કે ઘેર મૂકીને આવવા વિનંતી કરતું હતું અને બીજી ભાતભાતની મજાકો કરતું હતું. દરેક જણ પોતે ધક્કામુક્કી કર્યે જતું, અને છતાં આગળનાને કે પાસેનાને જ એ બદલ દોષ દેતું હતું. દરમ્યાન મિ૰ ટપમન ક્યાંક છૂટા પડી ગયા હતા, એથી પણ મિત્રોની ચિંતામાં સારી પેઠે વધારો થયો હતો.

પછી તો લશ્કરી બૅન્ડના સરોદો વચ્ચે પાયદળ તેમ જ ઘોડેસવાર ટુકડીઓની હિલચાલ શરૂ થઈ અને ટોળામાં વધુ ઉત્તેજન અને પરિણામે વધુ ધક્કામુક્કી વ્યાપી રહ્યાં. મિ૰ પિકવિક બિચારા આજુબાજુની ભીડમાં અમળાઈને બેત્રણ વખત જમીનથી જ અધ્ધર થઈ ગયા અને આમથી તેમ ટલ્લે ચડ્યા. એકબે વખત તો ઘોડાઓના પગના જંગલ સુધી તે અચાનક પહોંચી ગયા.

એક હાથમાં મિ૰ વિંકલ અને બીજા હાથમાં મિ૰ સ્નોડગ્રાસને પકડીને મિ૰ પિકવિક જરા સાંસતા થયા, એટલામાં તેમને ખબર પડી કે, કોઈ અજબ કરામતથી તે ત્રણે જણ આખા ટોળાથી છૂટા પડી, ધસારો કરતી બે ટુકડીઓની વચ્ચે જ ધકેલાઈ ગયા છે.

થોડો વિચાર કરવા ઊભા રહે, એટલામાં તો એક બાજુની ટુકડીએ જાણે એ ત્રણ જણ ઉપર નિશાન લેતા હોય તેમ બંદૂકો નમાવી સામટો ગોળીબાર કર્યો. ત્રણે મિત્રોના કાન એ ભયંકર અવાજથી બહેર મારી ગયા, તથા ધુમાડાથી તેમની આંખો ભરાઈ ગઈ. મિ૰ વિંકલને તો એક જ ચિંતા સતાવવા લાગી કે ભૂલથી કોઈની બંદૂકમાં સાચી જ ગોળી ભરેલી હોય અને ભોગજોગે તે બંદૂક જ તેમના ઉપર ફૂટી તો !

પરંતુ મિત્રો વધુ વિચાર કરવા થોભે એટલામાં તો એક ટુકડી તેમના ઉપર જ ધસી આવતી હોય એમ તેમને લાગ્યું. આગળના અફસરો, 'હોઈ,' 'હોઈ' કરી તેમને બાજુએ નીકળી જવા ઉતાવળે ફરમાવવા લાગ્યા. પરંતુ ગભરાઈને દોડતા તેઓ બાજુએ નીકળ્યા

તો ખરા, પણ ત્યાં તો બીજી ટુકડી તે બાજુએથી જ તેમની સામે ધસી આવતી હતી !

માણસ છેવટે તો મરણધર્મી છે; એટલે અમુક હદથી આગળ ફાવે તેવા બહાદુર માણસની હિંમત પણ ટકી ન શકે. પરિણામે મિ૦ પિકવિક બે ટુકડીઓની વચ્ચે પોતાના ભૂકા બોલી જશે એમ દેખી, તરત ઊભી પૂંછડીએ – અલબત્ત તેમના કોટની ઊભી પૂંછડીએ – ભાગ્યા. જોકે 'ભાગ્યા' એ શબ્દ વાપરવો અમને જરાય ગમતો નથી, કારણ કે, એ શબ્દ બહુ હીણપતભર્યો છે; અને બીજું, મિ૦ પિકવિક ગમે તેટલા દોડવા જાય તોપણ તેમનું શરીર એવું વજનદાર હતું કે, તે બીજાં માણસોના અર્થમાં ભાગી શકે જ નહિ. એટલે તેમના પગ જેટલા ડેકડા ભરી શકે તેટલા ડેકડા ઉપર પોતાના વજનદાર શરીરનો બધો બોજ નાખી તે ત્યાંથી ખસવા ગયા. પણ થોડી વારમાં શું થઈ ગયું, કશી ખબર ન પડી – ચારે બાજુથી જાણે સેંકડો પગ પસાર થઈ ગયા – અને રેજિમેન્ટો હજારેક યાર્ડ દૂર નીકળી જતાં છેવટે જ્યારે મિ૦ પિકવિક નજરે પડ્યા, ત્યારે અમારે ભારે સંકોચ સાથે કહેવું પડે છે કે, મિ૦ પિકવિકના જોડા હવામાં ઊંચા તોળાયેલા હતા, અને તેમનું બાકીનું શરીર જમીન ઉપર ગબડેલું હતું.

મિ૦ સ્નોડગ્રાસ અને મિ૦ વિંકલે પણ ફરજિયાત ગોટમડાં ખાધાં હતાં; છેવટે જ્યારે ધક્કા વળતાં મિ૦ વિંકલ જમીન ઉપર બેઠા થઈ, નાકમાંથી વહેતું લોહી પીળા રૂમાલ વડે લૂછવા લાગ્યા, ત્યારે સૌથી પહેલી જે વિગત તેમની નજરે પડી તે એ હતી કે, તેમના આદરણીય નેતા થોડે દૂર પોતાની હૅટ પાછળ દોડતા હતા અને એ હૅટ જોરથી ફૂંકાતા પવનમાં રમતિયાળપણે ચકરડાં ખાતી આગળ ને આગળ ગબડતી જતી હતી.

પોતાની હૅટને પકડવા તેની પાછળ દોડવા જેવી માણસના જીવનમાં બહુ ઓછી ક્ષણો હોય છે; કારણ કે, તે બીજાઓ તરફથી જરાય સહાનુભૂતિ પામ્યા વિના, નર્યો હાસ્યાસ્પદ થઈને બધો ત્રાસ

એકલે હાથે – એકલે માથે – વેઠતો હોય છે. ઊડી જતી હેટ પકડવામાં ઘણી ધીરજ તથા અમુક વિશિષ્ટ પ્રકારની સમજદારી દાખવવી પડે છે. જો બહુ ઉતાવળે દોડો, તો હેટ ઉપર જ જઈને પડો, અથવા હેટ જ પગમાં અટવાઈ જાય. અને જો બહુ ધીમે દોડો, તો હેટને સમૂળગી ખોઈ બેસો. એટલે સારામાં સારો રસ્તો એ કહેવાય કે, ધીમે ધીમે હેટની આગળ નીકળી જવું, અને પછી સાવચેતી તથા કુશળતાથી પાછા ફરી એકદમ તેના ઉપર તરાપ મારી, તેને પકડી લઈ, માથા ઉપર દબાવી દેવી. દરમ્યાન તમારે પણ જાણે બીજાની વલે ઉપર હસતા હો તેમ સૌની સાથે હસતા જવું, અને 'બરી મજા!' એવો ભાવ મોં ઉપર દેખાડવા કોશિશ કરવી.

મેદાન ઉપર પવન ઊપડ્યો હોઈ, મિ૦ પિકવિકની હેટ આગળ ને આગળ ગબડવા લાગી અને મિ૦ પિકવિક હાંફતા હાંફતા તેની પાછળ દોડવા લાગ્યા. એમની હેટ અત્યારે પરાયી બનીને, મિ૦ પિકવિકની ઠેકડી ઉરાડતી હોય તેમ, તેમને થોડા પાસે આવવા દેતી, અને પછી પાછી એકદમ હસતી હસતી દૂર દોડી જતી.

મિ૦ પિકવિક હવે હતાશ થઈ, પોતાની હેટનો પીછો છોડી દેવાની અણી ઉપર જ આવી ગયા હતા; પણ એટલામાં તેમની હેટ, આગળ જોઈને દોડવાને બદલે મિ૦ પિકવિક સામું પાછળ જોઈને દોડતી હશે તેથી કે કેમ, પણ સીધી જઈને મેદાનની એક કોરે ઊભેલી ઘોડાગાડીઓમાંની એકના પૈડામાં જઈને ટિચાઈ. તરત મિ૦ પિકવિક તેની પાસે પહોંચી જઈ, તેના ઉપર તરાપ મારી તેને પકડી લીધી.

પણ આ શું? તેમના પ્રાણ તેમના શ્વાસ સાથે બહાર નીકળી જશે કે શું? — કંઈક એવા ભયથી જ હેટ માથા ઉપર દબાવી, તે બે હાથે છાતી દાબી ઊભા રહ્યા.

એટલામાં જ આસપાસ કચાંક મોટેથી તેમનું નામ ઉચ્ચારાયું હોય એમ તેમને લાગ્યું – અને તે પણ મિ૦ ટપમનના પોતાના અવાજમાં.

મિ૦ પિકવિકે તે તરફ નજર કરીને જોયું, તો તેમના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો.

કારણ કે, — ચાર પૈડાંની ખુલ્લી 'ઑરશ' ગાડીમાં, – જેના ઘોડા, અલબત્ત, ભીડને કારણે કાઢી લેવામાં આવ્યા હતા – સુદઢ બાંધાના એક પ્રૌઢ સદ્‌ગૃહસ્થ ઊભા હતા. સાથે જ બે યુવતીઓ હતી, જેમાંની એકના મુગ્ધ પ્રેમી જેવો લાગતો એક યુવાન સદ્‌ગૃહસ્થ તો તેની પાસે જ ગોઠવાયેલો હતો. બીજી બાજુની બેઠક ઉપર એક ત્રીજી બાનુ હતી, જેની ઉંમર કલ્પી શકાય તેમ નહોતી, પણ તે કદાચ પેલી યુવાન ભત્રીજીઓની ચિર-કુમારી ફઈબા હશે, – તેની સાથે અને નિકટતાથી મિ૦ ટપમન બેઠેલા હતા; અને તેમનો દેખાવ પણ એ ફઈબાની પેલી ભત્રીજીના પ્રેમી કરતાં બહુ જુદો પડતો ન હતો.

પણ એ ઘોડાગાડીની નોંધપાત્ર વસ્તુઓ એટલી જ નહોતી. ખાસ તો, એ ગાડીની ડ્રાઈવર માટેની 'બૉકસ' આગળ તાણી બાંધેલા ખાદ્ય સામગ્રીના મોટા કરંડિયા અને તેમની અંદરની વસ્તુઓનું ભક્તિ-ભાવે ધ્યાન કરતો બેઠો હોય તેવો બૉકસ ઉપર બેઠેલો એક જાડો, ગોળમટોળ, લાલ-લાલ મોંવાળો એક ઊંઘેટો છોકરો, – એ પણ એ ગાડીની એટલી જ નોંધપાત્ર વિગત હતી. એ છોકરા ઉપર એક જ નજર નાખનાર કોઈ પણ પ્રેક્ષકને સમજાઈ ગયા વિના ન રહે કે, ખાવું અને ઊંઘવું એ બે કામો માટે જ તેનો અવતાર હતો.

મિ૦ પિકવિક તેમની એક વારની વિશાળ નજરમાં આ બધી વિગતો સમાવી લે, એટલામાં જ મિ૦ ટપમને ફરીથી બૂમ પાડી, "પિકવિક – પિકવિક, અહીં ઉપર આવી જાઓ – જલદી."

પેલા સુદઢ બાંધાવાળા સદ્‌ગૃહસ્થે પણ કહ્યું, "મહેરબાની કરીને જલદી ઉપર આવી જાઓ." પછી પેલા જાડા છોકરા તરફ ફરીને તેમણે કહ્યું, "અલ્યા એય ઊંઘણશી, જલદી જલદી પગથિયાં નીચે નમાવ જોઉં."

પેલા જાડિયાએ બૉક્સ ઉપરથી ગબડીને પગથિયાં નીચાં નમાવ્યાં તથા બારણું ઉઘાડીને તૈયાર રાખ્યું, એટલે પેલા સુદઢ સદ્‌ગૃહસ્થે પ્રથમ મિ૰ પિકવિકને, અને પછી મિ૰ સ્નોડગ્રાસને અંદર ખેંચી લીધા. મિ૰ વિંકલ તેમની ખેલાડીની કુશળતાથી બૉક્સ ઉપર જ ગોઠવાઈ ગયા. અને બધું પત્યું એટલે પેલો જાડિયો પણ ત્યાં જ એકબાજુએ ગોઠવાઈ પાછો ઊંઘવા લાગી ગયો.

પેલા પ્રૌઢ સદ્‌ગૃહસ્થે હવે પોતાની ઓળખાણ આપી દીધી : "હું તમને સદ્‌ગૃહસ્થોને બરાબર ઓળખું છું, જો કે, તમને લોકોને મારી યાદ નહીં હોય : ગયા શિયાળે હું લંડન આવ્યો હતો ત્યારે થોડીક સમીસાંજનો સમય મેં તમારી ક્લબમાં ગાળ્યો છે. આજે સવારે જ મારા દોસ્ત મિ૰ ટપમન મને ભેગા થઈ ગયા હતા. ઠીક, સાહેબ, તમારી તબિયત કેમ છે? ખરેખર બહુ સારી હોય એમ તો લાગે જ છે."

મિ૰ પિકવિકે ખુલ્લા દિલે એમની એ ટકોર સ્વીકારી લીધી અને તેમની સાથે બહુ ભાવથી હાથ મિલાવ્યા. પછી મિ૰ વૉર્ડલે – પેલા સુદઢ સદ્‌ગૃહસ્થે – પોતાનાં કુટુંબીજનોની ઓળખાણ કરાવવા માંડી : "આ બે મારી સુપુત્રીઓ છે – આઇઝાબેલા અને ઍમિલી; અને આ મારાં બહેન છે — મિસ રાશેલ વૉર્ડલ; અલબત્ત 'મિસ' જ છે વળી, અને છતાં તેમને કુમારિકા ન જ કહી શકાય – બાનુ જ કહેવાં જોઈએ —" એમ કહી તેમણે હસતાં હસતાં મિ૰ પિકવિકના પડખામાં કોણી ગોદાવી.

"લો, ભાઈ, તમેય!" મિસ વૉર્ડલે છણકા જેવા સ્મિત સાથે કહ્યું.

"સાચી વાત હોય તે ના પાડ્યે ચાલે?" એમ કહી મિ૰ વૉર્ડલે પોતાની એક દીકરીના પ્રેમી મિ૰ ટ્રન્ડલની ઓળખ કરાવી.

પછી તેઓ ચશ્માં, દૂરબીન વગેરે યોગ્ય સાધનોથી પાછા લશ્કરી ટુકડીઓની હિલચાલ જોવામાં વળ્યા. અને એ કેવી રોમાંચક –

ચોંકાવનારી – હિલચાલો હતી ! જ્યારે ટોપલીઓના બનાવેલા એક મોરચાને સામેવાળી ટુકડીએ ધડાકા-ભડાકા સાથે ચડી જઈ વેરવિખેર કરી નાખ્યો, ત્યારે તો ઘોડાગાડીમાં બેઠેલી નાજુક સુંદરીઓ એવી ગભરાઈ ગઈ કે, મિ૦ વૉર્ડલની બે સુપુત્રીઓમાંની આઇઝાબેલાને મિ૦ ટ્રન્ડલે ટેકો આપવો પડ્યો, જ્યારે બીજી બૅમિલીને મિ૦ સ્નોડગ્રાસે. પરંતુ એ બંને કુમારિકાઓ કરતાં વિશેષ નાજુક પ્રકૃતિનાં ફ્રેડ્રિકા તો એટલાં બધાં ગભરાઈ ગયાં હતાં કે, મિ૦ ટપમનને તેમની કમરે હાથ વીંટાળી, ખાસ ટેકવવાં પડ્યાં. માત્ર પેલો જાડિયો છોકરો જ તોપોના ધડાકા તો તેને ઊંઘાડવા કરેલા બુચકારા હોય તેમ નિરાંતે ઊંઘ્યા કરતો હતો.

કિલ્લો જિતાઈ ગયો એટલે પાછી લશ્કરી ટુકડીઓના બંને પક્ષો સહભોજન કરવા બેઠા. ત્યારે મિ૦ વૉર્ડલે પણ પેલા ઊંઘણશી જાડિયાને બૂમો પાડી જગાડવા માંડ્યો. પણ તે ન જાગ્યો એટલે વૉર્ડલે મિ૦ વિંકલને તેને ચોંટી ભરવા કહ્યું.

પણ પછી તે જાડિયો મિ૦ વિંકલની ચોંટીથી જાગ્યો કે, "કરંડિયો છોડ" એ મીઠા શબ્દો કાનમાં પડવાથી જાગ્યો, એ તો કોણ કહી શકે ? — પણ પછી તેણે જે સ્ફુર્તિથી અને ઝડપથી બધું છોડીને અંદર ભચડાઈને બેઠેલા સૌ સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓને પીરસવા માંડ્યું, તે ઉપરથી અજાણ્યાઓને પણ લાગ્યા વિના ન રહે કે ખાદ્ય સામગ્રી જ એના જીવનના એકમાત્ર ખાસ રસનો વિષય હતી.

મિ૦ વિંકલને બૉક્સ ઉપર જ ખાવાનું અને પીણાનો આગવો શીશો આપી દેવામાં આવ્યાં.

ભોજન વખતે અરસપરસ ખૂબ મજાકો ચાલી. જુવાન ભત્રીજીઓના સદ્‌ભાગ્યનાં હંમેશનાં ઈર્ષાળુ ચિરકુંવારાં ફ્રેડ્રિકાએ, પોતાની ભત્રીજીઓને બહુ મોટેથી ન હસવાની તથા અજાણ્યા સદ્‌ગૃહસ્થો સાથે વધારે પડતી છૂટછાટ ન લેવાની ભલામણ કરી. જવાબમાં બંને ભત્રી-

જીઓએ ફઈબાની પોતાની મિ૦ ટપમન સાથેની વર્તણૂક અંગે કાનમાં ગુસપુસ કરીને મોટેથી હસી લીધું.

ફઈબાએ પોતાની ભત્રીજીઓ તરફનો ગુસ્સો મિ૦ ટપમનના કાનમાં તેમને વિષે થોડી નિંદા કરીને ઠાલવ્યો — જેમકે, 'એ ખૂંધી' આઈઝાબેલા એના મનમાં શું સમજતી હશે? અને પેલી બોલકી ઑમિલી? જુવાન સ્ત્રીઓએ ટટાર ચાલવું જોઈએ અને થોડા લજ્જાળુ રહેવું જોઈએ — તેમાં જ સ્ત્રીજાતિની શોભા છે, વળી. જો કે, તમે શું કહેવા માગો છો, તે હું જાણું છું; પણ ખબરદાર જો બેશરમ થઈ અહીં બધાની વચ્ચે મારાં વખાણ કરતાં બોલ્યા તો!"

મિ૦ ટપમન પોતે શું બોલવા માગતા હતા તે ન જાણતા હોવાથી જવાબમાં માત્ર બંધું હસ્યા. "શું હશો છો, વળી? તમે પુરુષો કેવા બેશરમ હો છો! મારી ભત્રીજીઓ કરતાં એ બંને બાબતમાં હું વધુ સારી છું, એ જ તમારે કહેવું છે ને? કેવા નફ્ફટ છો!"

મિ૦ ટપમને હવે ભારપૂર્વક રાશેલના કાનમાં કહ્યું, "તમે સુંદર છો જ વળી! તમે ગમે તેટલી ધમકી આપશો તો પણ હું તમારા નાજુક હાથોની આકરી સજા વહોરી લઈને પણ એ વાત કહેવાનો, કહેવાનો ને કહેવાનો!"

રાશેલ નાની છોકરીની પેઠે શરમાઈને લાલ લાલ થઈ ગઈ.

આઇઝાબેલાએ હવે લાગ જોઈને ફટકો માર્યો, "ફઈજી, બહારની ટાઢથી તમારું વહાલું મોં લાલ લાલ થઈ ગયું છે, તો જરા રોજની રીતે માથે રૂમાલ બાંધી દો ને! જુવાન માણસની પેઠે તમારે ઘરડેરાંએ ખુલ્લા આકાશ હેઠળ ખુલ્લે માથે બેસવું સારું નહિ."

મિ૦ વૉર્ડલે ફઈ-ભત્રીજીની સળગી ઊઠેલી લડાઈને ઠારી નાખવા વાતચીત તરત બીજી તરફ વાળી લીધી.

ત્યાર પછી પાછી ફરી લશ્કરી હિલચાલો શરૂ થઈ. ફરી બંદૂકો અને તોપોના ધડાકા-ભડાકા; ફરી પાછું સ્ત્રીઓનું છળી મરવું! અને છેવટે એક સુરંગ ફોડીને આખા કાર્યક્રમની પૂર્ણાહુતિ.

છેવટે જ્યારે મિ૦ વૉર્ડલની મંડળી મિ૦ પિકવિકની મંડળીથી છૂટી પડી, ત્યારે મિ૦ વૉર્ડલે પોતાનું સરનામું મિ૦ પિકવિકને પકડાવી દીધું — 'મૅનોર-ફાર્મ, ડિંગ્લી ડેલ;' અને કહ્યું, 'મારે ત્યાં ઓછામાં ઓછું એક અઠવાડિયું આવીને રહી ગયા વિના તમારે ચાલ્યા જવાનું નથી.'

મિ૦ પિકવિકે ઘણી ખુશીથી એ ભલા ગૃહસ્થનું આમંત્રણ સ્વીકાર્યું; કારણ કે, ગ્રામપ્રદેશના જીવનનું નિરીક્ષણ કરવાનું પણ તેમના કાર્યક્રમમાં હતું જ.

## ૭

# ડિંગ્લી ડેલ તરફ

### ૧

બીજ દિવસે સવારના પોતાના ત્રણ સાથીઓ હજુ ઊંઘતા હતા ને મિ૦ પિકવિક એકલા રૉચેસ્ટર-બ્રિજ તરફ ફરવા નીકળ્યા. સૂર્ય ઊગવા માંડ્યો હતો અને પુલ ઉપરથી એક બાજુ અનાજનાં ખેતરો અને ચરાણનાં બીડો, દૂર દૂર એક દેવળનું શિખર, તથા વચ્ચે વચ્ચે પવનચક્કીના પંખા નજરે પડતાં હતાં; અને બીજી બાજુ જૂના કિલ્લાની તૂટેલી દિવાલો, બુરજો, ખાઈ, શિલાઓ અને તેની આસપાસ અને તેને આધારે ઊગેલાં વેલો તથા ઝાંખરાં. પાણી ખળખળ અવાજ કરતું પુલ નીચેથી વહેતું હતું અને તેની સપાટી ઉપર હોડીઓ ભારથી લદાયેલી સરકતી જતી હતી.

મિ૦ પિકવિક આ સુંદર દૃશ્ય તરફ આનંદવિભોર બની જોઈ રહ્યા હતા. તેવામાં પેલે દિવસે પોતાના દાઢડિયા મિત્રની વાત કહી સંભળાવનાર પેલો સોગિયા દેખાવનો નટ પણ ફરતો ફરતો ત્યાં આવ્યો. તેણે મિ૦ પિકવિકને તેમના ચિંતનમાંથી જગાડ્યા.

"પ્રાતઃકાળનું દૃશ્ય જોઈ રહ્યા છો, નહિ?"

"હા, કેવું સુંદર છે?" મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

"હા, લોકોએ સૂર્યની ભવ્યતા જોવી હોય તો વહેલા ઊઠવું જોઈએ. કારણ કે સૂર્યની તે ખૂબી આખો દિવસ નભતી નથી. જીવનનું પરોઢ અને દિવસનું પરોઢ બંને સરખાં છે, સાહેબ; કહે છે ને કે, ઉષા એટલી મનોહર હોય છે કે તે વધુ સમય ટકી ન શકે. એ જ પ્રમાણે જીવનના શરૂઆતના સુખી દિવસો પણ લાંબું ટકતા નથી. મને મારું બચપણ પાછું મળે તે માટે કે તે હંમેશને માટે ભૂલી જાઉં તે માટે હું મારું સર્વસ્વ લૂંટાવી દેવા તૈયાર છું!"

"તમે ભારે દુઃખના દિવસો જોયા લાગે છે, ભાઈ!" મિ૦ પિકવિકે ગળગળા થઈ કહ્યું.

"હા, હા; બીજાઓ કલ્પી શકે તે કરતાં પણ ઘણા વધારે દુઃખી. મને ઘણી વાર વિચાર આવ્યો છે કે, આ વહેતા પાણીમાં ભૂસકો મારીએ તો બધી બળતરા હંમેશ માટે બુઝાઈ જાય – શાંત થઈ જાય!"

"અરેરે!" મિ૦ પિકવિક પુલની કિનારીથી જરા અંદર ખસતાં બોલ્યા. તેમને ડર લાગ્યો કે પેલો માણસ પ્રયોગ દાખલ તેમને જ પુલ ઉપરથી ગબડાવી પાડવાથી શરૂઆત કરી બેસે તો!

પેલાએ મિ૦ પિકવિકની એ ચેષ્ટા તરફ નજર કર્યા વિના આગળ ચલાવ્યું – "આ શાંત ઠંડું પાણી કલકલ કરતું મને ચિર શાંતિ અને આરામ માટે તેની ગોદમાં આશરો લેવા જાણે નિમંત્ર્યા જ કરે છે. એક જ ભૂસકો, એક ધબાકો, થોડો સળવળાટ, ઉપર દેખાતી પાણીની નાનીશી ઘૂમરી અને તરત દુઃખોની અને કમનસીબની હંમેશને માટે 'ડૂબ ગઈ દુનિયાં.'"

પણ પછી મિ૦ પિકવિકની ભલમનસાઈ ઉપર વધારે પડતી ખેંચ લાવવી ઠીક ન માની, તેણે વાતચીતનો વિષય બદલ્યો અને કહ્યું, "મારી પાસે એક સાચી જીવન-કથા લખેલી તૈયાર છે; હું તમને એ મોકલી આપું તો તમે તમારી કલ્પને પહોંચાડશો ખરા? તમે કહેતા

હતા કે, તમે જુદાં જુદાં માણસોના જીવનમાંથી અનુભવ મેળવવાને અર્થે આ મુસાફરીએ નીકળ્યા છો, તો જરૂર તમને એ રસપ્રદ લાગશે."

"તમારી મરજી હશે તો જરૂર હું એને અમારી ક્લબને પહોંચાડીશ, તથા તેની કાર્યવાહીની નોંધમાં દાખલ કરાવીશ."

"તો તમને હું કયે સરનામે એ પહોંચાડું?"

મિ૦ પિકવિકે જુદાં જુદાં સ્થળોએ તેમણે કરવા ધારેલા મુકામનાં ઠામ-ઠેકાણાં તેને જણાવ્યાં. પેલાએ તેમાંથી પોતે જે અરસામાં તે હસ્તપ્રત રવાના કરી શકે તેમ હતું, તે ઠેકાણું જ નોંધી લીધું. પછી મિ૦ પિકવિકે નાસ્તા માટે આગ્રહપૂર્વક આપેલા નિમંત્રણની એટલા જ ભારપૂર્વક ના પાડી તે ચાલતો થયો.

## ૨

મિ૦ પિકવિક હોટેલ ઉપર પાછા આવ્યા ત્યારે તેમના ત્રણે સાથીદારો નાસ્તા માટે તેમના પાછા ફરવાની રાહ જ જોતા હતા.

નાસ્તા દરમ્યાન મિ૦ પિકવિકે મિ૦ વૉર્ડલે આપેલા આમંત્રણ મુજબ ડિંગ્લી ડેલ તરફ શી રીતે ઊપડવું તેની વિચારણા ઉપાડી. મિ૦ ટપમને વેઇટરને જ એ બાબત પૂછ્યું.

વેઇટરે તરત જ જવાબ આપ્યો, "ડિંગ્લી ડેલ અહીંથી પંદર માઈલ દૂર છે; અમારી ખુલ્લી નાની ઘોડા-ગાડી લઈ લેજો, એટલે આંખ મીંચતામાં ડિંગ્લી ડેલ, સાહેબ."

"પણ નાની ઘોડા-ગાડીમાં તો બે માણસ જ બેસી શકે ને?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"પણ સાહેબ, એ ગ્રામપ્રદેશમાં બંધ ઘોડાગાડીમાં જવાની મજા નહિ; નાની ઘોડાગાડીને આપ લોકોમાંથી કોઈ હાંકી લેજો, એટલે ત્રણ જણાથી નિરાંતે જઈ શકાશે."

"પણ અમે ચાર જણ છીએને?" સ્નૉડગ્રાસે કહ્યું.

વેઇટરે મિ૦ વિંકલના પોશાકના દેખાવ ઉપરથી તેમની સામે આંગળી કરીને તરત જ જવાબ આપ્યો, "પણ આ સાહેબ જુદા

ઘોડા ઉપર ઘોડેસવારી કરશે એટલે મજ્જની સહેલ-ગાહ થશે; સદ્‌ગૃહસ્થો ઘોડાગાડી જ્યતે હાંકવાનું અને ઘોડેસવારી કરવાનું ખાસ પસંદ કરે છે."

એક સામાન્ય વેઈટરે સદ્‌ગૃહસ્થોની લાયકાત તરીકે જે વસ્તુઓ ગણાવી, તે નકારવાનું આ સદ્‌ગૃહસ્થો માટે અશકય હતું. એટલે મિ૦ પિકવિકે જ્યારે મિ૦ વિંકલને તે ઘોડેસવારી કરશે કે કેમ એમ પૂછ્યું, ત્યારે તેમણે મનમાં ગમે તેટલી બીક હોવા છતાં બહારથી તો હિંમત દાખવીને એમ જ કહ્યું, "જરૂર, મને એ ખાસ ગમશે."

પછી જ્યારે નાની ઘોડાગાડી અને સવારી માટેનો જુદો ઘોડો તૈયાર થઈને આવ્યાં, ત્યારે ઘોડાગાડી કોણ હાંકશે, એમ મિ૦ પિકવિકે પૂછ્યું. મિ૦ ટપમન તથા મિ૦ સ્નોડગ્રાસ તરત બોલી ઊઠ્યા, "તમે જ વળી!"

"હું!" મિ૦ પિકવિક ચોંકીને બોલી ઊઠ્યા.

"જરાય ડરવા જેવું નથી, સાહેબ; ઘોડો એવો ઘેટા જેવો છે કે, મારે ધાવતું બાળક પણ તેને હાંકી શકે." વેઈટરે આશ્વાસન આપ્યું.

"પણ તે ભડકતો કરતો નથી ને?"

"અરે સળગતાં પૂંછડાં સાથેનાં વેગન ભરેલાં વાંદરાં સામાં મળે તો પણ ભડકે નહિ, સાહેબ."

આ ખાતરી એવી અચૂક હતી કે, મિ૦ સ્નોડગ્રાસ તથા મિ૦ ટપમન અંદર અને મિ૦ પિકવિક હાંકનારની જગાએ તરત બેસી ગયા. નોકરે મિ૦ પિકવિકના એક હાથમાં ચાબુક અને બીજા હાથમાં લગામ પકડાવી દીધી.

પરંતુ તરત જ ઘોડાએ પાછલે પગે ઘોડાગાડીને હોટેલના બારણા તરફ જ ધકેલવા માંડી, એટલે મિ૦ પિકવિક બૂમ પાડી ઊઠ્યા. અને એ બૂમનો જ પડઘો મિ૦ ટપમન અને મિ૦ સ્નોડગ્રાસે પણ પાડ્યો.

નોકરે ઘોડાની લગામ મોં આગળથી પકડી લઈ આશ્વાસન આપ્યું કે, ઘોડો સહેજ રમતિયાળ છે એટલું જ; બાકી કંઈ ડરવાની જરૂર નથી. પછી તેણે મિ૰ વિંકલને ઘોડા ઉપર ચડવામાં મદદ કરવા માંડી; કારણ કે, તે અવળી બાજુએથી પેંગડામાં પગ મૂકી ચડવા પ્રયત્ન કરતા હતા.

બધું બરાબર ગોઠવાઈ ગયું એટલે નોકરે આલબેલ પોકારી અને મિ૰ પિકવિક અને મિ૰ વિંકલે પોતપોતાના ઘોડાને આગળ વધવા હળવી ભલામણ કરી.

હોટેલના બધા નોકરો એ ખેલ જોવા બારીઓએ અને બારણે ભેગા થઈ ગયા હતા. તેઓએ આનંદ અને અભિનંદનના પોકારો કર્યા.

થોડી વાર આગળ વધ્યા પછી મિ૰ વિંકલના ઘોડાને આડો ફરી, રસ્તાની બે કિનારો સામે મોં અને પૂંછડી રાખીને તથા પડખું જ આગળ વધવાની દિશા તરફ રાખીને ચાલતો જોઈ, મિ૰ સ્નોડગ્રાસે પૂછ્યું, "ઘોડો આમ કેમ ચાલે છે?"

"મને પણ કંઈ સમજ પડતી નથી," મિ૰ વિંકલે કહ્યું.

મિ૰ પિકવિકને પોતાનો જ ઘોડો સંભાળવાનો હોઈ, તેમણે મિ૰ વિંકલ તરફ જોયું નહિ; કારણ કે મિ૰ પિકવિકનો ઘોડો વારંવાર માથું ઝટકા સાથે જમીન તરફ નમાવી, લગામને અસાધારણ આંચકો આપતો હતો; તથા ઘડીકમાં રસ્તાની એક બાજુ દોડી જઈ ઊભો રહેતો હતો, તો ઘડીકમાં સીધેસીધો એટલા જોરથી દોડતો કે ગાડીમાં બેસનાર કે હાંકનારના જીવ અધ્ધર થઈ જાય.

બીજી વખત ઘોડાએ આવી હિલચાલ કરી એટલે મિ૰ સ્નોડગ્રાસે મિ૰ ટપમનને ધીમેથી પૂછ્યું, "ઘોડો આમ શાથી કરે છે?"

મિ૰ ટપમને જવાબ આપ્યો, "આને ઘોડો બીએ છે એમ કહી શકાય કે કેમ?"

મિ૰ સ્નોડગ્રાસ કંઈક જવાબ આપવા જતા હતા, તેવામાં મિ૰ પિકવિકે ત્રાડ નાખી, "અરે, મારો ચાબુક નીચે પડી ગયો."

સ્નોડગ્રાસે તરત પાછળ આવતા મિ૦ વિંકલને બૂમ પાડી, "વિંકલ, પેલો ચાબુક ઘોડા ઉપરથી ઊતરીને લઈ લો જોઉં."

મિ૦ વિંકલે તરત પોતાના ઘોડાની લગામ એટલા જોરથી ખેંચી કે તેનું મોં કાળું ઠણુક થઈ ગયું. પછી તે થોભ્યો એટલે નીચે ઊતરી તેમણે ચાબુક લઈને મિ૦ પિકવિકના હાથમાં આપી દીધો અને પછી પોતાના ઘોડાની લગામ પકડી ફરી પાછા તેના ઉપર ચડવા પ્રયત્ન આદર્યો.

પણ પેલા ઘોડાએ કોણ જાણે મિ૦ વિંકલ સાથે થોડી મજાક કરી લેવા કે પછી તેને એવો વિચાર આવ્યો હોય કે, પોતાની પીઠ ઉપર સવાર લઈને ચાલવા કરતાં ખાલી પીઠે ચાલવું વધુ આરામપ્રદ છે, – તેણે માથા ઉપરથી લગામ સેરવી દીધી અને જેટલું પાછું હઠાય તેટલો તે હઠી ગયો. લગામના બીજે છેડો મિ૦ વિંકલના હાથમાં હોવાથી, તે તેની પાછળ ખેંચાયા.

મિ૦ વિંકલ તેને પુચકારતા તથા મનાવતા જેમ જેમ પાસે જવા લાગ્યા, તેમ તેમ તે પાછો જ હઠતો ગયો. પછી વળી મિ૦ વિંકલે લગામ જરા જોરથી પકડીને ખેંચી, એટલે તે મિ૦ વિંકલને વચ્ચે રાખી, તેમની આસપાસ ચક્કર લઈ ઘૂમવા લાગ્યો. આમ દશેક મિનિટ ચાલ્યું એટલે બીજો કશો આરો ન દેખાતાં મિ૦ વિંકલે બૂમ પાડી, "મારે શું કરવું ? આ ઘોડો સીધો ચાલતો નથી."

મિ૦ પિકવિકે ગાડી ઉપરથી બૂમ પાડી કે, "તમે તેને ટોલ-નાકા સુધી દોરીને લાવો, પછી ત્યાંથી મદદ મળી રહેશે."

"પણ તે આગળ આવવા જ માગતો નથી, એનું શું ? તમે જરા આવીને તેને પકડોને, નહીં તો હમણાં તે છૂટીને ભાગી જશે." મિ૦ વિંકલે કરુણ અવાજે બૂમ પાડી.

મિ૦ પિકવિક જેવા બીજાના દુઃખમાં મદદગાર થવા દોડી જનાર ભલા માણસ કોઈ હોય નહિ. તેમણે તરત ગાડીને રસ્તા ઉપર એક

બાજુએ કરી લીધી; પછી પોતાના હાથની લગામ ઘોડાની પીઠ ઉપર નાખી, એકલા નીચે ઊતરી, તે મિ૦ વિંકલની મદદે દોડ્યા.

પણ મિ૦ વિંકલના ઘોડાએ મિ૦ પિકવિકને હાથમાં ચાબુક સાથે મદદે આવતા જોયા કે, તરત ચકાકાર ફરવાનું માંડી વાળી, જ્યાંથી તેઓ સૌ આવ્યા હતા તે તરફ પાછા જોરથી દોડવા માંડ્યું. મિ૦ વિંકલ બિચારા દયામણી રીતે તેની પાછળ પાછળ ઘસડાવા લાગ્યા. પરંતુ મિ૦ પિકવિક જેમ જોરથી દોડી મિ૦ વિંકલની મદદે પહોંચી જવા આગળ વધવા માંડ્યા, તેમ પેલો ઘોડો જોરથી મિ૦ વિંકલને ખેંચતો પોતાનો વેગ વધારવા લાગ્યો. છેવટે પોતાના હાથ પોતાના શરીરમાંથી છૂટા ન પડી જાય તે અર્થે જ મિ૦ વિંકલને લગામ પોતાના હાથમાંથી છોડી દેવી પડી. ઘોડો છૂટો થતાં રોચેસ્ટર તરફ પાછો દોડી ગયો.

મિ૦ વિંકલ અને મિ૦ પિકવિક એકમેકના મોં સામું જુદા જુદા ભાવથી જોઈ રહ્યા, એટલામાં તેમણે રસ્તાની બીજી તરફ કંઈક અવાજ સાંભળતાં જોયું તો મિ૦ પિકવિકની ગાડીવાળો ઘોડો પણ પોતાના જાતભાઈ ઉપર બબ્બે માનવોનો હુમલો થવાનો સંભવ જાણી, બીજો મોરચો ખોલીને તેઓનું જોર અર્ધું કરી નાખવા ઇચ્છતો હોય તેમ, ગાડીને પોતાની પાછળ લઈ, અને ગાડીમાં મિ૦ સ્નોડગ્રાસ અને મિ૦ ટપમન સાથે, જોરથી આગળ દોડવા લાગ્યો. મિ૦ સ્નોડગ્રાસ અને મિ૦ ટપમને ચાલુ ગાડીએ જ વાડમાં પડતું નાખ્યું; અને ઘોડો છેવટે આગળ આવતા લાકડાના પુલ સાથે ગાડી અફાળી, તેનાં પૈડાં છૂટાં પાડી, બેઠકવાળા ભાગને પણ દૂર ફેંકી, પોતે સરજેલી બરબાદી ફિલસૂફની અદાથી નિહાળતો ઊભો રહ્યો.

સાજ્જસમા રહેલા બે મિત્રોએ પહેલું કામ તો વાડમાં પડી છોલાયેલા, સોરાયેલા, અને કપડાં ફાટેલા બે મિત્રોને સંભાળી લેવાનું કર્યું. પછી બીજું કામ ઘોડાને જોતરમાંથી છૂટો કરવાનું કર્યું. પછી તેને દોરતા દોરતા સાથે લઈ તેઓ ગાડીના બાકીના ભંગારને તેના નસીબ ઉપર છોડી દઈ, પગપાળા આગળ ચાલ્યા.

એક કલાક ચાલ્યા બાદ એ લોકો રસ્તા ઉપરની એક વીશી આગળ આવ્યા. મકાનના બહારના દેખાવ ઉપરથી તે તદ્દન સામાન્ય — ભંગાર જેવી જ — વીશી લાગતી હતી. વાડામાં એક રતૂમડા વાળવાળો માણસ ધૂળધમા કંઈ ગોડવાનું કામ કરતો હતો. તેને મિ૦ પિકવિકે બૂમ પાડી —

'એહે – ય, અહીંથી ડિંગ્લી ડેલ કેટલું દૂર છે?"

"અહીંથી ડિંગ્લી ડેલ કેટલું દૂર છે, એમ? સાતેક માઈલ ખરું."

"રસ્તો સારો છે?"

"રસ્તો સારો છે, એમ? રસ્તો સારો નથી." આટલું કહી એ પાછો કામે લાગી ગયો.

"અમારે આ ઘોડો અહીં મૂકવો છે, મૂકીએ?"

"ઘોડો અહીં મૂકવો છે, એમ?"

"હા."

"મિસસ" — લાલ રંગના વાળવાળાએ બૂમ પાડી.

એક ઊંચી સૂકી બાઈ તરત નીચે દોડી આવી.

"ભલાં બાનુ, અમે આ ઘોડો અહીં મૂકતા જવા ઈચ્છીએ છીએ," મિ૦ ટપમને આગળ વધી એમની મોહક લઢણથી પૂછ્યું.

એ બાઈ આખી મંડળી તરફ તાકી તાકીને જોઈ રહી. પછી તેણે થોડો વિચાર કરી લઈને જવાબ આપ્યો, "ના, ના! મારે એ પંચાતમાં પડવું નથી."

"પંચાત? શાની પંચાત?" પિકવિકે નવાઈ પામી પૂછ્યું.

"અરે, પહેલાં એમ મૂકી ગયેલા ઘોડામાંથી અમારે બહુ પંચાત ઊભી થઈ હતી. મારે સાંભળવું નથી." એમ કહી એ બારણું બંધ કરી અંદર ચાલી ગઈ.

"મારી આખી જિંદગીમાં આવી અસાધારણ વર્તણૂક કદી મેં અનુભવી નથી," મિ૦ પિકવિક બોલી ઊઠ્યા.

મિ૰ વિંકલ હવે ધીમેથી બોલ્યા, "મને લાગે છે કે, આ ઘોડો આપણે ખોટી રીતે મેળવ્યો છે, એમ તેઓ માને છે."

"હેં! એવી વાત છે?" મિ૰ પિકવિક ગુસ્સાથી ભભૂકી ઊઠીને બોલ્યા. પછી તેમણે લાલ વાળવાળાને ધમકાવીને પૂછ્યું, "શું, તમે લોકો એમ માનો છો કે અમે આ ઘોડો કોઈનો ચોરીને લાવ્યા છીએ?"

"ચોરીને લાવ્યા છો, એમ? મનેય થોડું થોડું એવું જ કંઈક લાગે છે," એમ કહી તે હોઠ પૂરેપૂરા પહોળા થાય તેવું હસી, જલદી જલદી બારણું ઉઘાડી અંદર પેસી ગયો.

"આય ખરી ઉપાધિ! આખો દિવસ આ બદમાશ ઘોડાને સાથે લઈને ફર્યા કરવાનું, અને ઉપરથી ચોર છીએ એવી ગાળ સાંભળવાની!" મિ૰ પિકવિક ઘૂરકચા.

## ૮

## મેનોર-ફાર્મમાં

### ૧

**પા.છલે** પહોરે તેઓ મેનોર-ફાર્મ પહોંચ્યા, ત્યારે તેઓનો લથરવથર ધૂળભર્યો વેશ, ફાટેલાં કપડાં, મેલા જોડા, થાકેલાં શરીર અને ઉપરથી પેલો ઘોડો!—એ બધાથી મિત્રો પોતે જ ખૂબ ત્રાસી ગયા હતા. મિ૰ પિકવિક કેટલાય વખત એ ઘોડાના લમણામાં એક ગોળી પરોવી દેવાનો કે તેનું ગળું સફાચટ કાપી નાખવાનો વિચાર કર્યો હતો;—ભલે એની કિંમત ભરવી પડે. છેવટે એને છૂટો છોડી જંગલમાં ભગાડી મૂકવાની સજા કરવાનો વિચાર પણ તેમના મગજમાં ગોઠવાતો જતો હતો, એવામાં મિ૰ વૉર્ડલ અને તેમનો વફાદાર હજૂરિયો પેલો જાડિયો છોકરો શેરીના વળાંક આગળ ઊભેલા દેખાયા.

"વાહ, તમે કયાં ગયા હતા! અમે તો કયારના રાહ જોઈને થાકયા. પણ આ શું? આટલા બધા ઉઝરડા શાના? ઓહો ગાંડી ઊંધી વળી ગઈ, ખરું? કંઈ વાગ્યું કર્યું નથી ને? તો તો ઠીક; એવા અકસ્માતો આ ભાગમાં અવારનવાર થયા જ કરે છે. અરે એય જેનસફ, આમના હાથમાંથી ઘોડો લઈ લે અને આપણા તબેલામાં લઈ જા."

મિ૦ વૉર્ડલે પછી એ લોકોને લઈ પોતાને મકાને જતાં, રસ્તામાં, અકસ્માતની જેટલી વિગતો એ લોકોએ કહેવા યોગ્ય માની, તેટલી સાંભળી લીધી. પછી પોતાનું ઘર આવતાં તે બધાંને પ્રથમ તે મકાનની પાછળ રસોડા તરફ લઈ ગયા.

"અહીં જરા હાથ-મોં ધોઈ, ઠીકઠાક થઈ લો, પછી ઘરનાં માણસો પાસે તમારી રજૂઆત કરું."

તેમણે રસોડામાં હાજર રહેલી નોકરડીઓમાંથી એમને પીણું લાવવા કહ્યું, મૅરીને ટુવાલ તથા પાણી લાવવા કહ્યું, અને જેનને સોયદોરો લાવવા કહ્યું. ત્રણે ઘિંગી છોકરીઓએ દોડાદોડ કરી મૂકી. બે-ત્રણ પુરુષ નોકરો પણ તાપણી આગળથી ઊઠી, દોડાદોડ કરી, જોડા સાફ કરવા તથા પૉલિશ કરવા જોઈતી સાધનસામગ્રી લઈ આવ્યા.

## ૨

બરાબર સાફસૂફ થઈ, કપડાંને પડેલા ચીરા સંધાવી લઈ, જોડાને બ્રશ–પૉલિશ કરાવી લઈ, તથા પીણાં વગેરે પીને, જ્યારે ચારે મિત્રો બેઠકખાનામાં દાખલ થયા, ત્યારે મિ૦ વૉર્ડલે પોતાનાં કુટુંબીજનો તથા બીજા હાજર પરિચિતો અને આમંત્રિતોની અરસપરસ ઓળખ કરાવવા માંડી.

પ્રથમ તો મિ૦ વૉર્ડલનાં ઘરડાં મા. તેમને કોઈ પણ વાત જાણી જોઈને 'મને ન સંભળાયું' કહીને ફરી ફરી પૂછવાની ટેવ હતી. થોડુંક ઘડપણનું પણ કારણ હશે. મિ૦ વૉર્ડલે એક બે વખત બૂમ પાડીને મિ૦ પિકવિકની ઓળખાણ કરાવી, ત્યારે તે ડોશી, ઘરડાં

માણસ હંમેશ કહે છે તેમ બોલ્યાં, "હશે, હશે, પણ એ બધા શહેરી લોકોને મારા જેવી બુદ્ધીની શી પડી હોય, વળી?"

પણ ભલા પિકવિક પોતાની લાગણીના આવેશમાં આવી જઈ, ડોશી સાંભળે તે માટે મોટેથી બૂમ પાડીને બોલી ઊઠ્યા, "મેડમ, ખાતરી રાખજો કે, આવા સરસ કુટુંબનાં વડીલ બનીને બેઠેલાં, તથા પોતે પણ હજુ સુદ્રઢ દેખાતાં, અને ઉપયોગી અનુભવી જીવન જીવી ગયેલાં બાનુને મળવું, એને હું મારું અહોભાગ્ય માનું છું."

ત્યાર પછી મિ૦ વૉર્ડલની કુંવારી બહેન, બે જુવાન દીકરીઓ, ડિંગ્લી ડેલનો પાદરી, તેની પત્ની, બીજા બે પુરુષો, તથા બે કે ત્રણ ઘરડી બાઈઓ વગેરેની ઓળખાણ થઈ.

મિ૦ વૉર્ડલે થોડી સામાન્ય વાતચીત થયા બાદ, વાળુનું તૈયાર થાય ત્યાં સુધી પાનાં રમવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

તરત બે ટેબલો તૈયાર કરવામાં આવ્યાં. અને બે જુદી ટોળીઓ બંને ટેબલો ઉપર વહેંચાઈ ગઈ. મિ૦ પિકવિક મિ૦ વૉર્ડલનાં બાવાળી ટુકડીમાં ભળ્યા. ડોસી જીતવા માંડ્યાં એટલે તેમના કાન પણ ઊઘડવા માંડ્યા.

બીજા ટેબલ ઉપર આઇઝાબેલા અને તેના ભાવી પતિ મિ૦ ટ્રન્ડલ બિલ્લુ બન્યાં અને ઓમિલી તથા મિ૦ સ્નોડગ્રાસ બિલ્લુ બન્યાં. મિ૦ ટપમન અને મિ૦ વૉર્ડલની બહેન રાશેલે એકબીજાને માખણ લગાડવાનું શરૂ કર્યું હતું. ટોળટપ્પા અને મજાક બરાબર ચાલવા લાગ્યાં અને સાંજ આનંદમાં પસાર થવા લાગી.

પછી વાળુ —

વાળુ પછી અંગીઠી ભડભડ સળગી રહી હતી અને તેની આસપાસ સૌ ગોઠવાયાં, એટલે કવિતાઓ અને કહાણીઓની રમઝટ ચાલી.

તે વખતે ડિંગ્લી ડેલના પાદરીએ કહેલી એક વાર્તાએ સૌનું ધ્યાન ખેંચ્યું અને તે વાર્તા પિકવિક-ક્લબની નોંધપોથીનાં પાનાં ઉપર

ચડેલી હોવાથી, મિ૦ સ્નૉડગ્રાસે તે ઉતારી લઈને મોકલી આપી હશે એ પણ નક્કી.

તે વાર્તા આ પ્રમાણે છે—

"હું પચીસેક વર્ષ ઉપર આ ગામમાં આવ્યો ત્યારે એડમન્ડ્ઝ કરીને એક ગૃહસ્થી આ ગામમાં બહુ નામીચો હતો. તે બહાર કચાંકથી આવ્યો હતો અને તેણે એક નાનું ખેતર સાંથે રાખ્યું હતું. તેના કુટુંબમાં તેની ભલી પત્ની અને બાર વર્ષનો જૉન નામનો છોકરો હતાં.

"એડમન્ડ્ઝ બહુ કઠોર પ્રકૃતિનો ઘાતકી માણસ હતો. તે અદંગ ગરાડી હતો અને તેની ભલી પત્નીને રિબાવી રિબાવીને મારી નાખવા જ તેણે જન્મ લીધો હોય એમ લાગતું હતું. તે ભલી બાઈ તેની રોજની મારપીટ અને ત્રાસથી કચારની આપઘાત કરીને મરી ગઈ હોત, પણ તેના વહાલા પુત્ર જૉન ખાતર તે બધો ત્રાસ મૂંગે મોંએ સહન કરીને જીવ્યા કરતી.

"પેલો છોકરો આ વાતાવરણમાં મોટો થયો, અને તે પણ માનો ત્રાસ ઓછો કરવાને બદલે રખડતો રઝળતો બેજવાબદાર ભામટો બની ગયો. તેની સોબત ખરાબ જુવાનિયાઓની હતી અને આસપાસ થતા બધા ગુનાઓમાં એ અને એની ટોળકી સામેલ હોતાં.

"છેવટે એક ભયંકર ગુનામાં એ જૉન પકડાઈ ગયો.

"તેની મા બિચારી હવે ભાગી પડી. પરંતુ જ્યાં સુધી તેનામાં તાકાત રહી ત્યાં સુધી તેને દૂરથી જોવા ખાતર જ કચેરીમાં કેસ ચાલતો હતો તે વખતે રોજ મહાપરાણે ત્યાં ચાલતી જતી. પણ જૉન તો પોતાની મા તરફ મોં ફેરવીને જોતો પણ નહિ. અને કચેરીમાં તે સામી દેખાતી ત્યારે તુચ્છકારથી મોં આડું ફેરવી લેતો. છેવટે જૉનને મોતની સજા થઈ. તે વખતે તે બિચારી માએ જે કરુણ ચીસ નાખી, તેથી ભલભલાનાં હૈયાં હલમલી ગયાં. પછી તો તે છેક જ પથારીવશ થઈ ગઈ.

"દરમ્યાન કોણ જાણે શાથી જૉનની સજા ચૌદ વર્ષ દેશનિકાલની કરી દેવામાં આવી.

"પણ તે વખતે તેની મા પથારીમાંથી ઊભી થઈ શકે તેમ નહોતી. એટલે તેના વતી તેનો ક્ષમાનો સંદેશો લઈને જૉનને મળવા હું જેલમાં ગયો.

"એ હૈયાફૂટો, હવે જ્યારે તેની મા ફરી તેને મળવા આવી શકે એવી ન રહી, ત્યારે કોણ જાણે શાથી અચાનક તેની ભલી માને યાદ કરવા લાગ્યો હતો. મેં જ્યારે તેને મળીને તેની માના આશીર્વાદ તેને જણાવ્યા, ત્યારે તો તે હતભાગી છેક જ ભાગી પડ્યો. તેણે રડતાં રડતાં મારી આગળ જણાવ્યું, 'હું સજા પૂરી કરીને પાછો આવી મારી માને ખૂબ સુખ આપવા પ્રયત્ન કરીશ.'

"હું જાણતો હતો કે તેની મા ભાગ્યે એક-બે-એ અઠવાડિયાં કાઢે તો કાઢે. પણ મેં તેને તેના શુભ આશયમાં દૃઢ કરવા જ પ્રયત્ન કર્યો અને તેની માની આખરી અવસ્થા વિષે કશી વાત ન કરી. જૉને પોતાને પત્ર લખવાનો હક મળે કે તરત જ પોતાની માતાની માફી માગતો અને પોતે હવે સુધરી જશે એવી ખાતરી આપતો કાગળ મારે સરનામે લખવા જણાવ્યું.

"પેલા છોકરાને લઈ જવામાં આવ્યો ત્યાર બાદ થોડાં અઠવાડિયાંમાં જ તેની માના પ્રાણ ચાલ્યા ગયા. તેના પતિએ એ ભલી બાઈની જરાય દરકાર ન લીધી તથા છેવટ સુધી તેને રિબાવવાનું જ ચાલુ રાખ્યું. પણ એ બાઈનો પુત્રરૂપી જીવન-તંતુ તૂટી ગયો હોઈ, તેને હવે જીવનનાં સુખદુઃખમાં રસ જ નહોતો રહ્યો.

"જૉનને જ્યાં મોકલવામાં આવ્યો હતો, ત્યાંથી તેણે મને બે ત્રણ પત્રો લખ્યા હતા. પણ એકેય મને મળ્યો ન હતો. તે જગા જ એવી ઓતાડી હતી. એ બિચારો દૂર રહ્યાં રહ્યાં પોતાની માનું સ્મરણ સતત કર્યા કરતો, અને તેને સુખી કરવાના ઘાટ ઘડ્યા કરતો.

"છેવટે તેની લાંબી સજા જ્યારે પૂરી થઈ, ત્યારે તેને સ્વદેશ પાછો લાવવામાં આવ્યો, અને એક દિવસ રવિવારે સાંજના વખતે તે ગામમાં દાખલ થયો.

"ગામમાં કોઈ તેને ઓળખતું ન હતું. તેણે પોતાની ઓળખાણ કોઈની આગળ કાઢવાની પરવા પણ ન કરી. તે તો સીધો પોતાને ઘેર પહોંચ્યો. તેને ખાતરી હતી કે પોતે લખેલા કાગળોથી પોતાની મા જરૂર પોતાને પ્રસન્નતાથી આવકારશે. તે પોતાની વહાલી મૂની ગોદમાં લપાવા અધીરો થઈ ગયો હતો. પણ ઘેર પહોંચતાં જ, ત્યાં તેણે કંઈક જુદો જ ઘાટ જોયો. ઘરમાં જુદા જ અવાજો સંભળાતા હતા – નાનાં છોકરાંના આનંદકલ્લોલના. થોડી વાર બાદ બારણું ઉઘાડી અંદરથી એક પુરુષ હાથમાં એક બાળકને તેડીને નીકળ્યો. તેની પાછળ પાછળ અંદરથી કેટલાંય છોકરાં હસતાં હસતાં બહાર દોડી આવ્યાં. જોનને તરત પોતાનો બાપ યાદ આવ્યો. કેટલીય વાર રાતે તેણે તેને પોતાની માને ગાળો ભાંડીને મારતો જોયો હતો. પોતાની મા મારથી બૂમો પાડતી હોય તે વખતે તે તો પોતાનું મોં પથારીમાં જ સંતાડી દેતો. કંઈક હાલવા કે બોલવા જાય તો તેને પણ તેની મા જેવો જ માર પડે. તેણે કદી પોતાના બાપની સામે આંખ માંડીને જોયું ન હતું; તો આ છોકરાંની પેઠે બાપને વળગીને હસવાનું તો કયાંથી હોય?

"જોન સમજી ગયો કે, આ ઘરમાં કોઈ નવા જ લોકો રહેવા આવ્યા છે — અર્થાત્ પોતાની મા જીવતી નથી! નહિ તો તે ગમે તેમ કરીને પણ પોતાના આવવાની રાહ જોઈ, આ ઘરમાં જ પડી રહે!

"નિરાશ અને હતાશ થઈને તે ગામ બહારના ખુલ્લા મેદાન તરફ ચાલ્યો અને ત્યાં થાકીને ઘાસ ઉપર ઊભડો પડ્યો.

"તે વખતે એક બીજો માણસ પણ થોડે દૂર એ જ રીતે ઊભડો પડેલો હતો. તે હવે આ નવું કોણ ત્યાં આવ્યું એ જોવા બેઠો થયો. પણ એ અજાણ્યા સામું થોડી વાર જોતાં વેંત તેની આંખો ફાટી ગઈ.

"જૉન પણ તેને ઓળખી, બેઠો થઈ, તેના તરફ ધસી ગયો. પેલો ઊઠીને તરત નાસવા ગયો. પણ જૉને તરત તેનું ગળું પકડ્યું અને પોતાની માનું શું કર્યું તે તેને પૂછવા માંડ્યું. પેલાએ કશો જવાબ ન આપ્યો, એટલે તેણે પોતાના હાથની ભીંસ વધુ જોરદાર બનાવી. છેવટે પેલો મડદું બની નીચે પડ્યો ત્યારે જ જૉન કંઈક હોંસમાં આવ્યો.

* * *

"ઉપરનો બનાવ બન્યા પછી ત્રણ વર્ષ સુધી એક જણ મારી નોકરીમાં રહ્યો હતો, જે અત્યારે તો પેલા કબ્રસ્તાનમાં દટાયેલો પડ્યો છે. તે બહુ નમ્ર, સાલસ તથા હંમેશ પસ્તાવો કર્યા કરતો માણસ હતો. મારા સિવાય તે કોણ છે એ કોઈ જાણતું ન હતું. તે જૉન ઍડમન્ડ્ઝ હતો— પાછો ફરેલો અપરાધી."

## ૯

# શિકાર, ક્રિકેટ, ખાણું અને પીણું

### ૧

બીજે દિવસે ભલા મિ૰ વૉર્ડલે મહેમાનો માટે શિકાર-પાર્ટી ગોઠવી હતી—રૂક નામના કાગડાઓનો શિકાર કરવા માટે. જે ઝાડ ઉપર તેમના માળા હોય ત્યાં જઈ તેમને એક બાજુ ધાંધલ કરીને ઉડાડવાના; અને તેઓ ઊડે એટલે બંદૂકથી તેમનો શિકાર કરવાનો. મિ૰ વિંકલ રમતગમત – શિકાર વગેરે બાબતોના નિષ્ણાત હોવાની ખ્યાતિ હોવાથી મિ૰ વૉર્ડલ ઉપરાંત તેમને માટે પણ બંદૂક તૈયાર કરવામાં આવી હતી. બીજા બધા તો મેદાની–મરદાની રમતગમતોના નિષ્ણાત હોવાનો દાવો ન કરતા હોઈ, માત્ર પ્રેક્ષકો તરીકે સાથે જવાના હતા.

જંગલ તરફ વહેલી સવારના નીકળી નોકરોએ એક ઝાડ પાસે જઈ પંખીઓ ઉડાડ્યાં. મિ૦ વૉર્ડલે શિકારની શરૂઆત કરી અને બંદૂક ફોડીને એક પંખી તોડી પાડ્યું.

પછી મિ૦ વિંકલનો વારો આવ્યો. તેમણે ધ્રૂજતાં ધ્રૂજતાં બંદૂક ખભે ટેકવી. પિકવિક વગેરે મિત્રો તો મિ૦ વિંકલ એક બારથી બે-ચાર પંખીઓ તોડી પાડશે, એવી અપેક્ષાએ ઊંચી નજર કરી રહ્યા. પણ મિ૦ વિંકલની બંદૂકનો ધોડો પડવાનો કડાકો બોલ્યો છતાં બંદૂક ફૂટી જ નહિ.

મિ૦ વૉર્ડલને નવાઈ લાગી કે બંદૂક કેમ ફૂટી નહિ. પોતાની બંદૂકને તે ઓળખતા હતા. તેમણે હાથમાં લઈને તે બંદૂક તપાસી, તો તેમાં કારતૂસ જ મૂકવામાં આવી નહોતી!

મિ૦ વિંકલે ફીકું હસીને કબૂલ કરી દીધું કે તે કારતૂસ મૂકવાનું જ ભૂલી ગયા હતા.

પછી કારતૂસ મૂકી બંદૂક ફરી તૈયાર કરવામાં આવી. છોકરાઓએ ફરી પંખીઓને ઊરાડ્યાં, અને મિ૦ વિંકલ આ વખતે દૃઢ નિશ્ચય અને સંકલ્પ સાથે મેદાનમાં આવ્યા. મિ૦ ટપમન તો બાજુના એક ઝાડ પાછળ ઊભા રહી શું થાય છે તે જોવા લાગ્યા.

મિ૦ વિંકલે બંદૂક ફોડી. એક ચીસ પડી – ઘાયલ થયેલા પંખીની નહિ, પણ ઘાયલ થયેલા માણસની. મિ૦ ટપમનની જ કહો ને! મિ૦ વિંકલે ઊંચે ઊડતાં પંખીઓ સામે બંદૂક ફોડવાનો નિશ્ચય કર્યો હતો પણ ધ્રૂજી જવાથી છેવટે બંદૂકની નળી નીચી નમી ગઈ હતી.

તરત જ ભારે ધમાલ મચી રહી! મિ૦ પિકવિક ગુસ્સામાં આવી જઈ વિંકલ પ્રત્યે બોલી બેઠા: "હરામખોર, ઢોંગી!" મિ૦ ટપમન જમીન ઉપર ચત્તાપાટ ગબડી પડ્યા હતા; અને તેમના મોંમાંથી કોઈનું વિશેષનામ નીકળી પડ્યું. અને તે પણ કોઈ સ્ત્રીનું! પછી તેમણે પહેલાં એક આંખ ઉઘાડી, પછી બીજી ઉઘાડી અને પછી બંને બંધ કરી દીધી. તેમને ગોળી વાગી હતી એટલું જ ભાન હતું. પણ ખરેખર

તો મિ૦ વિંકલની ગોળી તેમના હાથને છરતી ઘસાઈને જ ચાલી ગઈ હતી. અલબત્ત, લોહી નીકળવા માંડયું હતું એટલે બધાના રૂમાલો કાઢી ત્યાં તાણી બાંધવામાં આવ્યા.

ધીમે ધીમે મિ૦ ટપમનને લાગ્યું કે, તેમનો જીવ તેમના શરીર-માંથી જરાય ખસ્યો નથી, તેમ જ ખસવાનો કશો ઇરાદો પણ રાખતો નથી; વળી હાથ ઉપર સહેજ બળતરા સિવાય બાકીનું શરીર તો હેમખેમ છે. એટલે છેવટે તેમણે જીવતા હોવાની નિશાની તરીકે બંને આંખો ઉઘાડી.

પછી તો જલદી જલદી બધા તેમને બેઠા કરી, ઊભા કરી, ચલાવતા ચલાવતા ઘેર લઈ આવ્યા. અલબત્ત, તેમણે ચાલતી વખતે બે બાજુ બે મિત્રોનો ટેકો અવશ્ય લીધો હતો.

ઘેર તો એ સૌની નાસ્તા માટે રાહ જોવાઈ રહી હતી. તે સૌને દૂરથી આવતા જોઈ, રાશેલ બહાર નીકળી, અને હાથ ઊંચા કરી તે સૌને ઉતાવળ કરવા નિશાનીઓ કરવા લાગી.

તેઓ પાસે આવ્યા એટલે આઇઝાબેલાએ સૌથી પ્રથમ બૂમ પાડી, "પેલા જાડિયા સદ્‌ગૃહસ્થને શું થયું છે?" રાશેલે તો આઇઝાબેલાનો એ પ્રશ્ન મિ૦ પિકવિક માટે જ હશે એમ માની તે તરફ ધ્યાન ન આપ્યું. કારણ કે તેને મન મિ૦ ટપમન 'જુવાન' હતા. અને મિ૦ ટપમન સિવાય બીજાનું શું થયું તે જાણવાની તેને યત્કિંચિત્ પરવા ન હતી.

મિ૦ વૉર્ડલે પાસે આવી સૌને જરાય ન ગભરાવા માટે સલાહ આપી અને મિ૦ ટપમનને સામાન્ય કહી શકાય તેવો અકસ્માત નડ્યો છે, એમ જણાવ્યું; પણ સ્ત્રીઓએ તો એ સાંભળતાં વેંત તરત ચીસા-ચીસ કરી મૂકી; અને રાશેલ તો એક તીણી ચીસ પાડી પોતાની બે ભત્રીજીઓના હાથમાં જ ઢળી પડી.

મિ૦ વૉર્ડલે કહ્યું, "તેના મોં ઉપર ઠંડું પાણી નાખો; તેને હિસ્ટીરિયા ચડવાનો થયો લાગે છે."

"ના, ના," રાશેલ ગણુગણી; "એમિલી, સરજનને તરત બોલાવો. ઍ ઘાયલ થયા છે? એ મરી ગયા? હી – હી – હા – હા – હા." આમ બોલતામાં તેને ફરી વાર હિસ્ટીરિયા ચડી આવ્યો.

"વહાલાં બાનુ, શાંત થાઓ, મને ખાસ કંઈ વાગ્યું નથી, બાનુ, વહાલાં બાનુ!" મિ૦ ટપમન લાગણીથી ભારે બનેલા અવાજે બોલી ઊઠ્યા.

"અહા, એમનો જ અવાજ છે!" એટલું બોલી હિસ્ટીરિયાના ત્રીજા હુમલાની તૈયારીઓ રાશેલે આરંભી દીધી.

"અરે વહાલામાં વહાલાં બાનુ, મને બહુ ઓછી ઈજા થઈ છે, તમે જરા પણ ચિંતા કરતાં નહીં," મિ૦ ટપમને ફરીથી આશ્વાસન-ભર્યા અવાજે જણાવ્યું.

"તો તમે મરી ગયા નથી, ખરું? તમે તમારે મોંએ મને કહી દો કે, તમે મરી ગયા નથી!"

મિ૦ વૉર્ડલે હવે ધમકાવીને કહ્યું, "રાશેલ શા મૂર્ખાવેડા કરે છે? તે પોતે પોતાને મોંએ કહે કે, હું મરી ગયો નથી, એ તે વળી કેવી વાત?"

"નહિ, નહિ, હું નથી. . . .; મારે માત્ર હવે તમારી લાગણી-ભરી મદદની જ જરૂર છે. મને તમારા હાથનો ટેકો લેવા દો એટલે બસ." મિ૦ ટપમન મધુર અવાજે બોલ્યા.

રાશેલે પોતાનો હાથ ટેકો દેવા આગળ ધર્યો કે તરત મિ૦ ટપમને તેના કાનમાં ધીમેથી કહી દીધું, "વહાલાં મિસ રાશેલ!"

બીજાં બધાં હવે નાસ્તો કરવા ગયાં. મિ૦ ટપમને જલદી જલદી રાશેલનો હાથ ઊંચો કરી પોતાના હોઠે લગાડી દીધો અને સોફા ઉપર પડતું નાખ્યું.

"તમે બેભાન તો નથી બની ગયા?" રાશેલે ચિંતાભર્યા અવાજે પૂછ્યું.

"ના, ના; થોડી વારમાં જ આરામ મળતાં હું હવે સાજો થઈ જઈશ." એટલું કહી મિ૦ ટપમને આંખો મીંચી દીધી.

તેમણે આંખો મીંચ્યે વીસેક સેકંડ પણ નહીં થઈ હોય અને રાશેલ તેમને પૂરેપૂરા ઊંઘી ગયેલા માનીને બોલી, "હાશ, તે ઊંઘ્યા ખરા! ઓ મારા વહાલા મિ૦ ટપમન!"

મિ૦ ટપમન તરત કૂદકો મારી બેઠા થઈ ગયા અને તેના બંને હાથ પકડી લઈ બોલ્યા, "એ શબ્દો ફરીથી એક વાર બોલો, નહીં તો મારું મરેલું મોં જુઓ!"

"હાયરે! તમે એ શબ્દો સાંભળી ગયા કે શું?"

"હા, સાંભળ્યા છે. પરંતુ મને જલદી સાજો કરવો હોય, તો તે શબ્દો ફરીથી બોલો."

"થોભો, થોભો! મારા ભાઈ આવતા લાગે છે."

તરત મિ૦ ટપમન ફરી પાછા લાંબા થઈ સૂઈ ગયા.

મિ૦ વૉર્ડલ ડાક્તરને લઈને આવ્યા હતા. ડાક્તરે ઘા જોયો, ધોયો અને તે 'સામાન્ય' હતો એમ જાહેર કરી, દવા મૂકી, પાટો બાંધી દીધો.

મિ૦ પિકવિક ગંભીર મોંએ પાસે ઊભા હતા. તેમનો મિ૦ વિંકલમાં વિશ્વાસ સદંતર ડગી ગયો હતો.

## ૨

બીજે દિવસે ડિંગ્લી ડેલ અને પાસેના મગલ્ટનની પાર્ટીઓ વચ્ચે ક્રિકેટ મૅચ હતી. તે જોવા મિ૦ વૉર્ડલ પોતાના મહેમાનોને લઈ નીકળ્યા. મિ૦ ટપમનને ઘેર જ સ્ત્રીઓના હાથમાં સોંપી દેવામા આવ્યા. એકેક માઇલ ચાલીને બધા મગલ્ટન આવી પહોંચ્યા.

મગલ્ટન વ્યાપારી મથક હોઈ, તેને મેયર હતો, અને કૉર્પોરેશન હતું. એ જૂનું શહેર ખ્રિસ્તી સિદ્ધાંતો તેમ જ પોતાના વ્યાપારી હક્કોની બાબતમાં બહુ જાગ્રત ગણાતું હતું. અને તેના પુરાવા તરીકે જણાવાતું હતું કે, તેણે એક હજાર, ચારસો અને વીસ અરજીઓ બહારના

દેશોમાં ચાલતા હબસીઓના ગુલામી-વેપાર વિરુદ્ધ તથા તેમની પાસે ઢોરની પેઠે લેવાતા કામની વિરુદ્ધ કરી હતી; પરંતુ, પોતાના દેશમાં ફૅક્ટરીઓના કામકાજમાં મજૂરોની બાબતમાં કરાતી દખલગીરી સામે પણ તેટલી જ અરજીઓ કરી હતી! દેવળની નોકરીઓ વેચવાની તરફેણમાં તેમણે અડસઠ અરજીઓ કરી હતી, અને રવિવારે શેરીઓમાં દુકાનો માંડવાની વિરુદ્ધમાં છ્યાસી અરજીઓ કરી હતી.

ક્રિકેટ-મેદાનની આસપાસ તંબુઓ ખેાડવામાં આવ્યા હતા. મિ૦ વૉર્ડલ ક્લબના મેમ્બર હેાઈ, તેમને પાસ મળ્યા હતા.

તંબુમાં કયાંક ખાલી જગ્યા જોઈ બધા મિત્રો ગોઠવાતા જતા હતા, તેવામાં અગાઉથી બેસી ગયેલાઓએ પોતાની નજરની આડે તેઓ ન આવે તે માટે તેમને આમથી તેમ ટલ્લે ચડાવવા માંડ્યા.

એટલામાં મિ૦ પિકવિકના કાન ઉપર એક પરિચિત લક્ષણનો જાણીતેા અવાજ પડ્યો —

"સુંદર રમત – ફક્કડ રમત – ઉત્તમ કસરત – ખૂબ." અને થેાડી નજર કરતાં પેલેા રોચેસ્ટરની કોચગાડીવાળેા સાથી તેમની નજરે પડ્યો. તે મગલ્ટનના થેાડાક ચુનંદા વર્તુળમાં ઊભેા ઊભેા વાતેા અને બડાશેા ફેંકયે જતેા હતેા.

તે અજાણ્યા-સાથીએ પિકવિક વગેરેને તરત ઓળખ્યા અને તેણે આગળ ધસી આવી મિ૦ પિકવિકનેા હાથ પકડી તેમને એક સારી જગા તરફ ખેંચીને બેસાડી દીધા — જાણે આખી વ્યવસ્થા તેના હાથમાં જ ન હેાય!

"આ બાજુ – આ બાજુ – ભારે મજા – પીપેા ભરીને બીર – ખાવાનું પણ – ગાડાં ભરી ભરીને – મજાનેા ઉત્સવ – બેસી જાઓ – જોઈને રાજી થયેા – ખૂબ."

મિ૦ પિકવિકને બેસાડી તેણે પછી મિ૦ વિંકલ અને મિ૦ સ્નોડગ્રાસને પણ સારી જગાએ ગોઠવી દીધા. મિ૦ વૉર્ડલ નવાઈ પામી જોઈ રહ્યા.

પણ મિ૦ પિકવિક્ે તરત પેલા અજાણ્યા-સાથીને કહ્યું, "મિ૦ વૉર્ડલ, મારા મિત્ર."

"તમારા મિત્ર મારા મિત્ર – કેમ છો, મહેરબાન! – મારા મિત્રના મિત્ર – તમારો હાથ આપો સાહેબ –" અને પછી જાણે કેટલાંય વરસની ઓળખાણ હોય તેમ તેણે મિ૦ વૉર્ડલનો હાથ પકડ્યો.

"તમે અહીં કયાંથી?' મિ૦ પિકવિક્ે એ અજાણ્યા-સાથીએ બતાવેલા ભાવથી અને કરી આપેલી સરસ સગવડથી પ્રભાવિત થઈને પૂછ્યું.

"આવ્યો હતો – મગલ્ટનની ક્રાઉન વીશીમાં – ક્રિકેટરોની મુલાકાત – બહુ સારા માણસો – ઉત્તમ ખેલાડીઓ – સરસ ખાવાનું – ખૂબ."

મિ૦ પિકવિકને તેનાં અર્ધાં વાક્યોનો અનુભવ હતો, એટલે તે એટલા ઉપરથી એ સાર તારવી શકયા કે, તેણે મગલ્ટન-પાર્ટીનું ઓળખાણ ગમે તે રીતે સાધી લીધું છે અને તેઓએ તેને મેચ જોવા નિમંત્ર્યો છે.

મગલ્ટનવાળાઓને પહેલો દાવ મળ્યો. તેમના ડમ્ફીન્સ અને પૉડર એ બે બૅટ-ધારીઓ સામે ડિંગ્લી-ડેલવાળાઓના જાણીતા અને માનીતા બૉલર લફ્ફીએ હુમલો શરૂ કર્યો. પરંતુ ચોપન રન ઠોકી દીધા સુધી ડમ્ફીન્સ અને પૉડરે મચક ન આપી; ત્યાર પછી ડમ્ફીન્સ ઝિલાઈ ગયો અને પૉડર સ્ટંપ્ડ થઈ ગયો. પરંતુ આ બેએ શરૂઆતમાં જે ઝમક બતાવી, તેથી મગલ્ટન-પાર્ટીનો વિજય નિશ્ચિત થઈ ગયો.

દરમ્યાન પેલા અજાણ્યા-સાથીએ ખાવું, પીવું, વાતો કરવી – એ ત્રિમુખી કારવાઈ ચલાવ્યે રાખી હતી. સારો ફટકો વાગે ત્યારે તે સારા કદરદાનની રીતે 'શાબાશ' કહેતો, અને પોતે જોયેલા અને મારેલા કેટલાક સારા ફટકાઓ સાથે તેની તુલના કરી બતાવતો. કોઈ ફિલ્ડર બૉલ ખાળવામાં નિષ્ફળ નીવડે, ત્યારે તેની ટીકાઓની ધાર ખૂબ તીક્ષ્ણ બની જતી: "ધત્, – માખણિયા આંગળીઓ – હંબગ –" ઇ૦.

મિ૦ વૉર્ડલે પછી તેનાથી પ્રભાવિત થઈને પૂછ્યું, "તમે ખૂબ ક્રિકેટ રમ્યા છો, નહીં?"

"હજ્જારો વખત – વેસ્ટઇંડિઝમાં – ખૂબ ગરમી – આગ –"

"ખરેખર, એવી ગરમીમાં રમવું એ ભારે કસોટી કહેવાય," મિ૦ પિકવિક બોલ્યા.

"લાલચોળ ગરમી – મિત્ર કર્નલ – સર થૉમસ બ્લાઝો – એક જ વિકેટની રમત – ટૉસ જીત્યો – બૅટ લીધું – છ હબસી મજૂરો ફિલ્ડર – બૅટ ચલાવવા માંડ્યું – છયે હબસીઓ બેભાન – ઉપાડી ગયા – બીજા છ પણ બેભાન – બ્લાઝો બબ્બે હબસીઓના ટેકે બૉલ નાખ્યે જ જાય – પાંચસો સિત્તેર રન – બ્લાઝો બેભાન – તેની જગાએ કવાંકો – છેવટે આઉટ – નાહ્યો, જમવા ગયો –"

"અને પેલા કવાંકોનું શું થયું?"

"પુષ્કળ થાક – મરી ગયો –" આટલું બોલી બિચારા કવાંકોના મૃત્યુની કરુણ યાદ ભૂલવા તેમણે બીરનો જગ મોંએ માંડ્યો અને કચાંય સુધી છોડ્યો જ નહિ.

થોડી જ વારમાં ડિંગ્લી ડેલ ક્લબના કેટલાક સભ્યો મિ૦ પિકવિક વગેરેને મિત્રો સહિત 'બ્લ્યૂ લાયન' હોટેલમાં ક્રિકેટરો માટે રાખેલા ભોજન-સમારંભમાં આવવા આગ્રહભર્યું નિમંત્રણ આપવા માટે આવ્યા.

મિ૦ વૉર્ડલે કહ્યું, "અમે અમારા મિત્રોમાં મિ૦ — શું નામ? – ને પણ ગણીએ છીએ."

"જિંગલ – આલ્ફ્રેડ જિંગલ, એસ્કવાયર, નો-હૉલ, નોવ્હેર." પેલા અજાણ્યા-સાથીએ બેધડક કહી દીધું.

## ૩

બધા હવે બબ્બે ને ત્રણ ત્રણનાં ઝૂમખાંમાં શહેરમાં થઈને 'બ્લ્યૂ લાયન' હોટેલ તરફ ચાલ્યા. પાંએક કલાકમાં તો બધા તેના

વિશાળ ઓરડામાં ગોઠવાઈ ગયા. મિ૦ ડમ્બી-ન્સ ચેરમેન તરીકે બિરાજ્યા, અને મિ૦ લફ્ફી વાઇસ-ચેરમેન તરીકે.

પહેલાં તો ખાન-પાન ઉપર જ મારો ચાલ્યો. પીવાની બાબતમાં જિંગલ છએક માણસ જેટલી કામગીરી એકલે હાથે – ના, એકલે પેટે – બજાવી રહ્યા હતા.

બધાએ ખવાય તેટલું ખાઈ લીધું અને પીવાય તેટલું પી લીધું, ત્યાર બાદ એક ચીડિયા જેવો 'મને-કશું-'ના'-કહેવું-નહિ-નહિ તો-ઊલટું-જ-બોલીશ' એ પ્રકૃતિનો બટકો માણસ ઊભો થઈ ગંભીર અવાજે બોલ્યો —

"મિ૦ લફ્ફી, મારે તમને સંબોધી થોડા શબ્દો કહેવા છે, એટલે તમે બધા સદ્‌ગૃહસ્થોને તેમના પ્યાલા ભરી તૈયાર થવા સૂચના આપશો, તો મહેરબાની થશે."

મિ૦ જિંગલે તરત "હિયર, હિયર" એવા અનુમોદનાત્મક શબ્દો બોલી નાખ્યા. તરત જ આખી મંડળીએ પણ તેમનું અનુસરણ કર્યું. પછી મિ૦ લફ્ફીએ ડહાપણ અને ગંભીરતાનો ભાવ ધારણ કરી પેલાને બોલવા આમંત્રણ આપતાં કહ્યું — "મિ૦ સ્ટેપલ."

તરત પેલો બટકો માણસ ઊભો થયો અને ભાષણ કરવા લાગ્યો – "સાહેબ, હું જે કંઈ કહેવા માગું છું, તે હું આપણા માનવંત ચેરમેનને સંબોધવાને બદલે તમને સંબોધીને કહેવાનો છું; કારણ કે, મારું વક્તવ્ય કંઈક હિસ્સે — કહોને કે મોટે ભાગે — તેમને વિષે જ છે. હું એક ડિંગ્લી-ડેલર છું (હર્ષોદ્‌ગારો); મહાન મગલ્ટન નગરીની એક વિગત હોવાના બહુમાનનો દાવો હું કરી શકતો નથી; અને હું ખુલ્લા દિલથી કબૂલ કરી દઉં છું કે, મને એ બહુમાનનો લોભ પણ નથી. અને શાથી, તે પણ હું કહી દઉં : મગલ્ટન શહેરની અનેક અનોખી વિશિષ્ટતાઓ છે, તે પૂરી તત્પરતાથી સ્વીકારી લેવા છતાં – અને તે એટલી બધી જાણીતી છે કે, તે યાદ કરાવવાની કે ગણી બતાવવાની મારે જરૂર ન હોય – તો પણ સાહેબ, મગલ્ટને

એકાદ ડમ્ફીન્સને કે એકાદ પૌંડરને જન્મ આપ્યો છે, એ યાદ કરીએ તેની સાથે કદી ભૂલવું ન જોઈએ કે, ડિંગલી ડેલ પણ એકાદ લક્કી કે એકાદ સ્ટ્રગલ્સ પેદા કર્યાનો ગર્વ લઈ શકે છે. (મોટેથી હર્ષોદ્‌ગારો).

"મારો ઇરાદો એમ કહીને મિ૦ ડમ્ફીન્સ કે મિ૦ પૌંડરની ગુણવત્તા ઓછી બતાવવાનો છે, એવી ગેરસમજ ન થાઓ. તેઓ આ પ્રસંગે જે અધિકૃત આનંદાનુભવ માણી રહ્યા છે, તેની ઊલટી મને અદેખાઈ જ આવે છે, એ હું કબૂલ કરી લઉં છું. પણ સાથે સાથે પેલા ટબમાં બેઠેલાએ બાદશાહ અલેકઝાન્ડરને જે શબ્દોમાં જવાબ આપ્યો હતો તે સૌને યાદ હશે કે, 'હું ડાયોજીનિસ ન ન હોત, તો જરૂર અલેક્ઝાન્ડર થવાનું પસંદ કરત,' તે શબ્દો મગલ્ટનના સદ્‌ગૃહસ્થો પણ વાપરવા જરૂર તૈયાર થશે જ કે, 'હું ડમ્ફીન્સ ન હોઉં તો જરૂર લક્કી થવાનું પસંદ કરું; હું જો પૌંડર ન હોઉં, તો જરૂર સ્ટ્રગલ્સ થાઉં.' (તાળીઓ.)

"પરંતુ, મગલ્ટનના સદ્‌ગૃહસ્થો, તમે લોકો શું માત્ર ક્રિકેટમાં જ આગળ પડતા છો? તમે ડમ્ફીન્સ અને દૃઢ નિશ્ચય, પૌંડર અને સમૃદ્ધિ, એ શબ્દો પણ સાંભળ્યા નથી શું? (ભારે હર્ષનાદ.) તમારા હકો, તમારી સ્વતંત્રતાઓ, અને તમારા અધિકારો માટે લડત ચલાવતી વખતે તમે લોકો કદીય હતાશા અને નિરાશામાં સપડાયા નથી શું? અને જ્યારે તમે નિરાશાના સાગરમાં ગળચકાં ખાતા હો છો, ત્યારે 'ડમ્ફીન્સ' એ નામે તમારા અંતરમાં બુઝાઈ ગયેલા આશાદીપને ફરી પ્રજ્વલિત નથી કર્યો શું? (ભારે હર્ષનાદો.)

"પણ સાહેબો, હું તો 'ડમ્ફીન્સ અને પૌંડર' એ ભેગા નામને જ હર્ષનાદના તેજોવર્તુળથી ઘેરાયેલું હંમેશ જોવા માગું છું."

પેલો બટકો આ છેલ્લું વાકય બોલ્યો એટલામાં તો ભારે હર્ષનાદો ઉપરાઉપરી થવા લાગ્યા અને પછી તો વ્યાખ્યાનોની રમઝટ જ જામી. એટલે સુધી કે, મિ૦ પિકવિક, અને મિ૦ જિંગલના

નામના ટોસ્ટ પણ લેવાયા. ટ્રંકમાં આખી મંડળીને પ્યાલા ભરવા અને ટેબલો ઠોકી હર્ષનાદ કરવા કંઈ ને કંઈ નિમિત્તમાત્ર જોઈતું હતું.

પછી તો ભાતભાતનાં જોડકણાં ગવાયાં, અને પ્યાલીઓ ખાલી થવા લાગી. છેવટે દારૂ પી પીને ઉન્મત્ત બનેલી આખી મંડળી રાતના બાર વાગ્યે પણ નીચેની કડીઓ જ ગાતી હતી —

"સવાર સુધી અમે ઘેર નહિ જવાના,
"સવાર સુધી અમે ઘેર નહિ જવાના,
"સવાર સુધી અમે ઘેર નહિ જવાના!
"સૂર્યનો પ્રકાશ પ્યાલા ઉપર પડે,
"ત્યારે જ અમે ઘેર જવાના;
"નહિ તો ઘેર નહીં જવાના —
ઘેર નહીં જવાના."

## ૧૦

# સાચા પ્રેમનો માર્ગ, રેલવે-માર્ગ નથી...

### ૧

મી૦ ટ્રેસી ટપમનના અંતરમાં હવે પ્રેમના અંકુરો જોરથી પાંગરવા લાગ્યા હતા. પરંતુ રાશેલના અંતરમાં એમના પ્રેમનો કેટલો પડઘો પડતો હતો, એની એમને ખાતરી ન હતી.

સાંજના આઈઝાબેલા અને એમિલી મિ૦ ટ્રન્ડલ સાથે બહાર ફરવા ગયાં હતાં; બુઢ્ઢાંમા પોતાની ખુરશીમાં જ ઊંઘવા માંડ્યાં હતાં; પેલા જાડિયા જોસફનાં નસકોરાં દૂર રસોડામાંથી સંભળાતાં હતાં; ધિંગી નોકરડીઓ પણ પોતપોતાની રીતે સાંજની એ રળિયામણી ઘડીનો આનંદ બાજુ ઉપરના બારણા આગળ માણી રહી હતી; તે વખતે એક અનોખું જોડું કોઈએ દરકાર કર્યા વિનાનું અને પોતે પણ

કોઈની દરકાર રાખ્યા વિનાનું આપસઆપસમાં જ ગુલતાન થઈને ઘરમાં બેઠું હતું.

અચાનક ચિરકુમારી ફઈબા બોલી ઊઠ્યાં, "હાયરે, હું તો મારાં ફૂલોને પાણી પાવાનું વીસરી જ ગઈ, કંઈ."

"હમણાં જ આપણે પાણી પાઈ દઈશું." મિ૦ ટપમન મનામણાં કરતાં બોલ્યા.

"પણ સાંજની ઠંડી હવામાં તમને ઠંડી લાગશે, તે –" ફઈબા ચિંતા- અને વહાલ- પૂર્વક બોલ્યાં.

"ના, ના," મિ૦ ટપમન ઊઠતાં ઊઠતાં બોલ્યા; "હું તો તમારી સાથે જ આવવાનો –"

બાનુએ એ જુવાનિયાની ડાબા હાથની ઝોળી કાળજીપૂર્વક ઠીક કરી લીધી અને પછી તેનો જમણો હાથ કાળજીથી પકડી તેને તે બગીચામાં લઈ ચાલી.

દૂર એક લતા-મંડપ હતો. તેમાં જઈ, ત્યાં પડેલા એક ઝારાને લઈ, ચિરકુમારિકા બહાર જવા કરતી હતી; તેટલામાં મિ૦ ટપમને તેને પકડીને એક બેઠક ઉપર પોતાની પાસે બેસાડી દીધી.

"મિસ વોર્ડલ!" મિ૦ ટપમને નિસાસો નાખીને કહ્યું.

ચિરકુમારિકા શરમની મારી એટલી બધી ઘૂજવા લાગી કે ઝારામાં તળિયે પડેલા થોડા કાંકરા પણ રણકી ઊઠ્યા.

"મિસ વોર્ડલ! તમે ખરેખર દેવી છો."

"મિ૦ ટપમન, આવું આવું શું કહો છો વળી –" રાશેલ શરમથી લાલ લાલ થઈને બોલી.

"ના, ના, હું મારા આંતરિક અનુભવની ખાતરીથી બોલું છું."

"જુઠ્ઠા! બધા પુરુષો સ્ત્રીઓને દેવીઓ જ કહે છે," બાનુ જરા લાડ કરતી બોલી.

"તો પછી મારે તમને શું કહીને વર્ણવવાં? કારણ, હું તો સુંદરતા અને ગુણવત્તાનું આવું અજબ મિશ્રણ એક વ્યક્તિમાં બીજે

કચાંય જોતો નથી." એમ કહી ટપમને ઝારાને પકડનારા સુભગ હાથને પોતાના હાથ વડે દબાવ્યો.

બાનુએ પોતાનું મોં બાજુએ ફેરવી દીધું અને કહ્યું, "પુરુષો એવા ઠગારા હોય છે –"

"ખરી વાત, ખરી વાત; પણ બધા જ નહિ. એક જણ એવો જીવે છે, જે પોતાનું આખું જીવન એક જણના સુખ માટે ડૂલ કરવા તૈયાર છે – જે માત્ર તેની દેવીની આંખોમાં જ જીવી રહ્યો છે – જે તેની દેવીનાં હાસ્યોમાં જ પ્રાણ ધારણ કરી રહ્યો છે – જે તેની દેવી માટે જ જીવનનો ભારે બોજ વહન કરી રહ્યો છે."

"ખરેખર એવો કોઈ પુરુષ હશે ખરો —" કોયલ કાલું કાલું ટહુકી.

"હા, હા, છે જ; તે અહીં જ છે!" અને બાનુ તેમનો ઇરાદો સમજી શકે તે પહેલાં મિ૦ ટપમન ટપ દઈને તેની આગળ ઘૂંટણિયે પડ્યા.

"મિ૦ ટપમન, ઊઠો, આ શું કરો છો –"

"ના; તમે તમારા સુંદર મુખે કહેશો કે, 'હું તમને ચાહું છું,' તો જ હું ઊઠીશ; નહીં તો, ભલે ઉંમરભર અહીં આમ જ રાહ જોવી પડે તો પણ તૈયાર છું —"

"મિ૦ ટપમન," ફઈબા મોં આડું ફેરવીને બોલ્યાં, "મારાથી એ શબ્દ બોલી નહીં શકાય – પણ – પણ – તમે મારે માટે પરાયા નથી."

મિ૦ ટપમન આ શબ્દો સાંભળતાં જ તરત ઊભા થઈ ગયા અને ફઈબાના ગળાની આસપાસ પોતાનો એક હાથ વીંટી દઈ, (બીજો હાથ દુર્ભાગ્યે ઝોળીમાં હતો) ઉપરાઉપરી તેમના હોઠને ચૂમવા લાગ્યા. અને કચાંય સુધી તે એમ ચૂમ્યા જ કરત, પણ અચાનક ફઈબા ઘ્રાસકો પડ્યો હોય તેવા અવાજે બોલ્યાં —

"મિ૦ ટપમન, આપણને કોઈ જુએ છે!"

મિ૦ ટપમને પાછા વળી જોયું તો પેલો જાડિયો જોસફ આંખો ફાડી લતામંડપમાં નજર નાખતો ઊભો હતો.

"અહીં શું કરે છે?" મિ૦ ટપમન ઘૂરક્યા.

"વાળુ તૈયાર છે, સાહેબ."

"તું હમણાં જ અહીં આવ્યો, ખરું?"

"હમણાં જ – અબઘડી."

મિ૦ ટપમને તેના તરફ કડક આંખે તાકી લીધું. જવાબમાં પેલો જાડિયો ઊભો ઊભો જ ઊંઘમાં પડવાની તૈયારી કરવા લાગ્યો.

મિ૦ ટપમને તરત ફઈબાનો હાથ પકડી ઘર તરફ ચાલવા માંડ્યું. પેલો જાડિયો આંખો ચોળતો થોડે દૂર પાછળ પાછળ આવવા લાગ્યો.

"એણે કશું જોયું નથી." મિ૦ ટપમને ફઈબાના કાનમાં કહ્યું.

"એ ઊંઘવામાંથી પરવારે ત્યારને!" ફઈબા કંઈક આશ્વાસન પામી હસી પડ્યાં. મિ૦ ટપમન પણ ફઈબા તરફથી ખાતરી મળતાં વધુ જોરથી હસી પડ્યા.

રાતનો એક વાગ્યો હતો, છતાં ક્રિકેટ-મેચ જોવા ગયેલાઓ હજુ પાછા ફર્યા નહોતા. બધાંનાં મોં ઉપર હવે ઘેરી ચિંતાનાં વાદળ છવાઈ રહ્યાં, અને 'શું થયું હશે' એ પ્રશ્ન સૌના હોઠ ઉપર આવી ગયો. ફાનસ લઈ કોઈને રસ્તા ઉપર સામે જવાનું તેઓ ગોઠવતાં જ હતાં, એટલામાં અચાનક કોઈનો વિચિત્ર અવાજ રસોડા તરફથી આવ્યો. તરત સૌ તે તરફ દોડ્યાં. અને જુએ છે તો —

મિ૦ પિકવિક પોતાનાં બંને બિસ્સાંમાં બંને હાથ નાખી કોઈ રંગીલા જુવાનની પેઠે હૅટ એક બાજુએ ઢળતી રાખી ટેબલને ટેકો દઈ ઊભા હતા અને ભારે સમજદારની પેઠે માથું એક તરફથી બીજી તરફ હલાવતા હતા તથા વારંવાર પોતાનું પ્રેરણાભર્યું હાસ્ય વિના-કારણ હસી દેતા હતા. બુઢ્ઢા મિ૦ વૉર્ડલ લાલ લાલ થયેલા ચહેરે એક અજાણ્યા ગૃહસ્થનો હાથ પકડી સનાતન મિત્રતાના શપથ વારંવાર ખાધા

કરતા હતા. મિ૦ વિંકલ મોટા ઘડિયાળને ટેકે ઊભા ઊભા, કુટુંબનું જે કોઈ તેમને સૂઈ જવાનું કહેવાની હિંમત કરે, તેને શું શું કરી નાખવાની ધમકી આપતા હતા. મિ૦ સ્નૉડગ્રાસ માનવ ચિત્ત કલ્પી શકે તેવી ગમગીની સાથે એક ખુરશીમાં બેસી ગયા હતા.

ત્રણે બાનુઓ ઘૂમ પાડી ઊઠી, "શું થયું છે, રે?"

"કાંઈ થયું નથી; જરા પણ થયું નથી. ખરું ને વૉર્ડલ, આપણને સહેજ પણ કાંઈ થયું છે?" મિ૦ પિકવિક બોલી ઊઠ્યા.

"શું થયું હોય વળી? આ મારા મિત્ર મિ૦ જિંગલ, મિ૦ પિકવિકના મિત્ર મિ૦ જિંગલ, – કહું છું કે, મિ૦ જિંગલ આપણી નાની સરખી મુલાકાતે પધાર્યા છે."

એમિલીએ ભારે ચિંતા સાથે પૂછ્યું, "મિ૦ સ્નૉડગ્રાસને કંઈ થયું છે?"

જવાબ મિ૦ જિંગલે જ આપ્યો, "કંઈ થયું નથી; – ક્રિકેટનું ખાણું – અજબ પાર્ટી – ભારે ગાણું – ઉત્તમ ખાણું – ઢગલાબંધ પીણું – ખાણું, પીણું ગાણું – ગાણું, પીણું, ખાણું – પીણું-ખાણું-ગાણું – ઘૂમ."

"ના, ના, દારૂથી કંઈ નથી થયું; એ તો ખાણું જરા વધારે પડ્યું છે," મિ૦ સ્નૉડગ્રાસ વદ્યા. (કદી પીણાનો વાંક તો કઢાય જ નહિ, એ ન્યાયે.)

એમા બોલી, "આ સૌ હવે જલદી ઊંઘી જાય તો સારું નહિ? નોકરોને બોલાવોને, સૌને ટેકવીને તેમની પથારીઓમાં લઈ જાય."

"હું કદી પથારીમાં જવાનો નથી. કોણ મને પથારીમાં લઈ જવા આવે છે, જોઉં તો ખરો," મિ૦ વિંકલ ભારપૂર્વક બોલી ઊઠ્યા.

"કોઈ નોકર જીવતો મને ઊંચકવા આવે તો ખરો!" એમ કહી મિ૦ પિકવિક પાછા ખુલ્લા-દિલ ભર્યું હાસ્ય હસી રહ્યા.

"હુ રે-રે-રે!" મિ૦ જિંગલ ગળામાં બોલ્યા.

"હુ રે-રે-રે!" મિ૦ પિકવિકે પડઘો પાડ્યો અને પોતાની હૅટ તથા ચશ્માં રસોડાની વચ્ચોવચ્ચ ફેંકી, તેમણે કોઈ ઉપયોગી કે મહાન કાર્ય કર્યું હોય, તેમ પોતાનું મહાનુભાવ-હાસ્ય હસી દીધું.

થોડી વાર એ લોકોએ ધમપછાડા કરી લીધા; પછી નોકરો આવી બધાને તેમની પથારીઓ તરફ ધકેલી ગયા કે ઊંચકી ગયા.

"હાયરે, આ તો કેવું ત્રાસજનક દૃશ્ય કહેવાય—" ફૅઈબા બોલ્યાં.

"અરે નર્યું ઘૃણાસ્પદ," બે ભત્રીજીઓ બોલી.

"ડરામણું-બિહામણું!" જિંગલ બોલ્યો; બીજા બધા કરતાં તે દોઢેક બાટલી જેટલો પીવામાં આગળ હતો, પણ દારૂ ચડવામાં ઘણો પાછળ હતો; "સુંદર કોમળ સન્નારીઓ માટે ચોંકાવનારું – ખૂબ."

"કેવા સરસ માણસ છે!" ફૅઈબા મિ૦ ટપમનના કાનમાં બોલ્યાં.

"દેખાવડા પણ!" ઍમિલી બોલી.

"જરાય શંકા નહિ." ફૅઈબા વદ્યાં.

મિ૦ ટપમનને તરત રોચેસ્ટર હોટેલના નૃત્ય-સમારંભમાં જિંગલે ઓઢી લીધેલી ડૉકટર સ્લેંમરવાળી તવંગર વિધવા યાદ આવી. અને વાત જેમ આગળ ચાલી, તેમ મિ૦ ટપમનને લાગ્યું કે, પોતે લોકપ્રિયતામાં (અલબત્ત, રાશેલ પૂરતા) ઘણા પાછળ પડી ગયા છે.

બીજે દિવસે સવારે તો જિંગલ વખતસર ઊઠી ગયો; બીજા બધા હજુ પથારીમાંથી હાલ્યા નહોતા. અને તેણે તો નાસ્તાના ટેબલ ઉપર બાનુઓનાં ભાવભર્યાં ચિત્ત ઉપર પોતાની વાતચીત અને મજાક-મશ્કરીથી સદંતર વિજય હાંસલ કરી લીધો. અરે, મિ૦ વૉર્ડલનાં બુઢ્ઢાં માની ઉપર પણ. તે તો તેની એક-બે મજાકો વારંવાર બોલાવરાવી ખૂબ જ હસવા માંડ્યાં અને બોલ્યાં, "નકૂફટ!"

અને એ વિશેષણ બીજી જુવાન સ્ત્રીઓએ પણ ઉપાડી લીધું. સ્ત્રીઓ જ્યારે જોરપૂર્વક પુરુષને 'નફ્ફટ કે જુઠ્ઠા' કહે, ત્યારે તે શબ્દોનો અર્થ થાય છે, 'વહાલા', 'પ્રિય'.

૩

એ બુઢ્ઢાં માને રોજ ઉનાળાની સુંદર સવારના સમયે બગીચામાં જઈ અર્ધો કલાક બેસવાની ટેવ હતી. તેનો વિધિ આ પ્રમાણે હતો :— જાડિયો જોસફ રોજ તેમને શાલમાં વીંટાળી, માથે બોનેટ પહેરાવી, હાથમાં જાડા હાથાવાળી લાકડી પકડાવી, પોતાને બળે તેમનો એક હાથ ટેકવી, લતા-મંડપમાં લઈ જઈ, બેસાડી આવતો. અને પછી અર્ધા કલાક બાદ, તેમને ફરીથી ઘરમાં લઈ જવા આવતો.

પણ આજે સવારે પેલો જાડિયો તેમને એ પ્રમાણે લતામંડપમાં બેસાડીને ચાલ્યો જવાને બદલે થોડો આગળ જઈ, તેમની તરફ પાછો ફર્યો. ડોસીએ માની લીધું કે જરૂર આ જાડિયાની દાનત આજે બગડી છે; અને તે પોતાને મારી-પીટી પોતાના બીસાનું પરચૂરણ કાઢી લેશે. તેમને મદદ માટે બૂમ મારવાનું મન થયું, પણ વૃદ્ધાવસ્થાને કારણે તેમના ગળામાંથી ઘર સુધી સંભળાય તેવો અવાજ નીકળવો અશક્ય હતો. એટલે તે ફાટેલી આંખે અને ધબકતી છાતીએ એ જાડિયાની હિલચાલ નિહાળી રહ્યાં. જાડિયો તેમની વધુ નજીક આવ્યો અને તેમના કાન પાસે પોતાનું મોં લઈ જઈ મોટેથી બોલ્યો, "મિસસ !"

મિ૰ જિંગલ તે જ વખતે બાગમાં ફરતા ફરતા લતામંડપ પાસે આવી પહોંચ્યા હતા. તેમણે પેલા જાડિયાએ મોટેથી કહેલો 'મિસસ' શબ્દ સાંભળ્યો. અને જાતે નવરા, બીજાની વાતો જાણવાની ઇંતેજારી-વાળા, અને પાછા કોઈ દેખી શકે નહિ તેમ એક ઝાડવા પાછળ હોવાથી, શી વાત છે તે જાણવા એકદમ થોભી ગયા.

"મિસસ !" જાડિયાએ ફરી બૂમ પાડીને કહ્યું.

"હેં-એં-એં, જો – બેટા, મેં તને સારી પેઠે રાખ્યો છે ને? તારી પાસેથી કશું ખાસ કામ પણ લીધું નથી ને? અને ખાવાનું તો ખૂબ જ આપ્યું છે ને?"

જાડિયાને આ ખાવાની બાબતની અપીલ બહુ અસરકારક નીવડી. તે તરત ગળગળો થઈ બોલ્યો, "હું જાણું છું, તમારા ઘરમાં મેં ખૂબ ખાધું છે."

"તો પછી અત્યારે તું શું કરવા માગે છે?"

"હું તમને પગના અંગૂઠાથી માથાના વાળ સુધી સળગાવી મૂકવા માગું છું."

"હેં-એં-એં?" ડોસી કઈ રીતે એ જાડિયો એ કરપીણ કામ કરવા માગે છે, તે ન સમજી શકાયાથી એકદમ ગભરાઈ ઊઠ્યાં.

"મેં કાલે રાતે માંડવામાં શું જોયું હશે, કહો જોઉં."

"શું જોયું હતું. ભલા!" ડોસી એ જાડિયાની આજની અનોખી ગંભીર ઉત્કટતા જોઈ બોલી ઊઠી.

"પેલા નવા આવેલા – હાથ ઝોળીમાં વાળા, – બચ્ચીઓ કરતા હતા અને દબાવતા હતા—"

"કોઈ નોકરડીને—?"

"એનાથી ભૂંડું."

"તો મારી પોતરીઓમાંની કોઈને તો નહીં?"

"એનાથી ભૂંડું."

"એનાથીય ભૂંડું? તો કોને?—મને કહી દે, મારે જાણવું છે."

"મિસ રાશેલને."

"શું જરા મોટેથી બોલ જોઉં."

"મિસ રાશેલ."

"મારી પૂતરી-ઈ-ઈ?"

જાડિયાએ પોતાના ફૂલેલા ગાલવાળું અને લોટી જેટલું માથું જોરથી ઊંચુંનીચું કરીને 'હા'ની નિશાની કરી.

"અને એણે બચ્ચી કરવા દીધી?"

જાડિયાના જાડા મોં ઉપર તેની આંખો સદંતર બંધ થઈ જાય તેવું ઘિંગું હાસ્ય ફરી વળ્યું. તે બોલ્યો—

"મેં તેને પેલાના મોં ઉપર સામી બચ્ચીઓ કરતી જોઈ હતી."

મિ૦ જિંગલ આ રસિક વાર્તાલાપ હવે વધુ રસપૂર્વક સાંભળવા લાગ્યા. ડોસી તૂટક તૂટક અને ગુસ્સાભર્યાં વાકચો બોલવા લાગી: 'મારી પરવાનગી વિના'—'આ ઉંમરે'—'મારા જેવી દુઃખિયારી ડોસી કોણ હશે, વારુ?'

મિ૦ જિંગલે ગઈ રાતે મૅનોર-ફાર્મ ઉપર પગ મૂકચા પછી પાંચ જ મિનિટમાં નક્કી કરી લીધું હતું કે, પોતે આ કુંવારાં ફઈબાના હૃદય ઉપર ઘેરો ઘાલી દેવો. તેને ખબર પડી ગઈ હતી કે, ફઈબા એ જાતના હુમલાને આવકારે તેવાં છે; ઉપરાંત, એ કુંવારાં ફઈબા પાસે પોતાની આગવી કંઈક મૂડી હોય એવી પણ તેને શંકા જતી હતી. લોકો કહે છે કે, પુરુષ એ આગ છે, અને સ્ત્રી એ બળતણ છે. તથા તે ઉપરાંત મિ૦ જિંગલનું બીજું એક નિરીક્ષણ પણ હતું કે, કુંવારી ફઈબાઓને જુવાન પુરુષો, દારૂગોળાને જામગરી જેવા થઈ પડે છે. એટલે તેણે વખત ગુમાવ્યા વિના ભડાકો કરવાની તૈયારીઓ આદરી દીધી. કારણ કે જાડિયા ટપમન કરતાં પોતે ઘણો જુવાન હતો.

ભાગ્ય પણ તેને અનુકૂળ હતું. પુરુષો બધા હજુ ઊંઘતા હતા; અને જુવાન સ્ત્રીઓ બધી એકલી બહાર ફરવા નીકળી હતી. ફઈબા એકલાં તેમની ઉમર અને પદને છાજે તેમ બહાર ફરકડીઓ મારવાને બદલે નાસ્તાના કમરામાં જ બેઠાં બેઠાં ગૂંથણકામ ચલાવી રહ્યાં હતાં. મિ૦ જિંગલે અર્ધ-ઉઘાડા બારણામાંથી ડોકિયું કર્યું અને ખોંખારો ખાધો. ફઈબાએ તેના સામું જોયું. અને પછી કારણ વગર હસી

દીધું. મિ૦ જિંગલ તરત ગૂઢતા દર્શાવવા હોઠ ઉપર એક આંગળી મૂકી ચૂપ રહેવાનું સૂચવતા ધીમે પગલે અંદર પેઠા.

"મિસ વૉર્ડલ – ડખલગીરી માફ – ઝાઝું ઓળખાણ નહિ – સ્ત્રીઓની મદદે દોડી જવું – કર્તવ્ય – મરદનું – બધું પકડાઈ ગયું – એકદમ."

"શી વાત છે!"

"ચૂપ, ચૂપ!—મોટો જાડિયો છોકરો—ગોળ આંખો—બદમાશ—" આમ કહી તે જાણુકારની જેમ ડોકું હલાવવા લાગ્યા.

"તમે જોસફની વાત કરો છો?"

"હા,—બદમાશ જોસફ – હરામખોર દગાખોર કૂતરો – ડોસીને ઘરડાં માને કહી દીધું – ડોસી ગાંડી બની ગઈ છે – બબડે છે – ઘૂરકે છે – લતામંડપ – ટપમન – ચૂમતા હતા – દબાવતા હતા – એવું એવું."

"મિ૦ જિંગલ, તમે શું મારું અપમાન કરવા અહીં આવ્યા છો?"

"જરાય નહિ – કદી નહિ – વાત દૂરથી સાંભળી – ચેતવવા આવ્યો – મારી સેવાઓ અર્પણ – ધાંધલ થશે – ભડાકો થશે – તમને અપમાન લાગ્યું? – આ રહ્યું – આ ચાલ્યો."

ફઈબા તરત તેને જતો રોકીને ચિત્કાર કરી ઊઠ્યાં—"હવે શું થશે? મારા ભાઈ જાણશે તો ગાંડા થઈ જશે."

"જરૂર,—જરૂર,—પાગલ થઈ જશે—ભડાકે દેશે વળી." મિ૦ જિંગલે જવાબ આપ્યો.

"ઓ મિ૦ જિંગલ! હવે હું શું કરું?"

"એમ કહેજો – એને સ્વપ્નું – આવ્યું –"

ફઈબાને કંઈક આશા પડતી દેખાઈ.

"હા, હા – શું ગભરાવાનું – હરામખોર છોકરો – સુંદર સ્ત્રી – છુપાઈને જોતો હતો – ફટકાર્યો – વેર રાખીને ખોટું બોલે છે – બધું બરાબર."

ફઈબાએ હવે મિ૦ જિંગલ પ્રત્યે આભારભરી દૃષ્ટિ નાખી.

જવાબમાં મિ૦ જિંગલે ઊંડો નિસાસો નાખ્યો.

"તમે કંઈ દુઃખી હો, એમ લાગે છે, મિ૦ જિંગલ; તમે મને જે મદદ કરી તેના બદલામાં હું તમને કંઈ મદદ કરી શકું?"

"મારું દુઃખ?—મને મદદ?—અશક્ય—પેલો મારો મિત્ર—પણ તમારો પ્રેમ—સ્વર્ગીય પ્રેમ—અમૂલ્ય પ્રેમ—મિત્રની વિરુદ્ધ કંઈ ન બોલાય—હું જાઉં છું—મારું દુઃખ મારી સાથે—વિદાય."

"ઊભા રહો, ઊભા રહો, મિ૦ જિંગલ; તમે મિ૦ ટપમન વિષે કંઈક કહેવા માગો છો? બોલી નાખો."

"કદી નહિ! મારા મિત્ર વિરુદ્ધ કદી નહિ!" એમ કહી મિ૦ જિંગલ ફઈબાની પાસે જ ખુરસી ખેંચી લાવીને બેસી પડ્યા. દુઃખના ભારથી જ કદાચ.

"મિ૦ જિંગલ, હું તમને વિનંતી કરું છું. મારા પ્રત્યે તમે જે સદ્‌ભાવ બતાવ્યો છે તેના સોગંદ દઈને તમને કહું છું કે, તમે મિ૦ ટપમન બાબત જે કંઈ કહેવા માગો છો, તે કહી દો."

"શી રીતે કહું?—સ્વર્ગીય સુંદરી—એવફા પુરુષ—કોમળ હૃદય—પુરુષ પૈસાનો લોભી—"

પછી થોડી વાર ચૂપ રહી, તે બોલ્યો, "માત્ર પૈસાનો જ—પ્રેમનો નહિ—"

"બદમાશ!" ફઈબા ગુસ્સે થઈ બોલી ઊઠ્યાં. (જિંગલ સમજી ગયો કે ફઈબા પાસે પૈસા છે.)

"એટલું જ નહિ, બીજીને પ્રેમ કરે."

"બીજીને? કોને?"

"નાની છોકરી—કાળી આંખો—ભત્રીજી એમિલી."

હવે આખી દુનિયામાં ફઈબાને જો હૃદયભરીને ઝેર હોય તો તે એમિલી પ્રત્યે. કારણ કે, એમિલી વધુ સુંદર હતી; અને ફઈબાનું ઝેર દેખી તે પણ તેમને ધિક્કારતી હતી.

"હું માનું નહિ; એમ હોય નહિ!" ફઈબા બોલી ઊઠ્યાં.

"આજથી જ – બંનેની તપાસ – જોયા કરો."

"જરૂર; હું આજથી તેમને જોયા કરીશ."

"તેની સામે જ નજર.'

"હું ધ્યાન રાખીશ."

"તેની સાથે જ ગુસપુસ."

"હું ધ્યાન રાખીશ."

"ટેબલ ઉપર તેની નજીક બેસશે."

"બેસવા દો."

"ખુશામત કરશે."

"કરવા દો."

"મન બતાવ્યા કરશે."

"બતાવવા દો."

"તમારી વાત કાપ્યા કરશે."

"કાપવા દો."

"ખાતરી થાય તો પાણી બતાવશો?"

"મને ખાતરી થશે તો હું જરૂર તેનો ત્યાગ કરીશ, એની આતરી રાખજો."

"પછી બીજાને – પ્રેમ – આપશો?"

"પછી બીજા કોને પ્રેમ આપવો, તે હું બરાબર જાણું છું."

"બસ, ત્યારે."

તરત જ મિ૦ જિંગલ તેની આગળ ઘૂંટણિયે પડ્યા. પૂરી પાંચ મિનિટ સુધી તે ઊભા જ ન થયા. છેવટે ફઈબાએ તેમને પોતાના પ્રેમી તરીકે સ્વીકાર્યા, ત્યારે જ તે ઊભા થયા. શરત માત્ર એ હતી કે, તેમને મિ૦ ટપમનની બેવફાઈની ખાતરી થવી જોઈએ.

મિ૦ જિંગલે તે જ દિવસે બધી સાબિતીઓ પૂરી પાડવા માંડી. મિ૦ ટપમન જમતી વખતે એમિલી પાસે જ બેઠા; તેની સાથે

જ ગુસપુસ કર્યા કરી; તેનાં જ વખાણ કર્યા કર્યાં; ફઈબાની સામે તો તેમણે એક વાર પણ નજર કરીને ન જોયું.

સાંજને વખતે બગીચામાં મિ૦ ટપમન મિ૦ જિંગલ સાથે ફરતા હતા. તેમણે પૂછ્યું —

"મેં કેવુંક નાટક જમતી વખતે ભજવ્યું, વારુ?"

"ફક્કડ – એકદમ સરસ – મારાથી પણ એવું નાટક ન થાય – કાલે સવારે, બપોરે, સાંજે હજુ ચાલુ – વધુ સૂચના મળે – ત્યાં સુધી."

"રાશેલ એવું ઇચ્છે છે?"

"હા, હા,– ભાઈનિ વહેમ – જાડિયા છોકરાએ વાત ઉડાવી છે – તમે બિલકુલ ફઈબા સાથે ન બોલતા – વહેમ ભૂંસી નાખો – ખૂબ – "

મિ૦ ટપમને મિ૦ જિંગલનો આ સેવા બદલ ખૂબ ખૂબ આભાર માન્યો. જિંગલે તરત વાત ઉપાડી –

"હમણાં દશ પાઉંડ, ઉછીના – ત્રણ દિવસ માટે – ત્રણ દિવસ માટે ખાસ જરૂર."

મિ૦ ટપમને તરત દશ પાઉંડ ગણી આપ્યા.

મિ૦ ટપમને ફરી પૂછ્યું, "ત્રણેક દિવસમાં બધું પતી જશે ને?"

"હા, હા, ત્રણ દિવસ તો ઘણા – બધો વહેમ ધોવાઈ જશે – ભૂંસાઈ જશે – લુપાઈ જશે – એકદમ સાફ – ખૂબ."

ચોથે દિવસે તો મિ૦ વૉર્ડલ ખૂબ ખુશાલીમાં હતા. તેમણે પોતાનાં મા પાસેથી જાડિયા છોકરાએ કરેલી વાત સાંભળી હતી અને મિ૦ ટપમન અને રાશેલની વર્તણૂક તપાસ્યા કરી હતી. તે બે વચ્ચે કશો જ સંબંધ હોય એમ તેમને ન લાગ્યું. જાડિયા છોકરાએ ઊંઘમાં સ્વપ્ન જ જોયું હશે, એમ તેમને ખાતરી થઈ ગઈ.

# ૧૧

# પીછો

## ૧

વાળુનું પિરસાઈ ગયું હતું; સૌ કોઈ ચોવીસ કલાકમાં આનંદ અને નિરાંતનો એ સમય શરૂ થાય તેની રાહ જોતાં હતાં.

"રાશેલ ક્યાં?" મિ૦ વૉર્ડલે પૂછ્યું.

"અને મિ૦ જિંગલ પણ?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"અરે વાહ, છેવટના બે કલાકથી તેમનો અવાજ ન સાંભળ્યો હોવા છતાં એમની ગેરહાજરી કેમ ખ્યાલમાં ન આવી, એની જ મને નવાઈ લાગે છે." મિ૦ વૉર્ડલે કહ્યું.

ઘંટ વગાડતાં જાડિયો જોસફ હાજર થયો.

"મિસ રાશેલ ક્યાં?" — તેને ખબર ન હતી.

"અને મિ૦ જિંગલ ક્યાં?" — તે જાણતો ન હતો. દરેક જણ નવાઈ પામવા લાગ્યું. અગિયાર વાગી ગયા હતા. મિ૦ ટપમન મનમાં ને મનમાં હસતા હતા: જરૂર મિ૦ જિંગલ મિસ રાશેલને એકાંતમાં લઈ જઈ મારાં વખાણ તેની આગળ કરતા હશે! દસ પાઉંડ વસૂલ!

"કંઈ વાંધો નહીં; તેઓ હમણાં આવશે; હું વાળુ વખતે કોઈની રાહ જોવામાં માનતો નથી." મિ૦ વૉર્ડલે કહ્યું.

"એ બહુ સારો નિયમ છે; પ્રશંસાપાત્ર જ કહો ને!" મિ૦ પિકવિકે અનુમોદન આપ્યું.

બધાં વાળુની સ્વાદુ વસ્તુઓ ઉપર તૂટી પડ્યાં. થોડી વાર તો કોઈનું મોં વાત કરવા જેટલું પણ ખાલી ન રહ્યું: એટલામાં ઘણાં

માણસોના ગણગણાટનો અવાજ અચાનક રસોડામાંથી સંભળાયો. મિ૦ વૉર્ડલે નવાઈ પામી મિ૦ પિકવિક સામે જોયું અને મિ૦ પિકવિકે મિ૦ વૉર્ડલ સામે.

એટલામાં તો કેટલાંય પગલાં આ બધા બેઠા હતા તે તરફ ધસી આવતાં સંભળાયાં અને કમરાનું બારણું ધક્કો મારી ઉઘાડી નાખવામાં આવ્યું. એક નોકરે આગળ આવી હાંફતાં હાંફતાં કહ્યું, "તેઓ ભાગી ગયાં."

"કોણ ભાગી ગયું?" મિ૦ વૉર્ડલે ભયંકર અવાજે પૂછ્યું.

"મિશર જિંગલ ને મિશ રાશેલ ગાડીમાં બેસીને મગલ્ટનની 'બ્લ્યૂ-લાયન' વીશીમાંથી ભાગ્યાં. હું ત્યાં હતો, પણ રોકી શકયો નહિ, એટલે અહીં ખબર આપવા દોડી આવ્યો."

"અરેરે, તેમને તે માટે ખર્ચવાના પૈસા મેં જ આપ્યા! તે મારી પાસેથી દશ પાઉંડ ઉછીના લઈ ગયો છે – તેને રોકો – પકડો – મને છેતરી ગયો – મારે ફરિયાદ કરવી પડશે, પિકવિક!—" આમ બોલતો કમનસીબ ટપમન ઓરડામાં ને ઓરડામાં ગોળ ગોળ દોડવા લાગ્યો. તેને દશ પાઉંડ ગયાનું દુઃખ હતું કે રાશેલ ગયાનું, તે તો વાચકો જ સમજી શકશે.

"ડમણી તૈયાર કરો! પછી 'લાયન'માંથી ઘોડાગાડી મળશે; હું અબઘડી તેઓની પાછળ દોડવાનો. પેલો જાડિયો-'જો' કયાં મુઓ? એને પકડી લાવો; એ બદમાશે પેલા જિંગલ પાસેથી લાંચ ખાઈને, આપણને ભુલાવામાં નાખ્યા અને આપણે મિ૦ ટપમન બિચારાને ગુનેગાર ધારીને તેમની તપાસ રાખતા બેસી રહ્યા; ખરી રીતે તો પેલો જિંગલ જ રાશેલને ઉડાવી જવાના કાવાદાવા ચલાવતો હતો."

બધી બાનુઓ ચીસો પાડવા માંડી; તેમણે મિ૦ વૉર્ડલને પકડી રાખવા. મિ૦ પિકવિકને જોરદાર ભલામણ કરી; "નહિ તો મિ૦ વૉર્ડલ એ જાડિયાને મારી નાખશે."

મિ૦ પિકવિકે જીવ ઉપર આવી જઈ મિ૦ વૉર્ડલને પકડી રાખ્યા. તેમનું ભલું મોં એ પ્રયાસથી લાલ લાલ થઈ ગયું; પણ તેમણે ધમ-પછાડા કરતા મિ૦ વૉર્ડલને જરાય ચસકવા દીધા નહીં. દરમ્યાન બધી બાનુઓ જાડિયાને નહોર ભરતી, ચીમટીઓ ભરતી, ધક્કા મારતી બહાર ધકેલી ગઈ.

પણ પછી તો ડમણી તૈયાર થયાની ખબર મળતાં મિ૦ વૉર્ડલ એકદમ દોડવા લાગ્યા.

પણ પાછી બાનુઓએ ચીસાચીસ કરી મૂકી : "એમને એકલા ન જવા દેશો, નહિ તો તે કોઈને મારી નાખશે." (કૂઈબાને જ વળી! બીજા કોને?)

"હું તેમની સાથે જઈશ," મિ૦ પિકવિકે તરત પોતાનો નિર્ણય જાહેર કર્યો.

"તમે બહુ ભલા છો, મિ૦ પિકવિક," મિ૦ વૉર્ડલે મિ૦ પિકવિકનો હાથ પકડી તેમને ખૂબ હલાવી નાખીને કહ્યું, "સંકટ વખતે સાથ આપે તે જ મિત્ર! પણ એમા, મિ૦ પિકવિકને ગળે વીંટવા શાલ લાવી આપ. પણ ઉતાવળ કર – નહિ તો એ લોકો દૂર ભાગી જશે – અને પરણી જશે, પછી આપણે જઈનેય શું કરવાના?"

ડોસી તરત બેભાન થઈ ગયાં. તેમની સંભાળ લેવાની ભલામણ કરી, બંને જણ ડમણીમાં બેસી ગયા અને થોડી વારમાં 'બ્લ્યૂ લાયન' જઈ પહોંચ્યા.

ત્યાં જઈ પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે, પેલાં બે જણ ત્યાંથી નીકળી ગયે પોણોએક કલાક થયો હશે. વીશીવાળાએ તરત એક ઘોડાગાડી તૈયાર કરવા ધૂમાધૂમ કરી મૂકી; પણ નોકરોને મિ૦ જિંગલે અક્કલ વાપરીને ખુશ કરી રાખ્યા હોઈ, તેઓએ દોડાદોડ ખૂબ કરી, પણ ઘોડાગાડી કેમેય તૈયાર થઈને બહાર આવી નહિ.

મિ૦ વૉર્ડલે થોડી વાર બાદ ત્રાડ નાખી : "ઘોડાગાડી આજે રાતે તૈયાર થવાની છે કે નહિ?"

પાછો થોડો વધુ વખત બગડ્યા પછી ઘોડાગાડી આવી, અને મિ૦ વૉર્ડલ અને મિ૦ પિકવિક અંદર બેસી ગયા.

૨

ઘોડાગાડી હવે વેગથી દોડવા લાગી. કેટલોય વખત ઉશ્કેરાટમાં વીત્યા પછી, અચાનક હાંકનારાઓએ ધૂમ પાડી — "એહે-ય."

મિ૦ પિકવિકે મિ૦ વૉર્ડલને પૂછ્યું, "શું હશે?"

"નાકાનો દરવાજો." મિ૦ વૉર્ડલે કહ્યું.

ઓરડીના બારણા ઉપર કેટલીય ઠોકાઠોક પછી, નાકાવાળો ધીમે ધીમે બહાર આવ્યો, અને દરવાજો ઉઘાડવા લાગ્યો.

"અહીંથી એક ઘોડાગાડી ગયે કેટલો વખત થયો વારુ?" મિ૦ વૉર્ડલે તેને પૂછ્યું.

"કેટલો વખત થયો, એમ?"

"હા, હા!"

"બરાબર ખબર નથી; પરંતુ બહુ વખત નથી થયો તેમ જ થોડો વખત પણ નથી થયો."

"પણ ઘોડાગાડી અહીં થઈને ગઈ છે, એ વાત તો નક્કી ને?"

"ઘોડાગાડી અહીં થઈને ગઈ છે, એમ? હા, એક ગાડી ગઈ છે."

"કેટલો વખત થયો, મિત્ર?" મિ૦ પિકવિકે હવે જરા મળતાવડી રીતે તેને પૂછ્યું; "એકાદ કલાક થયો હશે?"

"હા, થયો હશે."

"કે પછી બે કલાક?" હાંકનારે પૂછ્યું.

"બે કલાક થયા હોય તો નવાઈ નહીં."

"અરે ભાઈ આપણી ગાડી જ હાંકવા માંડો; એ બુઢ્ઢા બેવકૂફ પાસેથી કશી માહિતી મળવી અશકય છે."

એ બુઢ્ઢાએ દરવાજો ઉઘાડ્યો. એ ઘોડાગાડી દૂર નીકળી ગઈ પછી એ બુઢ્ઢો હસતો હસતો બોલ્યો, "બેટાઓ, નહીં નહીં તોપણ

આ બુઢ્ઢા બેવકૂફે તમારી દશ મિનિટ ખાસી બગાડી જ છે. પેલા બિચારે મને એક ગિની રોકડી પકડાવી દીધી હતી તે મારે હલાલ કરવી પડે ને! તમે તેઓને પકડી રહ્યા બેવકૂફો!"

પછી ઘોડા બદલવાનો ટપ્પો આવ્યો, ત્યારે ત્યાંના નોકરો એટલા ઘસઘસાટ ઊંઘતા હતા કે દરેક જણને ઉઠાડવામાં પાંચ પાંચ મિનિટ બગડી. પછી તબેલાની ચાવી કંઈક આડી અવળી મુકાઈ ગયેલી તે શોધવામાં વખત ગયો. ચાવી જડી ત્યારે ઊંઘેટા નોકરે જીન અવળાં કસેલાં. તે છોડીને પાછાં ફરીથી નવેસર કસવાં પડ્યાં. આમ એક પછી એક મુશ્કેલીઓ આવવા જ માંડી; છતાં મિ૦ વૉર્ડલે હતાશ થયા વિના, સૌને ટોકી ટોકીને, છેવટે પેલાઓએ ધાર્યું હતું તેના કરતાં વધુ જલદી ઘોડાગાડી તૈયાર કરાવી દીધી.

પછી ઘોડાગાડી ઊપડી. આગળનો ટપ્પો પંદર માઈલ દૂર હતો, અને રાત ઘણી અંધારી હતી.

એક વાગી ગયો હતો. આગળને ટપ્પે પહોંચતાં બે કલાક થઈ ગયા. પણ ત્યાં પહોંચતાં આશા ફરીથી ઊભી થાય એવી વસ્તુ તેમની નજરે પડી : પેલાં ભાગેડુઓની ઘોડાગાડી ત્યાં કાદવથી ખરડાયેલી પડી હતી.

મિ૦ વૉર્ડલે તરત પૂછાપૂછ શરૂ કરી તો માલૂમ પડ્યું કે, એક બાનુ અને એક સદ્‌ગૃહસ્થ એમાં બેસીને પાએક કલાક પહેલાં આવ્યાં હતાં. એક જોતર તૂટવાથી તેમને રસ્તામાં મોડું થયું હતું.

મિ૦ વૉર્ડલે તરત જ ચાર ઘોડાવાળી ગાડી તૈયાર કરાવી અને બંને મિત્રો અંદર બેસતાં જ ગાડી પવન-વેગે ઊપડી.

ત્રણેક માઈલ આમ વેગથી ઊછળતા પછડાતા તેઓ આગળ ગયા હશે એટલામાં તો આગળની ઘોડાગાડી હવે તેમની નજરે પડી.

મિ૦ વૉર્ડલે તરત હાંકનારાઓને કહ્યું, "દરેકને બબ્બે ગિની, જો તમે પેલાંઓને પકડી પાડો તો?"

આગળની ગાડીના ઘોડા પણ જોરથી ભાગવા માંડ્યા, અને મિ૦ વૉર્ડલવાળી ગાડીના પણ—

"સાલાનું માથું હવે મને દેખાય છે."

"મને પણ." મિ૦ પિકવિકે કહ્યું.

મિ૦ જિંગલ હાંકનારાઓને પાણી ચડાવતા હતા. ગાડીઓ વચ્ચે ખરી હરીફાઈ જામી. થોડી વારમાં મિ૦ વૉર્ડલવાળી ઘોડાગાડી પેલી ઘોડાગાડીની લગોલગ જ આવી ગઈ. મિ૦ વૉર્ડલ હવે જિંગલની સામે જોઈ ગાળો ભાંડતા મુક્કીઓ ઉગામવા લાગ્યા. પણ મિ૦ જિંગલ કશો જવાબ આપ્યા વિના શાંતિથી પોતાના ઘોડાઓને જોરથી દોડાવવાની તરખટમાં જ રહ્યા.

પણ સત્યાનાશ! અચાનક એક ખાડામાં ઘોડાગાડીનું પૈડું પડતાં મોટો ધબાકો થયો, એક પૈડું નીકળી ગયું અને આખી ઘોડાગાડી જોરથી જમીન ઉપર પટકાઈ.

થોડી વાર પછી બધા ભંગારમાંથી મિ૦ પિકવિકને લાગ્યું કે, પોતાને કોઈ ખેંચી રહ્યું છે. જ્યારે તે પગભર થયા ત્યારે જ શું બન્યું હતું તેનો ખ્યાલ તેમને આવ્યો.

બુઢ્ઢા મિ૦ વૉર્ડલ ફાટેલે કપડે અને ઉઝરડાયેલા શરીરે તેમની નજીકમાં જ ઊભા હતા. ઘોડાવાળાઓએ ઘોડાઓનાં જોતર કાપી નાખી તેમને છૂટા કર્યા હતા.

પાછળ થયેલો મોટો ધબાકો સાંભળી મિ૦ જિંગલે બારીમાંથી બહાર નજર કરી; અને બધી સ્થિતિ પામી જઈ ગાડી થોડે દૂર ઊભી રખાવી.

"શું, કોઈને વાગ્યું બાગ્યું?—ઘરડા માણસો—વજન પણ ભારે—જોખમભરેલું કામ—ખૂબ." જિંગલે ગાડીમાં બેઠાં બેઠાં જ પૂછ્યું.

"સાળા બદમાશ!" વૉર્ડલે ગર્જના કરી.

"હા-હા-હા?" જિંગલ ખડખડાટ હસ્યો; પછી એક આંખ મિચકારીને પોતાની ઘોડાગાડીની અંદરની તરફ અંગૂઠો કરીને કહ્યું, "કહું

છું, તે મજામાં છે—તમે લીધેલી તકલીફ માટે ધન્યવાદ કહાવે છે—'ટપી' ને પ્રેમચુંબન પાઠવે છે—ચાલો દીકરાઓ—ગાડી ઉપાડો—જોરથી—ખૂબ."

"સાળો મારા હાથમાં આવે તો—" મિ૦ પિકવિક વેગે ઊપડેલી ઘોડાગાડીની બારીમાંથી જિંગલને હાથમાં રૂમાલ ફરકાવી હસતો જોઈ બોલી ઊઠ્યા.

"હા, હા, પણ આપણે અહીં ઊભા ઊભા ધમકીઓ આપ્યા કરીશું અને તેઓ તો લાયસંસ કઢાવી લંડનમાં પરણી જશે." મિ૦ વૉર્ડલે નિરાશા અને અકળામણના સૂરે કહ્યું.

મિ૦ પિકવિકે એ સાંભળી પોતાના ક્રોધને શીશામાં ઉતારી દાટો મારી દીધો.

"અહીંથી આગળનો ટપ્પો કેટલો દૂર હશે વારુ?" મિ૦ વૉર્ડલે ઘોડાગાડીવાળાઓમાંથી એકને પૂછ્યું.

"છ માઇલ, સાહેબ."

"ભલે છ માઈલ હોય, પણ આપણે ચાલી નાખવું પડશે, પિકવિક."

"કાંઈ વાંધો નહિ," ભલા મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

બે નોકરોમાંથી એકને ઘોડા ઉપર બીજી ઘોડાગાડી લેવા દોડાવી, બીજાને ત્યાં પડેલા ભંગારની સંભાળ રાખવા બેસાડ્યો; પછી એ બે બુઢ્ઢાઓ શાલ ગળે બરાબર વીંટાળી ચાલવા માંડ્યા. અને તે જ ઘડીએ જરા થંભેલો વરસાદ ફરીથી તૂટી પડ્યો.

# ૧૨

## મિ૦ જિંગલ ઉઘાડા પડે છે—

### ૧

**લં**ડનમાં, કોચ-ગાડીની મુસાફરીના સમયમાં પ્રખ્યાત એવી કેટલીક જૂની વીશીઓ હજુ પણ મોજૂદ છે.

તેમાંની એક 'વ્હાઈટ-હાર્ટ' નામની વીશીના આંગણામાં એક માણસ, ગયા પ્રકરણમાં જે વાત વર્ણવી છે તેની પછીની સવારે, ખરડાયેલા બૂટની એક જોડ સાફ કરતો બેઠો હતો.

ઉપરથી ઘંટ વાગવાનો અવાજ આવ્યા બાદ એક ચબરાક નોકરડી ઘંટ વગાડનાર કમરાના બારણામાં પેઠી અને અંદરથી જે હુકમ મળ્યો તે સાંભળી લઈને દાદરનો કઠેરો પકડીને બોલી—

"સેમ!"

"હલોવ," બૂટ સાફ કરનારાએ જવાબ આપ્યો.

"બાવીસ નંબરવાળાના બૂટ સાફ કરી લીધાં હોય, તો માગે છે."

"તો એ બાવીસ નંબરને પૂછ કે, એને બૂટ હમણાં જ જોઈએ છે કે, તેને મળે ત્યાં સુધી તે રાહ જોવા તૈયાર છે."

"જા, જા, ગાંડાવેડા ન કર; એ સદ્‌ગૃહસ્થને પોતાના બૂટ તરત જ જોઈએ છે."

"વાહ ફાંકડી, તારો મીઠો કંઠ સંગીત-મંડળીને લાયક હોઈ સાંભળવો ગમે છે; પણ તું જોતી નથી કે, અહીં અગિયાર જોડી બૂટ પડચા છે, અને એક જોડો છ નંબરવાળા લક્કડ-પગાનો છે! અગિયાર જોડી જોડા સાડા આઠ વાગ્યે આપવાના છે, અને પેલો જોડો નવ

વાગ્યે, તો બાવીસ-નંબરવાળો વળી એવી તે કઈ બલા છે કે, બધા જોડાને પાછળ ધકેલી મૂકે ? બધું 'વારા પ્રમાણે' થશે : બહારવટિયાએ પકડેલા માણસોને બાંધ્યા પછી ડોકાં ઉડાવતા પહેલાં કહ્યું હતું તેમ."

ફરી વાર જોરથી ઘંટ વાગ્યાનો અવાજ આવ્યો. અને હવે તો વીશીની માલિકણ જ સામેની ગૅલરીમાં આવીને કહેવા લાગી —

"સૅમ ! કયાં છે એ આળસુનો તાજ ! – વાહ, સૅમ ! તું તો અહીં જ છે, તો પછી જવાબ કેમ નથી આપતો ?" એમ કહી તેણે એક બાનુના જોડા ફેંકીને કહ્યું, "સત્તર નંબરના આ જોડા તરત સાફ કરી, પહેલે માળે પાંચ નંબરની બાનગી રૂમમાં આપી આવ."

"નંબર ૫," સૅમ બીસામાંથી ચાક કાઢી તે જોડાના તળિયા ઉપર નંબર લખતાં બોલ્યો — "બાનુના જોડા અને બાનગી રૂમ ! પેલી ઘોડાગાડીમાં આવી તે જ હશે."

"હા, હા, આજે વહેલી સવારે આવ્યાં તે બાનુ," પેલી નોકરડી હજુ કઠારો પકડીને ઊભી હતી તે બોલી; "તેમની સાથે આવેલા સદ્-ગૃહસ્થને જ પોતાના જોડા જોઈએ છે; અને તું તરત જ તેમના જોડા પણ તૈયાર કરી નાખ."

"તો પહેલેથી કેમ કહી દેતી નથી, વળી ? હું તો જાણતો હતો કે, એ બધા ચાલુ લોકોના ત્રણ પેન્સના ધરાકોમાંથી જ કોઈકના જોડા હશે. પણ બાનુ સાથે આવેલા બાનગી કમરાવાળા ગૃહસ્થ હોય, તો એ તો રોજનું એક શિલિંગનું ધરાક કહેવાય; અને ફેરા – ટાંપાના મળે તે જુદા !"

તરત જ મિ૰ સૅમ્યુએલ એ મોટી રકમના ધરાકના જોડા સાફ કરવામાં દિલ દઈને લાગ્યા, અને જોડા તૈયાર થતાં પાંચ નંબરે આવી પહોંચ્યા.

"અંદર આવ," સૅમે મારેલા ટકોરાના જવાબમાં અંદરથી અવાજ આવ્યો.

સેમે અંદર જઈ નાસ્તો કરવા બેઠેલાં બાનુ અને સદ્‌ગૃહસ્થને વિનયસર નમન કર્યું અને પછી તેમના જોડા તેમના પગ આગળ ગોઠવી, તે બારણા તરફ પીઠ રાખી બહાર જવા લાગ્યો.

"બૂટ્સ*" સદ્‌ગૃહસ્થે કહ્યું.

"જી સાહેબ."

"તો ડૉકટર્સ-કૉમન્સ જગા કયાં આવી તે ખબર છે?"

"હા, જી."

"કયાં?"

"પૉલના ચર્ચ-યાર્ડમાં એક બાજુ બૂકસેલર છે, બીજી બાજુ હોટેલ છે, અને વચ્ચે પરણવાનાં લાયસંસ કઢાવી આપનારા દલાલ."

"લાયસંસના દલાલ? તેઓ શું કામ કરે વળી?"

"વાહ, તેઓ ઘરડા સદ્‌ગૃહસ્થોના માથામાં પરણવાના એવા વિચાર ઘુસાડી દે કે, જેવા તેમણે સ્વપ્નામાં પણ ન જોયા હોય! મારા બાપુ ઘોડા-ગાડીના હાંકેડુ હતા. તેમની બૈરી મરી ગઈ. મારા બાપ એટલા બધા જડા હતા કે ન પૂછો વાત — તેમની બૈરીએ મરતાં મરતાં પાછળ ચારસો પાઉંડ મૂકયા — મારા બાપુ એ ચારસો પાઉંડ લઈ, કયાં રોકવા એ પૂછવા ત્યાં ગયા — તરત એક દલાલ આવીને કહે — 'લાયસંસ, સાહેબ, લાયસંસ?' 'એ શું?' મારા બાપે પૂછ્યું. 'પરણવાનું લાયસંસ,' પેલાએ કહ્યું. 'જા, જા, ભલાદમી, મારે વળી બૈરી કેવી?' મારા બાપા બોલ્યા. 'ના સાહેબ, તમારે બૈરીની બહુ જરૂર છે,' પેલાએ કહ્યું. 'ના, હું ઘરડો થયો અને બહુ મોટી સાઈઝમાં છું,' મારા બાપ બોલ્યા. 'વાહ, આપના કરતાં એવડા કદવાળાને અમે હમણાં જ પરણાવી આપ્યા,' દલાલે કહ્યું. 'હેં? મારા કરતાં એવડી સાઈઝ?' મારા બાપે નવાઈ પામી પૂછ્યું. 'ખરી વાત; તમે તો તેની આગળ બેબી કહેવાઓ,' પેલાએ કહ્યું. ઝટ દઈને મારા બાપને અંદર લઈ ગયો. એક વકીલ અંદર લખ્યા કરતો હતો. તેણે મારા

* બૂટ સાફ કરનાર નોકર. ફેરા-ટાંપાનું કામ પણ કરે.

બાપનું નામ પૂછ્યું, ઠામ પૂછ્યું અને પછી પરણનાર બૈરીનું નામ પૂછ્યું. મારા બાપ કહે, 'મને કયાં ખબર છે? પછીથી ભરી લેજો ને!' 'ના ચાલે, હમણાં જ લખાવવું પડે,' વકીલે કહ્યું. 'તો લખો મિસિસ ક્લાર્ક,' મારા બાપે કહ્યું. 'ક્લાર્ક કેવાં?' વકીલે પૂછ્યું. 'સુસાન ક્લાર્ક, ડોર્કિંગ; હું તેને કહીશ તો ના નહિ પાડે.' મારા બાપે કહ્યું. મારા બાપ તરત લાયસંસ લઈને ઘેર આવ્યા અને સીધા પેલીના પીઠા ઉપર ગયા. અને તે પણ મારા બાપને પરણી જ બેઠી. એટલે મારા તો ચારસો પાઉંડ ગયા તે ગયા. અને હવે હું કુટુંબ વિનાનો, ગ્રીઝ વગરના પૈડા જેવો, ચિચુડ ચિચુડ કરતો ખાલી ફર્યા કરું છું."

આટલું ભાષણ આપી સૅમ ઓરડી બહાર ચાલ્યો ગયો.

"સાડા નવ વાગ્યા – વખત થયો – જલદી જવું જોઈએ – ખૂબ." પેલો સદ્‌ગૃહસ્થ બોલ્યો.

"શાનો વખત થયો?" લાડ કરતી પેલી બાનુ બોલી.

"લાયસંસ – વહાલી દેવીને – મારી કરવાનું – મિસિસ જિંગલ બનાવવાનું – મિસ રાશેલને – કાલે પરણવાનું – હા-હા-હા!"

"હાય, હાય, પરણવાનું લાયસંસ!" રાશેલ શરમાઈને લાલ લાલ થઈ જતી બોલી; "તમે બહુ ઉતાવળા છો."

"અત્યારે ઉતાવળ – પછી તો કલાક – દહાડા – અઠવાડિયાં – પખવાડિયાં – મહિના – વરસ – એમની મેળે દોડતાં જશે – જાણે સ્ટીમ એંજિન દોડયું – હોર્સપાવરની કંઈ વિસાત નહિ –"

"તો પછી કાલ પહેલાં નહિ પરણી શકાય?"

"અશકય – ચર્ચમાં નોટિસ – આજે લાયસંસ મૂકવાનું – કાલે હસ્તમેળાપ."

"પણ તે પહેલાં મારા ભાઈ આપણને પકડી પાડશે તો? તે બહુ ઝનૂની માણસ છે; મને બહુ બીક લાગે છે!"

"પકડી પાડે? – અશકય – ઘોડાગાડી તૂટી – પગે ચાલતા આવે – આ હોટેલમાં જ કેવી રીતે આવે –? હા-હા-હા – સાવચેતી – ખૂબ."

"તો બહુ મોડું ન કરશો, વહેલા પાછા આવજો," ફઈબાએ વહાલપૂર્વક કહ્યું; "મને એકલીને નહીં ગમે."

"વિયોગ – છૂટો – તમારાથી ? – ક્રૂર મોહિની – એક મિનિટ – અશક્ય," એમ કહી મિ૦ જિંગલે ફઈબાને પ્રેમભર્યું ચુંબન કરી, રજા લીધી.

"કેવા વહાલા લાગે છે," ફઈબા બારણું બંધ કરતાં ગણુગણ્યાં.

"સાલી, બુઢ્ઢી !" મિ૦ જિંગલ બહાર નીકળીને મોઢું બગાડતાં બબડ્યા.

## ૨

મિ૦ જિંગલ લાયસંસ લઈ પોતાને ઉતારે પાછા ફરતા હતા, તેવામાં બે હૃષ્ટપુષ્ટ, અને એક પાતળો એમ ત્રણ સદ્‌ગૃહસ્થો 'વ્હાઈટ-હાર્ટ' વીશીમાં દાખલ થયા.

પોતાને જોઈતી માહિતી કોને પૂછવી એનો વિચાર તે કરતા હતા, એટલામાં મિ૦ સૅમ્યુએલ કોઈ બેડૂતના ભારે જોડા એટલો જ ભાર દઈ સાફ કરતા તેમની નજરે પડ્યા.

"મારા મિત્ર," પેલા પાતળા સજ્જન તેની પાસે આવી બોલ્યા.

"વાહ, 'સલાહ-મફત' – ધંધાના આદમી લાગે છે; નહિ તો એકદમ મારા ઉપર એકદમ આટલો ભાવપ્રેમ દાખવે નહિ," એમ વિચારતો સૅમ મોઢેથી એટલું જ બોલ્યો, "ફરમાવો, સાહેબ."

"મારા ભલા મિત્ર, તમારે અહીં ઘણા લોકો આવીને ઊતર્યા છે, નહિ ? કામકાજ ધમધોકાર ચાલતું લાગે છે, હેં !"

સૅમે એ સજ્જન તરફ નજર કરી લીધી. સૂકો, ઊપસેલા ઢેકા-વાળા ચહેરા સાથેનો, આમતેમ ફર્યા કરતી કાળી ચંચળ આંખોવાળો, કાળો પોશાક અને ચકચકિત બૂટ પહેરેલો, તથા ઘડિયાળની સોનાની સાંકળી બહાર લટકતી રાખનારો એ માણસ હતો.

"ઠીક સાહેબ; ધંધાપાણી ઘણાં સારાં જ કહેવાય; દેવાળું નીકળ-વાનો કે માલદાર બનવાનો જરા પણ સંભવ નથી."

"વાહ, તમે તો મશ્કરા માણસ લાગો છો ને?"

"મારા મોટાભાઈને એ રોગ હતો ખરો, અને હું તેની સાથે સૂઈ જતો એટલે કદાચ એ ચેપ મને પણ લાગ્યો હોય તો તે જાણે!"

"તમારું આ મકાન વિચિત્ર પુરાણું મકાન હોય એમ લાગે છે."

"જો તમે આવવાના છો એવી ખબર પહેલેથી મોકલી હોત, તો અમે તેને તોડાવીને નવું કરી દેત."

પેલા પાતળા બટકા માણસે આ જાતના જવાબોથી પોતાનો પેંતરો બદલવાના નિશ્ચયરૂપે ચાંદીની પોતાની લંબચોરસ દાબડીમાંથી છીંકણી કાઢીને સડાકો માર્યો. અને પછી તે બીજી રીતે વાતચીત શરૂ કરવાનું વિચારતા જ હતા, તેટલામાં તેની સાથેના એક ભલા ચહેરા-વાળા જાડા સદ્‌ગૃહસ્થે વચ્ચેથી વાતચીત ઉપાડી લીધી —

"વાત એમ છે કે, આ મારા મિત્ર (બાંધાવાળા પોતાની સાથેના સદ્‌ગૃહસ્થ તરફ આંગળી કરીને) પૂછે તે એક બે પ્રશ્નોના ઠીક જવાબ આપશો, તો તે તમને અર્ધી ગિની —"

"જુઓ સાહેબ, જુઓ સાહેબ, મારી વાત સાંભળો તો ખરા —" પેલો પાતળો માણસ બોલી ઊઠ્યો, "તમે એક વાર ધંધેદારીના હાથમાં તમારી વાત સોંપો, પછી તેનામાં જ તમારે વિશ્વાસ મૂકવો જોઈએ, મિ૦ પિકવિક. તમારે જે કંઈ સૂચન કરવાં હોય તે મને કરવાં જોઈએ; અને આમ અર્ધી ગિની આપવાની વાત એકદમ ન કરી દેવી જોઈએ, મારા મહેરબાન!" એમ કહી તે તપખીરનો એક સડાકો મારી ગંભીર મોં કરી ઊભા રહ્યા.

"મારો હેતુ માત્ર આ નાહક કડવા થતા જતા પ્રસંગને ઝટ પતવવાનો જ હતો; અને તેથી જ માણસોના મારા અનુભવે મને શીખવ્યું છે તે પ્રમાણે આવા દાખલામાં જે રોકડી દલીલ સૌથી વધુ કારગત થઈ પડે છે, તે જ મેં અજમાવી છે."

"ઠીક, ઠીક, બહુ સારું, મારા મહેરબાન. પણ તે વસ્તુ પણ તમારે મને સૂચવવી જોઈતી હતી. ધંધેદારી માણસને કામ સોંપવાનો

એ જ શિરસ્તો કહેવાય સાહેબ, મેં બરાબર સમજાવ્યું ને, મિ૦ પિકવિક ?"

"અને સાહેબ, હું તમારી અર્ધી ગિની સ્વીકારી લઉં, એ મને પણ બરાબર સમજાયું છે ને, સાહેબ ?" સૅમે પોતાને મળનારું ઇનામ હાથમાંથી ચાલ્યું ન જાય તે માટે મિ૦ પિકવિકને સંબોધીને કહ્યું. મિ૦ પિકવિકે હસીને એમાં સંમતિ દર્શાવી : "તો, પછીનો સવાલ એ છે કે, 'ભૂતભાઈ તમારે મારું શું કામ છે, તે બોલી નાખો.' ભૂત જેની આગળ પ્રગટ થયું હતું તેને એ માણસે પૂછ્યું હતું તેમ."

"અમારે એ જાણવું છે —" મિ૦ વૉર્ડલે કહ્યું.

"જુઓ, મારા મહેરબાન, પાછા તમે — ધંધેદારી માણસના હાથમાં —" પેલો માણસ વચ્ચે બોલી ઊઠ્યો.

મિ૦ વૉર્ડલ ખભો મચકોડીને ચૂપ થઈ ગયા.

હવે પેલા પાતળા બટકા માણસે ગંભીરતાથી પૂછ્યું : "અમે તમને એટલા માટે એ પ્રશ્ન પૂછવા માગીએ છીએ, જેથી અંદર બીજા કોઈને કશી જાણ ન થાય કે ચેતવણી ન મળે – અમારે એ જાણવું છે કે અત્યારે આ હોટેલમાં કેટલું કેટલું ઊતર્યું છે ?"

"અંદર કેટલું કેટલું ઊતર્યું છે, એમ ? તો જુઓ નંબર છમાં લાકડાનો પગ; તેર નંબરમાં હેસિયનની જોડ, કૉમર્શિયલમાં બે જોડ બડધિયાં, બાર પાછળની કોટડીમાં રંગેલા ટૉપ, કૉફી-રૂમમાં પાંચ વધુ ટૉપ," પગના જોડાથી જ માણસોને ઓળખતા સૅમે જવાબ આપ્યો.

"બીજું કોઈ નથી ?"

"હાં, હાં થોભો; નંબર પાંચમાં ઘસાયેલા વેલિંગ્ટનની એક જોડ, અને સાથે બાનુના બૂટની એક જોડ."

"એ બાનુના બૂટ કેવી જાતના છે ?" મિ૦ વૉર્ડલે ઝટ દઈને પૂછ્યું.

"ગામઠી."

"બનાવનારનું નામ છે?"

"બ્રાઉન."

"કયાંનો?"

"મગલ્ટનનો."

"બસ એ જ લોંકો છે. ભલા ભગવાન, આપણને જડયાં બરાં!"

"એ વેલિંગ્ટન-જોડા 'ડોકટર્સ કોમન્સ' તરફ ગયા છે."

"હું?"

"હા, લાયસંસ માટે."

"ઓહો, આપણે કેવા વખતસર આવી પહોંચ્યા? અમને એ ઓરડી બતાવ ભાઈ, એક મિનિટ પણ બગાડવાની નથી." વૉર્ડલે બૂમ પાડીને કહ્યું.

"જુઓ, સાહેબ, મહેરબાની રાખો. સાહેબ! બૂબ સાવચેતી, બૂબ સાવચેતી આવશ્યક છે, મારા મહેરબાન!" પેલો પાતળો-બટકો માણસ હવે અર્ધો ગિનીને બદલે આખો પાઉંડ બીસામાંથી કાઢીને સૅમને બતાવીને બોલ્યો, "તમે જો અમને ગુપચુપ એમની ઓરડીએ પહોંચાડી દેશો, તો આ આખો તમારો."

સૅમ એ પાઉંડ જોઈ, બૂબ રાજી થતો એકદમ હાથમાંનું કામ ફગાવી દઈ, તેઓને પેલા કમરા તરફ લઈ ચાલ્યો.

થોડેક આગળ વધ્યા પછી, તેણે પેલો પાઉંડ અગાઉથી પોતાને કબજે લેવા હાથ આગળ કર્યો.

વકીલે (પેલો પાતળો માણસ વકીલ હતો) પાઉંડ તેના હાથમાં મૂકી દીધો, અને તેની શઠતાની કદર તરીકે માથું સહેજ ઊંચું-નીચું-તીરછું હલાવ્યું.

પેલો હવે તેઓને એક ઓરડી પાસે લઈ ગયો; અને મૂંગા મૂંગા તે ઓરડી તેમને તેણે બતાવી દીધી.

બુઢ્ઢા વૉર્ડલે બારણું ઉઘાડયું અને ત્રણે જણા અંદર દાખલ થયા. મિ૦ જિંગલ હમણાં જ લાયસંસ લઈ પાછા ફર્યા હતા અને ફઈબાને બતાવતા હતા.

ફઈબાએ આ લોકોને જોઈને તીણી ચીસ પાડી, અને એક ખુરશીમાં બેસી પડીને બંને હાથે પોતાનું મોં દબાવી દીધું. મિ૦ જિંગલે પેલું લાયસંસ ગુપચુપ પોતાના ખીસામાં સરકાવી દીધું.

"તું મા'જો ખરો બદમાશ છે, હરામી!" મિ૦ વૉર્ડલ ઉશ્કેરાટથી હાંફતા હાંફતા જિંગલ સામું જોઈને બોલ્યા.

"સાવધાન, સાવધાન, મારા મહેરબાન; બદનક્ષી, ચારિત્ર્ય-ભ્રંશ, મોટો ગુનો, નુકસાનીનો દાવો – વિચાર કરો, વિચાર કરો, મારા મહેરબાન!" પેલો વકીલ બોલી ઊઠ્યો.

"મારા ઘરમાંથી મારી બહેનને કાઢી જવાની તારી હિંમત કેમ કરીને ચાલી હરામખોર?" વૉર્ડલ તાડૂક્યા.

"હા, એ બરાબર છે – એ પૂછી શકો," વકીલે જણાવ્યું.

"તું વળી કોણ ભૂતભાઈ છે?" જિંગલે એવા ભયંકર ઘૂરકાટ સાથે પૂછ્યું કે, વકીલ બાપડો એક-બે ડગલાં પાછો હઠી ગયો.

"એ કોણ છે, એમ? સાળા ચોર, એ મારા વકીલ મિ૦ પર્કર છે. હું તારા ઉપર ફરિયાદ માંડીશ, અને તને બરબાદ કરીને જંપીશ. અને તું, રાસ્કલ, આ ઉંમરે તારામાં કંઈક વધુ અક્કલ હોવી ઘટે; આવા એક રખડેલ ભામટા સાથે ભાગી નીકળવું – અને તારા કુળને અને કુટુંબને કલંક લગાડવું, અને તે પણ આ ભામટો તને રખડતી કરી મૂકે તે માટે! ચાલ ઊઠ, તારી બોનેટ માથે મૂકી લે, અને નીકળ અમારી સાથે – અને તું ભાઈ, (સૅમને સંબોધીને) જઈને એકદમ ઘોડાગાડી લઈ આવ અને આ બાઈનું જે કંઈ વીશીનું બીલ થયું હોય તે લઈ આવ."

સૅમ એકદમ વંટોળની પેઠે એ સેવાઓ બજાવવા ઊપડ્યો.

હવે જિંગલ બોલી ઊઠ્યો – "કશું નહિ બને – નીકળો આ રૂમમાંથી – બાનુ પુખ્ત ઉંમરની – એકવીસથી ઘણી વધુ – મરજી પ્રમાણે વર્તવા સ્વતંત્ર!"

"હું એકવીસથી ઘણી વધુ ઉંમરની નથી," ફૅબ્રિા પોતાની ઉંમરનો ઉલ્લેખ થતાં બોલી ઊઠ્યાં.

"અરે તને એકતાલીસથી વધુ ઉંમર થઈ છે, અને ચોક્કસ કહીએ તો તું પચાસ વર્ષની છે," મિ૦ વૉર્ડલ બોલી ઊઠ્યા.

એ સાંભળી ફૅબ્રિા તરત ચીસ પાડીને બેભાન થઈ ગયાં.

ભલા મિ૦ પિકવિકે વીશીવાળીને બોલાવીને પાણીનો પ્યાલો મંગાવ્યો.

"અરે, પાણીનો પ્યાલો નહીં, આખી બાલદી મંગાવો અને અને એના ઉપર રેડો તો એને બરાબર શિક્ષા લાગશે; એને જ લાયકની છે." મિ૦ વૉર્ડલે ગુસ્સામાં આવી જઈને કહ્યું.

"અરે, જાઓ, જાઓ, આવા જંગલી માણસ કચાંથી છો?" વીશીવાળીએ કહ્યું; અને પછી રાશેલ તરફ ફરીને ધીમે અવાજે પંપાળતાં તે કહેવા લાગી, "જો, મારી બહેન, કેવી ડાહી છે? સાંસતી થા, આમ ગભરાય છે શું?" ઇ૦.

પછી તો તેણે એક નોકરડીને બોલાવીને બીજા પણ ઘણા ઉપચારો આરંભી દીધા—જે ઉપચારો, જાણી જોઈને ફીટ ઊભું કરવા માગતી બાનુઓને સહાનુભૂતિવાળી સ્ત્રીઓ સર્વત્ર કર્યા કરે છે.

એટલામાં સૅમે બારણા આગળ આવીને કહ્યું, "ઘોડાગાડી તૈયાર છે, સાહેબ."

"ભલે, હું પોતે જ આને ઉપાડી લઈશ." વૉર્ડલે કહ્યું.

એ પ્રસ્તાવથી રાશેલને બમણા જોરથી ફરી ફીટની તાણો આવવી શરૂ થઈ.

વીશીવાળીએ તરત આ રીત સામે પોતાનો મક્કમ વિરોધ નોંધાવ્યો અને વૉર્ડલને પૂછ્યું કે તે પોતાને આખી દુનિયાના માલિક સમજે છે કે શું?

તે જ ઘડીએ મિ૦ જિંગલે વચ્ચે ત્રાડ નાખી —

"અલ્યા બૂટ્સ, અમઘડી એક ઑફિસરને બોલાવી લાવ."

વકીલ મિ૦ પર્કરે હવે જિંગલને મનાવવા માંડ્યો, "વિચાર કરો, મારા મહેરબાન, વિચાર કરો; કંઈક વચલો રસ્તો કાઢો સાહેબ."

"મારે કંઈ રસ્તો કાઢવો નથી; તે પોતાની જાતની માલિક છે; અને તેની મરજી વિરુદ્ધ કોણ તેને લઈ જાય છે, તે હું જોઉં છું."

"મારે નથી જવું, હું નથી જ જવાની!" આમ બોલી રાશેલે ત્રીજું ફીટ શરૂ કર્યું.

મિ૦ પર્કરે હવે મિ૦ વૉર્ડલ અને મિ૦ પિકવિકને બાજુએ બોલાવી, કાયદેસર સ્થિતિ સમજાવી, કંઈક સમાધાનનો રસ્તો અખત્યાર કરવા વિનંતી કરી.

"કઈ રીતનું સમાધાન?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"એ જ કે આપણે થોડું ઘણું આર્થિક નુકસાન સહન કરી લેવું, એ જ, મારા મહેરબાન," વકીલે કહ્યું.

"ભલે, હું કાંઈ પણ નુકસાન સહન કરવા તૈયાર છું; પણ આ મૂરખ બાઈ એ બદમાશના હાથમાં સપડાઈ કાયમની દુઃખી થાય, એ ન થવું જોઈએ." મિ૦ વૉર્ડલે જણાવ્યું.

તરત જ મિ૦ પર્કરે મિ૦ જિંગલને બાજુના કમરામાં બોલાવી, બારણું બંધ કરી, જણાવ્યું, "જુઓ મહેરબાન હું વકીલ છું, એટલે હું સમજી શકું છું કે, તમે આ બાઈના પૈસાને લોભે જ તેને ભગાડી લાવ્યા છો. જુઓ, સાહેબ, ગુસ્સો દેખાડવાની જરૂર નથી. આ તો મારી ને તમારી વચ્ચેની વાત છે. આપણે દુનિયાદારી સમજીએ છીએ; અને આપણા પેલા મિત્રો નથી સમજતા એ હું કબૂલ કરી લઉં છું, મારા મહેરબાન."

આટલી પ્રસ્તાવના પછી મિ૦ જિંગલે વાતચીત આગળ ચલાવવા દેવા કંઈક મરજી બતાવી, એટલે પછી મિ૦ પર્કરે કહ્યું, "મારી જાણ મુજબ, એ બાનુના હાથમાં, તેમની માતાનું મૃત્યુ થાય ત્યાં સુધી, માત્ર થોડાક સો પાઉંડ સિવાય વધુ મિલકત હોય એમ લાગતું નથી."

"આગળ બોલો," મિ૦ જિંગલે જણાવ્યું.

"એટલે મારા મહેરબાન, હું એમ સૂચવવા માગું છું કે પચાસ પાઉંડ અને છુટકારો, એ મિસ વૉર્ડલ અને તેમને ભવિષ્યમાં મળનારો વારસો એ બંને કરતાં વધુ સારું ગણાય."

"ના, ના, તમે અર્ધી રકમ પણ ન બોલ્યા."

"અરે, વાહ, મારા મહેરબાન, પચાસ પાઉંડ તો ખાસી રકમ છે, અને તમારા જેવો બુદ્ધિશાળી માણસ એટલાથી તો ઘણું ઘણું કરી શકે."

"પણ દોઢસો પાઉંડ હોય તો બીજું ઘણું વધારે કરી શકાય." જિંગલે પૂરી ટાઢાશથી કહ્યું.

"અરે મારા સાહેબ, આપણે આમ તણખલાં ફાડવાની શી જરૂર છે? ચાલો, ચાલો, સિત્તેર પાઉંડ રાખો, મારા મહેરબાન."

"નહિ ચાલે."

"અરે મારા સાહેબ, ચાલ્યા શું જાઓ છો? — ઉતાવળ કરવાની જરૂર નથી. ઠીક ઠીક, એંસી પાઉંડનો ચેક હું લખી આપું છું, મારા મહેરબાન."

"નહિ ચાલે."

"તો પછી શું ચાલશે, એ મને કહો તો."

"ઘણું ખર્ચ થયું – ઘોડાગાડી નવ પાઉંડ – લાયસંસ, ત્રણ – બાર થયા – નુકસાની, સો પાઉંડ – ઇજ્જતનું નુકસાન – અને પછી આખાં બાનુનું નુકસાન —"

"છેલ્લી બે વિગતો તો પડતી મૂકો ને, મારા મહેરબાન; ભલે એકસો બાર પાઉંડ રાખો."

"એકસો વીસ."

"ઠીક, ઠીક, ચાલો."

હવે પેલા કમરામાં આવી, મિ૦ પર્કરે મિ૦ વૉર્ડલને કહ્યું, "ચેક હું પરમ દિવસની તારીખનો લખીશ; દરમ્યાન આપણે બાનુને ઘરભેગાં કરી લઈશું."

મિ૦ વૉર્ડલે તરત કબૂલ કર્યું.

"તો, એક સો પાઉંડ." વકીલે કહ્યું.

"એકસો વીસ પાઉંડ," જિંગલે કહ્યું.

"એને આપી દોને, અને એને અહીંથી વિદાય કરો, એટલે બસ." મિ૦ વૉર્ડલે કહ્યું.

વકીલે ચેક લખી આપ્યો અને જિંગલે તેને ખિસ્સામાં મૂકચો.

"બસ હવે તારું મોં આ ઘરમાંથી બાળ, હરામી!" મિ૦ વૉર્ડલ એકદમ ગરમ ગરમ થઈને બોલી ઊઠચા.

"અરે, મારા સાહેબ, મારા સાહેબ —" વકીલ બોલી ઊઠચો.

"અને જો સાંભળ," મિ૦ વૉર્ડલ તે તરફ લક્ષ આપ્યા વિના આગળ બોલવા લાગ્યા, "હું કોઈ હિસાબે તને આ રકમ આપવા કબૂલ ન થયો હોત; પણ મને ખાતરી છે કે, આ પૈસા મળવાથી તું તારી બરબાદી વધુ જલદી સાધી શકીશ, એટલે જ હું એ પૈસા આપી દેવા કબૂલ થયો છું. હવે જા, કાળું કર!"

"અરે મારા મહેરબાન, આ શું?" વકીલ તેમને ઠંડા પાડતો બોલી ઊઠચો.

"તમે મિ૦ પર્કર ચૂપ રહો; હરામી, ચાલ ભાગ આ ઓરડા-માંથી." મિ૦ વૉર્ડલ ઘૂરકચા.

"આ ચાલ્યો, મારે તમારી સાથે શી લેવાદેવા છે? તો આવજો પિકવિક!"

મિ૦ પિકવિકને આવું મિ૦ લગાડચા વિનાનું તુચ્છ સંબોધન પેલાએ કર્યું, એટલે એ ભલા સદ્‌ગૃહસ્થનો ગુસ્સો તેમની આંખમાંથી

એવો તો ભભૂકી ઊઠ્યો કે, તેમનાં ચશ્માંના કાચ ત્યાં ને ત્યાં ઓગળી ન ગયા, એ જ નવાઈ!

પણ પેલો જિંગલ તો એમના ગુસ્સાની પરવા કર્યા વિના ધીટતાથી પોતાના ખિસ્સામાંથી પેલું લાયસન્સ કાઢી મિ૦ પિકવિકના પગ આગળ ફેંકતાં બોલ્યો, "આ લાયસંસ લઈ જજો – નામ બદલીને – ટપીને કામ લાગશે."

હવે મિ૦ પિકવિકથી શાંત રહેવાય એ અશકય હતું. તરત ખડિયાને ફેંકે ચડાવતા એ તેની પાછળ દોડ્યા; પણ જિંગલ તો ચાલ્યો ગયો હતો એટલે મિ૦ પિકવિક બારણામાં ઊભેલા સૅમના હાથમાં જ જઈને પડ્યા.

"અરે, અરે, તમે સાહેબ જ્યાંથી આવો છો, ત્યાં ફરનિચર સસ્તું હોય એમ લાગે છે. હવે પાછળ દોડવાની શી જરૂર છે, સાહેબ, એ તો કચારનો શેરીને છેડે પહોંચી ગયો."

મોટા માણસોનાં મન હંમેશ દલીલ માટે ખુલ્લાં રહેતાં હોય છે. એટલે સૅમની દલીલ તરત મિ૦ પિકવિકે સ્વીકારી લીધી. પણ જિંગલને માત્ર પૈસા લઈ વિદાય થયેલો જોઈ મિસ વૉર્ડલના આકંદનો પાર ન રહ્યો. મિ૦ પિકવિકે એ હૃદયદ્રાવક દૃશ્યનું તાદૃશ વર્ણન પોતાની નોંધપોથીમાં ઉતાર્યું છે.

## ૧૩

# પુરાતત્ત્વ સંશોધન

### ૧

બે દિવસ પોતાના મિત્રોથી છૂટા પડ્યા બાદ મિ૦ પિકવિક ડિંગ્લી ડેલ મુકામે પોતાના મિત્રો સાથે ભેગા થઈ શક્યા. મિ૦ વિંકલ અને મિ૦ સ્નોડગ્રાસના મોં ઉપર કંઈક ચિંતાની ઘેરી લાગણી જોઈને તેમણે તરત પૂછ્યું, "મિ૦ ટપમનને કેમ છે?"

મિ૦ વિંકલે તો મોં ફેરવી લીધું; પણ મિ૦ સ્નોડગ્રાસે જણાવ્યું, "તે તો ગયા."

"ગયા! ગયા? એટલે શું? કયાં ગયા?" મિ૦ પિકવિકે અકળાઈને પૂછ્યું.

મિ૦ સ્નોડગ્રાસે જવાબમાં, પોતાના ખિસ્સામાંથી એક કાગળ કાઢીને મિ૦ પિકવિકના હાથમાં મૂકી દીધો, અને કહ્યું, "ગઈ કાલે મિ૦ વૉર્ડલનો પત્ર મળ્યો કે તમે બંને તેમનાં બહેન મિસ રાશેલ સાથે પાછા ફરો છો, ત્યારથી તેમના મોં ઉપર એક પ્રકારની ચિંતાની ઘેરી છાયા ફરી વળી હતી. થોડા વખત બાદ તે અલોપ થઈ ગયા. છેક છેવટે સાંજે મગલ્ટનની 'કાઉન' વીશીનો એક નોકર આવીને આ ચિઠ્ઠી આપી ગયો. તે ચિઠ્ઠી તેને સવારમાં આપવામાં આવી હતી, પણ રાતે અહીં પહોંચાડે એવી તેને સખત સૂચના હતી."

મિ૦ પિકવિકે એ કાગળ ખોલીને વાંચવા માંડ્યો —

"વહાલા મિત્ર પિકવિક,

"તમે સામાન્ય મનુષ્યોથી જીતી ન શકાય કે દબાવી ન શકાય એવી કેટલીય માનવ નિર્બળતાઓથી પર છો.

"એક મોહક સુંદરીથી તજાવું, અને તે પણ મિત્રના વેષમાં આવેલા બદમાશનાં કરતૂતોથી, એનું કેટલું ભારે દુઃખ હોઈ શકે, એ તમે કદી સમજી શકવાના નથી.

"હું જીવતો હોઈશ, તો 'લેધર બૉટલ', કોબહામ, કેન્ટ, એ સરનામે લખેલો કાગળ મને મળશે. જો હું તે આગમચ આ દુઃખ-ભરી બનેલી દુનિયા તજી ગયો હોઉં, તો મને માફ કરજો, અને મારે માટે કરુણાભર્યાં બે આંસુ સારજો. આપણે જે શક્તિને જોરે જીવનનો બોજ ઉઠાવી શકીએ છીએ, એ શક્તિ જ ઘસ થઈ જાય, તો પછી જીવનનો બોજ ઉઠાવવો અશકય બની જાય.

"તમે રાશેલને આ બધું કહેજો — હાય, એ મધુર નામ! એ મોહિની — "

"— ટ્રેસી ટપમન"

"ભાઈ આપણે આ સ્થળ હવે છોડી જવું જોઈએ; હવે આપણાથી ઊજળે મોંએ અહીં રહેવું અશકય છે. આપણે આપણા મિત્રની તપાસ પણ કરવી જ પડશે." મિ૦ પિકવિકે નિર્ણય જાહેર કરી દીધો.

મૅનોર-ફાર્મનાં રહેવાસીઓ પાસેથી વિદાય મેળવવી એ દુઃખદ તથા મુશ્કેલ કામ હતું. મિ૦ પિકવિક અને મિ૦ વિંકલ તો તરત બધું પતવીને બહાર આવી ગયા. પણ મિ૦ સ્નોડગ્રાસ જલદી બહાર ન આવતાં, બે ત્રણ વખત તેમને બોલાવવા પડયા. છેવટે તે એક અંધારા ખૂણામાંથી બહાર આવ્યા, ત્યારે તેમની પાછળ ઍમિલી હતી અને તેની આંખો આંસુભરી હતી.

## ૨

મગલ્ટન પહોંચી મિત્રોએ રોચેસ્ટર જવા માટે ઘોડાગાડી કરી લીધી. રોચેસ્ટર પહોંચતાં સુધીમાં તો પ્રિય પરિચિતોથી છૂટા પડવાનો શોક તેમનાં અંતરમાંથી એટલો બધો દૂર થઈ ગયો હતો કે, તેઓએ

સારી પેઠે ભોજન કરી લીધું; અને પછી રસ્તાની માહિતી મેળવી તેઓ કેમ્બ્રહામ તરફ જવા પગપાળા ઊપડ્યા.

અર્ધાએક કલાક બાદ તેઓ તે ગામે પહોંચ્યા અને પૂછપરછથી 'લેધર બોટલ' વીશીએ પહોંચી, તેની માલિકણને, તેની વીશીમાં મિ૦ ટપમન નામના સદ્‌ગૃહસ્થ ઊતર્યા છે કે નહિ એ માહિતી પૂછવા લાગ્યા.

વીશીની માલિકણે એક નોકરને મિ૦ ટપમનની ઓરડી બતાવવા મોકલ્યો. બારણું ઉઘાડીને તેઓએ જોયું તો મિ૦ ટપમન મજાથી ભોજન કરતા હતા. ટેબલ ઊપર પીરસેલી એ બધી સાગગ્રી જોતાં, તે આ દુનિયાની કાયમની વિદાય લેવા ઇચ્છનાર માણસ માટેની હોય, એમ લાગતું નહોતું.

મિત્રોને જોઈ મિ૦ ટપમનનું મોં પડી ગયું.

મિ૦ પિકવિકે તેમને ભોજન પૂરું કરી લઈ, પોતાની સાથે એકાંતમાં વાતચીત કરવા આવવા વિનંતી કરી.

મિ૦ ટપમન ભોજન પૂરું કરી રહ્યા એટલે પાસેના ચર્યના મેદાનમાં તે અને મિ૦ પિકવિક આંટા મારતા વાતચીત કરવા લાગ્યા.

મિ૦ પિકવિકે મિ૦ ટપમનના આત્મહત્યા કરવાના દૃઢ નિશ્ચયને બદલવા પોતાના અંતરની તમામ તાકાતથી પ્રયત્ન શરૂ કર્યો. એ મહાન પુરુષના શબ્દોમાં રહેલી આંતરિક તાકાતથી, કે મિ૦ ટપમન આવા એકાંતવાસથી થાકચા હતા તેથી — ગમે તેમ — પણ તે તરત માની ગયા. તેમણે જણાવ્યું —

"જીવનમાંથી મારો રસ તો તદ્દન ખલાસ થઈ ગયો છે; એટલે હવે જીવવું કે મરવું મારે એકસરખાં થઈ ગયાં છે. તેથી તમારી સાથે આગળના પ્રવાસમાં જોડાવામાં મને વાંધો નથી."

મિ૦ ટપમને આત્મહત્યા કરવાનો પોતાનો દૃઢ નિશ્ચય બદલી નાખ્યો, પોતાના સાથે આવવાનું કબૂલ કરી પોતાને જે બહુમાન આપ્યું, તે બદલ મિ૦ પિકવિકે તેમનો હાર્દિક આભાર માન્યો. તે ભલા

માણસના ચહેરા ઉપર એક ઉપયોગી તથા અગત્યનું કાર્ય પાર પાડવાનો દૈવી પ્રકાશ ફેલાઈ રહ્યો.

તેઓ હવે પેલી વીશી તરફ પાછા ફર્યા. અને તે પાછા ફરવા દરમ્યાન જ મિ૦ પિકવિકે તેમની પેલી અમર શોધ કરી, જે તેમના મિત્રો માટે કાયમનાં અભિમાન અને બડાશની વસ્તુ બની રહી, તથા દેશના અને પરદેશના પુરાતત્ત્વવિદો માટે તેવી જ કાયમની અદેખાઈની વસ્તુ પણ.

મિ૦ પિકવિકની નજર રસ્તામાં પડેલા એક તૂટેલા પથ્થર ઉપર પડી હતી. તે પથ્થર એક ઝૂંપડીના બારણા પાસે અર્ધો જમીનમાં દટાયેલો હતો. મિ૦ પિકવિક તરત નીચા નમી, એ પથ્થર ઉપરની ધૂળ પોતાના બ્રિસ્સા-રૂમાલ વડે ઝાપટવા લાગ્યા.

મિ૦ ટપમન પોતાના નેતાની આ ક્રિયા નવાઈ પામી જોઈ રહ્યા.

"અરે આ પથ્થર ઉપર તો એક પ્રાચીન શિલાલેખ કોતરેલો છે ને કંઈ!" મિ૦ પિકવિક તરત ઉત્સાહમાં આવી જઈ બોલી ઊઠ્યા.

"પ્રાચીન શિલાલેખ?" મિ૦ ટપમન પણ રસ્તે ચાલતાં થયેલી આવી મહાન અને ખ્યાતિપ્રદ શોધથી આનંદ-ગદ્‌ગદ્ થઈને બોલ્યા.

"હા, હા, જુઓ આ એક કોસ છે, પછી 'બી' (B) અક્ષર છે, અને પછી 'ટી' (T) અક્ષર છે. આ તો બહુ અગત્યનું બનતું જાય છે. જરૂર આ કોઈ બહુ પ્રાચીન જમાનાનો લેખ છે, અને એનો આપણે કોઈ પણ હિસાબે કબજો લેવો જોઈએ."

તેઓએ તરત એ ઝૂંપડીનું બારણું થપથપાવ્યું. એક મજૂર જેવા માણસે અંદરથી બારણું ઉઘાડ્યું.

"આ પથ્થર અહીં કેવી રીતે આવ્યો, તે તમને ખબર છે, મિત્ર?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"ના, સાહેબ, હું કે અમે બધાં જન્મ્યાં તે પહેલાં તો આ પથ્થર આમ જ પડેલો છે."

મિ૦ પિકવિકે તરત વિજયભરી દૃષ્ટિએ મિ૦ ટપમન સામે જોયું.

"તમને, — તમને મિત્ર, એ પથ્થર ઉપર ખાસ આસક્તિ નહિ હોય," મિ૦ પિકવિક ઘૂજતા ઘૂજતા બોલ્યા; "તમે એ પથરો અમને વેચાતો આપી દેશો ?"

પેલાના મોં ઉપર તરત લુચ્ચાઈનો ભાવ છવાઈ ગયો. તે બોલ્યો, "પણ એ પથરાને કોણ વળી ખરીદવા ઇચ્છે ?"

"હું તમને દશ શિલિંગ તરત જ આપી દઉં છું; તમે એને જમીનમાંથી ઉખાડી આપો ને !"

પેલાએ કોદાળીથી એક જ આંચકો આપ્યો અને તે પથ્થર ઉપર આવી ગયો. મિ૦ પિકવિક તે પથરાને મોંઘી મૂડીની જેમ હાથમાં કાળજીથી ઉપાડીને લઈ આવ્યા.

આખા ગામમાં આ સમાચારથી તરત સન્નાટો છવાઈ ગયો. મિ૦ પિકવિકે વીશીમાં આવી, તે પથરાને કાળજીથી પોતાના હાથે ધોયો અને ટેબલ ઉપર મૂક્યો, પછી ચારે મિત્રોએ આનંદથી ધડકતે હૃદયે બધા અક્ષરો વાંચ્યા, તો નીચેનો લેખ વાંચી શકાયો —

+

BILST

UM

PSHI

S. M.

ARK

મિ૦ પિકવિકની આંખો આનંદથી ચમકવા લાગી. દેશનો આ પ્રદેશ જૂના જમાનાના અવશેષોથી ભરપૂર હતો. ત્યાંથી એક અદ્‌ભુત અને તેથી કરીને અમૂલ્ય શિલાલેખ શોધી કાઢવાનું બહુમાન એમના જેવા એક નાચીજ સંશોધકને મળ્યું હતું ! તેમને પોતાની આંખો ઉપર પણ વિશ્વાસ બેસતો નહોતો !

તરત જ તેમણે બીજે દિવસે શહેર તરફ પાછા ફરવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો.

"આ પથ્થર આપણા દેશના પ્રાચીન ઈતિહાસ માટે, અને તેથી સમગ્ર માનવજાતના ઈતિહાસ માટે ભારે અગત્યનું પગથિયું નીવડી શકે તેવી અગત્ય ધરાવે છે. એટલે આપણે એ પથ્થરને તરત જ પુરાતત્ત્વના અભ્યાસીઓને સોંપી દેવો જોઈએ. ઉપરાંત, થોડા દિવસ બાદ ઍટન્સવિલ પરગણામાં ચૂંટણી થવાની છે. મારા તાજેતરના પરિચિત મિ૦ પર્કર ત્યાં એક ઉમેદવારના એજન્ટ બન્યા છે. તેમણે દરેક અંગ્રેજ બચ્ચાને માટે ખૂબ રસ ધરાવતા એ પ્રસંગને જાતે નિહાળવા મને આમંત્રણ આપ્યું છે. મને આશા છે કે, તમે સૌ પણ ત્યાં હાજર રહેવા ઇચ્છશો." મિ૦ પિકવિકે જણાવ્યું.

"જરૂર, જરૂર!" ત્રણે અવાજે બોલી ઊઠ્યા.

મિ૦ પિકવિકને પોતાના સાથીઓની પોતાની પાછળ ચાલ્યા આવવાની આ તત્પરતા જોઈ ઘણો આનંદ થયો. તે પોતે તેમના નેતા હતા, મિત્ર હતા, માર્ગદર્શક હતા. અને તેમની પોતા પ્રત્યેની ભક્તિનો આ પુરાવો તેમને માટે ગૌરવ લેવા જેવી વસ્તુ હતી.

મિ૦ પિકવિકે એ પથ્થરને વીશીની માલિકણ પાસેથી માગી લીધેલા એક ખોખામાં પૅક કરી દીધો. પછી તેઓએ આ અદ્‌ભુત સંપ્રાપ્તિને તેને છાજે તે રીતે પીણાંથી અને ભોજનથી ઊજવી.

# ૧૪

## ખાડો ખોદે તે પડે!

ચાર મિત્રો જમી પરવારી પગપાળા ગ્રેવસેન્ડ આવ્યા. પેટીમાં પેક કરેલો પેલો પથ્થર લઈ એક મજૂર તેમની પાછળ પાછળ આવ્યો હતો.

ગ્રેવસેન્ડથી તેઓ કોચમાં જગા મેળવી હેમખેમ લંડન આવી પહોંચ્યા.

પિકવિક ક્લબની અહેવાલ-પોથી ઉપરથી જણાય છે કે, મિ૦ પિકવિકે ક્લબની તે પછીની રાતે મળેલી જનરલ મિટિંગમાં પોતે શોધી કાઢેલા પથ્થરના મહત્ત્વ વિષે ભાષણ આપ્યું. પછી તેમણે એ પથ્થરના લેખની પથ્થર ઉપર જ કોતરણીવાળી નકલો તૈયાર કરાવી ને પુરાતત્ત્વ-મંડળ તથા બીજાં દેશપરદેશનાં વિદ્વાન મંડળોને પહોંચાડી. તે નકલો પહોંચતાં જ કેટલીય લાંબી-કડવી ચર્ચાઓ એ મંડળો વચ્ચે જામી.

મિ૦ પિકવિકે પોતે એ શિલાલેખ અંગે ૯૬ પાન ફ્લેાઠસ ભરેલું એક ચોપાનિયું છપાવ્યું. તેમાં તેમણે એ શિલાલેખનાં ૨૭ જુદાં જુદાં પાઠાંતરો પણ આપ્યાં.

પુરાતત્ત્વ વિષેના એ અગત્યના સંશોધનની આસપાસ એવી તીવ્ર ચર્ચાઓ શરૂ થઈ કે, ત્રણ બુઢ્ઢા સદ્‌ગૃહસ્થોએ પોતાના પાટવી પુત્રોને એ શિલાલેખની પ્રાચીનતા ઉપર શંકા લાવવા બદલ ના-વારસ ઠરાવી દીધા; અને એક ઉત્સાહી વ્યક્તિએ તો એ અગત્યના શિલાલેખનો અર્થ ઉકેલી ન શકવાને કારણે અકાળે જ પોતાની જાતને આ દુનિયા માટે જ નાલાયક ઠરાવી દીધી. મિ૦ પિકવિકને નેટિવ તેમ જ પર-

દેશની મળી કુલ સત્તર સોસાયટીઓએ પોતાના ઑનરરી સભ્યનું બહુમાન આપ્યું – જો કે એ સત્તરમાંથી એક પણ સોસાયટી એ શિલાલેખનો કશો અર્થ કાઢી શકતી ન હતી. પણ એ સત્તરેય સોસાયટીઓ એક બાબતમાં સહમત હતી કે, એ શિલાલેખ અદ્વિતીય હતો.

જો કે પિકવિક ક્લબના એક સભ્ય અને મિ૦ પિકવિકના અંગત શત્રુ મિ૦ બ્લૉટને એ શિલાલેખનો એક તદ્દન અસંસ્કારી, અસભ્ય અને તુચ્છ અર્થ કાઢી બતાવી ઇતિહાસને પાને કાળે અક્ષરે ચડવા જેવું કામ કર્યું, તેની નોંધ લેવી અત્રે પ્રાપ્ત થાય છે. મિ૦ પિકવિકના અમર નામને બટ્ટો લગાડવા જ, એ તુચ્છ આશયવાળો માણસ જાતે કૉબહામ જઈ આવ્યો; અને તેણે પાછા આવીને નીચેની હકીકત રજૂ કરી –

"એ પથરાને એનો માલિક ઘણો પ્રાચીન માને છે એ સાચું; પણ એના ઉપર કોતરેલો શિલાલેખ તો તદ્દન અર્વાચીન છે. કારણ કે, એ લેખ તો એણે પોતે જ, પોતાના જ જીવનકાળ દરમ્યાન, નવરી ક્ષણોમાં કોતર્યો હતો; અને તે લેખ બીજું કશું નહિ પણ તેનું પોતાનું નામ છે – 'BILL STUMPS, HIS MARK.' અર્થાત્ તે ભલાદમીએ પોતાનું બિલ સ્ટંપ્સ નામ કોતરી, સહી દસ્તક પોતે, એ અર્થમાં HIS MARK શબ્દો ઉમેર્યા હતા. અલબત્ત, પોતાના નામમાંથી એક L તેણે ઓછો કર્યો, પણ એ તેનો પોતાનો અધિકાર ગણાય; કારણ કે, એ સહી તેણે કોઈ સરકારી કાગળ ઉપર નહોતી કરી, પણ પોતાને આંગણે પડેલા પથ્થર ઉપર કરી હતી."

પિકવિક ક્લબે, એ વિદ્વાન મંડળીને છાજે તેમ, બ્લૉટનની એ જાહેરાતને ઉચિત તુચ્છકારથી જ નવાજી. તેમણે એ નાલાયક માણસનું નામ ક્લબના રજિસ્ટરમાંથી છેકી નાખ્યું, એટલું જ નહિ, મિ૦ પિકવિકે કરેલી અદ્‌ભુત શોધમાં પોતાનો વિશ્વાસ જાહેર કરવા માટે તેમણે મિ૦ પિકવિકને સોનાની ફ્રેમવાળાં ચશ્માં ભેટ આપ્યાં. સામેથી

પિકવિકે પોતાનું તૈલચિત્ર ચિતરાવી, ક્લબના દીવાનખાનામાં લટકાવવા માટે ભેટ આપ્યું.

મિ૦ બ્લૉટનને ક્લબમાંથી છેકી નાખવામાં આવ્યા, પણ તે ચૂપ બેસી રહ્યા નહિ. તેમણે પેલી સત્તરેય સોસાયટીઓને પોતાનો એ શિલાલેખ બાબતનો 'સાચો' અભિપ્રાય (ધૂળ પડો, બ્લૉટનના નામ ઉપર!) લખી જણાવ્યો તથા ઉપરથી એ સોસાયટીઓને જ વિષે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય પણ સાથે સાથે લખી જણાવ્યો કે, તે બધી 'હુંબગ' છે. એના જવાબમાં એ વિદ્વાન મંડળીઓએ એ શિલાલેખની અગત્યતા વિષે બીજાં અનેક ચોપાનિયાં છપાવ્યાં; પરદેશની મંડળીઓએ ઇંગ્લેંડની મંડળીઓને પુછાવ્યું; ઇંગ્લેંડની મંડળીઓએ પરદેશની મંડળીઓનાં ચોપાનિયાંનો અનુવાદ પ્રસિદ્ધ કર્યો, તથા પરદેશની મંડળીઓએ ઇંગ્લેંડની મંડળીઓનો અનુવાદ પ્રસિદ્ધ કર્યો. અને આમ 'પિકવિક કૉન્ટ્રોવર્સી' નામની વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક ચર્ચા શરૂ થઈ.

પરંતુ મિ૦ પિકવિકના નામને બટ્ટો લગાડવાના પ્રયત્નનો ઉચિત અંજામ જ આવ્યો. સત્તરેય વિદ્વાન મંડળીઓએ મિ૦ બ્લૉટનને અણઘડ, અને અસંસ્કારી જાહેર કર્યા તથા પોતાનો અધિકાર ન હોય તેવી બાબતોમાં માથું મારી, વિદ્વાન મંડળીઓના કામની કિંમત ઘટાડવાનો હીન પ્રયત્ન કરનાર સંસ્કાર-શત્રુ જાહેર કર્યા. અને એ મંડળીઓ એટલેથી જ અટકી નહિ, પણ એ શિલાલેખ અંગે બીજાં પણ અભ્યાસપૂર્ણ કેટલાંય ચોપાનિયાં તેમણે પ્રસિદ્ધ કર્યાં.

આમ, એ પથ્થરો મિ૦ પિકવિકની ભૂંસી ન શકાય તેવી યાદગીરીરૂપે આજે પણ મોજૂદ છે.

# ૧૫

# એક અગત્યનું પ્રકરણ : મિ૦ પિકવિકના જીવનમાં

ગોસ્વેલ-શેરીમાં આવેલું મિ૦ પિકવિકનું મકાન જોકે, (તેમણે ભાડે રાખેલા હિસ્સાની દૃષ્ટિએ જોઈએ તો) નાનું કહેવાય; પરંતુ તે બહુ સ્વચ્છ તથા સગવડભર્યું હતું. તેમના જેવી પ્રતિભા અને નિરીક્ષણશક્તિવાળા માણસને માટે તો તે ખાસ લાયક મકાન કહેવાય. તેમનું અભ્યાસ-ગૃહ પહેલે મજલે મુખ્ય રસ્તા ઉપર આવેલું હતું, અને તેમનું શયન-ગૃહ બીજે મજલે પણ તે જ મુખ્ય રસ્તા ઉપર આવેલું હતું. આમ તે વિચાર-મગ્ન થઈ અભ્યાસગૃહમાં બેઠા હોય, કે શયનગૃહમાં વિચારનિદ્રામાંથી (કારણ કે, આવા મહાપ્રતિભાવાન પુરુષોની નિદ્રા પણ એક પ્રકારે વિચારનિદ્રા જ કહી શકાય; કારણ કે, ઊંઘ દરમ્યાન જ તેઓના વિચારો પરિપક્વ થતા હોય છે,) જાગ્યા હોય, તોપણ રસ્તા ઉપર થઈને અવિરતપણે વહેતો જતો માનવ પ્રવાહ તેમની નજરે પડે જ.

આખા મકાનમાં મિ૦ પિકવિક સિવાયના રહેવાસીઓ ગણો તો એક મોટી ઉંમરનો માણસ અને એક નાનો છોકરો ગણાય. મોટો માણસ મકાનના પાછલા ભાગમાં રહેનારો ભાડવાત હતો અને તે રોજ રાતે બરાબર ૧૦ વાગ્યે ઘેર આવી, સીધો પોતાની પથારીમાં પેસી જતો. નાનો છોકરો તો મકાન-માલિકણ મિસિસ બાર્ડેલનું જ સર્જન હતો; અને તે મોટે ભાગે પડોશની ફરસબંધીઓ કે ગટરોનો જ પેટ્રન હતો. એટલે આ મકાનમાં શાંતિ અને સ્વચ્છતા હંમેશાં વ્યાપી રહેતાં અને મિ૦ પિકવિકની ઇચ્છા જ અહીં કાયદો બની રહી હતી.

પછીને દિવસે તો એટર્ન્સવિલની ચૂંટણીઓમાં હાજર રહેવા જવાનું હતું; એટલે આજે સવારના ઊઠ્યા ત્યારથી મિ૦ પિકવિક ઓરડામાં આમતેમ આંટા માર્યા કરતા હતા. એટલે કમરો સાફ કરવા આવેલી મિસિસ બાર્ડેલ એટલું સમજી શકી કે, એમના મગજમાં કોઈ ગંભીર વિચાર ચાલી રહ્યો છે.

મિસિસ બાર્ડેલ એ કમરાની સફાઈનું કામ પૂરું કરવામાં જ હતી, એવામાં મિ૦ પિકવિકે અચાનક તેને સંબોધીને કહ્યું, "મિસિસ બાર્ડેલ!"

"જી, સાહેબ."

"તમારા નાના છોકરાને ગયે બહુ વખત થયો."

"બરો સુધી જવાનો રસ્તો ટૂંકો નથી સાહેબ," મિસિસ બાર્ડેલે પોતાના છોકરાના બચાવમાં જવાબ આપ્યો.

"હા, બરી વાત; એ રસ્તો લાંબો કહેવાય બરો." આટલું કહી મિ૦ પિકવિક ફરી મૌનમાં ડૂબી ગયા, અને મિસિસ બાર્ડેલે કમરો સાફ કરવાનું પતાવવા માંડ્યું.

થોડી મિનિટ વીત્યા બાદ મિ૦ પિકવિકે કહ્યું, "મિસિસ બાર્ડેલ!"

"જી, સાહેબ."

"તમે એમ માનો છો કે, એક માણસ કરતાં બે માણસને વધુ ખર્ચ આવે?"

મિસિસ બાર્ડેલ આ પ્રશ્નનો અર્થ એવો સમજી કે, મિ૦ પિકવિક તેની એકલવાઈ વિધવા-અવસ્થા દૂર કરવાનો પ્રસ્તાવ રજૂ કરી રહ્યા છે. એટલે તેણે લજ્જાથી લાલ લાલ થઈ જઈને કહ્યું, "લો, વળી, મિ૦ પિકવિક, આવું તે શું પૂછતા હશો?"

"પણ તમે જવાબ તો આપો, એક કરતાં બે જણને વધુ ખર્ચ આવે, બરું ને?"

"એ તો, મિ૦ પિકવિક, બીજું માણસ ખર્ચાળ છે કે કરકસરિયું છે, એ વાત ઉપર આધાર રાખે છે!"

"એ તો સાચી વાત છે; પણ મારી નજરમાં જે માણસ છે, તે એ ગુણો ધરાવે છે, એમ મારું માનવું છે. તેને દુનિયાદારીની પણ સમજ છે, તથા તીણી સમજશક્તિ પણ તે ધરાવે છે. અને મને એ માણસ ખૂબ ઉપયોગી નીવડે એમ મારું માનવું છે."

"લો, વળી, મિ૦ પિકવિક!" મિસિસ બાર્ડેલને મિ૦ પિકવિકે કહેલામાં પોતાના ગુણોનું જ વર્ણન શબ્દેશબ્દ આવેલું જાણી, વધુ ખાતરી થતી ગઈ.

"હા, હા; ખરી વાત છે મિસિસ બાર્ડેલ; મેં હવે નક્કી જ કરી દીધું છે."

"હાયરે, આજે આવું બધું શું કહેવા બેઠા છો, તમે?"

"હા, તમને વિચિત્ર લાગશે ખરું કે, મેં તમારો અભિપ્રાય હજુ સુધી નથી પૂછ્યો; તેમ જ તમારા નાના છોકરાને મેં બહાર મોકલ્યો ત્યાં સુધી તમારી આગળ એ વાતનો ઉલ્લેખ પણ નથી કર્યો."

મિસિસ બાર્ડેલ મિ૦ પિકવિકને આજ દિન સુધી દૂરથી જ પૂજ્યા કરતી. તેને તેમના તરફથી લગ્નનો પ્રસ્તાવ આવે એ વાત કલ્પનાતીત જ લાગે. પણ એ પ્રસ્તાવ આજે આવ્યો જ હતો અને તે પ્રસ્તાવ રજૂ કરવા મિ૦ પિકવિકે સમજદારી દાખવીને તેમના છોકરાને પણ સંદેશો પહોંચાડવાને બહાને દૂર મોકલી દીધો હતો, એ તેમને સ્પષ્ટ થઈ ગયું. એટલે તે તો ક્ષોભપૂર્વક ધ્રૂજતાં ધ્રૂજતાં બોલી ઊઠ્યાં, "તમારી બહુ મહેરબાની કહેવાય સાહેબ."

"તમને મારી એ ગોઠવણથી ઘણી રાહત રહેશે, એમ તમે માનો છો, ખરું?"

"મને તમારું કામકાજ કરવામાં કશી મુશ્કેલી જેવું લાગતું નથી; અને હજુ પણ તમારા માટે બધી કાળજી હું જ રાખીશ. છતાં, મારા એકલવાયાપણાની આટલી બધી ચિંતા તમે દાખવી, એ બદલ હું તમારી ખૂબ ખૂબ આભારી છું."

"ખરી વાત; જો કે મેં એ બાબતનો વિચાર જ નહોતો કર્યો. પરંતુ હું જ્યારે અહીં હોઈશ, ત્યારે તમારી સાથે બેસનારું કોઈક હશે જ, એ વાત બરાબર છે."

"મને ખાતરી છે કે, હું બહુ સુખી થઈશ."

"અને તમારો નાનો છોકરો —"

"બિચારો —" એમ કહી મિસિસ બાર્ડેલે એક માતૃત્વભર્યો નિસાસો નાખ્યો.

"તેને પણ મજાનો સોબતી મળી રહેશે, જે તેને ઘણું ઘણું શીખવશે; અરે આખા વર્ષમાં ન શીખી રહે તેટલું તેને એક અઠવાડિયામાં શીખવાડી દેશે."

"હા, હા, વહાલા —"

મિ૦ પિકવિક ચોંકચા.

"તમે કેટલા બધા સારા માણસ છો, કેટલા બધા વિચારવંત છો —" એમ કહેતાંકને તરત તે બાઈએ આંસુભરી આંખોએ અને ડૂસકાં ભરી છાતીએ મિ૦ પિકવિકને ગળે હાથ વીંટાળી દીધા.

"અરે, અરે, આ શું કરો છો, મિસિસ બાર્ડેલ, – જરા વિચાર તો કરો, કોઈ આવે તો શું ધારે – મારાં વહાલાં બાનુ, આ શું ? –"

"અરે ભલે જેને આવવું હોય તે આવે; પણ હું તમને કદી છોડવાની નથી." અને એમ કહીને મિસિસ બાર્ડેલ મિ૦ પિકવિકને વધુ વળગી.

"મહેરબાની રાખો, દાદરે થઈને કોઈ આવતું હોય એમ મને સંભળાય છે. આમ ન કરો, ડાહ્યાં થઈને – મારાં ભલાં વહાલાં –" પણ મિ૦ પિકવિકની બધી વિનંતી કે સમજૂતી વ્યર્થ ગઈ, અને મિસિસ બાર્ડેલ મિ૦ પિકવિકના હાથમાં જ બેભાન બની ગઈ; અને મિ૦ પિકવિક તેને પથારીમાં સુવાડવા પથારી તરફ વળે તે પહેલાં તો મિ૦ ટપમન, મિ૦ વિંકલ, અને મિ૦ સ્નોડગ્રાસ સાથે માસ્ટર બાર્ડેલ ઓરડામાં દાખલ થયો.

મિ૦ પિકવિક હવે મિસિસ બાર્ડેલને હાથમાં રાખીને જ સ્તબ્ધ થઈ ગયા. તે પોતાના મિત્રોની આંખો સામે શૂન્ય દૃષ્ટિએ જોઈ રહ્યા તથા તે મિત્રો તેમની તરફ જોઈ રહ્યા. અને પેલો માસ્ટર બાર્ડેલ સૌની આંખો સામે જોઈ રહ્યો.

ખરેખર પરિસ્થિતિ બહુ કફોડી બની ગઈ હતી. માસ્ટર બાર્ડેલ એટલું તો સમજી શકયો કે, પોતાની મા ઉપર હુમલો થયો છે, અને તે બેભાન થઈ ગઈ છે. એટલે તેણે તેના પથ્થરિયા માથા નીચેનું મોં ફાડીને નીકળી શકે તેટલી મોટી રાડ નાખી, તથા મિ૦ પિકવિકની પીઠ ઉપર લાતો અને મુક્કાથી રીતસર હુમલો શરૂ કરી દીધો.

"આ બદમાશને પકડી લો, તે ગાંડો થઈ ગયો છે." મિ૦ પિકવિકે દર્દભર્યા કંઠે બૂમ પાડી.

"પણ આ બધું શું છે?" ત્રણે પિકવિકિયનો જીભ કચરતા બોલી ઊઠ્યા.

"મને કશી ખબર નથી;" મિ૦ પિકવિક ગાભરા થઈને બોલ્યા. "પણ આ છોકરાને તો પકડી લો." (મિ૦ વિંકલે એ અમળાતા, અને ચીસો પાડતા છોકરાને એક ખૂણા તરફ ખસેડી લીધો.) "હવે આ બાઈને નીચે લઈ જવામાં મને મદદ કરો."

પણ તે જ ઘડીએ મિસિસ બાર્ડેલ બોલી ઊઠ્યાં, "હવે મને સારું છે."

"હું તમને ટેકો આપીને નીચે લઈ જાઉં," સ્ત્રી-સન્માનવૃત્તિથી તરબોળ રહેતા મિ૦ ટપમન આગળ આવ્યા. અને પછી મા-દીકરાને તે નીચે દોરી પણ ગયા.

તે પાછા આવ્યા ત્યારે મિ૦ પિકવિકે ખુલાસો આપવા માંડ્યો, "આ બાઈને શું થયું કે તેણે શું ધારી લીધું તે મને સમજાતું જ નથી. હું એક નોકર રાખવા માગું છું, એટલી જ વાત મેં તેને કરી, એટલામાં તો તે એકદમ મને વળગી પડી, અને કંઈ કંઈ બોલવા લાગી. કશું સમજાતું જ નથી."

"ન સમજાય એવું જ છે." ત્રણે મિત્રો બોલી ઊઠ્યા. જોકે, એમના બોલવામાં રહેલો મર્મ મિ૦ પિકવિકની સમજ બહાર ન રહ્યો.

"એક માણસ અત્યારે બહાર ઊભો છે," મિ૦ ટપમન બોલ્યા.

"તે જ માણસની વાત હું કહેતો હતો. એને બોલાવવા જ મેં મિસિસ બાર્ડેલના છોકરાને બરો તરફ મોકલ્યો હતો. તેને અંદર બોલાવી લાવો, મિ૦ સ્નોડગ્રાસ."

"મિ૦ સ્નોડગ્રાસ તરત જ બહાર ગયા અને મિ૦ સૅમ્યુએલ વેલરને લઈને પાછા અંદર આવ્યા.

મિ૦ વેલરે પોતાની હૅટ બહાર મૂકી અને કહ્યું, "દેખાવમાં એ બહુ રૂડીરૂપાળી રહી નથી, પણ એની કિનારી ચાલી ગઈ તે પહેલાં એ ફૅશનદાર હતી. જોકે, કિનારી વગર એ બહુ હલકી બની ગઈ છે, એ લાભની વાત છે; અને એમાંનાં કાણાંમાંથી પવન આવે છે, એટલે માથું હવાદાર જગાએ હવા ખાતું બેઠું હોય એમ લાગે છે."

"ઠીક, ઠીક, પણ મેં તને અહીં જે માટે તેડાવ્યો છે, તે અંગે વાત કરીએ," મિ૦ પિકવિકે કહ્યું.

"એ જ મુદ્દો છે, અને તરત મોંમાંથી કાઢી નાખો, મહેરબાન, જેમ ફાર્ધિંગ ગળી ગયેલા છોકરાને તેના બાપે કહ્યું હતું તેમ."

"પહેલું અમારે એ જાણવું છે કે, અત્યારની તારી નોકરીથી અસંતોષ થવાને તારે કંઈ કારણ છે ખરું?"

"એનો જવાબ આપું તે પહેલાં, પહેલપ્રથમ તો મારે એ જાણવું જોઈએ કે, એનાથી વધુ સારી નોકરી તમે મેળવી આપી શકો તેમ છો ખરા?"

"તને મેં મારી જ નોકરીમાં રાખી લેવાનું અર્ધુંપર્ધું નક્કી કર્યું છે, ભાઈ."

"ખરેખર? શો પગાર?"

"વર્ષે બાર પાઉંડ."

"કપડાં ?"

"બે જોડ."

"કામકાજ ?"

"મારી તહેનાત; તથા હું અને મારા આ મિત્રો પ્રવાસે જઈએ ત્યારે અમારી સાથે આવવાનું."

"તો બસ, પાટિયું ઉતારી લો; હું એકલવાયા સદ્‌ગૃહસ્થને ભાડે રહું છું, અને ભાડું કબૂલ છે."

"એટલે કે તું આ નોકરી સ્વીકારવા રાજી છે, એમ ને ?"

"હા; અને મારાં કપડાં આ નોકરી કરતાં મને અર્ધાં પણ બંધ બેસતાં આવશે, તોપણ ચાલશે."

"ચાલચલગત વિષે કોઈનું સર્ટિફિકેટ લાવી શકશે ?"

"'વ્હાઇટ-હાર્ટ'ની માલિકણને જ પૂછી લેજો, મહેરબાન."

"આજ સાંજથી જ કામે ચડી શકશે ?"

"અરે મારાં કપડાં અહીં તૈયાર હોય તો અબઘડી તેમાં પેસી જવા હું તૈયાર છું."

"તો આજ સાંજે આઠ વાગ્યે હાજર થઈ રહેજો; અમારી તપાસમાં તારે વિષે સારો અભિપ્રાય મળ્યો હશે, તો કપડાં પણ તે વખતે તૈયાર હશે."

# ૧૬

# ચૂંટણી – જંગ

## ૧

અમે પ્રથમથી જ એ કબૂલ કરી દેવા માગીએ છીએ કે, પિકવિક ક્લબના અહેવાલોમાં અમે હાથ નાખ્યો કે માથું માર્યું ત્યાં લગી એટન્સવિલનું નામ અમે કદી સાંભળ્યું નહોતું. તેથી એમ માની લેવાની જરૂર નથી કે, અમે નકશામાં કે પૃથ્વી ઉપર ઇંગ્લેંડ દેશમાં તેને શોધવા પ્રયત્ન નથી કર્યો. પરંતુ અમને લાગે છે કે, ભલા મિ૦ પિકવિકે કોઈને ખોટું લાગવાનું કારણ ન મળે તે અર્થે, પોતે જોયેલ ચૂંટણી-જંગનો અહેવાલ આપતી વખતે, સ્થળનું નામ જાણી જોઈને બદલી નાખ્યું છે. અમારી એ કલ્પનામાં અમને મિ૦ પિકવિકની નોંધ-પોથીમાં જ્યાં એ ચૂંટણી-જંગ જોવા ઊપડવાનો ઉલ્લેખ છે, ત્યાં તેમણે નોંધેલ જતો કોચ પકડ્યો હતો, એ વાકય ઉપર પણ છેકો માર્યો છે, એ વાતનો ટેકો છે. અર્થાત્, એટન્સવિલ કઈ દિશામાં આવ્યું એ પણ તેઓશ્રી છુપાવવા માગતા હતા.

એટલે અમે એટન્સવિલ નામની વધુ પંચાત કર્યા વિના, ચૂંટણી-જંગ અંગેની ત્યાંની પરિસ્થિતિથી જ વાચકને વાકેફ કરી લઈએ.

એ શહેરમાં બે મોટા પક્ષો હતા : 'બ્લ્યૂ,' અને 'બફ.' હવે બ્લ્યૂ પક્ષવાળા બફ પક્ષવાળાઓનો વિરોધ કરવાની એકે તક જવા દેતા નહિ; અને બફ પક્ષવાળા બ્લ્યૂ પક્ષવાળાઓનો વિરોધ કરવાની તક જવા દેતા નહિ. એનું પરિણામ એ આવતું કે, બ્લ્યૂ પક્ષવાળા અને બફ પક્ષવાળા ગમે ત્યાં ભેગા થાય — જાહેર સભામાં, ટાઉન-હૉલમાં, મેળામાં યા બજારમાં,— કે તરત તકરાર અને બોલાબોલી

શરૂ થાય જ. એટલું તો શું, એટન્સવિલની કોઈ પણ બાબત હોય,– ભલે માર્કેટના છાપરામાં એક અજવાળિયું વધારવા જેવો સવાલ હોય તો પણ, બ્લૂ પક્ષવાળા તેવો પ્રસ્તાવ રજૂ કરે કે તરત યલ્લો પક્ષવાળા જાહેર સભાઓ ભરીને એ વાતનો સબળ વિરોધ કરે જ; અને યલ્લો પક્ષવાળા હાઈ-સ્ટ્રીટમાં વધારાનો પંપ મૂકવાનો પ્રસ્તાવ લાવે, તો બ્લૂ પક્ષવાળા એ અસાધારણ અઘટિતતા સામે આશ્ચર્ય બતાવવા સ્તબ્ધ બનીને ઊભા રહે. અરે એ શહેરમાં દુકાનો પણ 'યલ્લો' અને 'બ્લૂ' દુકાનો તરીકે વહેંચાયેલી હતી. દેવળમાં પણ યલ્લો વિભાગ અને બ્લૂ વિભાગ પાડી દેવામાં આવ્યા હતા.

આવા બે સબળ પક્ષનાં પોતપોતાનાં જુદાં વાર્જિત્રો અર્થાત્ છાપાં ન હોય એમ પણ ન બને. યલ્લો સિદ્ધાંત રજૂ કરતું 'એટન્સવિલ ગૅઝેટ' હતું અને બ્લૂ સિદ્ધાંતોનું સમર્થન કરતું 'એટન્સવિલ ઇંડિપેન્ડન્ટ' હતું. એ છાપાં પોતાની ચર્ચા જોરદાર શબ્દોમાં જ ચલાવતાં. જેમકે, "અમારું તુચ્છ સમકાલીન પત્ર, 'ગૅઝેટ'"—"પેલું લાંછિત અને કાયર છાપું 'ઇંડિપેન્ડન્ટ'"—"પેલું જૂઠું' અને બીભત્સ ચોપાનિયું 'ઇંડિપેન્ડન્ટ'"—"પેલું દુષ્ટ અને નિંદાખોર છાપું 'ગૅઝેટ'" ઇ૦.

ચૂંટણી-જંગ જે બે ઉમેદવારો વચ્ચે હતો તે આ પ્રમાણે હતા: યલ્લો ઉમેદવાર ઑન૦ સૅમ્યુએલ સ્લમ્કી, 'સ્લમ્કી હૉલ'; અને બ્લૂ ઉમેદવાર હૉરેશિયો ફિઝકિન એસ્કવા૦, 'ફિઝકિન લૉજ.' 'ગૅઝેટે' પોતાના વાચકોને ચેતવી દીધા હતા કે આખા ઇંગ્લૅન્ડ દેશની જ નહિ પણ સમગ્ર સુધરેલી દુનિયાની આંખો એટન્સવિલના મતદારો ઉપર મંડાઈ રહી હતી; અને 'ઇંડિપેન્ડન્ટ' પત્ર એટન્સવિલના મતદારોને સીધો સવાલ પૂછવા માગતું હતું કે, તેઓ ખરેખર જેવા મનાય છે તેવા સમજદાર લોકો છે, કે અંગ્રેજોના નામને તથા આઝાદીના આશીર્વાદને દૂષિત કરનાર હલકટ ગુલામો છે?—એ વાતની કસોટી થવાની ઘડી આવી રહી હતી.

મિ૦ પિકવિક તેમના સાથીદારો અને સૅમ સાથે સાંજને વખતે એટ-સવિલ – કોચના છાપરા ઉપરથી નીચે ઊતર્યા. ટાઉન-આર્મ્સ વીશીની બારીમાંથી ભૂરા રેશમી ધ્વજો ઊડતા હતા, અને મોટા મોટા અક્ષરોમાં કેટલાંય પોસ્ટરો ચારે બાજુ ચોંટાડેલાં હતાં, જે ઉપરથી જણાતું હતું કે ઑન૦ સૅમ્યુએલ સ્લમ્કી માટેની કમિટીની બેઠક રોજ ત્યાં ભરાતી હતી. એક ઝરૂખામાં ઊભો ઊભો એક માણસ બરાડા પાડી પાડીને પોતાનો અવાજ બેાખરો કરી રહ્યો હતો. તે મિ૦ સ્લમ્કીની તરફેણમાં દલીલો કરી રહ્યો હતો. પણ તેના અવાજને દબાવી દે તેવાં મિ૦ ફિઝકિનની કમિટીએ ચાર ઢોલ શેરીને ખૂણે ઢમકાવવા માંડ્યાં હતાં અને ત્યાં ઊભો ઊભો એક બટકો માણસ, અમુક અમુક અંતરે પોતાની હૅટ માથેથી ઊતારી, સૌ ટોળે વળેલા લોકોને 'મિ૦ ફિઝકિન ઝિંદાબાદ'ના ગગનભેદી પોકારો કરાવતો હતો.

મિ૦ પિકવિક વગેરે કોચ ઉપરથી ઊતર્યા કે તરત કેટલાક ઉત્સાહી લોકો તેમની આસપાસ ફરી વળ્યા, અને 'સ્લમ્કી હંમેશાં'-ના પોકારો કરવા લાગ્યા. તરત મિ૦ પિકવિકે હૅટ માથેથી ઊતારી 'સ્લમ્કી હંમેશાં'નો પોકાર કર્યો.

'ફિઝકિન કદી નહિ!' ટોળાએ બીજો પોકાર કર્યો.

"જરૂર, કદી નહિ," મિ૦ પિકવિકે જવાબ વાળ્યો.

મિ૦ ટપમને મિ૦ પિકવિકને પૂછ્યું, "આ સ્લમ્કી વળી કોણ છે?"

મિ૦ પિકવિકે કહ્યું, "મને પણ ખબર નથી; પણ આવાં ટોળાં આગળ તેઓ જેમ કહે તેમ કરવું એ સલાહભર્યું છે."

"પણ બે ટોળાં હોય તો?" સ્નોડગ્રાસે પૂછ્યું,

"તો જે મોટું હોય તેની સાથે ભળી જવું."

મિ૦ પિકવિક હવે વીશીમાં પેઠા; તેમણે વેઇટરને પૂછ્યું,

"અહીં અમને ઊતરવાની સગવડ મળશે કે?"

વેઇટરે કહ્યું, "મને ખબર નથી; જગા ભરાઈ ગઈ છે. છતાં પૂછી લાવું." એમ કહી તે અંદર ગયો અને થોડી વારે પાછો આવી પૂછવા લાગ્યો, "તમે બ્લ્યૂ છો?"

મિ૦ પિકવિક વગેરેને એ પ્રશ્નનો કશો જવાબ સૂઝયો નહિ. પણ મિ૦ પિકવિકે તરત અક્કલ વાપરીને પૂછયું, "તમે મિ૦ પર્કર નામના સદ્‌ગૃહસ્થને ઓળખો છો?"

"જરૂર; એ તો ઑન૦ મિ૦ સૅમ્યુએલ સ્લમ્કીના એજંટ છે."

"તે બ્લ્યૂ પક્ષમાં કામ કરે છે ને?"

"હા, જી, હા."

"તો અમે પણ બ્લ્યૂ છીએ." મિ૦ પિકવિકે કહ્યું. પરંતુ પેલા વેઇટરને હવે વિશ્વાસ બેઠો નહીં; મિ૦ પિકવિકે તેને પોતાનું કાર્ડ આપીને કહ્યું, "જો મિ૦ પર્કર અહીં હાજર હોય, તો તેમને મારું આ કાર્ડ બતાવી આવો."

વેઇટર જઈને તરત પાછો આવ્યો, અને મિ૦ પિકવિક વગેરેને અંદર તેડી ગયો. પહેલે મજલે એક મોટા કમરામાં પુસ્તકો અને છાપાંથી છવાયેલા એક લાંબા ટેબલ આગળ મિ૦ પર્કર બેઠા હતા.

"વાહ વાહ, પધારો મહેરબાન; તમને જોઈને ઘણો આનંદ થયો, સાહેબ. મહેરબાની કરીને અહીં બેસો. તો તમે ચૂંટણી-જંગ જોવા આવવાનું કહેતા હતા તે આવ્યા ખરા. ખરે જ, બહુ ભારે જંગ મચ્યો છે, અહીં તો, મારા મહેરબાન!"

"મને એ જાણી ખૂબ આનંદ થયો, "મિ૦ પિકવિક હાથ ઘસતાં ઘસતાં બોલ્યા; "કોઈ પણ કારણે સબળ પ્રદેશાભિમાન ભભૂકી ઊઠતું જોવાનું મને ખૂબ ગમે છે. પણ અહીં ચૂંટણી-જંગ જરા વધુ ઉગ્ર બની રહ્યો છે, ખરું?"

"હા, હા; ખૂબ જ ઉગ્ર, ખૂબ જ ઉગ્ર, મારા મહેરબાન; હવે તો તમે જાતે અહીં પધાર્યા છો એટલે નજરે જ જોઈ શકશો. એક બીજી વાત કહું: અમે અહીંની બધી હોટેલો રોકી લીધી છે;

એટલે અમારા પ્રતિસ્પર્ધીને ભાગ માત્ર બીરનાં પીઠાં જ આપી રહ્યાં છે. ભારે વ્યૂહરચના કહેવાય, ખરુંને, મારા મહેરબાન!"

"આ ચૂંટણી-જંગમાં જીત થવાનો સંભવ કેવોક છે!"

"શંકાસ્પદ, તદ્દન શંકાસ્પદ. ફિઝકિનવાળાઓએ પૂરા તેત્રીસ મતદારોને 'વ્હાઈટ-હાર્ટ'ના કોચ-મથકે તાળાકૂંચીમાં પૂરી દીધા છે."

"કોચ-મથકમાં પૂરી દીધા છે?" મિ૦ પિકવિક વ્યૂહરચનાના એ અનોખા પાસાથી નવાઈ પામી બોલી ઊઠ્યા.

"તેઓ તેમને એટલા માટે પૂરી રાખે છે જેથી અમે તેમને ભેગા થઈ ન શકીએ. ઉપરાંત ભેગા થઈએ તો પણ તેમને તેઓ એટલા બધા પીધેલા રાખે છે કે જેથી તેમને કશી વાત કરવી જ નકામી બની રહે. ફિઝકિનનો એજંટ ખરેખર બુદ્ધિશાળી માણસ છે, મારા મહેરબાન."

મિ૦ પિકવિક તાકીને જોઈ રહ્યા.

"જો કે, અમને પણ જીતની પૂરી ખાતરી છે; ગઈ કાલે રાતે અમે અહીં એક ચા-પાણીનો મેળાવડો રાખ્યો હતો. તેમાં પિસ્તાલીસ બાનુઓ હાજર રહી હતી. તે બધી ઘેર જવા નીકળી, ત્યારે અમે તે દરેકને હાથમાં લીલારંગની ('પેરેસોલ') છતરી ભેટ આપી."

"છતરી?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"સાડા સાત શિલિંગની એક, એવી પિસ્તાલીસ છતરીઓ, મારા મહેરબાન. બધી સ્ત્રીઓને નોવેલ્ટી ગમે છે. એટલે આ છતરીઓની ભારે અસર થવાની. તેમના બધા પતિઓ અને અર્ધા ભાઈઓ હવે આપણા ખીસામાં! મોજાં કે રૂમાલ તો આ વસ્તુ આગળ ચાટ પડી જાય! એ મારો પોતાનો ખ્યાલ હતો, મારા મહેરબાન! તદ્દન મારો પોતાનો! એટલે આજે બજારમાં તમે નીકળશો તો વરસાદ કે તડકો જે કંઈ હશે તો પણ તમને અર્ધો ડઝન લીલી છતરીઓ સામી મળશે જ!"

એટલામાં 'એટન્સવિલ ગૅઝેટ'ના તંત્રીશ્રી મિ૦ પૉટ ત્યાં આવ્યા. તેમનું અને મિ૦ પિકવિક વગેરેનું ઓળખાણ કરાવતાં મિ૦ પૉટે પૂછ્યું, "રાજધાનીમાં અહીંના ચૂંટણી-જંગે ભારે રસ ઉત્પન્ન કર્યો હશે, ખરું?"

"હું માનું છું કે, રસ ઊભો કર્યો જ છે," મિ૦ પિકવિકે કહ્યું.

"એ રસ ઊભો કરવામાં મારા શનિવારના લેખે અગત્યનો ભાગ ભજવ્યો હશે, એમ હું સકારણ માનું છું," મિ૦ પૉટે મિ૦ પર્કર સામું જોઈને પૂછ્યું.

"જરૂર, જરૂર એમ જ છે," મિ૦ પર્કરે જણાવ્યું.

"છાપું એ તો એક મહાશક્તિ છે; અને મેં મારા હાથમાં મુકાયેલા એ શસ્ત્રને કોઈના અંગત જીવનની પવિત્રતા ચૂંથવામાં વાપર્યું નથી. બાકી, એક વાત નક્કી કે, જ્યાં સુધી મારામાં આરોગ્ય અને શક્તિનું એક ટીપું પણ બાકી રહ્યું હશે, ત્યાં સુધી 'એટન્સવિલ ઇંડિપેન્ડન્ટ'નું માથું મારી લોખંડી ઓડી નીચે છૂંદી નહીં નાખું, ત્યાં સુધી હું જંપવાનો નથી. લંડનના તથા દેશના તમામ લોકો જાણી લે, તથા મારા ઉપર ભરોંસો રાખે કે, હું તેમને કદી દગો નહિ દઉં,—હંમેશ તેમના પક્ષમાં છેવટ સુધી ખડો રહીને લડતો રહીશ."

"તમો ઉદારચરિત્ર તથા ધડો લેવા લાયક માણસ છો, સાહેબ," કહીને મિ૦ પિકવિકે મહાન પૉટ સાથે હાથ મિલાવ્યા.

"તમે બુદ્ધિશાળી તથા સમજદાર માણસ લાગો છો, સાહેબ, અને તમારા જેવા માણસનો પરિચય થવાથી હું મારી જાતને ધન્ય થયેલી માનું છું." મિ૦ પૉટે પણ ઠાલવ્યું.

પછી મિ૦ પિકવિકે પોતાના મિત્રોને 'એટન્સવિલ ગૅઝેટ'ના તંત્રીશ્રી મિ૦ પૉટ સાથે ઓળખ કરાવી.

મિ૦ પર્કરે હવે મિ૦ પૉટને કહ્યું, "આપણે આ મિત્રોને ઉતારો કયાં આપીશું, એ સવાલ છે; કારણ કે અહીં એકે પથારી ખાલી નથી."

મિ૦ પૉટ તરત જ તેમને છાજે તેવા સ્વદેશાભિમાન સાથે બોલી ઊઠ્યા, "પીકૉક-વીશીમાં બે પથારીઓ ખાલી છે; અને મિ૦ પિકવિક તથા બીજા તેમના કોઈ પણ એક મિત્રને મારે ત્યાં આવકારતાં મિસિસ પૉટ જરૂર રાજી થશે."

મિ૦ પિકવિકે તરત જ પોતાને કારણે મિસિસ પૉટને અગવડમાં મૂકવાની હરગિજ ના પાડી; છતાં છેવટે એ સગવડનો લાભ ઉઠાવ્યા વિના છૂટકો જ ન જોતાં, મિ૦ પિકવિક અને મિ૦ વિંકલ મિ૦ પૉટને ત્યાં ગયા અને મિ૦ ટપમન અને મિ૦ સ્નોડગ્રાસ 'પીકૉક' તરફ ચાલ્યા ગયા. બીજે દિવસે સવારે ચારે મિત્રોએ અહીં 'ટાઉન-આર્મ્સ'-માં ઑફિસે એકઠા થવું, એવું નક્કી કરવામાં આવ્યું.

## ૨

મિ૦ પૉટનું કુટુંબ તે પોતે અને તેમનાં મહોરદારનું બનેલું હતું. જે માણસોની મહાપ્રજ્ઞાએ તેમને બીજાં સામાન્ય જનોથી ઊંચે લાવી મૂકયા હોય છે, તેમનામાં કંઈક એવી નિર્બળતા કે અપૂર્ણતા દેખાતી હોય છે, જે તેઓની મહાનતાને હિસાબે જ નજરે ચડી આવે છે; બાકી તે બાબત કંઈ નોંધપાત્ર હોતી નથી. મિ૦ પૉટમાં પણ જો કોઈ નિર્બળતા હોય તો તે એ હતી કે, તે પોતાનાં પત્નીના તુચ્છકારભર્યા કાબૂ હેઠળ વધારે પડતી વિનમ્રતાથી આવી ગયા હતા.

મિ૦ પૉટે જ્યારે મિ૦ પિકવિકને અને મિ૦ વિંકલને મિસિસ પૉટ સમક્ષ રજૂ કર્યા, ત્યારે મિ૦ પિકવિકે માફી માગતાં કહ્યું કે, "અમે લોકોએ બહુ ટૂંકી નોટિસથી તમારી કૌટુંબિક વ્યવસ્થામાં ડખલ કરી છે."

"ના, ના; ઊલટું મને જ્યારે નવા માણસોને મળવાનું આવે છે અને નવા ચહેરા જોવાનું મળે છે, ત્યારે બહુ આનંદ થાય છે; બાકી આ નીરસ ઘરમાં દિવસો અને અઠવાડિયાં–પખવાડિયાં સુધી કોઈને મળવાનું હોતું જ નથી."

"કોઈને મળવાનું બનતું નથી, વહાલી?"

"તમારા સિવાય કોઈને નહિ, વળી."

"જોયું, મિ૦ પિકવિક," નર-પૉટ* બોલ્યા, 'એટન્સવિલ-ગેઝેટ' ના તંત્રી તરીકે, અને તે પત્ર દેશમાં જે અગત્યનું સ્થાન ધરાવે છે તેને કારણે, અમારે સામાન્ય માણસોના સુખ-આનંદોથી વંચિત રહેવું પડે છે. આ રાજકારણનો ચકાવો મહાશય એવો —"

"મિ૦ પી૦ ?" માદા-પૉટ વચ્ચે જ બોલી ઊઠ્યાં; "તમે તમારી અને તમારા પત્રની વાત હવે પડતી મૂકશો? આ મહેમાનો આગળ પણ વાતચીતનો બીજો કશોક મુદ્દો તમે નથી ઉપાડી શકતા વારુ? તમારા છાપાની વાતો તમારી ઑફિસમાં મૂકીને આવતા હો તો!"

"પણ મારા સ્વર્ગીય પ્રેમ," મિ૦ પૉટ તદ્દન છોભીલા પડી જઈને બોલ્યા; "મિ૦ પિકવિક એ વિષયમાં જ ઘણો રસ લે છે."

"જો તે આ બધા કચરામાં રસ લઈ શકતા હોય, તો તે જાણે; બાકી હું તો તમારું આ રાજકારણ, અને 'ઇંડિપેન્ડન્ટ' પત્ર સાથેની તકરારો તથા વાદવિવાદોથી વાજ આવી ગઈ છું. માણસ જેવો માણસ એવી બધી વ્યર્થ – નિરર્થક – તુચ્છ પ્રવૃત્તિમાં રસ લઈ શકે, એ હું માની જ શકતી નથી."

"પણ વહાલી —" નર-પૉટ કંઈક બબડવા ગયું.

"ચૂપ રહો, મારી સાથે તમારી ડાચાકૂટ પડતી મૂકો," માદા-પૉટે ડારો બતાવ્યો અને પછી મિ૦ વિંકલ તરફ ફરીને કહ્યું, "તમે મારી સાથે 'બદલ-દાવ' રમશો?"

"તમારા મધુર ટચૂકાન નીચે મારી જાતને મૂકતાં મને અત્યંત આનંદ થશે," મિ૦ વિંકલે રાજી થઈને જવાબ આપ્યો.

તે બંને, મિસિસ પૉટના શબ્દોમાં "ઠોબરાનો બણબણાટ" ન સંભળાય તે માટે ટેબલ દૂર બસેડાવી તરત પત્તાંની રમતમાં લાગી

* 'પૉટ' શબ્દનો અર્થ અંગ્રેજીમાં વાસણ થાય છે. એટલે તે શબ્દને 'નર' અને 'માદા' એવા શબ્દો લગાડી મિ૦ અને મિસિસ પૉટ એવો અર્થ લેખક સૂચવે છે.

ગયાં. બીજી બાજુ મિ૦ પૉટે નોકરડી પાસે ૧૮૨૮ની સાલના 'ગેઝેટ' ની ફાઈલ મંગાવી, તેમાંથી મિ૦ પિકવિકને પોતાના કેટલાક અગ્રલેખ વાંચી સંભળાવવા માંડ્યા. મિ૦ પિકવિકની નોંધપોથીમાં એ અગ્રલેખો વિષે જરાય નોંધ ન હોવાથી, અમારે મિ૦ વિંકલે કરેલા ઉલ્લેખનો જ આધાર લેવો પડે છે કે, એ આખા સમય દરમ્યાન મિ૦ પિકવિક આંખો મીંચીને જ બધું રસપૂર્વક સાંભળી રહ્યા હતા. અર્થાત્, એમ માનવું રહ્યું કે, તે એ શ્રવણના સમગ્ર રસમાં ડૂબી જ ગયા હતા, જેથી એના કશા શબ્દો યાદ રાખી શકચા નહોતા.

## ૧૭

## ચૂંટણી

બીજે દિવસે સવાર થતાં તો ઢોલ-ભૂંગળ-પોકારો વગેરેની એવી ધમાલ મચી ગઈ કે બધા જલદી ઊઠી ગયા.

મિ૦ પિકવિકે સૅમ પોતાની પાસે આવતાં પૂછ્યું, "કેમ સૅમ કેવી ધમાલ મચી છે?"

"ખૂબ જ, સાહેબ, ખૂબ જ. આપણા લોકો 'ટાઉન-આર્મ' આગળ ભેગા થયા છે અને હોંકારા-પડકારાથી તેમનું ગળું તો કચારનું બેસી ગયું છે અને પવનની બાબતમાં પેટ તદ્દન ખાલી થઈ ગયું છે. એટલે તેઓ ગળાને દારૂ વડે, અને પેટને નાસ્તા વડે સમારવાને કામે લાગ્યા છે."

"એ લોકોમાં પોતાના પક્ષને માટે નિષ્ઠા બહુ ઉત્તમ કોટીની છે, નહિ?"

"જરૂર; જે હિસાબે તેઓ ખાય છે અને પીએ છે, — અલબત્ત પક્ષને હિસાબે અને જોખમે,– તે રીતે જોતાં તેમના પોતાના પક્ષની ભક્તિ બહુ જબરી કહેવી જોઈએ ખરી. કાલે રાતે જ કેટલાય

મતદારો ખાઈ-પીને 'પીકોક'-વીશીમાં બેસવાની જગાએ જ આડા પડી ગયા; પછી આજે સવારના મેં તથા બે વેઈટરોએ મળીને તેમને નળ નીચે લઈ જઈ ઉપર પાણી ઢાલવવા માંડયું. કમિટીએ અમને એ રીતે એક એક મતદારને જગાડવાનો માથાદીઠ એક એક શિલિંગ આપ્યો, સાહેબ."

"આવું બધું ચૂંટણી-જંગમાં બની શકે ખરું?"

"સાહેબ બધું ઘણું વધારે બની શકે. મેં સાંભળ્યું કે, ગઈ ચૂંટણી વખતે આગલી રાતે ઘણા લોકો અહીં બેઠેલા. તે સામા પક્ષ-વાળાઓએ વીશીવાળાને લાંચ આપીને દારૂમાં અફીણનું ટીંચર રેડાવડાવ્યું, એટલે પેલા બધા ચૂંટણી પૂરી થઈ પછી બાર કલાકે જાગ્યા."

"બહુ વિચિત્ર રીત કહેવાય!"

"મારા બાપને ચૂંટણી વખતે થયું હતું તેનાથી અર્ધી પણ વિચિત્ર નહિ, સાહેબ."

"તેમને વળી શું થયું હતું?"

"એક પક્ષવાળાઓએ મતદારોને વીશીમાં ભેગા કર્યા હતા. તેમણે મારા બાપુની ઘોડાગાડી ભાડે રાખી અને બીજા દિવસે ચૂંટણી-મથકે લઈ જવાનું કહ્યું. મારા બાપુ વધારે ભાડું મળવાનું થયું હોવાથી હસતા હસતા ડોલતા ડોલતા બહાર નીકળતા હતા ને સામા પક્ષવાળો એક જણ મળ્યો. કહે, 'ઓહો, કેમ ભાઈ, ઓળખાણ પડયું!' મારા બાપુ કહે 'એક ટીપું યે નહિ.' પેલો કહે, 'ભૂલી ગયા? નાના હતા ત્યારે બહુ ભેગા રમ્યા હતા.' મારા બાપુ કહે, 'હશે, મારી યાદગીરી બહુ ઢીલી જ છે સાહેબ.' પેલો તેમને બીજી ઑફિસમાં લઈ ગયો. ત્યાં બીજા તેના જેવા બેઠા હતા. તેમણે મારા બાપુના હાથમાં વીસ પાઉન્ડની નોટ મૂકી દીધી. 'શાની સાહેબ? મારી ઘોડાગાડી તો ભાડે રખાઈ ગઈ છે.'– મારા બાપુએ કહ્યું. 'બહુ સારું થયું, મિ૦ વેલર, હવે તમે કાલે એ લોકોને લઈ જાઓ, ત્યારે કેનાલ પાસેનો

રસ્તો ખરાબ છે, એ જાણો છો ને?' 'તદ્દન ઢેકેદાર છે,' મારા બાપુએ કહ્યું. 'બસ ત્યારે ત્યાં ઘોડાગાડી ઊથલી પડે અને બેઠેલાઓ કેનાલમાં પડે તેની શી નવાઈ? તમને ઘોડા હાંકતાં તો બરાબર આવડે છે, એટલે ગાડી ઊથલે ત્યારે તમારી જાતને સાચવી લેજો — એ વતીના આ વીસ પાઉંડ છે, સમજ્યા?' 'બરાબર સમજ્યો', મારા બાપુએ કહ્યું. અને ખરેખર, પછી બીજે દિવસે ત્યાં આગળ જ મારા બાપુની ગાડી ઊથલી પડી, અને મારા બાપુ સિવાયના બધા જ એ કેનાલમાં પડ્યા, હજુ મને નવાઈ થાય છે, સાહેબ, કે એવું શી રીતે બન્યું હશે?"

"ઠીક, ઠીક, તો મારી હેટ સાફ કરી આપ, સેમ, મિ૦ વિંકલ મને નાસ્તા માટે બૂમો પાડે છે."

એટલું કહી, મિ૦ પિકવિક નાસ્તા માટે ચાલી ગયા.

નાસ્તો પૂરો કરી, મિ૦ પૉટ અને મિ૦ પિકવિક 'ટાઉન-આર્મ્સ' તરફ ચાલ્યા ગયા. મિ૦ વિંકલ મિસિસ પૉટને એક મકાનના છાપરા ઉપર લઈ જાય, જ્યાંથી તે ચૂંટણી-જંગ નિહાળે, એમ નક્કી થયું હતું.

ટાઉન-આર્મ્સ આગળ મિ૦ સ્લમ્કીની કમિટીનો એક માણસ બારીમાં ઊભો ઊભો છએક નાના છોકરાઓને અને એક નાની છોકરીને ઉદ્દેશીને ભાષણ આપી રહ્યો હતો. જોકે, તેમને સંબોધન તો તે 'એટન્સવિલના સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ' કહીને જ કરતો હતો.

સરઘસની તૈયારીઓ થઈ રહી હતી : ભૂરા ધ્વજો, ભૂરા રંગના કાપલા બાંધેલા સ્વયંસેવકો, બૅન્ડવાળાઓનાં ભૂરાં છોગાં અને ઝૂમતાં, એમ બધું જ ત્યાં 'બ્લ્યૂ' – ભૂરું ભૂરું થઈ રહ્યું હતું.

ઑન૦ સૅમ્યુએલ સ્લમ્કીએ મિ૦ પર્કરને પૂછ્યું, "બધી તૈયારીઓ થઈ ગઈ છે ને?"

"કશું બાકી નથી, સાહેબ; શેરીના મોં આગળ વીસ જણને નવરાવી – ધોવરાવી તૈયાર રાખ્યા છે, તેમની સાથે આપે હાથ મિલાવવાના છે; છ બાળકોને હાથમાં પકડીને તેમની માતાઓ ઊભી હશે,

તે બાળકોનાં માથાં ઉપર હાથ ફેરવી આપે તેમની ખબર પૂછવાની છે; એ બાળકોની બાબત ખાસ લક્ષમાં રાખજો, સાહેબ, કારણ કે એની અસર બહુ જ સારી થાય છે."

"અને સાહેબ, અને સાહેબ — સાહેબ," મિ૦ પર્કર ખચકાતાં ખચકાતાં બોલ્યા, "અને સાહેબ. આપ જો તે બાળકોમાંના એકને — તેમાંના એકને ચુંબન કરી શકો, તો તો ભયો ભયો થઈ જાય."

"પણ મારે બદલે મને ટેકો આપનારો એ કામ કરી લે, તો કશો વાંધો ખરો? એ છોકરાંનાં ધાવતાં ગંધાતાં મોં અને સડેલાં બગડેલાં માથાં — મને તો ચીતરી ચડે!"

"સાહેબ, મારી વિનંતી છે — મારા ઉપર કૃપા કરીને એટલું કરશો તો આપણો વિજય નિશ્ચિત થઈ જશે."

અને થયું પણ એમ જ. સરઘસ આગળ ચાલ્યું અને પેલા ધોયેલાઓ સાથે ઑન૦ સ્લમ્કીએ હાથ મિલાવ્યા કે તરત મિ૦ પર્કરે ધૂમ પાડી, "ઓહો, માનનીય સાહેબે પ્રજાજનો સાથ હાથ મિલાવ્યા!" અને તરત લોકોના ટોળાએ હર્ષનો ચિત્કાર કર્યો.

તરત જ બટકા પર્કરે બીજી ધૂમ પાડી, "ઓહો, તેમણે બાળકોને માથે હાથ ફેરવ્યો!" અને લોકોના ટોળાએ આ વખતે ગગનભેદી હર્ષનાદ કર્યો.

"અરે, તેમણે એક બાળકને ચુંબન કર્યું." તરત જ તેથી પણ વધુ મોટો હર્ષનાદ!

"અરે તેમણે તો બીજા બાળકને ચુંબન કર્યું." ઉશ્કેરાઈ ગયેલા પર્કરે વધુ મોટેથી ધૂમ પાડી. ત્રીજો હર્ષનાદ!

"અરે, એ તો બધાં જ બાળકોને ચુંબન કરે છે!" કાન ફાડી નાખે તેવો લોકોનો હર્ષનાદ.

પછી તો જે ધક્કામુક્કી ચાલી, તેમાં કોણ ક્યાં રહ્યું, તેનું જ ઠેકાણું ન રહ્યું. પણ એ ધક્કામુક્કીમાં જ પિકવિક અને ટપમન પ્લેટ-

ફૉર્મ ઉપર પહોંચી ગયા. પ્લૅટફૉર્મની બીજી બાજુ મિ૦ ફિઝકિન અને એના ટેકેદારો માટે અનામત હતી.

મિ૦ ટપમને મિત્રની બાંય ખેંચીને કહ્યું, "જુઓ પેલા રહ્યા મિ૦ વિંકલ."

"ક્યાં?" મિ૦ પિકવિક ભીડમાં મહાપરાણે ખિસ્સામાં સાચવી રાખેલાં ચશ્માં પહેરતાં પૂછ્યું. તેમની હૅટ તો ક્યારની ઊડી ગઈ હતી.

"પેલા ઘરના છાપરા ઉપર."

અને ખરેખર મિ૦ વિંકલ મિસિસ પૉટ સાથે ખુરસીઓ ઉપર નિરાંતે બેઠા હતા, અને પોતાના મિત્રોનું ધ્યાન રૂમાલ હલાવીને ખેંચતા હતા. મિ૦ પિકવિકે રૂમાલ હલાવી તથા હાથ ઉપર ચુંબન કરીને મિસિસ પૉટને અને મિ૦ વિંકલને જોયાનો જવાબ આપ્યો.

તરત જ પાછળ ટીકાઓનો વરસાદ વરસ્યો — "અલ્યા બુઢ્ઢા બદમાશ! છોકરીઓ સામું જુએ છે!" "મા'જો પાપી! ઠચરો, લોકોની પરણેતરોને જોવા ચશ્માં ચડાવે છે." "અલ્યા, તારી બુઢ્ઢીને જ જોયા કર! જુવાન સ્ત્રીઓને જુવાનો માટે જ રહેવા દે!" ઇ૦, ઇ૦.

પછી તો ધોંધાટ, ધૂમાધૂમ, મશ્કરીઓ વગેરે વચ્ચે મેયરે ઑટન્સ-વિલના સમજણા લોકોને મિ૦ —ની જગાએ એક નવો સભ્ય ચૂંટવા વિનંતી કરી. પ્રથમ ફિઝકિનવાળાઓને બોલવાનો વારો હતો. તે વખતે ફિઝકિનવાળાઓએ હર્ષના પોકાર કરી, અને સ્લમ્કીવાળાઓએ તુચ્છકાર અને ધિક્કાર દર્શાવનારા ઉદ્‌ગારો કાઢી, કોઈને કશું સાંભળવા જ દીધું નહિ. એવું જ ઑન૦ સ્લમ્કીવાળાઓ વખતે પણ થયું.

પછી મિ૦ ફિઝકિન પોતે બોલવા ઊભા થયા તે વખતે સ્લમ્કી-વાળા ટોળાએ ધૂમો પાડતાં ફિઝકિનવાળા ટોળાએ તેમના ઉપર મુક્કાબાજી આરંભી દીધી. બીજી બાજુ સ્લમ્કીએ તૈયાર રખાવેલા બૅન્ડે એવી ચીસા-ચીસ આરંભી દીધી કે, મિ૦ ફિઝકિન ચિડાઈ જઈ સ્લમ્કી તરફ ધસી ગયા અને પેલું બૅન્ડ ત્યાંથી ખસેડી લેવરાવવા ઉગ્ર શબ્દોમાં તેમણે

જણાવ્યું. સ્લમ્કીએ કશો જવાબ ન આપ્યો એટલે મિ૦ ફિઝકિને તેમના માથા પર મુક્કો ઉગામ્યો. એટલે સ્લમ્કીએ તેને દ્વંદ્વયુદ્ધનું આહ્વાન આપ્યું; પછી તો લડાઈ બંને પક્ષનાં ટોળાંએ ઉપાડી લીધી. એટલે મેયરે જાહેરાત કરી કે, તત્કાલ શાંતિ સ્થાપિત નહિ થાય, તો તે મિ૦ ફિઝકિન અને ઑન૦ સ્લમ્કીના સારી ચાલચલગતના જામીન માગવાની કારવાઈ તરત જ આદરશે. એટલે પછી બંને પક્ષના આગેવાનો વચ્ચે કૂદી પડ્યા, અને બંને પક્ષનાં ટોળાંને જુદાં પાડવા લાગ્યા. તરત જ મિ૦ ફિઝકિન અને સ્લમ્કીએ મંચ ઉપર હાથ મિલાવ્યા, અને લોકોનાં ટોળાંએ હર્ષનાદ કર્યો.

પછી બંને ઉમેદવારોએ પોતપોતાનું ભાષણ યથાક્રમે આપ્યું. દરેક જણે એકબીજા પ્રત્યે અને એકબીજાના ટેકેદારો પ્રત્યે સમજદારી, નિઃસ્વાર્થતા, સેવાવૃત્તિ, સ્વદેશનિષ્ઠા વગેરેનો અભાવ હોવાનાં આડકતરાં સૂચનો કર્યાં, તથા પોતાને ચૂંટવામાં આવશે તો લોકો જે માગશે તે કરી આપવાનો બુલંદ અવાજે પોતાનો દૃઢ નિશ્ચય જાહેર કર્યો, અને સાથે સાથે એકબીજાની એ બધું કરી આપવાની દાનત વિષે શંકા પ્રગટ કરી.

પછી હાથ ઊંચા કરાવવામાં આવ્યા, અને મેયરે ગણતરી કરીને ઑન૦ સૅમ્યુએલ સ્લમ્કીને ચૂંટાયેલા જાહેર કર્યા. મિ૦ ફિઝકિને એ સામે 'પોલ' માગ્યો. છેવટે એમ કરવામાં આવ્યું. પછી મેયરે આ મતગણતરીનું કામ બહુ સારી રીતે પાર પાડ્યું તે બદલ આભારદર્શક પ્રવચનો થયાં. અને પછી તરત વિજયી નીવડેલા પક્ષનું સરઘસ આનંદના પોકારો સાથે શરૂ થયું.

# ૧૮

# ફરી પાછો ભેટો !

## ૧

ઇલેકશન પૂરાં થયાં પછી ત્રીજી સવારે મિ૦ પિકવિક પોતાના 'પીકોક'માં રહેલા મિત્રોની ખબર કાઢવા જવા તૈયાર થતા હતા, તેવામાં સેમે આવીને તેમના હાથમાં "મિસિસ લિયો હંટર, 'ધ ડેન,' એટન્સવિલ," એ નામનું કાર્ડ મૂકયું.

પછી તે કાર્ડ લઈને આવેલા સદ્‌ગૃહસ્થને અંદર દાખલ કરતાં, તેમણે જણાવ્યું, "સાહેબ, મને આપના હાથને મારા હાથમાં પકડવાનું બહુમાન બક્ષશો. આપની પુરાતત્ત્વ-સંશોધક તરીકેની કીર્તિ મારાં પત્ની મિસિસ લિયો હંટરના કાને પહોંચી છે; અને મારી પત્ની પોતપોતાનાં સર્જનોથી ખ્યાતિ પામેલાં સૌને પોતાનાં પરિચિતો બનાવવામાં અભિમાન – ગૌરવ અનુભવે છે. અમે આવતી કાલે સવારે એક મિજબાની રાખી છે તે વખતે પોતાના મુકામ 'ધ ડેન'માં આપને મળવાની તક મિસિસ લિયોને અર્પી આભારી કરશો."

"ઘણી ખુશીથી, સાહેબ," મિ૦ પિકવિકે જવાબ આપ્યો, "મને પણ એવાં વિદુષી બાનુને મળતાં ઘણો જ આનંદ થશે."

"મિસિસ લિયો હંટરની આ પ્રાતઃકાલીન મિજબાનીઓને એક કવિએ 'બુદ્ધિની મિજબાની, અને આત્માના અમૃત' રૂપે વર્ણવી છે, સાહેબ."

"જરૂર એ કવિ પોતાની કૃતિઓથી બહુ પ્રસિદ્ધિ પામેલા હશે."

"હશે શું ? છે જ, મારા સાહેબ. મિસિસ લિયો હંટર બીજા ગમે તેવા સાથે પરિચય રાખતાં જ નથી."

"એ બહુ ઉમદા નિશ્ચય છે, સાહેબ."

"હું જરૂર મિસિસ લિયો હંટરને આપના મુખમાંથી નીકળેલા આ શબ્દો જણાવીશ. તેમને આવી જ્ઞાનવિભૂતિઓને મુખેથી નીકળેલા શબ્દો સંઘરવાનો પણ શોખ છે. મેં સાંભળ્યું છે કે, આપની મંડળીમાં કોઈ સુંદર કાવ્ય લખનાર વિભૂતિ પણ છે."

"મારા મિત્ર મિ૦ સ્નોડગ્રાસને કાવ્યનો શોખ છે."

"મિસિસ લિયો હંટરને પણ કાવ્યનો બહુ શોખ છે, સાહેબ; તે તો નર્યાં કવિતામય જ છે. તેમના આત્માને ચાવી જ કાવ્યની આપવામાં આવેલી છે. તેમણે કેટકેટલાં કાવ્યો લખેલાં છે, સાહેબ. તેમનું 'મૃતપ્રાય દેડકાને અંજલિ' નામનું ખંડ-કાવ્ય આપે અવશ્ય સાંભળ્યું હશે."

"મેં સાંભળ્યું હોય એમ મને લાગતું નથી," મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

"મને આપનો જવાબ સાંભળી ઘણો આઘાત થાય છે, સાહેબ. એ કાવ્યે તો સનસનાટી મચાવી દીધી છે. પણ આવતી કાલે મિજબાની વખતે તેમને સ્વમુખે જ એ મહા-કાવ્ય આપને સાંભળવા મળશે. તે વખતે તેમણે અનુરૂપ વેશ-ભૂષા પણ ધારણ કર્યાં હશે."

"વેશ-ભૂષા?"

"મિનર્વા દેવીનાં જ વેશ-ભૂષા, સાહેબ; પણ હું કહેવાનું ભૂલી ગયો કે, આવતી કાલની મિજબાની ફેન્સી-ડ્રેસ સાથેની મિજબાની છે."

"તો તો હું એમાં ભાગ્યે હાજર રહી શકું," મિ૦ પિકવિકે પોતાની આકૃતિ સામે નજર કરીને કહ્યું.

"અરે, હાઈસ્ટ્રીટમાં દુકાનવાળો યહૂદી સોલોમન લ્યુકાસ હજારો ફેન્સી-ડ્રેસ રાખે છે. પ્લેટો, ઝેનો, એપિકયૂરસ, પાયથેગોરસ – એમ અનેક જણના ડ્રેસ આપને ત્યાં મળશે, જેમણે આપની પેઠે જ વિખ્યાત ક્લબો સ્થાપી હોય."

"પણ હું એ બધાં મહાન નામોની આકૃતિ ધારણ કરવાની ઇચ્છા પણ ન કરી શકું."

"તો ભલે, આપના જેવી સુકીર્તિવાળા પુરુષને તેમના પોતાના પોશાકમાં જ મળવાનું મિસિસ લિયો હંટરને ગમશે. હું જરૂર આપને માટે અપવાદ કરાવી શકીશ; મને ખાતરી છે."

"તો તો મને ત્યાં આવવામાં ઘણો જ આનંદ થશે."

"તો હું આપનો કીમતી સમય હવે વેડફી રહ્યો છું. મારે હવે ચાલ્યા જવું જોઈએ." એટલું કહી, બારણા સુધી પોતાને વળાવવા આવવાની તસ્દી ન લેવા મિ૦ પિકવિકને આગ્રહ કરવા 'એક શબ્દ પણ નહિ, એક ડગલું પણ નહિ, સાહેબ' એમ બોલતા મિ૦ હંટર ગંભીરતાપૂર્વક ત્યાંથી વિદાય થયા.

## ૨

મિ૦ પિકવિક પોતાના મિત્રોને 'પીકોક'માં આ બધી ખબર જાતે જઈને આપે તે પહેલાં જ મિ૦ વિંકલે એ ખબર ત્યાં પહોંચાડી દીધી હતી. તેમણે ઉપરથી મિ૦ પિકવિકને કહ્યું, "મિસિસ પૉટ પણ ત્યાં 'ઍપોલો'નો વેશ સજીને જવાનાં છે."

"હૅં?" મિ૦ પિકવિકે આનંદાશ્ચર્યથી ચોંકીને કહ્યું.

"હા; પણ તે ખૂલતો જ ઝભ્ભો પહેરે તે સામે મિ૦ પૉટનો વિરોધ છે."

"ખરી વાત છે, ખરી વાત છે," મિ૦ પિકવિકે મિ૦ પૉટની વાતમાં સંમતિ દર્શાવતાં કહ્યું.

"પણ તે સોનેરી ચકતાંવાળું ગાઉન પહેરશે."

"તો પછી તેમનો વેશ શો છે તે ઓળખાશે શી રીતે?" મિ૦ સ્નોડગ્રાસે પૂછ્યું.

"વાહ, હાથમાં તે વીણા ધારણ કરશે એટલે સમજાઈ જશે."

"હું ડાકૂનો વેશ લેવાનો છું," મિ૦ ટપમને કહ્યું.

"શું ડાકુનો વેશ? તમે એ વેશ માટે બહુ ઘરડા છો, એટલું પણ જોઈ નથી શકતા? ઉપરાંત વધુ જાડા પણ!" મિ૦ પિકવિકે કહ્યું.

"સાહેબ, આ તમે મારું અપમાન કરી રહ્યા છો."

"પણ તમે લીલી મખમલનું જાકીટ અને બે ઈંચની પૂંછડીવાળો ડાકુનો વેશ પહેરી મારી સામું ઊભા રહેશો, તેથી મારું જે અપમાન થશે, તેનાથી અર્ધું અપમાન પણ મેં તમારું કર્યું નથી."

"તમે નંગ છો, નંગ!" મિ૦ ટપમને પોતાના નેતાને ગાળ ભાંડી.

"તમે બીજું નંગ છો!" મિ૦ પિકવિકે જવાબ વાળ્યો.

મિ૦ ટપમન હવે પાસે આવી એક બે ક્ષણ મિ૦ પિકવિક તરફ જોઈ રહ્યા. મિ૦ પિકવિકે ચશ્માંથી ફોકસ કરેલી વધુ તીવ્ર નજર તેમની સામે ફેંકી તેમનો પડકાર ઝીલી લીધો.

"સાહેબ, તમે મને બુઢ્ઢો કહ્યો છે."

"હા."

"તમે મને જાડિયો કહ્યો."

"તમે છો જ, વળી."

ભયંકર ચુપકીદી પછી મિ૦ ટપમને હુંકાર કર્યો, "તમારી જાત પ્રત્યે મારી અનેરી ભક્તિ છે, એ ખરું; છતાં તમે કરેલા અપમાનનો મારે તાત્કાલિક બદલો લેવો પડશે."

"આવી જાઓ, સાહેબ!" મિ૦ પિકવિકે વળતો હુંકાર કર્યો.

હવે કવિ-આત્મા સ્નોડગ્રાસથી રહેવાયું નહિ. તે બંનેની વચ્ચે કૂદી પડ્યા અને પ્રથમ મિ૦ પિકવિક સામું જોઈને બોલ્યા, "મિ૦ પિકવિક, આ શું? આખી દુનિયાની આંખો તમારી ઉપર છે! અને મિ૦ ટપમન, આપણા બધાની આબરૂ એ મહા-પુરુષની આબરૂથી ઊભી થયેલી છે, એ ભૂલી જાઓ છો? શરમ છે, સદ્‌ગૃહસ્થો, શરમ!"

તરત જ મિ૦ પિકવિકની તંગ થયેલી ભમરો હવે સીધી થઈ, અને તેમના ચહેરા ઉપરનો પહેલાંનો ઉદાર મૈત્રીભાવ પાછો પ્રગટ

થયો. તેમણે મિ૰ ટપમનનો હાથ પકડીને કહ્યું, "હું ઉતાવળો બની ગયો હતો, મિત્ર, મારી ભૂલ થતી હતી, તમે જરૂર લીલું જાકીટ પહેરજો."

"ના, ના, મારી ભૂલ થઈ હતી, અને હું ઉછાંછળો બની ગયો હતો; હું હવે એ જાકીટ નહિ પહેરું." મિ૰ ટપમને પણ ગદ્‌ગદિત થઈને કહ્યું.

"ના, ના, હવે તો મને આભારી કરવા ખાતર પણ તમારે પહેરવું જ પડશે."

"તો હું મારા પ્રિય નેતાની આજ્ઞા માથે ચડાવવા ખાતર જરૂર પહેરીશ." મિ૰ ટપમને જવાબ આપ્યો.

પછી તો મિ૰ પિકવિકે પોતાના બાકીના બંને મિત્રોને પણ તેમની પસંદગીના ફેન્સી-ડ્રેસ પહેરવાની પરવાનગી આપી દીધી.

૩

મિસિસ લિયો હંટરને ત્યાં મિજબાની માટે પરીઓનો દેશ ઊભો કરી દેવામાં આવતો હતો.

મિ૰ પિકવિકનો તેમણે અતિ આદરભાવથી સત્કાર કર્યો, અને કવિ મિ૰ સ્નોડગ્રાસનો પણ; કારણ કે પોતે પણ દેડકા-કાવ્ય રચનાર મહા-કવયિત્રી હતી.

મિ૰ પૉટે સામાન્ય રીતે મિસિસ લિયો હંટરને ખુશ કરવા તેમની નાની દીકરીઓને સૌંદર્યના અવતાર જેવી તેમની મા સમાન જાહેર કરી; એટલે મિસિસ લિયો હંટરે પોતાના નાજુક પંખાથી તેમને 'તોફાની, નઠારા,' કહી ઘા કર્યો. (ભિનર્વા દેવીના હાથમાં નાજુક પંખો!)

પછી મિસિસ લિયો હંટરે કાઉંટ સ્મૉર્લટૉર્કનો પરિચય મિ૰ પિકવિકને કરાવ્યો અને કહ્યું, "એઓશ્રી ઇંગ્લૅન્ડ વિષેનું પોતાનું મહાન પુસ્તક લખવા માટે જાત-માહિતી ભેગી કરવા પરદેશથી પધાર્યા છે."

કાઉંટે તરત ખિસ્સામાંથી ડાયરી કાઢીને, તેમનું નામ લખી લીધું – તથા 'પિગવિગ' કે 'બિગવિગ' નામના એક મહાન બૅરીસ્ટરનો પરિચય થવા બદલ ખુશી વ્યક્ત કરી.

મિ૰ પિકવિકે પૂછ્યું, "આપને મળીને ખૂબ આનંદ થયો; આપ ઘણા વખતથી ઇંગ્લેંડનો અભ્યાસ કરવા પધાર્યા હશો, ખરું?"

"અરે ઘણા વખતથી; એક પખવાડિયું થઈ ગયું – અરે તેથી પણ વધારે —"

"હજુ પણ આપ અહીં વધુ રોકાવાના હશો, નહિ?"

"એક અઠવાડિયું તો ખરો જ."

"આપને ઘણી ઘણી માહિતી એકઠી કરવી પડતી હશે, નહિ? અને આટલા થોડા વખતમાં એ બધું એકઠું કરવા જતાં આપને બહુ તસ્દી લેવી પડતી હશે!"

"અરે, બધું ભેગું કરી પણ દીધું."

"એમ?"

"હા, હા, બધું અહીં ભેગું કરી દીધું છે," એમ કહી કાઉંટે પોતાના કપાળ ઉપર અર્થસૂચક ટકોરો માર્યો. તથા ઉમેર્યું, "મારા ઉતારાના સ્થળે મોટી ચોપડી જેટલી સામગ્રી થઈ ગઈ છે — સંગીત, ચિત્ર, વિજ્ઞાન, કાવ્ય, પૉલિટીક – બધી ચીજો."

"પૉલિટિક્સ એ એક જ નાના સરખા મથાળા નીચે કેટલી બધી અગત્યની અને વિશાળ બાબતોનો સમાવેશ થાય છે!" મિ૰ પિકવિકે કહ્યું.

ફટ દઈને કાઉંટે ડાયરી બહાર કાઢી — "બહુ સરસ શબ્દો – પ્રકરણ શરૂ કરવા માટે. પ્રકરણ સૂડતાલીસ. પૉલિટિક્સ એ શબ્દ હેઠળ ઘણી ઘણી અગત્યની બાબતોનો સમાવેશ થાય છે."

પછી મિસિસ હંટે કવિ સ્નૉડગ્રાસનો પરિચય કરાવ્યો. તરત કાઉંટે ડાયરી કાઢી લખી લીધું, "મથાળું – કાવ્ય – પ્રકરણ – સાક્ષર મિત્રો – નામ સ્નૉડગ્રાસ બહુ સર્સ – મહાન કવિ ઇંગ્લેંડનો – સ્નૉડગ્રાસ –

મહાન પિગ-વિગનો મિત્ર. મિસિસ હંટે પરિચય કરાવ્યો—પેખિકા—ફરતા દેડકાની—નહિ નહિ, મરતા અંગ્રેજી બ્રેડણી 'મર્તા' 'દેકડા'ની."

મિસસ લિયો હંટરે તરત મિ૦ પૉટ સામે જોઈને કહ્યું, "અદ્‌ભુત માણસ છે; રજેરજના કેવા અભ્યાસી છે?"

"ગંભીર ફિલસૂફ પણ છે," મિ૦ પૉટે જણાવ્યું.

પછી કાવ્ય-સંગીતનો વારો હતો. મિસિસ પૉટે કંઈક કલબલ કલબલ ગાયું. પછી મિસિસ લિયો હંટરને તેમના મૃતપ્રાય દેડકા ઉપરનું ખંડકાવ્ય ગાવા માટે ફરમાયશ થઈ. તે તેમણે એક વાર ગાઈ બતાવ્યું; અને ફરીથી ગાવા માટે પણ તેમણે તૈયારી બતાવી. પરંતુ મહેમાનો હવે ખાવા તરફ વળી ગયા હોવાથી એવો ખુલાસો કરવામાં આવ્યો કે, મિસિસ હંટર જેવાં નાજુક પ્રકૃતિનાં ગાયિકાને વધુ તસ્દી આપવી ઠીક નહિ. પણ જ્યાંબમાં મિસિસ લિયો હંટરે પોતાના પ્રશંસક મિત્રોના લાભાર્થે આખું ફરીથી ગાઈ સંભળાવવાની તસ્દી લેવાનો નિરધાર જાહેર કર્યો. પણ પછી શ્રોતાઓની ખરી અનિચ્છા જાહેર થઈ ગઈ. કારણ કે, મિસિસ હંટરે પોતાની રીત પ્રમાણે સો જણાને નિમંત્ર્યા હતા, અને નાસ્તાની સામગ્રી પચાસ જણની જ તૈયાર કરાવી હતી—માત્ર મહારથીઓને માટે જ; બાકીનાઓ તો પોતાનું જેમ ફોડાય તેમ ફોડી લે! એટલે એ બાકીનાઓએ જ સૌથી પ્રથમ ધસારો પિરસાયેલાં ટેબલો તરફ પોતાનું 'ફોડી લેવા' માટે શરૂ કર્યો.

આ તરફ કાઉન્ટ સ્મૉર્લટૉર્કે વિવિધ વાનીઓનું વર્ણન ડાયરીમાં ઝટપટ નોંધવા માંડ્યું હતું. મિ૦ ટપમન ઘણી સિફતોને તેમનું ખાદ્ય સરકાવવાની પ્રિય સેવા બજાવી રહ્યા હતા. મિ૦ સ્નૉડગ્રાસ એક યુવાન કવયિત્રી સાથે કાવ્યની દિવ્ય સૃષ્ટિમાં વિચરી રહ્યા હતા, અને મિ૦ પિકવિક સૌ કોઈ સામે પોતાનું મળતાવડાપણું ઢોળી રહ્યા હતા.

મિસિસ લિયો હંટર ગૌરવ—આનંદ—અને—સંતોષ—પૂર્વક બધું નિહાળી રહ્યાં હતાં.

## ૪

એટલામાં મિ૦ લિયેા હંટરે ઘૂમ પાડીને પેાતાની મહેારદારનું ધ્યાન ખેંચ્યું—"મિ૦ ચાર્લ્સ ફિટ્ઝ-માર્શલ પધાર્યા."

"ચાલેા, એમને મારી પાસે મેાકલી દેા; મેાડા આવવા બદલ મારે તેમને અત્યંત ક્રૂર સજા કરવી છે," મિસિસ લિયેા હંટરે પેાતાની એક વધુ અગત્યની એાળખ સૌને સંભળાવતાં કહ્યું.

"આવ્યેા, આવ્યેા—વહાલાં મેડમ—બને તેટલું જલદી—લેાકેાનાં ટેાળે ટેાળાં—પૂનમની રાત—ઘણી મુશ્કેલી—ખૂબ."

તરત જ મિ૦ પિકવિકના હાથમાંથી ચમચેા-કાંટેા પડી ગયા. તેમણે ઝટપટ મિ૦ ટપમન સામે જોયું તેા તેમના હાથમાંથી પણ ચમચેા-કાંટેા પડી ગયા, અને વધારામાં વિના નેાટિસે જમીનમાં ઊતરી જવાની જ તે તૈયારી કરવા લાગ્યા.

એટલામાં નૌકા-અધિકારીનેા પેાશાક પહેરેલેા એક જુવાનિયેા આગળ આવ્યેા. ચારે પિકવિકિયનેા તેને એાળખી ગયા—અને આલ્ફ્રેડ જિંગલ પણ ચારે પિકવિકિયનેાને એાળખી ગયેા!

તેણે આ લેાકેાને જોયા કે તરત મિસિસ લિયેા હંટરનેા લાંબેા થયેલેા હાથ પકડવેા પડતેા મૂકી એકદમ બહાર નાસવા માંડયું. તેણે કહ્યું, "ભૂલી ગયેા—મારા ઘેાડાઘાડીવાળાને સૂચના આપવાનું—હમણાં જ આવ્યેા—તરત—જલદી."

મિ૦ પિકવિકે હવે મિસિસ લિયેા હંટરને એ જુવાનિયાનું નામ-ઠામ પૂછ્યું.

"તે તેા એક મહાન તવંગર વ્યક્તિ છે; અને હું તમને તેનું એાળખાણ જરૂર કરાવીશ. કાઉન્ટ સ્મેાલટેાર્ક પણ તેને મળીને ઘણેા રાજી થશે."

"પણ તે કયાં રહે છે?"

"બરીમાં, 'એન્જલ' હેાટેલમાં."

"બરી?"

"હા, હા, અહીંથી થોડા માઈલ દૂર;—પણ મિ૦ પિકવિક તમે કેમ ચાલ્યા ? આટલું જલદી જવાતું હશે ?"

પણ મિ૦ પિકવિક તો બહાર ધસી ગયા હતા, અને મિ૦ ટપમન તેમની પાછળ પાછળ.

"એ તો કચારનો ચાલ્યો ગયો," મિ૦ ટપમને કહ્યું.

"હું તેની પાછળ બરી જઈશ," મિ૦ પિકવિક બોલી ઊઠયા; "ત્યાં પણ તેણે કોને કેવી રીતે છેતરવા માંડયા હશે ! તે સૌને વેળાસર જઈને ચેતવી દેવા જોઈએ."

પછી મિ૦ ટપમનને પોતે લખે ત્યારે બરી આવવાનું કહી, મિ૦ પિકવિક સૅમને સાથે લઈ તરત જિંગલની પાછળ પડયા.

## ૧૯

## વહાર !

### ૧

મિ૦ પિકવિક અને સૅમ બરી તરફ જતી કોચ-ગાડીમાં બેસી જઈ, ધસમસાટ આગળ વધી રહ્યા હતા. ઑગસ્ટ મહિનામાં પણ કુદરતની આગવી શોભા હોય છે. વસંતમાં બધું નવું ફૂટવા માંડયું હોય તેની શોભા હોય, તો ઑગસ્ટમાં ફળ તથા પાક ઉતારવાનો સમય આવ્યો હોય, તેની સુશોભા હોય. તે અંગે છોકરાં, સ્ત્રીઓ, ગાડાં વગેરેની ખેતરોમાં ધમાલ મચી રહે છે.

મિ૦ પિકવિકે એક પછી એક પસાર થતાં ખેતરો જોઈને સૅમને કહ્યું, "બહુ મનોરંજક દેખાવ છે."

"ચિમલીની ભૂંગળીઓને હરાવી દે છે."

"મને લાગે છે કે જિંદગીભર તેં ચિમનીઓ, ઈંટો અને ચૂનો જ જોયાં છે, સેમ," મિ૰ પિકવિકે હસતાં હસતાં કહ્યું.

"હું હંમેશાં બૂટ્સની નોકરી કરતો નથી આવ્યો, સાહેબ; એક વખત હું પણ ગાડું હાંકનારાનો નોકર હતો."

"ક્યારે?

"જ્યારે મને જિંદગીમાં દેડકા-કૂદની રમત રમવા છોડી મૂકવામાં આવ્યો ત્યારે સાહેબ. પછી હમાલનો નોકર બન્યો, પછી તેનો મદદનીશ બન્યો, અને પછી બૂટ્સ બન્યો. હવે હું એક સદ્‌ગૃહસ્થનો નોકર બન્યો છું, અને કોઈકિ દિવસ પોતે જ મોઢામાં પાઈપ ફૂંકતો સદ્‌ગૃહસ્થ જ બની રહીશ, સાહેબ."

"તું કોઈ ફિલસૂફ હોય તેવી અદાથી વાત કરે છે, સેમ."

"સાહેબ, એ રેલો તો અમારા કુટુંબની નસમાં ચાલ્યો જ આવે છે. મારા બાપુ તો એ લાઈનિમાં જ અત્યારે છે: મારી ઓરમાન-મા જ્યારે તેમને સારી પેઠે ફિટકારે છે, ત્યારે તે માત્ર મોંથી સીટીઓ વગાડે છે. જ્યારે તે ગુસ્સે થઈ એમની ચુંગી ભાગી નાખે છે, ત્યારે તે બહાર જઈ બીજી ખરીદી લાવે છે. જ્યારે પેલી બહુ ચીસાચીસ કરી મૂકે છે, અને હીસ્ટિરિયા લાવે છે, ત્યારે તે શાંતિથી ચુંગી ફૂંકયા કરે છે, અને તે પાછી શાંત થાય તેની ચુપચુપ રાહ જુએ છે. એ બધું ફિલસૂફી કહેવાય, ખરું કે નહિ, સાહેબ?"

"ખરેખર, ફિલસૂફી નહિ તો એના જેવું તો કહી જ શકાય. તો તને વંશપરંપરાગત મળેલો એ સ્વભાવ જીવનની અથડામણોમાં બહુ ઉપયોગી નીવડયો હશે, નહિ?"

"કેમ નહિ સાહેબ, એક નોકરીમાંથી નાસી જાઉં અને બીજીમાં જોડાઉં ત્યાં સુધી મારે એક એક પખવાડિયા સુધી ફરનિચર વગરના મકાનથી ચલાવી લેવું પડે."

"ફરનિચર વગરનું મકાન?"

"હા હા વૉટર્લૂ બ્રિજ નીચેની પાણી વગરની કોરી કમાનો, સાહેબ. એ મકાનમાં વાંધો કાઢી શકાય તો એટલો જ છે કે, તેમાં હવાની સગવડ વધારે હોય છે. જોકે, ત્યાં કંઈ કંઈ દેખાવો જોવાના મળે, એ નફામાં."

"દેખાવો ?"

"હા, સાહેબ; તે દેખાવો તમારા જેવાના ઉદાર હૃદયની તો આરપાર વીંધીને નીકળી જાય, સાહેબ. નાનાં જુવાન સ્ત્રી-પુરુષો, જેમને તેમના ભીખના ધંધામાં હજુ બઢતી નથી મળી હોતી, — પગારવધારો કહે છે તે રતો, — તેઓને ત્યાં થોડોક વખત રહેવું પડે છે. જેમને હજુ બે-પેની દોરડા જેટલી આવક નથી હોતી, તેઓ થાકી-પાકી, ભૂખે મરી, ત્યાંના અંધારા ખૂણાઓમાં આવીને ગબડે છે ને આરામ મેળવે છે."

"બે-પેની દોરડાની આવક વળી કેવી ?"

"એક રાત પથારીમાં સૂવા મળે તે માટે બે-પેની ભાડું આપવું પડે છે સાહેબ. હોટલવાળા રાતે ઓરડાની ફરસબંદી ઉપર બે-પેની લઈ આવા લોકોને સૂવા દે છે. પણ આ લોકો બે-પેની જેટલી ઊંઘ લઈને સવારે વિદાય થવાને બદલે અર્ધો દિવસ પૂરો થાય ત્યાં સુધી પડી રહેતા. એટલે આ લોકો હવે બે લાંબાં દોરડાં છ ફૂટને અંતરે બાંધે છે. તે દોરડાં ફરસથી ત્રણ ફૂટ ઊંચાં રાખે છે. પછી એ બે દોરડાં ઉપર ગુણપાટની પથારીઓ બાંધી દેવામાં આવે છે. બે પેની આપો એટલે એક મજ્જનું હાલરડું રાત-ભર સૂવા મળે. પણ સવારે છ વાગતામાં તેઓ એક બાજુના બે છેડા છોડી નાખે એટલે ધબ્બ દઈને બધા નીચે પછડાય. એટલે તેમને ઉઠાડવા-જગાડવાની પંચાત જ ન રહે !"

પણ પછી બરી ગામ આવતાં અને 'એન્જલ' વીશી આગળ જ કોચ-ગાડી ઊભી રહેતાં મિ૰ પિકવિકે સૌમને એક ખાનગી ઓરડો પોતાનું સાચું નામ દીધા વિના, ભાડે રાખી આવવા અંદર મોકલ્યો. કારણ, પેલો જિંગલ તે હોટેલમાં જ ઊતર્યો હોઈ, તેને ખબર ન પડે એ રીતે અંદર પેસી જવું જોઈએ.

એ પ્રમાણે ઓરડો રાખ્યા આવીને, પછી પહેલાં જમવાની વ્યવસ્થા કરવામાં સેમ પડ્યો. તે બધું પત્યા પછી, હોટેલના બૂટ્સ પાસેથી જિંગલ વિષે કઢાવાય તેટલી માહિતી લઈ આવવા તે ચાલ્યો ગયો.

અર્ધાએક કલાકમાં તે પાછો આવ્યો. તે ખબર લાવ્યો કે, મિ૦ ચાર્લ્સ ફિટ્ઝ-માર્શલે ફરી નોટિસ આપે ત્યાં સુધીને માટે એક ઓરડી ભાડે રાખી છે. અત્યારે તો તેઓશ્રી કોઈ પડોશના ખાનગી ઘરમાં જમવાના આમંત્રણનો સ્વીકાર કરીને ગયા છે, તથા પોતે મોડી રાતે પાછા ફરે ત્યાં સુધી બારણા આગળ બેસી રહેવાનું બૂટ્સને કહેતા ગયા છે. તેમના નોકરને તે પોતાની સાથે લઈ ગયા છે. એટલે સવારમાં પોતે એ નોકરને મળીને, મિ૦ ફિટ્ઝ-માર્શલની વિશેષ માહિતી કઢાવી લાવશે, એમ સેમે છેવટે ઉમેર્યું.

૨

રાતે પછી હોટેલના નોકરોમાં પોતાની રીતે હાસ્ય-મજાકની અચ્છી મહેફિલ સેમે જમાવી દીધી. એ લોકોના ખડખડાટ હસવાના ધૂમ-બરડાથી પૂરા ત્રણ કલાક મિ૦ પિકવિકને પોતાની ઓરડીમાં ઊંઘ ન આવી શકી.

સવારમાં પંપ નીચે મિ૦ સેમ વેલર રાતનો નશો મોં ઉપરથી ધોઈ કાઢી રહ્યો હતો, તેવામાં તેણે મલમેરી-રંગની વર્દી પહેરેલા એક નોકરને આંગણામાં બેન્ચ ઉપર બેસી હાથમાંના ગુટકામાંથી પાઠ કરતો જોયો. સેમે નજર નાખીને જ તેના સ્વભાવનો તાગ પહેલેથી મેળવી લેવા પ્રયત્ન કર્યો; પણ ખરી રીતે પેલો જ ગુટકામાં મોં રાખી, નજર કરીને સેમનો તાગ મેળવતો હતો.

સેમે હવે તેની પાસે બેસી ધૂળધમા વાત કરવા માંડી: ગઈ કાલે રાતે નોકર-સભામાં હાજર ન હતા? બહુ મજા પડી હતી ઇ૦.

"મારા માલિક સાથે મારે બહાર જવાનું હતું," પેલાએ જવાબ આપ્યો.

"તમારા માલિક? શું નામ હશે, વારુ?"

"ફિટ્ઝ-માર્શલ."

"વાહ, તમારો હાથ મને આપો જોઉં; મને તમારો દેખાવ બહુ ગમે છે; એટલે મારે તમારી સાથે દોસ્તી કરવી પડશે."

"વાહ, મનોમન સાક્ષી કહે છે તેવું જ થયું ને? — મને પણ તમારો દેખાવ બહુ ગમતો હોવાથી હું ક્યારનો તમારી સાથે બોલવા જ ટાંપી રહ્યો હતો."

"હેં? તો તમારું નામ શું, બાદશાહ?"

"જૅમ્સ, જૅમ્સ-ટ્રૉટર; પણ તમારું નામ શું, ત્યારે?"

"મારું નામ વૉકર છે, અને મારા માલિકનું નામ વિલ્કિન્સ છે; તમે સવારના પહોરમાં એક-બે ટીપાં પેટમાં નાખવા ઇચ્છશો જ; ચાલો મારે ખાતે, મિ૦ ટ્રૉટર!"

"ઘણું સારું; ચાલો."

બે પ્યાલા ભરાવી, બંને જણ પીવા લાગ્યા; તે વખતે સૅમ-વેલરે જૅમ્સને પૂછ્યું, "તમારી નોકરી કેવીક છે, ભાઈ?"

"ખરાબ; તદ્દન ખરાબ. અને હવે તો મારા માલિક પાછા પરણુવાના થયા છે."

"લે કર વાત! માલિક પરણશે તો તમો કંઈ વધુ લાભશો, વળી; એમાં દિલગીર થવા જેવું શું છે?"

"અરે ભાઈ, એ જ પંચાત છે ને! પરણતા હોત તો કંઈ વાંધો નહિ; પણ આ તો બોર્ડિંગ-સ્કૂલમાં ભણતી અને ખૂબ તવંગર વારસદાર એવી એક છોકરીને ભગાડી જવાના છે. એમાં શું મળવા જેવું, ભાઈ! એમાં તો જેલ ભેગા જ થવું પડે ને!" આમ કહી, તેણે તો તરત આંખે રૂમાલ દબાવી પોતાના ભાવી જેલ-નિવાસની પોક અત્યારથી જ મૂકવા માંડી.

"લો ગવર્નર, જરા બીજો પ્યાલો ભરો; સાંસતા થાઓ. તમારા માલિક પણ ભારે તવંગર હશેને? પૈસા હોય તો બધું પહોંચી વળાય!" સૅમે આશ્વાસન આપવા માંડ્યું.

પેલાએ જવાબમાં પોતાના ખાલી ખીસા ઉપર થપાકો મારીને જણાવી દીધું કે, મારા ખીસામાં પૈસા હોય, તો મારા માલિકના ખીસામાં હોય !

"તો પછી, તુંય ભાઈ બડો બદમાશ હોવો જોઈએ કે, તારા માલિક ખીસાંકાતરુની જેમ કોઈની છોકરી અને તેનો વારસો કાતરી જાય, અને તું જરા મોઢુંય ન હલાવે !"

"હું જાણું છું, અને સમજું છું, તેથી જ ભગવાનની પોથીનો પાઠ કર્યા કરું છું, અને અંતરથી રડ્યા કરું છું." એમ કરી જોંએ પાછી આંખો રેલાવવા માંડી.

"પણ તું જઈને બોર્ડિંગ-સ્કૂલની મહેતીને કહી દે, અને તારા માલિકને પકડાવી દે."

"પણ મારા જેવા નોકરની વાત ઉપર વિશ્વાસ કોણ મૂકે ? પેલી છોકરી નિર્દોષ અને સમજદાર છોકરી ગણાય છે. તે એવો કશો વિચાર હોવાની ઝટ ના પાડી દે, અને મારા માલિક પણ ના કહી દે —તો પછી બધા એમ જ માને ને કે, મારા માલિક તો એ છોકરીના બાપના ઓળખીતા છે, અને તેની ખબર કાઢવા માટે મળવા જ આવે છે, તેને કાઢી જવા નહિ ! પણ મારા પક્ષમાં કોઈ એવા સદ્‌ગૃહસ્થ હોય જેમના બોલવાનું વજન પડે, તો હું એમની મદદ લઈને આ અપહરણનો કિસ્સો અટકાવવાનું જરૂર વિચારું ખરો. પણ અહીં આ અજાણી જગાએ મને એવું કોઈ મળે તોપણ, મારા ઉપર વિશ્વાસ મૂકી, એવા ડખામાં હાથ ઘાલવા કોણ તૈયાર થાય ?"

સૅમ બોલ્યા વગર તરત જ ઊઠ્યો અને જોંબનો હાથ પકડી તેને પોતાના માલિક મિ૦ પિકવિક પાસે ખેંચી ગયો અને જિંગલના કાવતરાની બધી વિગતોથી તેમને જાણકાર કરી દીધા.

## ૩

અપહરણ તે રાતે જ થવાનું હતું; એટલે મિ૦ પિકવિકે જોંબને પૂછીને સ્થળ-કાળની બધી માહિતી મેળવી લીધી. મિ૦ પિકવિક તો

તે જ ઘડીએ બોર્ડિંગ-સ્કૂલની મિસ્ટ્રેસને મળવા અને તેને આ કાવ-તરાની ખબર કહેવા દોડી જવા તત્પર થઈ ગયા; પણ જોએ કહ્યું, "મારા માલિક બહુ હોશિયાર માણસ છે. તેમણે એ બુઢ્ઢી મિસ્ટ્રેસને એવી ભોળવી દીધી છે કે, તેને કોઈ પણ રીતે વાત કરો તો પણ તે માનશે જ નહિ. કારણ કે, તમારા પક્ષે પુરાવો તો એક નોકરે કહેલી વાતનો જ ગણાય ને ? અને મારો માલિક તરત જ કહી દે કે, મેં એ નોકરને આજે બરતરફ કર્યો છે એટલે તે પોતાનો ગુનો ઢાંકવા મારે માથે ગમે તેવા ગુના ઓઢાડવા પ્રયત્ન કરે છે !"

"તો પછી શું કરવું જોઈએ !"

"એને અપહરણ કરતી વખતે જ પકડવો જોઈએ. અને આપ જો સહેજ મરજી બતાવો તો તેમ જરૂર થઈ શકે. જેમ કે, મને ને મારા માલિકને, અમે ફોડેલી બે નોકરડીઓ, રાતે દશ વાગ્યે બોર્ડિંગના રસોડામાં પેસાડી દેશે. પછી બધાં જ્યારે ઊંઘી ગયાં હશે, ત્યારે અમે રસોડામાંથી બહાર નીકળી, પેલી જુવાન બાનુને તેના કમરામાંથી ઉઠાવી બહાર લાવીશું. બહાર એક ઘોડાગાડી તૈયાર ઊભી હશે, અને તેમાં તેને બેસાડી દઈ, અમે વિદાય થઈ જઈશું. એટલે તમે સાહેબ એકલા બગીચામાં તૈયાર થઈને સંતાઈ રહો, તો બધો ઉપાય થઈ રહે, તેવું મને સૂઝે છે."

"કેમ હું એકલો ?"

"કારણ કે, બહુ ધાંધલ થાય, તો મિસ્ટ્રેસને પોતાની સંસ્થાની આબરૂની પડી હોય; અને પેલી છોકરીને પણ બહુ જણની સમક્ષ સમજાવવી મુશ્કેલ થાય. આ બધી નાજુક બાબતો ઓછામાં ઓછા ધાંધલથી પતવવી સારી."

"પણ તો પછી, હું તેનાં સગાંવહાલાંને જ ખબર આપી દઉં તો શું બોટું ?"

"અશક્ય; તેઓ અહીંથી સો માઈલ દૂર રહે છે ! આ કામ આવું બધું મુશ્કેલ હોવાથી જ હું અકળાઈ રહ્યો છું, અને મને કશો

રસ્તો સૂઝતો નથી, સાહેબ." કહી જૉબ ટ્રૉટરે આંખોમાંથી ધધૂડા કાઢવા માંડ્યા.

"અલ્યા તારા માથામાં વૉટર-વર્કસના પાઇપનો 'મેઇન'-વાલ્વ છે કે શું? તારા જેવો મરજીમાં આવે ત્યારે ટબ ભરીને પાણી ઢાલવી શકે તેવો મેં હજુ સુધી કોઈને જોયો નથી." સૅમે કહ્યું.

"સૅમ, તું તારી જીભ જરા પકડી રાખ, જોઉં," મિ૰ પિકવિકે ગુસ્સે થઈને કહ્યું; "વખત ક-વખત પણ વિચારીશ કે નહિ?"

"બહુ સારું સાહેબ, એકદમ વખત વિચારવા બેસી જાઉં છું," સૅમે જવાબ આપ્યો.

"તો, ભાઈ ટ્રૉટર, એ બગીચામાં મારે દાખલ કેવી રીતે થવું?"

"ભીંત બહુ ઊંચી નથી, અને આપનો નોકર સહેજ ટેકો કરશે, તો તરત આપ ઉપર ચડી શકશો. પછી આપ બગીચામાં સંતાઈ રહેજો અને સાડા અગિયાર વાગે કે બારણે ટકોરા મારજો, એટલે હું બારણું ઉઘાડી દઈશ. એ લોકો સાડા અગિયારે જ બહાર નીકળશે, એવું નક્કી થયું છે."

"મને આ યોજના ગમતી નથી; છતાં બીજી કોઈ સૂઝતી પણ નથી. પરંતુ એક જુવાન બાઈની આખી જિંદગી આવા બદમાશને હાથે ધૂળધાણી થતી અટકાવવી હોય, તો થોડું જોખમ ખેડવું પણ પડે," મિ૰ પિકવિકે પોતાની ભલમનસાઈથી દોરવાઈને કહ્યું; "પણ એ મકાનનું નામ શું છે?"

"વેસ્ટગેટ હાઉસ; શહેર બહાર નીકળી થોડા જમણી બાજુ ફંટાશો કે તરત મુખ્ય રસ્તા ઉપર એકલું ઊભેલું એ મકાન આપની નજરે પડશે. દરવાજા ઉપર પિત્તળની ચકતી ઉપર નામ પણ કોતરેલું છે."

મિ૦ પિકવિકે હવે તેના હાથમાં એક ગિની મૂકી દીધી, અને તેને જવા પરવાનગી આપી. પેલો નીચો નમી, સલામ કરી, આંખમાં આંસુ સાથે ચાલતો થયો.

તેની પાછળ પાછળ જ સેમ નીકળ્યો હતો. તેણે તરત તેના ખભે હાથ મૂકીને કહ્યું, " દોસ્ત, તને આંખના પાણીને સોનું બનાવવાની તરકીબ સારી હાથ આવી છે. તું એમ ઝટ ઝટ આંખમાં પાણી શી રીતે લાવી શકે છે, યાર ? "

" એ તો હૃદયની લાગણીની વાત છે; હૃદય ભરાઈ આવે ત્યારે જ એમાંથી આંસુ છલકાય ! "

## ૪

રાત પડી અને દશ વાગ્યા એટલે સેમે આવીને મિ૦ પિકવિકને કહ્યું કે, મિ૦ જિંગલ અને જૉબ બહાર ગયા છે; તેમનો સામાન પેક થઈ ગયો છે, અને તેમણે એક ઘોડાગાડી મંગાવી છે.

સાડાદશ વાગે મિ૦ પિકવિક પણ સેમ સાથે સ્ત્રી-જનની વહાર કરવાના નાજુક પરંતુ હિંમતભર્યા સાહસે નીકળ્યા.

સેમના ખભા ઉપર ઊભા રહી તેણે મારેલા આંચકાથી મિ૦ પિકવિક ભીંત ઉપર ચડી ગયા એટલું જ નહિ, પણ જરા ધારણ ગુમાવતાં અંદર પણ પડ્યા. ઠીક ઠીક છોલાયા – ટિચાયા, પણ અત્યારે તેનો વિચાર કરવાનો હતો નહિ.

જ્યાં સુધી નિયત સમય ન આવે, ત્યાં સુધી બારણા પાસે જવાય તેમ હતું નહિ; એટલે ઝાડી-ઝાંખરાં પાછળ જ પોતાની વિશાળ કાયાને છુપાવીને તે સ્થિર ઊભા રહ્યા. મકાનમાં દીવા બુઝાવા લાગ્યા, અને બારી-બારણાં બંધ થયાં; એટલે તે સમજ્યા કે, બધાં ઊંઘવાની તૈયારીમાં પડ્યાં છે.

સાડા અગિયારનો ટકોરો સંભળાતાં જ, મિ૦ પિકવિક પગને ટેરવે ધીમેથી ચાલતા બારણા આગળ ગયા અને ત્યાં આસ્તેથી ટકોરો

માર્યો. પણ થોડી વાર થોભ્યા પછીય કંઈ જવાબ ન મળતાં તેમણે બીજો ટકોરો જરા મોટેથી માર્યો.

છેવટે કંઈક પગલાં દાદરા ઉપરથી આવતાં સંભળાયાં અને કેટલાય આગળા-નચૂકા ખેંચાયાનો અવાજ આવ્યો. પછી ધીમેથી બારણું ઊઘડ્યું.

બારણું બહારની તરફ ઊઘડતું હતું, એટલે મિ૦ પિકવિક તેની પાછળ ખસતા-લપાતા ગયા. પણ એ બારણું ઉઘાડનાર જૅમ્સ-ટ્રૉટર નહિ પણ હાથમાં મીણબત્તીવાળી એક નોકરડી હતી. મિ૦ પિકવિકનો શ્વાસ થંભી ગયો.

પેલી નોકરડી અંદર રહેલી બીજીને સંબોધીને બોલી, "કોઈ દેખાતું નથી, એ તો બિલાડી ફિલાડી અંદર આવવા માથું પછાડતી હશે." આમ કહી તેણે બિલાડીને અંદર આવવા રોજની ટેવ પ્રમાણે બચકારીને બોલાવી; પણ કોઈ અંદર ન આવ્યું, એટલે તેણે બારણું પાછું બંધ કરી દીધું.

પણ થોડી વારમાં તો ગાજવીજ અને વીજળીના કડાકા-ભડાકા શરૂ થયા. આવે વખતે ઝાડ નીચે ઊભા રહેવું સહીસલામત ન માની, મિ૦ પિકવિક ભીંતને ખૂણે ઊભા થઈ ગયા. કારણ કે, બગીચામાં કે રસ્તા વચ્ચે ઊભા રહેવું એ તો રસ્તા ઉપરથી જતા ચોકીદારોને નજરે પડવા જેવું થાય. એક વાર તો મિ૦ પિકવિક ભીંત ઉપર ચડી બહાર નીકળી જવાનો પણ વિચાર કર્યો. પરંતુ પોતાના ભારે શરીરને તે પૂરતું કુદાવી શક્યા નહિ, અને ઊલટા હાથેપગે વધુ છોલાયા એ નફામાં.

ઘણી વારે, બધાં ઊંઘી ગયાં હશે એમ માની, મિ૦ પિકવિક પાછા ધીમે પગે બારણા પાસે જઈ, બારણા ઉપર ફરીથી ટકોરો માર્યો. કશો જવાબ ન આવ્યો. થોડી વાર રહીને બીજો ટકોરો માર્યો. આ વખતે અંદર કશી ગુસપુસનો અવાજ સંભળાયો, અને પછી અંદરથી કોઈએ પૂછ્યું: "કોણ છે?"

એ જોબનો અવાજ ન હતો, પણ કોઈ સ્ત્રીનો હતો. મિ૦ પિકવિક તરત જ બારણું ઉઘડે ત્યારે પાછળ ઢંકાઈ રહેવાય એવી જગાએ ભીંત સરસા ઊભા થઈ ગયા.

પણ આ વખતે આખું મકાન જાણે સળગી ઊઠયું હતું. મિ૦ પિકવિક પોતાની આ દશાથી ખૂબ ગભરાયા અને અકળાયા. તથા બધું ધાંધલ શમી જાય, એટલે ગમે તેમ કરી, ભીંત ઠેકી જઈ, બહાર નીકળી જવાનો વિચાર કરવા લાગ્યા.

પરંતુ આ વખતે તો બારણું ઊઘડયું એટલું જ નહિ પણ ત્રણ ચાર જણનો સામટો અવાજ આવ્યો —

"કોણ છે?"

અંદરથી અધ્યક્ષાએ હવે બૂમ પાડી, "હેય, તું બહાર નીકળીને બગીચામાં જઈને કેમ જોતી નથી?"

"મેડમ, મને બીક લાગે —"

ત્રીસ ત્રીસ છાત્રાઓ અંદરથી તેના ઉપર ફિટકારનો ચિત્કાર કરી ઊઠી.

અધ્યક્ષાએ તેને ફરીથી બહાર નીકળીને જોવા તાકીદ કરી, એટલે તે રસોઇયણ બિચારી રડવા માંડી, અને નોકરડીએ તેનો પક્ષ લઈને કહ્યું, "બોલવું સહેલું છે, પણ આ અંધારામાં બાઈ માણસ એકલી બહાર શી રીતે નીકળી શકે?"

તરત જ તેને ત્યાં ને ત્યાં એક મહિનાની નોટિસે છૂટી કરવાની સજા થઈ. પછી અધ્યક્ષાએ રસોઇયણને ફરીથી ધમકાવીને કહ્યું, "તું બહાર જઈને જુએ છે કે નહિ?"

બીજી ત્રણેક મહેતીઓએ પણ રસોઇયણને કહ્યું, "મિસિસ કહે છે તે સાંભળે છે કે નહિ?"

ત્રીસ છાત્રાઓ એકે અવાજે બોલી ઊઠી, "આ રસોઇયણ બાઈ તે કેવી છે!"

રસોઇયણે હવે જીવ ઉપર આવી, પોતાની જ આંખ અંજાઈ જાય તેમ મીણબત્તી આગળ ધરી બહાર જરા ડોકિયું કરીને કહ્યું, "કોઈ નથી; એ તો પવનથી બારણું હાલ્યું હશે."

અને એ ખુલાસો પૂરતો મનાઈને બારણું બંધ થવાની તૈયારીમાં જ હતું, પણ એટલામાં એક ચબરાક છાત્રાએ બિજાગરાં વચ્ચેથી બહાર નજર કરીને જોયું તો કોઈ કદાવર આકૃતિ બારણા પાછળ ભીંત સરસી લપાયેલી હતી. તે દેખીને જ તેણે એક કારમી ચીસ પાડી.

અધ્યક્ષાએ તેને પૂછ્યું, "શું છે?" પણ જવાબમાં તો તે છાત્રા હિસ્ટીરિયાની જ વેતરણમાં પડી; પણ ત્યાર પહેલાં એટલું બોલી કે, "બારણા પાછળ કોઈ પુરુષ ઊભો છે!"

આટલું વાકય સાંભળતાંની સાથે જ અધ્યક્ષા દોડતાંકને પોતાના સૂવાના ઓરડામાં ભાગ્યાં અને અંદરથી બે આગળા અને ઠેસીઓ લગાવી બારણું બંધ કરી દીધું, તથા નિરાંતે બેભાન થઈ પથારીમાં ગબડી પડ્યાં.

છાત્રાઓ, મહેતીઓ અને નોકરડીઓએ દાદર ઉપર જ નાસ-ભાગ કરી મૂકી અને એકમેકની ઉપર જ પડતું નાખ્યું. પણ તેમણે જે ચીસાચીસ તથા ધૂમાધૂમ કરી મૂકી, તેથી પાસેનું આખું ગામ દોડી ન આવે તે માટે જ મિ૦ પિકવિક બારણા પાછળથી બહાર નીકળ્યા, અને તે સૌને ધીમેથી સમજાવીને કહેતા હોય તેમ પોતે કોણ છે, અને શા માટે આવ્યા છે, એ વાત કહેવા લાગ્યા.

પણ પેલીઓને તો સાંભળવાના કાન જ ન હતા; માત્ર ધૂમો અને ચીસો પાડવાની જીભો જ હતી. મિ૦ પિકવિકે અધ્યક્ષાને બોલાવવા વારંવાર વિનંતી કરી. છેવટે મિ૦ પિકવિકનો સૌમ્ય દેખાવ, તથા લૂંટફાટ કરનારની કરડાકીને બદલે તેમનો ઊલટો છોભીલો આજીજી-ભર્યો દેખાવ જોઈને તેઓએ એક વાર તો તેમને એક ઓરડામાં પુરાવાની શરતે જ આગળ વાત કરવા કે સાંભળવા તૈયારી બતાવી.

મિ૦ પિકવિક તરત જ પોતાની મેળે એક નાની ઓરડીમાં પુરાયા. પછી બધાં અધ્યક્ષાને જઈને, ચોરને પૂરી દીધાની ખબર આપી તેડી લાવ્યાં. તેમણે હવે હિંમતપૂર્વક એ ઓરડા આગળ આવી પોતાની કડક પૂછપરછ આરંભી.

"તું અમારા બગીચામાં કેમ દાખલ થયો હતો ?"

"હું તમારી છાત્રાઓમાંની એક તવંગર છાત્રા મિ૦ ચાર્લ્સ ફિટ્ઝ-માર્શલ સાથે ભાગી જવાની હતી, તેને રોકવા તથા સાબિતી સાથે તેની ખબર તમને આપવા જ આવ્યો હતો. મને કહેવામાં આવ્યું હતું કે, મિ૦ ફિટ્ઝ-માર્શલે તમારી સાથે ઓળખાણ પાડયું હોવાથી, પુરાવાઓ વિના વાત કરીએ તો તમે માનો તેમ નહોતું. તેથી હું તેઓ ભાગે ત્યારે જ તેમને પકડીને તમને સોંપવાનો ઇરાદો રાખતો હતો."

પણ અધ્યક્ષાએ એવા કોઈ માણસને પોતે ઓળખતી હોવાની જ ના પાડી, તથા પોતાની કોઈ છાત્રાને મળવા બહારનું કોઈ આવતું હોવાની પણ ધસીને ના પાડી. એટલે તરત મિ૦ પિકવિક સમજી ગયા કે, એ બદમાશ જિંગલે જ પોતાના નોકર મારફતે તેમને ભરમાવીને આ કઠંગી સ્થિતિમાં મૂકી દીધા છે.

મિ૦ પિકવિકે પછી પોતાના નોકરને 'એન્જલ' વીશીમાંથી તેડાવી મંગાવી, મિ૦ જિંગલના આ કાવતરાનો ખુલાસો મેળવવા અધ્યક્ષાને વિનંતી કરી.

નોકર રાખનાર આ માણસ ખરેખર સદ્‌ગૃહસ્થ હોવો જોઈએ એવી ખાતરી થતાં, તરત, અધ્યક્ષાએ 'એન્જલ' વીશીમાં મિ૦ સૅમ્યુએલ વેલરની ભાળ કાઢવા માણસ મોકલ્યું.

દોઢેક કલાક પછી સૅમ આવ્યો, પણ તેની સાથે બુઢ્ઢા મિ૦ વૉર્ડલ તથા તેમના ભાવી જમાઈ મિ૦ ટ્રન્ડલ પણ હતા.

છેવટે સામસામા બધા ખુલાસા થતાં, અધ્યક્ષાને સંતોષ થયો, અને મિ૦ પિકવિક મિ૦ વૉર્ડલ વગેરે સાથે 'એન્જલ' તરફ પાછા ફર્યા. મિ૦ વૉર્ડલે રસ્તામાં જ જણાવી દીધું કે, પોતે શિકાર અર્થે

આ તરફ આવ્યા હતા, અને 'એન્જલ'માં રાતવાસા માટે આવ્યા, ત્યાં તેમને ખબર પડી કે, મિ૦ પિકવિક પણ 'એન્જલ'માં જ ઊતરેલ છે.

ત્યાં પહોંચ્યા પછી મિ૦ પિકવિકને થોડી પૂછપરછથી જ સમજાઈ ગયું કે, મિ૦ જિંગલે પિકવિક વગેરેને આવેલા જોઈ, તેમના હાથમાંથી છટકવા અને બને તો તેમને કઢંગી સ્થિતિમાં નાખવા પોતાના નોકર મારફત આ કાવતરું યોજ્યું હતું!

## ૨૦

## મિસિસ બાર્ડેલનો દાવો

### ૧

મોડી રાત સુધી ખુલ્લામાં ઊભા રહ્યા હોવાને કારણે મિ૦ પિકવિકને બીજે દિવસે સંધિવાનું સખત દરદ ઊપડ્યું, અને તે ભલા માણસ પથારીવશ થઈ ગયા.

આ તરફ મિસિસ લિયો હંટરને ત્યાંની મિજબાની પછી બાકીના પિકવિકિયનો ઐટન્સવિલ મુકામે જ પોતાના નેતાના કંઈ સમાચારની રાહ જોતા થોભી ગયા હતા. મિ૦ ટપમન અને મિ૦ સ્નૉડગ્રાસ 'પીકૉક'માં જ હતા; અને મિ૦ વિંકલ આગ્રહભર્યા નિમંત્રણને કારણે મિ૦ પૉટના જ મકાનમાં તેમનાં મહોરદારને સોબત આપી રહ્યા હતા. મિ૦ પૉટ પણ તે બંનેને પોતાની સોબત અવારનવાર આપતા રહેતા; પરંતુ તેમના સમયનો મુખ્ય ભાગ જાહેર હિત માટે 'ઈંડિપેન્ડન્ટ' પત્રના પોતે નિરધારેલા વિનાશ પાછળ જ રોકાયેલો રહેતો.

એક વખત મિ૦ વિંકલ નાસ્તાના કમરામાં એકલા બેઠા હતા, તેવામાં તે કમરાનું બારણું જોરથી ઊઘડ્યું અને મિ૦ પૉટ તેમની તરફ અડગ નિશ્ચયથી ડગ ભરતા ધસી આવ્યા તથા એકદમ તીખા અવાજે મિ૦ વિંકલને સંબોધીને બોલ્યા: "ઑરી સાપ!"

મિ૦ વિંકલ પોતાને માટે આ વિચિત્ર સંબોધન સાંભળી એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા, "સાહેબ! શું કહો છો?"

"ઝેરી સાપ! હું કહું છું કે, ઝેરી સાપ!" મિ૦ પૉટ દાંત કચડતા બોલ્યા.

સવારના બે વાગ્યે જે માણસ તમને મિત્રતા અને અંગતતાના ભાવોથી નવાજતો ચાલતો ગયો હોય, તે સાડા નવ વાગ્યે પાછો આવી તમને 'સાપ' સંબોધનથી સંબોધે, ત્યારે તમારે માની લેવું જ રહ્યું કે, દરમ્યાનમાં કંઈક વિશેષ બની ગયું છે. અને વિશેષ બન્યું જ હતું. 'ઇંડિપેન્ડન્ટ' છાપાએ તે દિવસની આવૃત્તિમાં નીચેનું લખાણ છાપ્યું હતું—

"અમારા ગંદા સમકાલીન પત્રબંધુએ પોતાની હંમેશની બીભત્સ કટારોમાં, આપણા ભાવી સભ્ય મિ૦ ફિઝકિન—ભલે આ વખતે તેઓ હાર્યા, પણ ભવિષ્યમાં તે જરૂર જીતવાના છે જ—તેમના અંગત જીવનને લગતી કેટલીક બાબતો લખીને, વૈયક્તિક જીવનની પવિત્રતાને ને અસ્પૃશ્યતાને ખંડિત કરી છે—કલંકિત કરી છે—દૂષિત કરી છે. અમે તેનો ગંદો દાખલો હરગિજ અનુસરવા ઇચ્છતા નથી; નહિ તો તેના ઘરનો પડદો અમે પણ ઊંચો કરી શકીએ છીએ; અને જે વાતો બધા જ જાણે છે તે વાતો તે આંધળાને બતાવી શકીએ તેમ છીએ. અમે તેના ઘરનો એ બધો ઉકરડો અમારાં પાનાં ઉપર લાવીને, અમારા છાપાને ભ્રષ્ટ કરવા માગતા નથી. પણ આજે અમારા એક નાગરિક બંધુ તરફથી મળેલી નીચેની કડીઓ ઉતારીને જ સંતોષ માનીએ છીએ—

"અલ્યા પૉટ,
તેં જો જાણ્યું હોત,
કે તેં પરણેલી સ્ત્રી
કેવી બેવફા નીવડશે,
તો જરૂર તેં તેને પૉટ,
તેના પ્રિયતમને જ સોંપી હોત!"

એટલામાં મિસિસ પૉટ જ ત્યાં આવી પહોંચ્યાં અને બધી પરિસ્થિતિ જોઈ, તરત પોતાનો હાથ મિ૦ વિંકલના હાથમાં મૂકતાં પતિને સંબોધીને બોલ્યાં, "શી વાત છે, મને તમારે મોંએ કહો જોઉં?"

"શી વાત છે કેમ? જુઓ આ મારે માટે શું છાપવામાં આવ્યું છે! તેમાં કોનો ઉલ્લેખ છે, તે તમે સમજી શકશો જ."

મિસિસ પૉટે છાપાનો એ ભાગ વાંચી, તરત જ લાંબી તીણી ચીસ પાડીને જમીન ઉપર જ પડતું નાખ્યું અને ઊંડા ઊંડા શ્વાસોની ધમણ વચ્ચે પોતાના કાયર પતિની નિર્બળતા ઉપર લ્યાનત વરસાવવા માંડી.

મિ૦ પૉટ બિચારા હાંફળા થઈ, મિસિસનું માથું જમીન ઉપર રગેદોળાતું અટકાવવા ઘૂંટણે પડી તેમને પકડવા ગયા; પણ પેલીએ તો છંછેડાયેલી વાઘણની જેમ ગર્જના કરીને કહ્યું, "કાયર, નાલાયક, તારી બૈરી ઉપર કવિતા તારા દુશ્મનોએ છાપી, તેનો જવાબ તું એ છાપું ઘરમાં લઈ આવી, પોતાના માનવંત મહેમાનને અને પત્નીને ગાળાગાળી કરીને આપે છે? ફટ, નાલાયક, શરમથી પાસેના ખાબોચિયામાં ડૂબી મર!"

તે જ વખતે મિસિસ પૉટના વાળ ઓળનારી ગણાતી પણ ખરેખર તો મિ૦ પૉટ સામે પોતાની માલિકણના અંગરક્ષક તરીકે કામ કરતી બાઈ ગુડવિન ત્યાં દોડી આવી અને તેણે તો પોતાની કતરાતી નજરોથી તથા ધુત્કારોથી મિ૦ પૉટને અધમૂઆ જ કરી નાખ્યા. તેણે વારંવાર જણાવ્યું, 'આવી ફૂલ જેવી નાજુક બાઈ, આવા ગમારના હાથમાં પડી છે, તે તેનો ખુરદો કરી નાખીને જ જંપશે,' ઇ૦.

મિસિસ પૉટે હવે પોતાને પક્ષે ભેગા થયેલા લાભો સુરક્ષિત કરવા સારુ પોતાનું છેલ્લું બ્રહ્માસ્ત્ર ઉગામ્યું અને ગુડવિનના ખોળામાં માથું મૂકી જાહેર કર્યું કે, પોતાના લેફ્ટેનંટ ભાઈની મદદ લઈને તે તરત આ બબૂચક પાસેથી છૂટાછેડા જ લઈ લેશે; આ માણસના હાથમાં પોતાનું સ્વમાન કે જીવન સહીસલામત નથી!

આ અસ્ત્ર છૂટતાં જ મિ૦ પૉટના રહ્યાસહ્યા હોશ ઊડી ગયા અને તે ગળગળો થઈ બોલ્યો, "મારા દુશ્મન છાપામાં આવી ગંદી વાતો આવ્યાથી હું જરા ઉશ્કેરાઈ ગયો હતો એટલું જ—"

"પણ તે ઉશ્કેરાટ ઘરમાં દાખવવા આવવાની બહાદુરી કરવાને બદલે એ છાપાના તંત્રીને ચાબુકે ચાબુકે ફટકારવા કેમ દોડી ન ગયા? હજુ પણ તમે એ રીતે તેને ફટકારવા જવાનું વચન આપો છો?"

બૉડી-ગાર્ડ ગુડવિને તરત જ પોતાની માલિકણને થાબડતાં થાબડતાં જણાવ્યું, "વચન આપશેસ્તો; નહિ તો પછી એવા માણસના પડખામાં ભરાઈ રહેવામાં શો માલ?"

મિ૦ પૉટને હવે બોલી નાખવું જ પડયું, "હું જરૂર જઈને એ બદમાશની ખબર લઈ નાખું છું."

"પણ ગુડવિન, એ કચારે જશે?" મિસિસ પૉટે મિ૦ પૉટના છોભીલાપણાને છેવટની હદે લઈ જવા પૂછયું.

"હમણાં જ, અબઘડી, અને આ દિવસ પૂરો થાય તે પહેલાં જોઈ લેજો," મિ૦ પૉટે હુંકાર કર્યો.

મિસિસ પૉટે તરત જ મિ૦ વિંકલને પ્રેમભરી આંખો સાથે પૂછયું, "તમે આ પ્રસંગને કારણે અહીંનો વસવાટ ટૂંકો નહીં જ કરી નાખો, એમ માનું છું."

મિ૦ પૉટને જ જવાબ પડચો, "ના, ના, તેઓ શા માટે એમ કરે!" જો કે મનમાં તો તેમણે ઇચ્છયું કે, વિંકલના માથા ઉપર ઘરનું છાપરું તૂટી પડે અને તે કાયમનો તેની નીચે ગારદ થઈ જાય!

પણ મિ૦ ટપમન સવારના જ આવી મિ૦ વિંકલને બરીથી આવેલી મિ૦ પિકવિકની ચિઠ્ઠી બતાવી ગયા હતા, જેમાં ત્રણે મિત્રોને ઝટપટ બરી મુકામે આવી જવા તેમણે જણાવ્યું હતું. એટલે મિ૦ વિંકલે તરત તો પોતાને જવું જ પડશે, એમ જાહેર કર્યું.

## ૨

જ્યારે ત્રણે મિત્રો કોચ-ગાડીમાં બેસીને બરી આવી પહોંચ્યા, ત્યારે 'એન્જલ' હોટેલના દરવાજા આગળ જ સેમ તેમનો સત્કાર કરવા તૈયાર ઊભો હતો. બુઢ્ઢા મિ૦ વૉર્ડલ તથા મિ૦ ટ્રન્ડલને ત્યાં જોઈ મિ૦ વિંકલ અને મિ૦ સ્નૉડગ્રાસને અચંબો થયો અને મિ૦ ટપમનને રાશેલ યાદ આવીને કંઈક મૂંઝવણ થઈ.

પણ મિ૦ વૉર્ડલે મિ૦ ટપમનનો હાથ પકડીને કહ્યું, "કંઈ શરમાવાની જરૂર નથી; મારી બહેનના હિતની દૃષ્ટિએ હું વિચારું તો તો તમે તેને પરણી જાઓ, એ હું ઇચ્છું; પણ તમારા હિતની દૃષ્ટિએ વિચારું, તો તમે તેને ન પરણો એમ હું ઇચ્છું. તમારા જેવા જુવાનિયાને રાશેલ કરતાં કોઈ વધુ જુવાન શિકાર હાથમાં આવવો જોઈએ," એમ કહી તેમણે મિ૦ ટપમનના પડખામાં કોણીનો ગોદો માર્યો. બધા હસી પડ્યા.

પછી મિ૦ વૉર્ડલે બધા મિત્રોને નાતાલના અરસામાં પોતાને ત્યાં આવી પહોંચવા તથા લગ્નમાં હાજરી આપવા નિમંત્રણ આપ્યું.

"લગ્નમાં?" મિ૦ સ્નૉડગ્રાસ તદ્દન ફીકા પડી જઈ બોલી ઊઠ્યા.

"હા, હા, પણ ગભરાશો નહિ; માત્ર ટ્રન્ડલ અને બેલાનું લગ્ન થવાનું છે, બીજા કોઈનું નહિ!" મિ૦ વૉર્ડલે ઍમિલી પ્રત્યેની મિ૦ સ્નૉડગ્રાસની આસક્તિ લક્ષમાં રાખી જવાબ આપ્યો. બધા ફરી હસી પડ્યા.

પછી મિ૦ વૉર્ડલના ઘરનાં બધાંના સમાચાર પુછાઈ રહેતાં મિ૦ ટપમને મિ૦ વૉર્ડલને "તેણી"ના સમાચાર પૂછ્યા.

"તેણી? તમે મારી કુંવારિકા બહેનની વાત પૂછો છો?" મિ૦ વૉર્ડલે વિશેષ માહિતી માગી.

મિ૦ ટપમને માત્ર મોં બાજુએ ફેરવી લઈને જ હકારમાં જવાબ આપ્યો.

"ઓહો, તે તો હવે અમારા ઘરમાંથી ચાલી ગઈ છે, અને દૂર અમારાં સગાં સાથે રહે છે. તેનાથી મારી દીકરીઓનું સુખ દીઠું ખમાતું ન હતું, એટલે મેં જ તેને જવા દીધી. પણ ચાલો હવે જમવા ચાલો. તમે લોકો તો આટલે દૂરથી આવ્યા એટલે ભૂખ્યા થયા હશો, અને હું તો ઘેર બેઠો જ કયારનો ભૂખ્યો થઈ ગયો છું."

જમવામાં બધાએ જ ભોજનને યોગ્ય ઇનસાફ આપ્યો. પછી મિ૰ પિકવિકે, પોતે જિંગલની ફેાસલામણીમાં કેવી રીતે આવી ગયા, તેની આખી હકીકત કહી સંભળાવી. તે સાંભળી સૌમાં એ દુષ્ટ પ્રત્યે ગુસ્સાની તથા તિરસ્કારની લાગણી ફરીથી ભભૂકી નીકળી.

પછી તો મિ૰ વિંકલે એટર્નસવિલ મુકામે પોતાની ઉપર પણ મિ૰ પૉટને ઘેર જે પ્રસંગ ગુજર્યો, તેની વાત હસતાં હસતાં કહી સંભળાવી.

પરંતુ મિ૰ પિકવિકની ભમ્મરો એ સાંભળી તંગ થઈ ગઈ અને જ્યારે મિ૰ વિંકલે એ પ્રસંગ પૂરો કર્યો ત્યારે થેાડી વાર ચૂપ રહી, ટેબલ ઉપર મુક્કી મારીને તેમણે કહ્યું, "આપણે જેના ઘરમાં પેસીએ છીએ, તેના ઘરમાં કંઈ ને કંઈ બખેડો ઊભો કર્યા વિના રહેતા નથી, એ કેવી વાત ? અને એમ બનવામાં આપણો અવિચાર જ નહિ પણ હૃદયનું કાળાપણુંય કારણભૂત નથી હોતું, એમ કહી શકાય તેમ હોય છે ખરું ? મારા અનુયાયીઓ—મિત્રો જે કોઈ સદ્‌ગૃહસ્થના છાપરા હેઠળ પેસે છે, ત્યાંની કોઈ વિશ્વાસુ બાઈના મનની શાંતિ અને નિરાંતને ડખોળ્યા વિના રહેતા નથી, એ ખરેખર મારે માટે લજ્જાસ્પદ વસ્તુ છે—"

આવી ને આવી ભાષામાં મિ૰ પિકવિક હજુ આગળ વધ્યા હોત; પરંતુ એટલામાં સેમ એક કાગળ લઈને અંદર દાખલ થયો. તે ટપાલ-ઑફિસે ગયો હતો અને ત્યાં પોતાના માલિકના નામનો સીલબંધ કાગળ આવેલો જોઈ, તે લઈને તરત દોડી આવ્યો હતો.

મિ૦ પિકવિકે સીલ ઉખાડીને કાગળ વાંચ્યો, તેની સાથે જ તેમનું મોં કાળુંધબ્બ પડી ગયું.

મિ૦ વૉર્ડલે તો તેમનું એવું વીલું મોં જોતાં જ પૂછ્યું, "કોઈ મરી તો નથી ગયું ને?"

મિ૦ પિકવિકે જવાબમાં એ કાગળ મિ૦ ટપમન પાસે સેરવ્યો, અને સૌને મોટેથી વાંચી સંભળાવવા કહ્યું.

મિ૦ ટપમને ધ્રૂજતાં ધ્રૂજતાં એ કાગળ વાંચ્યો —

ફ્રીમૅન્સ કૉર્ટ, કૉર્નહીલ,
ઑગસ્ટ ૨૮ મી, ૧૮૩૦

બાર્ડલ વિ૦ પિકવિક

સાહેબ,

મિસિસ માર્થા બાર્ડલે તમારી વિરુદ્ધ લગ્ન કરવા આપેલા વચનના ભંગનો, અને તે અંગેની નુકસાનીના પંદરસો પાઉંડનો દાવો માંડવા અમને સૂચવ્યું હોવાથી, અમે તમને જાણ કરવા રજા લઈએ છીએ કે, 'કૉર્ટ ઑફ કૉમન્સ પ્લીઝ'માં આ દાવા અંગે તમારી સામે રીટ કઢાવવામાં આવી છે. એટલે વળતી ટપાલે, લંડનના તમારા ઍટર્નીનું નામ જણાવી અમને આભારી કરશો.

અમે છીએ, સાહેબ,
આપના આજ્ઞાંકિત સેવકો
ડૉડસન અને ફૉગ.

મિ૦ સૅમ્યુએલ પિકવિક.

દરેક જણ હવે આશ્ચર્યચકિત થઈ એકબીજા સામું અને પછી દરેક જણ મિ૦ પિકવિક સામું જોવા લાગ્યું. છેવટે મિ૦ ટપમને ચુપકીદીનો ભંગ કર્યો —

"ડૉડસન અને ફૉગ."

"બાર્ડેલ વિ૰ પિકવિક," મિ૰ સ્નોડગ્રાસે ભેદી રીતે માથું હલાવતાં કહ્યું

"વિશ્વાસુ બાઈના મનની શાંતિ અને નિરાંતને ડખોળવી" મિ૰ વિંકલે ઉપરની છત સામું જોઈને કહ્યું.

મિ૰ પિકવિક પોતાના અનુયાયીઓની આ કડવી–મૂંગી ટીકાઓથી સળગી જઈને બોલી ઊઠ્યા, "આ તો હીન કાવતરું છે. ડૉડસન અને ફૉગ એ બદમાશ કજિયા-દલાલો છે, અને જ્યાં ત્યાંથી આવા બખેડા સૂંઘી કાઢી દાવાઓ ઊભા કરાવે છે. મિસિસ બાર્ડેલ પોતે આવું કદી કરે નહિ — આ તો મારી પાસેથી પૈસા કઢાવવાની યુક્તિ-માત્ર છે."

"જે હોય તે, પણ ડૉડસન અને ફૉગ એ લોકો કાયદાની બાબતોના જાણકાર છે, અને આપણે માત્ર તેમને તુચ્છકારી કાઢીએ તેથી કંઈ વળશે નહિ; કારણ કે, કોઈ ને કોઈ રીતની કાયદાની ચુંગલ તેઓએ શોધી કાઢી હોવી જોઈએ." મિ૰ વૉર્ડલે જણાવ્યું.

"અરે કઈ ચુંગલ એ બદમાશો શોધી કાઢવાના હતા? એક સામાન્ય ભાડવાત પોતાની ઘર-માલિકણ સાથે વર્તે તે કરતાં જુદી વર્તણૂક મેં કદી મિસિસ બાર્ડેલ પ્રત્યે દાખવી નથી — મારા આ મિત્રો પણ સાક્ષી છે, પૂછો તેમને; તેમણે કદી મને એની સાથે કઢંગું બોલતાં કે વર્તતાં જોયો છે? —"

"માત્ર એક પ્રસંગ સિવાય કદી નહિ," મિ૰ ટપમને જણાવ્યું.

મિ૰ પિકવિકનું મોં પડી ગયું.

"જુઓ, એક વખત તો બીજાઓએ કંઈક જોયું છે; પણ એ પ્રસંગેય બીજો કંઈ અર્થ કાઢી શકાય તેવું કશુંક શંકાભર્યું બોલવામાં કે કરવામાં આવ્યું હતું ખરું?" મિ૰ વૉર્ડલે તપાસ આગળ ચલાવી.

મિ૰ ટપમને ખંધાઈથી પોતાના નેતા સામું જોઈને કહ્યું, "ખાસ શંકાભર્યું તો કંઈ ન કહેવાય; માત્ર એ બાઈ તેમના બંને હાથની વચ્ચે હતી — તદ્દન ઢળી પડેલી —"

"ભલા ભગવાન, ખરી વાત, તે વખતે કેવો દેખાવ બની રહ્યો હતો — તે બેભાન થઈને મારા હાથમાં ગબડી પડી, અને તેં જ વખતે મારા મિત્રો અંદર દાખલ થયા — "

"અને આપણા મિત્ર તે બાઈને સામાન્ય આશ્વાસનના વહાલ-ભર્યા શબ્દો જ કહેતા હતા — " મિ૦ વિંકલ ડંખ સાથે બોલી ઊઠ્યા.

"વાહ, જે દાવામાં કશું શંકાભર્યું નથી એમ કહેવામાં આવે છે, એમાં આ બધું વિચિત્ર નીકળતું જાય છે – એહેય પિકવિક, ખરા રંગીલા માણસ લાગો છો, તમે તો ભાઈ!" એમ કહી બુઢ્ઢા મિ૦ વૉર્ડલ ખડખડાટ હસી પડ્યા.

મિ૦ પિકવિક હવે ખૂબ દુઃખી થઈને બોલ્યા, "સંજોગો પણ કોઈ કોઈ વાર માણસની કેવી દશા કરી મૂકે છે – પણ મારે હવે આ ડૉડસન અને ફૉગને જાતે મળવું પડશે — હું કાલે જ લંડન જવા ઊપડું છું."

પણ મિ૦ પિકવિકના પગની દશા ઝટ નહિ ઊપડાય તેવી ન હોવાથી, પછીના ગુરુવારે લંડન જવા બે જગાઓ કોચ માટે નોંધાવી આવવાનું સૅમને ફરમાવવામાં આવ્યું — એક મિ૦ પિકવિક માટે અને બીજી સૅમ માટે.

સૅમ પણ આ બધું સાંભળી વિચારમાં પડી બહાર જતો જતો એક હાથના પંજા ઉપર બીજા હાથથી મુક્કી મારતાં ગણગણ્યો — "બધા કહે છે, પણ મારા માલિક એવું કશું કરે તેવા નથી, એમ હું કહેવા માગું છું — ભલે પછી એ વાત ગમે તેની સામે ઊભા રહીને કહેવી પડે!"

## ૨૧

# ડૉડસન અને ફૅોગ

### ૧

ડૉડસન અને ફૅોગની ઑફિસ ફ્રીમૅન્સ કૉર્ટ, કૉર્નહીલ, ને દૂરને છેડે આવેલા એક ગોબ્બ મકાનના ભોંયતળિયે આવેલી હતી. તેઓ અદાલતોના ઍટર્નીઓ હતા તેમ જ હાઇ-કૉર્ટના સૉલિસિટરો હતા. તેમની ઑફિસના ચાર ગુમાસ્તાઓ ઊંડા કૂવાને તળિયે રહેતા હોય અને સૂર્યના સ્વર્ગીય પ્રકાશની જેટલી ઝાંખી મેળવી શકે, તેટલી જરૂર અહીં રહીને મેળવતા.

ગુમાસ્તાઓનો કમરો ખાસ અંધારિયો, ભેજવાળો અને ગંધાતો હતો.

મિ૦ પિકવિક અને સૅમે શુક્રવારે સવારે જઈને તે કમરાને બારણે ટકોરા માર્યા, ત્યારે અંદરથી એક ગુમાસ્તાએ જવાબ આપ્યો, "અંદર આવો, ટકોરા શાના માર્યા કરો છો ?"

મિ૦ ડૉડસન કે મિ૦ ફૅોગ અંદર છે ?" મિ૦ પિકવિકે, વિનય-પૂર્વક ટોપો હાથમાં રાખી, ધીમેથી આગળ વધતાં પૂછ્યું.

"મિ૦ ડૉડસન હાજર નથી, અને મિ૦ ફૅોગ ઘણા રોકાયેલા છે."

"મિ૦ ડૉડસન કયારે પાછા આવશે ?"

"કહી ન શકાય."

"મિ૦ ફૅોગને કામમાંથી ફારેગ થતાં બહુ વાર લાગશે ?"

"જાણી ન શકાય."

મિ૦ પિકવિકે કમરાની બહાર બેસીને જ રાહ જોવાનો નિર્ણય કર્યો.

અને ગુમાસ્તાઓ પડદીની આડમાં પોતાની ગુફતેગો આગળ ચલાવવા લાગ્યા —

"આજે સવારે તમે કોઈ હતા નહિ, ને આપણે રીટ કઢાવી હતી તે આસામી રામ્સે મિ૦ ફૉગને મળવા આવ્યો હતો. મિ૦ ફૉગે આંખો તતડાવીને તેને પૂછ્યું, 'ચૂકતે કરવા આવ્યા છો કેમ?' 'હા' પેલાએ કહ્યું. 'દેવું બે પાઉંડ દશ શિલિંગનું છે અને ૩ પાઉંડ પાંચ શિલિંગ દાવાના ખર્ચના.' પેલાએ પૈસા કાઢી આપ્યા, એટલે મિ૦ ફૉગે જરા ખોંખારો ખાઈને કહ્યું, 'પણ મુદત ગઈ કાલે રાતે પૂરી થઈ ગઈ, અને તમે આજે સવારે આવ્યા, એટલે અમે અદાલતમાં ડેકલેરેશન નોંધાવી દીધું છે, તેથી ખર્ચની રકમમાં હવે સારી પેઠે વધારો થયો છે.' 'પણ આટલા પૈસા ભેગા કરતાં જ મારો દમ નીકળી ગયો, ને અત્યારે જ્યારે હવે હું બધું ગમે તેમ કરીને ભેગું કરી લાવ્યો, ત્યારે તમે કહો છો કે, બધું નકામું ગયું.' તરત મિ૦ ફૉગે મારા સામું જોઈ ને પૂછ્યું, 'આપણા મિ૦ જેકસન ડેકલેરેશન નોંધાવવા કયારના ગયા બરું ને?' મેં કહ્યું, 'કયારનાય ગયા.' એટલે મિ૦ ફૉગે રામ્સેને કહ્યું, 'જાઓ હવે જઈને થોડા વધુ પૈસા વખતસર ભેગા કરી લાવો.'

"'મારાથી હવે કંઈ થઈ શકે તેમ નથી, ભગવાન જાણે છે,' એમ કહી પેલાએ ટેબલ ઉપર પોતાનો પંજો પછાડ્યો. મિ૦ ફૉગે તરત ઊભા થઈને કહ્યું, 'તમે મને ધમકી આપો છો કેમ?' 'ના રે ના, તમને શાનો ધમકાવું? હું તો મારા કમનસીબને—' પેલાએ કહ્યું. 'નહિ, તમે મને ધમકી આપી રહ્યા છો; અમઘડી ઑફિસમાંથી ચાલ્યા જાઓ, અને જરા સભ્યતાથી વર્તતાં શીખતા પહેલાં અહીં આવતા નહિ.' પેલો બિચારો પોતે લાવેલા પૈસા બીસામાં મૂકી ચાલતો થયો, એટલે તરત મિ૦ ફૉગે હસતાં હસતાં બીસામાંથી ડેકલેરશન કાઢીને મને આપ્યું અને કહ્યું, 'જાઓ જલદી એને નોંધાવી

આવેા. આ માણુસ મેાટા કુટુંબવાળેા તથા અઠવાડિયે પચીસ શિલિંગ કમાતેા માણુસ છે, એટલે આપણા પૈસા ડૂબવાના નથી. અને આવા મેાટા કુટુંબવાળેા માણુસ દેવું ન કરવાનેા પાઠ બરાબર શીખે એવું કરવામાં આપણે એક પુણ્યનું કામ જ કરી રહ્યા છીએ !' આપણા મિ૦ ફૅોગ ખરા ધંધાદારી માણુસ છે, હું !"

બહાર બેઠેલા સૅમે મિ૦ પિકવિકના કાન પાસે મેાં લઈને કહ્યું, "બહુ હેાશિયાર માણુસેા છે, 'પુણ્યના કામ' વિષેના તેમના ખ્યાલેા ઉમદા છે, એમ કહેવું જોઈએ."

મિ૦ પિકવિકે સંમતિસૂચક ડેાકું હલાવ્યું.

થેાડી વાર બાદ એક ગુમાસ્તાએ આવીને મિ૦ પિકવિકને પૂછ્યું, "મિ૦ ફૅોગ જો હવે નવરા થયા હેાય, તેા મારે તમારું શું નામ જણાવવાનું છે ?"

"પિકવિક."

અંદર રહેલા ગુમાસ્તાઓએ એ નામ સાંભળી ગુસપુસ આરંભી દઈ હસતાં હસતાં કહ્યું : બાર્ડેલ વિ૦ પિકવિકવાળા દાવાનેા આરેાપી! મિસિસ બાર્ડેલને પરણવા નીકળ્યેા છે તે ! બરાબર લાગમાં આવ્યેા છે, ધ૦.

સૅમે મિ૦ પિકવિકને કહ્યું, "તમારી ઠેકડી ઉડાવી રહ્યા હેાય એમ લાગે છે, સાહેબ."

પણ થેાડીવાર બાદ ગુમાસ્તાએ આવીને મિ૦ પિકવિકને એકલાને ઉપર આવવા જણાવ્યું.

મિ૦ ફૅોગે મિ૦ પિકવિકને જોઈને ગુમાસ્તાને પૂછ્યું, "મિ૦ ડૉડસન અંદર છે ?"

"હમણાં જ આવ્યા છે, સાહેબ," ગુમાસ્તાએ બેધડક જવાબ આપ્યેા.

"તેમને અહીં આવવા કહેજો." એમ કહી મિ૦ ફૅોગે મિ૦ પિકવિકને બેસવા કહ્યું.

મિ૦ ડૉડસન આવ્યા એટલે મિ૦ ફ્રૉગે ડૉડસનને કહ્યું, "આ મિ૦ પિકવિક છે."

"ઓહો, બાર્ડેલ વિ૦ પિકવિકના દાવાના આરોપી, ખરું? તમે શું કરવા માગો છો, સાહેબ?"

"હું તો સદ્‌ગૃહસ્થો, તમારો કાગળ મળતાં મને જે નવાઈ થઈ, તે વ્યક્ત કરવા જ અહીં આવ્યો છું. તથા મારે એ જાણવું છે કે, મારી સામે આ ફરિયાદ ઊભી કરવાનાં તમારી પાસે શાં કારણો છે."

"ફરિયાદનાં કારણો?" ફ્રૉગ બોલવા ગયો.

"મિ૦ ફ્રૉગ, મને જ બોલવા દો," ડૉડસને કહ્યું,

"ભલે, ભલે, તમે જ કહો; વચ્ચે બોલવા માટે ક્ષમા." મિ૦ ફ્રૉગે કહ્યું.

"ફરિયાદનાં કારણો બાબત તો સાહેબ, તમે તમારા અંતરાત્માને પૂછી શકો છો. અમે તો અમારા અસીલના સ્ટેટમેન્ટને આધારે જ ચાલીએ છીએ. તે સાચું હોય કે ખોટું, માનવા લાયક હોય કે ન માનવા લાયક, એ જણાવવાનું કામ અમારું નથી; પણ એટલું અમે કહી શકીએ કે, અમારો કેસ બહુ મજબૂત છે. તમે કદાચ કમનસીબીને કારણે આમાં સપડાયા હશો કે ખરેખર તમારી દાનત જ ખરાબ હશે;– પરંતુ જ્યૂરીના માણસ તરીકે મને આ કેસમાં બેસાડ્યો હોય, અને તમારી વર્તણૂક બાબત મને પૂછવામાં આવે, તો હું એક જ જવાબ આપું સાહેબ," એમ કહી, મિ૦ ડૉડસને ભારે ધર્માત્મા માણસની પેઠે મોં ઊંચું કર્યું. મિ૦ ફ્રૉગે તરત જ "જરૂર, ચોક્કસ, નિઃશંક," એમ કહીને ટાપશી પૂરી.

મિ૦ પિકવિકના મોં ઉપર દુઃખની કાળાશ છવાઈ ગઈ; તે બોલ્યા, "આ બાબતમાં હું માત્ર કમનસીબને કારણે જ સંડોવાયો છું, એમ તમને જણાવવા જ હું આવ્યો છું. મારે એટલું જ જાણવું

છે કે, તમે આ કેસ ખરેખર આગળ ચલાવવા માગો છો, એમ જ મારે સમજવું ?"

"હા, હા, તમે ચોક્કસ એમ સમજી શકો છો."

"અને નુકસાનીના પંદરસો પાઉંડ મૂકવામાં આવ્યા છે કેમ ?" મિ૰ પિકવિકે વધુ ગુસ્સે થઈને કહ્યું.

"હા, જોકે અમારા અસીલે અમારું કહ્યું માન્યું હોત, તો અમે તેનાથી ત્રણ ગણી રકમ મૂકવા માગતા હતા." મિ૰ ડૉડસને કહ્યું.

"અને અમારાં અસીલ પંદરસો પાઉંડથી એક ફાર્થિંગ ઓછે સમાધાન કરવા માગતાં નથી, એ પણ સાથે સાથે અમારે જણાવવું જોઈએ," મિ૰ ફૉગે ડૉડસન તરફ જોઈને કહ્યું.

"તો લો, રીટની આ નકલ હાથમાં પકડો," એમ કહી ડૉડસને મિ૰ પિકવિકના હાથમાં એક કાગળ આપી દીધો.

"ઠીક, સદ્‌ગૃહસ્થો, ઠીક, તમને મારા સૉલીસીટર પાસેથી વધુ જાણવા મળશે." મિ૰ પિકવિકે ગુસ્સાથી ઊભા થતાં કહ્યું.

"અને એ જાણતાં અમને ઘણો આનંદ થશે, સાહેબ," ફૉગે હાથ ઘસતાં કહ્યું.

"ઘણો જ આનંદ વળી," ડૉડસને પિકવિકને જવા બારણું ઉઘાડતાં કહ્યું.

"અને સદ્‌ગૃહસ્થો, જતા પહેલાં હું તમને લોકોને સંભળાવતો જાઉં કે, હીણપતભર્યાં અને બદમાશીભર્યાં —"

"થોભો, થોભો, મિ૰ જેકસન, મિ૰ વિક્સ, અહીં આવો જોઉં, આ સદ્‌ગૃહસ્થ જે કંઈ બોલે તે નોંધી લેજો," ડૉડસને બે ગુમાસ્તાઓને અંદર બોલાવતાં કહ્યું; "ઠીક, સાહેબ, હવે બોલો, હીણપતભર્યાં અને બદમાશીભર્યાં —"

"હા, હા, બધાં હીણપતભર્યાં અને બદમાશીભર્યાં કારનામાંમાં તમારું આ કારનામું સૌથી વધુ હીન અને બદમાશીભર્યું છે." મિ૰ પિકવિકે ગુસ્સાથી સળગી જઈને કહ્યું.

"તમે સાંભળ્યું, મિ૦ વિક્સ?" ડૉડસને પૂછ્યું.

"તમે આ શબ્દો ભૂલશો નહીં, મિ૦ જૅક્સન," ફૉગે કહ્યું.

"પણ તમે હજુ અમને બીજું કંઈ વિશેષણ લગાડવા ઇચ્છતા હશો; જેમકે 'ઠગ', 'લુચ્ચા', 'હરામખોર', હેં?"

"હા, હા, તમે ઠગ, લુચ્ચા, હરામખોર અને બીજું પણ જે કંઈ એ જાતનું હોય, તે બધું જ છો." મિ૦ પિકવિકે કહ્યું.

"જુઓ મિ૦ વિક્સ, જુઓ મિ૦ જૅક્સન, તમને બરાબર ન સંભળાતું હોય તો જરા આગળ આવો." ડૉડસન બોલી ઊઠ્યો.

"અને તમે સાહેબ અમને 'ચોર' પણ કહેવા ઇચ્છતા હશો, તથા અમારામાંના કોઈકને તમાચ મારવા પણ ઇચ્છતા હશો; તમારી ઇચ્છા હોય તો મહેરબાની કરીને પૂરી કરશો; અમે જરાય આડે નહીં આવીએ, સાહેબ," ફૉગે કહ્યું.

અને એટલું બોલી ફૉગે મિ૦ પિકવિકને લોભાવવા પોતાની જાતને તેમના મુક્કી વાળેલા હાથ તરફ એટલી બધી નજીક લાવી દીધી, કે, જો સૅમે આવીને તરત મિ૦ પિકવિકને પકડી લીધા ન હોત, તો તેમણે જરૂર ફૉગને એક મુક્કી લગાવી જ દીધી હોત.

"જુઓ સાહેબ, કોઈને મુક્કી મારવાની તમારા હાથને ખરેખર ચળ જ ઊપડી હોય, તો બહાર આવી મને લગાવજો; પણ આ જગાએ એ રમત રમવી વધુ ખર્ચાળ થઈ પડશે, સાહેબ; આ લોકોની ફી બહુ આકરી હોય છે." સૅમે મિ૦ પિકવિકને બારણા બહાર ખેંચતાં કહ્યું.

૨

બહાર નીકળી, મિ૦ પિકવિકે મિ૦ પર્કર વકીલને ત્યાં જવા તરત જ ઘોડાગાડી લઈ આવવા સૅમને ફરમાવ્યું.

સૅમે જવાબમાં તરત જ કહ્યું, "ગઈ કાલ રાતના જ તમારે ત્યાં પહોંચી જવાનું હતું, સાહેબ; તેને બદલે વચ્ચે અહીં નાહક ભૂલા પડી ગયા. પણ સાહેબ, જતા પહેલાં જરા સાંસતા થવા થોડુંક પીણું પી લઈએ, તો કેમ?"

મિ૰ પિકવિક એ બાબતમાં તરત સંમત થયા; કારણ કે અત્યારે તેમનું મગજ બહુ ધમધમી ગયું હતું. સૅમનું એ શહેરનાં હોટેલ-પીઠાંનું જ્ઞાન બહુ વિશાળ હોવાથી, તે તરત એમને એક પાનગૃહમાં લઈ ગયો.

તે પાનગૃહમાં પીણા માટે કે પીણા સાથે બેઠેલા બધા ઘોડા-ગાડીના હાંકેડુઓ જ હતા. એટલે એ લોકોનું આ માનીતું પાન-ગૃહ હોય એમ લાગતું હતું. એ બધા ડ્રાઇવરોમાં એક ખડતલ માણસ પણ હતો. તેણે મિ૰ પિકવિકનું ધ્યાન ખાસ ખેંચ્યું. તે માણસ બહુ જોરથી પોતાની ચુંગી ખેંચતો ખેંચતો વારંવાર સૅમ તરફ તથા મિ૰ પિકવિક તરફ જોયા કરતો હતો.

પહેલાં તો એ માણસ સૅમ તરફ સામાન્ય નજરે જ જોતો હતો; પણ પછી તો તેણે કંઈક વિશેષ નજરે તેના તરફ જોવા માંડ્યું, અને છેવટે તેના તરફ જોઈને ખૂબ જ પાડી —

"સૅમી, દીકરા!"

"એ કોણ છે, સૅમ?" મિ૰ પિકવિકે પૂછ્યું.

"વાહ, મને તો ખાતરી જ પડતી નથી; એ તો મારું મૂળિયું હોય એમ મને હવે લાગે છે."

"મૂળિયું? શાનું મૂળિયું?"

"વાહ, મારું પોતાનું મૂળિયું વળી, મારા પૂર્વજ – મારો જન્મ જેમને આભારી છે તે પોતે જ. કેમ છો, વડીલ?" સૅમે પોતાના બાપ તરફ ફરીને પૂછ્યું.

"સૅમી, તને જોયે બે વરસથી વધારે ઘણાં વરસ થઈ ગયાં, ખરું?"

"બહુ વધારે ઘણાં થયાં હશે, પૂર્વજ; પણ મારાં ઓરમાન મા ભલાં-ચંગાં ખરાં?"

"હું તને બધી વાત સાચેસાચી કહી દઉં સૅમી; રાંડેલી તરીકે તેના જેવી સારામાં સારી કોઈ બૈયર નહીં હોય; આજે પણ સૅમી હું એમ જ કહું કે, રાંડેલી તરીકે તારી નવી-મા સારામાં સારી બૈયર

હતી. પણ કોણ જાણે તેણે પોતાની એ રાંડેલી જાત શું કરવા બદલી નાખી, અને પરણેતર બનાવી દીધી, એ હું તને નથી સમજાવી શકતો; કારણ કે પરણેતર તરીકે તે બહુ સફળ પત્ની નથી."

"એમ?"

"એમ જ છે; સૅમી એમ જ છે. અને મેં એક વખત વધારે પડતું પરણી નાખ્યું, એનો મને ખૂબ પસ્તાવો થાય છે. અને દીકરા, તારા સગા બાપ ઉપરથી શિક્ષણનો પાઠ લેવો હોય, તો કોઈ દહાડો રાંડેલીઓની સરસો ન જતો; ખાસ કરીને તે પાછી હોટેલ ચલાવતી હોય તો તો ખાસ." પિતા તરીકેની આ એક અમૂલ્ય શીખ દીકરાને ભાળવી દઈ, વેલર ડોસો પોતાની ચુંગી ફરીથી ભરીને, તથા સળગાવીને ઉપરાઉપરી ગોટા કાઢવા લાગ્યો.

પછી થોડો વિચાર કરી લઈને તે ઊભો થયો અને મિ૰ પિકવિક પાસે જઈને બોલ્યો, "જુઓ અંગત વાતમાં માથું મારું ન કહેતા, પણ તમે સાહેબ કોઈ રાંડેલીને ઘરમાં નથી ઘાલી ને?".

"ના, ના," મિ૰ પિકવિક હસતા હસતા બોલ્યા. તે દરમ્યાન સૅમે બાપને સમજાવી દીધું કે, તે તો પોતાના નવા શેઠ છે.

તરત જ ડોસાએ માથા ઉપરથી ટોપો ઉતારી નમ્રતાથી હોંસભેર મિ૰ પિકવિકને સલામ ભરી અને પૂછ્યું, "સૅમી બરાબર કામ તો કરે છે ને, સાહેબ?"

"હા, હા, બરાબર કરે છે; તેના ઉપર હું બહુ ખુશ છું." મિ૰ પિકવિકે ભલમનસાઈથી જવાબ આપ્યો.

"એ સાંભળીને હું બહુ રાજી થયો. મેં, સાહેબ, તેની કેળવણી પાછળ બહુ મહેનત લીધી છે. તે નાનો હતો ત્યારથી હું તેને શેરીમાં છૂટો મૂકતો અને પોતાનું પોતાની જાતે જ ફોડી લેવા દેતો. છોકરાને હોંશિયાર કરવો હોય, તો એ એક જ મોટી ગાડાવાટ છે, સાહેબ; ઘોડાવાટ જ કહોને!"

"પણ એ રીત કદાચ જોખમભરેલી કહેવાય, એમ હું માનું છું," મિ૦ પિકવિક જરા હસતાં બોલ્યા.

"અને ખાસ ખાતરીભરેલી પણ ન કહેવાય; જુઓને ડોસા, તમે મને એ રીતે કેળવ્યો હતો તોપણ બે દિવસ પહેલાં જ એક જણ મને છેતરી ગયો." એમ કહી સૅમે પોતાના બાપને જૉબ ટ્રૉટર-વાળો કિસ્સો કહી બતાવ્યો.

"હું ? એનો શેઠ સૂકો અને ઊંચો તો નથી ? તથા એ નોકર-જાદો મલબેરી રંગની વર્દી તો નથી પહેરતો ?" ડોસાએ અર્ધા ઊભા થઈ જતાં પૂછ્યું.

"હા; હા; એ જ જોડકું છે; પણ તમે તેમને કયાં જોયા ?" સૅમ અને પિકવિક બંને ભારે ઉતેજનાપૂર્વક પૂછવા લાગ્યા.

"તો તો એ બંને જોડકાઓ કયાં છે, એ હું બરાબર જાણું છું. બંને જણ ઈપ્સવીચ મુકામે સીધાસટ પહોંચી ગયા છે. અને હું કેમ કરીને જાણી ગયો એમ પૂછો, તો કહેવાની વાત એમ કે, મારા એક ભાઈબંધની બદલીમાં મારે ગાડી હાંકવા જવાનું હતું, ત્યારે એ બંને મારી ગાડીમાં જ બેસીને સીધા ઇપ્સવીચ પહોંચ્યા છે."

"તો તો હું તેમનો તરત જ પીછો પકડવા માગું છું," મિ૦ પિકવિક ઉતાવળે બોલી ઊઠ્યા.

"પણ મારા વડીલ, તમને ખાતરી છે કે, તેઓ એ જ લોકો હતા ?"

"હા, હા; કોઈ પણ શેઠ પોતાના નોકર સાથે એમ ભાઈબંધી કરીને ન બોલે. મારું ધ્યાન તેથી જ તે બે જણ ઉપર પહોંચ્યું. ઉપરાંત બંને જણ વાત કરતા હતા કે, બુઢ્ઢા ટેટાને આપણે કેવો બનાવ્યો. એમ કહી કહીને ખૂબ હસતા હતા."

"તો સાહેબ, તમને જ તેઓ એમ કહેતા હતા, એ હવે મને સમજાય છે." સૅમે મિ૦ પિકવિકને સંબોધીને કહ્યું.

બસ 'બુઢ્ઢો ટેટો' એટલું જ વિશેષણ મિ૦ પિકવિકને માટે પૂરતું હતું. તે તરત જ ઈપ્સવીચ જવા ઉતાવળા થઈ ગયા. પણ બુઢ્ઢા વેલરે કહ્યું, "ઇપ્સવીચ જ જવું હોય, તો પરમ દિવસે પાછો હું જ ઇપ્સવીચ ગાડી હાંકી જવાનો છું. તમે મારી ગાડીમાં જ આવજો."

"બરાબર છે; ત્યાં સુધીમાં હું મારા મિત્રોને પણ કાગળ લખી બરીથી નીકળીને ઈપ્સવીચ આવી પહોંચવા જણાવીશ. પણ તમે ચાલ્યા કેમ, મિ૦ વેલર ? તમે કંઈ મારા તરફથી પીશો-બીશો નહિ ?"

"એકાદ પ્યાલો બ્રાન્ડી, તમારું આરોગ્ય ઇચ્છવા, અને સૅમીને તમારી નોકરીમાં સફળતા ઇચ્છવા, બસ."

પ્યાલો આવતાં બુઢ્ઢા વેલરે તેને એટલી ઝડપથી પેટ ભેગો કરી દીધો કે, સૅમ બોલ્યા વિના ન રહ્યો, "બ્રામોશ, કપ્તાન, બ્રામોશ; આમ મોટે ઘૂંટડે પીવા માંડશો, તો તમને પાછું તમારું સંધિ-વાનું દરદ ફરી ઊપડશે."

"પણ સૅમી, હવે મને સંધિ-વાયનો ભરી-બંદૂક બાતરીબંધ ઇલાજ જડી ગયો છે તો!"

"હેં? સંધિ-વાનો બાતરીબંધ ઇલાજ?" મિ૦ પિકવિકે ઝટ નોટ-બૂક કાઢતાંકને ટપકાવી લેવાની તૈયારી સાથે પૂછ્યું. કારણ કે, તે પોતે એ દરદથી વારંવાર રિબાતા હતા.

"જુઓ સાહેબ, સંધિ-વાયનો રોગ અતિશય ઐશ-આરામથી પેદા થાય છે. એટલે તમને સંધિ-વાય ઊપડે કે તરત તમારે રાંડેલી બૈરી શોધી કાઢવી અને તેને પરણી નાખવી. શરત એ કે, તેનો અવાજ સારી પેઠે બૂમબરાડિયો હોવો જોઈએ અને તે અવાજને તમારી ઉપર વાપરવાની તેને અકબંધ આવડત હોવી જોઈએ. બસ, પછીથી તમને કદી સંધિ-વાય થાય જ નહિ ને! કારણ કે, પરણેલા માટીમાંથી જરેજર સુખ અને નિરાંત કાઢી નાખવાનું રાંડેલી પરણેતર જેવું કોઈને જરાય આવડે નહિ; અને જિંદગીમાંથી સુખ અને નિરાંત પત્યાં, એટલે સંધિ-વાય પણ તેની પાછળ કૂતરું પડ્યું હોય તેમ નાસી જાય."

૩

મિ૦ પિકવિક હવે મિ૦ પર્કરની ઑફિસે જવા ગ્રેઝ-ઈનિ તરફ ઊપડ્યા. ત્યાં પહોંચતાં આઠ વાગી ગયા. તે વખતે ઑફિસો બંધ થઈ ગઈ હતી. મકાનની નોકરડીને મિ૦ પર્કરના ઘરનું ઠેકાણું પૂછતાં તેણે જણાવ્યું કે, તે બહારગામ ગયેલા છે. પછી મિ૦ પર્કરના ગુમાસ્તા મિ૦ લેટનનું ઠેકાણું પૂછતાં, તે જે હોટેલમાં મિત્રો સાથે અત્યારે મળી શકે તેમ હતું, તે ઠેકાણું તે બાઈએ બતાવી દીધું; એટલે તેઓ ત્યાં પહોંચ્યા.

મિ૦ લેટને જણાવ્યું કે, મિ૦ પર્કર તો અઠવાડિયા સુધી પાછા નહિ આવે. પણ તમારે બચાવ રજૂ કરવો હોય, તો તમારી પાસેનો કાગળ મને આપી જાઓ, એટલે મિ૦ પર્કર પાછા આવે ત્યાં સુધીમાં કરવા જેવું બધું હું તૈયાર કરતો થઈશ.

## ૨૨

## *વિચિત્ર અસીલ*

પણ ગુમાસ્તા લેટનનો સ્વભાવેય મિ૦ પર્કર જેવો મળતાવડો હતો, એટલે તેણે મિ૦ પિકવિકને પોતાના મિત્રો સાથે રંગ-પાણી કરવા આવવા આગ્રહભર્યું નિમંત્રણ આપ્યું, તથા ઉપરથી લાલચ આપી કે, એક જણ અત્યારે પોતાની જાત-માહિતીની એક વાત કહેવાનો છે. મિ૦ પિકવિકને તો એ કારણ જ બસ હતું. એટલે તરત તે અંદર જઈને બેઠા. એ માણસે કહેલી વાત મિ૦ પિકવિકે પોતાની ડાયરીમાં નોંધેલી છે. તેનો સાર એ હતો કે —

વીસ વર્ષ અગાઉ ગરીબ દેવાદારોને રહેવા માટેની માર્શલ્સિયા જેલમાં રોજ સવારે એક મા અને દીકરો દરવાજે આવી ઊભાં રહેતાં. ચિંતા અને ઉજાગરામાં ગાળેલી રાતને અંતે પેલી મા કદાચ

એકાદ કલાક વહેલી આવી ગઈ હોય, અને જેલના દરવાજા ઊઘડવાની વાર હોય, તો તે પાછી પુલ પાસે જઈ છોકરાને બે હાથે ઊંચો કરી, નદીનું દૃશ્ય બતાવી રાજી કરતી. પણ પાછા અંતરના દુઃખથી ઊભરાઈ આવેલાં આંસુથી તેની આંખો ધૂંધળી થઈ જાય, તો તે ઝટપટ છોકરાને નીચે ઉતારી પોતાની શાલમાં પોતાનું મુખ અને આંખો દબાવી દેતી. એ છોકરાનાં જીવન અંગેનાં સંસ્મરણો બહુ ઓછાં હતાં. આખો વખત પોતાની રડતી માના ઢીંચણ ઉપર બેસી, છોકરો તેને રડતી અને ડૂસકાં ભરતી જ નિહાળ્યા કરતો. છેવટે થાકે ત્યારે તેના ઘૂંટણ ઉપરથી ઊતરી ઘરના કોઈ ખૂણામાં સરકી જઈ, જાતે પણ ડૂસકાં ભરતો ઊંઘી જતો.

છોકરાનો બાપ મજબૂત બાંધાનો હતો; તથા કોઈ પણ મજૂરીનું કઠણ કામ કરી શકે તેમ હતો. પણ તેને દેવાદારોની જેલની ભીતો વચ્ચે જ જીવન પૂરું કરવાનું થતાં, તેનું હાડ ભાંગી જવા બેઠું હતું. તેની પત્ની પણ શારીરિક તેમ જ માનસિક બીમારીથી ધીમે ધીમે ક્ષીણ થતી જતી હતી, અને બાળક તો જીવનના ઉષઃકાળથી માંડીને અને પોષણના સૂર્યપ્રકાશને અભાવે માંદલો જ હતો.

એવામાં શિયાળો આવ્યો; ટાઢ સાથે સખત વરસાદ પડ્યો. પેલી બાઈથી હવે તેને મકાનેથી જેલ સુધી ચાલીને આવવું મુશ્કેલ બની ગયું હતું. તેમ જ તે મકાનનું ભાડું પણ ભરવું અશક્ય બની ગયું હતું. એટલે જેલની પાસે જ કોઈ ગંદી ગોજી જગાએ આવીને તે રહેવા લાગી. જોકે, તેને તો પતિની કંઈક વધુ નજીકમાં રહેવાનું મળ્યું એટલાથી આનંદ જ થયો હતો.

બે મહિના સુધી મા અને દીકરો જેલના દરવાજાને સવારમાં નિયમિત ઊઘડતો નિહાળતાં. એક દિવસ તે ન આવી. પછીની સવારે તે આવી, પણ એકલી જ. તેનું બાળક મરી ગયું હતું.

તવંગર કે સુખી લોકો તો એવી જ કલ્પના કરે કે, ગરીબ લોકોના કોઈ સગાનું કે સંતાનનું મરણ થાય, ત્યારે ખર્ચમાં બચાવ

થવાથી તેમને નિરાંત જ થાય. પરંતુ જીવનનાં સુખ-સગવડની બાબતમાં ગરીબ બનેલાંઓને, પોતાનાં સગાં અને સંતાનની અરસપરસ હૂંફમાં જ જીવનનો એકમાત્ર આનંદ લાગતો હોય છે. એટલે ગરીબોને પોતાનાં સંતાનોનું કે નિકટના સગાનું મૃત્યુ વધુ કારમું નીવડે છે. તેમાંય આ બાળક તો કલાકો સુધી ગુપચુપ પોતાનાં માતપિતા સામું મોં ઊંચું કરી બેસી રહેતું, અને તેની મોજૂદગી જ એ બંનેને એટલો બધો આધાર આપતી કે, આ પહેલી વારની એની ગેરહાજરી બંને જણ માટે ખૂબ જ અસહ્ય થઈ પડી. બંને જણ લગભગ શૂન્ય જેવાં જ બની ગયાં.

છોકરાના બાપના જેલ-સાથીઓ હવે જોઈ ગયા કે, મા હવે થોડા દિવસની મહેમાન છે. તેનું મોં જીવતા માણસનું મોં રહ્યું જ ન હતું. અને એક રાતે તે જેલમાં જ પતિ પાસે બેભાન થઈ ગઈ, તે ફરી ભાનમાં જ ન આવી. મરતાં પહેલાં તે પતિને એટલું જ કહેતી ગઈ—

"જ્યોર્જ, તમને છોડીને જતાં બહુ આકરું લાગે છે; પણ ઈશ્વરે મારા વિના જ તમારે એકલે હાથે બધું દુઃખ વેઠવાનું નિરધાર્યું લાગે છે. આપણા બાળકને ઈશ્વરે વહેલો બોલાવી લીધો તે બહુ સારું થયું. નહિ તો તમે જેલમાં, અને તે કૂલ જેવું બાળક બહારના જગતમાં નિરાધાર અવસ્થામાં શી રીતે જીવી શકત?"

"ના, ના, મેરી, તું ન જઈશ; મારે ખાતર ન જઈશ. હજુ તું ધારે તો થોડુંક વધુ જીવી શકશે; મારાથી એકલા નહિ જીવી શકાય."

"ના, ના, જ્યોર્જ, હવે એ બને તેવું નથી. મહેરબાની કરીને તેઓ મને મારા છોકરા પાસે જ દાટે એવી વિનંતી કરજો. પણ વચન આપો કે, કોઈ દિવસેય તમે જીવતા આ જેલમાંથી નીકળો, અને તમારી પાસે પૈસા થાય, તો અમને આ ભયંકર જગામાંથી ઉપાડી, ગામડા-ગામમાં દૂર કોઈ શાંત જગાએ દેવળ પાસે દટાવજો."

"જરૂર, જરૂર; મૅરી, પણ હજુ તો જીવવાના જ વિચાર કર; ભગવાનને ખાતર મરવાનો વિચાર ન કર."

પરંતુ મૅરી તો પતિનું એ છેલ્લું વાક્ય પણ પૂરું સાંભળવા જીવતી રહી ન હતી.

તે રાતે તેના જેલસાથીઓ તેને પોતાની પત્નીના મડદા સામે ઘૂંટણિયે પડી, વેર અને બદલાના કેવા કેવા કપરા શપથ લેતો નિહાળી રહ્યા.

તેની આંખો લાલ-લાલ થઈ ગઈ હતી; અને તે મૂંગો પથ્થર જેવો સ્થિર બેસી રહ્યો હતો. તેની આંખમાંથી એક આંસુ પણ નીકળતું ન હતું. તે આખે શરીરે તાવથી ધગધગી રહ્યો હતો.

મડદું લઈ જવા લોકો આવ્યા ત્યારે એ સૂનમૂન થઈને બાજુએ ઊભો રહ્યો. પછી જ્યારે તેઓ કફન-પેટી ઉપાડી ચાલ્યા, ત્યારે તેણે મૂંગે મોંએ એ કફન-પેટી ઉપર થોડી વાર હાથ મૂકી રાખ્યો અને પછી એ કફન-પેટીને આગળ જવા દીધી. ડાઘુઓ ચાલ્યા જતાં એ તરત પછાડ ખાઈને જમીન ઉપર તૂટી પડ્યો.

કેટલાંય અઠવાડિયાં સુધી તાવમાં લવારી કરતા એ માણસની તેના સાથીઓ સાવચેતીથી દેખરેખ રાખી રહ્યા. ચેનમાં તે આત્મહત્યા ન કરી બેસે, એની ફિકર સૌને હતી.

છેવટે જ્યારે તાવ ઊતર્યો અને તે ભાનમાં આવ્યો, ત્યારે તો તે તવંગર બની ગયો હતો અને જેલમાંથી છૂટો થયો હતો. તેનો બાપ, જેણે પોતાનો દીકરો જેલમાં જ મરી જાય એમ ઇચ્છ્યું હતું, તે એક સવારે પોતાની પથારીમાં જ મરી ગયેલો જણાયો હતો. તેને પોતાની તબિયત અને દીર્ઘાયુષ્ય વિષે એવી શ્રદ્ધા હતી કે, પોતાની મિલકતની કશી વ્યવસ્થા તેણે વિચારી જ ન હતી. માત્ર એ મિલકત પોતા સિવાય કોઈને કામ ન આવે, એટલો જ વિચાર તેને હતો. પણ અચાનક તેને ઉપરથી તેડું આવતું તેની બધી મિલકત જેલમાં

પુરાયેલા તેના છોકરાને મળી. એટલે એ પૈસામાંથી તેનું દેવું ભરપાઈ થઈ જતાં તે જેલમુક્ત થયો.

પણ મુક્ત થતાં તેણે બીજા કશાનો વિચાર કરવાને બદલે પોતાની પત્ની અને સંતાનનું વેર લેવાનું જ યાદ રાખ્યું; તેની પત્નીના બાપે જ તેને જેલમાં પુરાવ્યો હતો; કારણકે, તેને આ લગ્ન પસંદ ન હતું; – એટલા કારણે જ તેણે પગે પડીને કરગરતી પોતાની પુત્રીને અને તેના ફૂલ જેવા કુમળા સંતાનને છેવટની ઘડી સુધી નકાર ભણ્યો હતો અને તેમને કંગાલિયતમાં મરવા પણ દીધાં હતાં.

તે થોડો વખત પોતાની તબિયત સુધારવા એકદમ તો દરિયા-કિનારાની કોઈ શાંત જગાએ ચાલ્યો ગયો. ત્યાં ઉનાળાના પ્રકાશમાં એક વખત તે શાંતિથી દરિયાકિનારે ટહેલતો હતો, તેવામાં દૂરથી આવતી મદદ માટેની કોઈની બૂમ તેણે સાંભળી. તે ચોંકાને એ તરફ ગયો તો તેણે જોયું કે, થોડે દૂર પાણીમાં કોઈ ડૂબતું હતું, અને કિનારા ઉપર ઊભેલો એક બુઢ્ઢો માણસ તે ડૂબતાને બચાવવા કોઈને દોડી આવવા બૂમો પાડતો હતો તથા માથું કૂટતો હતો.

આને આવતો જોઈને બુઢ્ઢાએ કહ્યું, "સાહેબ, મારો એકનો એક પુત્ર નાહવા પડ્યો હતો તે હવે ડૂબે છે; તેને મહેરબાની કરીને બચાવો – જલદી; જુઓ હજુ તેનું માથું દેખાય છે, પછી તો તે અંદર પેસી જશે, દોડો જલદી દોડો, જલદી!"

પેલો તરત જ તે પ્રમાણે કપડાં ઉતારી અંદર પડવાની તૈયારીમાં જ હતો, તેવામાં તેની નજર એ બુઢ્ઢા ઉપર પડી, અને તે તરત થોભી ગયો અને જડસડ થઈને બાજુએ ઊભો રહ્યો.

પેલો ડોસો તેની વિચિત્ર વર્તણૂક જોઈ તેને આજીજી કરવા પાસે આવ્યો. પણ પાસેથી તેને જોતાં જ ચીસ પાડી ઊઠ્યો, "હેલિંગ!"

પેલો માત્ર ચૂપ રહી, મીઠું હસી રહ્યો.

"હેલિંગ, હેલિંગ, મારો વહાલો પુત્ર ડૂબી રહ્યો છે; અત્યારે પાછલી વાતો યાદ ન કરશો, જલદી તેને બચાવો; જુઓ તે બિચારો

તરફડિયાં મારે છે અને મદદની ઘૂમ પાડે છે; દયા, દયા, બચાવો, બચાવો!"

પેલો માત્ર ચૂપ રહી હસવા લાગ્યો.

પેલા ડોસાએ હવે કહ્યું, "મારા ઉપર વેર લેજો; મારું જે કાંઈ કરવું હોય તે કરજો; મને બદલામાં આ દરિયામાં જ ડુબાડી દેજો, પણ એને બચાવો."

પણ પેલાએ હવે ડોસાનું કાંડું જોરથી પકડીને કહ્યું, "બુઢ્ઢા, મારા બાળકને પણ તેં જાણી જોઈને ભૂખે-ટાઢે-તાવે મરવા દીધો છે; તે વખતે તારી પોતાની આમ જ કરગરતી દીકરીને તેં ઠેબે મારી છે. હવે તું તારા ભગવાનને યાદ કર અને તારી સગી નજરે તારા દીકરાને એમ જ તડફડતો અને મરતો જો!"

અને તે જ ઘડીએ થોડા ઘણા તરફડાટ પછી પેલો છોકરો દરિયાના પાણીમાં ડૂબી ગયો.

* * * *

એ વાતને ત્રણ વર્ષ વીતી ગયાં. એક દિવસ લંડનના એક જાણીતા વકીલને બારણે એક સદ્‌ગૃહસ્થ ઘોડાગાડીમાંથી ઊતર્યો. અંદર જઈ, તેણે વકીલને પોતાના કાગળો બતાવ્યા અને કહ્યું, "આ કામ માટે હું તમને રોકવા ઇચ્છું છું; બોલો તમે તૈયાર છો?"

વકીલે કાગળો જોઈને કહ્યું, "આ બહુ લાંબું ચાલે તેવું કામ છે."

"હા, અને લાંબે વખતે લાંબા ખર્ચે અને લાંબી મુરકેલીએ જ આ કાગળો પણ મેં હાથ કર્યા છે. એ કાગળો ઉપર જે માણસનું નામ છે, તેણે કેટલાંક વર્ષથી પૈસા ઊછીના લીધા કર્યા છે. એ પૈસા ધીરનારાઓએ મૌખિક શરત કરેલી છે કે, અવારનવાર એ ચિઠ્ઠીઓની મુદત વધારી આપવી; પરંતુ એ જાતનું લખાણ નથી. મેં એ બધી ચિઠ્ઠીઓ ત્રણ ગણી કે ચાર ગણી કિંમત આપીને ખરીદી લીધી છે. દરમ્યાન એ માણસને તેના બીજા ધંધાઓમાં ખોટ ગઈ છે. એટલે આ ચિઠ્ઠીઓનાં નાણાંની તાબડતોબ માગણી કરવામાં આવે

તો તે માણસ ધૂળ ચાટતો થઈ જાય. અને મારે તેને ધૂળ ચાટતો જ કરવો છે! એ કામ પાર પાડી આપવા તમે તમારી બધી આવડત અને મહેનત મારા પક્ષમાં વાપરવા તૈયાર થાઓ, તો હું તમને તમારી ફીના મોં-માગ્યા પૈસા આપવા તૈયાર છું—અને તે પણ પહેલા જ —અબઘડી જ! બોલો, તમારી રકમનું નામ પાડો."

પેલો વકીલ નવાઈ પામી તેના મોં સામું જોઈ રહ્યો. પછી, પેલો આવું કારમું કામ કરવામાં પોતાની મદદ લેવાની ના પાડે તેવી ઇચ્છાથી જ, ફીની બહુ મોટી રકમ તેણે કહી. પણ પેલાએ તો તે રકમ તરત જ ચૂકવી દીધી અને કહ્યું, "જુઓ, તમારી ફી પહેલી ચૂકવી દઉં છું, હવે મારું કામ પણ તમે અબઘડી હાથમાં લો."

પેલા વકીલે પણ તરત જ તેને ખાતરી આપી કે, "તમારા જેવો અસીલ મેં હજુ કોઈ જોયો નથી, કે જે દાવામાં જીતીને કશું લાભવાને બદલે બધું ખોવાને હિસાબે મારી પાસે આવ્યો હોય. ઠીક તમારે તમારા કામનો જ હિસાબ છે, ખર્ચનો હિસાબ નથી; હું પણ આજની ઘડીથી બીજા કશાનો હિસાબ રાખ્યા વિના એ કામની પાછળ પડું છું."

* * *

કહેવાની જરૂર નથી કે, બે વરસને અંતે પેલા વકીલે પોતે કહ્યા મુજબ પેલાના દુશ્મનને દેવાળું કઢાવરાવ્યું.

હેલિંગ એ ચુકાદો આવ્યો ત્યારે રાતોની રાતો બેસીને એ કાગળો આનંદથી વાંચ્યા કરતો.

પણ અચાનક તેનો દુશ્મન ક્યાંક લાપતા થઈ ગયો અને ગમે તેટલો પ્રયત્ન કર્યા છતાં કચાંયથી તેનો પત્તો ન લાગ્યો.

તરત જ હેલિંગે પાણીની પેઠે પૈસા ખરચીને તેની શોધમાં માણસો દોડાવ્યા, અને પોતે પણ તેના સગડ દાબતો તેની પાછળ પડ્યો.

અર્ધું વર્ષ વીતી ગયું. ત્યાર બાદ અચાનક હેલિંગ પેલા વકીલને ત્યાં આવ્યો. તેણે તેને જણાવ્યું, "મેં તેને છેવટે શોધી કાઢ્યો છે. તે કેમ્બ્રનમાં ભારે તંગી અને ગરીબાઈ વેઠતો છુપાઈ બેઠો છે."

"બસ, તો કાલે જ તેને જેલ ભેગો કરી દઈએ." વકીલે ઉત્સાહમાં આવી જઈને કહ્યું.

"ના, ના, કાલે નહિ; પણ પરમ દિવસે; કારણ કે તે દિવસે તેના જીવનના એક પ્રસંગની સાલગરાહ છે. તે દિવસે જ એ કામ પાર પડાય તો સારું."

"ભલે; તમે તમારી બધી સૂચનાઓ તૈયાર કરી આપો."

એ પ્રમાણે બધી તૈયારી સાથે એ લોકો કેમ્ડન જઈ પેલાના મકાનમાં પહોંચ્યા. તેની નોકરડીને હેલિંગે હાથમાં લઈ લીધી હતી.

પેલો બુઢ્ઢો હેલિંગને જોતાં જ ચોંકી ઊઠ્યો. હેલિંગે સ્વસ્થતાથી તેની સામે બેસીને કહ્યું, "આજથી છ વર્ષ પહેલાં તારી પુત્રીના મડદા પાસે બેસી મેં સોગંદ ખાધા હતા કે, હું તેના જીવનો બદલો તારા જીવથી જ લઈશ. ત્યારથી માંડીને એક ક્ષણ પણ હું મારા એ સોગંદ ભૂલ્યો નથી—હું એ જ એક હેતુથી જીવતો રહ્યો છું; હવે હું મારા સોગંદ પૂરા થતાં, કાલે જ ઇંગ્લેંડ છોડી ચાલ્યો જાઉ છું. તેં તારી પુત્રીને અને એના સંતાનને જે જીવન્મૃત્યુમાં ધકેલી દીધાં હતાં, તેવા જીવન્મૃત્યુમાં જ તને હું મૂકતો જઈશ."

આટલું બોલી પેલો ત્યાંથી દાદર ઊતરી નીચે આવ્યો. પણ તે બારણું ઉઘાડી બહાર નીકળે, તે પહેલાં જ પેલી નોકરડીએ બૂમ પાડી, "જુઓ તો ખરા આ ડોસા મરી ગયા છે કે શું?"

અને હેલિંગ ઉપર આવ્યો, તો ખરેખર એ બુઢ્ઢાનું મડદું જ પડેલું હતું.

કેન્ટના એક દેવળ પાસેની કબરોમાં એક શાંત જગાએ માદીકરાનાં હાડકાં એક સુશોભિત કબર નીચે દટાયેલાં પડ્યાં છે. પરંતુ એ દીકરાના પિતાનું—એની માના પતિનું—શું થયું, તે એનો કુશળ વકીલ પણ છેવટ સુધી જાણી શકયો નથી.

# ૨૩

# નવું પરાક્રમ

## ૧

મિ૦ વેલરનો કોચ ઇપ્સવીચ જવા ઊપડવાની તૈયારીમાં હતો, અને સૅમ પોતાના માલિકનો સામાન લઈને વેળાસર આવી પહોંચ્યો.

"તારા શેઠ તો કૅબમાં બેસીને આવશે ને?" મિ૦ વેલરે સૅમને પૂછ્યું.

"હાસ્તો, આઠ પેન્સને ભાડે બે માઈલનું જોખમ મોલવીને; પણ નવાં-મા કેમ છે?"

"બહુ વિચિત્તર દશામાં છે, સૅમી; હમણાંની તે એક મૅથોડિસ્ટીકલ* મંડળીમાં જોડાઈ છે, અને ભારે સાધુડી બની ગઈ છે. મને લાગે છે કે, હું હવે તેને માટે લાયક રહ્યો નથી."

"વાહ, તમે જ પોતાની જાતની નિંદા કરનારા સંત–મહાત્મા બનતા જાઓ છો ને, જરી-પુરાણ!"

"અરે, હમણાંની બુઢ્ઢાંઓને ફરી જનમ લેવરાવવાની યુક્તિ તારી નવી-માના હાથમાં આવી ગઈ છે. તેઓ બધાં નવો જનમ મેળવે છે. તારી નવી-મા ફરી જનમે, એ મારે નજરે જોવું છે, સૅમી."

થોડી વાર ચૂપ રહી, એ જ બાબતનો વિચાર કરતાં કરતાં સૅમની જરી પુરાણી આવૃત્તિ–વેલર ડોસો ફરી બોલવા લાગ્યા: "અને થોડા

---

* 'મૅથોડિસ્ટ' — ખ્રિસ્તીઓનો કટ્ટર પંથ. જૉન વેસ્લીએ (૧૭૦૩-૯૧) સ્થાપેલો.

દા'ડા ઉપર એ લોકોએ શું કર્યું, ખબર છે, દીકરા ? તેઓએ તેમના 'ભરવાડ'ને ચા પાવાનું ગોઠવ્યું અને તેને માટે તેઓએ આપણી દુકાનને બારણે પરચો ચોટાડ્યો : "ટિકિટો, અર્ધો ક્રાઉન – દરેકનો, કમિટીનાં સેક્રેટરી મિસિસ વેલર પાસેથી મળશે." અને ચૌદ – પંદર મહિલાઓ આપણા ઘરમાં ભેગી થતાંકને મંડી ઠરાવ ઉપર ઠરાવ પસાર કરવા. ખાન-પાનના પુરવઠા માટેસ્તો. તારી નવી-માએ મારી પાસે પરાણે ટિકટ લેવરાવડાવી, અને શુક્કરવારે સવારે હું ફક્કડ કપડાં પહેરીને ગયો. – તારી નવી-માને જનમતી જોવા મળશે, એમ માનીને સ્તો. બધી બૈયરો મને જોઈને ગુસપુસ કરવા લાગી, 'મહા-પાપિયો આવ્યો; આપણા ગુરુ સુધારી દેશે.' એવું એવું. પછી તો એક જણો આવ્યો ને એ બૈયરો બોલવા લાગી, 'ગુરુ આવ્યા – પાપિયાંને ઉધારવા.' પછી તો એ 'ભરવાડે' બધી બૈયરોને બચ્ચીઓ કરવા માંડી; બધીઓ કહે કે, 'શાંતિનું ચુંબન.' પણ સેમી દીકરા, એ ભરવાડનું નાક બહુ લાલ હતું; કેટલો દારૂ ઠાંસ્યો હોય, ત્યારે નાક એવું લાલ થાય ! તેની જોડે પાછો બીજો જાડિયો બટકો માણસ હતો. તારી માએ બધાંને માટે ચા ઉકાળવા માંડી. પણ તે પહેલાં બચાંએ જે ખાવા માંડ્યું છે ! અને પછી પીવા પણ માંડ્યું ! ચા તો હજુ ઊકળતી હતી ને પેલાંઓએ બીજું જ લાલ – પાણી ઠાંસી લીધું. પછી ચા પીધી, ને પછી ગાવા માંડ્યું. પછી ભરવાડે ઉપદેશાટવા માંડ્યું. પણ સેમી દીકરા, ભરવાડ થવું બહુ અઘરું છે હાં; તું કદી ના થઈશ ! અને ખાસ કરીને બૈયરોનો ભરવાડ તો હરગિજ ના થઈશ; કારણ કે, એવડો એ ગળા સુધી ખાઈને પીને ઠાંસાયો હતો, છતાં બિચારાને બરાડા પાડીને બોલવું પડતું 'તું. બોલતાં બોલતાં તેણે અચાનક બૂમો પાડી, 'પેલો મહા-પાપિયો કયાં છે?' બધી બૈયરો મારી સામું જોવા માંડી એટલે મને ચીડ ચડી. મેં પૂછ્યું, 'તું શું મને કહે છે?' પેલાએ ફરી મને 'મહા-પાપિયો' કહ્યો, એટલે મેં તેને ત્રણ – ચાર લગાવી દીધા તેને પોતાને સારુ થઈને, અને પછી ત્રણ-ચાર આપી દીધા તેની સાથેના બટકા માટે સારુ થઈને. સેમ દીકરા, તેં એ

બૈયરોની ચીસાચીસ સાંભળી હોય, તો — પણ, સૅમી આ તારા ગવંડર આવ્યા, આખા ને આખા — લાઈફ-સાઈઝમાં."

બુઢ્ઢા વેલરે ગુડ મૉર્નિંગ કર્યા. એટલામાં લાલ વાળવાળો, અને તીણા નાકવાળો એક બીજો મુસાફર પણ બીજી કૅબગાડીમાં ત્યાં આવી પહોંચ્યો. તેણે મિ૦ પિકવિકને જોઈને પૂછ્યું, "ઇપ્સવીચ જનૅો છો, સાહેબ?"

"હા, જી," મિ. પિકવિકે જવાબ આપ્યો.

"કેવો અસાધારણ સુમેળ! હું પણ ત્યાં જ જાઉં છું. કોચમાં તમે બહાર જ બેસવાના હશો?"

"ખરી વાત!" મિ૦ પિકવિકે રાજી થઈને કહ્યું.

"હું પણ બહાર જ બેસવાનો છું; આપણે સાથે જ જઈએ એમ સરજ્યું છે, સાહેબ!"

"તમારી સોબત મળશે, એ જાણી મને ખૂબ જ આનંદ થાય છે," મિ૦ પિકવિકે કહ્યું.

"મને પણ ખૂબ જ આનંદ થાય છે, કેવો સુમેળ!" તીણા નાકે કહ્યું; "સોબત એ એકલવાયા કરતાં બહુ સારી વસ્તુ છે, – શ્રેષ્ઠ વસ્તુ છે, એમ જ કહોને!"

"આપોઆપ સમજાઈ જાય તેવી વસ્તુ છે; બીસાકાતરુને જ્યારે મુસાફરે પકડીને કહ્યું કે, 'તું સદ્‌ગૃહસ્થ માણસ ન કહેવાય,' ત્યારે તેણે જવાબમાં કહ્યું હતું તેમ," સૅમે વચ્ચે ટપકી પડતાં કહ્યું.

"તમારો મિત્ર લાગે છે," તીણા નાકે ઘૂરકતાં તથા સૅમને પગથી માથા સુધી નિહાળતાં કહ્યું.

"મિત્ર તો ન કહેવાય; આમ તો તે મારો નોકર છે; પણ હું તેને બહુ છૂટ લેવા દઉં છું; કારણ કે, બોલવા-ચાલવામાં તે તદ્દન મૌલિક માણસ છે," મિ૦ પિકવિકે કહ્યું.

"મને મૌલિક બાબતો ગમતી નથી; ચાલુ ચીલે ચાલતી વસ્તુઓ જ મને ગમે, સાહેબ; પણ તમારું નામ શું?" પેલાએ મિ૦ પિકવિકને પૂછ્યું.

"આ રહ્યું મારું કાર્ડ, સાહેબ."

"ઓહો, મિ૦ પિકવિક, ખરું ? મને માણસનું નામ જાણી લેવાની ટેવ છે; એનાથી ઘણી પંચાત ઓછી થઈ જાય છે. લો, આ મારું કાર્ડ; મારું નામ મૅગ્નસ છે; એ નામ તમને કેવું લાગ્યું ? સારું છે ને!"

"ઘણું સારું નામ છે, કહેવું જોઈએ," મિ૦ પિકવિકે હસવું આવતું દબાવીને કહ્યું.

"અને એની આગળનો શબ્દ પિટર છે; એટલે મારું નામ થયું પિટર મૅગ્નસ અને તેના આદ્યાક્ષર થાય 'પી. એમ.' એટલે 'બપોર પછી' એવો તેમનો અર્થ થાય. તેથી હું મારી ચિઠ્ઠી-પત્રી નીચે પી. એમ. સહી કરવાને બદલે 'બપોર પછી' લખું છું, ત્યારે મારા મિત્રોને ઘણો આનંદ થાય છે. આનંદ થાય જ ને, સાહેબ?"

"ખરી વાત; તેમને ઘણો જ આનંદ થતો હશે, એ નક્કી છે," મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

પછી બધા મુસાફરોને બેસી જવાનું કહેણ આવ્યું; કારણ કે કોચ ઊપડવાનો વખત થયો હતો. તરત જ મિ૦ મૅગ્નસે કોચ-વાળાને પૂછવા માંડયું —

"મારો બધો સરસામાન મુકાઈ ગયો?"

"હા, સાહેબ."

"લાલ બૅગ પણ?"

"બરાબર, સાહેબ."

"અને પટ્ટાવાળી બૅગ પણ?"

"આગળ જ મૂકી છે."

"અને બ્રાઉન-પેપરમાં વીંટેલું પાર્સલ?"

"બેઠક નીચે, સાહેબ."

"અને ચામડાની હૅટ-બૉક્સ?"

"બધું અંદર આવી ગયું સાહેબ."

મિ૦ પિકવિકે હવે ઉતાવળ કરાવતાં કહ્યું, "હવે તમે ઉપર આવી જાઓને!"

"માફ કરો," મૅગ્નસ પૈડા ઉપર ઊભો ઊભો જ બોલ્યો; "પણ આવી અનિશ્ચિત દશામાં મારાથી ઉપર આવી શકાશે નહિ. કોચવાળાના જવાબ ઉપરથી મને ચોક્કસ લાગે છે કે, મારી ચામડાની હૅટ-બૅગ અંદર નથી જ આવી."

કોચ-વાળાએ ઘણી ઘણી ખાતરી આપી કે, બધો સામાન આવી ગયો છે, પણ તેનું કશું ચાલ્યું નહિ. અને બધા સામાન નીચેથી એ હૅટ-બૅગ કાઢીને મિ૦ મૅગ્નસને બતાવી ત્યારે જ તેમને સંતોષ થયો. પણ પછી તેમને મનમાં શંકા જવા લાગી કે, લાલ બૅગ કોણે મુકાઈ નથી, પટ્ટાવાળી બૅગ તો ચોરાઈ છે, અને બ્રાઉન-પેપરમાં વીંટેલું પાર્સલ ફ્રેંકાફ્રેંકમાં છૂટી ગયું છે.

છેવટે જ્યારે એ બધી વસ્તુઓ કાઢી-કાઢીને તેમને બતાવવામાં આવી અને તેમના દેખતાં ફરી ગોઠવવામાં આવી, ત્યારે જ તે અંદર બેઠા અને કોચ ઊપડ્યો.

## ૨

ટાઉન-હૉલ સામેનું ખુલ્લું મેદાન પસાર કરી રહ્યો, એટલે ઇપ્સ-વીચની જાણીતી 'ગ્રેટ વ્હાઇટ હૉર્સ' વીશી આવે છે. તે વીશીના એક પછી એક ખડકાયેલા મજલા, અને તે મજલાઓમાં વાંકાચૂંકા ઓસરી-ઓની આસપાસ ઊભા કરવામાં આવેલા અને ઢગલાબંધ નાના મોટા ઓરડા, તથા દાદરોનાં પગથિયાંની શ્રેણીઓથી, એ મકાન એક વ્યવસ્થિત બગીચો નહીં પણ ફાવે તેમ ઊગેલું જંગલ જ બની રહ્યું હતું, એવી ઉપમા આપી શકાય. અને તેનું કારણ એ હતું કે, જુદે જુદે વખતે તેમાં ફાવે તેમ ઉમેરાઓ કરવામાં આવ્યા હતા.

કોચ તે હોટેલની સામે આવીને ઊભો રહેતાં જ મિ૦ મૅગ્નસે મિ૦ પિકવિકને પૂછ્યું: "તમે અહીં જ ઊતરવાના હશો?"

"હા, સાહેબ."

"કેવો અસાધારણ સુમેળ! સાહેબ, આપણે બે જીવનમાં કોઈ વિચિત્ર રીતે સાથે જ જોડાવા સરજાયા છીએ!" મિ૦ મૅગ્નસે જણાવ્યું.

હા, ખરી વાત; કોઈ અદ્‌ભુત રીતે એકબીજાના જીવનમાં તેઓ 'જોડાવાના' તો નહીં પણ અથડાવાના હતા, અને તે એક રાત પૂરી થાય ત્યાર પહેલાં જ.

મિ૦ ટપમન, મિ૦ સ્નોડગ્રાસ તથા મિ૦ વિંકલ હજુ આવી પહોંચ્યા ન હતા. પૂછપરછથી મિ૦ પિકવિકે એટલું જાણી લીધું.

ભોજન બાદ મિ૦ પિકવિક અને મિ૦ મૅગ્નસ અંગીઠી પાસે વાતો કરતા બેઠા હતા, તેવામાં મિ૦ મૅગ્નસે અચાનક મિ૦ પિકવિકને પૂછ્યું—

"હું અહીં શા માટે આવ્યો છું, તે તમે કલ્પી શકો છો, મિ૦ પિકવિક?"

"હું જરા પણ કલ્પી શકતો નથી, સાહેબ; પણ કોઈ ધંધા-રોજગાર અર્થે જ આવ્યા હશો, એમ માની લઉં છું." મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

"ખોટી વાત; પણ સાચી વાત કલ્પવા કોશિશ તો કરો!"

"ના સાહેબ, હું કશી કલ્પના કરી શકતો નથી."

"તો હી-હી-હી," જરા હરખાઈને મિ૦ મૅગ્નસે કહ્યું; "હું અહીં એક સુંદરી પાસે લગ્નનો પ્રસ્તાવ રજૂ કરવા આવ્યો છું!"

"શાબાશ, શાબાશ! અભિનંદન! તમે જરૂર સફળ નીવડવાના, એ હું તમને ખાતરીપૂર્વક કહી શકું છું," મિ૦ પિકવિક તેમના ભલમનસાઈભર્યા હાસ્ય સાથે બોલ્યા.

"ખરે જ? તમે એવું ચોક્કસ માનો છો?"

"ચોક્કસ જ વળી!"

"તમે મશ્કરી તો નથી કરતાને?"

"વાહ, એવી તે મશ્કરી હોતી હશે?"

"તો હું તમને જરા મારી ગુપ્ત વાત કહી દઉં: એ સુંદરી મારો એ પ્રસ્તાવ સ્વીકારવા આ હોટેલમાં જ બહારગામથી આવીને

ઊતરી છે. પણ હું જરા વહેમી સ્વભાવનો છું; એટલે એને કોઈ બીજું લફરું છે કે નહિ, એ વાતની મને બહુ ચિંતા રહે છે."

"તમે વારેઘડીએ કમરાની બહાર જા-આવ કરો છો તેનું કારણ એ જ હશે?"

"બરાબર સમજ્યા; પણ હું કંઈ તેની આગળ આજે જાહેર થઈ જઉં એવો મૂરખ નથી. જાહેર તો હું કાલે થવાનો—મારાં સરસમાં સરસ નવાં ખરીદેલાં કપડાં પહેર્યા બાદ. મારી બૅગ તથા બંડલોમાં એ જ વસ્તુઓ છે; અને તેથી જ હું એ બધું કોચમાં બરાબર આવ્યું છે કે નહિ તેની કાળજી રાખતો હતો. એમ જ કરવું જોઈએને, સાહેબ? એમાંનું એક પણ ખૂટ્યું—ખરે અણીને વખતે ગુમ થયું—કે પછી આપણું આખું જીવન જ ડૂલ, ખરુંને?"

"કહેવું પડે!"

"આમ તો પૈસા ખર્ચ્યે બધું મળે; પણ મેં જે રંગ અને ફૅશન પસંદ કર્યાં છે, તેની બીજી જોડ આખા લંડનમાં પણ ન મળે; એટલે ઈપ્સવીચમાં તો પૈસા નાખી દેતાં પણ તે ન મળે, સમજ્યા? અને એ કપડાંમાં સુસજ્જ થઈને જ મેં છેલ્લો હલ્લો કરવા ધાર્યો છે, જેથી મારા બીજા હરીફો હોય તો પણ મેદાનમાંથી ઊભી પૂંછડીએ ભાગી જાય, સમજ્યા?"

"એમ વાત છે?"

"હા, સાહેબ; તે બાનુ બહુ જ સુંદર પ્રાણી છે; અને તેને મેળવવા માટે અર્ધી દુનિયા પડાપડી કરવા લાગી જાય, તો પણ હું નવાઈ ન પામું."

"વાહ, વાહ; તો તો ખરે જ એ બાનુ બહુ સુંદર હોવાં જોઈએ."

"અહીંથી વીસેક માઈલ દૂર તે રહે છે. તે આજ રાતે અથવા કાલે બપોર સુધીમાં અહીં આવવાની છે, એમ ખબર પડવાથી જ હું અહીં ગુપચુપ બધી તૈયારીઓ સાથે દોડી આવ્યો છું. બીજાઓને ખબર પડે અને તેઓ તેની આગળ રજૂ થાય, તે પહેલાં જ હું તેને સર કરી

લેવા માગું છું. પણ મિ૦ પિકવિક, તમે અહીં શા માટે આવ્યા છો, તે મને કહેશો, વારુ?"

મિ૦ પિકવિકે હસતાં હસતાં જવાબ આપ્યો, "હું તો એવા કોઈ મીઠા કારણે નથી આવ્યો; પરંતુ મેં જેના ઉપર અંધવિશ્વાસ મૂકયો હતો તેણે આદરેલી દગાબાજી અને જૂઠને ખુલ્લાં કરવાના હેતુથી જ અહીંયાં આવ્યો છું."

"પણ એ વિશ્વાસ તમે કોઈ સ્ત્રી ઉપર જ મૂકયો હશે, ખરું ને! તમે પણ ખરા લુચ્ચા છો, મિ૦ પિકવિક! પણ હું તમને તમારી એ અંગત વાતો પૂછીને મૂંઝવણમાં મૂકવા નથી માગતો, હરગિજ નહિ; દરેકને પોતાની અંગત વાતો હોય જ; જેમ દરેક જણની કોઈ ને કોઈ પ્રેયસી પણ હોય જ."

"જુઓ સાહેબ, તમારી ભલી લાગણી બદલ આભારી છું, પણ મારે કોઈ—"

"નહીં, નહીં, એક શબ્દ વધુ ન બોલશો; હું તમારા અંતરની એ મીઠી મધુર મૂંઝવણ તમારા મોંએ બોલાવવા માગતો જ નથી."

"પણ સાહેબ—"

"ના, એક શબ્દ નહીં. અને હવે બાર વાગવા આવ્યા હશે, ખરું?"

"બાર વાગી ગયા, સાહેબ," મિ૦ પિકવિકે પોતાનું ઘડિયાળ બહાર કાઢી, ચાવી આપી, ટેબલ ઉપર મૂકતાં મૂકતાં કહ્યું.

"તો તો હવે મારે જલદી સૂઈ જવું જોઈએ; નહીં તો મારું મોં કાલે સવારે ફીકું પડી જશે. અને ફીકા મોંએ લગ્નનો પ્રસ્તાવ લઈને કોઈ સુંદરી સમક્ષ રજૂ થવું, એ તો હાથે કરીને પરાજય વહોરવા જેવું જ થાય ખરું ને, મિ૦ પિકવિક?"

"બિલકુલ સાચી વાત છે, સાહેબ."

મિ૦ મેંગ્નસે ઝટપટ પોતાનાં બંડલો પોતાના ખાનગી કમરામાં લેવરાવ્યાં. અને એક મીણબત્તી સાથે તેમને પોતાને પણ તેમના સામાનની

પાછળ જ કમરામાં પહોંચાડી દેવામાં આવ્યા. બીજી મીણબત્તી સાથે બીજો વેઈટર મિ૦ પિકવિકને તેમના કમરામાં લઈ ગયો.

મિ૦ પિકવિકનો કમરો ખાસો મોટો હતો, અને તેમાં બીજી એક પથારી પણ હતી. જો કે, તે કમરામાં બીજા કોઈનો ઉતારો ન હતો.

વેઈટર જતાં મિ૦ પિકવિક હવે મિસિસ માર્થા બાર્ડેલનો દાવો અને ડોડસન–ફોગ વગેરેનો વિચાર ને ચિંતા કરતા બેઠા. પછી ઝોકે ચડવા લાગતાં મિ૦ પિકવિક પથારી તરફ જવા ઊઠ્યા. તે વખતે જ તેમને તેમનું ઘડિયાળ યાદ આવ્યું.

પોતાનું ઘડિયાળ, ચાવી આપીને નીચે જમવાના કમરામાં ટેબલ ઉપર જ પોતે ભૂલી આવ્યા છે, તેનો તેમને તરત ખ્યાલ આવી ગયો. એ ઘડિયાળ કેટલાંય વરસોથી પથારીમાં ઓશિકા નીચે ટીક-ટીક કરીને મિ૦ પિકવિકને ઊંઘાડતું આવ્યું હતું. એટલે આજે પોતાના એ પરિચિત અવાજ વિના પોતાને ઊંઘ નહિ આવે એમ માની, તેમણે તરત વેઈટરને બોલાવવા ઘંટ વગાડવાનો વિચાર કર્યો. પણ સૌ કોઈને આટલી મોડી રાતે એ રીતે ઉઠાડવાં એ ઠીક નહિ, એમ માની મિ૦ પિકવિક મીણબત્તી હાથમાં લઈ, દાદર ઊતરી પોતે જ ભોજનના કમરા તરફ ચાલ્યા.

પણ આ શું ? આ મકાનમાં નર્યા દાદર અને નર્યા કમરા ખૂટતા કેમ નથી ? કેટલાય બંધ ઓરડાઓ આગળની ઓસરીઓમાં અટવાતા મિ૦ પિકવિક છેવટે ભોજનના કમરા આગળ આવ્યા અને ટેબલ ઉપર પોતાનું ઘડિયાળ જેમનું તેમ પડેલું જોઈ ઘણા રાજી થયા.

એ ઘડિયાળ ખીસામાં મૂકી, તે હવે પોતાના સૂવાના કમરા તરફ જવા પાછા વળ્યા. પણ એ ઓરડો કયા મજલા ઉપર કઈ તરફ આવ્યો તે ખબર રહી નહીં. અને તે એકસરખા લાગતા કેટલાય બંધ કમરાઓ ઉપર ટકોરા મારતાં અંદરથી આવતી "કોણ છે–?" વગેરે ગાળો સાંભળી ગાભરા થતા આડા-અવળા, ઉપર-નીચે

અટવાવા લાગ્યા. છેવટે જ્યારે તે હતાશ થવાની અણી ઉપર આવી ગયા, ત્યારે પોતાના ઓરડા જેવા એક ઓરડાનું બારણું ઉઘાડું જોઈ તેમણે અંદર ડોકિયું કર્યું: તો તે પોતાનો જ ઓરડો જાણે હતો. અંદર બે પથારીઓ, અંગીઠીમાં અગ્નિ ભડભડ બળે, કમરામાં મીણબત્તીનો અભાવ! (કારણ કે પોતાના ઓરડાની મીણબત્તી તો પોતાના જ હાથમાં હતી ને!)—એ નિશાનીઓથી પોતે પોતાને ઠેકાણે આવી ગયાની તેમને ખાતરી થઈ ગઈ.

મિ૦ પિકવિક પોતાના ઓરડામાં પેઠા કે તરત તેમના હાથની મીણબત્તી બહારના પવનથી ઓગળતી ઓગળતી નીચેની મૂઠમાં જ ઊતરી ગઈ. પણ હવે શો વાંધો હતો? પોતાના ઓરડામાં સૂવા માટે કપડાં જ ઉતારવાનાં બાકી હતાં ને? અને એ તો અંગીઠીના પ્રકાશમાં પણ થઈ શકે. અને તરત તે પથારીના પડદા પાછળની ગોળ ખુરશીમાં બેસી કપડાં ઉતારવા લાગ્યા.

કોટ, વાસ્કોટ, બૂટ, ગેઈટર્સ વગેરે ઉતારતાં ઉતારતાં તે અત્યાર સુધી દાદરોમાં અને ઓસરીઓમાં કેવા અટવાયા હતા અને કેટલાં બારણાં થપથપાવી અંદરથી ગાળો સાંભળતા આવ્યા હતા, તેનો વિચાર કરી હસવા લાગ્યા.

પણ આ શું? એક બાઈ બારણું ઉઘાડી હાથમાં મીણબત્તી સાથે આ જ કમરામાં પેસી રહી હતી! એ બાઈ ભૂલથી જ પોતાના કમરાના ઉઘાડા રહેલા બારણામાં થઈને આવી હશે એમ માની, મિ૦ પિકવિક પોતાની પૂરતાં કપડાં વિનાની સ્થિતિમાં તેની આગળ છતા થવું અશિષ્ટ માનીને, તથા પેલી બાઈ પોતાની ભૂલ પકડાતાં પોતાની મેળે જ પાછી બહાર ચાલી જાય તેની રાહ જોવા સીધા પથારીમાં જ ઘૂસી ગયા.

પણ પેલી બાઈ તો પોતાની રૂમમાં જ આવી હોય તેમ મીણબત્તી ગોઠવી, નિરાંતે પોતાના વાળ સરખા કરવા લાગી. મિ૦ પિકવિકને હવે ભય લાગવા માંડ્યો કે પોતે જ ભૂલથી કોઈ બાઈ માણસના

કમરામાં ઘૂસી ગયા તો નથી ને? અને થોડી વારમાં તેમને ખાતરી થઈ ગઈ કે, પોતે જ ભૂલથી કોઈ બાનુ ઉતારુના કમરામાં અને હવે તો પથારીમાં ઘૂસ્યા છે!

પરિસ્થિતિ એકદમ નાજુક અને કરુણ બનતી ચાલી. મિ૦ પિકવિકે હવે હિંમતપૂર્વક પથારીમાં રહ્યાં રહ્યાં ખોંખારો ખાધો.

પેલી બાઈ ચોંકી અને બોલી, "ભલા ભગવાન, અહીં કોનો ખોંખારો સંભળાયો?"

તરત મિ૦ પિકવિક પથારીના પડદામાંથી બહાર નીકળી આવીને બોલી ઊઠ્યા, "બાનુ, મહેરબાની કરી ચૂપ રહેજો — હું સદ્‌ગૃહસ્થ છું અને ભૂલથી આ કમરાને મારો માની આવી ગયો છું —"

"કોણ સદ્‌ગૃહસ્થ મૂઓ છે?" એમ કહી એ બાનુએ ભયની મોટી ચીસ નાખી.

હમણાં જ આખી વીશી આ કમરામાં દોડી આવશે એ બીકથી મિ૦ પિકવિક ડરી જ ગયા. છતાં હિંમતપૂર્વક તેમણે કહ્યું, "બાનુ, કેવળ ભૂલ થઈ છે, બીજો કશો હેતુ નથી; હું ઘણો જ દિલગીર છું, ઘણી ઘણી માફી માગું છું; આજે સાંજના જ આ હોટેલમાં આવ્યો છું, અને મારું ઘડિયાળ ભોજન-ખંડના ટેબલ ઉપર રહી ગયેલું, તે લેવા ગયો હતો તે પાછો આવતાં ભૂલો પડ્યો છું."

"જો, તમારી આ આખી કહાણી સાચી હોય, અને બનાવટી ન હોય, તો પ્રથમ તો એકદમ આ ઓરડામાંથી બહાર નીકળી જાઓ; આમ રાતે કોઈ બાનુના —"

"ભૂલ કબૂલ કરું છું, મૅડમ; મહેરબાની, મૅડમ; આ ચાલ્યો મૅડમ" ઇ૦ બોલતા બોલતા મિ૦ પિકવિક વધારે લપ્પનછપ્પન કર્યા વિના સીધા બહાર નીકળી ગયા.

પેલી બાનુએ તરત જ બારણું અંદરથી વાસી બેવડી કળ ચડાવી દીધી.

પણ બહાર નીકળ્યા પછી, કપડાં હાથમાં, એવી દશામાં અંધારામાં આગળ વધવું પણ અશકય હતું; કારણ કે, હવે તો આવી દશામાં મીણબત્તી વિના તેમને ફરતા કોઈ જુએ, તો કોઈનાં કપડાં ઉઠાવી લાવેલો ચોર ગણીને ગોળીબાર જ કરે; એટલે કોઈ દાદર આગળના ખૂણામાં જ સવાર થાય ત્યાં સુધી ચૂપ ઊભા રહેવાનો તેમણે નિર્ણય કર્યો.

પણ તેમને આજે એટલીય નિરાંત મળવાની હોય એમ લાગતું નહોતું. કારણ કે ઓસરીને બીજે છેડેથી હાથમાં મીણબત્તી લઈને કોઈ માણસ આટલી મોડી રાતે આ તરફ આવતો દેખાયો ! મિ૦ પિકવિકના ભય-ત્રાસનો પાર ન રહ્યો.

પણ એ બધો ભય તરત તેટલા જ આનંદમાં પલટાઈ ગયો. કારણ કે, આવનાર માણસ બીજો કોઈ નહિ, પણ તેમનો વફાદાર નોકર સૅમ હતો. વીશીના બીજા નોકરો ટપાલ–ગાડીની રાહ જોઈને બેઠા હતા તેમની સાથે ગપ્પાં મારી, સૅમ હવે સૂવા માટે જતો હતો.

મિ૦ પિકવિકે સૅમને ચૂમ પાડી, તથા પોતાને પોતાના કમરામાં લઈ જવા જણાવ્યું.

સૅમને પોતાના માલિકને આમ અર્ધનગ્ન દશામાં પોતાના કમરા બહાર ભટકતા જોઈ બહુ નવાઈ લાગી. મિ૦ પિકવિકે તેને ટૂંકમાં કહ્યું કે, હું ઘડિયાળ લેવા ગયો ત્યાંથી ભૂલો પડી ગયો છું. પણ સૅમને પોતાના માલિકની કપડાં ઉતારેલી દશા જોઈ એમની વાત ઉપર ભરોંસો ન બેઠો. અને તરત જ તેને મિસિસ બાર્ડલે માંડેલો લગ્ન-કરાર-ભંગનો દાવો યાદ આવ્યો !

## ૨૪

# સેંમ ટ્રૉટરનું દેવું ચૂકવવા ધારે છે

બીજે દિવસે સવારે કોચ લંડન તરફ ઉપાડતા પહેલાં વેલર ડોસા ભોજન કરવા બેઠા હતા, ત્યાં સેંમ આવી પહોંચ્યો. આવતાંની સાથે સેંમે તેમની સામે પડેલા બૅઈલિના ઊભા પાત્રને મોંએ લગાવ્યું અને અર્ધું કરીને મૂકયું. ડોસાએ માથું ધુણાવીને પોતાના સપૂતની જોરદાર પંપ-શક્તિ જોઈ અભિનંદન આપીને કહ્યું, "બેટા, સેંમી, તને પેલો મલબેરી-વર્દીવાળો છેતરી ગયો, એ જાણી મને બહુ દુઃખ થાય છે. વેલર કુટુંબનાં માણસોનાં નામ સાથે કદી 'આવો' શબ્દ જોડાયો જાણ્યો નથી; અને તારે કારણે આપણા કુળને આ બટ્ટો લાગ્યો છે, તે તારે ધોઈ કાઢવો જોઈએ—ઘસી કાઢવો જોઈએ."

"વેલર કુટંબના જેઓ રાંડ્યા પછી રાંડેલીઓને પરણ્યા હશે, તેમના નામને કદાચ બટ્ટો લાગ્યો હશે, એટલી બાદબાકી કરવી જોઈએ, ખરુંને, વડીલ?" પોતાના પિતાની થાળીમાંથી મોટો કોળિયો ભરતાં સેંમે જણાવ્યું.

"જો દીકરા સેંમી, રાંડેલી બાઈઓને તો દરેક નિયમમાંથી બહાર જ રાખવાની હોય છે. કહે છે કે સાત બૈયરો ભાગીને એક રાંડેલી ઘડે છે. કદાચ પચ્ચીસ બૈયરો ભાગતા હોય તો પણ મને બરાબર યાદ નથી."

સેંમે હકારમાં ડોકું હલાવ્યું.

"અને રાંડેલા માટીડાઓ પણ ફરી પરણે તો એ તેમની 'સ-ક્ષમ્ય' નબળાઈ ગણાય. જ્યારે જ્યારે ખૂબ મોજમાં આવી જાય ત્યારે

પોતાની બૈરીને સળિયાથી ટીપનારા માટીડાના વક્રોલે જજ આગળ વાપરેલા શબ્દો વાપરું છું. તેણે કહ્યું હતું, 'મી-લૉર્ડ, બૈરીને ખુશી થઈને ધબેડવી એ તો પુરુષ માણસની સ-ક્ષમ્ય નબળાઈ ગણાય.' એટલે રાંડેલાઓ માટે હું એટલો અપવાદ રાખું છું અને મને ખાતરી છે કે બેટા તુંય રાંડીશ ત્યારે જરૂર રાખીશ."

"ના, ના, હું તો પહેલેથી જ સમજીને એવી મૂર્ખાઈ જ નહીં કરું!" સૅમે જવાબ આપ્યો.

"હેં? તું મારા કરતાં વધુ સમજણ દેખાડીશ, એમ? બહુ ડહાપણવાળો દેખ્યો! પેલા મલબેરી-વર્દીવાળાને હાથે તારા જે હાલ-બેહાલ થયા એ જોયા-જાણ્યા પછી પણ તું મારી આગળ એમ કહેવાની હિંમત કરે છે, દીકરા?" એમ કહી ડોસા વેલરે જોરથી ટેબલ ઉપર મુક્કો માર્યો.

"હવે એ ગુજરી ગયેલી વાત યાદ કરવાનો કશો લાભ નથી, 'જે પતી ગયું તેની બળતરા શી?' જેમ ખોટા માણસનું માથું કાપી નાખ્યા પછી તુર્કીવાળા કહે છે તેમ. પણ ગવંડર, હવે મારો વારો છે, અને બે ટ્રૉટરિયો મને ફરીથી ટિચાય એટલે જોજો હું તેને કેવું પાણી બતાવી આપું છું તે!"

"મને આશા છે, સૅમી, કે તું જરૂર પાણી બતાવી આપશે; અને તારા બાપદાદાનું નામ ધોઈ કાઢવા, તેમના ઊજળા નામને જે બટ્ટો લાગ્યો છે તે ઘસી નાખશે. પણ હવે ઘડિયાળ કહે છે કે, મારે કોચ ઉપાડવાનો વખત થયો છે, એટલે જઈને જોઉં કે બધું બરાબર લદાયું છે કે નહિ; કારણ, સૅમી, કોચને પણ છોડતાં પહેલાં બંદૂકની પેઠે પૂરેપૂરો લાદવો પડે છે."

પણ પછી જતાં જતાં જરા ગળગળા થઈને ડોસાએ સૅમને કહ્યું, "બેટા સૅમિવેલ, હવે હું તને પાછળ મૂકીને જાઉં છું તે ફરી તને કચારે મળીશ તે કહેવાય નહીં. તારી ઓરમાન મા કંઈકે એવું કરી બેસે, જે મારાથી સહન ન થાય, – અને એવી હજાર હજાર બાબતો વચગાળામાં

બની જાય ! પણ દીકરા આપણું 'વેલર' નામ હું તને સોંપતો જાઉં છું. એ નામને બટ્ટો ન લગાડીશ. મને તારા ઉપર ઘણી ઘણી આશાઓ છે. પણ મારી એક વાત યાદ રાખજે—તું પચાસ વર્ષની ઉમરની પેલી તરફ પહોંચી જાય, અને તને પરણવાનું મન થઈ જાય, તો ગમે તેમ કરીને તારા ઓરડામાં પેસી જઈ, ઝપ દઈને ઝેર ખાઈ નાખજે. દોરડે લટકવું એ તો હલકા લોકોનું કામ છે, એટલે ઝેર ખાઈને જ મરી જજે; અને મને ખાતરી છે કે એ કામ કર્યાનો તને આખી જિંદગી જરાય પસ્તાવો નહીં થાય—ઊલટો તું રાજી થઈશ અને મને બરાબર યાદ કરીશ."

બાપને લાયક આવી સોનેરી શિખામણ પુત્રને આપી દઈ, ડોસા વેલર આંખો લૂછતા લૂછતા ચાલતા થયા.

ડોસાને કૅચ સાથે વિદાય કર્યા બાદ સેંમ જરા પગ છૂટા કરીને ટ્રૉટર બાબત પોતાના દિલને જરા હળવું કરવા થોડો બીજી બાજુએ લટાર મારતો ફરવા નીકળ્યો.

વચ્ચે આવતાં જૂનાં ઈંટેરી મકાનો તરફ નજર નાખતો તે વિચારમાં ને વિચારમાં આગળ વધતો હતો, તેવામાં એક મકાનનો લીલા રંગનો દરવાજો ઊઘડ્યો અને એક માણસ બહાર નીકળ્યો. બહાર નીકળીને તે માણસે કાળજીથી એ દરવાજો બંધ કર્યો અને પછી સેંમ હતો તે તરફ એ આવવા લાગ્યો.

"વાહ, મારા બાપના બટ્ટા વગરના નામના સોંગંદપૂર્વક કહી શકાય કે, આ તો સાહેબ પોતે જ છે ને! કેમ મહેરબાન?" સેંમે પેલા સામે જોઈને જરા તીખાશથી પૂછ્યું.

પેલો માણસ એ અવાજ કયાંથી આવ્યો તે નક્કી કરવા ઉપર-નીચે-આડેઅવળે એમ બધી દિશામાં જોવા લાગ્યો; માત્ર સામે સેંમ હતો, તે દિશા સિવાય!"

"એય મિસ્ટર!" સેંમે બીજી વાર અને પછી ત્રીજી વાર તેનું ધ્યાન પોતાની તરફ ખેંચવા કહ્યું. છેવટે પેલાને સેંમ સામું જોવું જ

પડયું. "જૅમ્સ ટ્રોટર, તું એટલો બધો દેખાવડો નથી, જેથી તારી રૂડી આંખોને આમ તેમ નકામી ફગાવી દઈ શકે. એટલે તારા ઘુચ્છરના ડોળાને તેમને મૂળ ઠેકાણે પાછા ગોઠવી દે, નહિ તો મારે જ તારી એ ભમતી આંખોને ઘુમ્મો મારીને બામણાની બહાર જ કાઢી નાખવી પડશે."

પણ પેલો સૅમ કરતાં વધુ ગઠિયો હતો. તેણે હવે હમણાં જ સૅમને જોયો હોય તેમ, "ઓહો મારા વહાલા ભાઈ, તમને તો મેં કદી મળવાની આશા જ નહિ રાખેલી; પણ ભગવાનની કેવી અપાર કરુણા છે, તે મને તેમણે તમારી ભેગો કરી આપ્યો." એમ કહી તેણે તરત આંખોનો ધધૂડો છૂટો મૂકયો.

"અલ્યા, પોર્ટેબલ ઇંજિન, તું આમ ચકલીનો નળ કેમ છૂટો મૂકે છે?"

"તમને દેખીને મને બહુ લાગી આવ્યું છે, તેથી. તે દિવસે મારે મારા માલિકની બદમાશીને વશ થઈ તમને—

"ચૂપ રહે ચૂપ રહે; હું તે દિવસનો હિસાબ તારી સાથે ભારોભાર ચૂકતે કરવાનો છું."

"ખરી વાત છે; અને ભગવાને એ હિસાબ ચૂકતે કરવાની તક તમને આપી, તેથી હું જેટલો રાજી થયો છું, તેટલું બીજું કોઈ નહિ થયું હોય. તમે અને તમારા ભલા શેઠ તે દિવસની મારા શેઠની બદમાશી બદલ મને ઊભો ને આડો રહેંસી નાખો અને ચામડી ઊતરડી તેના જોડા સિવરાવો તો સારું—જેથી હું તમારા પગની એટલી સેવા બજાવીને કંઈક શાંતિ અનુભવી શકું. ખરેખર, તે દિવસે તમારી સાથે વાત કરતો મારા શેઠ મને જોઈ ગયેલા, એટલે તેમણે ચેતી જઈ પેલી જુવાન છાત્રાને કશું જાણતી ન હોય એવો દેખાવ કરવાની અને અધ્યક્ષાને પણ એમ જ કહેવાની લાંચ આપી, અને પછી મને લઈ તરત પોબારા જ ગણી ગયા. મને મનમાં ઘણું દુઃખ થતું હતું કે, તમારા ભલા શેઠ તેમનું જાડું શરીર લઈને એ બગીચામાં ભીંત કૂદીને

જશે ને મોડી રાત સુધી ખુલ્લામાં ઊભા રહીને સંધિવાનું દરદ વહોરશે; પણ શું થાય?"

"પણ અત્યારે આ લીલા દરવાજાવાળા મકાનમાં તમે બંને બદમાશોએ શું ધાર્યું છે?"

"ના, ના, ત્યાં તો મેં મારી જ ગોઠવણ કરી છે. મારા શેઠ તો બીજી જ ગોઠવણમાં છે. અને આ વખતે બહુ મોટી ચકલી તેમણે ફસાવી છે. અહીં આ લીલા દરવાજાવાળા મકાનમાં તો મેં મારો ઘાટ ઉતાર્યો છે—લેાને તમને કહી જ દઉં! એ મકાનની એક રસોઇયણ સાથે લગ્ન કરી સ્વતંત્ર ધંધેદારી બનવાનું મેં ગોઠવ્યું છે, જેથી મારા બદમાશ શેઠની નોકરી મારાથી છોડી દેવાય. મારે એ બધી વાત જ તમને કરવી છે."

"તો ઠીક, અત્યારે નહિ; આજે સાંજે 'વ્હાઇટ હૉર્સ' હોટેલમાં તું આઠેક વાગ્યે આવજે. જો ન આવ્યો, તો પછી હું એ લીલા દરવાજાવાળા મકાનમાં જઈ, તારું બધું પોગળ ઉઘાડું પાડી દઈશ, સમજ્યો?"

"જરૂર, જરૂર."

કહેવાની જરૂર નથી કે, સૅમે પાછા જઈ મિ૰ પિકવિકને ખબર આપી દીધી કે, તેણે પેલા બદમાશોની ભાળ મેળવી છે.

મિ૰ પિકવિક તો તરત તેની સાથે પેલા લીલા દરવાજાવાળા મકાને દોડી જવા ઉતાવળા ભાગ્યા. પણ સૅમે તેમને સમજાવીને કહ્યું, "બધું વખતે થશે, અત્યારે ઉતાવળ કરવાથી બધો ખેલ બગડી જાય. કારણ કે, એ બદમાશ નોકરના એથી વધુ બદમાશ શેઠની ભાળ મેળવવાની હજુ બાકી છે."

## ૨૫

# ફરી પાછા કાયદાની ચુંગલમાં

### ૧

બીજી સવારે મિ૦ પિકવિક મિ૦ પિટર મૅગ્નસને મળ્યા, ત્યારે તેમના બૅગ-બંડલની બધી અનોખી ચીજો તેમણે તેમના શરીર ઉપર ધારણ કરી લીધી હતી, અને તે ભારે ઉશ્કેરાટમાં હતા.

મિ૦ પિકવિકને જોતાં જ 'ગુડ મૉર્નિંગ' કરી મિ૦ પિટર મૅગ્નસે તેમને તરત પૂછ્યું, "આ બધું કેવુંક લાગે છે, સાચું કહી દો જોઉં!"

"એકદમ અસરકારક; કોઈ નાજુક હૃદય આ વસ્તુઓના હુમલા સામે ઝીક ઝીલી શકે એમ હું માનતો જ નથી." મિ૦ પિકવિકે અત્યંત ભલમનસાઈથી તેને ઉત્સાહજનક જવાબ આપ્યો.

"મેં આજ સવારે તેને મારું કાર્ડ મોકલાવ્યું હતું, સાહેબ; અને મને બરાબર અગિયાર વાગ્યે હાજર થવાનું જણાવવામાં આવ્યું છે. હવે માત્ર પંદર મિનિટ બાકી છે; પણ એક અંગત વાત પૂછું, બોટું ન લગાડશો – તમે કદી આવું કામ કરેલું છે?"

"કોઈ સુંદરી આગળ લગ્નના પ્રસ્તાવ સાથે રજૂ થવાનું? ના, કદી નહિ."

"તો પછી, શરૂઆત કેવી રીતે કરવી, એ બાબતનો તમને પોતાને જરા પણ ખ્યાલ શાનો હોય?"

"અનુભવ ભલે ન હોય, તોપણ મારા એ બાબતમાં અમુક ખ્યાલો જરૂર બંધાયા છે. અલબત્ત, એ ખ્યાલોનો કદી પ્રયોગ કરી

જોયો ન હોવાથી, તમને એ પ્રમાણે વર્તવાની હું સલાહ તો ન જ આપી શકું."

"નહીં, નહીં, તમે મને તમારા એ ખ્યાલો જરૂર કહી દો; તમામ જેવા પ્રવાસી તથા અનુભવી માણસના ખ્યાલો જરૂર ઉપયોગી થઈ પડે. કશા ખ્યાલ વિના જતાં મને જરા ગભરામણ જેવું થાય છે, એ તમે જોઈ શકો છો."

"ઠીક, તો સાહેબ, તેની પાસે પહોંચીને પ્રથમ તો એ સુંદરીના રૂપ–ગુણની પ્રશંસાથી શરૂઆત કરવી; પછી તેના જેવી સુંદરી માટે પોતે જરાય યોગ્ય વ્યક્તિ નથી, એવી કબૂલાત કરવી. પણ સાથે જણાવતા જવું કે, તેને માટે જ આપણે અયોગ્ય છીએ; બીજી સ્ત્રીઓ તો આપણો હાથ મેળવવાથી પોતાને ભાગ્યશાળી માને. પછી આપણા ભૂતકાળના જીવનની તથા વર્તમાન પરિસ્થિતિની ખુલ્લી વાત કરવી અને તેના મનમાં એવો ખ્યાલ ઊભો થવા દેવો કે, તેને માટે પણ આપણે લાયક વ્યક્તિ જ છીએ. ત્યાર બાદ તેને માટેની આપણી નિષ્ઠા, આકર્ષણ અને વફાદારીની વાત ઉપાડવી. અને એટલે સુધી આગળ વધ્યા બાદ તેનો હાથ આપણા હાથમાં લેવાનું મન થાય જ."

મિ૰ મૅગ્નસ મિ૰ પિકવિકની એ વાત આગળ બોલી ઊઠ્યા, "જરૂર, એ મુદ્દો બહુ અગત્યનો છે."

"પછી સાહેબ, હું તેની આગળ સીધા પ્રશ્ન ઉપર જ ઊતરી જાઉં કે, 'તમે મારો હાથ સ્વીકારશો?' અને એ પ્રશ્ન આવતાં તે જરૂર તેનું મોં ફેરવી દે. એટલે તરત તેની સંમતિ માની લઈ, હું તેનો હાથ જરા દબાવું. અને માનવ-સ્વભાવના મારા અનુભવથી કહું તો, મારાં તેને માટેનાં ભાવ અને ભક્તિ જોઈને, હૃદય ભરાઈ આવવાથી તે પોતાનો રૂમાલ પોતાની આંખ ઉપર દબાવી દે. તે વખતે તેનો રૂમાલ ખેંચી લઈ, તેને હું આદરપૂર્વક એક હળવું ચુંબન કરું. અને જો બાઈ ખરે-ખર આપણો સ્વીકાર કરવા રાજી હોય, તો તરત તે વખતે આપણા કાનમાં પોતાની સ્વીકૃતિ જણાવી લે જ."

મિ૦ પિટર મૅગ્નસ જેનું નામ, તે હવે ગભરાટની સ્થિતિમાંથી બદલાઈ એકદમ જુસ્સાની સ્થિતિમાં આવી ગયા અને તુરત જ કમરા-માંથી દોડી ગયા, કારણ કે મુલાકાતનો વખત થઈ જવા આવ્યો હતો.

મિ૦ પિકવિકે તે જ ઓરડામાં અર્ધોએક કલાક આમથી તેમ આંટા માર્યા હશે, તેવામાં મિ૦ ટપમન, મિ૦ વિંકલ અને મિ૦ સ્નોડ-ગ્રાસ ત્યાં આવી પહોંચ્યા. મિ૦ પિકવિક રાજી થઈ તેમને આવકાર આપતા હતા, તેવામાં મિ૦ પિટર મૅગ્નસ તે ઓરડામાં ધસમસતા દાખલ થયા.

મિ૦ પિકવિકે પોતાના મિત્રોની ઓળખ મિ૦ મૅગ્નસને કરાવવા માંડી, પણ મિ૦ મૅગ્નસ બોલી ઊઠ્યા, "મિ૦ પિકવિક, મારે જે કહેવાનું છે, તે પ્રથમ કહી લેવા દેશો?" આટલું બોલી મિ૦ પિક-વિકને બારી તરફ જરા બાજુએ લઈ જઈ, તેમણે કહ્યું, "મને અભિ-નંદન આપો, મિ૦ પિકવિક, મેં તમારી સૂચનાનું જ અક્ષરશઃ પાલન કર્યું, અને એ મારી બની ગઈ છે, એમ જ માનો સાહેબ!"

"હું તમને મારા પૂરા દિલથી અભિનંદન આપું છું." મિ૦ પિકવિકે લાગણીપૂર્વક મૅગ્નસનો હાથ હલાવતાં કહ્યું.

"પણ તમારે અમઘડી તેને મળવા આવવું જ પડશે." એમ કહીને પેલા મિત્રોની માફી માગવા જેવું કરી, મિ૦ મૅગ્નસ તરત મિ૦ પિકવિકને કમરા બહાર ખેંચી ગયા.

બારણા ઉપર ટકોરો મારતાં જ અંદરથી બાઈ માણસનો અવાજ આવ્યો, "અંદર આવો."

"મિસ વિંધરફિલ્ડ," મિ૦ મૅગ્નસે કહ્યું, "હું મારા ખાસ મિત્ર મિ૦ પિકવિકનું ઓળખાણ કરાવવાની રજા લઉં છું. અને મિ૦ પિકવિક, આ મિસ વિંધરફિલ્ડ પોતે છે."

મિ૦ પિકવિકે ચશ્માં પહેરી એ બાનુ સામું જોયું તેની સાથે તે એક અચંબાની ચીસ પાડી ઊઠ્યા. તે બાઈ તો પેલી જ હતી, જેના

કમરામાં રાતે પેાતે ભૂલથી ઘૂસી ગયા હતા ! પેલી બાનુના ગળામાંથી પણ મિ૦ પિકવિકને જોઈ એક તીણી ચીસ નીકળી ગઈ.

મિ૦ મૅગ્નસ એ બંનેનેા આ તાલ જોઈ એકદમ જડસડ થઈ ગયા, અને પછી ગુસ્સાથી ધમધમી ઊઠ્યા.

"મિ૦ પિકવિક, આનેા શેા અર્થ છે ? આનેા શેા અર્થ થાય છે, એ કહી દેા જોઉં, મિ૦ પિકવિક."

"હું એ પ્રશ્નનેા જવાબ આપવાની ના પાડું છું," મિ૦ પિકવિક મૅગ્નસના મેાંની હાલત જોઈ બેાલી ઊઠ્યા.

"ના પાડેા છેા, એમ ?"

"હા; કારણ કે, આ બાનુની પરવાનગી અને સંમતિ વિના, તેમને નાહક ત્રાસ થાય એવું કશું યાદ કરાવવા હું માગતેા નથી.'

"મિસ વિધરફિલ્ડ, તમે આ વ્યક્તિને ઓળખેા છેા ?" મૅગ્નસે હવે એ બાઈ તરફ ફરીને પૂછ્યું.

"એમને ઓળખું છું ?—ના, માત્ર મેં તેમને જોયા છે."

"કયાં ? કયાં જોયા હતા વારુ ?"

"એ વાત હું ગમે તે થઈ જાય તેાપણ કહેવાની નથી."

"પણ તમારી સાથે હું જે સંબંધે જોડાયેા છું, તેને હિસાબે, તમે મારા પ્રશ્ન તરફ અત્યંત ટાઢાશથી જોતાં હેા એમ લાગે છે; અને એ વસ્તુ મને મંજૂર નથી."

"ક્રૂર મિ૦ મૅગ્ન્સ," એટલું બેાલતાંમાં તેા એ ભલી બાઈ રડી પડી.

મિ૦ પિકવિક હવે તરત તે બાનુની વહારે ધાયા. તેમણે મૅગ્ન્સ તરફ જરા કડક નજર કરીને કહ્યું, "મહેરબાન, તમારે જે કંઈ કહેવું હેાય તે મને કહેા; એ બાનુને નાહક ત્રાસ ન આપશેા; એ આખા કિસ્સામાં જો દેાષપાત્ર હેાય તેા હું જ છું; એ ભલાં બાનુ હરગિજ નથી; તેમણે તેા મારા પ્રત્યે એક સન્નારીની ભલી લાગણી જ દાખવી છે."

"એમ ? હવે સમજ્યો. તમે ગઈ કાલે મને કહ્યું હતું કે, તમે જેના ઉપર અંધ વિશ્વાસ મૂકયો હતો તેણે આદરેલી દગાબાજી અને જૂઠને ખુલ્લાં કરવાના હેતુથી તમે અહીં ઇપ્સવીચ આવ્યા હતા. અર્થાત્ તમે આ મિસ વિધરફિલ્ડની બાબતમાં તમારા નિષ્ફળ ગયેલા પ્રેમને કારણે તેનો તિરસ્કાર કરવા જ અહીં આવ્યા હતા. પરંતુ, એક-બીજાને અહીં મળ્યા પછી તમે પાછો તમારો જૂનો સંબંધ ફરી જોડવાનું નક્કી કર્યું છે. બસ હું અબઘડી નિર્ણય ઉપર આવી જાઉં છું — મારે તમારી બેટેલી — આ બેંડી સ્ત્રીનો જરા પણ ખપ નથી. વાહ, તેની સાથે તમે અજમાવેલી પ્રેમ કરવાની રીતો આટલી વિગતથી મને સમજાવી, ત્યારથી જ હું સમજી તો ગયો જ હતો કે, માન ન માન, કોઈ અનુભવીના બોલ છે — "

મિ૦ પિકવિકે તરત ત્રાડ નાખી અને મૅગ્નસને બોલતો રોકવા પ્રયત્ન કર્યો. એક નિર્દોષ બાઈ ઉપર, નહિ જેવા કારણે, આ માણસ અવિશ્વાસ લાવી, તેનો સ્વીકૃત સંબંધ તોડવા બેઠો હતો એટલું જ નહિ, પોતાના ઉપર ફાવે તેવા આક્ષેપો કરતો હતો. તેમણે તરત મિ૦ ટપમનને બોલાવ્યા અને તેમને કહ્યું, "જુઓ મિ૦ ટપમન, મને તો તમે બરાબર ઓળખો છો; હું ખાતરીથી તમને જણાવું છું કે, મારા મનમાં આ બાનુને લગતી જે ગુપ્ત બીના છે, તેને આ સદ્-ગૃહસ્થને લગતી કોઈ બીના સાથે કોઈ સંબંધ નથી; માત્ર અજાણતાં થયેલી એક ભૂલને કારણે ઊભી થયેલી પરિસ્થિતિ જ મને એ ખુલાસો ખુલ્લંખુલ્લા કહેતાં રોકી રહી છે. પરંતુ આ માણસ જો મારા બોલ ઉપર અવિશ્વાસ કરવાનું ચાલુ રાખશે, તો તેને હું મારું અપમાન થયું ગણીશ, એ વાતના સાક્ષી રહેવા હું તમને વિનંતી કરું છું. અને એ બાબતની જાણ હું તેમને વિધિસર કરું છું, ને તેનો પછી તેમણે સદ્ગૃહસ્થની રીતે જવાબ વાળવો જોઈશે."

આટલું કહી, મિ૦ પિકવિકે મિ૦ મૅગ્નસ સામે પુણ્યપ્રકોપથી બાળી નાખતી નજરે જોયું. પણ પેલા પથ્થરને તેની કશી અસર ન

થઈ. તે તો પોતાનો ટોપો જમીન ઉપર પછાડી, પોતાના વાળ બે હાથે મૂઠીઓ ભરીને ખેંચી, એક પછી એક એમ બંને પગ જોરથી ઠોકી, મિ૦ પિકવિકના ભલા ચહેરા તરફ એક મુક્કી ઉગામી ઊભો રહ્યો; મિ૦ પિકવિકે તરત જણાવ્યું, "મારા તરફથી તમને હું સ્થળ–કાળ વિષે ખબર મોકલાવીશ."

પેલી ભલી બાનુ આ બંને જણને દ્વંદ્વયુદ્ધમાં આખડી પડવા તૈયાર થયેલા જોઈ, તરત બહાર દોડી ગઈ. મિ૦ ટપમન પણ મિ૦ પિકવિકને બહાર ખેંચી ગયા.

પેલી બાનુ જો દુનિયાદારીની જાણકાર હોત, તો તે સમજી જાત કે, આ રીતની પડકારની ફેંકાફેંકીઓ સુધરેલા જમાનાની એક નિર્દોષ અને અહિંસક વસ્તુ છે; તેથી કેટલીક નકામી વરાળ બહાર ફેંકાઈ જાય છે, એટલું જ; પણ તે બાનુ દુનિયાદારીથી અલગ પડી ગયેલી હોઈ, ખુનામરકી થશે એમ સાચેસાચ માનીને તે અટકાવવાના કામે લાગી ગઈ.

તેણે નક્કી કર્યું કે, તરત જ શહેરના મુખ્ય મૅજિસ્ટ્રેટને ત્યાં દોડી જવું અને તેને મિ૦ પિકવિક અને મિ૦ ટપમનની ધરપકડ કરવા વિનંતી કરવી. આ નિર્ણય ઉપર આવવામાં તેનો ઊંડો ઊંડો હેતુ એ હતો કે, મિ૦ પિટર મૅગ્નસ બહુ અદેખા તથા આકળા સ્વભાવના છે; એટલે મિ૦ પિકવિકને દેખી તે શાથી ચોંકી હતી એનું સાચું કારણ તો તેમને તેનાથી કહી શકાય તેમ નહોતું; પણ પોતે જો મિ૦ પિટર મૅગ્નસની સહીસલામતી બાબત આવી ચિંતા અને કાળજી દાખવે, તો મિ૦ પિટર મૅગ્નસ તેના ઉપર રાજી થાય; અને રાજીમાં હોય ત્યારે ધીમેથી તેમને બધી વાત કહી દઈ, તેમના મનનો કાંટો સહેલાઈથી કાઢી નાખી, શકાય.

## ૨

મિ૦ જ્યૉર્જ નપ્કિન્સ, ઍસ્કવાયર, ઇપ્સવીચના મુખ્ય મૅજિસ્ટ્રેટ હતા, અને પોતાના ઉચ્ચ હોદ્દાને અનુરૂપ વડાઈ તે દરેક રીતે દાખવવા

તત્પર રહેતા. પરંતુ આજે સવારે તે ખાસ ક્ષોભ પામ્યા હતા— કારણ તેમની વડાઈને ધક્કો પહોંચ્યો હતો: શહેરમાં બળવો થયો હતો—શહેરની મોટામાં મોટી શાળાના વિદ્યાર્થીઓએ એક ફળવાળાની દુકાન ઉપર દરોડો પાડ્યો હતો, તેની બારીઓના કાચ ભાગી નાખ્યા હતા; અને કાયદો તથા વ્યવસ્થાના સરકારી કર્મચારી વચ્ચે આવ્યા, ત્યારે તેમના ઉપર પથ્થરો ફેંકયા હતા. એ સરકારી કર્મચારી એટલે અર્ધ-લશ્કરી પોશાકમાં સજ્જ રહેતો એક જ પ્રૌઢ માણસ—ગ્રમર, જે છેલ્લાં પચાસ વર્ષથી એ જ હોદ્દા ઉપર એ જ કામગીરી બજાવતો આવ્યો હતો.

મિ૦ નપ્કિન્સ ઈઝી-ચેર ઉપર બેસી આ બધી ગેરવ્યવસ્થા બાબત ઉકળાટ દાખવી રહ્યા હતા, તેવામાં તેમને ખાનગી પણ અગત્યની બાબત અંગે એક બાનુ તત્કાળ મળવા માગે છે, એવી જાણ કરવામાં આવી.

મિ૦ નપ્કિન્સે પૃથ્વી ઉપરના સમ્રાટની અદાથી એ બાનુને પોતાની સમક્ષ હાજર કરવા હુકમ કર્યો; અને તેવા હુકમની અદાથી જ તેનું પાલન પણ કરવામાં આવ્યું.

"મઝલ!" મેજિસ્ટ્રેટે ગૌરવભર્યો ઉદ્‌ગાર કાઢ્યો.

"હા સરકાર!" એક પહેરેગીરે જવાબ આપ્યો.

"એક ખુરશી મૂક, અને ઓરડાની બહાર જા."

"હા સરકાર."

"હવે મૅડમ, તમે તમારું કામ કહી સંભળાવશો?"

"એ વાત બહુ દુઃખ-દરદ-ભરી છે, સાહેબ," મિસ વિંધરફિલ્ડે જણાવ્યું.

"હોઈ શકે, મેજિસ્ટ્રેટને એવાં જ કામો સાંભળવાનાં હોય છે, બાનુ."

"મને આ ખબર આપતાં બહુ દુઃખ થાય છે, પણ આ શહેરમાં એક દ્વંદ્વયુદ્ધ લડાવાની તૈયારીમાં છે."

"આ શહેરમાં ? અહીં ? શી વાત છે ? બધી વિગતો કહી દો, મૅડમ. હું જ્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા બેઠો છું, અને જાગતો બેઠો છું, ત્યાં સુધી એવું ગેરકાયદે કૃત્ય કદી નહિ થવા દઉં. અરે થોડા જ દિવસ પહેલાં – ગયા મે મહિનાની ચોથી તારીખે-સ્તો – કુસ્તીનું એક દંગલ ગોઠવવામાં આવ્યું હતું. તે વખતે સાઠ સ્પેશ્યલ કૉન્સ્ટેબલો લઈને હું જાતે ધસી ગયો હતો અને ગુસ્સે થયેલા પ્રેક્ષકોના મિજાજની દરકાર રાખ્યા વિના મેં શાંતિ સ્થાપી દીધી હતી. તો પછી હું હજુ જીવતો – જાગતો છું ને ઇપ્સવીચમાં દ્વંદ્વયુદ્ધ લડાય ? હેં ? એવાં તે કોના માથામાં શીંગડાં ઊગ્યાં છે વારુ ?"

"પરંતુ કમનસીબે મારી માહિતી સાચી તથા પ્રમાણભૂત છે, સાહેબ."

"આ તો અસાધારણ વાત કહેવાય. મઝલ ? જલદીથી મિ૰ જિન્કસને અહીં મોકલ."

મિ૰ જિન્કસ આવતાં જ મૅજિસ્ટ્રેટે તેમને એ બાનુ જે કારમા સમાચાર લઈને આવ્યાં હતાં તેની વાત કરી.

મિ૰ જિન્કસને શો જવાબ આપવો તે સમજાયું નહિ, એટલે તે બિચારો નોકર-માણસ જેવું હાસ્ય કરે, તેવું છોભીલું હાસ્ય હસ્યો અને ચૂપ રહ્યો.

"તમે શી બાબતના હસો છો, મિ૰ જિન્કસ ?" મૅજિસ્ટ્રેટ તડૂકયા.

એટલે જિન્કસે તરત ગંભીર દેખાવ ધારણ કર્યો.

"મિ૰ જિન્કસ તમે બુધ્ધુ છો," મૅજિસ્ટ્રેટે ઉમેર્યું. મિ૰ જિન્કસ બિચારા એ મહાન અધિકારી સમક્ષ દીનતા ધારણ કરી ઊભા રહ્યા અને કલમનો છેડો ચાવવા લાગ્યા.

મૅજિસ્ટ્રેટે એ બાનુનું સ્ટેટમેન્ટ લખી લેવા તેમને ફરમાવ્યું.

પછી મૅજિસ્ટ્રેટ બોલ્યા : "આ પિકવિક અને ટપમન એ બે ખૂનીઓ રાજધાનીમાંથી અહીં આવ્યા છે. તેમના ત્રાસનો માર્યો તેમનો પ્રતિસ્પર્ધી જીવ લઈને નાસી ગયો છે, ખરું મૅડમ ?"

મિસ વિધરફિલ્ડે મિ૦ મૅગ્નસને બચાવી લેવા એ પ્રમાણે નિવેદન કર્યું હતું.

મૅજિસ્ટ્રેટે તરત વૉરંટ કઢાવી ગ્રમરને બોલાવ્યો. તે આવ્યો એટલે મૅજિસ્ટ્રેટે ફરમાવ્યું—

"ગ્રમર!"

"જી સ્તકાર."

"શહેરમાં હવે શાંતિ છે?"

"જી સ્તકાર; છોકરાઓ ક્રિકેટ જોવા ચાલ્યા ગયા છે, અને શહેરમાં હવે કશું ધાંધલ નથી, સ્તકાર."

"આ જમાનામાં કડક હાથે પગલાં લીધા વિના ચાલે તેમ જ નથી. રાજ્યના અધિકારીઓ ઉપર પણ પથરા ફેંકાય, તો આપણે બળવાની કલમ જાહેર કરી દેવી જ જોઈએ. અને મુલ્કી સત્તા બારીઓનું રક્ષણ ન કરી શકે, તો લશ્કરી સત્તાએ મુલ્કી સત્તા તથા બારીઓનું બંનેનું રક્ષણ કરવા નીકળી આવવું જ રહ્યું. તો ઠીક, આ વૉરંટ તથા જોઈતા 'સ્પેશ્યલ' માણસો લઈને જાઓ અને આ બે ખૂનીઓની ધરપકડ કરી લાવો."

મિ૦ ગ્રમર વૉરંટ લઈને 'ગ્રેટ વ્હાઇટ હૉર્સ' તરફ વિદાય થયા. તેમને સવારમાં પડેલા મારની બદનામી ધોઈ કાઢવી હતી. એટલે પૂરા દમામથી પોતાની કામગીરી બજાવવા સારુ તેમણે પોતાની સાથે સ્પેશ્યલ પોલીસના બાર માણસો લીધા.

## ૩

ગ્રમરે વૉરંટ બતાવીને મિ૦ ટપમન અને મિ૦ પિકવિકને ગિરફતાર કરીને મૅજિસ્ટ્રેટ સમક્ષ લઈ જવાનો પોતાનો નિરધાર ઉચિત પરિભાષામાં વિધિસર જાહેર કર્યો, તથા સરકારના હુકમની અવગણના થાય તો પોતાની સાથે બાર પોલીસની ટુકડી હાજર છે, એવો પ્રત્યક્ષ પુરાવો આપી દીધો, ત્યારે મિ૦ પિકવિકે સામનો કરવા તૈયાર થયેલા મિત્રોને શાંત પાડી, મૅજિસ્ટ્રેટ પાસે જવા તૈયારી બતાવી—જોકે

તેમણે સૌને એ વાતની નોંધ લેવા વિનંતી કરી કે, એક અંગ્રેજ બચ્ચાની સ્વતંત્રતા ઉપર મનસ્વીપણે તરાપ મારવામાં આવી છે, અને પોતે છૂટા થશે તેની સાથે જ તે કાયદેસર પગલાં લેશે.

મિ૦ પિકવિકે આ પ્રમાણે મિ૦ ગ્રમરની સાથે જવાનું સ્વીકાર્યું, એટલે કંઈક ધાંધલ – મારામારી – પંચાત જોવાનાં મળશે એ આશાએ ભેગાં થયેલાં હોટેલનાં કર્મચારીઓ તુચ્છકાર અને ફિટકાર દર્શાવતાં વિદાય થઈ ગયાં. પરંતુ તરત જ બીજી એક નહીં કલ્પવામાં આવેલી મુશ્કેલી ઊભી થઈ; મિ૦ પિકવિકે સામાન્ય ગુનેગારની પેઠે, શેરી-ઓમાં થઈ, કાયદાના અફસરોથી વીંટળાઈને પગપાળા જવાની કોઈ પણ શરતે ના પાડી. અને તે વખતની ધાંધલભરી શહેરની સ્થિતિમાં મિ૦ ગ્રમર પણ ગુનેગારોને છૂટા રાખી રસ્તાની સામી બાજુએ ચાલવા કબૂલ ન થયો; એટલે કોચ-ગાડી મંગાવવાનો વિચાર આવ્યો. પણ મિ૦ પિકવિકે અને મિ૦ ટપમને એ કોચ-ગાડીનું ભાડું આપવા હરગિજ ના પાડી; અને ગ્રમરને આ વૉરંટ બજાવવા જતાં ઘોડા-ગાડીનું ખર્ચ મંજૂર કરવામાં આવ્યું ન હોઈ, તે એ ખર્ચ કરી શકે તેમ નહોતું. એટલે તકરાર વધી પડી. છેવટે કાયદાના રખેવાળોએ એ કોયડાનો કાયદેસર ઉકેલ આણ્યો: વીશીના આંગણામાં એક તવંગર પણ સંધિવાથી પીડાતા માણસ માટેની બ્યાના-ખુરશી પડેલી હતી; તેમાં મિ૦ પિકવિક અને મિ૦ ટપમનને બેસાડી દેવામાં આવ્યા; અને પછી એ ખુરશીને મૅજિસ્ટ્રેટ પાસે ઉપાડી જવરાવવામાં આવી.

એ વિચિત્ર સરઘસ શેરીઓમાં થઈને પસાર થયું ત્યારે, દુકાનદારો પોતાના શહેરના કાયદાનો મજબૂત હાથ જોઈને ગર્વ અનુભવવા લાગ્યા. ગ્રમર પણ રાજધાનીમાંથી ખાસ ઇંપ્સવીચ આવેલા એવા ધાંધલિયા ગુનેગારોને પોતાની પાછળ દોરી લાવતો હોઈ, ઓછો ગર્વ નહોતો અનુભવતો.

બીજી તરફ સૅમ લીલા દરવાજાવાળા મકાનની ગુપ્તપણે સર-તપાસ કરી આવીને, કશું વિશેષ જાણવા ન મળતાં, નિરાશ થઈ, હોટેલ

તરફ પાછો ફરતો હતો. તેણે આ સરઘસ આવતું જોઈ, પોતાની નિરાશાને કેવળ હાંકી કાઢવા સારુ, એ સરઘસને પોતાના આનંદોદ્‌ગારોથી હિલોળે ચડાવી દીધું.

પહેલા મિ૦ ગ્રમર પસાર થયા, પછી મિ૦ ડુબ્લી પસાર થયા, પછી બંધ પડદાવાળી મ્યાના-ખુરશી આવી. પાછળ પેલા પોલીસોની ટુકડી હતી. સૅમે એ મ્યાના-ખુરશી આવતાં જ ખાસ પ્રકારની ધૂમોથી તેને વધાવવા માંડી. એટલામાં જ પાછળ આવતા મિ૦ વિંકલ અને મિ૦ સ્નૉડગ્રાસ ઉપર તેની નજર પડી.

સૅમે તરત જ તે બે સદ્‌ગૃહસ્થોને પૂછ્યું : "આ મ્યાના-ખુરશીમાં કોણ છે વારુ?"

તે બંનેએ એકીસાથે જવાબ આપ્યો; પણ સૅમથી આજુબાજુના અવાજોમાં સાંભળી શકાયો નહિ. એટલે તેણે ધૂમ પાડીને ફરીથી પૂછ્યું. પેલાઓએ જરા વધુ ધૂમ પાડીને જવાબ આપ્યો, પણ છેવટે તેમના હોઠોના હલનચલનથી તે કલ્પી શક્યો કે, મિ૦ પિકવિક અંદર છે. એ નામ સાંભળતાં જ તરત સૅમ કોણીઓ મારતો ટોળામાં ઘૂસ્યો અને મ્યાનવાળાઓને થોભાવી દઈ, ગ્રમરને પૂછવા લાગ્યો—"હેલો બુઢ્ઢેજી, અહીં આ વહાણમાં કોણ છે?"

મિ૦ ગ્રમર અત્યારે લોકોના આનંદના પોકારોથી સત્તાના તોરમાં આવી ગયા હતા. તેમણે તરત જવાબ આપ્યો, "આઘો ખસ."

"લગાવો, જો ન ખસે તો," મિ૦ ડુબ્લી પોકાર્યા.

"વાહ, મારી સગવડની આવી પડપૂછ કરવા માટે તમો લોકોનો આભારી છું. છતાં તમે મારા પ્રશ્નનો જવાબ આપશો તો વધુ આભારી થઈશ—મિ૦ રાક્ષસના કાફલામાંથી ભૂલા પડેલા હે સદ્‌ગૃહસ્થો!"

પણ એટલામાં મિ૦ પિકવિકને આગળની બારીમાંથી ડોકિયું કરતા જોઈ સૅમે તરત તેમને પૂછ્યું, "કેમ છો સાહેબ?"

મિ૦ ગ્રમરનો કંઠ તો ગુસ્સાનો માર્યો જ રૂંધાઈ ગયો; તેણે તરત પોતાનો દંડો કાઢ્યો અને સૅમના માથા ઉપર ઉગામ્યો.

સેમે તરત ચાલાકીથી તેને એવો ધક્કો આપ્યો કે તે આખો ને આખો ગબડી પડ્યો; પણ તે પહેલાં નીચે ગાદી તરીકે સેમે મ્યાનાવાળા એક જણને ગબડાવી આપ્યો હતો.

મિ૰ વિંકલને પણ કોણ જાણે સેમની આ બહાદુરી જોઈને એવું વિચિત્ર શરાતન ચડ્યું, કે એમણે આગળ આવી ઊભેલા એક નાના છોકરાને ત્યાં ને ત્યાં ફટકાર્યો. મિ૰ સ્નોડગ્રાસે પણ સાથીઓને અણીને વખતે સહાય કરવાની વૃત્તિથી, પણ ખ્રિસ્તી ભાવના અનુસાર, દુશ્મનો ઉપર અજાણપણામાં પણ હુમલો ન કરવાની દાનતથી, મોટેથી જાહેર કર્યું કે, પોતે પણ મેદાનમાં કૂદી પડવાની તૈયારીમાં જ છે—અને પુરાવા તરીકે તેમણે પોતાનો કોટ શરીર ઉપરથી ઉતારવા માંડ્યો. પણ તેમનેય મિ૰ વિંકલની પેઠે તરત દબાવી-પકડી લેવામાં આવ્યા, અને તેમની સદ્‌ગૃહસ્થાઈને બિરદાવવા ખાતર એટલી નોંધ લેવી જોઈએ કે, ધરપકડ થયા બાદ તેમણે છૂટા થવા જરા પણ ધમપછાડા ન કર્યા. જો કે સેમ તો નોકર-વર્ગનો માણસ હોઈ, પકડાયા પછી પણ કોણીઓ મારતો હતો તથા છૂટો થવા ધમપછાડા કરતો હતો. અને બે-ત્રણ વખત તે છૂટો થયો પણ ખરો; અને તે દરેક વખતે ઓછામાં ઓછા બે-ત્રણ પોલીસવાળાઓને તેણે ગબડાવી પાડ્યા હતા.

મિ૰ પિકવિકથી આ બધું સહન ન થઈ શકયું. તેમણે છાપરા તરફનું બારણું ઊંચું કરી, સૌ નાગરિકોને પોતાના પ્રત્યે કેવું ગેરકાયદે કુવર્તન દાખવવામાં આવ્યું છે તેની, તથા પોતાના નોકરની જાત ઉપર કેવળ ગુંડાગીરીથી પ્રથમ હુમલો કરવામાં આવ્યો છે તેની, નોંધ લેવા ઘૂમાઘૂમ કરવા માંડી.

## ૨૬

# ચડતી અને પડતી

સૅમ વેલરને તો લગભગ ઊંચકીને જ પોલીસો ચાલતા હતા. તે મિ૦ ગ્રમર તથા મિ૦ ડુબ્લીના અંગત દેખાવ વિષે લોકોને સંબોધી સુંદર જોડકણાં સંભળાવતો હતો, તથા તેને પકડી રાખનારાઓને વિચિત્ર ધમકીઓ આપતો હતો. ક્યાંક ઉપરથી મિ૦ પિકવિક જુસ્સાદાર ભાષણો સંબોધી રહ્યા હતા; મિ૦ ટપમન તેમને એ બારણું બંધ કરી અંદર આવવા વિનંતીઓ કરતા હતા; લોકો આનંદોદ્‌ગારો કરતા હતા, અને મિ૦ સ્નૉડગ્રાસ અને મિ૦ વિંકલ પોતાના નેતા સામે ખિન્ન નજરે જોઈ રહ્યા હતા.

પણ આખા સરઘસને પેલા લીલા દરવાજાવાળા મકાન તરફ વળતું અને તેના આંગણામાં જ પેસતું જોઈ, સૅમનો જુસ્સો તરત શાંત પડી ગયો અને તેને કેવળ આશ્ચર્ય જ સતાવી રહ્યું; કારણ કે, એ મકાનના એ લીલા દરવાજામાં જ તેને જૅબ ટ્રૉટરને ભેટો થયો હતો, અને હાલમાં જ જિંગલ અને ટ્રૉટરની તપાસ કરવા તે મકાનની આસપાસ ઊભો રહીને જ પાછો ફર્યો હતો.

મઝલે અંદર જઈને કેદીઓ આવ્યાની ખબર મિ૦ નપ્કિન્સને નિવેદિત કરી. તરત તેમણે તેમને પોતાની સમક્ષ રજૂ કરવાનો હુકમ કર્યો.

ઓરડાનો દેખાવ ભવ્ય હતો, અને ગુનેગારના મનમાં તત્ક્ષણ ડર અને ત્રાસ ઊભો કરે તેવો હતો. એક મોટું ટેબલ, મોટાં મોટાં વૉલ્યૂમોના ઘોડા પાસે હતું. તે ટેબલ ઉપર સૌથી મોટું વૉલ્યૂમ પડેલું

હતું. તે ટેબલ પાછળ મોટી ખુરશી હતી, અને તે ખુરશી ઉપર, એ સૌ સરંજામ કરતાં પણ મોટા તથા ગૌરવભર્યા મિ૰ નપ્કિન્સ પોતે વિરાજ્યા હતા.

ટેબલ ઉપર કાગળોનો ઢગલો હતો, અને તેને એક છેડે મિ૰ જિન્કસ ખૂબ કામમાં ડૂબેલા હોવાનો દેખાવ કરતા ઊભા હતા.

બધા અંદર આવ્યા એટલે મઝલે કમરાનું બારણું વિધિસર બંધ કર્યું અને પછી અંગરક્ષકની અદાથી મિ૰ નપ્કિન્સની પાછળ જઈને તે ટટાર ઊભો રહ્યો.

"હં, ગ્રમર, આ આસામી કોણ છે?" મિ૰ નપ્કિન્સે સૌ સાથીઓ વતી બોલવા તત્પર થઈ રહેલા પિકવિક તરફ જોઈને પૂછ્યું.

"એ આસામી પિકવિક છે, સ્રકાર." ગ્રમરે કહ્યું.

"અલ્યા બુઢ્ઢા, તને તે કોણે આ સરકારી ખાતામાં રાખ્યો હશે? સદ્‌ગૃહસ્થોની વિધિસર ઓળખ કરાવતાં તો આવડતું નથી! તું તો ખેતરોમાં ચકલાં ઉરાડવા જા. જુઓ સાહેબ, હું આપને ઓળખ કરાવું — આ એસ. પિકવિક એસ્કવાયર છે, આ મિ૰ ટપમન છે; પેલા મિ૰ સ્નોડગ્રાસ છે, અને તેમનાથી આગળ મિ૰ વિંકલ છે; — સૌ ઉમદા સદ્‌ગૃહસ્થો છે, ઓળખાણ કરવા લાયક સજ્જનો – એવાઓનું ઓળખાણ આપને ઉપયોગી તથા લાભદાયી થઈ પડશે, સાહેબ. એટલે આપ અહીંના બે-ચાર અફસરોને ચક્કી ચલાવવા જેલમાં મોકલી દો, એટલે આપણે સૌ સારા માણસોની જેમ હળીએ – મળીએ. 'કામકાજ પહેલું, અને મોજમજા પછી' – રાજા રિચર્ડ ત્રીજાએ ટાવરમાં બીજા રાજાને છરી ખોસી દેતાં અને બાળકોને ગૂંગળાવી મારતા પહેલાં વાપર્યા હતા તે શબ્દોમાં."

"આ માણસ કોણ છે, ગ્રમર?" મૅજિસ્ટ્રેટે પૂછ્યું.

"ઘણો ખૂની – ધાંધલિયો માણસ છે, સ્રકાર; તેણે કેટલીય વાર કેદીઓને ભગાડી મૂકવાનો પ્રયાસ કર્યો હતો અને સ્રકારી અફસરો

ઉપર પણ હુમલો કર્યો હતો. તેથી અમે તેને પકડીને અહીં રજૂ કર્યો છે."

"ઠીક કર્યું; એ દેખીતો જ કોઈ રખડેલ ભામટો લાગે છે."

"એ મારો નોકર છે, સાહેબ;" મિ૦ પિકવિક ગુસ્સે થઈને કહ્યું.

"તમારો જ નોકર છે કેમ? મિ૦ જિન્કસ, તેની સામે ન્યાયના હેતુઓ નિષ્ફળ કરવાનો, અને સરકારી અફસરોનું ખૂન કરવાનો આરોપ ઘડી કાઢો." મિ૦ નપ્કિન્સે ફરમાવ્યું.

મિ૦ જિન્કસે તેમ કર્યું એટલે મિ૦ નપ્કિન્સે સૅમને પૂછ્યું—

"તારું નામ શું?"

"વેલર"

"ન્યૂગેટની વડી જેલની યાદીમાં શોભે તેવું નામ છે," મિ૦ નપ્કિન્સે મજાક કરી; અને સરકારે મજાક કરી એટલે જવાબમાં જિન્કસ, ગ્રમર, ડુબ્લી, બધા પોલીસો અને મઝલે પાંચ મિનિટ સુધી ખડખડાટ હસ્યા કર્યું.

"એનું નામ લખી લો, મિ૦ જિન્કસ," મૅજિસ્ટ્રેટે કહ્યું.

"એ 'એલ' લખજો, બુદ્ધે," સૅમે જોડણીમાં મદદ કરી.

આ વખતે એક કમનસીબ પોલીસવાળો હસી પડ્યો. તરત જ મૅજિસ્ટ્રેટે તેના ઉપર બેઅદબીની ફરિયાદ દાખલ કરવાની ધમકી આપી. તે તરત ચૂપ થઈ ગયો. પછી મિ૦ નપ્કિન્સે એમની પૂછપરછ આગળ ચલાવી.

"તું ક્યાં રહે છે?"

"જ્યાં હું રહી શકું ત્યાં."

"લખી લો, મિ૦ જિન્કસ; એ ખરેખર ઘરબાર વિનાનો ભામટો જ છે. એના ઉપર એ જ ગુનો લાગુ કરો."

"ન્યાયની બાબતમાં આ બહુ નિષ્પક્ષપાત મુલક હોય એમ જણાય છે." સૅમે કહ્યું.

આ વખતે એક બીજો પોલીસવાળો હસ્યો. તરત જ મિ૦ નપ્કિન્સ ગુસ્સાથી લાલચોળ થઈને તડૂકયા.

"ગ્રમર, આ કેવા કેવા ભામટાઓને તેં ભરતી કર્યા છે? તરત જ તેનો પટ્ટો ઉતારી લે. આવા માણુસોને ભરતી કરવા, એ ફરજમાં બેદરકાર રહ્યા બરાબર છે. તે બદલ સજા કરીને હું તારો જ દાખલો બેસાડીશ. એ પીધેલો પણ જણાય છે. બોલ તું પીધેલો છે કે નહિ?"

"હું જરાય પીધેલો નથી, સરકાર."

"તેં પીધો જ છે; તું ના કહેવાની હિંમત કેમ કરીને કરે છે? ગ્રમર, જો એનું મોં ગંધાય છે કે નહિ?"

"બહુ ભયંકર બાસ મારે છે, સ્રકાર." ગ્રમરે જવાબ આપ્યો.

"મને ખબર જ પડી ગઈ હતી; ઓરડામાં એ દાખલ થયો ત્યારથી જ તેની આંખો ચકળવકળ થતી હતી. તમારા લક્ષમાં પણ, મિ૦ જિન્કસ, એની આંખો આવી હતી કે નહિ?"

"બરાબર આવી હતી, સાહેબ." જિન્કસે જવાબ આપ્યો.

"મેં આજ સવારથી મોંમાં એક ટીપું પણ નાખ્યું નથી," પેલો પોલીસવાળો ગણગણ્યો.

"તું મારી સમક્ષ જૂઠું બોલવાની હિંમત કરે છે, એમ? જુઓ મિ૦ જિન્કસ, તમે જ ખાતરી કરી લો કે, અત્યારે એ પીધેલો છે કે નહિ?"

"બેશક પીધેલો છે, સરકાર."

"તો બસ અદાલતના તિરસ્કાર બાબત હું તેના ઉપર કામ ચલાવવા માગું છું, તરત દાવો ઘડી કાઢો."

મિ૦ જિન્કસે હવે મૅજિસ્ટ્રેટના કાનમાં થોડી ગુસપુસ કરી લીધી. તેને કાયદાનો અનુભવ હતો. તેણે જણાવ્યું કે, એવો ગુનો દાખલ થઈ શકે નહિ; માટે તેને ઠપકો આપી જતો કરવો. એટલે મિ૦ નપ્કિન્સે પ્રગટ રીતે તેના કુટુંબનો ખ્યાલ રાખવાનું કારણ જણાવી પાએક કલાક સુધી ઠપકો આપી તેને જતો કર્યો. ગ્રમર, ડુબ્લી, મઝલ,

અને બીજા પોલીસના માણસો મિ૦ નપ્કિન્સના દિલની ઉદારતા અને ક્ષમાભાવથી એકદમ ગળગળા થઈ ગયા.

પછી ગ્રમરના સોગંદ લેવરાવી, તેનું સ્ટેટમેંટ લેવામાં આવ્યું. પણ ગ્રમર મુદ્દા ઉપર આવવાને બદલે આલતુફાલતુ વાતો કરવા લાગ્યો, અને મિ૦ નપ્કિન્સને ભોજન માટે ઊઠવાની ઉતાવળ હતી; એટલે તેમણે પ્રશ્નો પૂછી પૂછીને, ગ્રમર પાસે હુકારમાં જવાબ લઈને જ એનું સ્ટેટમેન્ટ પૂરું કર્યું. એની સાથે સાથે જ સૅમ સામે બે વખત હુમલા કર્યાનો ગુનો, મિ૦ વિંકલ સામે ધમકીનો ગુનો, અને મિ૦ સ્નોડગ્રાસ સામે ધક્કાધક્કી કર્યાનો ગુનો પણ દાખલ કરી દેવામાં આવ્યા.

હવે મિ૦ નપ્કિન્સ પોતાનો ચુકાદો સંભળાવવા સંબોધન કરવા જતા હતા, તેવામાં મિ૦ પિકવિકે સજ્જ કરતા પહેલાં પોતાને કહેવાની વાત સંભળાવવાના પોતાના અધિકારનો મુદ્દો ઊભો કર્યો.

"ચૂપ રહો," મૅજિસ્ટ્રેટે તાકીદ આપી.

"મારે આપના હુકમને તાબે થવું જ રહ્યું, સાહેબ, પણ—"

"તમારી જીભ બંધ કરો છો કે, નહિ? નહિ તો મારે તમને અહીંથી બળજબરીથી ખસેડવાનો હુકમ આપવો પડશે."

"આપ આપના અફસરોને ગમે તે હુકમ કરી શકો છો; અને અત્યાર સુધી ચાલેલી કારવાઈથી, એ લોકો આપના હુકમનું કેવી દીનતાથી પાલન કરે છે, તેનો નમૂનો મને જોવા મળી ગયો છે, સાહેબ; પણ સાહેબ, આપ મને અહીંથી બળજબરીપૂર્વક નહિ ખસેડાવો, ત્યાં સુધી હું મારી વાત તમને સંભળાવવાના મારા અધિકારનો દાવો કર્યા જ કરીશ."

"પિકવિક અને સિદ્ધાંત ઝીંદાબાદ!" સૅમે પોકાર કર્યો.

"સૅમ, તું ચૂપ રહે." મિ૦ પિકવિકે કહ્યું.

"કાણું પડેલા ઢોલ જેવો એકદમ ચૂપ થઈ જાઉં છું, સાહેબ."

મિ૦ નપ્કિન્સ પોતાની સામે થવાની મિ૦ પિકવિકની હિંમતનો એટલો જ કપરો જવાબ વાળવાના હતા, પણ મિ૦ જિન્કસે તેમના

કાનમાં કંઈક કહ્યું તેનો મૅજિસ્ટ્રેટે કંઈક વિરોધી જવાબ આપ્યો, પણ મિ૰ જિન્કસ નમ્રતાથી છતાં અડગતાથી પોતાની વાતને વળગી રહ્યા, એટલે છેવટે મૅજિસ્ટ્રેટે કડવો ઘૂંટડો ગળી જઈ, મિ૰ પિકવિક તરફ ફરીને તીખાશથી પૂછ્યું, "તમે શું કહેવા માગો છો?"

"પ્રથમ તો હું એ જાણવા માગું છું કે, મને અને મારા મિત્રને અહીં શા માટે લાવવામાં આવ્યા છે?"

"મારે કહેવું પડશે?" મૅજિસ્ટ્રેટે જિન્કસને પૂછ્યું.

જિન્કસે હા પાડતાં મૅજિસ્ટ્રેટે કહ્યું, "મારી આગળ સોગંદપૂર્વક નિવેદન કરવામાં આવ્યું છે કે, તમે દ્વંદ્વયુદ્ધ રમવાની તૈયારીમાં હતા, અને મિ૰ ટપમન તેમાં તમારા સાગરીત છે. તેથી હું તમને — મિ૰ જિન્કસ, આગળ શું કહેવાનું છે?"

"સારી ચાલચલગતના અને શાંતિ જાળવવા માટેના જામીન આપવાનું, સાહેબ." જિન્કસ ગણગણ્યો.

"હા, હું તમને જામીન જ આપવાનું જણાવવા ગયો હતો તેવામાં મારો આ કારકુન વચ્ચે બોલી પડ્યો — હા, તો જામીન આપો."

"દરેકના પચાસ પાઉંડ જેટલા, શહેરના, ઘરબારી, સારા માણસોના જામીન —" જિન્કસે ઉમેર્યું.

"મારે પચાસ પચાસ પાઉંડના બે ઘરબારી જાણીતા માણસોના જામીન જોઈશે." મિ૰ નપ્પિકન્સે પૂરું કર્યું.

"પણ ભલા ભગવાન, આ શહેરમાં તો અમે છેક અજાણ્યા છીએ; એટલે અહીંના કોઈ ઘરબારીને હું જરા પણ ઓળખતો નથી, અને દ્વંદ્વયુદ્ધ ખેલવાનો પણ મારો ઇરાદો હતો એ પણ હું કબૂલ કરતો નથી." મિ૰ પિકવિકે જણાવ્યું.

"ઇરાદો નથી, એમ કહીને તમે છટકવા માગો છો કેમ? એ કંઈ ચાલવાનું નથી; ખરું ને મિ૰ જિન્કસ.?"

"હા, સાહેબ; ન જ ચાલી શકે."

મિ૦ પિકવિક કંઈક ગરમાગરમ જવાબ આપવા જ જતા હતા, એવામાં સૅમે તેમની બાંય ખેંચીને તેમને કાનમાં એવું કંઈક કહ્યું, જેથી મિ૦ પિકવિક રસપૂર્વક તેને વધુ પ્રશ્ન પૂછવા લાગ્યા. દરમ્યાન મિ૦ નપ્કિન્સે, 'તમારે બીજું કશું કહેવાનું છે?' એમ સવાલ પૂછી લઈ, જવાબ ન મળતાં, તરત પોતાનો બાકીનો ફૅસલો સંભળાવવો શરૂ કર્યો.

સૅમનો બે પાઉંડ દંડ પહેલા હુમલા માટે, અને બીજા હુમલા માટે ત્રણ પાઉંડ; વિંકલનો બે પાઉંડ દંડ, અને સ્નોડગ્રાસનો એક પાઉંડ. તેમ જ નામદાર સરકારની પ્રત્યે શાંતિ જાળવવાની જ્ઞત-કબૂલાત ઉપરાંતમાં આપવાની. ડૅનિમલ ગ્રમર પ્રત્યે પણ, ઇપ્સવીચના વસવાટ દરમ્યાન, જરા પણ ધાકધમકી કે મારપીટ નહિ કરવાની કે કરાવવાની.

મૅજિસ્ટ્રેટ ફૅસલો સંભળાવી રહ્યા, એટલે મિ૦ પિકવિકે તેમના ખેલદિલીભર્યા હાસ્ય સાથે મિ૦ નપ્કિન્સને, તેમને માટે અગત્યની, એક વાત સાંભળવા પોતાને ખાનગીમાં બોલવા દેવાની પરવાનગી માગી.

કોઈ ગુનેગાર આવી વિનંતી કરે, એ તો અસામાન્ય બાબત ગણાય. એટલે મિ૦ નપ્કિન્સે તરત જ કરડાકીથી પૂછ્યું, "ખાનગી મુલાકાત માગો છો, એમ?"

"ખાનગી જ મુલાકાત જોઈશે, સાહેબ; જો કે, એ માહિતી મારા નોકર મારફત મને અમ્પઘડી જ મળી હોઈ, તેને હાજર રાખવો પડશે."

મૅજિસ્ટ્રેટે મિ૦ જિન્કસ સામે પ્રશ્નાર્થ નજરે જોયું; મિ૦ જિન્કસને પોતાને કંઈ સમજ ન પડવાથી તેમણે મિ૦ નપ્કિન્સ સામે જોયું; અફસરો એકબીજા સામે નવાઈ પામી જોવા લાગ્યા. અને મિ૦ નપ્કિન્સને તરત સિઝર અને પર્સિવલનાં ખૂન થયાની વાત યાદ આવતાં તે તરત ફીકા પડી ગયા — તેમને ખાતરી થઈ ગઈ કે, તેમનું ખૂન થવાનું કોઈ કાવતરું પેલા નોકરની જાણમાં આવી જતાં, તેણે તેના માલિકને એ વાત કરી છે, અને એ વાત જ મિ૦ પિકવિક પોતાને ખાનગીમાં જણાવવા માગે છે.

"મિ૦ જિન્કસ, ગુનેગારની આ અરજ વિષે તમારે શું કહેવાનું છે?" મૅજિસ્ટ્રેટે પૂછ્યું.

મિ૦ જિન્કસને પોતાને શું કહેવાનું હોઈ શકે તે ન સમજાતાં, તે કેવળ પોતાના માલિકને ખોટું ન લાગે એ અર્થમાં, કશો અર્થ ન થાય તેવું કે અનેક વિરોધી અર્થ થાય તેવું હાસ્ય હસ્યા, અને સમજદારની પેઠે પોતાનું ડોકું આમથી તેમ હલાવવા લાગ્યા.

"મિ૦ જિન્કસ, તમે એક નંબરના ગધેડા છો," મૅજિસ્ટ્રેટે ગંભીરતાપૂર્વક કહ્યું.

મિ૦ જિન્કસે એ વિશેષણ નમ્રતાથી તથા વધુ ફીકું હાસ્ય હસીને સ્વીકારી લીધું.

મિ૦ નપ્કિન્સે હવે પોતાના મન સાથે જ થોડોક વિચાર કરી લઈ, મિ૦ પિકવિકને તથા સૅમને બાજુની એક નાની ઓરડીમાં પોતાની પાછળ આવવા કહ્યું. મિ૦ પિકવિક તથા સૅમને ઓરડીને સામે છેડે ઊભા રાખી મિ૦ નપ્કિન્સ ઉઘાડા બારણા આગળ જ ઊભા રહ્યા, જેથી પેલાઓ કંઈ હુમલો કરવાની વૃત્તિ દાખવે તો તરત પોતે નાસી જઈ શકે.

મિ૦ પિકવિકે, તેની ભયગ્રસ્ત મનોદશા જોઈ-વિચારી, તરત જ ટૂંકમાં મુદ્દાસર જણાવ્યું, "સાહેબ, મને એવું માનવાને કારણ છે કે, આપના ઘરમાં આપ એક ફરેબી બદમાશને આશરો આપી રહ્યા છો."

"એક નહિ, પણ બે જણાને; બીજો માણસ મલબેરી રંગના પોશાકમાં જંગમ વૉટર-વર્ક્સ છે." સૅમ બોલી ઊઠ્યો.

મિ૦ પિકવિકે સૅમને વચ્ચે બોલી, ગૂંચવણ ઊભી ન કરવા તાકીદ આપી. અને પછી આગળ કહેવા માંડ્યું, "ટૂંકમાં કહું તો, મારા આ નોકરને શંકા છે કે, ફિટ્ઝ-માર્શલ નામનો તથા પોતાને કૅપ્ટન તરીકે ઓળખાવતો એક બહુરૂપિયો બદમાશ આપના ઘરમાં આવે જાય છે. અને હું આપને ખાતરી કરાવવા માગું છું કે, એ માણસ —"

"એ માણસ શું છે?" નપ્કિન્સ હવે બારણું બંધ કરતાં કરતાં ધીમેથી બોલ્યા.

"સિદ્ધાંત વગરનો, રખડતો બહુરૂપિયો બદમાશ છે. તે એ રીતે લોકોને ઠગીને ભેળવીને જ ગુજરાન ચલાવે છે. એનો શિકાર બનનારા આબરૂનું અને મિલકતનું બેવડું નુકસાન ઉઠાવે છે. હું એ બદમાશને તેનાં એક-બે કારસ્તાન અંગે ઉઘાડો પાડવા જ તેની પાછળ પાછળ અહીં દોડી આવ્યો છું."

"શું, મિ૦ પિકવિક, તમે કૅપ્ટન ફિટ્ઝ-માર્શલને—"

"સાહેબ, એ ગઠિયો કૅપ્ટન પણ નથી કે ફિટ્ઝ પણ નથી કે માર્શલ પણ નથી. એ તો એક જંગમ બહુરૂપિયો નટ છે અને તેનું નામ જિંગલ છે. અને કોઈ વરુ જેને મલબેરી રંગની વર્દી પહેરીને ફરતું હોય, તો તે તેનો નોકર કે જોડીદાર જૉબ ટ્રોટર પોતે છે."

ત્યાર પછી તો મિ૦ નપ્કિન્સ પોતે જ એ માણસ વિષે વધુ સાંભળવાના વલણમાં આવી ગયા; એટલે મિ૦ પિકવિકે જિંગલ સાથે પોતાનો ભેટો કેવી રીતે થયો, અને તેણે મિસ વૉર્ડલને ફસાવવા-ભગાડવાનો કેવો પ્રયત્ન કર્યો હતો, તેની બધી વાત કરી. પછી પોતે તેનો પીછો પકડ્યો, ત્યારે એક બોર્ડિંગ સ્કૂલની છાત્રાને બચાવવાનું જૂઠાણું ઊભું કરી તેના નોકરે કેવી રીતે તેમને ફસાવ્યા, એ વાત પણ કરી.

મિ૦ નપ્કિન્સે હવે બધું સમજી લઈ, મિ૦ પિકવિકને વિશ્વાસમાં લેતાં જણાવ્યું કે, "ઇપ્સવીચમાં તો જુવાન દીકરીઓનાં માબાપો વચ્ચે એ બદમાશને પોતાનો જમાઈ કરવાની બાબતમાં હરીફાઈ જ ચાલી રહી છે! મારાં પોતાનાં પત્ની તથા સુપુત્રી એ બદમાશને કંઈક પોતા તરફ વધુ વાળી શકયાં હોવાથી આખા શહેરમાં ઊંચું માથું કરીને ચાલે છે, અને તે બાબતનો ગર્વ અનુભવે છે. એ બદમાશ આમ ઉઘાડો પડતાં, પેલાં બધાં હવે અમારી કેવી ઠેકડી ઉરાડશે!"

પણ મિ૦ નપ્કિન્સે છેવટે ઉમેર્યું કે, "કૅપ્ટન ફિટ્ઝ-માર્શલ જેવા માણસને ઘણા શત્રુઓ હોવાનો સંભવ છે, એટલે તમે જે વાત કરી તેની વધુ નક્કર સાબિતી તમારે મને આપવી જોઈએ."

મિ૦ પિકવિકે જણાવ્યું, "તમે એ માણસને મારી સામે ઊભો કરો, એટલું જ બસ થશે."

"તો તો આજે રાતે જ તે અમારે ત્યાં આવવાના છે; પણ એ બધી બાબતને ભહુ ભવાડો ન થાય તે રીતે પતવવી જોઈશે, અને હું મારાં પત્નીની એ બાબતમાં સલાહ લેવા વિચારું છું. પરંતુ પહેલાં આપણે આ ફરિયાદનું કામકાજ પતવી દઈએ; માટે મહેરબાની કરી તમે બહારના ઓરડામાં આવો."

મૅજિસ્ટ્રેટે બહાર આવી સીધો ગ્રમરને ધમકાવવા માંડ્યો — "ગ્રમર!"

"જી, સ્રકાર."

"જો, તારી અને તારાં માણસોની રીતભાત વિષે મારે ઘણું ઘણું કહેવાનું છે, પણ તેનું તો પછી થઈ રહેશે. પ્રથમ તો તેં આપેલું સ્ટેટમેન્ટ તું બરાબર ફરીથી કહી જા જોઉં; જો એક શબ્દનો પણ ફરક પડ્યો, તો બનાવટ કરવાનો ગુનો લાગુ કરી તને સીધો જેલમાં જ ધકેલી દઈશ. આ તો કાયદાનું કામ છે, અને તેમાં કાળજી-પૂર્વક બધું બોલવું કે લખાવવું જોઈએ."

બસ, આટલી પ્રસ્તાવના થઈ, તેની સાથે ગ્રમરે પોતાની ફરિયાદ વિષે બે કે ત્રણ વાર જે સ્ટેટમેન્ટ ફરી બોલી બતાવ્યું, તેમાં કેટલાય શબ્દોનો અને વિગતોનો તફાવત આવ્યો. મિ૦ નપ્કિન્સે તરત જાહેર કર્યું કે, આવાં જૂઠાં સ્ટેટમેન્ટો ઉપર આધાર રાખી ગુના દાખલ કરી શકાય નહિ. એટલે કરવામાં આવેલા દંડ તરત રદ કરી દેવામાં આવ્યા. અને મિ૦ જિન્ક્સે તરત જ જોઈતા જામીન ત્યાં ને ત્યાં લખી નાખ્યા, અને આખી ફરિયાદની આ રીતે સંતોષકારક અને વિધિસર પતાવટ કરી દેવામાં આવી.

ગ્રમર બિચારો અપમાનિત થઈ ઓરડા બહાર નીકળ્યો. થોડા જ વખત પહેલાં શહેરની શેરીઓમાં થઈ, માથું ટટાર રાખીને તે આવ્યો હતો.

## ૨૭

# પ્રેમ-બાણ વાગ્યાં હોય તે જાણે

મિસિસ નપ્કિન્સ અને મિસ નપ્કિન્સને જ્યારે મિ૦ નપ્કિન્સે મિ૦ પિકવિક તરફથી કૅપ્ટન ફિટ્ઝ-માર્શલ અંગે મળેલી માહિતી જણાવી, ત્યારે તે બેની સ્થિતિ જોવા જેવી થઈ ગઈ. પણ તરત જ તે બંનેએ આખા દોષનો ટોપલો મિ૦ નપ્કિન્સને માથે જ ઓઢાડ્યો. મિસિસે જણાવ્યું કે, "મને પહેલેથી જ એ માણસ વિષે શંકા હતી; પણ આ માટીડાઓ મૂઆ એવા બબૂચક હોય છે કે, ઝટ દઈને ગમે એવા ભામટાઓને ઘરની વચ્ચે ખેંચી લાવે છે, અને બૈરીની સલાહ તો કોઈ દિવસ લેતા જ નથી!"

જો કે, સાચી વાત તો એ હતી કે, મિસિસે જ હરીફો પાસેથી કૅપ્ટન ફિટ્ઝ-માર્શલને પોતાની સુપુત્રી માટે ખેંચી લાવવામાં પોતાના પતિને 'નમાલા છો,' 'સૂકું પાન પણ ભાગી શકતા નથી,' વગેરે ટાણાં મારીને મદદે લીધા હતા.

મિસ નપ્કિન્સ તો તરત પોતાની આંખોમાં આંસુ ભરવા લાગી ગઈ.

મિસિસે તરત પોતાની પુત્રીની દયા ખાઈને તેને કહ્યું, "હું તો તારા આ નઠોર પપ્પાને વારંવાર કહેતી હતી કે, એ માણસનું કુળ-ખાનદાન તો જાણી લો. તારા પપ્પા જેવા હોદ્દા ઉપર બેઠેલા માણસને એ બધી માહિતી મેળવતાં શી વાર લાગે? પણ તારા પપ્પા જેનું નામ, તે એમને ઘરની કોઈ બાબત વિષે જરાય ખ્યાલ હોય ત્યારે ને? એ તો હું ન હોત તો આ ઘરનું શું થઈ બેઠું હોત," ઇ૦, ઇ૦.

બિચારા મિ૦ નપ્કિન્સ જવાબમાં બોલવા ગયા કે, "ખરી રીતે તમે લોકો તે માણસને બોલાવી લાવ્યાં હતાં, એટલું જ નહિ પણ, પોતાના ઓળખીતા તરીકે બીજા આગળ રજૂ કર્યા કરતાં હતાં." પણ એટલામાં તો મિસિસે સંભળાવી દીધું, "જો દીકરી, હું કહેતી જ હતી ને, કે કશુંક ખરાબ થાય એટલે તારા પપ્પા દોષનો બધો ટોપલો છેવટે મારે માથે જ ઢાંકવા જશે? છે તારા પપ્પાને જરાય શરમ કે લાજ? પણ હવે તો મિસિસ પોર્કનહામને હું મોં કેવી રીતે બતાવીશ, તેની જ મને ચિંતા થાય છે."

મિસ નપ્કિન્સ પણ કેટલીય સખીઓ આગળ તથા છોકરીઓની આગળ પોતાના થનારા ફજેતાની વાત કલ્પનામાં લાવી ડૂસકાં ભરવા લાગી.

પણ છેવટે મિસિસે જ યોજના ઘડી કાઢી: પેલો બહુરૂપિયો જિંગલ આવે ત્યાં સુધી મિ૦ પિકવિકને અને એમના મિત્રોને રોકી રાખવા. પછી તેમની કહેલી વાત સાચી નીકળે, તો જિંગલને ધમકી આપીને, પણ બહુ જાહેરાત કર્યા વિના, ઘર બહાર કાઢી મૂકવો. અને પછી તે ક્યાં ગયા એમ કોઈ પૂછે તો એમ કહેવું કે, તેમનાં રાજદ્વારી ઓળખાણોને કારણે તેમને સાયેરા લિયોન*ના ગવર્નર-જનરલ નીમવામાં આવ્યા હોવાથી, તે એકદમ ઊપડી ગયા છે.

પછી મિ૦ પિકવિક વગેરેને જમવા બેસાડવામાં આવ્યા. સૌમ ઉપર ખુશ થઈને મિ૦ નપ્કિન્સે તેને નીચે લઈ જઈ સારી પેઠે જમાડવાનું કામ મઝલને સોંપ્યું.

મઝલ તરત સૌમને રસોડામાં લઈ ગયો. ત્યાં કામ કરતી કૂટડી નોકરડી મૅરી પ્રત્યે, સૌમ, આ મકાનના પોતે પહેલાં કરેલા બહારના નિરીક્ષણના સમયથી જ, બહુ આકર્ષાયો હતો.

મઝલે જઈ મૅરીને કહ્યું, "જુઓ આ મિ૦ વેલર છે; સાહેબે ઉપરથી ખાસ કહેવરાવ્યું છે કે, તેમને બરાબર જમાડવાના છે."

* પશ્ચિમ આફ્રિકામાં આટલાંટિક-કિનારે આવેલું એક નૂનું બ્રિટિશ સંસ્થાન.

"તમારા સાહેબ બહુ સમજણા માણસ છે, અને તેમણે યોગ્ય જગાએ જ મને મોકલી આપ્યો છે. હું પોતે જ આ ઘરનો માલિક હોત, તો હું પણ એમ જ કહેત કે જ્યાં મેરી છે, ત્યાં સંતોષ – આનંદ – તૃપ્તિ – બધું છે."

"વાહ, ખુશામત કરતાં ઘણી આવડે છે, કંઈ!" મેરી શરમાતાં બોલી.

પછી મઝલે રસોઇયણ બાઈ સાથે સૅમની ઓળખાણ કરાવી.

"કેમ છો, મૅડમ," મિ૰ વેલર વદ્યા; "તમને મળીને ઘણો આનંદ થયો; અને ખરેખર આપણું ઓળખાણ ઘણું લાંબું નીવડશે, એવી મને ખાતરી છે — પેલા સદ્‌ગૃહસ્થે પાંચ પાઉંડ-નોટને કહ્યું હતું તે ભાષામાં કહીએ તો."

પણ પછી તો ભોજન અર્ધું પૂરું થયું ત્યાર પહેલાં તો આ બધાંઓ વચ્ચે સંપૂર્ણ મિત્રતા જામી ગઈ. સૅમે જૅબ ટ્રૉટર વિષેની બધી માહિતી તે બધાંને આપી દીધી, તથા તેમની પાસેથી તેને વિષેની તથા તેના માલિક વિષેની બધી જોઈતી માહિતી મેળવી લીધી.

"મને તો એ જૅબડો દેખ્યો નહોતો ગમતો," મેરી બોલી.

"તમને ન જ ગમે વળી," સૅમે જણાવ્યું.

"શાથી મને ન ગમે?"

"કારણ કે કદરૂપાપણું અને ફરેબબાજી એ બે વાનાં સુઘડતા અને સુશીલતાની સામે ઊભી જ શી રીતે શકે?"

મેરી શરમાયા છતાં હસ્યા વિના ન રહી શકી; અને છણકો કરતી બોલી, "લો, મારી પાસે બીજો ગ્લાસ પણ નથી."

"શો વાંધો છે? તમે મારા ટંબલરમાંથી જ પીવા માંડો. પછી એ જગાને મારા હોઠ લગાડીને હું તમને ચુંબન કર્યાનો અવેજી આનંદ લઈ શકીશ."

"જાઓ, જાઓ શરમાઓ વળી, મિ૰ વેલર!" મેરી બોલી.

"શી બાબતનું શરમાવું વળી? એ તો કુદરતનો કાયદો છે, પ્રાણી-સ્વભાવ છે, — પ્રોફેસર લોકો છોકરાઓને શિખડાવતાં કહે છે તે પ્રમાણે."

તરત જ રસોઇયણ હસવા મંડી; અને પછી તો મેરીનું હસવું એકદમ છૂટી ગયું — તેના મોંમાં ભરેલો કોળિયો અંતરાશ ચાલ્યો ગયો, અને તે ફંફાઈ મરવા જેવી થઈ ગઈ. સેંમને ઊઠીને તેનો બરડો થાબડવો પડ્યો તથા બીજી પણ સારવાર કરવી પડી, ત્યારે તે ઠેકાણે આવી; પણ તે જ ઘડીએ રસોડાના પાછલા બારણે ઘંટ વાગ્યો. એક જુવાનિયો નોકર જે પરચૂરણ કામકાજ કરતો હતો, તેણે ઊઠીને બારણું ઉઘાડ્યું. મિ૦ જોબ ટ્રોટર અંદર પધાર્યા.

તે અંદર તો બહુ ખુશીથી આવ્યા હતા, પણ અંદર સેંમને જોતાં જ તેમના પગ લાકડું થઈ ગયા.

"લો આ પધાર્યા; અલ્યા ભાઈ, અમે તારી જ વાત કરતા હતા અને તું હાજર!" સેંમે તેને આવકારતાં કહ્યું. પછી તો સેંમે ઊઠીને તેને કૉલરેથી પકડી અંદર ખેંચ્યો, અને રસોડાના બારણે તાળું મારી તેની ચાવી મઝલને આપી દીધી.

"વાહ કેવો મેળ છે — કેવો સુયોગ છે, કહોને! — દેડકાએ બગાસું ખાવા મોં ફાડ્યું, ને અંદર માખી આવી જતાં કહ્યું હતું, તે ભાષામાં કહીએ તો. કારણ કે મારા માલિક, તારા માલિકને ઉપર ભેટશે, અને હું અહીં નીચે તને ભેટીશ. કેમ હવે, તારું કેમ ચાલે છે, દોસ્ત! તું કેવો ખુશમિજાજ દેખાય છે! તને જોવો એ પણ માલપાણી ઉડાવવા જેવું જ મજાનું લાગે છે, ખરું ને મિ૦ મઝલ?"

"તદ્દન મજાનું," મિ૦ મઝલ બોલ્યા.

"જુઓ તો કેવો આનંદી સ્વભાવનો છે? મને મળ્યો ત્યારે કહેતો હતો કે, આ ઘરની કૂટડી રસોયણ સાથે પરણી જઈ, એ તો દીપદાનીઓની દુકાન શરૂ કરવાનો છે. તો ભાઈ એ તારી દુકાનનું કચાં સુધી આવ્યું?" સેંમે પૂછ્યું.

ટ્રોટર વારાફરતી બધાં તરફ જોઈ રહ્યો, કશું બોલ્યો નહીં.

પણ મિ૦ મઝલ હવે બોલ્યા વિના રહી ન શકચા. તેમણે ગુસ્સામાં આવી જઈને કહ્યું, "જો ભાઈ, આ રસોયણ બાનુ મારી

સાથે પ્રેમમાં છે. એટલે તેં એને વિષે મનફાવતો ઉલ્લેખ કરીને મને મારા નાજુકમાં નાજુક ભાગમાં ઘા કર્યો છે. એટલે હવે તું બાજુએ આવીશ ? હમણાં તારા શેઠ તને બોલાવે એવો સંભવ નથી; એટલે મને લાગેલા અપમાનનો જવાબ હું માગું છું; આ મિ૰ વેલર આપણા બંને વચ્ચે કશી ગેરવર્તણૂક ન આવી જાય તે જોશે."

પણ આ વાતને આમ મારામારીના પડકાર ઉપર આવી જતી જોઈને રસોઇયણ બાઈ તરત જોબ ટ્રૉટર ઉપર લપકી, અને તેના મોં ઉપર લવૂરિયાં અને નહોરિયાં ભરી પછી તેના વાળનાં લટિયાંમાંથી મૂઠા ભરીને ઠીક ઠીક ભાગ ખેંચી લીધો. મિ૰ મઝલ પ્રત્યેની પોતાની આંતરિક લાગણી આ રીતે વ્યક્ત કરી, તે બિચારી હાંફવા લાગી અને છેવટે પોતાની નાજુકતાને કારણે તરત બેહોશ થઈ ગઈ.

તે જ ઘડીએ ઘંટ વાગ્યો.

"અલ્યા તને ઉપર બોલાવે છે," એમ કહી સૅમે ટ્રૉટરનો એક હાથ પકડ્યો. અને મઝલે બીજો. બંને જણા એમ તેને ખેંચતા ધકેલતા ઉપર લઈ ચાલ્યા.

ઉપર જુદો જ દેખાવ હતો; સૌ કોઈ આંખો વડે જિંગલને વીંધી નાખતા ઊભા હતા, અને જિંગલ એ સૌની સામે બેફિકરાઈથી હસતો બારણા પાસે ઊભો હતો.

મિ૰ નપ્કિન્સ ત્રાડતા હતા, "તમો બંનેને ફરેબબાજ ઠગો તરીકે જેલમાં ધકેલતાં કેવળ મારી દયાવૃત્તિ જ – મૂર્ખ દયાવૃત્તિ પણ કહેવાય – મને રોકી રહી છે."

"ના, ના; મૂર્ખ ઘમંડ – મૂર્ખ અભિમાન – વાહ પોતાની સુપુત્રી માટે એક કૅપ્ટન – બીજાઓના હાથમાંથી પડાવી લીધેલો – હા-હા-હા – એ વસ્તુ હવે જાહેર થાય – ફજેતો થાય – એટલે – ખૂબ."

"બદમાશ, તારા આ હલકટ જવાબો ઉપર અમે ધ્યાનત વરસાવીએ છીએ," મિસિસ બોલ્યાં.

"હું હંમેશ એ માણસને ધિક્કારતી આવી છું," મિસ વદ્યાં.

"હા, ખરી વાત – સુંદર જુવાનિયો – પેલો સિડની પોર્કનહામ જૂનો પ્રેમી – પણ કૅપ્ટન ફિટ્ઝ જેટલો તવંગર નહિ – પેલાને તરત ફગાવી દીધો – કૅપ્ટન જ જોઈએ – ગમે તે થાય – આખા ગામની છોકરીઓ – કૅપ્ટન પાછળ – બંદા પાછળ – ગાંડી – ખૂબ." આટલું બોલી જિંગલ જોબ સામું જોઈ, આંખ મીંચકારીને ખૂબ હસવા લાગ્યો.

મિસિસ હવે બોલ્યાં, "નોકરોને સાંભળવા જેવી આ બાબતો નથી; માટે આ બંને બદમાશોને હવે ઘરબહાર કાઢો."

"ખરી વાત છે; મઝલ?" મિ૦ નપ્કિન્સ બોલ્યા.

"જી, સરકાર."

"બારણું બોલી નાખો."

જિંગલ હસતો હસતો જવા લાગ્યો એટલે મિ૦ પિકવિકે તરત ગુસ્સાભર્યા શબ્દોથી તેને રોકચો, અને કહ્યું, "બદમાશ, હું તારા ઉપર વધુ આકરું વેર લઈ શકચો હોત; તારા આ દંભી મિત્ર ઉપર પણ."

જોબ ટ્રોટરે તે વખતે નમ્રતાથી નીચા નમી, પોતાના હૃદય ઉપર એક પંજો મૂકચો.

મિ૦ પિકવિક ગુસ્સે થઈ બોલવા લાગ્યા, "પણ હું અત્યારે તો તારાં કરતૂતો ઉઘાડાં પાડીને જ સંતોષ માનું છું, જેથી સમાજનાં ભલાંભોળાં માણસો તારી જાળમાં સપડાય નહિ. પણ આ બાબતથી ધડો લઈ તું જો સુધરવા પ્રયત્ન કરશે —"

આ વખતે જોબે જાણે મિ૦ પિકવિકના શિખામણના શબ્દો સાંભળવા રહી ન જાય તે માટે પોતાના કાન પાછળ પંજો મૂકી છાજલી કરી.

"હું તને કદી ન સુધરી શકે એવો બદમાશ જ માનું છું; મેં જોયેલા કે સાંભળેલા સૌ હરામજાદાઓમાં તારા જેવો કોઈ મેં જોયો કે સાંભળ્યો નથી."

"વાહ, વાહ; શાબાશ; પિકવિક, ભલા માણસ – બહુ ગુસ્સો ન કરો – નકામું મોં બગડે – પેટ બગડે – કપડાં બગડે — શાંત થાઓ,

શાંત – ખૂબ –" જિંગલ હસતો હસતો બોલતો ઓરડા બહાર જવા વળ્યો. જૉબ પણ મિ૦ પિકવિકને લળી લળીને ખૂબ નમ્રતા-પૂર્વક સલામ કરી પોતાના માલિકની પાછળ જવા લાગ્યો.

સૅમ એકદમ ગુસ્સે થઈ પેલાઓની પાછળ જવા વળ્યો કે તરત મિ૦ પિકવિકે તેને રોકચો.

"સાહેબ, મને બગીચા સુધી તો જવા દો; હું આ મકાનમાં કશું નહિ કરું."

પણ મિ૦ પિકવિકે તેની કશી વાત સાંભળી નહિ. પરંતુ મઝલ ઉસ્તાદ માણસ હતો. તે સૅમના મનની વાત સમજી ગયો હોય તેમ બારણા પાછળ એવી રીતે ઊભો રહ્યો કે, પેલા બે દાદર તરફ વળ્યા કે તરત બારણું બંધ કરવા જ નીકળ્યો હોય તેમ તેણે ઝપાટાબંધ બહાર નીકળી પેલાઓને એવો ધક્કો લગાવી દીધો કે બંને જણા એક ઉપર એક એમ ગબડતા ગબડતા છેક નીચલે પગથિયે પહોંચ્યા.

મિ૦ પિકવિકે હવે નપ્કિન્સ કુટુંબની ભાવભરી વિદાય લીધી, તથા તેમને ખાતરી આપી કે, આ બધી વાત તેમની પાસે ગુપ્ત જ રહેશે. પછી તેમણે સૅમને તેનો ટોપો પહેરી લેવા કહ્યું.

પણ સત્તાનાશ! ટોપો તો રસોડામાં જ રહી ગયો હતો. અને રસોડામાં પણ માત્ર મૅરી જ હતી. સૅમે રસોડાના સાંકડી જગામાં, ખૂણે ખાંચરે, ઉપર નીચે, બધે ટોપો શોધવા માંડ્યો, અને મૅરીએ તેને તે શોધવામાં સાથ આપવા માંડ્યો. અને સાંકડી જગામાં નીચાં નમી કે ઊંચાં થઈ બે જણ કશું ખોળતાં હોય, તો સહેજે તેઓ એક-બીજાને ટિચાય; અને તે વખતે પુરુષે નાજુક સ્ત્રીને વાગ્યું હોય તેની માફી માગવા કંઈ કંઈ રીતો અખત્યાર કરવી પડે.

પણ છેવટે ટોપો જડ્યો, અને સૅમ એ જડવા બદલ મૅરીનો આભાર માનવા ગયો તે વખતે જ એ ટોપો તેના હાથમાંથી જમીન ઉપર પડી ગયો.

મેરી તરત નીચી નમી અને ટોપો ઉપાડી સેમના માથા ઉપર મૂકતાં કહેવા લાગી, "કેવા બેદરકાર છો ? મને લાગે છે કે તમે આ ટોપો ફરી ખોઈ નાખવાના જ છો." .

તે ટોપો સેમને પહેરાવતી વખતે મેરીનું મોં સેમના મોંની છેક જ નજીક આવી ગયું હતું કે શું થયું, પણ સેમના હોઠ મેરીના હોઠ સાથે ટિચાયા.

"જાણીજોઈને આ નથી કર્યું એમ કહેવા માગો છો ?" મેરીએ ભવાં ચડાવી પૂછ્યું.

"ના, ના, મારો ખ્યાલ પણ નહોતો; પણ જાણીજોઈને કર્યું હોય તો કેવું થાય તેનો તને ખ્યાલ આપવા જ હવે મારે તને ફરી કરી બતાવવું પડશે," એમ કહી, સેમે હવે મેરીને રીતસરનું ચુંબન કર્યું.

મિ૦ પિકવિકે ફરીથી બૂમ પાડી, "સેમ ?"

"સાહેબ, બારણા પાછળ કશુંક એવું ભરાયું હતું કે બારણું ઊઘડતું જ નહોતું." સેમે બહાર જઈને ખુલાસો કર્યો.

## ૨૮

## મુકદ્દમો આગળ વધે છે

જિંગલને ઉગાડો પાડવાનું મુખ્ય કામ પતાવી મિ૦ પિકવિક સેમ સાથે મિસિસ બાર્ડેલે પોતાની ઉપર માંડેલા દાવાનું કામ કેવુંક આગળ વધ્યું છે તે જાણવા લંડન આવ્યા. બાકીના મિત્રો મિ૦ વૉર્ડલને ત્યાંના લગ્ન માટે ડિંગ્લી-ડેલ જવાની પૂર્વતૈયારી માટે પોત-પોતાને ઘેર વિદાય થયા.

મિ૦ પિકવિક લંડનમાં લૉમ્બાર્ડ સ્ટ્રીટમાં આવેલી 'જ્યૉર્જ ઍન્ડ વલ્ચર' હોટેલમાં ઊતર્યા. તેમણે ગૉસ્વેલ સ્ટ્રીટમાં મિસિસ બાર્ડેલને ત્યાંનું પોતાનું મકાન ખાલી કરી ભાડું ચૂકતે કરવા, મહિનાની

નોટિસના પૈસા અગાઉથી આપી દેવા, તથા બધો સરસામાન સંભાળ-પૂર્વક બાંધી-સમેટીને મિ૦ ટપમનને ત્યાં મોકલવાની વ્યવસ્થા કરવાની સૂચના સાથે સૅમને મિસિસ બાર્ડેલને ત્યાં કાગળો લખી આપીને મોકલ્યો.

પણ સૅમ બારણા બહાર નીકળ્યો નહિ હોય ને મિ૦ પિકવિકે તેને પાછો બોલાવ્યો અને કહ્યું, "તારાથી બને તો મિસિસ બાર્ડેલ તેણે મૂકેલા દાવાની બાબતમાં શું ધારે છે, તથા તેનું મારા પ્રત્યેનું વલણ કેવું છે, એ પણ જાણી લાવવાનો પ્રયત્ન કરીશ તો મને વાંધો નથી."

સૅમ ગૉસ્વેલ સ્ટ્રીટમાં પહોંચ્યો ત્યારે નવેક વાગ્યા હતા. બેએક મીણબત્તીના પ્રકાશમાં જુદી જુદી બાનુઓનાં માથાંના પડછાયા બારીના કાચ ઉપર પડેલા દેખાતા હતા.

બારણે ટકોરા મારતાં માસ્ટર બાર્ડેલે આવીને બારણું ઉઘાડ્યું. સૅમે તેને આંખ મીંચકારીને તથા 'શહેરી બુઆ' કહીને સંબોધ્યો તથા 'માતૃશ્રી'ની ખબર પૂછી, અને મમ્મી ઘણી સારી છે એવો જવાબ મળતાં, પોતે આવ્યો છે એવી ખબર આપવા સૅમે તેને જણાવ્યું.

મિસિસ બાર્ડેલ તેનું મન બહલાવવા આવેલી બે પડોશી મેળાપી બાઈઓ સાથે મોં તથા મન મોકળાં કરતી હતી: અર્થાત્ બાવાનું પાથરીને બેઠી હતી.

મિ૦ પિકવિકનો નોકર આવ્યો છે, એ જાણી પેલી પડોશી બાઈઓએ કલકલાટ કરી મૂક્યો અને જણાવ્યું કે, 'આવું તો આજે જ જાણ્યું,' 'નજરે જોયું ન હોય તો માનીએ પણ નહિ,' ઇ૦.

આ સંજોગોમાં કોઈ પણ કારવાઈ પોતાના વકીલ મારફત જ કરવી જોઈએ એની ખબર ન હોવાથી, ત્રણે બાનુઓએ આવો સંદેશો લાવવા માટે માસ્ટર બાર્ડેલ ઉપર પસ્તાળ પાડી. તેની માએ તો તેને ખાશો મઠાર્યો.

પેલો રડવા માંડ્યો એટલે મેળાપી બાઈઓએ, "આવો છોકરો તો કચાંય ન જોયો, બાઈ," "આનાથી નાના છોકરા હોય છે તોપણ

પોતાની માને કેવા ટેકારૂપ થઈ પડે છે, ત્યારે આ તો—" ઇ૦ બોલીને તે બિચારાને વધુ છોભીલો કરી નાખ્યો.

"તો આ માણસને મારે શો જવાબ વાળવો જોઈએ?" મિસિસ બાર્ડલે સખીઓને પૂછ્યું.

"તમારે તેને મળવું તો જોઈએ જ; પણ સાક્ષી રાખ્યા વિના નહિ," એક જણીએ સલાહ આપી.

"બે સાક્ષી વધુ કાયદેસર ગણાય," બીજીએ ઉમેર્યું.

એટલે મિ૦ વેલરને અંદર આવવાની રજા મળી.

"મૅડમ તમને કંઈક અંગત અગવડમાં મૂકવા જેવું મારાથી થયું હોય તો માફ કરજો;—ઘરફાડ ચોરે બુઢ્ઢી માલિકણને બાંધીને અંગીઠી ઉપર મૂકતાં કહ્યું હતું તે ભાષામાં કહું તો. પણ મારા માલિક અને હું હમણાં જ શહેરમાં આવ્યા છીએ અને તરત જ ચાલ્યા જવાના છીએ, એટલે છૂટકો જ નહોતો."

"ખરી વાત, નોકર બિચારો શું કરે, માલિક મોકલે તો!" એક પડોશણે કહ્યું.

"હાસ્તો," બીજીએ સૅમને જે વાળુ માટે બેસાડશે, તો ટેબલ ઉપરની ચીજોમાં તંગી પડશે કે નહિ, તેની મનમાં ગણતરી કરી લેતાં કહ્યું.

"એટલે હું અહીં આવ્યો છું; સદરહુ મુદ્દાઓસર નં. ૧ કહું તો મારા ગવર્નર વતી નોટિસ આપવા, નં. ૨ કહું તો ભાડું આપવા, નં. ૩ કહું તો અમારા કમરાનો સામાન હું બાંધી લઉં તે પછી જે કોઈ અમારી ચિઠ્ઠી લઈને આવે તેને સોંપી દેવાનું જણાવવા, અને નં. ૪ કહું તો એ બધું પતે પછી તમે જેને મરજી હોય તેને મકાન ભાડે આપી શકો છો એનો કરાર કરવા."

"ગમે તે કહીએ, પણ એક બાબત સિવાય મિ૦ પિકવિક હંમેશ સદ્‌ગૃહસ્થની જેમ જ વર્ત્યા છે, અને તેમના પૈસા એટલે જાણે બૅંકના પૈસા જેટલા જ સધ્ધર ગણાય." મિસિસ બાર્ડલે આંખો ઉપર રૂમાલ દાબતાં કહ્યું.

સૅમ સમજી ગયો કે પોતાને તો માત્ર ચૂપ જ રહેવાનું છે: આ બાઈઓ જ બધું તેમની મેળે બોલ્યા કરશે.

"બિચારી કેટલી દુઃખી થાય છે; આવીને દગો દેનારો તારો માલિક, ભાઈ, ખરેખર જાનવર હોવો જોઈએ; અને જો તે અહીં આવે તો એ શબ્દો તેને મોઢામોઢ હું સંભળાવવા તૈયાર છું." એક જણી બોલી.

"બિચારીનું આખું જીવન જ રંડાઈ ગયું; ખાવા-પીવા કશામાં બિચારીને આનંદ જ રહ્યો નથી. માત્ર પડોશી વગેરે મળવા આવે ત્યારે તેમને સારું લગાડવા બે કોળિયા મોંમાં મૂકે, એટલું જ." બીજીએ ઉમેર્યું.

"તારા માલિકને પણ શું કહેવું? એક પત્નીનું ખર્ચ તેમને કયાં જરાય અડે તેવું હતું? છતાં તે આમને કેમ પરણી ગયા નહિ? જવાબ તો આપ!" બીજીએ પૂછ્યું.

"એ જ મુદ્દાનો પ્રશ્ન છે," સૅમે સહેજ સંકોરણી કરી આપી.

"હા, હા, મુદ્દાનો પ્રશ્ન જ છે; અને મારા જેવી પૂછવા બેસે તો જવાબ આપતાં પણ તારા માલિકને ભારે પડી જાય. પણ અમે બાઈઓ માટે પણ કાયદો નામની ચીજ છે, હોં કે. પુરુષો કંઈ અમને મન ફાવે તેમ રખડતી ન મૂકી શકે. તારો માલિક પણ છ મહિના વધુ ઘરડો થશે તે પહેલાં તેને એ બાબતનો પાઠ બરાબર ભણાવી દઈશું, સમજ્યો?"

મિસિસ બાર્ડેલ પૈસાની પહોંચ લઈને પાછી આવી ત્યાં સુધીમાં સૅમને આ બાઈઓના બોલવા ઉપરથી ખાતરી થઈ ગઈ કે, દાવાનું કામકાજ ચાલુ જ છે.

મિસિસ બાર્ડેલે પછી સૅમને ઠંડક દૂર કરવા બે ટીપાં પીને જવા જણાવ્યું. સૅમને તો આ બાઈઓની વાતો વધારે સાંભળવી જ હતી; એટલે તે તરત જ કબૂલ થયો.

મિસિસ બાર્ડેલે પોતાને અને પડોશણો માટે પણ પ્યાલીઓ ભરી. એટલે એક જણીએ તરત 'પિકવિક વિ૰ બાર્ડેલ'ના દાવામાં જીતની શુભેચ્છા તરીકે એ પ્યાલીઓ પીવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"દાવામાં આગળ શું ચાલી રહ્યું છે, તેની તો તમને ખબર હશે, મિ૰ વેલર," મિસિસ બાર્ડેલે પૂછ્યું.

"કંઈક કંઈક સાંભળ્યું છે, એટલું જ," સૅમે જવાબ આપ્યો.

"અરે, જાહેર અદાલતમાં આમ રજૂ થવું એ બહુ મુશ્કેલ બાબત છે. પણ મારા વકીલો ડૉડસન અને ફૅોગ કહે છે કે, મારે રજૂ થવું જ પડશે, અને જે કંઈ પુરાવો રજૂ કરી શકાય તેમ છે, તેથી અવશ્ય અમારી જીત જ થશે, એમ પણ તેઓ ખાતરીથી કહે છે. અને મિ૰ વેલર, તમે જ કહો, હું એમ ન કરું તો બીજું શું કરું?"

"દાવો ચાલવા ઉપર કચારે આવશે?" સૅમે પૂછ્યું.

"ફેબ્રુઆરી કે માર્ચમાં," મિસિસ બાર્ડેલે કહ્યું.

"અરે જોજો ને કેટલા બધા સાક્ષીઓ હાજર થશે," એક પડોશણ બોલી.

"હા, હા, વળી બધા સાક્ષીઓ જરૂર આવશે." બીજીએ પાછળ ન પડવા ખાતર ઉમેર્યું.

"અને મિ૰ ડૉડસન અને ફૅોગે, આ દાવો જિતાય ત્યારે પૈસા લેવા—એ હિસાબે લીધો હોવાથી, તેઓ જીતવાની મહેનત કર્યા વિના બેઠા રહેવાના છે?" પહેલીએ આંખોમાં ખુમારી સાથે કહ્યું.

સૅમ ચમકયો; તે સમજી ગયો કે, આ દાવો ડૉડસન અને ફૅોગે 'જીતે તો પૈસા'—એ શરતે લીધો છે—અર્થાત્ તે કજિયાદલાલો જ આ દાવા પાછળ કારણભૂત છે.

તે તરત જ બોલી ઊઠ્યો, "પોતાના દલાલો મોકલી કજિયાઓ શોધી કાઢી દાવો લડનારા વકીલોને તેમનાં કામનો બદલો ન મળે તો બીજું શું થાય? તમને પણ બાનુ તમારા પક્ષમાં જેટલું સત છે તેનો

બદલો જરૂર મળશે–મારી એવી શુભેચ્છા છે," એટલું કહી સૅમે વિદાય લાગી.

સૅમે મિ૦ પિકવિકને બધી વાતથી માહિતગાર કર્યા. મિ૦ પિકવિકે તરત બીજે દિવસે પોતાના વકીલ મિ૦ પર્કરની મુલાકાત લીધી.

દાવો નીકળવાને હજુ બે–ત્રણ મહિનાની વાર હતી; એટલે તે પોતે હવે ડિંગ્લી-ડેલ જવાની તૈયારીમાં પડ્યા.

## ૨૯

## સૅમની અપર-મા

### ૧

મિ૦ પિકવિક અને તેમના મિત્રોએ ડિંગ્લી-ડેલ જવા ઊપડવાના નિશ્ચિત કરેલા સમયને બે દિવસની વાર હતી, તે દરમ્યાન સૅમને પોતાને ઘેર જઈ, પોતાની અપર-માને જોઈ આવવાનું મન થયું. અને એક વાર મન થયું એટલે તરત જ તેનું મન તેને ડંખવા લાગ્યું કે, આજ દિવસ લગી પોતાની એ ફરજમાંથી એ ચૂકચો શા કારણે.

મિ૦ પિકવિક પાસે રજા માગતાં તેમણે ઘણી ખુશીથી એ રજા આપી, અને પુત્ર તરીકેનાં પોતાનાં કર્તવ્યો પ્રત્યે તે આટલો સભાન છે, તે બદલ તેમણે આનંદ વ્યક્ત કર્યો.

"મને પહેલેથી જ મા-બાપ પ્રત્યેની ફરજોનું બહુ ઊંડું ભાન છે, સાહેબ," સૅમે જવાબમાં જણાવ્યું; "પહેલેથી, જ્યારે મારે કંઈ ચીજ જોઈતી હોય ત્યારે, હું હંમેશાં મારા બાપ પાસે આદરપૂર્વક તથા સહાનુભૂતિપૂર્વક એ ચીજ માગતો. અને જો તે એ ચીજ આપવાની ના પાડે, તો હું હંમેશાં મારી મેળે લઈ લેતો; જેથી એ ચીજ માટે બીજું કંઈ અપકૃત્ય હું ન કરી બેસું. એમ કરીને હું મારા બાપની ઘણી નાહકની ઊભી થતી ચિંતા ટાળતો, સાહેબ."

"હું કહું છું તેનો છેક એવો અર્થ નથી થતો, સૅમ!" મિ૰ પિકવિકે જરા હસીને જણાવ્યું.

"પણ એ બધું જ ઉમદા હેતુથી અને ભલી લાગણીથી જ હું કરતો; પેલા સદ્‌ગૃહસ્થે પોતાની પત્નીને પોતાની સાથે રહેતાં દુઃખ થાય છે એમ જોઈ, તેનાથી દૂર નાસી જતાં કહ્યું હતું, તેમ."

"માર્કિસ ઑફ ગ્રેન્બી" એ રસ્તા ઉપરનું અને મિસિસ વેલરની માલકીનું પીકું કહો તો પીકું, અને હોટેલ કહો તો હોટેલ — એમ બંને વાનાં ભેગાં હોય તેવું સ્થળ હતું. તે સગવડભર્યું હોવા જેટલું મોટું હતું, અને ચોખ્ખું – ટાપટીપભર્યું રાખી શકાય તેટલું નાનું પણ હતું.

સૅમે બારણું ઉઘાડ્યું કે તરત અંદરથી બાઈમાણસનો તીણો અવાજ આવ્યો, "કોણ છે? કોનું કામ છે, જુવાન?"

સૅમે નજર કરી, તો એ તીણો અવાજ ખાતી-પીતી સુખી અવસ્થાની બાઈના કંઠમાંથી નીકળ્યો હતો. તે બાઈ પોતાની સામે બેઠેલા લાલ નાકવાળા એક લંબૂશની સરભરામાં રોકાયેલી હતી. પેલું લાલ નાક પણ કંઈ તરત ઊઠવાનો ઇરાદો ન હોય તે રીતે ગોઠવાયેલું હતું; અને પેલી બાઈ જે કંઈ ખાદ્ય તૈયાર કરી કરીને આપે તે મોંમાં હોમ્યે જતું હતું.

"ગવર્નર અંદર છે?" સૅમે પૂછ્યું.

"ના, નથી; અને હાલ તુરત આવે એવો પણ સંભવ નથી." પેલી હૃષ્ટપુષ્ટ બાઈ એ, અર્થાત્ મિસિસ વેલરે, અર્થાત્ સૅમની અપર-માએ જવાબ આપ્યો.

"આજે તેમને કોઈ ગાડી લઈને જવાનો વારો હશે કદાચ?" સૅમે પૂછ્યું.

"હોય કે ન હોય; મારે શી પંચાત?" એવું છાંછિયું કરી બાઈ એ મિ૰ સ્ટિગિન્સને વધુ ખાવાનું બ્રહ્માર્પણ કરવા વિનંતી કરી.

પેલા લાલ નાકે તરત જ એ ખાદ્યને બ્રહ્માગ્નિમાં ઝપાટાબંધ હોમવા માંડ્યું.

સેંમે હવે સીધી વાત ઉપાડી, "નાની-મા, મને ઓળખ્યો?"

"કોણ, કોઈ વેલર-સંતાન તો નથી?" મિસિસ વેલરે સેંમ તરફ આંખો ઊંચી કરીને જરા ચીડિયા અવાજે પૂછ્યું.

"મને લાગે છે કે હું વેલરોનો વંશજ છું; અને આ મહાપુરુષ અહીં બેઠા છે, તેઓ જો અજુગતું ન માને, તો હું કહેવા માગું છું, નાની-મા, કે મને તમારા પુત્ર હોવા કરતાં તમારા પતિ હોવાનું વધુ મન થાય."

આ બે-ધારી પ્રશંસા હતી: એનો એક અર્થ એ થતો હતો કે, મિસિસ વેલર બહુ સુંદર – જુવાન – મનોહર બાઈ હતી; અને બીજો અર્થ એ કે મિ૰ સ્ટિગિન્સ ખરેખર ધર્માત્મા સંત પુરુષ જેવા લાગતા હતા. એની અસર તરત જ થઈ, અને સેંમે પોતે મેળવેલા ઉપર-હાથનો લાભ લઈ, તરત પોતાની અપર-માતાને ચુંબન કર્યું.

"જા, જા, અટકચાળો કહીંનો," મિસિસ વેલરે તેને દૂર ધકેલી મૂકતાં કહ્યું.

"શરમા, શરમા, જુવાનિયા," મિ૰ સ્ટિગિન્સ બોલ્યા.

"શાંતં પાપં, શાંતં પાપં; અપર-માતાઓ જ્યારે બહુ જુવાન અને દેખાવડી હોય, ત્યારે તેમને આમ ન કરવું જોઈએ, ખરુંને, મહારાજ!" સેંમે પૂછ્યું.

"એ બધી માયા છે," લાલ નાકે જણાવ્યું.

તે માણસને સેંમ આવ્યો એ પહેલેથી જ ગમ્યું જ ન હતું; મિસિસ વેલર પણ તે જલદી વિદાય થાય એવું જ ઇચ્છતાં હતાં એમ સ્પષ્ટ દેખાતું હતું. પરંતુ સેંમે એ બાબતમાં તેમને હરગિજ આભારી ન કરવાનો નિશ્ચય જ કર્યો હોય તેવો દેખાવ કર્યો, એટલે છેવટે તેને ચા પીવા બોલાવવો જ પડ્યો.

"બરાબર ગોઠવાયા બાદ સેંમે પૂછ્યું, "બાપુની શી ખબર છે?"

આ પ્રશ્નના જવાબમાં મિસિસ વેલરે બંને હાથ આકાશ તરફ ઊંચા કરી, માત્ર એટલું જ સૂચિત કર્યું કે એ માણસની વાત કાઢવી એ તેમને માટે કેવી દુઃખની — સંતાપની વાત છે.

મિ૦ સ્ટિગિન્સે પણ ગળામાંથી રૂંધામણનો અવાજ કાઢ્યો.

"આ સંતપુરુષને ગળામાં શું બાઝ્યું?" સૅમે પૂછ્યું.

"તારા બાપુ જે રીતે વર્તે છે, એ જોઈ તેમને અંતરમાં ઊંડું દુઃખ થાય છે, વળી." મિસિસે જવાબ આપ્યો.

મિ૦ સ્ટિગિન્સે ટોસ્ટનું મોટું બચકું ભરી, ફરી તેમના અંતરના ઊંડા દુઃખને વ્યક્ત કરતો ઊંહકાર કર્યો.

"એ માણસ હંમેશને માટે ઈશ્વરથી તજાઈ ગયો છે," મિસિસે જણાવ્યું.

"અરે, ભગવાનનો શાપ તેના ઉપર ઊતર્યો છે," મિ૦ સ્ટિગિન્સે ઉમેર્યું.

"પણ અત્યારે બાપુ શા નવા ચાળે ચડ્યા છે, તે તો કહો," સૅમે કહ્યું.

"વાહ, એમનું હૃદય પથ્થરનું બની ગયું છે. આ ભલા સંત પુરુષ રોજ રાતે તેમને ઉપદેશ આપવા આવે છે—અને કલાકો સુધી આવીને બેસે છે—પણ તારા બાપુ ઉપર કંઈ અસર જ થતી નથી."

"વિચિત્ર વાત કહેવાય; તેમની જગાએ હું હોઉં તો મને તો અસર થયા વિના ન જ રહે."

"વાત એમ છે કે, મારા જુવાન મિત્ર, તેમનું હૃદય તદ્દન ચબ્બડ બની ગયું છે. મારા ભલા મિત્ર, નહીં તો અમારી સોળ સોળ સુંદરમાં સુંદર બહેનોએ એટએટલી વિનંતી કર્યા છતાં, વેસ્ટ ઇંડિઝનાં નિગ્રો બાળકો માટે ફલાલીનનાં જાકીટો તથા ધાર્મિક હાથરૂમાલો માટેના ફાળામાં એમણે એક દોકડો પણ આપ્યો જ નહિ ને!"

"એ ઘરમના રૂમાલ વળી કેવા; ફર્નિચરની એ આઈટેમ મેં કદી મારી આંખોએ ભાળી નથી."

"પસંદ કરેલી ધર્મવાર્તામાં જેમ ચિત્રો ઉમેરીએ, તેમ મનોરંજન સાથે શિક્ષણ આપતા હાથ-રૂમાલો," મિ૦ સ્ટિગિન્સ બોલ્યા.

"રૂપાળી સ્ત્રીઓ સમજાવવા ગઈ, તો પણ મારા બાપુ ન માન્યા, હેં?" સૅમે પૂછ્યું.

"માત્ર બેઠા બેઠા ચુંગી ફૂંકચા કરી; અને ઉપરથી કહ્યું કે, એ નિગ્રો બાળકો તો 'હંબગ' છે," મિસિસ બોલ્યાં.

મિ૦ સ્ટિગિન્સે તે વખતે ગળામાંથી બેદસૂચક ઘણા ઊંહકારા કાઢ્યા. ખૂબ ખાન-પાન ચાલ્યા પછી, મિ૦ સ્ટિગિન્સને કંઈક અગત્યની મુલાકાત યાદ આવી, એટલે એ ત્યાંથી ઊઠીને સિધાવી ગયા. અને મિસિસ બધું સમેટવા લાગ્યાં.

૨

એટલામાં લંડનનો કોચ બારણા આગળ ઊભો રહ્યો, અને તેમાંથી મિ૦ વેલર નીચે ઊતર્યા. સૅમને જોતાં વેંત તે રાજી થઈને બોલી ઊઠ્યા, "વાહ, સૅમ તું અહીં ? તારી નાની-મા સાથે તારું અત્યાર સુધી ભલું ગોઠવાયું લાગે છે. અત્યાર સુધી તું આ ઘરમાં રહી જ શી રીતે શકચો, હેં ? મને તો એમ જ થાય છે કે, તું મને રસીદ લખી આપે તો એ બાઈ હું તને જ આપી દઉં."

"અરે, વડીલ, એ અંદર જ છે, સાંભળી જશે કચાંક."

"ચા-પાણી પછી એને નીચે જઈ કલાક-બે-કલાક ઘોરવાની ટેવ છે. એટલે આપણી કશી વાત તે સાંભળવાની નથી."

આટલું કહી ડોસા બે પ્યાલા અને બે ચૂંગીઓ ભરી લાવ્યા. પછી તેમણે નિરાંતે બેસી વાતો કરવા માંડી.

"અહીં બીજું કોઈ આવ્યું હતું ?" મિ૦ વેલર-સીનિયરે થોડી વારે પૂછ્યું.

જુનિયરે ડોકું હલાવી હા પાડી.

"લાલ નાક ?"

સૅમે હકારમાં માથું હલાવ્યું.

"બહુ મળતાવડો માણસ છે; હિસાબ-કિતાબ પણ બહુ સારા જાણે છે."

"એ વળી શું ?"

"જો, સોમવારે અઢાર પેન્સ ઉછીના લે; પછી મંગળવારે આવીને કહે કે, એક શિલિંગ આપો એટલે અર્ધો ક્રાઉન પૂરો થાય. પછી બુધવારે આવી બીજો અર્ધો ક્રાઉન માગે, જેથી પાંચ શિલિંગ પૂરા થાય. એમ તે ડબલ કરતો ચાલે અને પછી પાંચ પાઉંડની નોટનો હિસાબ કરી નાખે."

"પણ તમે એ લોકોના ફલાલીન જાકીટોના ફંડમાં પૈસા ન ભર્યા, ખરું?"

"ના જ ભરું ને; પરદેશનાં નિગ્ગર છોકરાંને ફલાલીનનાં જાકીટ આપવાનો શો અર્થ? અહીંના જ કેટલાકને ગાંડાનું જાકીટ * પહેરાવવાનું હોય તો પૈસા ભરું વળી. જેઓને ખીસારૂમાલ વાપરવાનો ન હોય – કારણ કે ખીસું જ ન હોય – તેવાઓને ખીસારૂમાલ આપવાનોય શો અર્થ? અરે ગયે રવિવારે હું રસ્તે આવતો હતો તેવામાં મંદિરને બારણે તારી નાની-મા હાથમાં થાળી લઈને ઊભેલી અને પૈસા ઉઘરાવતી હતી. એ પૈસા શાને માટે ઉઘરાવતી હશે, બોલ તો દીકરા?"

"મહારાજને ચા-પાણીની પાર્ટી માટે હશે, કદાચ."

"ના, ના; મહારાજે પાણી-વેરો જ નહિ ભરેલો – ત્રણ ત્રણ હપતાથી – એટલે નળ કપાઈ ગયો. મહારાજે બધાં બૈરાંને જણાવી દીધું કે, એ નળ કાપી જનારાનું હૃદય શરમ અને પસ્તાવાથી ઠીલું નહિ બને, તો એની બહુ માઠી વલે થશે. એટલે આ બૈરાં કૂદી પડ્યાં અને મહારાજ આખી જિંદગીનો પાણી-વેરો ભરે પણ ન ખૂટે એટલા પૈસા ઉઘરાવી આપ્યા."

મિ૰ વેલરે પછી થોડી ક્ષણ થોભીને પાછું આગળ ચલાવ્યું — "આ બધા મહારાજોનું બેટાઓનું દુઃખ જ એ છે કે, તેઓ જુવાન બૈરીઓનાં મગજ ફટવી નાખે છે. એ બૈરીઓ પછી ઘરની કશી ચિંતા કરતી નથી, અને એ મહારાજોની પાછળ જ ભટક્યા કરે છે. પણ

* હાથ લાંબા બાંયોમાં કે અંદર પટ્ટાઓથી બાંધી લેવાય તેવું ગાંડાઓ માટેનું ખાસ જાકીટ.

એ બદમાશો તો તેમના પૈસા અને માલપાણી જ ઉડાવી જવાનું જાણતા હોય છે, દીકરા. મને તો ઘણીવાર એમ થાય છે કે, બેટાઓને એક રેંકડીમાં જોડ્યા હોય અને આખો દિવસ તગેડ્યા હોય, તો પાપ ન લાગે."

પણ એટલામાં તો એક તીણો અવાજ સંભળાયો અને મિસિસ વેલર ત્યાં આવી પહોંચ્યાં. તેમણે પૂછ્યું, "તમે આવી ગયા છો ને શું? મિ૦ સ્ટિગિન્સ ગયા હતા તે પાછા આવ્યા કે નહિ?"

"ના, નથી આવ્યા; અને તે કદી પણ પાછા ન આવે તો પણ હું મરી જઈશ, એમ મને નથી લાગતું," બુઢ્ઢાએ ચુંગી સંકોરતાં કહ્યું.

"ફટ્ ભૂંડા, એ ભલા સંત વિષે ફાવે તેમ એલફેલ બોલી શા માટે પાપમાં પડે છે?"

પણ એટલામાં તો મિ૦ સ્ટિગિન્સ પાછા આવી જ પહોંચ્યા. તેમને તરત આગ્રહ કરીને એક પછી એક ત્રણેક પ્યાલા પિવરાવી દેવામાં આવ્યા. અને પછી હળવો નાસ્તો કરાવવામાં આવ્યો. દરમ્યાન તે પોતાના અનુયાયીઓની ધાર્મિકતા, ગુરુભક્તિનો મહિમા, નગુરા લોકોની થનારી અવગતિ વગેરે મુદ્દાઓ ઉપર પ્રેરક ઉપદેશ આપતા રહ્યા.

પછી જ્યારે તેમના પેટમાં વધુ પ્રવાહી પધરાવાય તેવું ન રહ્યું, ત્યારે મોડી રાતે ઊઠીને તે વિદાય થયા.

બુઢ્ઢાએ સૅમને તેની સૂવાની જગા બતાવી દીધી.

બીજે દિવસે સવારે નાસ્તો પતાવી સૅમ લંડન પાછો ફરવા તૈયાર થયો, ત્યારે તેના બાપ તેને મૂકવા બારણા બહાર આવ્યા અને સ્ટિગિન્સ વિષે ગુસ્સામાં આવી કંઈકે બોલવા લાગ્યા. સૅમે તરત જ તેમને સંભળાવી દીધું, "મારી આગળ ખાલી-ખોટું બોલશો નહિ; તમારા જેવો જ્ઞાત-ઘાલુ માણસ એવા સૂકલા લંબૂશને ઘરમાં પેસવા જ શા માટે દે છે, એ જ મને માથામાં પેસતું નથી."

મિ૦ વેલરે સૅમ તરફ જરા તીણી નજરે જોયું અને પછી કહ્યું, "સૅમિવેલ, હું પરણેલો માણસ છું, એટલેસ્તો. તું પણ પરણીશ,

બેટા, ત્યારે અત્યારે ન સમજતી ઘણી બાબતો સમજાઈ જશે. જોકે, એટલું થોડું શીખવા કેટલી બધી પંચાત વેઠવી પડે છે, એ જાણી મને જરૂર ઓછું આવી જાય છે.”

“ઠીક, ત્યારે આવજો, વડીલ.”

“ટાર, ટાર, સૅમી.”

“પણ હું એટલું કહેતો જાઉં કે, જો હું એ હોટેલનો માલિક હોઉં અને સ્ટિગ્ગિન બેટો મારે ત્યાં આવે તો —”

“શું, શું, બેટા?”

“તો એના પીણામાં ઝેર ઓગાળી દઉં.”

“હેં, સાચું કહે છે? સાચું કહે છે?”

“ખરી વાત છે; જો કે હું એકદમ એના ઉપર બહુ આકરા ઉપાય ન અજમાવું; પરથમ પહેલું તો તેને પાણીના પીપમાં ડબોચીને ઉપરથી ઢાંકણું વાસી દઉં. અને જો મારા એ દયાભાવની તેના ઉપર અસર ન થાય, તો પછી મારે પેલો આકરો ઉપાય અજમાવવો પડે.”

મિ૰ વેલર પોતાના સપૂત તરફ પ્રશંસાની અને શાબાશીની નજરે જોઈ રહ્યા. પછી તેનો હાથ ઉમળકાથી પોતાના હાથમાં લઈ, થોડો દબાવી, તેને વિદાય આપી ઘરમાં પાછા ફર્યા.

## ૩૦

# લગ્ન-મિજબાની

### ૧

ડિંગલી-રુલ પહોંચી મિ૦ પિકવિક અને તેમના મિત્રો સૅમ સાથે કોચમાંથી ઊતર્યા, ત્યારે મિ૦ વૉર્ડલે સામે લેવા મોકલેલો જાડિયો જૅસફ તેમને મળ્યો. તે ગાડું લઈને બધાનો સામાન લેવા આવ્યો હતો. મિ૦ પિકવિકે સૅમને બધો સામાન લઈને જૅસફ સાથે ગાડામાં પાછળ આવવા કહ્યું; અને તે પોતાના સાથીદારો સાથે પગપાળા જ ચાલતા થયા.

સૅમ બધો સામાન ગાડામાં ભરવા લાગ્યો, તે વખતે જાડિયો દૂર ઊભો રહી તેને કામ કરતો જોઈ રહ્યો.

છેક છેલ્લું બંડલ ગાડામાં નાખી લીધા પછી સૅમે એ જાડિયા સામું જોઈને કહ્યું, "તું ખરેખર ઇનામ જીતવાની હરીફાઈમાં ઊતરે એવો થયો છે. તને મન ઉપર કોઈ બાબતની કશી ચિંતા છે ખરી?"

"મને કોઈ-કહેતાં-કોઈ ચિંતા મન ઉપર નથી," જાડિયાએ જાડો જવાબ આપ્યો.

"હું, પણ સાચું કહેજે જ્યા, કોઈ જુવાન છોકરી માટે તું તડપતો હોય, અને તે તને જવાબ ન વાળતી હોય, એવો કોઈક રોગ તો તને છે જ."

જાડિયાએ નન્નો ભણવા ડોકું હલાવ્યું. પણ એ નન્નો જાડો 'હકાર' જ હતો.

"તું કેાઈ દિવસ કશું પીએ છે ખરેા ?"

"મને ખાવાનું વધારે ગમે છે."

"હું તેા એમ કહું છું કે, કેાઈ દિવસ ગરમ થવા એકાદ ટીપું તું કદી પીએ છે ખરેા ? કે પછી તારાં હાડકાં ઉપરની ચરબીની ગેાદડીએા વીંધીને ટાઢ બિચારી અંદર પેસી જ શકતી નથી ?"

"કેાઈકિ વખત જરા સારું પીવાનું મળે તેા હું એકાદ ટીપું પી લઉં ખરેા."

"તેા ચાલ્યેા આવ, ભલાદમી," કહીને સેમ કેાચ-સ્ટેશન પાસેના પીઠામાં તેને ખેંચી ગયેા. ત્યાં જે ઝડપથી એ જાડિયેા પાંપણ પણ હલાવ્યા વિના આખેા પ્યાલેા ગટગટાવી ગયેા, તે જેઈ સેમનેા તેને વિષેનેા અભિપ્રાય એકદમ સુધરી ગયેા.

પછી બંને જણ ગાડામાં બેઠા, એટલે જાડિયે પૂછ્યું, "તમને હાંકતાં આવડે છે ?"

"કદાચ, થેાડું ઘણું."

"તેા બસ આ સામે મેાંએ હાંકચે જાએા, એટલે જરાય ભૂલા પડચા વિના આપણું ઘર આવી જશે." એટલું કહી લગામ સેમના હાથમાં મૂકી દઈ, જાડિયેા તરત એકાદ બિસ્તરા ઉપર માથું ટેકવી ઊંઘવા લાગી ગયેા.

૨

મિ૦ પિકવિક અને મિત્રેા હજુ શેરી ઓળંગતા હતા, તેવામાં જ તેમને એક આખા ટેાળાએ કરેલેા હર્ષનાદ અને સ્વાગત-નાદ સંભળાયેા. મિ૦ વેાર્ડલ,, પરણનાર વરકન્યા બેલા અને ટ્રન્ડલ, એમિલી તથા બીજી આઠ દશ યુવતીએા સામે ઊભી હતી. એ બધી યુવતીએા બીજે દિવસે થનાર લગ્નમાં ભાગ લેવા નેાતરાયેલી હતી. અને લગ્ન-સમારંભ તેા ખાસ યુવતીઓનાં જ આનંદ અને અગત્યનેા પ્રસંગ, એટલે તે બધી અનેરા મહત્ત્વ અને ગૌરવના ઉમંગમાં હતી. એ બધાં નાતાલના તહે-

વારો બાદ નવદંપતી જે મકાનમાં વસવાટ કરવાનાં હતાં, તેનું ફરનિચર અને સુસજ્જતા જોવા જઈ આવીને પાછાં ફરતાં હતાં.

બંને મંડળીઓના અરસપરસ ઓળખાણનો વિધિ પત્યો એટલે પછી સૌ એક જ મંડળીનાં માણસો હોય તે રીતે આગળ ચાલવા લાગ્યાં. ખેતરને માર્ગે જતાં સળિયાની વાડો ઓળંગવી પડે, તે વખતે પગનો ઘૂંટણ સુધીનો ભાગ પુરુષોને દેખાઈ જાય તથા સામી બાજુ ગબડી પડાય તે વખતે નાજુક સ્ત્રીઓને પડતી મૂંઝવણો,—તે વખતે કોણ કોનો ટેકો લે છે તથા કોણ કોને ટેકો આપે છે, તથા ચાલતાં ચાલતાં કોની સામું જોયા કરવામાં ઠોકરો ખાય છે, તેની ચાલ્યા કરતી મીઠી મશ્કરીઓ, વગેરેથી એ મુસાફરી ખરેખર આનંદજનક થઈ પડી. મશ્કરીઓનું કેન્દ્ર મુખ્યત્વે પરણનાર નવ-દંપતી ઉપરાંત સ્નોડગ્રાસ અને ઍમિલી, તથા મિ૦ વિંકલ અને મહેમાન તરીકે આવેલી કાળી આંખોવાળી તથા બૂટની ટોચે ફરતા ગુચ્છાવાળી એક યુવતી બનતાં હતાં.

ઘેર પહોંચતાં પિકવિક-મંડળીને નોકરચાકર તરફથી પણ એવો જ ઉમળકાભર્યો આવકાર મળ્યો. મિ૦ વૉર્ડલનાં ડોસીએ પણ 'કોણ અમારી ખબર લે' થી માંડીને, 'મને નથી સંભળાતું' વગેરે વાકયોથી મિ૦ પિકવિકને સત્કાર્યા.

પહેલો હળવો નાસ્તો, પછી ભોજન. પછી મોડી રાત સુધી ચાલેલા ટોળટપ્પા એ બધી વિગતો, તથા બીજા દિવસે લગ્નસમારંભમાં હાજર થવાની તૈયારીઓ અને છેવટે લગ્ન-સમારંભ પોતે—એ બધું પતવીને, આપણે ઝટપટ, ઘેર પાછા ફરીને થયેલા ભોજનસમારંભ ઉપર જઈ પહોંચીએ.

મિ૦ પિકવિક ભેગી થયેલી મંડળીને સંબોધીને 'બે શબ્દ' બોલવા ઊભા થતાં જ "હિયર," હિયર"ના પોકારોથી તેમને આવકારવામાં આવ્યા. મિ૦ વૉર્ડલે તરત બધા નોકરચાકરોને પણ તે વખતે હાજર રાખ્યા. મિ૦ પિકવિકે ચલાવ્યું—

"બાનુઓ અને સદ્‌ગૃહસ્થો," ('બાનુઓ' શબ્દ ઉપર 'હિયર,' 'હિયર'ના જોરદાર પોકારો) નહિ, નહિ, હું એ સંબોધન જ વાપરવાનું

વધુ પસંદ કરીશ – જો અહીં હાજર રહેલી સન્નારીઓ મને એ સંબોધન વાપરવાની પરવાનગી આપે તો —"

તરત જ બાનુઓએ તાળીઓના હર્ષનાદ કર્યા. પેલી કાળી આંખોવાળી મિસ આરાબેલા એંલને કહ્યું કે, 'મને તો ઊઠીને એ વહાલા મિ૦ પિકવિકને ચુંબન કરી લેવાનું મન થાય છે.' ત્યારે મિ૦ વિંકલે પ્રેમશૌર્યની રીતે જવાબ આપ્યો કે, 'હું એમનો મિત્ર હોઈ, તમે અવેજી તરીકે મારો ઉપયોગ કરી શકો છો.' જવાબમાં આરાબેલાએ છણકો કરીને કહ્યું, "ધત્!"

"મારાં વહાલાં મિત્રો," મિ૦ પિકવિકે આગળ ચલાવ્યું; "હું નવ-દંપતીના આરોગ્યની શુભેચ્છાની પ્યાલીનો પ્રસ્તાવ રજૂ કરવા માગું છું. મારા જુવાન મિત્ર ટૂન્ડલ ફ્રૅન્ડ અને બહાદુર માણસ છે; અને તેમની નવોઢા પત્ની પણ માયાળુ અને મનોહર છોકરી છે. તેણે પોતાના પિતાના ઘરમાં વીસ વીસ વર્ષ સુધી જે સુખ અને કલ્લોલ ભર્યા કર્યાં છે, તે હવે બીજા ઘરમાં – તેના પોતાના ઘરમાં – જરૂર ભરી કાઢશે, એવી મને ખાતરી છે. મને તો એવી ઇચ્છા થઈ જાય છે કે, હું જો તેની બહેનોના પતિ થવાય તેટલી ઉંમરનો જુવાન થઈ જાઉં, તો અબઘડી તેમ કરવા તૈયાર થાઉં (હર્ષનાદો)! પણ એમ બની શકે તેમ નથી, એટલે તેના પિતા થવા જેટલો બુઢ્ઢો હોવાનો સંતોષ માનું છું. એવા બુઢ્ઢા ઠરવામાં એટલી સગવડ છે કે, હું જ્યારે જાહેર કરું કે હું એ બંનેને બહુ ચાહું છું, સંમાનું છું, તથા વખાણું છું, ત્યારે બીજી કશી ગેરસમજ થવાનો સંભવ રહેતો નથી (આનંદોદ્‌ગારો અને ડૂસકાંઓ). કન્યાના પિતા, આપણા ભલા મિત્ર, પણ બહુ ઉમદા માણસ છે અને તેમનું ઓળખાણ મને હોવાથી હું મારી જાતને બહુ ભાગ્યશાળી તથા ગૌરવાન્વિત માનું છું (ભારે પોકારો). તે બહુ માયાળુ, સ્વતંત્ર-મિજાજી, ખેલ-દિલ, મહેમાનગત કરી જાણનારા તથા ઉદાર સજ્જન છે. તેમને પોતાની દીકરીને પોતાના અંતરની ઇચ્છા મુજબ સુખી જોવાનું ખુશનસીબ પ્રાપ્ત થાય એવી આપણ સૌની આંતરિક

ઇચ્છા છે જ. તો આપણે સૌ નવપરિણીત દંપતીનાં દીર્ઘાયુષ્ય, અને આરોગ્યની શુભેચ્છામાં આ પ્યાલી પી લઈએ."

પછી તો મિ૦ વૉર્ડલે મિ૦ પિકવિક માટે શુભેચ્છામાં પ્યાલી ભરાવી, મિ૦ પિકવિકે મિ૦ વૉર્ડલનાં બુઢ્ઢાં માની શુભેચ્છામાં ભરાવી, મિ૦ સ્નૉડગ્રાસે મિ૦ વૉર્ડલની શુભેચ્છામાં, મિ૦ વૉર્ડલે મિ૦ સ્નૉડગ્રાસની શુભેચ્છામાં, ફ્રૅાઈએ મિ૦ ટપમનની શુભેચ્છામાં અને બીજાએ મિ૦ વિંકલની શુભેચ્છામાં—એમ ઉપરાઉપરી પ્યાલીઓ ભરાવા માંડી અને પિવાવા માંડી.

પછી નૃત્ય-સમારંભ થયો; તેમાં સૌ ફ્રૅાઈએ ઉંમર અને સ્થિતિના ખ્યાલ છોડીને ભાગ લીધો. પછી પીણું, અને વાર્તાઓ તથા પ્રસંગોની અદ્‌ભુત લહાણ સાથે એ શુભ પ્રસંગ મોડી રાતે પૂરો થયો.

## ૩૧

## નવા પ્રેમ-કૂણુંગા

### ૧

**બી**જે દિવસે સવારે સેમ ગરમ પાણી લઈને મિ૦ પિકવિકના કમરામાં દાખલ થયો. તેણે જણાવ્યું કે, સખત ઠંડીથી બધે જ પાણી જામીને ચોસલું થઈ ગયું છે.

"તો તો બહુ સખત ઠંડી પડી કહેવાય," મિ૦ પિકવિકે જણાવ્યું.

"પણ જેઓ બરાબર ઢંકાયેલા—વીંટળાયેલા હોય, તેમને માટે બહુ સરસ આબોહવા છે, સાહેબ; જેમ, સ્કેટિંગ કરવા નીકળેલા ધ્રુવ-પ્રદેશવાસી સફેદ રીંછે પોતાની જાતને કહ્યું હતું તેમ."

"હું પાંચેક કલાકમાં પરવારીને નીચે આવીશ." મિ૦ પિકવિકે જણાવ્યું.

"બહુ સારું સાહેબ; નીચે બે આડ-વેર લોકો પણ આવ્યા છે."

"કોણ બે આવ્યા છે, વારુ?"

"બે આડ-વેર લોકો."

"આડ-વેર લોકો એટલે કોણ?"

"લો સાહેબ, હું તો જાણતો હતો કે, આડ-વેર એટલે આડકાં વહેરનારા સરજન એમ તો દરેક જણ જાણતું હશે," સૅમે નવાઈ પામી જવાબ આપ્યો.

"ઓહો, બે (હાડ–વહેર) સરજન–ડાક્ટરો આવ્યા છે, એમ કહેને," મિ૰ પિકવિકે હસતાં હસતાં કહ્યું.

"જો કે, સાહેબ આ લોકો પૂરેપૂરા પાકેલા આડ-વેર લોકો નથી; તેઓ હજુ ઊછરતા છે."

"હાં, હાં, મેડિકલ-વિદ્યાર્થીઓ છે, એમ કહે ને!"

સૅમ વેલરે હકારમાં ડોકું હલાવ્યું.

"વાહ, એ તો બહુ મજાની વાત; એ શાખાના વિદ્યાર્થીઓના નિર્ણયો નિરીક્ષણ અને જાત-તપાસથી પરિપક્વ થયા હોય છે, તથા તેમના શોખ વાચન અને અભ્યાસથી પરિસંસ્કૃત થયેલા હોય છે."

"તેઓ તો સાહેબ ધૂમાડિયાની પેઠે સિગારના ગોટેગોટા કાઢે છે."

"હોય, માયાળુ લાગણીઓ અને યુવાનીના જુસ્સાથી તેઓ ઊભરાતા પણ રહે છે; મને મેડિકલ વિદ્યાર્થીઓ બહુ ગમે છે."

"પણ એમાંનો એક જણ ટેબલ ઉપર પગ નાખીને બેઠો છે અને બ્રાન્ડી પીધા કરે છે; અને બીજો ઢગલોક ઑયસ્ટર–છીપલાં ઢીંચણ ઉપર લઈને બેઠો છે, તે ખાઈ ખાઈને તેનાં કોટલાં સામે ખૂણામાં ઊંઘતા જાડિયા ઉપર તાકીને નાખ્યા કરે છે."

"હા, હા; બુદ્ધિવાનો કે મહાપ્રજ્ઞ લોકોમાં કેટલાક એવા મનસ્વી તરંગવેડા હોય છે; ઠીક પણ તું હવે જા, હું આવું છું."

મિ૦ પિકવિક પરવારીને નીચે આવ્યા એટલે મિ૦ વૉર્ડલે તેમને પેલા બે જણનું ઓળખાણ કરાવ્યું.

"આ છે મિસ ઍલનના ભાઈ બેન્જામિન ઍલન પોતે; અને આ છે તે મિ૦ ઍલનના નિકટના મિત્ર અને ભાવી 'સંબંધી' મિ૦ બૉબ સૉયર."

પરસ્પર ઓળખાણ-વિધિ પૂરો થતાં પેલા બે તો બાથા ઉપર જ પોતાનો હાથ ચલાવવા લાગ્યા.

મિ૦ પિકવિકે થોડી વાર બંનેનું નિરીક્ષણ કર્યા કરીને વાત ઉપાડવા કહ્યું, "બહુ સુંદર પ્રભાત છે, નહિ, સદ્‌ગૃહસ્થો?"

મિ૦ બૉબ સૉયરે હકારમાં ડોકું ધુણાવી મિ૦ બેન્જામિન ઍલનને ટેબલ ઉપરથી કંઈક બાવાની વાની પોતા તરફ ઘસેલવા કહ્યું.

"આજે સવારે જ આવ્યા, સદ્‌ગૃહસ્થો?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"રાતના મગલ્ટનમાં 'બ્લ્યૂ લાયન'માં રહ્યા હતા." મિ૦ ઍલને જવાબ આપ્યો.

"તો તો ગઈ રાતે જ તમે અહીં આવ્યા હોત, તો મજા આવત; ભારે 'નૃત્ય-સમારંભ' અહીં જામ્યો હતો," મિ૦ પિકવિકે કહ્યું.

"પણ ત્યાં વાળુની વાનીઓ મજાની હતી અને સિગારો પણ ખોટી નહોતી." મિ૦ ઍલને જવાબ આપ્યો; અને પછી બૉબને બાવાનું ચલાવ્યે રાખવા કહ્યું, "ધપાવ્યે રાખ, દોસ્ત."

"એમ જ કરું છું; વાઢકાપનું કામ હાથ ઉપર હોય છે ત્યારે કોણ જાણે ભૂખ વધારે લાગે છે."

મિ૦ પિકવિકને કમકમાં આવી ગયાં.

"પણ, બૉબ, તેં પગ પૂરો કર્યો કે નહિ?"

"લગભગ; પણ છોકરાનો પગ હોવા છતાં બહુ જાડો છે."

"મેં એક હાથ માટે નામ નોંધાવ્યું છે. બધા પડાપડી કરે છે પણ માથા માટે કોઈ આગળ આવતું નથી. તું લઈ લેને!"

"ના; ના; એ શોખ મોંઘો પડી જાય; મહીંથી મગજ કાઢેલું તૈયાર મળે તો વાંધો નહિ; પણ આખું માથું ફોડવું એ ભારે કડાકૂટનું કામ છે."

"બસ, બસ, સદ્‌ગૃહસ્થો, હવે ચીરફાડની વાતો બંધ કરો; બાનુઓ આવતી સંભળાય છે," મિ૦ પિકવિકે કહ્યું અને એટલામાં મિ૦ સ્નોડગ્રાસ, મિ૦ વિંકલ અને મિ૦ ટપમનની દોરવણી હેઠળ યુવતીઓ ટપટપ પગલાં માંડતી ત્યાં આવી પડી.

તરત જ પેલી કાળી આંખો અને ફર-ટોપ-બૂટવાળી યુવતી આરાબેલા મિ૦ બૅલન પાસે જઈને બોલી ઊઠી, "વાહ, ભાઈ, તમે આવી પૂગ્યા કંઈ!" એના અવાજમાં ભાઈને જોવાના આનંદ કરતાં આશ્ચર્યની લાગણી વધારે હતી.

"તને કાલે સવારે ઘેર લઈ જવા આવ્યો છું." બેન્જામિન (ટૂંક નામ 'બેન') બોલ્યા.

મિ૦ વિંકલ એ સાંભળી ફીકા પડી ગયા.

"આરાબેલા, તેં આ મિ૦ બૉબ સૉયરને જોયા કે નહિ? તેમને બોલાવ તો ખરી!"

આરાબેલાએ પોતાનો હાથ બૉબ સૉયર તરફ છટાથી આગળ ધર્યો, જેને તેમણે લાગણીપૂર્વક દબાવ્યો. મિ૦ વિંકલનું હૃદય તે જોઈ અમળાઈ જવા લાગ્યું.

"ભાઈ, તમને મિ૦ વિંકલની ઓળખાણ કરાવી કે નહિ?" આરાબેલા શરમથી લાલલાલ થઈ જતાં બોલી.

"ના, હજુ સુધી નથી કરાવી, પણ તેમની ઓળખાણ કરતાં મને ઘણો આનંદ થશે, આરાબેલા," મિ૦ બૅલને આરાબેલાના શરમના શેરડા તરફ ઝીણી નજર કરતાં ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો.

મિ૦ વિંકલ અને મિ૦ સૉયર હવે આરાબેલાના હરીફ ઉમેદવાર તરીકે ખુલ્લા પડી ગયા હોય તેમ એકબીજા પ્રત્યે આંખોથી ધુરકિયાં કરવા લાગ્યા.

૨

પાણી સખત જામી ગયું હોવાથી બરફ ઉપર સ્કેટિંગ કરવા જવાનો કાર્યક્રમ ગોઠવાયો.

મિ૦ ઍલન અને મિ૦ સૉયર તો એ જાહેરાતથી ખુશખુશ થઈ ગયા. મિ૦ વૉર્ડલે વિંકલને પૂછ્યું, "તમે પણ સ્કેટિંગ જાણતા જ હશો."

"જરૂર; પણ હવે પ્રૅક્ટિસ નથી રહી," મિ૦ વિંકલે ગભરાતાં ગભરાતાં જવાબ આપ્યો.

પણ આરાબેલાએ મિ૦ વિંકલને આગ્રહ કરીને કહ્યું કે, મારે તમને સ્કેટિંગ કરતા જોવા છે. એટલે મિ૦ વિંકલને કબૂલ રાખ્યા વિના છૂટકો ન રહ્યો.

સૅમે વચ્ચેનો અમુક ભાગ સાફ કર્યો એટલે મિ૦ બૉબ સૉયરે તો તરત સ્કેટિંગની પોતાની પ્રવીણતા પુરવાર કરવા માંડી. પછી તો તેમની મદદથી અને દબાણથી મિ૦ વૉર્ડલ અને બેન્જામિન ઍલને પણ ઝપાટાબંધ ચકરાવા ખાવા માંડ્યા.

આ દરમ્યાન મિ૦ વિંકલ પગે સ્કેટને આડી અવળી ગમે તેમ ચડાવવા પ્રયત્ન કરી રહ્યા હતા. છેવટે સૅમ તેમની મદદે આવ્યો અને તેમને પગે સ્કેટો તાણી બાંધી. પછી સૅમે મિ૦ વિંકલને ઊભા કર્યા અને વચ્ચે ધસી જઈ પોતાનું બાવડું બતાવી આપવા હાકલ કરી. પરંતુ મિ૦ વિંકલ તો ભયંકર ધ્રૂજતા ધ્રૂજતા સૅમને વળગેલા રહ્યા. "બધું કેવું લપસણું છે, સૅમ," મિ૦ વિંકલ બોલી ઊઠ્યા.

"બરફ ઉપર નવાઈની વાત ન કહેવાય સાહેબ; પણ હવે તમે જરા ટટાર થઈ ઘૂમવાનું શરૂ કરી દો ને!"

પરંતુ મિ૦ વિંકલ તો પગ ઊંચા ને માથું નીચે એ રીતે જ ગબડવાની તૈયારી કરવા લાગ્યા. તેમણે હવે સૅમને બરાબર પકડી રાખીને કહ્યું, "આ સ્કેટો જરા વિચિત્ર છે, નહિ ?"

"ના, ના, સ્કેટો તો બરાબર છે, પણ તેમની ઉપર ઊભેલો સદ્‌ગૃહસ્થ વિચિત્ર છે, એ ખરું."

"હવે વિંકલ, ચાલો શરૂ કરો; તમારું સ્કેટિંગ જોવા બાનુઓ ઇંતેજાર થઈ રહી છે." મિ૦ પિકવિક બોલ્યા.

"હા, હા, હું હમણાં જ ઊપડ્યો," મિ૦ વિંકલે છોભીલું હાસ્ય હસીને જવાબ આપ્યો.

"આ ઊપડ્યા, જુઓ," એમ કહી સૅમે મિ૦ વિંકલની પકડ છૂટી કરવાનો પ્રયત્ન કરવા માંડ્યો; પણ મિ૦ વિંકલે તરત જ સૅમને કાનમાં કહ્યું, "જો ભાઈ સૅમ, મારે ઘેર બેએક સારા કોટ ફાજલ પડ્યા છે; તે હું તને આપી દઈશ."

"તમારો આભાર માનું છું, સાહેબ," સૅમે જવાબ આપ્યો.

"પણ તારે આભાર દર્શાવવા તારો હાથ છૂટો કરી ટોપાએ લગાડવાની જરૂર નથી. ઉપરાંત મેં આજે સવારે તને નાતાલની ગોઠ તરીકે આપવા માટે પાંચ શિલિંગ જુદા કાઢી રાખ્યા છે. તે આજ બપોરના હું તને આપી દઈશ."

"તમે બહુ સારા માણસ છો સાહેબ," સૅમે જવાબ આપ્યો.

"પણ તું મને બરાબર પકડી રાખજે, સૅમ; બસ, હવે બરાબર; થોડી જ વારમાં મને ધારણ આવી જશે."

સૅમના ટેકાથી મિ૦ વિંકલ છેક બેવડવળી ગયેલી સ્થિતિમાં હવે થોડું થોડું સરકવા લાગ્યા. એ જોઈ મિ૦ પિકવિકે તરત બૂમ પાડી, "સૅમ, અહીં આવ, મારે કામ છે."

સૅમે એ બૂમ સાંભળી, તરત પોતાને છૂટો કરવા મિ૦ વિંકલને વિનંતિ કરી, અને પછી જોરથી તેમને છૂટા કરી, એક ધક્કો એવો આપ્યો કે મિ૦ વિંકલ પવનવેગે વચ્ચેની કુદરડીની જગાએ જઈ

પહોંચ્યા. તે વખતે મિ૰ બૉબ સૉયર એક ચાલાકીભરી ક્રૂદ્દી ખેલતા હતા. મિ૰ વિંકલ સીધા જાણે તેની સાથે અથડાવા જ ઇચ્છતા હોય તેમ તેના ઉપર જ ધસી ગયા અને જોરથી તેની સાથે ટિચાતાં બંને જણ ગબડી પડ્યા. બૉબ સૉયરને વાગ્યું તો ખરું પણ તે તરત ઊભો થઈ ગયો; જ્યારે મિ૰ વિંકલ તો પગે સ્કેટ સાથે ઊભા થવાની હિંમત જ ન કરી શક્યા.

મિ૰ બેન્જામિન એંલન તરત મિ૰ વિંકલ પાસે દોડી ગયા અને તેમને બહુ વાગ્યું છે કે નહિ તે પૂછવા લાગ્યા. મિ૰ વિંકલે તેમનો આભાર માન્યો અને બહુ વાગ્યું નથી એમ જણાવ્યું. પણ મિ૰ બેન્જામિને તરત તેમના શરીરમાંથી થોડું લોહી કાઢી નાખવાની સલાહ આપી અને પોતે તે કામ કરવા તૈયારી બતાવી. પણ મિ૰ વિંકલે હસીને ના પાડી. મિ૰ બૉબ સૉયરે મિ૰ પિકવિકને આગ્રહ કર્યો કે, તે મિ૰ વિંકલને થોડું લોહી કઢાવી નાખવાની સલાહ આપે. મિ૰ પિકવિકે જવાબમાં સૅમને ગુસ્સાથી ધૂંવાંપૂંવાં થઈ જણાવ્યું, "એમના પગમાંથી સ્કેટ ઉતારી લે."

"પણ હજુ મેં સ્કેટિંગની શરૂઆત પણ કરી નથી," મિ૰ વિંકલે વિરોધ નોંધાવ્યો.

"ચાલ, તેમના પગની સ્કેટ ઉતારી લે," મિ૰ પિકવિકે ફરીથી તાકીદનો હુકમ કર્યો.

સૅમે સ્કેટ ઉતારી લીધી એટલે મિ૰ પિકવિકે તેમને ઊંચકીને ઊભા કરવા ફરમાવ્યું. મિ૰ વિંકલ ઊભા થયા એટલે મિ૰ પિકવિકે તેમને બાજુએ બોલાવી ગુસ્સાથી કાનમાં યહ્યું, "તમે એક હંબગ છો, મિસ્ટર."

"હું શું છું?" મિ૰ વિંકલે ચોંકીને પૂછ્યું.

"હંબગ છો, મિસ્ટર; અને વધુ સ્પષ્ટ શબ્દોમાં સાંભળવું હોય તો બડાઈખોર ઢંભી માણસ છો, સાહેબ." આટલું કહી મિ૰ પિકવિક પાછા ફરી પોતાના મિત્રો સાથે જોડાઈ ગયા.

સૅમ તથા જાડિયો જેસફ પણ એક જગા સાફ કરી, તેના ઉપર અદાથી સ્કેટિંગ કરતા હતા. મિ૦ પિકવિક ખાલી ઊભા ઊભા ટાઢે ધ્રૂજતા હતા; એટલે તરતમાં જ ફૂદડીઓ ખાઈ આવેલા અને હજુ હાંફતા મિ૦ વૉર્ડલને તેમણે પૂછ્યું, "સ્કેટિંગ એ ખૂબ ગરમી આપનારી કસરત છે, નહિ વારુ?"

"હા, હા; તમે પણ આવી જાઓને!" મિ૦ વૉર્ડલે તેમને ઉત્સાહ આપતાં કહ્યું.

"તમને સૌને હસવાની તક પૂરી પાડવા માટે જરૂર હું આવું; બાકી મને જરાય આવડતું નથી, એ કહી દઉં. નાનપણમાં ગટરો ઉપર થોડા લપસ્યા હોઈશું, એ જ." મિ૦ પિકવિકે આગ્રહ કરતી બાનુઓ તરફ જોઈને કહ્યું.

પછી તો મિ૦ વૉર્ડલ, પાછળ મિ૦ પિકવિક, તેમની પાછળ સૅમ, પછી જાડિયો જેસફ અને છેવટે મિ૦ સ્નૉડગ્રાસ, એમ એક પાછળ એક સૌ ફુદરડીઓ ખાવા લાગ્યા; જાણે તેમનું આખું ભવિષ્ય બરફ ઉપર સ્કેટથી લપસવા ઉપર જ અવલંબી રહ્યું ન હોય!

ચારે બાજુ હાસ્ય કલ્લોલનું વાતાવરણ જામી રહ્યું હતું. પણ અધવચ એક જગાએ કશું તડાક તૂટવાનો અવાજ આવ્યો; એક ધબાકો થયો; બાનુઓની ચીસ સંભળાઈ, અને મિ૦ ટપમને મોટી બૂમ પાડી. સૌએ થંભીને જોયું તો બરફનું એક મોટું ચોસલું નીચે ઊતરી ગયું હતું અને માત્ર મિ૦ પિકવિકની હૅટ અને હાથનાં મોજાં જ ઉપર તરતાં દેખાતાં હતાં.

દરેકના ચહેરા ઉપર ગમગીની અને ચિંતા છવાઈ ગઈ. પુરુષો ફીકા પડી ગયા, અને બાનુઓ બેભાન બનવા માંડી. મિ૦ સ્નૉડગ્રાસ અને મિ૦ વિંકલ એકબીજાનો હાથ પકડી પોતાના નેતા જે સ્થળે અંદર અદૃશ્ય થયા હતા ત્યાં દૂરથી જોઈ રહ્યા; અને મિ૦ ટપમન જલદી મદદ લઈ આવવા "આગ, આગ, ધાજો, ધાજો!" એવી બૂમો પાડતા, કોઈ ચકલુંય ફરકતું ન હતું તેવી દિશાઓમાં દોડાદોડ કરવા લાગ્યા.

મિ૦ વૉર્ડલ અને સૅમ તરત જ એ બાકોરા તરફ સાવધાનીથી પગલાં ભરતા આગળ વધવા લાગ્યા. ઍલન અને બૉબ તો એક બાજુ ઊભા રહી, મંડળીનાં બધાં માણસોને સ્વસ્થ કરવા તેમના શરીરમાંથી થોડું થોડું લોહી કાઢી નાખવું સલાહભર્યું છે કે નહીં, તેની ચર્ચા ચલાવવા લાગ્યા. તે જ ઘડીએ અચાનક મિ૦ પિકવિકનો ચહેરો, માથું, અને ખભા પાણીમાંથી બહાર નીકળતા દેખાયા.

"થોડી વાર પગ ઉપર ઊભા રહેજો — થોડી જ વાર," મિ૦ સ્નૉડગ્રાસ દૂરથી પોકાર કરી ઊઠ્યા.

"હા, હા; જરૂર, મારે ખાતર; હું વિનંતિ કરું છું," મિ૦ વિંકલે ત્રાડ નાખી. જોકે આ બધી સૂચનાઓ અને શિખામણ અનાવશ્યક હતી; કારણ કે, બીજા કોઈને ખાતર નહીં તો પોતાને ખાતર પણ, મિ૦ પિકવિકે પોતાનું ડોકું પાણીની બહાર જ રાખ્યું હોત.

વાત એમ હતી કે, જ્યાં આગળથી બરફનું ચોસલું તૂટીને નીચે ઊતરી ગયું હતું, તે જગ્યાએ પાણીની ઊંડાઈ પાંચ ફૂટથી વધુ ન હતી. એટલે મિ૦ પિકવિક એક વખત પીઠ ઉપર આડા પડ્યા બાદ તરત પગ ઉપર ઊભા થઈ શક્યા હતા. બાકી તો, એક વખત એમ બરફના પડ નીચે પેઠા પછી, પાણી ઊંડાં હોય તો, બરફ તૂટેલી જગાએ જ પાછું ડોકું કાઢવાની શક્યતા ઓછી ગણાય.

મિ૦ પિકવિકને બહાર કાઢ્યા પછી, તેમની આસપાસ મંડળીનાં માણસોની જાડી શાલો પસંદ કરી વીંટવામાં આવી, અને શરદી લાગી ન જાય તે માટે મિ૦ પિકવિકને સૅમ સાથે જોરથી દોડતા દોડતા ઘેર પહોંચી જવાની સલાહ આપવામાં આવી. મિ૦ પિકવિકે એ સલાહ બરાબર માની લીધી, અને પોતાની આગળ ઉતાવળે દોડતા સૅમની પાછળ તે પણ પગનું પૂરું જોર દાખવવા લાગ્યા.

બીજે દિવસે તો સૌ આગંતુક મહેમાનો વેરાઈ જવાનાં હતાં. મિ૦ બૉબ સૉયરે મિ૦ પિકવિકને લંડનમાંનું પોતાનું સરનામું આપ્યું, અને પોતાને ત્યાં પખવાડિયા બાદના ગુરુવારે મુલાકાતે આવવા ખાસ

આગ્રહ કર્યો. તે દિવસે તેમના બીજા મિત્રો પણ પધારવાના હતા. મિ૦ પિકવિકે એ સૌ મહાપ્રજ્ઞોને મળવા આવવાનું ખુશીથી સ્વીકાર્યું.

વિદાય થતી વેળાએ મિ૦ વિંકલ આરાબેલા ઍલન સાથે અને મિ૦ સ્નૉડગ્રાસ ઍમિલી સાથે બાજુએ જઈ શી ગુસપુસ ચલાવી રહ્યા હતા તે તો અમે કહી શકતા નથી; પરંતુ તેઓ પાછા આવ્યા, અને કોચમાં બેઠા, ત્યાર પછી પણ તેમની આંખો ઉપર રૂમાલ દાબેલા હતા; તથા અઠ્ઠાવીસે માઈલની મુસાફરી દરમ્યાન મિ૦ પિકવિક કે મિ૦ ટપમન સાથે એ બંને મિત્રો કશું બોલ્યા નહીં, તે ઉપરથી માનવું રહ્યું કે, તેઓને મનમાં કશીક વાતનું ભારે દુઃખ વ્યાપેલું હતું.

## ૩૨

## કાયદા અંગેનું થોડુંક

**અ**દાલતો વાળા 'ટેમ્પલ'–વિસ્તારના જુદા જુદા ખૂણાઓ અને બખાંઓમાં કેટલાક અંધારિયા ગંદા ચેમ્બર છે. તેમાં થઈને વેકેશન દરમ્યાન આખી સવારે, અને કોર્ટની ટર્મ ચાલુ હોય ત્યારે અર્ધી સાંજ વકીલોના ગુમાસ્તાઓ હાથમાં કાગળોના થોકડા લઈને આવ-જા કરતા દેખાતા હોય છે. ગુમાસ્તાઓના વર્ગો જુદા જુદા હોય છે અને તેમની ખાસિયતો પણ જુદી જુદી હોય છે. જેમ કે, 'આર્ટિકલ્ડ ક્લાર્ક': જે અમુક ફી ભરીને જોડાયો હોય છે, અને જે ભવિષ્યમાં ઍટર્ની થવાનો હોઈ, અત્યારથી દરજીનાં બિલ ઊભાં કરતો હોય છે. વેકેશનમાં તે બાપને મળવા ગામ જતો હોય છે. તેને ગુમાસ્તાઓમાં સર્વોચ્ચ વર્ગનો કહી શકાય. બીજો વર્ગ પગારદાર ગુમાસ્તાનો છે. એ બહારનો તથા અંદરનો એમ બેમાંથી ગમે તે એક પ્રકારનો હોઈ શકે. તે પોતાના અઠવાડિયાનો ત્રીસ શિલિંગ પગાર અંગત મોજશોખ અને ટાપટીપ પાછળ ખરચી નાખે છે, અઠવાડિયામાં ત્રણ વખત ઑડેલ્ફી

થિયેટરમાં અર્ધી-કિંમતે જોવા મળતા ખેલ જુએ છે, અને પછી હલકાં પીઠામાં ગૌરવભેર પીધેલ બની મહાલે છે; ટૂંકમાં તે છ મહિના પહેલાં ખતમ થયેલી ફૅશનનું કેન્દ્ર હોય છે. છેલ્લો રહ્યો મધ્યમ ઉમરનો નકલો કરનાર માણસ, જેને મોટું કુટુંબ પોષવાનું હોય છે, અને તેથી હંમેશ જે કંગાલ જ રહે છે અને પરિણામે વારંવાર પીધેલો પણ.

આ બધા ખૂણા-ખાંચરાઓમાં જ અદાલતની જુદી જુદી જાહેર કચેરીઓ આવેલી છે. ત્યાં જ 'રીટ'* કાઢવામાં આવે છે, ફૅસલાઓ ઉપર સહીઓ થાય છે, ડેક્લેરેશનો ફાઇલ કરવામાં આવે છે, અને બીજું પણ નામદાર સરકારની ગુલામ પ્રજાને પીડવાનાં તથા સતાવવાનાં ચાલાકીભર્યાં અસંખ્ય કારનામાં થાય છે. એ બધી કચેરીઓ નીચાં છાપરાંવાળાં અંધારિયાં મકાનોમાં આવેલી છે. ત્યાં નર્યા કાગળોના થોકડા ઠાંસેલા હોય છે, જેમાંના ઘણાખરા ગયા સૈકાથી ગંધ મારતા પડ્યા હોય છે.

મિ૰ પિકવિક અને તેમના મિત્રો લંડન પાછા ફર્યા તેના દશ કે પંદર દિવસ બાદ, એક સાંજે, સાડા સાત વાગ્યાના અરસામાં આ ઑફિસોમાંની એકમાં ડૉડસન અને ફૉગનો ગુમાસ્તો જૅકસન કાગળો ઉપર કાળા ઝાંખા સિક્કા મરાવવા આવ્યો. પહેલાં એક લાંબા દસ્તાવેજ ઉપર સિક્કો મરાવ્યો, અને પછી બીજા ચાર કાગળો ઉપર પણ. પછી તે ત્યાંથી નીકળી મિ૰ પિકવિકના મુકામે—'જ્યૉર્જ ઍન્ડ વલ્ચર' હોટેલે આવ્યો.

મિ૰ પિકવિકે તે દિવસે તેમના ત્રણ મિત્રોને જમવા બોલાવ્યા હતા. બધા અંગીઠીની આસપાસ પીણું પીતા બેઠા હતા, તેવામાં ઓરડો બતાવવા આવેલા વેઇટરની પાછળ પાછળ જ રજા માગવાની પંચાત કર્યા વિના જૅકસન અંદર પેસી ગયો. બધા નવાઈ પામી જોઈ રહ્યા એટલે તરત તેણે કહ્યું, "હું 'ડૉડસન ઍન્ડ ફૉગ' તરફથી આવ્યો છું."

* અદાલતી હુકમ.

મિ૦ પિકવિક 'ડાઉસન એન્ડ ટ્રોગ'નું નામ સાંભળીને જ સળગી ઊઠ્યા. તેમણે ધૂમ પાડીને કહ્યું, "જે કંઈ કામ હોય, તે માટે મારા એટર્ની મિ૦ પર્કરને ગ્રેઝ-ઈન મુકામે મળો. વેલ્લર, આ સદ્‌ગૃહસ્થને બારણું બતાવ."

પણ જૅક્સન તો ઊલટો પોતાનો ટોપો નીચે મૂકી, પોતાના બિસ્સામાંથી પેલા કાગળો કાઢવા મંડી ગયો. પછી જરા હસતાં હસતાં તેણે કહ્યું, "આવી કાયદાની બાબતમાં સાવચેતી ખાતર જ્યારે કાગળો પહોંચાડવાનો શિરસ્તો છે, બીજું કાંઈ નથી. બોલો, તો આ બેઠેલા-ઓમાં મિ૦ સ્નૉડગ્રાસ કોણ છે?"

આ પ્રશ્ન પૂછાતાં જ મિ૦ સ્નૉડગ્રાસ એવા ચોંકી ઊઠ્યા કે, વધુ પૂછપરછની જરૂર જ ન રહી. મિ૦ જૅક્સને એક કાગળ તેમના તરફ ધકેલ્યો અને તેના ઉપર શિલિંગ મૂકી દીધો : બાર્ડેલ એન્ડ પિક-વિક'ના મુકદ્દમામાં સાક્ષી તરીકે હાજર રહેવાનો આ તમારો 'સબપેન' અને આ તમારું ભથ્થું. મુકદ્દમો ચૌદમી ફેબ્રુઆરીએ ચાલશે એવી અપેક્ષા છે. તમારે ફરિયાદી તરફથી સાક્ષી આપવા આવવાનું છે."

પછી એ જ પ્રમાણે તેણે મિ૦ ટપમન અને મિ૦ વિંકલના હાથમાં સમન્સના કાગળ અને ભથ્થાનો શિલિંગ પકડાવી દીધા પછી જૅક્સને આજુબાજુ જોઈને મિ૦ પિકવિકને પૂછ્યું, "મારે તમને જરા તકલીફ આપવાની છે; મિ૦ સૅમ્યુએલ વેલર કોણ છે?"

મિ૦ પિકવિકે સૅમને બોલાવવા વેલ્લરને જણાવ્યું.

દરમ્યાન ગુસ્સે થઈ મિ૦ પિકવિકે જૅક્સનને પૂછ્યું, "તમારા શેઠો મને મારા મિત્રોની જુબાનીથી જ સજ્જ કરાવવા માગે છે, કેમ?"

પરંતુ મિ૦ જૅક્સને તો એવા સવાલોનો જવાબ આપવા પોતે બંધાયેલો નથી એવું જણાવતી ચેષ્ટા કરીને જણાવ્યું, "મને ખબર નથી; હું કહી શકતો નથી."

"તો પછી આ બધા સમન્સ મારા મિત્રો ઉપર શા માટે કાઢવા-માં આવ્યા છે?" મિ૦ પિકવિકે પૂછ્યું.

જૅકસને જવાબમાં એટલું જ કહ્યું, "તમે કોશિશ કરો તેમાં વાંધો નથી; પણ મારી પાસેથી કશું કઢાવી શકશો નહિ. ઉપરાંત એ બધું કહપવાનું અને તમને સમજાવવાનું કામ તમારા વકીલ પર્કરનું છે, અમારું નહિ."

મિ૦ પિકવિક ડૉડસન ઍન્ડ ફૅોગને માટે એક ગંભીર ગાળ ઉચ્ચારવા જતા હતા, તેવામાં સૅમ અંદર આવ્યો.

"સૅમ્યુઅલ વેલર કે?" જૅકસને પૂછ્યું.

"ઘણાં ઘણાં વરસો બાદ તમે જે એક વાત જો સાચી બોલ્યા હો, તો તે આ છે." સૅમે સ્વસ્થતાથી જવાબ આપ્યો.

"આ તમારે માટે 'સબપેન' છે."

"અંગ્રેજી ભાષામાં એનો શો અર્થ થાય છે, તે કહો!"

"અને આ શિલિંગ," પૂછેલા પ્રશ્નનો જવાબ ટાળીને જૅકસને કહ્યું; "એ શિલિંગ ડૉડસન ઍન્ડ ફૅોગ તરફથી મોકલવામાં આવ્યો છે."

"વાહ, મને ઓળખતા પણ નહી, ને ભેટ મોકલી, તે એ બહુ સારા માણસ કહેવાય. મને એમના તરફથી એ ભેટ મેળવ્યાનો બહુ આનંદ થાય છે. જ્યાં જ્યાં કશો ગુણ છે, ત્યાં ઓળખાણ વિના પણ આમ કદર કરનારા લોકો લંડનમાં તો શું પણ દુનિયામાં પણ શોધવા ન મળે. મને તો રડવું આવી જાય છે, સાહેબ," એમ કહી સૅમે તરત બાંય આંખોએ લગાડી.

જૅકસનને સૅમના બોલવાનો શો અર્થ કરવો તે ન સમજતાં તેણે ત્યાંથી ઝટપટ ચાલતી પકડી.

તે રાતે મિ૦ પિકવિકને બહુ થોડી ઊંઘ આવી. બીજે દિવસે સવાર થતાં જ તે સૅમને લઈને મિ૦ પર્કરની ઑફિસે દોડી ગયા.

રસ્તામાં તેમણે કેવળ મનની મૂંઝવણ દૂર કરવા જ સૅમ સાથે વાતો ઉપાડી. "સૅમ, દાવાની મુદત બીજે મહિને ૧૪મી તારીખની છે."

"બહુ ખેલ-દિલી કહેવાય."

"ખેલ-દિલી ? શી વાતની ?"

"કેમ, તે તો પ્રેમ-પત્રનો 'વેલેન્ટાઈન-દિન'* છે; એટલે તે જ દિવસે પરણવાના આપેલા વચનને ફોક કરવા બાબતની દાવાની મુદત હોવી, એ ખેલ-દિલી જ કહેવાય ને !"

મિ૦ પિકવિકમાં એ જવાબથી કશી રમુજ પ્રગટવાનાં ચિહ્નો ન જણાતાં, સૅમે મિ૦ પિકવિકની ગમગીની દૂર કરવા જ એક ઘર તરફ આંગળી કરીને કહ્યું, "સાહેબ એ મકાનમાં વિખ્યાત સૉસેજ-ફૅક્ટરી છે."

"વિખ્યાત વળી કેમની ?"

"કેમ સાહેબ, આ ફૅક્ટરીના માલિકે એવું અંજિન શોધી કાઢ્યું છે કે, તેની પાસે પથરો મૂકો તો પણ કુમળું બાળક હોય તેની પેઠે તેનું કચૂંબર કરી તેની સૉસેજ બનાવી દે. પણ તેની બૅયર કર્કશા હતી, સાહેબ. એક દિવસ પેલાએ બૅરીને ધમકાવીને કહ્યું, 'તું આમ ચલાવ્યે રાખીશ તો હું અમેરિકર જતો રહીશ.' તો બૅયર કહે કે, 'અમેરિકરના લોકોને તેમના એ કમનસીબ માટે હું અત્યારથી સહાનુભૂતિ પાઠવું છું.' એટલું કહી પછી તે કલાક સુધી બોલતી ને બબડતી રહી ને પછી ચીસો પાડવા માંડી ને ત્રણ કલાક બેભાનમાં રહી. વચ્ચે વચ્ચે તે બોલ્યા કરતી, 'આ માંટીડો મારો કાળ છે—મારો જીવ લેશે.' બસ બીજે દિવસે જ માટીડો ગેબ થઈ ગયો. કશું જ લીધા વગર ગયો હતો, કોટ પણ અહીં જ હતો એટલે અમેરિકર નહિ ગયો હોય એમ લાગતું હતું. પછી તો દહાડા ગયા ને અઠવાડિયાં પણ. પરંતુ, તે પાછો જ ન આવ્યો. મિસસે પરચા છપાવ્યા કે, જો તે પાછો આવશે, તો તેના બધા ગુના માફ કરવામાં આવશે, તથા તેને સારી રીતે રાખવામાં આવશે. છતાં તે પાછો ન જ આવ્યો એટલે તેને નાસી ગયેલો માનીને

* ૧૪મી ફેબ્રુઆરીનો દિવસ પ્રેમીઓનો દિવસ ગણાય છે. તે દિવસે પંખીઓ પોતાનો પ્રેમ-સાથી પસંદ કરે છે, એમ મનાય છે. પ્રેમ-સાથી પસંદ થયેલો હોય, તો તે દિવસે તેને પ્રેમપત્ર કે બીજી નિશાની મોકલવામાં આવે છે.

બાઈએ ધંધો ચાલુ રાખ્યો. એક શનિવારે રાતે કોઈ બુઢ્ઢો ઘરાક ગુસ્સામાં અહીં દુકાને આવ્યો ને કહેવા લાગ્યો કે, 'હું કંઈ બુટન ખાઈને કૂંધાઈ મરવા તમારે ત્યાંથી સૉસેજ ખરીદતો નથી. અને માંસ કરતાં બુટનનું પૂરણ કરવાનું સસ્તું પડે એમ પણ હું માનતો નથી.' એમ કહીને તેણે એક પડીકું કાઢી તેમાંથી વીસ–ત્રીસ બુટનનાં અડધિયાં બતાવ્યાં. પેલી બાઈ બોલી કે, 'એ તો મારા ધણીનાં કપડાંનાં બુટન છે.' પેલા બુઢ્ઢાએ પૂછ્યું, 'એ શી વાત છે?' બૈયરે કહ્યું, 'હવે સમજ્યું, મારો ધણી ગુસ્સામાં આવી જઈ માંસ કાપવાના અંજનમાં પેસી ગયો હશે કે પછી બીજી કોઈ રીતે તે અંજનમાં ખેંચાઈ ગયો હશે, એટલે તેની જ સૉસેજ બની ગઈ છે.' પેલો બુઢ્ઢો તો એ સાંભળી, ઊભકા ખાતો એવો તો નાઠો ને કે પછી કોઈ દિવસ આ દુકાનની સૉસેજ ખરીદવાનું કે ખાવાનું ભૂલી ગયો સાહેબ."

આ કિસ્સો પૂરો થયો ત્યાં સુધીમાં બંને જણ 'મિ૰ પર્કરના ચેમ્બર આગળ આવી પહોંચ્યા. ત્યાં બારણામાં મિ૰ પર્કરનો ગુમાસ્તો લૉટન એક કંગાળ માણસને એવું સમજાવી-પટાવીને વિદાય કરતો હતો કે, મિ૰ પર્કર અંદર છે જ નહિ. મિ૰ પિકવિકને એ શબ્દો સાંભળી નિરાશ થઈ પાછા વળતા જોઈ, લૉટને આંખ મિચકારી તેમને ઑફિસમાં અંદર આવવા કહ્યું.

પછી પેલાને બહાર કાઢી, બારણું બંધ કર્યા બાદ, લૉટને મિ૰ પિકવિકને કહ્યું, "આ દેવાળિયાનો કેસ હજુ ચાન્સરીમાં દાખલ થયે માત્ર ચાર વર્ષ થયાં છે, તેટલામાં તો અઠવાડિયામાં બે વખત પૂછવા આવે છે કે કેસ ક્યારે નીકળશે. એટલે મારે એને એમ કહીને કાઢવો પડે છે કે, મિ૰ પર્કર અંદર નથી. પણ તમારે માટે તો તે અંદર છે જ."

મિ૰ પર્કરે મિ૰ પિકવિકને જોતાં જ ડોડસન અને ફોગ વિષે ખબર પૂછ્યા, "આપણા એ હોશિયાર મિત્રોની શી ખબર છે? તેઓ ચૂપ તો બેસી નહિ જ રહ્યા હોય."

મિ૰ પિકવિકે જવાબમાં કહ્યું કે, "એ લોકો તો અવ્વલ નંબરના બદમાશો છે."

"ઠીક, ઠીક; એ તો અભિપ્રાયનો સવાલ છે, મારા સાહેબ. આપણે શબ્દોની પંચાતમાં કયાં ઊતરવા બેસીએ? તમે એ બધી બાબતો તરફ ધંધાદારી નજરે ભાગ્યે જોઈ શકો. ઠીક, પણ એક ખુશખબર કહેવાની કે આપણે સારંજટ સ્નબિનને આપણા કેસમાં રોકી લીધા છે."

"તે બહુ સારા માણસ છે?"

"સારા? અરે સાહેબ, અત્યારે અમારા ધંધામાં સારજંટ સ્નબિનનું નામ જ મોખરે છે. બધા કરતાં ત્રણ ગણું કામ એમને મળે છે. દરેક જણ દરેક કેસમાં તેમને જ રોકવા ઇચ્છે છે."

"ડોડસન એન્ડ ફ્રોગે મારા ત્રણ મિત્રો ઉપર સાક્ષી-સમન્સ બજાવ્યો છે."

"બરાબર છે; તમારા મિત્રોએ તમને પેલી નાજુક સ્થિતિમાં જોયા હતા, એટલે બોલાવે જ ને."

"પરંતુ પેલી મારા હાથમાં જાણી જોઈને બેભાન બનવાનો ઢોંગ કરીને પડી હતી," મિ૦ પિકવિકે ભારપૂર્વક જણાવ્યું.

"એમ જ હશે, એમ જ હશે, સાહેબ; પણ એ વાતનો પુરાવો શું? સામા માણસના મનમાં શું હતું તે તો કોણ દેખી શકે?"

"તેઓએ મારા નોકર ઉપર પણ સાક્ષી-સમન્સ બજાવ્યો છે."

"સેમ ઉપર?"

મિ૦ પિકવિકે ડોકું હલાવીને હા કહી.

"હું જાણતો જ હતો; એક વખત ધંધેદારીના હાથમાં કામ સોંપ્યા પછી, તમે સાહેબ, તમારી મરજીમાં આવે તેમ કારવાઈ કરવા જાઓ, તો પછી પરિણામ તમારે ભોગવવું જ રહ્યું." મિ૦ પર્કરે કહ્યું.

"પણ મારા નોકર પાસેથી તેઓ મારી વિરુદ્ધનું શું કઢાવવા માગતા હશે?"

"કેમ, સાહેબ, તમે તેને ફરિયાદીને ઘેર કંઈક સમાધાનનો રસ્તો કાઢવાનું કહેણ લઈને મોકલ્યો હતો ને? જોકે, તેઓ સેમ પાસેથી કશું વિશેષ કઢાવી શકે, એમ મને લાગતું નથી," મિ૦ પર્કરે હસતાં હસતાં જણાવ્યું.

"ખરી વાત, તેની પાસેથી તેઓને કશું ફાયદાનું નહિ મળે," મિ૦ પિકવિકે પણ હસતાં હસતાં જવાબ આપ્યો; "પણ આપણે હવે કયો રસ્તો લેવાનો છે?"

"આપણે તો તેમના સાક્ષીઓની ઊલટ-તપાસ કરવી જોઈએ, અને તેમની પાસેથી આપણા લાભનું કહેવરાવવું જોઈએ. આપણે એ બાબતમાં સ્નબિનના વકતૃત્વ ઉપર આધાર રાખવાનો, ન્યાયાધીશની આંખમાં ધૂળ નાખવાની, અને જ્યૂરીને આપણી તરફેણમાં ખેંચી લેવાની."

"અને ધારો કે ફેંસલો મારી વિરુદ્ધમાં ગયો, તો?"

મિ૦ પર્કરે જવાબમાં ચૂપ રહી તપખીરનો મોટો સડાકો ખેંચ્યો.

"એટલે કે, એમ થાય તો મારે પેલીએ માગેલી નુકસાની ચૂકતે કરી આપવાની, ખરું?"

"મને લાગે છે કે, એમ કરવું પડે ખરું," મિ૦ પર્કરે જરૂર વગર દેવતા સંકોરતાં કહ્યું.

"તો હું તમને જણાવી દેવા માગું છું કે, તેણે માગેલી નુકસાનીમાંથી એક પેની પણ હું ચૂકતે કરવાનો નથી. મારા પૈસામાંથી એક પાઉન્ડ કે એક પેની ડૉડસન ઍન્ડ ફૅોગના ખિસ્સામાં જાય, એ વસ્તુ મારાથી સહન જ નહિ થાય. એ મારો આખરી અને અફર નિરધાર છે," એમ કહી, મિ૦ પિકવિકે મેજ ઉપર એક જોરદાર થપાકો માર્યો.

"ભલે, સાહેબ, ભલે, તમારું હિત તમે જ વધુ સારી રીતે વિચારી શકો; એમાં મારે શું કહેવાપણું હોય?"

"પણ, પણ સારજંટ સ્નબ્બિનનું કેકાણું શું?" મિ૦ પિકવિકે જલદીથી પૂછ્યું.

"ઓલ્ડ સ્કવેર, લિંકન્સ ઈન," મિ૦ પર્કરે જવાબ આપ્યો.

"મારે તેમને મળવું છે,"

"સારજંટ સ્નબ્બિનને મળવું છે? વાહ સાહેબ, એ વાત તો આજે જ પહેલી વાર સાંભળી. એ વસ્તુ તદ્દન અશકય છે. પહેલેથી મુલાકાતની ફી ભરીએ અને વખત માગીએ, ત્યાર પછી તેમની સાથે મળી શકાય. એ વાત કદી બની શકે તેમ નથી, સંભવિત જ નથી, સાહેબ."

પરંતુ મિ૦ પિકવિકે સારજંટ સ્નબ્બિનને મળવાનો એવો જ અટળ નિર્ણય જાહેર કર્યો; એટલે દશ મિનિટ બાદ જ મિ૦ પર્કર તેમને મહાન સારજંટ સ્નબ્બિનની ઑફિસની બહારના ભાગમાં લઈ આવ્યા.

"સારજંટ તેમના કમરામાં છે, મિ૦ મલાર્ડ?" મિ૦ પર્કરે પોતાની તપખીરની દાબડી છેક જ વિનય સાથે ગુમાસ્તા સામે ધરતાં પૂછ્યું.

"હા, છે; પણ બહુ કામમાં છે. જુઓને, આટલા કેસો અહીં પડયા છે; તેમાંના એકેની ઉપર તેમણે હજુ પોતાનો અભિપ્રાય આપ્યો નથી, જોકે 'ઉતાવળ' કરવા માટેની સ્પેશિયલ ફી ભરવામાં આવી છે, તો પણ."

"એનું નામ તે ધીકતી પ્રૅકિટસ," મિ૦ પર્કરે પેલાએ તપખીર તેમની દાબડીમાંથી ચપટી ભરી એટલે રાજી થતાં કહ્યું.

"અને મારા સિવાય કોઈ સારજંટના હસ્તાક્ષર વાંચી શકતું નથી, એટલે તેમના અભિપ્રાય લખાઈ જાય, તો પણ હું નકલ તૈયાર ન કરું ત્યાં સુધી બધાને રાહ જોવી પડે, હા–હા–હા!" મલાર્ડે ઉમેર્યું.

મિ૦ પિકવિકને આ વાર્તાલાપ જરાય ગમ્યો નહિ. મિ૦ પર્કરે હવે મલાર્ડ તરફ જોઈને કહ્યું, "મારી ફીની જે રકમો ચૂકવવાની છે, તેની યાદી તમે મને તૈયાર કરી આપજો એટલે હું ચેક મોકલાવીશ.

પણ તમને ખીસામાં મૂકવાનું રોકડ જ એટલું બધું મળતું હોય છે કે યાદી તૈયાર કરી ઉધરાણી કરવાની ફુરસદ જ નહિ મળતી હોય, હા–હા–હા!"

આટલું કહી મિ૦ પર્કરે મલાર્ડને બાજુએ આવવા નિશાની કરીને કહ્યું, "મિત્ર, મારે અને મારા અસીલને સારજંટને મળવું છે; તો તમારે ગમે તેમ કરીને એ ગોઠવણ કરી આપવાની છે."

"વાહ, વાહ, સારજંટને મળવું છે? એ તે કંઈ વાત છે!" મલાર્ડ એમ ના કહેતો ગયો, પણ મિ૦ પર્કરની પાછળ પાછળ તો ગયો જ.

એક અંધારિયા ખૂણામાં થોડી ગુસપુસ ચાલ્યા પછી મલાર્ડ એક કમરામાં ગયો અને થોડી વાર પછી બહાર નીકળી મિ૦ પિકવિકને અંદર લઈ ગયો.

અંદર સારજંટ કંઈક લખવા બેઠા હતા. મિ૦ પર્કરે મિ૦ પિકવિકની ઓળખાણ કરાવી ત્યારે તેમણે બેધ્યાનપણે માથું નમાવ્યું અને પછી તે લોકોને બેસવા નિશાની કરીને પોતાની કલમ બાજુમાં ટેકવી દીધી.

"મિ૦ પિકવિક 'બાર્ડેલ અને પિકવિક' વાળા મુકદ્દમામાં આરોપી છે, સારજંટ સ્નબિન," મિ૦ પર્કરે કહ્યું.

"મને એ મુકદ્દમામાં રોકવામાં આવ્યો છે, કેમ?" સારજંટે પૂછ્યું.

"હા, જી." પર્કરે જવાબ આપ્યો.

સારજંટે ડોકું ધુણાવ્યું અને પછી વધુ જે કંઈ કહેવામાં આવે તે સાંભળવા ઇંતેજારી દેખાડી.

"મિ૦ પિકવિક આપને મળીને એમ જણાવવા માગે છે કે, તેમની સામેનો આક્ષેપ તદ્દન જૂઠો છે, અને કેવળ ઉપજાવી કહાવવામાં આવ્યો છે. તે એમ પણ કહેવા માગે છે કે, પોતે તદ્દન નિર્દોષ છે

એની ખાતરી હોવાથી જ અદાલતમાં રજૂ થઈ પોતાનો બચાવ કરવા વિચારી રહ્યા છે; નહિ તો તે રજૂ થાત જ નહિ."

"મિ૦ પિકવિક સાક્ષીઓ રજૂ કરવાના છે?" સારજંટે પૂછયું.

"ના, જી," મિ૦ પર્કરે જવાબ આપ્યો.

સારજંટે તરત જ જરા હસી, ખુરસીની પીઠને અઢીંગણ દીધું.

મિ૦ પિકવિક સારજંટના મનમાં ઊભી થયેલી પોતાની નિર્દોષતા વિષેની શંકા તરત સમજી ગયા. એટલે મિ૦ પર્કરના મનાઈસૂચક આંખમીંચકારા અને ઘુરકાટ છતાં, તે સારજંટને ઉદ્દેશીને બોલવા લાગ્યા, "સાહેબ, આપના ધંધાના લોકોને માનવ સ્વભાવની હીણી બાજુઓનો જ વિશેષ પરિચય હોવાથી, તથા નિર્દોષ તથા ગુનેગાર બંને જણ પોતાની નિર્દોષતા સાબિત કરવા જ ઇચ્છતા હોવાથી, અને વકીલ તરીકે આપ લોકોને સાચા કે ખોટા બંને પ્રકારના કેસોમાં ઊભા રહેવાનું આવતું હોવાથી, જે કંઈ વાત આપની આગળ રજૂ કરવામાં આવે, તેના ઉપર શંકાની નજરથી જ જોવાની ટેવ પડી હોય છે. એટલે આપની આગળ હું ગમે તેટલો નિર્દોષ છું એમ સમજાવવાનો પ્રયત્ન કરીશ, તો પણ આપને એ વાત ઉપર વિશ્વાસ કરવાનું જરા પણ મન નહિ થાય, એ હું જાણું છું. તેમ છતાં, હું એમ ભારપૂર્વક આપને એની ખાતરી કરાવવા જ અહીં આવ્યો છું કે, હું આ કિસ્સામાં તદ્દન નિર્દોષ છું; અને એ ખાતરીથી જ આપ આપની બધી શક્તિ આ કેસમાં રેડજો, અને એમ કરવામાં આપે કેવળ સત્યનો પક્ષ લીધો હોવાનો આત્મસંતોષ ધારણ કરજો."

પણ મિ૦ પિકવિક તેમનું કહેવાનું પૂરું કરે, તે પહેલાં કેટલાય વખતથી સારજંટ તે પ્રત્યે બેધ્યાન બની ગયા હતા, તે આંખોવાળા કોઈને પણ દેખાઈ આવે તેમ હતું. એટલે મિ૦ પિકવિક બોલતા બંધ પડયા ત્યાર પછી કેટલીક વારે જ્યારે સારજંટ સ્નબિનને ભાન આવ્યું કે, પોતાના અસીલો સામે ઊભા છે, ત્યારે તેમણે એટલું જ પૂછયું, "આ કેસમાં મારી સાથે કોણ ઊભું રહેવાનું છે?"

"મિ૦ ફૂંકી, સારજંટ સ્નબિન," પર્કરે જવાબ આપ્યો.

"ફૂંકી, ફૂંકી, એ નામ મેં કદી સાંભળ્યું હોય એમ લાગતું નથી. તે કોઈ નવો માણસ હોવો જોઈએ."

"હાજી, તદ્દન નવો માણસ જ છે; પ્રેક્ટિસ શરૂ કર્યે આઠ વર્ષ માંડ થયાં હશે."

"મિ૦ મલાર્ડ, જરા મિ૦—મિ૦—"

"ફૂંકી, હોલબૉર્ન કોર્ટ, ગ્રેઝ-ઈન," પર્કરે વચ્ચે જ કહ્યું. "હા, મિ૦ ફૂંકીને કહો કે, એક મિનિટ અહીં ઊભાઊભ આવી જાય," સારજંટ સ્નબિને વાકય પૂરું કર્યું.

બૅરિસ્ટર તરીકે ફૂંકી આ મહારથીઓ સમક્ષ ગમે તેવું બાળક ગણાતો હશે, તોપણ તે ખાસો પ્રૌઢ માણસ હતો. બોલવા-ચાલવામાં તે જરા સંકોચ દાખવતો હતો; અને એ વસ્તુ તેને સાધનોને અભાવે કે પૂરતી ધૃષ્ટતા કે ઠોકણુવિદ્યા આવડતી ન હોવાને કારણે 'દબાઈ' રહેવું પડતું હોવાનું જ પરિણામ હતી.

તે આવતાં જ સારજંટે તેને પૂછયું, "મેં કદી તમને પહેલાં હોય એમ લાગતું નથી ખરું?"

મિ૦ ફૂંકીએ નમ્રતાથી હકારસૂચક નમન કર્યું. સારજંટે ભલે તેમને નહિ જોયા હોય, પણ તેમણે તો સારજંટને ઘણી વાર જોયા હતા. તથા આઠ આઠ વર્ષથી આશામાં ને આશામાં કંગાળ સગાંની જેમ તે તેમની આસપાસ ફર્યા કરતા હતા!

"આ કેસમાં તમે મારી સાથે ઊભા રહેવાના છો, ખરું?" સારજંટે પૂછયું.

જો મિ૦ ફૂંકી તવંગર માણસ હોત, તો એ વસ્તુ યાદ કરાવવા તેમણે તરત પોતાના કારકૂનને બોલાવવા મોકલ્યો હોત; અને જો તેમનામાં ડહાપણ હોત, તો તેમણે આંગળી કપાળે અડાડી, યાદ કરવા પ્રયત્ન કર્યો હોત, જેથી પોતાનાં અનેક રોકાણોમાં આવી એક

વિગત યાદ રાખવી અશકય છે, એમ સાબિત કરી શકત. પણ તેમણે તો તરત હકારમાં જવાબ આપી દીધો.

"તમે બધા કાગળો વાંચી ગયા છો?" સારજંટે પૂછયું.

આ પ્રશ્ન વખતે પણ મિ૦ ફેંકાએ એવો દેખાવ કરવો જોઈતો હતો કે, પોતે અનેક રોકાણોમાં એ કેસની બધી વિગતો ભૂલી જ ગયા છે; પરંતુ મિ૦ ફેંકાએ તો આ કેસમાં તેમને રોકચા પછી, એ કાગળો તો શું પણ એ દાવા અંગે પ્રસ્તુત એવું બીજું ઘણું શોધી શોધીને વાંચ્યું હોવાથી તથા રાત અને દિવસ તેનો જ વિચાર કર્યા કર્યો હોવાથી તેમણે ઝટ દઈને કબૂલ કરી દીધું કે, પોતે બધા કાગળો બરાબર વાંચ્યા છે.

"આ મિ૦ પિકવિક છે, તેમને બહાર લઈ જઈ તમે તેમની સાથે વાતો કરી લો, અને પછી આપણે અલબત્ત, કેસ નીકળે તે પહેલાં એ બધું વિચારવા મળીશું જ," એમ કહી સારજંટે સૌને બહાર ચાલ્યા જવા સૂચન કર્યું.

અને બધા એ સૂચન સમજી જઈ, બહાર નીકળ્યા એટલે તરત સારજંટે પોતાની સામે ટેબલ ઉપર પડેલા કાગળોમાં પાછું મન પરોવ્યું. એ કાગળો એક વ્યક્તિને લગતા હતા, જે એક સૈકા પહેલાં મરી ગઈ હતી. પણ જ્યાંથી કોઈ આવતું નહોતું એવી જગાએથી નીકળતો અને જ્યાં કોઈ જતું નહોતું એવી જગાએ પહોંચતો રસ્તો તેણે બંધ કરી દીધો હતો, તેમાંથી એ કેસ ઊભો થયો હતો.

મિ૦ ફેંકાએ તો મિ૦ પિકવિકને લાંબા વખત સુધી પૂછપરછ કરીને બધી વાત બરાબર સમજી લીધી, તથા પોતે એ કેસની વિગતોથી કેટલો બધો પરિચિત છે, તેનો પરચો તરત બતાવી દીધો. પછી તેમને મિ૦ પર્કર સાથે પણ લંબાણ વાત થઈ, જેનો કુલ નતીજો એટલો નીકળતો હતો કે, ફેંસલો કઈ તરફ આવે, તે તો હરગિજ કહી શકાય તેમ નહોતું; પણ આપણે સારજંટ સ્નબિનને પહેલેથી રોકી લીધા, એ બહુ સારી વાત કરી હતી.

## ૩૩

# મેડિકલ સાળો—બનેવી

મિ૦ વૉર્ડલને ત્યાં આપણી મંડળીના મિત્રોને મળેલી આરા-બેલા ઍલનના ભાઈ બૅન્જામિન ઍલને પોતાની બહેન માટે નક્કી કરી રાખેલ પતિ બૉબ સૉયરે મિ૦ પિકવિક તથા તેમના મિત્રોને જે દિવસે પોતાના બીજા દોસ્તો સહિત પોતાને ત્યાં મુલાકાતે આવવા નિમંત્રણ આપ્યું હતું, તે દિવસે વહેલી સાંજે મિ૦ બેન ઍલન અને મિ૦ બૉબ સૉયર અંગીઠીની એક બાજુ બેઠા બેઠા વિમાસણમાં પડ્યા હતા. પાર્ટી માટેની તૈયારીઓ પૂરી થઈ હતી; છતાં બૉબ સૉયરના મોં પર ગમગીનીની ઘેરી છાયા ઘેરાયેલી દેખાતી હતી. તેની અસર મિ૦ બેન ઍલન ઉપર પણ પડતી જતી હતી. તે સહાનુભૂતિભર્યા અવાજે બોલ્યો—

"આજે જ એ બાઈને ભાડાની ઉઘરાણી માટે ખાટા થવાનું મુહૂર્ત આવ્યું, એ કમનસીબ બીના છે; આવતી કાલ સુધી પોતાની ઉઘરાણી તે મુલતવી રાખી શકી હોત."

"એ જ માનવ પ્રાણીની મૂળભૂત દુષ્ટતા છે ને?" બૉબે જવાબ આપ્યો; "તે કહે કે, પાર્ટી આપવાના પૈસા મળે છે, તો ઉઘરાણીનું નાનું સરખું બિલ ચૂકવતાં શું થાય છે? અથવા ભાડું પહેલું પતવી, પછી પાર્ટીની બ્નેગવાઈ કરતાં પણ શું જતું રહેવાનું હતું? આ તે કંઈ પ્રશ્ન છે? અને તેનો જવાબેય શું હોઈ શકે, ભલા?"

"કેટલું બિલ ચડ્યું છે?"

"સવા મહિનાનું, માંડ."

બેન એલન એ સાંભળી, જરા ઉધરસ ખાઈ, દેવતા સંકોરવા લાગ્યો. કારણ કે, આ તરફના લત્તાઓમાં ભાડાં વસૂલને બદલે ડૂલ વધુ થતાં હોય છે; એટલે અઠવાડિયે અઠવાડિયે જ ભાડું વસૂલ કરાતું હોય છે. તેણે કહ્યું,

"પણ બધા આવે તે વખતે જ એ બાઈ ને ધાંધલ મચાવશે, તો કેવો વરવો દેખાવ થશે?"

"ભયંકર, અલબત્ત, ભયંકર," બૉબ બોલ્યો.

પણ તે જ ઘડીએ બૉબના કમરાની માલિકણ (કારણ કે આ મકાનમાં ભાડવાતોને પણ પેટા ભાડવાત રાખવા પડતા,) ની દાસી ટકોરા મારી અંદર આવીને બૉબને કહી ગઈ કે, મિસિસ રેડલ અબઘડી તમારી સાથે વાત કરવા માગે છે.

પણ પેલી એ કહીને પાછી ફરે તે પહેલાં તો મિસિસ રેડલ અંદર આવીને ઊભી જ રહી.

"જુઓ મિ૦ સૉયર, મારો મકાનમાલિક ભાડું લેવા નીચે જ આવીને ઊભો છે; માટે મને તમે તમારા ચડેલા ભાડાના પૈસા સમજી જઈને અબઘડી આપી દો."

"તમને કોઈ પ્રકારની અગવડમાં મૂકવા બદલ હું દિલગીર છું, પણ મારાથી —"

"સગવડ-અગવડનો સવાલ જ નથી; મારે પણ લઈને સીધું મકાનમાલિકને જ આપવાનું છે. ઉપરાંત તમે આજની બપોરે ભાડું ચૂકતે કરવાનું વચન આપ્યું હતું. મારા આ કમરામાં ભાડે રહેવા આવી ગયેલા અને આવતા બધા એકવચની સદ્‌ગૃહસ્થો જ હતા અને હોય છે; અને તમારે એ બાબતમાં સૌથી જુદા પડવાની કશી જરૂર નથી. કોઈ પણ સદ્‌ગૃહસ્થ કહેવરાવનારો માણસ ખોટા વાયદા ન કરે, એ તો સમજો છો ને?"

"હું દિલગીર છું, મિસિસ રેડલ, પણ વાત એમ છે કે હું સીટીમાં ગયો હતો ત્યાંથી મને પણ નિરાશા જ સાંપડી છે." બૉબે

જવાબ આપ્યો. એ 'સીટી' વસ્તુ કંઈક વિચિત્ર જ હોય છે; રોજ કેટલા બધા માણસો ત્યાં નિરાશ જ થતા હોય છે.

"પણ મિ૰ સૉયર, એ વાતને ને મારે શી લેવા દેવા છે? મને મારું ભાડું આપી દો, એટલે બસ! રોજ રોજ વાયદો કરનાર અને તોડનાર માણસને હું મારું મકાન અને તેમાં નાસ્તાની મફત સગવડ આપવા માગતી નથી, સમજ્યા? તમારા જેવા હંમેશ ધૂમાડો ફૂંકચા કરતા તથા દાઢ ઢીંચ્યા કરતા લોફરોને માટે હું મારી જિંદગીનાં વીસ વીસ વર્ષથી કામ કરી કરીને તૂટી જવા માગતી નથી, સમજ્યા?"

"અરે, અરે, આ શું બોલો છો—" મિ૰ બેન્જામિન ઍલન વચ્ચે પડવા ગયા.

"જુઓ મહેરબાન, તમારા શબ્દો તમારી પાસે રાખી મૂકો; તમને આ વાતમાં વચ્ચે બોલવાનો કશો અધિકાર છે, એમ હું માનતી નથી. મેં આ કમરો તમને ભાડે આપેલ છે, એવી મને ખબર નથી."

"ના રે ના, મને એ સહ્‌ભાગ્ય સાંપડયું નથી."

"તો પછી તમારું સહ્‌ભાગ્ય હૉસ્પિટલમાં લોકોના હાથ-પગ તોડવા પૂરતું જ મર્યાદિત રાખો; નહિ તો પછી જોયા જેવી થશે."

"તમે કેવાંક આડાં પ્રાણી છો,—" મિ૰ બેન્જામિન ઍલન બોલવા ગયા.

"શું બોલ્યો, જુવાનિયા? એ શબ્દ ફરીથી બોલ જોઉં!"

"મેં એ શબ્દ તેના ખરાબ અર્થમાં નહોતો વાપર્યો, મૅડમ."

"ના, ના; પણ તું પ્રાણી કોને કહે છે? તેં એ શબ્દ મારે માટે વાપર્યો હતો? હા વાપરે જ ને; જેનો ધણી જનવરની પેઠે દાદર નીચે ટૂંટિયું વાળીને ઘોર્યા કરે, અને જે પોતાની બૈરીને આવા વાઢકાપ કરનારા અને મડદાં ચૂંથનોરા હરામજાદાઓના ઓરડામાં એકલી મોકલે, તે સ્ત્રીને બીજી શી આશા રાખવાની હોય? (ડૂસકાં) એ નમાલો, નામર્દ, માટીડો — હજુ દાદર ચડીને ઉપર આવે છે?" આટલું બોલી મિસિસ રેડલ પોતાના પતિને પોતે મારેલાં ટોણાંથી

પાણી ચડયું કે નહિ, તે જાણવા જરા થોભ્યાં, પરંતુ નીચેથી આવતો કશો અવાજ ન સંભળાતાં તે જલદી જલદી દાદર ઊતરી ગયાં અને માર્ગમાં જે ચીજ આવી તેને ઠેબે ચડાવવા તથા પછાડવા લાગ્યાં.

તે જ વખતે બારણે ટકોરા પડયા, અને મિ૦ પિકવિક અને તેમના ત્રણ મિત્રો, પેલી જ નોકરડીએ બતાવેલા બૉબ સૉયરના કમરામાં આવી પહોંચ્યા.

સૌનો અરસપરસ ઓળખાણ-વિધિ કે આવકાર-વિધિ પૂરો થયો ને બાકી રહેલા બૉબના બીજા મેડિકલ નિમંત્રિતો પણ આવી પહોંચ્યા.

જૅક હૉપકિન્સ જરા મોડો આવ્યો હતો એટલે બૉબે તેને સહેજે કારણ પૂછ્યું. તેણે જવાબ આપ્યો — "હૉસ્પિટલના અકસ્માત-વિભાગમાં એક સરસ અકસ્માત આવી ગયો, એટલે જરા મોડું થયું."

"કેવી જાતનો અકસ્માત હતો?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"ચોથા મજલાની બારીમાંથી એક માણસ પડી ગયો હતો;- બહુ સારો કેસ છે; સરસ," મિ૦ હૉપકિન્સે જવાબ આપ્યો.

"એટલે કે દરદી સાજો થઈ જશે એ અર્થમાં સારો કેસ છે?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"ના, ના; દરદી તો સાજો થવાની કે જીવતો રહેવાની અપેક્ષા જ નથી. પણ કાલે સ્લૅશરને હાથે સરસ ઑપરેશન જોવાનું મળશે, એ અર્થમાં હું તો કહું છું."

"મિ૦ સ્લૅશર બહુ કુશળ સરજન ગણાય છે?"

"જીવતા બધામાં શ્રેષ્ઠ! ગયે અઠવાડિયે જ તેમણે એક છોકરાના સાંધામાંથી પગ કાઢી લીધો; છોકરો તે દરમ્યાન પાંચ સફરજન અને એક જિંજર-બ્રેડ-કેક ઉડાવી ગયો. ઑપરેશન પતી ગયા પછી બે મિનિટ બાદ છોકરો કહેવા લાગ્યો, 'મારે ઘેર જવું છે; હું રમકડું હોઉં એમ અહીં બધાં મને જોવા ટોળે મળે છે. નહીં જવા દો, તો મારી બાને કહી દઈશ!'"

"વાહ; એનું નામ તે ઑપરેશન!" મિ૦ પિકવિકે નવાઈ પામીને કહ્યું.

"પણ એ ઑપરેશન તો કંઈ જ નથી; એમાં કશી મોટી વાત છે, બૉબ?" હોપકિન્સે પૂછ્યું.

"ના રે ના; એ તો નજીવું ઑપરેશન કહેવાય."

"ખરો 'અકસ્માત' તો ગઈ કાલ રાતે આવ્યો હતો; એક બાળક છોકરો આખો નેકલેસ ગળી ગયો હતો."

"શું ગળી ગયો હતો?" મિ૦ પિકવિકે વચ્ચે જ પૂછ્યું.

"એક આખો નેકલેસ! એની સાથે નહીં જ; એનાં માબાપ ગરીબ માણસો છે. એ છોકરાની મોટી બહેન એક નેકલેસ ખરીદી લાવી: સામાન્ય નેકલેસ; લાકડાના કાળા મણકાનો દોરાથી પરોવીને બનાવેલો. છોકરાને નેકલેસ બહુ ગમી ગયો; તેણે તે સંતાડી દીધો. પછી સંતાડેલી જગ્યાએ જઈને તે નેકલેસ સાથે રમવા લાગ્યો. રમતમાં તેણે દોરો કાપી નાખ્યો; મણકા છૂટા થઈ ગયા. તેણે તે દિવસે એક મણકો ગળી લીધો; તેને બહુ મજા પડી. પણ બીજે દિવસે તે બે મણકા ગળી ગયો; ત્રીજે દિવસે ત્રણ મણકા; એમ અઠવાડિયામાં તો તે પૂરા પચીસે મણકા ગળી ગયો. તેની મોટી બહેને તો નેકલેસ ખોવાવાથી રડી રડીને આંખો લાલ કરી દીધી. એક વખત બધા વાળુ કરવા બેઠા હતા, તે વખતે પેલો છોકરો નીચે રમતો હતો. બાપે ધમકાવીને કહ્યું, 'અલ્યા આટલો ખડખડાટ કેમ કરે છે?' છોકરાએ જવાબ આપ્યો, 'હું કંઈ કશું કરતો નથી.' પણ છતાંય ખડખડાટ ચાલુ રહ્યો, એટલે બાપે છોકરાને જમીન ઉપરથી મારવા ઉપાડ્યો. તે વખતે તો એટલો બધો ખડખડાટ થયો કે, જાણે મકાનનું લક્કડકામ તૂટતું-ફૂટતું હોય! બાપ નવાઈ પામી પૂછવા લાગ્યો, 'અલ્યા આ શું ખખડે છે?' પેલા છોકરાએ ત્યારે કબૂલ કર્યું કે, એ તો પેલા નેકલેસના મણકા ખખડે છે. 'કયાં ખખડે છે?' બાપે પૂછ્યું. 'મારા પેટમાં', છોકરાએ જવાબ આપ્યો. એ છોકરાને તરત બાપ

હૉસ્પિટલમાં લઈ આવ્યો. પણ ત્યાંય તે ચાલે છે ત્યારે ગાડું પથરા ઉપર થઈને જતું હોય તેવો ખડખડાટ થયા જ કરે છે. એટલે બીજા પેશંટોને ડખલ ન થાય તે માટે તેને મોટા ઓવરકોટમાં વીંટી રાખે છે.''

મિ૰ પિકવિક તો એ કિસ્સો સાંભળી દિગ્મૂઢ થઈ ગયા; અને મેડિકલ-દુનિયાની અજાયબીઓનું જ્ઞાન વાગોળવા લાગ્યા.

પછી તો બાકીના આમંત્રિતો આવી રહેતાં પત્તાંની રમત શરૂ થઈ, અને સાથે સાથે પીવાનું.

રમત દરમ્યાન જોકે બે આમંત્રિતો વચ્ચે મારામારીનો સોદો આવી ગયો. પણ બધું શાંતિથી પતાવી, હિસાબ ચૂકતે કરી, પછી વાળુનું મંગાવવામાં આવ્યું. વાળુની તૈયારી પણ અધૂરી જ હતી; કોઈ બાબતમાં કશા ઢંગ જ ન હતા.

પરંતુ વાળુનું પત્યા પછી ધૂમ્રપાન અને મદ્યપાન જેવી અગત્યની બાબતો શરૂ થઈ.

બ્રાન્ડી માટે નોકરડી પાસે ગરમ પાણી મંગાવવામાં આવ્યું, તો તેણે જણાવ્યું કે, મિસિસ રેંડલ રસોડામાં આગ ઓલવી, ચાવી મારીને પોઢી ગયાં છે. એટલે પછી ઠંડા પાણીથી ચલાવવામાં આવ્યું.

મદ્યપાન ચાલતું હતું તે દરમ્યાન પેલા બે ઝઘડાળુઓએ પાછો પોતાનો ઝઘડો શરૂ કર્યો. બંને જણ અમીર-ઉમરાવની પેઠે દ્વંદ્વયુદ્ધનો પડકાર આપી બેઠા. પણ પછી શાંત થયા અને અતૂટ મિત્રતાની શુભેચ્છામાં પ્યાલીઓ ચડાવવા લાગ્યા.

પછી એક જણને ગાવાનું તાન ચડયું એટલે બીજાને પણ ચડયું અને પછી તો ઘણાને ચડયું.

એ ધૂમાધૂમથી જાગી ઊઠેલી મિસિસ રેંડલ ઉપર દોડી આવી; તેણે 'ભાડું આપ્યા વિના આખું ઘર ધમાચકડી અને ધૂમાધૂમથી રાતના બે વાગ્યે તોડી પાડવાની તૈયારી કરનારા હરામજાદાઓ' કહીને, એ લોકોને હાંકી કાઢવા, ઉપરને માળ પોઢેલા પોતાના પતિને હાકલ કરી.

પતિએ પથારીમાં પડચાં પડચાં ઘૂમ પાડી, "શરમાઓ, ભાઈ જરા શરમાઓ."

મિસિસ રૅડલે પતિને નામર્દનું બિરુદ ચોપડીને જણાવ્યું કે, "બાયલાની પેઠે પથારીમાં પડચા પડચા શું રુદન કરો છો? બહાર આવીને આ બધાને કાન પકડીને બહાર ફેંકો તો મરદ ખરા."

"પણ હું એકલો છું, અને તેઓ મારા કરતાં સંખ્યામાં વધારે છે," પતિએ કરુણ અવાજે જવાબ આપ્યો.

"ધત્ કાયર! પણ તમે મિ૰ સૉયર આ બધાને અબઘડી વિદાય કરો છો કે નહિ?"

"તેઓ જાય જ છે; અબઘડી જાય છે," એમ કહી બૉબે સૌ મિત્રોને 'મહેરબાની કરી' વિદાય થવા વિનંતી કરી.

પણ હૉપકિન્સે ઉપર જઈ, પેલા પતિને ફટકારવા તૈયારી બતાવી; એટલે બૉબે તેને જ જલદી વિદાય થઈ જવા આગ્રહ કર્યો.

થોડી વાર પછી મિસિસ રૅડલ પાછી આવી અને મિ૰ પિકવિક વગેરે ધીમે ધીમે ઊઠતા હતા તેમના ઉપર જ તૂટી પડી: "કોણ જાણે ભામટાઓ, શું કરવા અહીં ભેગા થયા થયા છે તે! અને આ તો એ છોકરાઓનો બાપ થાય તેવો ડચરો છે, તોપણ નાના છોકરાઓ જોડે ઢીંચીને હાહા-હીહી કરતાં શરમાતો પણ નથી."

મિ૰ પિકવિકે કંઈક ખુલાસો કરવા વિચાર કર્યો પણ પછી તેમણે જલદી એ ઘરમાંથી બહાર નીકળી જવામાં જ ડહાપણ માન્યું.

બેન્જામિન ઍલન મિ૰ પિકવિક વગેરે સાથે લંડન બ્રિજ સુધી સુધી ચાલતો આવ્યો. દરમ્યાન મિ૰ વિંકલને પસંદ કરીને એક ગુપ્ત વાત તેમના કાનમાં તેણે સંભળાવી દીધી કે, મારી બહેન આરાબેલાના પ્રેમ માટે મારા મિત્ર મિ૰ બૉબ સૉયર સિવાયના બીજા કોઈ પણ ઉમેદવારનું ગળું અબઘડી કાપી નાખવા તે તૈયાર છે.

પણ આટલું બોલતાં બોલતામાં તો તે રડવા મંડચો અને પાછો હસવા માંડચો. તેને જરા વધારે પડતો ચડચો હતો.

## ૩૪

# સૅમનો પ્રથમ પ્રેમ-પત્ર

મિસિસ બાર્ડેલવાળો દાવો ૧૪મી ફેબ્રુઆરીએ નીકળવાનો હતો. તેને આગલે દિવસે સવારથી મિ૦ પિકવિકે સૅમને મિ૦ પર્કરને ત્યાં ફેરા ખવરાવવા માંડ્યા. કામ કશું ખાસ ન હોય; પરંતુ પહેલી જ વાર અદાલતમાં હાજર થવાનું હોઈ, મિ૦ પિકવિક થોડી થોડી વારે ચિઠ્ઠી લખીને પૂછાવતા : "વહાલા પર્કર, બધું ઠીક ચાલે છે ને?" અને મિ૦ પર્કર પણ અચૂક જવાબ વાળતા, "વહાલા પિકવિક, ચાલી શકે તેટલું સરસ ચાલે છે." જોકે, બીજે દિવસે સવારે જ કેસ ચાલવાનો હોઈ, આગલે દિવસે ઠીક કે અ-ઠીક કશું ચાલવાનું જ ન હોય, એ કોઈ પણ માણસ સમજી શકે.

બપોરના બે સુધી સૅમે આમ મિ૦ પર્કરને ત્યાં ધક્કા-ફેરા ખાધા કર્યા. સૅમ પણ એવો ઉત્સાહી અને ખુશમિજાજ નોકર હતો કે, તે હસતે મોંએ જ એ બધા ધક્કા ખાતો. પછી મિ૦ પિકવિકે તેને થાક ઉતારવા છૂટી આપી.

સૅમ મિ૦ પિકવિકે આપેલા પૈસામાંથી કશું ગરમાગરમ પીણું મંગાવીને બેઠો હતો, તેવામાં ભવિષ્યમાં કોચનો ડ્રાઈવર થવાનો હોય એવા દેખાવનો એક છોકરો ત્યાં આવ્યો અને પૂછવા લાગ્યો, "અહીં કોઈ સૅમ છે?"

"પણ એનું આગળાનું નામ કહીશ?" સૅમે જ પૂછ્યું.

"મને શી ખબર? મને તો એક ચાચાએ કહ્યું, એટલે હું આવ્યો."

"કયા ચાચા?"

"ઇપ્સવીચનો કોચ હાંકે છે તે. ગઈકાલે સવારે મને કહ્યું કે, 'જ્યૉર્જ ઍન્ડ વલ્ચર'માં જજે અને સૅમનું નામ દેજે."

"વાહ, તો તો એ મારા પૂર્વજ હોવા જોઈએ. તો ઠીક, હું સેમ છું. મારે શું કરવાનું છે?"

"છ વાગ્યે આવજો 'બ્લ્યૂ બોર' હોટેલમાં; તે તમને મળવા માગે છે." આટલું કહી એ જુવાનિયો ભરવાડો ઢોર ભેગાં કરવા વગાડે છે તેવી સીટી હોઠ વડે વગાડવાની પ્રૅક્ટિસ કરતો કરતો ચાલ્યો ગયો.

બાપે તેડાવ્યો હોવાથી મિ૰ પિકવિક પાસે સેમે જવાની રજા માગી. તે તેમણે તરત જ આપી; કારણ કે અત્યારની ઉશ્કેરાટભરી સ્થિતિમાં તે એકલા જ વિચારો અને ચિંતાઓને ઘૂંટવા કરવા માગતા હતા.

રસ્તામાં એક બૂકસેલરની દુકાને બે હૃદયોને એક બાણથી વીંધીને આગ ઉપર શેકવા મૂકયાં હોય તેવા દેખાવવાળું ચિત્ર લટકાવ્યું હતું અને ઉપર લખ્યું હતું—'વૅલેન્ટાઈન.' સેમને તરત એ જોઈ આવતી કાલનો પ્રેમ-પત્ર-દિન યાદ આવ્યો. તેણે કિનારીએ સોનેરી ગિલેટ-વાળો એક સારો કાગળ ખરીદ્યો, તથા કઠણ ટાંકવાળી કલમ ખરીદી, જેથી લખતી વખતે થથરે નહિ. પછી 'બ્લ્યૂ બોર' હોટેલમાં પહોંચી, બાપ હજુ આવ્યા ન હોવાથી, બાજુએ જુદું એક ટેબલ તથા શાહીનો ખડિયો મંગાવી, તથા ગરમ પાણી સાથેની બ્રાન્ડીનો ઑર્ડર આપી, તે ઇપ્સવીચ મુકામે મૅજિસ્ટ્રેટ નપ્કિન્સને ત્યાં કામ કરતી ફૂટડી બાઈ મેરીને પ્રેમપત્ર લખવા બેઠો.

જેને લખવાની ટેવ નથી, તેને એક કાગળ લખવો એ કેવું ભગીરથ કામ લાગે, તેનો સામાન્ય લખ લખ કરનારાઓને ખ્યાલ પણ ન આવે. સેમે ડાબા હાથ ઉપર માથું નમાવ્યું, આંખો કાગળની સમાંતર રાખી, અને જે અક્ષર લખવાનો હોય તેનો આકાર જીભ વડે પ્રથમ મોંમાં કાઢીને લખવા માંડયું. દોઢેક કલાક સુધી તેણે છેકા-છેક અને ઘૂંટાઘૂંટ કરીને કશુંક ચીતર્યા કર્યું; કેટલાય અક્ષરો ખોટા લખાયેલા લાગ્યા તે આંગળી વડે લૂછી નાખ્યા અને ઉપર ઘૂંટીને બીજો અક્ષર લખ્યો. એટલામાં તેનો બાપ આવી પહોંચ્યો.

"કેમ, સેમી, કેમ છે?"

સેંમે કલમ નીચે મૂકી સામું પૂછ્યું, "મારાં નવાં-માની તબિયત નું 'લેઈટેસ્ટ' બુલેટીન શું કહે છે?"

"મિસિસ વેલરે રાત સારી પસાર કરી, પણ સવાર થતાં તેમનું આડાપણું અને ચીડિયાપણું ખૂબ વધી રહ્યું છે. પણ તું આ શું કરે છે, લ્યા?"

"હું કશુંક લખતો હતો; પણ હવે પૂરું થઈ ગયું છે."

"તું કોઈ જુવાન બાઈને તો કશું લખતો નહિ હોય, એમ હું ખાતરીથી માનું છું."

"નહોતો લખતો એમ કહેવું એ ખોટું કહેવાય અને જૂઠું પણ કહેવાય. હું 'વેલેન્ટાઈન' લખતો હતો."

"શું લખતો હતો?" બાપે ભયથી ચોંકીને પૂછ્યું.

"વેલેન્ટાઈન," સેંમે જવાબ આપ્યો.

"સેંમિવેલ, સેંમિવેલ, તું આ કામ કરીશ, એમ હું માનતો નહોતો. તારા બાપની એ નબળાઈનું શું પરિણામ આવ્યું છે તે સાંભળ્યા છતાં અને નજરે જોયા છતાં પણ તું આ શું કરી બેઠો? તારી નવી-માની એક વખત મુલાકાત લેનાર માણસ પ્રેમ કરવાની જન્મભરની બેવકૂફી ભૂલી જાય, એમ જ હું તો માનું." એમ કહી ડોસો એટલો બધો લાગણીવશ થઈ ગયો કે, સેંમની સામે પડેલું ટંબલર ઉપાડી તેણે મોંએ જ માંડી દીધું.

"પણ વાત શી છે, ડોસા, એ તો કહો."

"અરે બેટા, મારી આ પાછલી ઉંમરે તને મારી પેઠે એ નબળાઈનો શિકાર થયેલો જોવો એ મારે માટે આકરી કસોટી છે— ઘોર સજા છે. બાપ થઈને છોકરાને એ ઢાળ તરફ ગબડતો જોવો એ ખરેખર ભારે મુસીબત છે."

"અરે પણ ડોસા, હું પરણવાનો કયાં છું તે? તમે તમારી ચુંગી ભરી મંગાવો, અને પછી હું એ કાગળ તમને વાંચી સંભળાવું તે સાંભળી લો."

ચુંગી આવી તેથી કે પછી પોતાના કુળમાં બૈરી ઉપર પ્રેમ કરવાની કુટેવ કે નબળાઈ જડ જ ઘાલી ગયેલી છે, એમ વિચારીને ડોસો સાંસતો થયો.

"'સુંદર સુંદરી,'" સેમ વાંચવા લાગ્યો.

"હેં, કવિતા તો નથી ને? કવિતા એ બિનકુદરતી વસ્તુ છે. હલકા લોકો સિવાય કોઈ કવિતા બોલે કે લખે નહિ, એ યાદ રાખજે દીકરા."

"ના, ના, આ કવિતા નથી," સેમે કહ્યું.

"ઠીક, એ સાંભળીને મને ઘણો આનંદ થયો. મારા કુળમાં કવિતા લખનારો કે બોલનારો કોઈ જન્મ્યો છે, એ જાણી હું બહુ નિરાશ થઈ જાઉં બેટા. તું કદી એ ચીજની સરસો ન જતો."

સેમે હવે આગળ ચલાવ્યું.

"'સુંદર સુંદરી, તને આ સંબોલતાં' — અરે ના, ના, સંભોલતાં, હું — આ 'ભ' જેવું દેખાય છે — છેકાઈ ગયું છે — હા, હા, સંબોધતાં મારી જાતને શરમરજવાનું — અરે, શરમાઈ મરવાનું મન થાય છે. પણ તું બહુ ઉત્તમ છોકરી છો અને એ સિવાય બીજું કશું જ નથી."

વાહ, એ બહુ સારી રીતે લખ્યું દીકરા; મને જેમાં નામ પાડ્યાં હોય એવું લખેલું બિલકુલ નથી ગમતું. કેટલાક લોકો બૈયરને વિનસ કહે છે, અપસ્રા કહે છે — એ બધી બોલવાની ઢબની રીતો છે. માણસને માણસ જ કહેવું જોઈએ. ઠીક હવે આગળ હાંક."

"'તને મેં જોઈ ત્યાં સુધી હું બધી બૈયરોને સરખી ગણતો હતો.'"

"પણ બધી બૈયરો સરખી જ હોય છે દીકરા!"

"અરે આગળ સાંભળો તો ખરા: 'પણ હવે મને સમજાય છે કે, અત્યાર સુધી હું એક પોચા મગજનો અડબંગ તડબૂચ જ હતો; નહીં તો તારા કરતાં બીજી કોઈને વધારે રૂપાળું ને સારું માની જ શી રીતે શકત? તેથી આજે, વહાલી મેરી, આજે હું તને કહી દઉં છું કે, તને પહેલી વાર જોઈ, ત્યારથી જ પેલા છબી પાડનારા યંત્ર

કરતાં પણ વધુ જલદીથી અને વધુ ઊજળા રંગમાં તારી છબી મારા હૃદયમાં તૈયાર થઈ ગઈ છે. અને તે પણ કાચ ફ્રેમ સાથે અને લટકાવવા માટેના આંકડાવાળી.' ''

"દીકરા, એ બધું તો કવિતાની ધાર ઉપર જઈ પહોંચ્યું હોય એવું લાગે છે."

"ના, ના, કવિતા જેવું નથી," એમ કહી સૅમે બાપ સાથે તકરારી મુદ્દો ઊભો ન કરવા માટે વાંચવાનું આગળ ચલાવ્યું : " 'આ મારો પ્રેમ–પત્ર સ્વીકારજે, મારી વહાલી મૅરી, અને મેં કહ્યું છે તે બાબત ઉપર વિચાર કરજે. —મારી વહાલી, હવે હું પૂરું કરું છું.' ''

"બેટા આ તો એકદમ ગાડી થોભાવી દીધા જેવું થયું લાગે છે."

"જરા પણ નહિ; તેને ઇચ્છા રહે કે હજુ આગળ વધારે કંઈ હોય તો સારું, એ જ કાગળ લખવાની ખરી કારીગરી છે."

"પણ અહ્યા તેની નીચે સહી નહિ કરે?"

"મને એ જ સમજણ નથી પડતી કે હું શું લખીને સહી કરું. પ્રેમ-પત્રમાં પોતાનું નામ તો લખાય જ નહિ.

"તો પિકવિક નામ લખ. તે સારું નામ છે અને લખવામાં સહેલું છે."

"બસ તો હવે હું છેડે જોડકણું જ બનાવી દઉં છું, 'તારો લવ-સીક*– પિકવિક.

આટલું લખી લઈ, કાગળની સંભાળપૂર્વક ગડી કરી, તેને કવરમાં બીડી તેણે સરનામું કર્યું —

"મૅરીને મળે; હાઉસ-મેઇડ× મિ૰ નપકિન્સને ત્યાં, મેયરને ઘેર, ઇપ્સવીચ, સફ્ફોક."

---

* પ્રેમ-દર્દી.

× ઘરકામવાળી.

# ૩૫

# મદ્યનિષેધક મંડળી

## ૧

સેમે કાગળ બરાબર બીડીને બિસ્સામાં મૂકયા પછી બાપને પૂછયું, "પણ ડોસા તમે મને શા માટે બોલાવ્યો હતો તે તો કહો."

"દીકરા, બે વાત છે. પહેલી તો તારા ગવર્નર બાબતની. તેમનો કેસ કાલે ચાલવાનો છે ખરું? તો, તે સારા માણસ છે, એવું સોગંદ ઉપર જણાવનારા સાક્ષીઓ જોઈએ ને? અમારી ડ્રાઈવરોની મંડળીએ આજે વિચાર કર્યો છે કે, તારા શેઠની સારી ચાલચલકત વિષે બરાબર સચ્ચોટ સાક્ષી પૂરવી. તેમ જ બૅલીબી મૂકવા પણ અમે તૈયાર છીએ. અને અમારા એક ડ્રાઈવર ઉપર ખૂનનો કેસ ચાલતો હતો તે વખતે અમે બધાએ મળીને, 'તે એ વખતે બીજે કચાંક હતો,' એવી બૅલીબી મૂકી દીધી, તે ઝટ દેતોકને છૂટી ગયો. બધા મામલામાં બૅલીબી બહુ જરૂરી છે. અને અમારી મંડળીનો બાસ વકીલ બૅલીબી ગોઠવી આપવામાં બહુ હુશિયાર છે."

"પણ બાપુજી તમે શું એમ માનો છો કે, મારા માલિક ઉપર ખૂન કર્યાનો કેસ ચાલવાનો છે? એટલે તમારી બૅલીબી અને તમારા વકીલની વાત તમારી પાસે જ રાખો. આ તો વચન-ભંગ કર્યાની ફરિયાદ છે, અને તેય લગ્ન બાબતના. એમાં તમે અને તમારી મંડળીવાળા શી રીતે સોગંદ ઉપર કહેવાના હતા કે, મારા ગવંડરે એક બૈયરને પરણવાનું વચન નહોતું આપ્યું?"

"ના, ના, દીકરા તું સમજતો નથી; તારા ગવંડરને બધાએ ભેગા મળી ગુનો બોરાઢવાનું કાવતરું કર્યું છે. એટલે એમાં હું કહું છું તે રીતે જ બચાવ કરવો જોઈએ."

સેમે હવે વાતનો મુદ્દો બદલવા બાપને પોતાનો બીજો મુદ્દો જણાવવા કહ્યું.

"એ બીજી વાત તો કુટુંબ-નીતિની છે, સેમી; પેલો સ્ટીગ્ગિન–રાતા નાકવાળો તારી નવી-માની મુલાકાતે એવો નિયમિત અને દરરોજ આવે છે કે, એવો નિયમિત તે ભગવાનને યાદ કરતો હશે કે કેમ, તેની શંકા છે. વળી તે આપણા કુટુંબનો એવો ચાહક છે કે, તે આપણા ઘરની બહાર નીકળે ત્યારે સાથે આપણા ઘરની કશીક યાદદાસ્ત લઈ ગયા વિના તેને ચાલતું જ નથી. એટલે તે આવે તેટલી વખત દોઢેક પિંટ ભરાય તેવી એક ચપટી બૉટલ લેતો આવે છે, અને જાય ત્યારે ભરીને સાથે લઈ જાય છે."

"અને પાછો આવે ત્યારે ખાલી કરતો આવે છે, એમ જ ને?"

"સફ્ફાચટ! માત્ર બૂચ અને થોડી ગંધ અંદર બાકી રહે તો રહે. વાત એમ છે કે, આજે મદ્યનિષેધક મંડળીની બ્રિક-લેન બ્રાન્ચની મિટ્ટીંગ છે. તારી નવી-માને સાંધા-વાનું દરદ ઊપડયું છે, એટલે તે જવાની નથી. પણ તેને મળેલી બે ટિકિટો હું ઉપાડી લાવ્યો છું." અને આમ કહી ડોસાએ જાણે ખૂબ મજાની વાત કરી હોય તેમ સેમ સામે જોઈને આંખ મીંચકારી.

"ઠીક; પણ તેનું આગળ શું?"

"વાહ, બે ટિકિટોથી તું ને હું બંને વખતસર મિટ્ટીંગમાં પહોંચી જઈશું, પણ ડેપ્યુટી શેપાર્ડ*— પેલું રાતું નાક–સ્ટીગ્ગિન બેટો નહીં જઈ શકે. જરાય નહીં જઈ શકે," એમ કહી ડોસાએ મોંમાં જીભ ઉછાળી આનંદના ઉચ્ચકારા બોલવવા માંડયા.

"આવું ઘરડું ભૂત મેં જન્મ્યા પછી કદી જોયું નથી," એમ કહી સેમે ડોસાની પીઠ ઉપર આગ સળગી ઊઠે તેવા જોરથી હાથ ઘસીને કહ્યું, "પણ પેટની મહા-ગૂણ, આમાં હસવા જેવું શું આવ્યું

*'ડેપ્યુટી શેફર્ડ'. મદદનીશ – પુરોહિત. ધર્મગુરુને પોતાના ટોળાનો ભરવાડ —શેફર્ડ કહેવામાં આવે છે.

તે તો સમજાતું નથી; ડચકારા–મોંચકારા પડતા મૂકીને જે કહેવું છે તે કહી નાખોને ?"

"જો, સૅમી દીકરા, ધીમેથી બોલ અને સાંભળ; મારા બે ભાઈબંધોને મેં એની પાછળ ગોઠવી દીધા છે. તેઓ એને એટલો પિવરાવશે એટલો પિવરાવશે કે તેનાથી મિટીંગમાં જતી વખતે પગે ઊભા રહેવાય તેવું પણ નહીં રહે. પછી તેઓ તેને મિટીંગના બારણા સુધી ધકેલી લાવીને મૂકી જશે. પછી જો મજા ! દારૂ ન પિવડાવનાર સભામાં એ પીધેલો ભામટો, એવો શોભશે, એવો શોભશે !" એમ કહી, પાછા ડોસા મોંમાં ડચકારા બોલાવવા માંડ્યા.

૨

બાપ-દીકરો વખતસર જ્યારે મદ્યનિષેધક મંડળીની બ્રિક-લેન શાખાની બેઠકમાં જઈ પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર રહેલી મોટા ભાગની બાનુઓ, પુરુષો, પ્રમુખ અને મંત્રી ચા પીતાં બેઠાં હતાં.

ડોસો તરત જ સૅમના કાન પાસે મોં લઈ જઈને બોલ્યો, "આ બધાને કાલે સવારે ટાંકા ન લેવરાવવા પડે તો હું તારો બાપ નહીં; અલ્યા જો તો ખરો, એ બધી ફાટી પડશે; આટલું બધું પીવાનું–એકી સાથે ! દારૂનો બદલો ચાથી તે વળાય ?"

"ડોસા ચૂપ રહોને."

"સૅમ, પણ હું કહું છું તે યાદ રાખજે. પેલો સેક્રેટરી જો પાંચ જ મિનિટ આમ ને આમ હાંકયે રાખશે, તો ટોસ્ટ ને પાણીના વજનથી જ ઊભો ફાટી પડશે."

"પણ એને ફાટી જવું હોય તો ભલે ફાટી જાય, તમારે એની શી પંચાત ડોસા ?"

"પણ આ આખી સભા આ હિસાબે પીધે રાખશે, તો માનવ પ્રાણી તરીકેય મારે ચિરમૅનને ખબર આપવી જોઈએ. પેલી બાઈએ તો સાડાનવ પ્યાલા પૂરા કર્યા, અને હું મારી સગી આંખે તેને ફૂલતી જોઉં છું."

હજુ મિ૦ વેલર આ જ રીતે આગળ ચલાવ્યે રાખત, પણ એટલામાં જાહેરાત થઈ કે ચા-પાણી પૂરાં થયાં છે અને સભાનું કામકાજ હવે શરૂ થાય છે.

સેક્રેટરીએ હવે પ્રમુખ તરીકે મિ૦ એન્થની હમ્મને પ્રમુખપદે ચૂંટી કાઢવા પ્રસ્તાવ મૂકયો, જે તાળીઓના ભારે ગડગડાટથી વધાવી લેવામાં આવ્યો.

પ્રમુખે પોતાને આ રીતે ચૂંટીને બહુમાન રાખવા બદલ સૌ સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થોનો આભાર માન્યો અને સેક્રેટરીને બ્રાન્ચની કામગીરીનો અહેવાલ વાંચવાનું શરૂ કરવા ફરમાવ્યું. જેમાંથી થોડો ભાગ નીચે ઉતાર્યો છે :

"તમારી કમિટીને જણાવતાં આનંદ થાય છે કે, તેણે ગયા મહિનામાં પોતાની કામગીરી કૃતજ્ઞતાપૂર્વક આગળ ધપાવી છે; અને મદ્યનિષેધની પ્રતિજ્ઞામાં નીચેના લોકોને ખેંચી આણ્યા છે.

૧. એચ. વોકર : દરજી. પત્ની અને બે બાળકોવાળો. વીસ વર્ષથી હલકી જાતનો દારૂ પીતો. હવે કમાણી વગરનો અને કામ વગરનો થઈ ગયો છે. એ પરિણામ દારૂના વ્યસનને લીધે જ આવ્યું છે, એમ પોતે કબૂલ કરે છે. (હર્ષના પોકારો.) જોકે તેનો જમણો હાથ ગંઠાઈ જવાથી તે કામકાજ કરતો બંધ થયો કે નહિ, તે એ નક્કી કહી શકતો નથી. પણ તે એટલું કહે છે કે, આખી જિંદગી તેણે શુદ્ધ પાણી સિવાય બીજું કશું પીધું ન હોત, તો તેના સાથીદારે તેને જમણા હાથમાં કટાયેલી સોય ખોસી દીધી ન હોત, અને તેનો જમણો હાથ નકામો થયો ન હોત. (ભારે હર્ષનાદ.) હવે તેને ઠંડા પાણી સિવાય કશું પીવા નથી મળતું; અને પરિણામે તે કદી તરસ્યો પણ નથી થતો. (તાળીઓ.)

૨. બેટ્‌સી માર્ટિન : વિધવા. એક બાળક, એક આંખ. પહેલેથી જ એક જ આંખ હતી. પણ એમ માને છે કે, તેની માને દારૂનું વ્યસન હતું, અને તેને પરિણામે જ તેને બીજી એક આંખ ન થઈ.

(ભારે હર્ષનાદ.) અને એમ પણ માને છે કે, પોતે પણ પહેલેથી દારૂનું વ્યસન છોડી દીધું હોત, તો તેને અત્યાર સુધીમાં જરૂર બંને આંખો થઈ જાત. (ભારે હર્ષનાદ.) જ્યાં જ્યાં કામે જતી ત્યાં રોજના અઢાર પેન્સ, એક પિંટ પોર્ટર દારૂ, અને બ્રાન્ડીનો એક ગ્લાસ માગતી. પણ હવે જ્યારથી મદ્યનિષેધમાં ભળી છે, ત્યારથી રોજના માત્ર નવ પેન્સ પગાર જ માગે છે. (કાન બહેરા થઈ જાય જાય તેટલો તાળીઓનો અવાજ.)

૩. હેન્રી બેલર: કૉર્પોરેશનના ભોજન-સમારંભોમાં મુખ્ય કારભારી; ખૂબ પરદેશી દારૂ પીતો; અને ઘણી વાર એક-બે બાટલીઓ ગજવામાં ઘાલી ઘેર લઈ જતો. આખો વખત માંદલો તથા ગમગીન રહેતો અને ખૂબ તરસ લાગ્યા કરતી. હવે બેકાર બન્યો છે, એટલે કદી પરદેશી દારૂના ટીપાને અડતો નથી. (તાળીઓ.)

૪. થૉમસ બર્ટન: બિલાડીનું માંસ ભેળવવામાં આવ્યું છે કે નહિ, તેનો નિરીક્ષક. તેને લાકડાનો એક પગ છે. નવો પગ મોંઘો પડતો એટલે લાકડાનો સેકંડ-હૅંડ પગ વાપરતો; અને બચેલા પૈસામાંથી રોજ રાતે એક ગ્લાસ ભરીને ગરમ જીન દારૂ પીતો—કોઈ કોઈ વાર બે પણ. (ઊંડા નિસાસા.) એનો લાકડાનો પગ જલદી ખલાસ થઈ જતો. એમ માને છે કે, ગરમ જીન પોતે પીતો તેથી લાકડાના પગનું બંધારણ કમજોર બની જતું અને તે જલદી ફાટી જતા. (ભારે હર્ષનાદ.) હવે લાકડાનો નવો પગ જ વાપરે છે. અને પાણી અને ચા જ પીએ છે. એ પગ પહેલાંના સેકંડ-હૅંડ પગ કરતાં બમણા વધુ ટકે છે. એનું કારણ પોતે મદ્યનિષેધમાં જોડાયો તેને માને છે. (ભારે હર્ષનાદ.)

અહેવાલ પૂરો થતાં એક સભ્યે હવે ગીત શરૂ કર્યું. મૂળે જુવાન ખલાસી અને તેની પ્રેમિકાઓનું ગીત હતું, પણ આ સભ્યે તેને મદ્યનિષેધક ઢંગ આપવા પ્રયત્ન કર્યો હતો—અને તેમાં (માત્ર પાણી જ પીતા) એક ખલાસીની આસપાસ બધી જુવાન સ્ત્રીઓ કેવી ટોળે મળતી, અને બીજા (દારૂડિયા) ખલાસીને પડતો મૂકતી—તેનું વસ્તુ હતું.

ગીત ચાલતું હતું, તે દરમ્યાન એક જણ આવી પ્રમુખના કાનમાં કંઈક કહી ગયો. તરત પ્રમુખે ઊભા થઈ જાહેર કર્યું કે, ડોર્કિંગ બ્રાન્ચ તરફથી પ્રતિનિધિ તરીકે બ્રધર સ્ટિગિન્સ આવી પહોંચ્યા છે. તે આપણને મદ્યનિષેધના ભૂંડા વ્યસનની બાબતમાં બે બોલ સંબોધશે. (સૌ બાઈઓનો ભારે હર્ષનાદ.)

મિ૦ સ્ટિગિન્સ બારણામાં દાખલ થયા, તેની સાથે જ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લેવામાં આવ્યા. મિ૦ સ્ટિગિન્સ સૌને ફાટેલી આંખે અને હાસ્ય-અંકિત સ્થિર મોંએ જોઈ રહ્યા. પછી તે લથડિયાં ખાતા મંચ તરફ આગળ વધ્યા.

પ્રમુખે તેમની દશા જોઈને પૂછ્યું, "બ્રધર સ્ટિગિન્સ, તમારી તબિયત ઠીક નથી, શું?"

"હું ઑલ-રાઇટ છું; અને હું ઑલ-રાઇટ નથી એમ કોણ કહેવાની હિંમત કરે છે, તે જોવા માગું છું. તેને એવું ન બોલવાની મારી સલાહ છે; બહુ ચોખ્ખી સલાહ છે."

"તમે આ સભાને ઉદ્દેશીને બે બોલ કહેશો, બ્રધર?" પ્રમુખે નિમંત્રણસૂચક મંદ હાસ્ય હસીને પૂછ્યું.

"ના, જી; ના, જી. હું એમ કહેવા માગું છું – મારો એવો સ્પષ્ટ અભિપ્રાય છે કે, આ આખી સભા પીધેલી છે, સાહેબ. અને બ્રધર ટેજર! તમે પણ પીધેલા છો." એમ કહી બ્રધર સ્ટિગિન્સે એ ભૂંડા સેક્રેટરીની અસરમાંથી સભાને મુક્ત કરવા સેક્રેટરીના નાક ઉપર જોરથી એક મુક્કો ઠોકી દીધો. સેક્રેટરી બિચારો આ અણધાર્યો હુમલો ખાળી શકે તેવી સ્થિતિમાં ન હતો એટલે તે મંચ ઉપરથી નીચે ગબડી પડ્યો.

તરત જ સ્ત્રીઓએ ભારે ચીસાચીસ અને ધૂમાધૂમ શરૂ કરી દીધી. તેઓએ બીની જઈને, ધુનામરકીમાંથી બચવા સભામાંના પોત-પોતાના માનીતા બ્રધરોના કંઠે બંને હાથ વીંટાળી દીધા. પ્રમુખ ઘણી બાનુઓના માનીતા હોઈ, તેમની આસપાસ ઘણી સ્ત્રીઓ એકસામટી

ફરી વળી. મોટા ભાગની બત્તીઓ અચાનક તોડી પાડવામાં આવી અને ચારે બાજુ ધમાલ અને ધૂમાધૂમ મચી રહી.

બુઢ્ઢા વેલરે તરત જ પોતાનો કોટ ઉતારીને સૅમને સોંપી દીધો અને પછી પોતે સીધો સ્ટિગિન્સ પાસે જઈ પહોંચ્યો. ત્યાં જઈ તેને ધક્કા–મુક્કી કરતો અને તેની આસપાસ ફેરફૂદડી ફરતો તે આનંદથી નાચવા લાગ્યો. સૅમે જોયું કે એ ડોસો કાળભર્યો પેલા ગરાડીને કથોલું મારી બેસશે; એટલે તે તેને પરાણે ખેંચીને બહાર લઈ ગયો. કારણ, આટલી ધમાલ થતાં પોલીસ આવી પહોંચવાની જ, અને ત્યાં આમ મારામારી કરતા પકડાવું ડોસાના હિતમાં ન હતું.

અને થોડી જ વારમાં આસપાસના લોકોની ધૂમાધૂમથી પોલીસ ત્યાં આવી જ પહોંચી. છેવટે જ્યારે તેઓ રાતપૂરતા મિ૦ સ્ટિગિન્સને હાજતમાં પૂરવા ધકેલી ગયા, ત્યારે ભેગા થયેલા લોકોએ ખાસો હૂરિયો બોલાવ્યો.

મંડળીના બીજા સભ્યો તો પોલીસનો મામલો જોઈ નાસભાગ કરતા વીખરાઈ ગયા.

## ૩૬

## કેસ ચાલ્યો

બીજે દિવસે અદાલતનો વખત થતાં મિ૦ પિકવિકે કોચ મંગાવ્યો. ચાર પિકવિકિયનો અને મિ૦ પર્કર તેમાં બેસી ગિલ્ડહૉલ તરફ હંકારી ગયા. મિ૦ પર્કરનો ગુમાસ્તો લોટન કાગળોની બૅગ સાથે કોચમાં બેસી પાછળ ચાલ્યો.

મિ૦ પિકવિકે અદાલતમાં પેઠા પછી ભારે ઉશ્કેરાટમાં ચોતરફ નજર કરી લીધી. બૅરિસ્ટરોની બેઠકમાં કેટલાય બૅરિસ્ટરો ઇંગ્લૅંડનાં મશહૂર નાક અને મૂછો સાથે બેઠેલા હતા. જેમની પાસે કોઈ કેસની

બ્રીફ હતી, તે તેઓ સૌ જુએ તેમ હાથમાં પકડી રાખતા, અને અવારનવાર તેના વડે પોતાનાં નાક વલૂરતા. જેઓની પાસે બતાવવા માટે કોઈ બ્રીફ ન હતી, તેઓ ખીસામાં હાથ રાખી, દેખાવાય તેટલા ડાહ્યા દેખાતા હતા; બાકીના આમથી તેમ નકામી કે કામની દોડાદોડ કરીને અજાણ્યાઓની પ્રશંસાભરી નજર પકડવા મથતા હતા.

ફંકી, સારજંટ સ્નબિન, તથા ગુમાસ્તો મલાર્ડ પણ આવીને ગોઠવાયા. એટલામાં સામાવાળાનો સારજંટ બઝફઝ પોતાના સાથીદાર મિ૦ સ્કિંપિન સાથે અંદર આવ્યો. સારજંટ બઝફઝે સારજંટ સ્નબિન સામે જોઈ 'ગૂડ-મૉર્નિંગ' કર્યા. મિ૦ પિકવિકે એ જોઈ, ગુસ્સે થઈ પર્કરને પૂછ્યું, "એ હરામખોર સામા પક્ષનો વકીલ હોઈ આપણા વકીલને શું મોં લઈને 'ગૂડ-મૉર્નિંગ' કરે છે?" પણ એટલામાં જજ સ્ટૅલેં અદાલતના કમરામાં દાખલ થયા અને "શાંતિ" "શાંતિ" ના પોકારો ચારે તરફ થઈ રહ્યા.

પછી જૂરીનાં નામ બોલાવા માંડ્યાં. દશ જ નામ થયાં; એટલે તત્કાળ એક કાછિયો અને એક કેમિસ્ટને પકડી લાવવામાં આવ્યા, જેથી બારની સંખ્યા પૂરી થાય. કાછિયાએ તો જૂરી તરીકે બેસવાના સોગંદ લઈ લીધા; પણ કેમિસ્ટે વાંધો ઉઠાવ્યો કે, "મારી દુકાને મારે બદલે બેસનારો કોઈ મદદનીશ નથી, એટલે મને જતો કરવો જોઈએ."

"મદદનીશ નથી તે હું શું કરું? તમારે મદદનીશ રાખવો જોઈતો હતો," જજે ફરમાવ્યું.

"મદદનીશ રાખી શકાય તેવી મારા ધંધાની સ્થિતિ નથી, માય લૉર્ડ."

"તો રાખી શકાય તેવી સ્થિતિ રાખો," જજ તડૂક્યા. આ જજનો મિજાજ બહુ ગરમ ગણાતો હતો. તેમણે તરત ફરમાવ્યું, "ચાલો એ સદ્‌ગૃહસ્થને સોગંદ આપી દો."

"મને સોગંદ લેવરાવો છો, માય લૉર્ડ, મને?"

"હાસ્તો વળી."

"તો તો આ કેસ પૂરો થશે તે પહેલાં આજે લંડન શહેરમાં કેટલાંય લોકો કમોતે માર્યાં જશે. મારી દુકાને જે નોકર છે, તે દોઢ-ડાહ્યો છે; તેને કશી પરખ નથી, અને છતાં બધું જાણવાનો દેખાવ કરીને દવાને બદલે કેટલાયને ઝેરનાં પડીકાં આપશે." દવાવાળાએ સોગંદ લેતાં લેતાં કહ્યું.

મિ૰ પિકવિક ભયંકર ત્રાસની લાગણીથી એ દવાવાળા તરફ જોઈ રહ્યા હતા. તેવામાં કોર્ટમાં કશીક ધમાલ મચી રહી. મિસિસ બાર્ડેલને મિસિસ કલપિન્સ ટેકો આપી અદાલતના ઓરડામાં દોરી લાવ્યાં. ડૉડસન અને ફૅોગ તરત તે તરફ દોડી ગયા. મિસિસ બાર્ડેલ જીવતું શબ હોય તે રીતે એક બેઠક ઉપર માથું નીચું નમાવીને બેસી ગયાં. પછી મિસિસ સૅન્ડર્સ માસ્ટર બાર્ડેલને અંદર દોરી લાવ્યાં. પોતાના બાળકને જોતાં મિસિસ બાર્ડેલ ચોંકી ઊઠ્યાં; અને એકદમ તેને વળગી પડીને ચુંબન કરવા લાગ્યાં. ત્યાર પછી અચાનક હિસ્ટીરિયાની તાણમાં તે જડસડ થઈ ગયાં. પછી ભાનમાં આવીને પૂછવા લાગ્યાં, 'હું કયાં છું?' જવાબમાં મિસિસ કલપિન્સ અને મિસિસ સૅન્ડર્સ આડું જોઈ રડવા લાગ્યાં. મેસર્સ ડૉડસન અને ફૅોગ મિસિસ બાર્ડેલને શાંત પડવા આજીજી કરવા લાગ્યા; તથા 'આ ન્યાયની અદાલત છે, અને અહીં જરૂર ન્યાય મળશે,' એવું આશ્વાસન આપવા લાગ્યા. સારજંટ બઝફઝ પણ મોટા રૂમાલ વડે પોતાની આંખો લૂછવા લાગ્યા, અને જૂરીના સભ્યો તરફ કરુણાભરી આંખે જોવા લાગ્યા. જજ સાહેબને પણ આ દૃશ્ય જોઈ લાગણી થઈ આવી અને પ્રેક્ષકો તો ઉધરસનું ઠપ ખાઈ, પોતાની લાગણીને માંડ દબાવી રહ્યા.

મિ૰ પર્કરે તરત મિ૰ પિકવિક તરફ ફરીને કહ્યું, 'આ ડૉડસન અને ફૅોગ બંને જણ ઘણા ચાલાક માણસો છે. અસર પેદા કરવા માટેના તેમના ખ્યાલો પ્રશંસનીય છે."

માસ્ટર બાર્ડેલને બધાની નજર તેના ઉપર પડે તે રીતે બેસાડ-વામાં આવ્યો. તે પણ આ બધું નાટક જોઈ જરા ગભરાયો, અને

તેને જ ફાંસીએ ચડાવવા લઈ જતા હોય, કે જન્મભર દેશનિકાલ કરતા હોય તેમ કરુણજનક ચીસો પાડી રડવા લાગ્યો. ડૉડસન અને ફૉગને એટલું જ જોઈતું હતું.

જજે પછી 'બાર્કેલ અને પિકવિક' નો કેસ હાથ ઉપર લીધો. તે નામોના યથોચિત પોકારો થયા બાદ જજે ફરિયાદી તરફથી કોણ ઊભું છે તે પૂછ્યું. મિ૦ સારજંટ બઝફઝે ઊભા થઈ નમન કરી પોતાનું નામ કહ્યું.

"તમારી સાથે કોણ છે?"

મિ૦ સ્કિંપિને નમન કરી જવાબ આપ્યો કે તે પોતે તેમની સાથે છે.

મિ૦ સારજંટ સ્નબિને હવે આરોપી તરફથી પોતે ઊભા છે તેની જાહેરાત કરી.

"તમારી સાથે કોઈ છે કે?" અદાલતે પૂછ્યું.

"મિ૦ ફંકી, માય લૉર્ડ," સારજંટ સ્નબિને જવાબ આપ્યો.

જજે તરત ફરિયાદી અને આરોપીના વકીલોનાં નામ લખ્યાં – સારજંટ બઝફઝ અને મિ૦ સ્કિંપિન, સારજંટ સ્નબિન અને મિ૦ મંકી.

જજને નમ્રતાથી મિ૦ ફંકી એવો સુધારો કરવા વિનંતી કરવામાં આવી.

"ઠીક, ઠીક; મેં કદી એ મહાશયનું નામ આજ પહેલાં સાંભળ્યું હોય એમ લાગતું નથી," જજે જણાવ્યું.

પછી મિ૦ સ્કિંપિને કેસ શરૂ કર્યો. ત્રણ મિનિટમાં એ કશું વિશેષ કહ્યા વિના બેસી ગયો; અને પછી સારજંટ બઝફઝ આ અગત્યના કેસને છાજે એવાં ગૌરવ અને ગંભીરતા ધારણ કરી ઊભા થયા. તેમણે ડૉડસન અને ફૉગ સાથે થોડીક વૈધિક ગુસપુસ કરી લીધી, અને પછી જૂરીને સંબોધીને તેમણે ભભકભરી ઘેરી ભાષામાં જણાવ્યું કે, જ્યારથી તેમણે આ વકીલાતના ધંધામાં ઝંપલાવ્યું છે – અરે જ્યારથી કાયદાનો અભ્યાસ તેમણે શરૂ કર્યો છે, ત્યારથી માંડીને કહીએ તો પણ

ચાલે – ત્યારથી તેમણે કદી કોઈ કેસ આવી ઊંડી લાગણી સાથે કે ગંભીર જવાબદારીના ભાન સાથે લીધો હોય તેવું એમને યાદ નથી આવતું. તેમના અસીલનો કેસ અર્થાત્ ન્યાય અને સત્યનો કેસ આપ સૌ બુદ્ધિ-શાળી તથા સમજદાર જૂરરો સમક્ષ યોગ્ય ચુકાદો પામશે એવી તેમને ખાતરી ન હોત, તો તે આવી ગંભીર જવાબદારીભર્યું કામ હાથમાં લેવાની હિંમત પણ કરત નહીં.

"આપ લોકોએ મારા મિત્ર મિ૦ સ્કિંપિન પાસેથી સાંભળ્યું તેમ, આ કેસ લગ્નના વચનના ભંગ બદલ પંદરસો પાઉંડ નુકસાની માગવાને લગતો છે. આ દાવામાં ફરિયાદી એક વિધવા છે. તેના પતિ મિ૦ બાર્ડેલ શાહી મહેસૂલના એક અદના સંરક્ષક તરીકે પોતાના નામદાર રાજાનો વિશ્વાસ અને આદર ઘણાં વર્ષો સુધી ભોગવ્યા પછી, આ જગતમાંથી વિદાય થયા, અને કસ્ટમ ખાતાની નોકરી જે શાંતિ અને આરામ ન આપી શકે, તે પરમધામમાં શોધવા ચાલી ગયા." (અલબત્ત, મિ૦ બાર્ડેલને દારૂના પીઠામાં બે પિંટ દારૂ ભરેલું વાસણ માથામાં મારવામાં આવ્યું હતું, એથી તે સદ્‌ગતિ પામ્યા હતા, એ જુદી વાત થઈ!)

"પોતાના મૃત્યુ અગાઉ મિ૦ બાર્ડેલે પોતાનો યોગ્ય વારસદાર ઊભો કર્યો હતો. પોતાના પતિની એક યાદગીરી રૂપ એ બાળકને લઈને મિસિસ બાર્ડેલે જગતની ધમાલ છોડી ગોસ્વેલ-રોડની શાંતિમાં નિવૃત્તિ લીધી. ત્યાં ગયા પછી 'એકલા સદ્‌ગૃહસ્થ માટે ઍપાર્ટમેન્ટ ભાડે મળશે' એવું પાટિયું પોતાને બારણે તેમણે લટકાવ્યું.

"હવે સદ્‌ગૃહસ્થો, આ પાટિયાના શબ્દો ઉપર આપનું બરાબર ધ્યાન ગયું જ હશે: 'એકલા સદ્‌ગૃહસ્થ માટે'! મિસિસ બાર્ડેલને તો પોતાના સદ્‌ગત પતિના ઉત્તમ સ્વભાવ અને નિકટ પરિચયના પ્રત્યક્ષ અનુભવથી સમગ્ર પુરુષ-જાત તરફ વિશ્વાસ અને આદર હોય, એ સ્વાભાવિક છે. તેનામાં પુરુષ-જાત પ્રત્યે ડર કે અવિશ્વાસની લાગણી હતાં જ નહિ. 'મિ૦ બાર્ડેલ ઈમાનદાર, વિશ્વાસુ અને નમૂનેદાર

સજ્જન હતા. તે એકવચની પણ હતા. તે પણ પરણતા પહેલાં એકલા હતા.' આ વિધવાએ એવી દલીલ કરીને મન સાથે નક્કી કરી લીધું કે, આપણે પણ 'એકલા' માણસ ઉપર વિશ્વાસ મૂકવો; કારણ 'એકલા' એવા પોતાના પતિએ પોતાના નાજુક, વિશ્વાસુ હૃદયનો પ્રેમ જીતવામાં સફળતા મેળવી હતી. આ પાટિયું લટકાવ્યાને થોડો વખત પણ નહીં ગયો હોય ને આવા શિકાર શોધતો ફરતો બે પગ ઉપર ચાલતો એક પુરુષ — જેનો બાહ્ય દેખાવ જ માનવનો હતો, પણ ખરી રીતે જે એક પિશાચ હતો — તે ત્યાં આવ્યો. તે માણસનું નામ પિકવિક હતું — જે આ કેસમાં આરોપી છે."

આ વખત દરમ્યાન જજ સ્ટેલેંને ઝોકું જ આવી ગયું હતું. પણ સારજંટ બઝફઝ બોલતાં અચાનક થોભ્યા એટલે તે જાગી ઊઠ્યા. તેમણે તરત કલમ વડે કાગળ ઉપર કશું લખવા માંડ્યું — જો કે કલમમાં શાહી જ રહી ન હતી — પણ તેમણે જૂરીને દેખાડવું જ રહ્યું કે પોતે ઊંઘતા ન હતા પણ આંખો મીંચી, લક્ષ દઈને, બધું બરાબર સાંભળતા હતા. સારજંટ બઝફઝે પાછું આગળ ચલાવ્યું —

"આ પિકવિક માણસ વિષે હું વિશેષ કંઈ કહેવા માગતો નથી. એ માણસમાં કહેવા જેવું પણ શું છે? અને તેની હૃદયહીનતા તથા ઈરાદાપૂર્વકની દુષ્ટતાનું કશું વર્ણન કરવું મને જરાય ન ગમે, અને મને ખાતરી છે કે, આપ લોકોને સાંભળવું પણ ભાગ્યે ગમે."

મિ૰ પિકવિક હવે પોતાનો ગુસ્સો રોકી શક્યા નહિ. તે પોતાના માથાને ઝટકો આપી, એકદમ ઊભા થવા ગયા, પણ મિ૰ પર્કરે તેમને ખેંચીને પાછા બેસાડી દીધા.

સારજંટ બઝફઝે હવે પોતાનું વક્તૃત્વ આગળ ચલાવ્યું — "જો એ પિકવિક માણસ આ અદાલતમાં હાજર હોય, (અને મને કહેવામાં આવે છે કે તે હાજર છે જ) તો હું તેને સંભળાવવા માગું છું કે, તે એની ઈરાદાપૂર્વકની દુષ્ટતામાંથી થોભી ગયો હોત, તો સૌને માટે સારું થાત. અત્યારે જો કે, એ કંઈક જુદી જ ચેષ્ટાઓ ધારણ કરીને

નિર્દોષ ઘેટું દેખાવા પ્રયત્ન કરશે, પણ આપ લોકો આપની ઉજ્જવળ ન્યાયની જ્યોતિને એ ઠોંગધેડાથી જરાય વિચલિત નહિ થવા દો, એની મને ખાતરી છે. ઉપરાંત મને એ પણ કહેવા દો કે, અને નામદાર કોર્ટ પણ આપ સૌને કહેશે કે, પોતાના અસીલ પ્રત્યેની ફરજ બજાવતા વકીલને કોઈથી ડરાવી-ધમકાવી શકાય નહિ. અને જો તે તેમ કરવા જાય, તો તે વસ્તુ તેના જ અહિતમાં પરિણમે; ભલે પછી તે મોટો પિકવિક હોય કે નોકસ હોય કે સ્ટોકસ હોય, કે બ્રાઉન હોય કે થોમ્પ્સન હોય.

"હવે સદ્‌ગૃહસ્થો હું એમ બતાવવા માગું છું કે, એ પિકવિક બે વર્ષ સુધી સતત મિ. બાર્ડેલના મકાનમાં તેની સંભાળભરી પ્રેમાળ સરભરા હેઠળ આનંદથી રહ્યો. એ આખા વખત દરમ્યાન મિસિસ બાર્ડેલ તેની તહેનાત ભરતાં, તેનું ખાણું પકાવતાં, તેનાં કપડાં ધોવા આપતાં, અને તેની બધી જરૂરિયાતો તરફ કાળજીભરી નજર રાખતાં. પેલો પિકવિક એ આખા સમય દરમ્યાન તેમનામાં પૂરો વિશ્વાસ અને શ્રદ્ધા પેદા કરતો રહ્યો. તે મિસિસ બાર્ડેલના નાના છોકરાને કોઈ વાર અર્ધો પેન્સ આપતો, તો કોઈ વાર છ પેન્સ પણ આપતો. એક વખત તો એ છોકરાના માથા ઉપર તેને હાથ ફેરવતો જોનાર સાક્ષીઓ પણ મોજૂદ છે. પછી તે કેટલા લખોટા જીત્યો છે, તથા તેની પાસે અમુક જાતના લખોટા છે કે નહિ, એમ પૂછપરછ કરીને આરોપી તેને ઝટ પૂછી બેઠો, 'તને બીજા બાપુ મળે તો ગમે કે નહિ?' આવી મોહજાળ બિછાવ્યા પછી એ પિકવિક એક વર્ષથી અચાનક જાણે, મિસિસ બાર્ડેલના સ્નેહતંતુ તોડવાના ઇરાદાથી અવારનવાર ગેરહાજર રહેવા લાગ્યો. પરંતુ તેનો નિશ્ચય બહુ દૃઢ નહિ હોય તે કારણે, અથવા તેના હૃદયમાં થોડાક સારા અંશની જ્યોત હજુ પૂરેપૂરી બુઝાઈ ગઈ નહિ હોય તે કારણે, કે પછી મારાં અસીલનો સાલસ સ્વભાવ અને આકર્ષણ પ્રબળ નીવડ્યાં હોવાને કારણે – જે હો તે હો — પણ બહારગામથી પાછા આવી

તેણે તરત મિસિસ બાર્ડેલને લગ્નની ઑફર આપી. અને તેના પોતાના જ મિત્રોની જાત-માહિતી ઉપરથી હું સાબિત કરી આપીશ કે તે તેમને વારંવાર હાથમાં લેતો તથા આશ્વાસન તથા પ્રેમ-સૂચક શબ્દો વાપરતો.

"તદુપરાંત હું તેના પોતાના હસ્તાક્ષરના બે કાગળો રજૂ કરવાનો છું; જેમાં તેણે તેના ખ્યાલ મુજબ પ્રેમની અનોખી સંકેતભાષા વાપરી છે! માણસજાતની હરામખોરી તો જુઓ! પોતાનો નાપાક હેતુ પાર પાડવા તે કેવા કેવા ઉપાયો અજમાવે છે! જુઓ, પહેલો કાગળ આ પ્રમાણે છે: 'ગેરાવેય્ઝ, બપોરના બાર. વહાલાં મિસિસ બી. — ચૉપ અને ટૉમેટો સૉસ. તમારો પિકવિક.' સદ્‌ગૃહસ્થો, આનો શો અર્થ છે? ટૉમેટો સૉસ! એક વિશ્વાસુ ભલી બાઈની લાગણીઓ સાથે આવાં સંબોધનો વાપરીને ચેડાં કરવાનાં હોય? અને આ બીજો કાગળ તો તારીખ વગરનો છે; એ જ વસ્તુ તેનો બદઇરાદો પુરવાર કરવા માટે પૂરતી છે. 'વહાલાં મિસિસ બી. હું કાલે ઘેર પહોંચી નહિ શકું, ધીમો ફ્રાય.' અને આ પછી જે વાક્ય આવે છે, તે ખાસ નોંધપાત્ર છે: 'શેકવાની લોઢી માટે કશી ફિકર ન કરશો.' હવે આપ સદ્‌ગૃહસ્થો વિચાર કરી જોજો કે, 'શેકવાની લોઢી' એ તો રસોડાનું એક નિર્દોષ સાધન છે. તેને કારણે કોઈ પુરુષ કે સ્ત્રીની માનસિક શાંતિ ખંડિત થાય તેવું હોઈ શકે ખરું? એટલે આ કોઈ જુદા જ અગ્નિની વાત છે — પ્રેમ-અગ્નિની! અને 'ધીમો ફ્રાય' એ શબ્દોનો અર્થ હવે આપ સૌ કલ્પી શકશો. એ પિકવિક પોતે છે. પણ આપણે હવે તેની ધીમી ગતિ બદલીને ઉતાવળી કરી આપીશું, એવી મને ખાતરી છે.

"પણ, સદ્‌ગૃહસ્થો હૃદય દુઃખથી ફાટી પડતું હોય, ત્યારે એવી શાબ્દિક મજાક-મશ્કરી કરવાનું મને ગમતું નથી. મારા અસીલની આશાઓ અને કારકિર્દીનો લોપ થયો છે. તેની આજીવિકા પણ બંધ પડી છે. એ કમરો હવે ખાલી પડ્યો છે—સૂનો પડ્યો છે—જે

કમરામાંથી ભલાં મિસિસ બાર્ડેલે પોતાના જીવનમાં ફરી કલ્લોલ પ્રગટવાની આશા રાખેલી. આ પિકવિક માણસે એક ભલી બાઈનું જીવન હંમેશ માટે રફેદફે કરી નાખ્યું છે. છતાં તે માણસ પોતે સરજેલી બરબાદી તરફ કેવળ નફટાઈથી અને નિર્લિપ્તતાથી નિહાળી આનંદ માણી રહ્યો છે. પરંતુ તેને ખબર પાડી દેવી જોઈએ. ભારે નુકસાની તેની પાસે ચુકવાવવામાં આવે, તો જ તે ઘમંડી માણસની તુમાખી થોડી ઊતરે. અલબત્ત, તેથી મારાં અસીલનાં સુખ-શાંતિ કંઈ પાછાં નથી ફરવાનાં; પણ તેમના સહૃદયી દેશબંધુઓ તેમને થયેલા અન્યાય પ્રત્યે સમજ અને સહાનુભૂતિ દાખવી, તેમને ન્યાય મળે એ જોવા તત્પર છે, એટલું જાણવામાત્રથી તે બાઈને જેવો તેવો આનંદ નહિ થાય."

અહીં આગળ સારજંટ બઝફઝનું વ્યાખ્યાન પૂરું થતાં, મિ૦ જસ્ટિસ સ્ટેર્લે જાગી ઊઠ્યા.

હવે મિસિસ ક્લપિન્સને જુબાની આપવા બોલાવવામાં આવી. મિસિસ સેન્ડર્સ, મિસિસ બાર્ડેલ, મિ૦ ડૉડસન અને મિ૦ ફૉગ એ સૌએ મળીને એ ભલી બાઈને ટેકો આપી સાક્ષીના પાંજરામાં ચડાવી.

"મિસિસ ક્લપિન્સ," સારજંટ બઝફઝે પૂછવા માંડ્યું; "મહેરબાની કરી જરા સાંસતાં થાઓ અને જવાબ આપો–" પણ સાંસતા થવા વિનંતી કરવામાં આવી તેની સાથે જ મિસિસ ક્લપિન્સે ડૂસકાં ખાવા માંડીને હિસ્ટીરિયાની તાણ શરૂ થવાનાં એવાં ચિહ્નો પ્રગટ કરી દીધાં કે, તેમના મોં અને નાક પાસે સૂંઘવાની દવાઓ તત્કાળ ધરવી પડી.

સારજંટ બઝફઝે એ પૂર્વયોજિત નાટક થોડો વખત ચાલવ દીધા બાદ પૂછ્યું, "અમુક એક દિવસે તમે મિસિસ બાર્ડેલને ત્યાં જઈ ચડ્યાં, ત્યારે મિસિસ બાર્ડેલને તમે મિ૦ પિકવિકના કમરામાં જોયાં હતાં, ખરું?"

"માય લૉર્ડ અને જૂરીના સદ્‌ગૃહસ્થો, હું આપને છેતરવા નથી માગતી; એટલે હું કબૂલ કરી દઉં છું કે, એ દિવસે હું જાણી જોઈને મિસિસ બાર્ડેલને ખબર ન પડે તે રીતે તેમના ઘરમાં ગઈ હતી. મારો કશો બીજો ઇરાદો ન હતો — તેમના ઘરનું બારણું ઉઘાડું દેખીને હું બજારમાં ખરીદી માટે જતાં જતાં થોભી અને તેમને 'ગૂડ-મૉર્નિંગ' કરવા અંદર દાખલ થઈ. તેમને નીચે ન જોતાં, ઉપરને મજલે હું પહોંચી ગઈ, પણ ત્યાં તો મને અવાજો સંભળાયા."

"તમારો ઇરાદો એ શબ્દો સંતાઈને સાંભળવાનો હરગિજ નહિ જ હોય, ખરું ને?" બ્રૂક્ફ્રેઝે પૂછ્યું.

"ના જી, કદી નહિ; અમે સૌ જાહેર રીતે જાણતાં હતાં કે મિસિસ બાર્ડેલને મિ૰ પિકવિકે પરણવાની માગણી કરેલી જ છે, એટલે ધણી-ધણિયાણીની પ્રેમવાર્તા ચાલતી હોય તે છુપાઈને સાંભળવી એ યોગ્ય ન જ કહેવાય. પણ એ અવાજો એટલે મોટેથી આવતા હતા કે સંભળાઈ જ જાય. પિકવિક ધીમેથી અને આજીજીપૂર્વક મિસિસ બાર્ડેલને સાંસતાં થવા, અને શાંત થવા મનાવતા હતા."

વાચકો એ પ્રસંગે થયેલી વાતચીતથી માહિતગાર હોવાથી અમે એ બધું ફરીથી બેવડાવતા નથી. પણ બ્રૂક્ફ્રેઝ એટલી પૂછપરછ કરી લીધા બાદ બેસી ગયા અને આ સાક્ષીની ઊલટતપાસ કરવાનો મિ૰ સારજંટ સ્નબિનનો વારો આવ્યો. પણ સારંજટ સ્નબિને જણાવ્યું કે, "મારા અસીલ જણાવે છે કે, આ સાક્ષીએ એ પ્રસંગે જે સાંભળ્યું હોવાનું જણાવ્યું છે, તે તત્ત્વતઃ સાચું છે, એટલે હું આ સાક્ષીની ઊલટતપાસ કરવા માગતો નથી."

મિસિસ ક્લપિન્સ હવે પોતાના ઘરકુટુંબની કેટલીક અગત્યની વિગતો અદાલતને અને જૂરીને જણાવવા તત્પર થયાં. જેમ કે, તે આઠ છોકરાંની મા છે, અને છએક મહિનામાં નવમા બાળકની પોતાના પતિને ભેટ ધરવાનાં છે ઇ૰. પણ જજ હવે વચ્ચે પડ્યા એટલે તેને અને મિસિસ સેન્ડર્સને બહાર લઈ જવામાં આવ્યાં.

મિ૦ સ્નિકપિને હવે નૅથેનિયલ વિંકલને સાક્ષીના પાંજરામાં હાજર થવાનું ફરમાવવા કોર્ટને વિનંતી કરી.

મિ૦ વિંકલે આગળ આવી, વિધિપૂર્વક સોગંદ લઈ જજની સામે જોઈ તેમને નમન કર્યું.

"મારી સામે જોવાની જરૂર નથી, જૂરી સામે જુઓ," જજે કરડાકીથી કહ્યું.

મિ૦ વિંકલે તરત હુકમ માથે ચડાવ્યો અને જૂરી જ્યાં હશે એમ માન્યું તે તરફ આંખો ફેરવી; કારણ કે, તેમની એ માનસિક ગૂંચવણભરી સ્થિતિમાં તેમને કશુંય સ્પષ્ટ દેખાવું અશક્ય હતું.

મિ૦ સ્નિંપિન મિ૦ વિંકલની સ્થિતિ સમજી ગયા, એટલે તેમણે તેમને બરાબર ગભરાવવાનું શરૂ કર્યું : "હવે તમે ભલા થઈને તમારું નામ નામદાર જજને તથા જૂરીને જણાવશો સાહેબ, કે પછી તમને આજ્ઞા કરવી પડશે?"

"વિંકલ."

"પણ તમારું પ્રથમ નામ શું?" જજે આવા અધૂરા જવાબથી ગુસ્સે થઈને પૂછ્યું

"નૅથેનિયલ, સાહેબ."

"ડેનિયલ કે બીજું કંઈ?"

"નૅથેનિયલ સાહેબ, ડેનિયલ નહીં, માય લૉર્ડ."

"નૅથેનિયલ ડેનિયલ કે ડેનિયલ નૅથેનિયલ?"

"ના, ના માય લૉર્ડ, માત્ર નૅથેનિયલ, ડેનિયલ નહીં."

"તો પછી મને પહેલાં ડેનિયલ કેમ કહ્યું હતું, તે કહેશો?"

"મેં નથી કહ્યું, માય લૉર્ડ."

"તમે કહ્યું જ છે; નહિ તો મારી નોંધમાં એ નામ ક્યાંથી અધ્ધર કૂદી પડ્યું?"

એ દલીલ અકાટ્ય હતી.

"મિ૦ વિંકલની યાદદાસ્ત બહુ નબળી હોય તેમ લાગે છે, માય લૉર્ડ," એટલું જજને સંબોધીને પછી મિ૦ સ્કિંપિન જૂરી તરફ નજર કરીને બોલ્યા, "પણ આપણે તેમની જુબાની પૂરી કરતા પહેલાં તેમની યાદદાસ્તમાં પૂરતી સ્ફુર્તિ લાવી દઈશું."

"તમારે જુબાની આપતાં કાળજી રાખવી જોઈએ; સમજો છો કે નહિ?" જજે કરડી આંખ કરીને કહ્યું.

બિચારા મિ૦ વિંકલને માથું નમાવી એ સ્વીકાર્યા સિવાય છૂટકો નહોતો.

"હવે મિ૦ વિંકલ, મારા તરફ લક્ષ આપવાની જરા મહેરબાની કરો જોઉં, અને નામદાર જજે આપેલી તાકીદમાં હું મારી ભલામણ પણ ઉમેરું છું કે, જરા કાળજીપૂર્વક જવાબ આપજો. તમે પિકવિકના ખાસ મિત્ર છો ખરું? છો કે નહિ, એકદમ કહી દો?"

"હું મિ૦ પિકવિકને ઓળખું છું; લગભગ —"

"જુઓ મિ૦ વિંકલ, તમે સવાલનો જવાબ કેમ ટાળો છો? તમે આરોપીના મિત્ર છો કે નહિ?"

"હું હમણાં એમ જ કહેવા જતો હતો કે —"

"તમે મારા પ્રશ્નનો જવાબ આપવા માગો છો કે નહિ?"

"જો તમે પ્રશ્નના જવાબ ન આપવાની આડાઈ દાખવશો, તો તમારા ઉપર ન્યાયના કામમાં ડખલ કરવાનો આરોપ લાગુ કરવામાં આવશે, સમજ્યા?" જજ તડૂકયા.

"તો બોલો જોઉં, તમે આરોપીના મિત્ર છો કે નહિ?" મિ૦ સ્કિંપિને પૂછ્યું.

"હા, છું."

"તો અત્યાર સુધી તમને એટલું કહેતાં શું વાંધો નડતો હતો, વારુ? કદાચ તમે ફરિયાદીને પણ ઓળખતા હશો, નહિ?"

"હું મિસિસ બાર્ડેલને ઓળખતો નથી; મેં તેમને જોયાં છે બસ!"

"તમે શું કહેવા માગો છો, તે આ જૂરીના સદ્‌ગૃહસ્થોને સ્પષ્ટ કરશો?"

"હું એટલું જ કહેવા માગું કે, મારે તેમની સાથે નિકટનો પરિચય નથી; જ્યારે મિ૦ પિકવિકને મળવા જતો, ત્યારે મેં તેમને જોયેલાં."

"તમે તેમને એમ કેટલી વાર જોયાં હશે?"

"કેટલી વાર?"

"હા, મિ૦ વિંકલ, કેટલી વાર? તમારે જોઈએ તો એ પ્રશ્ન ડઝનેક વખત બોલી બતાવવા તૈયાર છું."

પ્રથમ તો મિ૦ વિંકલે કહ્યું, મેં કેટલી વાર જોયાં હશે તેની ચોક્કસ સંખ્યા હું કહી શકતો નથી. પણ જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, વીસેક વાર જોયાં હશે? ત્યારે તેમણે કહ્યું, એનાથી તો ઘણી વાર વધારે. 'તો તમે સોએક વાર જોયાં હશે?—પચાસ કરતાં વધુ વખત જોયાં હશે એમ તમે સોગંદપૂર્વક કહી શકો ખરા?—અને વધુ ચોક્કસ કહેવું હોય તો પંચોતેર વખત જોયાં હશે?'—એમ મિ૦ વિંકલને ગભરાવવામાં આવ્યા. અને તે પૂરા ગભરાઈ રહ્યા, એટલે તેમને પાછી તાકીદ આપવામાં આવી કે સંભાળીને વાત કરો—ફાવે તેમ ઠોકયા ન કરો, ઇ૦.

પછી મિ૦ વિંકલને સીધો પ્રશ્ન પેલા દિવસના પ્રસંગ બાબત પૂછવામાં આવ્યો. તેમની સાથે તે વખતે મિ૦ સ્નોડગ્રાસ અને મિ૦ ટપમન હતા કે નહિ, તે પણ પૂછવામાં આવ્યું. અને પછી એ બંને અદાલતમાં હાજર છે કે નહિ તે પણ પૂછવામાં આવ્યું. અને મિ૦ વિંકલ તેઓ જે તરફ હતા તે તરફ ફરીને નજર કરવા લાગ્યા એટલે તરત તેમને તાકીદ આપવામાં આવી કે, "એમની સાથે કશી સંતલસ કરી બનાવટી વાતો બોલવાની નથી, માટે તે તરફ જોયા વિના કહો કે, તમે આરોપીને ત્યાં તે સવારે ગયા ત્યારે તમે શું જોયું? સાચેસાચું બોલજો; મોટા યા વહેલા અમે તમારી પાસેથી સાચી વાત કઢાવવા પ્રયત્ન કરવાના જ છીએ, એટલું યાદ રાખજો."

"મિ૦ પિકવિક મિસિસ બાર્ડેલને હાથમાં પકડી રહ્યા હતા, તેમની કમરની આસપાસ હાથ વીંટાળીને; અને મિસિસ બાર્ડેલ બેભાન થઈ ગયાં હોય એમ લાગતું હતું."

"આરોપીને કંઈ બોલતા તમે સાંભળેલા?"

"તે મિસિસ બાર્ડેલને સંબોધીને કહેતા હતા કે, તમે ભલાં થઈને સાંસતાં થાઓ, આમ શું કરો છો? કોઈ આવે ને જુએ તો કેવું દેખાય, ઇ૦."

"હવે મિ૦ વિંકલ, મારે તમને એક જ પ્રશ્ન પૂછવાનો રહે છે, અને હું તમને નામદાર જજ સાહેબે આપેલી તાકીદ યાદ રાખવા વિનંતી કરું છું. તમે સોગંદપૂર્વક એમ કહેવા તૈયાર છો ખરા, કે, પિકવિક આ શબ્દો નહોતા બોલ્યા: 'વહાલાં મિસિસ બાર્ડેલ, તમે બહુ સારાં બાઈ છો; તમે આ સ્થિતિ આવતાં ગાભરાં કેમ થઈ જાઓ છો, છેવટે તો આ સ્થિતિએ તમારે આવવું જ પડવાનું છે',—એવા અર્થનું કંઈક?"

"એવા અર્થનું એ બોલ્યા હતા એ હું ચોક્કસ નથી કહી શકતો; હું દાદર ઉપર હતો એટલે મને કશું સ્પષ્ટ સંભળાયું ન હતું; મારા મન ઉપર એવી છાપ પડી હતી કે—"

"જૂરીના સદ્‌ગૃહસ્થોને તમારા મન ઉપર પડેલી છાપોની કશી જરૂર નથી. તેમના જેવા પ્રમાણિક સીધા માણસોને તમારા વિકૃત માનસની છાપોનો કશો ઉપયોગ ન હોઈ શકે. પણ મેં કહ્યા તે અર્થના શબ્દો પિકવિકે નહોતા વાપર્યા, એમ તમે સોગંદપૂર્વક નહીં કહો ખરું?" "ના, હું નહીં કહું," મિ૦ વિંકલ જવાબ આપી બેઠા.

ટપ દઈને મિ૦ સ્નિંપિન ચહેરા ઉપર વિજયની છટા સાથે બેસી ગયા.

હવે મિ૦ ફ્રૂડા મિ૦ વિંકલ પાસેથી મિ૦ પિકવિકને ઉપયોગી થઈ પડે તેવું કંઈક નીકળી શકે તો કઢાવવા ઊભા થયા.

"મિ૦ વિંકલ, મિ૦ પિકવિક જુવાન ઉંમરના તો ન જ કહેવાય, એવું તમે માનો છો ને?"

"હા જી, તે તો મારા બાપ થાય તેટલી મોટી ઉંમરના છે."

"તમે મારા વિદ્વાન મિત્રને એમ જણાવ્યું કે તમે મિ૦ પિકવિકને ઘણા સમયથી ઓળખો છો, તો તમને કોઈ વખત — કદી એમ લાગેલું ખરું કે તે પરણવાની તૈયારીમાં છે?"

"હરગિજ નહિ." મિ૦ વિંકલ અતિ તત્પરતાથી બોલી ઊઠ્યા. વકીલો માને છે કે, બે જાતના સાક્ષીઓ ખરાબ કહેવાય: જવાબ આપવામાં આનાકાની કરતો; અને અતિશય તત્પરતાથી જવાબ આપતો. મિ૦ વિંકલ બંને રીતે ખરાબ સાક્ષી નીવડ્યા હતા.

મિ૦ ફૂંકાએ હવે બહુ શાંતિથી અને સહાનુભૂતિભરી રીતે પૂછ્યું: "મિ૦ વિંકલ, એથી પણ થોડો આગળ જઈને હું પૂછું કે, સ્ત્રી-જાતિ પ્રત્યેના મિ૦ પિકવિકના વલણમાં છેવટના એવો કોઈ ફેરફાર તમે જોયો હતો કે જેથી તમને એમ માનવાને કારણ મળે કે, તે લગ્ન કરવાનું કદાચ વિચારતા હોય?"

"ના, ના, હરગિજ નહિ." મિ૦ વિંકલે જવાબ આપ્યો.

"અને તેમની સ્ત્રીઓ પ્રત્યેની વર્તણૂક પણ કોઈ પ્રૌઢ ઉંમરની વ્યક્તિ જેની વૃત્તિઓ અને રસો પોતાના ધંધાઓમાં તથા કામકાજોમાં સ્થિર થઈ ગંઠાઈ ગયાં છે એ જાતની – અર્થાત્ કોઈ પિતા પોતાની પુત્રીઓ પ્રત્યે દાખવે એ જાતની જ હતી ને?"

"એ બાબતમાં જરા પણ શંકા નથી. અર્થાત્ એ જ જાતની હતી."

સારજંટ સ્નબિને હવે ફૂંકાને બેસી જવા નિશાની કરી, પણ તેણે છેવટના એક વધુ પ્રશ્ન પૂછ્યો: "મિસિસ બાર્ડેલ કે બીજી કોઈ પણ સ્ત્રી પ્રત્યે તેમની વર્તણૂકમાં કદી તમને એવું કંઈ જોવા મળેલું ખરું કે જે શંકાસ્પદ ગણાય અને જેનો કંઈક ભળતો અર્થ થઈ શકે?"

"ના; એક જ પ્રસંગ બાદ કરીએ તો; અને તે પ્રસંગનો પણ બીજી રીતે ખુલાસો થઈ શકે."

હવે કમનસીબ ફંકી સાર્જન્ટ સ્નબિને નિશાની કરી તે જ વખતે બેસી ગયા હોત, તો આ કમનસીબ વાક્ય મિ૦ વિંકલના મોંમાંથી નીકળી પડયું ન હોત. કારણ કે, મિ૦ ફંકી જેવા બેઠા અને સારજંટ સ્નબિને મિ૦ વિંકલને પાંજરામાંથી નીકળી જવા નિશાની કરી, તે જ વખતે સારજંટ બઝફઝે ઊભા થઈ જજને વિનંતી કરી કે, "મિ૦ વિંકલ જે પ્રસંગની વાત કરે છે, તે પ્રસંગ કયો છે તે નામદાર કોર્ટ તરફથી પૂછવામાં આવે એવી મારી વિનંતી છે."

જજે તરત જ મિ૦ વિંકલને એ પ્રસંગ ખુલાસાવાર કહી સંભળાવવા ફરમાવ્યું.

મિ૦ વિંકલે કહ્યું, "એ પ્રસંગ મારે મોંએ હું કદી નહીં કહી બતાવું."

પણ જજે હવે એ કહી બતાવવા આગ્રહ જ કર્યો.

છેવટે મિ૦ વિંકલે, ઈપ્સવીચ મુકામે પિટર મૅગ્નસની પ્રસ્તાવિત પત્ની મિસ વિધરફિલ્ડના કમરામાં રાતે મિ૦ પિકવિક ઘૂસેલા જણાતાં કેવી રીતે પિટર મૅગ્નસે વિવાહ તોડી નાખ્યા હતા તથા મિ૦ પિકવિકને દ્વંદ્વયુદ્ધનું આહ્વાન આપ્યું હતું, અને પરિણામે સૌને મૅજિસ્ટ્રેટ નપ્કિન્સ સમક્ષ રજૂ થવું પડયું હતું, એ આખો પ્રસંગ કહી બતાવ્યો.

મિ૦ પિકવિકનો કેસ હવે એક રીતે હવે ખતમ થઈ ગયો, અને તેમના મિત્ર મિ૦ વિંકલને જ હાથે! સારજંટ સ્નબિને હવે મિ૦ વિંકલને કશું જ કૉસ કરવા પૂછવાની ના પાડતાં, મિ૦ વિંકલ ઘોર અપરાધીની જેમ પાંજરામાંથી નાઠા અને હૉટલમાં પોતાના કમરામાં જઈ પથારી ભેગા થઈ ગયા. તેમણે પોતાના મિત્ર અને નેતાને પોતાની જુબાનીથી થાય તેટલું નુકસાન જ કર્યું હતું.—અને તે પણ તેથી ઊલટું કરવાની મરજી હોવા છતાં.

ટ્રેસી ટપમન, અને ઑગસ્ટસ સ્નૉડગ્રાસને હવે પાંજરામાં વારાફરતી બોલાવવામાં આવ્યા અને તેમને મોંએ પણ મિ૦ વિંકલે કહેલી વાતનું જ સમર્થન કરાવી કરાવીને તેમને વિદાય કરવામાં આવ્યા.

હવે મિસિસ સૅન્ડર્સને પાંજરામાં લેવામાં આવ્યાં. તેમણે જુબાની આપતાં જણાવ્યું કે, પિકવિક મિસિસ બાર્ડેલને પરણવાના છે, એવી ચોક્કસ વાત પડોશમાં બધે જ જાણીતી હતી અને અમે બધાં તો એ લગ્ન-દિવસની રાહ જોતાં મિસિસ બાર્ડેલને પૂછી પૂછીને પજવતાં પણ ખરાં.

સારજંટ સ્નબિને મિસિસ સૅન્ડર્સને ક્રૉસ કરતાં પૂછ્યું, "મિસિસ બાર્ડેલ કોઈ ભઠિયારા પ્રત્યે પ્રેમની નજરે જોતાં હતાં અને એ ભઠિયારો મિસિસ બાર્ડેલ તરફ પ્રેમની નજરે જોતો હતો, એ તમે કહી શકશો ખરાં?"

"ના, હું સોગંદપૂર્વક તેમાંનું કશું કહી શકું તેવી સ્થિતિમાં નથી."

પછી સારજંટ બઝફઝે સૅમ્યુએલ વેલરની જુબાની લેવા માંડી. તેમના મનમાં હતું કે મિ૦ વિંકલની પેઠે આ બબૂચક જેવા લાગતા નોકર પાસેથી પણ મિ૦ પિકવિકની વિરુદ્ધનું ઘણું કઢાવી શકાશે.

જજે પૂછ્યું, "તમારું નામ શું?"

"સૅમ વેલર, માય લૉર્ડ."

"જોડણી 'વી' કરવી કે 'ડબલ્યૂ'?"

"એ તો સાહેબ જોડણી કરનારની મંછા ઉપર કે શોખ ઉપર આધાર રાખે છે. મેં પોતે તો આખી જિંદગી ભાગ્યે એક કે બે વાર મારા નામની જોડણી કરી હશે – અને તે વખતે મેં 'વી' જોડણી કરી હતી."

તે જ ઘડીએ ગૅલરીમાંથી અવાજ આવ્યો, "બરાબર છે, સૅમિવેલ, બરાબર છે. 'વી-ઈ' જ લખી નાખો, માય લૉર્ડ."

"અદાલતને આમ વગર બોલાવ્યે કોણ સંબોધવાની હિંમત કરે છે?" જજ તડૂકયા, અને અદાલતના છડીદારને એ બોલનાર

માણસને પકડી લાવવા હુકમ કર્યો. પરંતુ, જે કોઈ બોલ્યું હતું તે હાથમાં ન આવ્યું, એટલે ધાંધલ થોડું શમ્યા બાદ, જજે સેંમને જ પૂછ્યું : "એ કોણ બોલ્યું હતું, તે તમે કહી શકો છો?"

"એ મારા બાપુ હશે, એવો મને પાકો વહેમ જાય છે, માય લૉર્ડ."

"તમે એમને અહીં અદાલતમાં જોઈ શકો છો?"

"ના, માય લૉર્ડ; મને જરા પણ દેખાતા નથી," સેંમે અદાલતના છાપરામાંથી ટિંગાવેલા ફાનસ તરફ જોઈને જવાબ આપ્યો.

"જો તમે તેમને દેખાડી આપ્યા હોત, તો હું જરૂર તેમને સજા કરત."

સેંમે નીચા નમીને એ વાતના સ્વીકારસૂચક નમન કર્યું અને પછી સારજંટ બઝફઝ તરફ નજર કરી.

"હવે, મિ૦ વેલર," સારજંટે કહ્યું.

"હવે, સાહેબ," સેંમે જવાબ આપ્યો.

"તમે મિ૦ પિકવિકની નોકરીમાં છો, ખરું ને? જો હો, તો બોલી નાખવા મહેરબાની કરો, જલદી."

"મારે બોલી જ નાખવું છે, સાહેબ; હું એ સદ્‌ગૃહસ્થની નોકરીમાં છું, અને તે બહુ સારી નોકરી છે, સાહેબ."

"બહુ સારી જ હશે! કામકાજ નહીં, અને મળતર વધારે, ખરું ને?"

"ઘણું મળતર, સાહેબ; પેલા સૈનિકને જ્યારે ત્રણસો પચાસ ફટકાની સજા થઈ ત્યારે તેણે કહ્યું હતું તેમ."

"તમારે કોઈ સૈનિકે શું કહ્યું હતું તે કહી બતાવવાની જરૂર નથી; એ જુબાની ન કહેવાય," જજે કહ્યું.

"બહુ સારું, માય લૉર્ડ, હવે કોઈએ કહેલું કશું જ નહિ બોલું."

"તમને જ્યારે નોકરીમાં રાખવામાં આવ્યા તે સવારે કંઈ પ્રસંગ બન્યો હોવાનું તમને યાદ છે?" સારજંટ બઝફઝે પૂછ્યું.

"હા જી."

"તો ભલા થઈને એ પ્રસંગની વાત જૂરીને કહી સંભળાવો."

"મને તે દિવસે નવાં કપડાં પહેરવા મળ્યાં હતાં, અને મારી જિંદગીમાં એ ખાસ અનોખો પ્રસંગ હતો, જૂરીના સાહેબો."

ચારે બાજુ એ જવાબથી હસવાનું મોજું ફરી વળ્યું. જજે ગુસ્સે થઈને કહ્યું, "સાવધાન!"

"મિ૦ પિકવિકે પણ તે વખતે મને નવાં કપડાંની બાબતમાં સાવધાન રહેવા જ જણાવ્યું હતું, માય લૉર્ડ." સૅમે જવાબ આપ્યો.

જજ ગુસ્સે થઈ સૅમ તરફ બે મિનિટ જોરથી તાકી રહ્યા. પણ પેલાના મોં ઉપર એવી નિર્દોષતા, ભોળાપણું તથા ગંભીરતા છવાઈ રહેલાં હતાં કે, તેમનાથી કશું કહી શકાયું નહિ. પછી સારજંટ બઝફઝે આગળ ચલાવ્યું —

"તો, મિ૦ વેલર, તમે એમ કહેવા માગો છો કે, તમે મિસિસ બાર્ડેલને આરોપીના હાથમાં બેભાન થઈને પડેલાં જોયાં નહોતાં?"

"કશુંય જોયું નહોતું; કારણ કે હું ઓસરીમાં ઊભો હતો અને મને બોલાવે ત્યારે જ મારે અંદર જવાનું હોય — અંદર કોઈ બાનુ હોય ત્યારે તો ખાસ. તમે પોતે પણ મને એવી જ સલાહ આપો, એમ હું ખાતરીથી માનું છું, સાહેબ."

"જુઓ ધ્યાન આપો," બઝફઝે સૅમને ગભરાવવા કલમ ખડિયામાં બોળી લખી લેવા તૈયારી રાખીને પૂછ્યું, "તમે એમ કહેવા માગો છો કે, તમે ઓસરીમાં હતા છતાં શું બની રહ્યું હતું, તે જોતા નહોતા? તમારે એક જોડ આંખો છે કે નહીં?"

"મારે પૂરી એક જોડ આંખો છે, સાહેબ. પરંતુ મારી એ આંખો વીસ લાખ ગણું મોટું જોનાર સૂક્ષ્મદર્શક કાચ હોત તોપણ બંધ બારણાની આરપાર શી રીતે જોઈ શકે તે મને સમજાતું નથી.

ઉપરાંત તમે સાહેબ જોઈ શકો છો કે, મારે કપાળમાં એવો કાચ નહીં પણ માત્ર આંખો જ છે."

આ જવાબ જરા પણ ઉશ્કેરાયા વિના એવી સિફતથી તથા ભોળપણના દેખાવ સાથે આપવામાં આવ્યો હતો કે, બધા પ્રેક્ષકો ખડખડાટ હસી પડયા અને સારજંટ બઝફઝ છોભીલો પડી ગયો. તેણે ડૉડસન અને ફૉગ સાથે થોડી ગુસપુસ કરી લઈને પૂછ્યું, "હવે મિ૰ વેલર, તમારી મરજી હોય તો બીજા એક મુદ્દાને લગતો પ્રશ્ન પૂછું."

"હા જી, તમારી મરજી હોય તો પૂછો."

"તમે એક રાતે નવેંબર મહિનામાં મિસિસ બાર્ડેલને ઘેર ગયા હતા, એ તમને યાદ છે?"

"બરાબર યાદ છે, સાહેબ."

"એમ તમને યાદ છે, કેમ? મને ખાતરી જ હતી કે તમારે મોંએથી કશુંક અમે કઢાવી શકીશું જ." મિ૰ બઝફઝે હવે બેવડા ઘમંડ સાથે સૌ તરફ નજર કરતાં કહ્યું.

"હું પણ એમ જ માનતો હતો સાહેબ, કે તમે મારા મોંમાંથી બધું જ કાઢી લેવાના છો."

એ જવાબથી પાછી પ્રેક્ષકોમાં હસાહસ ફેલાઈ રહી.

"ઠીક; તો તમે મિસિસ બાર્ડેલને ત્યાં આ દાવા અંગે કંઈ વાતચીત કરવા ગયા હતા, નહીં?" બઝફઝે પૂછ્યું.

"હું ભાડું ચૂકવવા ગયો હતો, સાહેબ; પણ ત્યારે આ દાવા અંગે વાત નીકળી હતી, ખરી."

"તો શી વાત નીકળી હતી, તે ભલા થઈને કહેશો?"

"અરે મારી જિંદગાનીની પૂરેપૂરી ખુશીથી કહી દઉં, સાહેબ; થોડીઘણી નકામી વાતો થયા પછી, હમણાં અહીં જુબાની આપી ગયેલી સદ્‌ગુણી બાઈઓ મિ૰ ડૉડસન અને ફૉગની ભલમનસાઈનાં ખૂબ ખૂબ વખાણ કરવા મંડી ગઈ."

"ડૉડસન ઍન્ડ ફ્રૅગ એ ફરિયાદીના ઍટર્નીઓ છે; તો. તેઓ ફરિયાદીના વકીલોની ભલમનસાઈનાં ખૂબ વખાણ કરતી હતી, ખરું? તેઓ શાં શાં વખાણ કરતી હતી, વારુ?"

"ડૉડસન અને ફ્રૅગે ભારે ઉદારપણું દેખાડીને આખો કેસ જીતે ત્યારે જે નુકસાની મળે એનો ભાગ રાખવાનું કાંધું કરીને મફત લડવાનું કબૂલ કર્યું હતું, એવી વાત કરી હતી, સાહેબ. વકીલો પહેલેથી ફી ન માગે, એ તેમની ભલમનસાઈ જ કહેવાયને સાહેબ?"

આ અણધાર્યા જવાબથી પ્રેક્ષકો હસવા મંડી ગયા અને ડૉડસન અને ફ્રૅગનાં મોં કાળાં ઠણુક પડી ગયાં. કારણ કે, વકીલ તરીકે આવી રીતે કાંધાં કરવાં એ તદ્દન અજુગતી રીત ગણાય. કજિયા-દલાલ જેવા હલકી કોટીના લોકો જ અસીલની હાર-જીત ઉપર આવો સટ્ટો ખેલે.

ડૉડસન અને ફ્રૅગે ઉતાવળે સારજંટ બઝફઝના કાનમાં કંઈ કહ્યું, એટલે તેણે તરત જજને સંબોધીને કહ્યું, "માય લૉર્ડ, આ અગમ્ય મૂર્ખતાવાળા સાક્ષી પાસેથી કંઈ અગત્યનો મુદ્દો નીકળી શકે તેમ ન હોવાથી, હું તેને વધુ પ્રશ્નો પૂછીને નામદાર અદાલતને નાહક થકવવા માગતો નથી. તો બસ, તમે પાંજરામાંથી ઊતરી જાઓ, સાહેબ." બઝફઝે સૅમને સંબોધીને કહી દીધું.

"બીજો કોઈ સદ્‌ગૃહસ્થ મને કંઈ પૂછવા ઇચ્છે છે?" સૅમે ટોપો હાથમાં લઈ ચોતરફ નજર કરતાં કહ્યું.

"હું તો નથી જ પૂછવા માગતો," સારજંટ સ્નબિને હસતાં હસતાં જણાવ્યું.

આમ ડૉડસન અને ફ્રૅગના કેસને પોતાનાથી થાય તેટલું નુકસાન કરી આપીને, અને મિ૰ પિકવિક વિષે જેટલું ઓછું કહેવાય તેટલું કહીને સૅમ પાંજરામાંથી નીચે ઊતર્યો.

સારજંટ સ્નબિને પછી જૂરીને સંબોધીને બહુ લાંબું તથા જુદા જુદા મુદ્દાઓ ઉપર ભાર મૂકીને ભાષણ શરૂ કર્યું. તેમણે મિ૰ પિકવિકના ચારિત્ર્ય અને વર્તન વિષે ઘણા પ્રશંસાત્મક શબ્દો વાપર્યા;

તેમના જે કાગળો રજૂ કરવામાં આવ્યા હતા, તે કેવળ પોતે બહાર-ગામથી આવે ત્યારે ખાવાની શી શી તૈયારીઓ રાખવાની હતી, તે અંગેની સૂચનારૂપ જ હતા, એમ તેમણે એ શબ્દોનો ઉચિત અર્થ બતાવીને સમજાવ્યું. ટૂંકમાં તેમણે મિ૦ પિકવિકના પક્ષમાં જે કંઈ સારું કહેવાય તે બધું જ કહી દીધું.

ત્યાર બાદ મિ. જસ્ટિસ સ્ટૅલેંએ જૂરી સમક્ષ પરંપરાગત રૂઢિ મુજબ આખા કેસનો ઉપસંહાર કર્યો. જેમ કે, જો મિસિસ બાર્ડેલનું કહેવું સાચું હોય, તો મિ૦ પિકવિકનું કહેવું અવશ્ય ખોટું જ હોય. અને જો તેઓ મિસિસ કલપિન્સની જુબાનીને પ્રમાણભૂત ગણી શકે, તો તેઓએ તેને પ્રમાણભૂત માનવી જોઈએ; અને જો તેઓ ન ગણી શકે તો તેઓએ ન માનવી જોઈએ. જો તેઓને ખાતરી થાય કે, લગ્નનું વચન આપવા બાદ તેનો ભંગ કરવામાં આવ્યો છે, તો તેઓએ ફરિયાદીને જે કંઈ નુકસાની અપાવવાનું ઠીક લાગે, તે અપાવવી જોઈએ. અને જો તેઓને એમ લાગે કે, લગ્નના વચનનો ભંગ કરવામાં આવ્યો નથી, તો તેઓએ આરોપીને નિર્દોષ જાહેર કરી, તેની પાસેથી કશી નુકસાની ન અપાવવી ઘટે, ઇ૦, ઇ૦.

જૂરી ત્યાર પછી વિચારણા માટે અલગ કમરામાં ચાલી ગઈ. ત્યાં તેમને તેમનું મગજ સાફ થાય તે માટે નાસ્તાનો અને પીણાનો પ્રબંધ હતો.

પાએક કલાક ઇંતેજારીમાં પસાર થયો. પછી જૂરી પાછી આવી. તેણે મિસિસ બાર્ડેલની તરફેણમાં ચુકાદો આપ્યો અને નુકસાની સાતસો પચાસ પાઉંડ ઠરાવી.

બધા બહાર નીકળી અદાલત-ફી વગેરે ચૂકવવાનું પરવારતા હતા, તેવામાં ડૉડસન અને ફૅોગ આનંદથી હાથ ઘસતા ત્યાં આવ્યા.

મિ૦ પિકવિકે તેમને જોઈને કહ્યું, "તમે લોકો એમ માનતા હશો કે, હું નુકસાની ભરી દઈશ એટલે તેમાંથી તમને તમારો ભાગ મળી જશે, કેમ?"

ફૅાગે કહ્યું કે, 'એવો સંભવ છે ખરો.' અને ડૉડસને કહ્યું, 'અમે કોશિશ તો કરીશું જ.'

"તો તમે બંને જણા કોશિશ કરવી હોય તેટલી કર્યા કરજો. પરંતુ હું નુકસાની ભરીશ જ નહિ એટલે તમારાં ખીસાંમાં એક પાઈ પણ નહિ આવે. હું મારી બાકીની જિંદગી દેવાળિયાની જેલમાં ગાળવાનું જ પસંદ કરીશ. પણ તમારા હાથમાં મારો પૈસો આવે એ હરગિજ પસંદ નહિ કરું."

"હા–હા–હા! એ તો અત્યાર પૂરતું; પછી તમે ફેર-વિચાર કરશો જ એની અમને ખાતરી છે. અમારા પૈસા અમને ચાંદા જેવા હાથમાં આવેલા જ દેખાય છે!" ડૉડસને જવાબ આપ્યો.

"હી–હી–હી! બધું થોડા જ વખતમાં જણાઈ જશે, મિ૰ પિકવિક," ફૅાગ હસતાં હસતાં બોલ્યો.

મિ૰ પિકવિકનો કંઠ ગુસ્સાથી રૂંધાઈ ગયો, અને તે એક શબ્દ વધુ કાઢવા પ્રયત્ન કરે, તે પહેલાં મિ૰ પર્કર તેમને બહાર ખેંચી ગયા. સૅમ જલદીથી કોચ લઈ આવ્યો, અને તેમાં તેમને બેસાડી દેવામાં આવ્યા.

## ૩૭

## 'બાથ' તરફ

### ૧

બીજે દિવસે સવારે મિ૰ પર્કર પિકવિકને ઘેર આવી પહોંચ્યા. તેમણે પૂછ્યું, "ખરેખર, મિ૰ પિકવિક, તમે નુકસાની અને દાવાનું ખર્ચ ભરી દેવા માગતા નથી?"

"એક અર્ધો પેની પણ નહિ."

"સિદ્ધાંતનો જય! પેલા બ્યાજખાઉએ મુદત પૂરી થતાંખાતું ફરીથી પાડી આપવાની ના પાડતી વખતે કહ્યું હતું તેમ." સૅમે કહ્યું.

"સૅમ, તું ભલેા થઈને નીચે ચાલ્યેા જા, જોઉં," મિ૦ પિકવિકે કહ્યું.

"જરૂર, સાહેબ," એમ કહીને સૅમ ત્યાંથી નીકળી ગયેા.

"જુએા, પર્કર, મારા મિત્રોએ પણ મને સમજાવવા ખૂબ પ્રયત્ન કરી જોયેા છે; પણ કાંઈ વળ્યું નથી. એટલે સામા પક્ષવાળા મને દેવાળિયાઓની જેલમાં પુરાવે ત્યાં સુધી હું મારું રોજનું કાર્ય કર્યા કરીશ."

"એ વસ્તુ તેા તેઓ હવે રજાએા પછી જ કરી શકે – અર્થાત્ બે મહિના પછી," પર્કરે જવાબ આપ્યેા.

"તેા હવે સવાલ એટલેા જ રહે છે કે, એ બે મહિના આપણે કયાં જઈને કેવી રીતે ગાળવા?" મિ૦ પિકવિકે, પેાતાના શેાકાતુર મિત્રેાના મેાં તરફ હસતાં હસતાં જોઈને પૂછ્યું.

મિ૦ ટપમન અને મિ૦ સ્નેાડગ્રાસ તેા મિ૦ પિકવિકની જેલમાં જવાની જકથી જ એટલા ગાભરા થઈ ગયા હતા કે કશેા જવાબ આપવાની સ્થિતિમાં જ ન હતા. અને મિ૦ વિંકલ હજુ કેસ દરમ્યાન પેાતે પેાતાની જુબાનીથી મિ૦ પિકવિકને જે નુકસાન પહેાંચાડ્યું હતું, તેની શરમથી જ એટલા છપાઈ ગયા હતા કે કેાઈ પણ બાબત વિષે કશેા જવાબ આપવેા તેમને માટે શકય રહ્યું ન હતું. છેવટે મિ૦ પિકવિકે મિત્રોના જવાબની રાહ જોઈ રહીને, થાકીને જણાવ્યું કે, "આપણે 'બાથ' જઈએ, તેા કેમ? આપણામાંનું કેાઈ કદી તે તરફ ગયું નથી, એમ હું માનું છું."

કેાઈ જ તે તરફ ગયું ન હતું; અને મિ. પર્કરે પણ એ સૂચનને ખૂબ આવકાર્યું. તેમના મનમાં ઊંડે ઊંડે એવેા ખ્યાલ પણ હતેા કે, બાથ શહેરના આરેાગ્યપ્રદ ઝરાઓનું પાણી પીવા આવતા અને ત્યાં રહેતા લેાકેાના આનંદી વાતાવરણની અસર તળે આવતાં મિ૦ પિકવિકનેા દેવાળિયાઓની જેલમાં જવાનેા નિશ્ચય કદાચ ઢીલેા પડી જશે.

સર્વાનુમતિથી આ સૂચન મંજૂર થતાં સૌને બીજે દિવસે સવારે સાત વાગ્યે ઊપડતા કોચમાં પાંચ બેઠકો માટેની ટિકિટો ખરીદવા મોકલવામાં આવ્યો.

બે બેઠકો અંદરની બાજુએ અને ત્રણ બેઠકો બહારની મળી શકે તેમ હતી; સૌએ એ પાંચે બેઠકો રાખી લીધી.

૨

કોચ ઊપડવાને હજુ વાર હતી, એટલે મિ૦ પિકવિક અને મિત્રો કોચ-સ્ટેશને મુસાફરો માટેના ઉપાહાર-ગૃહમાં ગયા. ત્યાં ૪૫ વર્ષનો, કડક આંખોવાળો એક મુછાળો ઉતારુ નાસ્તો કરતો બેઠો હતો.

મિ૦ પિકવિકે ત્યાં બેસતાં બેસતાં મિ૦ વિંકલને પૂછ્યું, "બાથ પહોંચી કોચ કયાં છૂટતો હશે?"

"તમે બાથ તરફ જાઓ છો, કેમ?" પેલા મુછાળા ઉતારુએ પૂછ્યું.

"હા, સાહેબ," મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

"અને આ બીજા બધા સદ્‌ગૃહસ્થો પણ?"

"તેઓ પણ આવવાના છે."

"બધા જ અંદરની બાજુએ નહીં બેસવાના હો?"

"અમે બધા જ અંદર નહિ બેસી શકીએ."

"નહિ જ બેસી શકો વળી; અંદરની ચારમાંની બે જગાઓ તો મેં જ રોકેલી છે; અને જો તેઓ ચારની જગામાં છ ને બેસાડે, તો હું તરત ઘોડાગાડી કરીને શહેરમાં જઈ, આ લોકો ઉપર મનાઈ-હુકમ જ લાવું. મેં ભાડું ભરી દીધું છે, અને ભાડું ભરતી વખતે જ કલાર્કને કહ્યું હતું કે, વધારે માણસો ભરશો એ નહીં ચાલે. હું જાણું છું કે, એમ જ કરવામાં આવે છે – રોજ જ વધારે માણસો ભરવામાં આવે છે, પરંતુ મારી સાથે એમ કરી તો જુએ!"

"જુઓ સાહેબ, તમે નકામા આકળા થાઓ છો; અમે અંદરની બે જગાઓ જ રોકી છે."

"હું આ શબ્દો સાંભળીને ઘણો રાજી થયો છું; હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. આ મારું કાર્ડ; તમે તમારી ઓળખ આપો જોઉં."

"ઘણી ખુશીથી, સાહેબ; આપણે સાથે જ મુસાફરી કરવાના છીએ; અને મને આશા છે કે, આપણે સૌ સારી રીતે વખત પસાર કરી શકીશું."

"મને ખાતરી જ છે કે, આપણે સારી રીતે વખત પસાર કરી શકીશું. તમારા મોઢા ઉપરથી જ મને જણાઈ ગયું છે. સૌ સહ-ગૃહસ્થો, તમારા હાથ, અને તમારી ઓળખ મને આપી દો જોઉં."

એ મુછાળા ઉતારુનું નામ મિ૰ ડાઉલર હતું. તે પહેલાં લશ્કરમાં હતા; અને પોતાનાં પત્ની મિસિસ ડાઉલર સાથે આનંદ-પ્રમોદ માટે જ 'બાથ' તરફ જઈ રહ્યા હતા.

પોતાની પત્ની બાબત કહેતાં તેમણે જણાવ્યું, "મિસિસ ડાઉલર બહુ સુંદર સ્ત્રી છે; મને તે વાતનું બહુ અભિમાન છે; અને તે અભિમાન સકારણ છે, એમ હું કહેવા માગું છું."

"મને પોતાને એ બાબતનો નિર્ણય કરવાની તક હમણાં મળવાની જ છે," મિ૰ પિકવિક હસતાં હસતાં કહ્યું.

"જરૂર નિર્ણય કરજો; તે તમારું ઓળખાણ કરશે; તે તમને જરૂર સત્કારશે. મેં બહુ અદ્‌ભુત રીતે તેનો પ્રેમ જીત્યો છે. મેં તેને જોઈ અને હું તેને ચાહવા લાગી ગયો. મેં લગ્નનો પ્રસ્તાવ મૂક્યો; તેણે ના પાડી. તે બીજાને ચાહતી હતી. મેં તેને ત્યાં જ જણાવી દીધું કે, હું તેના પ્રેમીની જીવતાં ચામડી ઉતારીશ. મેં તરત પેલાને કાગળ પણ લખી દીધો કે, હું લશ્કરનો માણસ છું, અને મેં તેની ચામડી ઉતારવાનો નિશ્ચય કર્યો છે; અને લશ્કરી માણસ તરીકે મારે મારા કહ્યા પ્રમાણે કરી બતાવવું જ રહ્યું. તરત પેલો નાસી ગયો—અને હું પરણી ગયો. પણ લો, આ મિસિસ ડાઉલર આવી પહોંચ્યાં."

એક ઘોડાગાડી તરત જ ત્યાં આવી પહોંચી, અને તેમાંથી મિસિસ ડાઉલર નીચે ઊતર્યાં. પરંતુ કોચ ઊપડવાનો સમય પણ થયો હોવાથી, સૌ હવે પોતાની જગા રોકી લેવા લાગ્યાં. મિ૦ ટપમન અને મિ૦ સ્નોડગ્રાસ કોચના પાછળના ભાગમાં બેઠા; મિ૦ વિંકલ અંદર બેઠા. અને મિ૦ પિકવિક અંદર બેસવા જતા હતા તેવામાં સૅમે આવીને તેમને બાજુએ લઈ જઈને કહ્યું, "આ કોચના બારણા ઉપર કશુંક વિચિત્ર લખેલું છે."

"શું લખેલું છે?" એમ કહી, મિ૦ પિકવિકે જ્યાં કોચના માલિકનું નામ લખેલું હોય છે ત્યાં જોયું તો મોટા અક્ષરોમાં 'પિકવિક' નામ લખેલું હતું. એ કોચના માલિકનું નામ પણ પિકવિક હોવું એ તો એક અકસ્માત જ કહી શકાય. પણ સૅમનો ખ્યાલ જુદો હતો — તે એમ જ માનતો હતો કે, જાણી જોઈને મિ૦ પિકવિકનું નામ કોચના બારણા ઉપર લખેલું છે. એટલે તેણે ઉમેર્યું, "અને પિકવિક નામની આગળ પાછું 'મોઝિઝ' લખ્યું છે! એ તો ઘા કરીને ઉપર મીઠું ભભરાવવા જેવું થયું – પેલા પોપટને તેના વતનમાંથી ઉપાડી ઇંગ્લૅંડમાં લાવી તેને પાછી અંગ્રેજી ભાષામાં વાત કરતાં શીખવવા માંડ્યું ત્યારે તેણે કહ્યું હતું તેમ."

પણ મિ૦ પિકવિકે કોચના માલિકનું નામ પોતાની સમાન હોવા બદલ તેને સજા કરવાનો કશો ઇરાદો બતાવ્યો નહિ, એટલે સૅમ માથું હલાવી વિચારવા લાગ્યો કે, મારા માલિક આ કેસનો ચુકાદો આવ્યા પછી બદલાઈ જ ગયા છે — ઢીલા પડી ગયા છે.

## ૩

મુસાફરી દરમ્યાન ખાસ કંઈ નવાઈનું ન બન્યું. મિ૦ ડાઉલર જ પોતાના પરાક્રમની વાતો ફેંકવે જતા હતા; અને અવારનવાર તેના સમર્થનમાં મિસિસ ડાઉલરને બોલવાનું કહેતા હતા. મિસિસ ડાઉલર પણ જે કહેતી, તેથી મિ૦ ડાઉલરે કહેલી તેમની યશગાથામાં સારો ઉમેરો જ થતો. મિ૦ વિંકલ બહુ રસપૂર્વક એ વાતો સાંભળતા, અને

ખાસ કરીને ફૂટડી મિસિસ ડાઉલર જ્યારે કંઈક કહેતી, ત્યારે તો તે એકેએક શબ્દ પોતાના કાનમાં પેસે તેની ખૂબ કાળજી રાખતા.

સાંજના સાતેક વાગ્યે સૌ બાથના મહાન પંપ-રૂમ સામેની 'વ્હાઈટ હાર્ટ' હોટેલે પહોંચી ગયા.

એ દિવસોમાં, મિ૰ પિકવિક જેવા નિરીક્ષકને, ત્યાં ભેગાં થયેલાં લોકોની એકબીજા કરતાં સુંદર, જુવાન કે તવંગર દેખાવાની તમન્ના, પત્તાં, ત્યાંનાં અતિ લાભદાયક પાણીનું પાન, નૃત્યસમારંભ વગેરેમાં નોંધવાલાયક ઘણું ઘણું મળ્યું.

એ સ્થળના ગરમ પાણીના ઝરા અંગે એક દંતકથા પણ તેમને મળી—

રાજકુંવર બ્લાદુદને એથેન્સ ભણવા મોકલવામાં આવ્યો. તે ત્યાંથી માત્ર જ્ઞાન જ નહિ, રક્તપિત્તનો રોગ પણ લઈને પાછો આવ્યો. રક્તપિત્તિયાને માબાપ પણ ન સંધરે, એટલે તે રાજકુંવર રાજદરબાર છોડી ગામડિયાઓમાં અને ડુક્કરોમાં પોતાના દિવસો પસાર કરવા લાગ્યો.

બધાં ડુક્કરોમાં એક ડુક્કર તેની સ્વચ્છતા, નીરોગિતા, અને બળ-પરાક્રમ વગેરેની બાબતમાં સર્વશ્રેષ્ઠ હતું. રાજકુંવરને તે ડુક્કરમાં ખૂબ રસ પડ્યો—તે એની રીતભાત, રોજિંદો કાર્યક્રમ વગેરેનું બારીકાઈથી નિરીક્ષણ કરવા લાગ્યો.

એ ડુક્કરની એક ખાસિયત તેણે એ જોઈ, કે બીજાં સામાન્ય ડુક્કરો માત્ર ઉનાળામાં ઠંડક માટે કાદવમાં આળોટે છે, ત્યારે આ ડુક્કર તો શિયાળાની કાતીલ ઠંડીના વખતમાં પણ આખો વખત અમુક જગાએ કાદવમાં બેસી રહેતું; અને તે કારણે તેને કશું નુકસાન થવાને બદલે ઊલટો તેને ઘણો આરામ મળતો હોય તેમ લાગતું.

રાજકુમારે એ જગાએ પોતે બેસીને તે જગાનાં બળપ્રદ તત્ત્વો પોતાના રોગ ઉપર અજમાવવાનો વિચાર કર્યો. અને ખરેખર તે કાદવની નીચે ગરમ પાણીના ઝરા જ હતા. એ પાણીવાળો ગરમાગરમ

કાદવ શરીરે લગાડવાથી તથા તે પાણીનું સેવન કરવાથી, રાજકુમારનો રોગ દૂર થઈ ગયો. ત્યાર પછી તે પોતાના રાજ્યમાં પાછો ગયો, અને સૌ તેને નીરોગી થઈને આવેલો જોઈ અત્યંત ખુશ થયાં.

રાજકુમારે રાજગાદીએ આવ્યા પછી, એ ઝરાઓની જગાએની જગાએ આ 'બાથ' શહેર સ્થાપ્યું, અને ત્યારથી માંડીને આ ઝરાઓના પાણીનો મહિમા જગવિખ્યાત થયો.

## ૪

મિ૦ પિકવિક પેલી દંતકથાને વિસ્તારીને એક વાર્તા રૂપે લખવાનું પૂરું કરી, ઉપરને માળ સૂવા ચાલ્યા. રિવાજ મુજબ તે મિ૦ ડાઉલરના બારણા આગળ 'ગૂડ-નાઈટ' કહેવા થોભ્યા.

મિ૦ ડાઉલરે પૂછ્યું, "સૂવા ચાલ્યા? મને પણ તમારી પેઠે અત્યારે સૂવાનું મળ્યું હોત તો કેવું સારું થાત? પણ મારાં પત્ની હજુ સમારંભમાંથી પાછાં આવ્યાં નથી એટલે હું તો બેસી રહેવાનો છું. રાત ઘણી પવનવાળી અને અંધારી છે, નહિ?"

"હા; 'ગૂડ-નાઈટ,'" મિ૦ પિકવિકે કહ્યું.

"ગૂડ-નાઈટ," મિ૦ ડાઉલરે જવાબ આપ્યો. અને પછી પોતે પત્ની પાછા આવે ત્યાં સુધી બારણું ઉઘાડવા માટે અંગીઠી આગળ જાગતા બેસી રહેવાની તેને આપેલી ઉતાવળિયા બાંહેધરીનો પસ્તાવો કરવા લાગ્યા.

પછી ઝોકાં આવવા માંડતાં, અને અંગીઠીની કિનાર સાથે માથું ટિચાવાની ધાસ્તી ઊભી થતાં, મિ૦ ડાઉલર જાગતા રહેવાના નિશ્ચય સાથે પથારીમાં 'સહેજ' આડા પડ્યા અને થોડી વારમાં ભર નિદ્રામાં પડી ગયા.

ઘડિયાળમાં રાતના ત્રણ વાગ્યાના ટકોરા પડ્યા તે જ ઘડીએ મિસિસ ડાઉલર ખ્યાના-ખુરશીમાં બેસી હોટેલને બારણે આવી પહોંચ્યાં.

ખ્યાનો ઊંચકનારા બે જણમાંથી એકે પ્રથમ ધીમેથી અને પછી મિસિસ ડાઉલરના કહ્યા પ્રમાણે જોરથી બારણે ટકોરા મારવા છતાં

અંદરથી કોઈએ બારણું ઉઘાડયું નહિ. સૌ જાણે ઘસઘસાટ ઊંઘમાં પડયાં હતાં.

તે ઘડીએ એ ધમાકાઓથી મિ૦ વિંકલને પોતાની પથારીમાં પડયાં પડયાં એવું સ્વપ્નું શરૂ થયું કે પોતે ક્લબની સભામાં બેઠા છે અને સભ્યોના ઘોંઘાટને ચૂપ કરવા પ્રમુખ ટેબલ ઉપર મોગરી ઠોકયા કરે છે.

થોડી વાર પછી તેમને લાગ્યું કે, બહારનું બારણું જ ઠોકાતું હોય એમ લાગે છે. પણ ખાતરી કરી જોવા તે દશેક મિનિટ પથારીમાં પડયા રહ્યા. પછી બારણા ઉપર બે ત્રણ અને ત્રીસ ઠોક ગણ્યા એટલે આખી હોટેલમાંથી તરત જાગી ઊઠવા બદલ તે પોતાની જાતને ધન્યવાદ આપવા લાગ્યા. દરમ્યાન બારણા ઉપર ધબધબાટ ચાલુ જ રહ્યો.

છેવટે, વાત શી છે એ જાણવા ખાતર જ રાત્રી-પોશાકમાં જ, ઝભ્ભા જેવું કશું ઓઢી લઈ, હાથમાં મીણબત્તી સાથે તે દાદર ઊતરી નીચે આવ્યા.

બારણું ઠોકનારો છેવટે બોલ્યો, "કોઈકે આવે છે તો ખરું, મેડમ."

"હું એ હરામજાદાની પાછળ હોત તો આવું ઘોર ઊંઘવા બદલ તેને કાંક પાઠ શિખવાડત," બીજો બ્યાનાવાળો ઘૂરકયો.

"કોણ છે?" વિંકલે સાંકળ ઉઘાડતાં પૂછયું.

"બેટા, ભરતરના લોઢાના માથાવાળા, સવાલો પૂછવાનું રહેવા દે, જલદી બારણું ઉઘાડ," પહેલાએ કહ્યું.

મિ૦ વિંકલે બારણું ઉઘાડીને બહાર જોયું કે તરત તેમના મોં ઉપર મશાલચીના હાથની મશાલનું અજવાળું પડયું. તેમને એકદમ થઈ આવ્યું કે, મકાનમાં આગ લાગી છે. સામે ઊભેલી બ્યાના-બુરશીને તેમણે આગ-બંબો માની લીધો. પણ એટલામાં પવનનો સુસવાટો આવતાં તેમના હાથમાંની મીણબત્તી ઓલવાઈ ગઈ, અને તેમની પાછળનું બારણું પણ ધડાક દઈને વસાઈ ગયું.

મ્યાના-ખુરશીવાળાએ ચિડાઈને કહ્યું કે, "લે, બારણું તો વસાઈ ગયું; હવે અંદરથી કોણ પાછું કચારે ઉઘાડશે, કોણ જાણે!"

મિ૦ વિંકલે તરત બારણું ઠોકવા માંડ્યું; દરમ્યાન તેમના શરીર ઉપર ઓઢેલો ઝભ્ભો પવનમાં ઊડવા લાગતાં તેમની સ્થિતિ દયામણી થઈ ગઈ. પણ એટલામાં બીજા માણસો રસ્તા ઉપર આ તરફ આવી રહ્યાં હતાં, અને તેઓમાં સ્ત્રીઓ પણ હતી, એમ વાતચીતના અવાજ ઉપરથી સંભળાતું હતું. મિ૦ વિંકલને હવે આવા રાત્રીપોશાકમાં સ્ત્રીઓ આગળ ઊભવું પડશે એની એવી શરમ આવી ગઈ કે, તે મ્યાના-ખુરશીની બારીમાંથી ડોકિયું કરતાં મિસિસ ડાઉલરને જોયાં હોવા છતાં એકદમ તો એની અંદર જ પેસી ગયા.

તે જ વખતે ઉપરને માળ, નીચે બારણા ઉપરની ઠોકાઠોકથી જાગી ઊઠેલી મિ૦ ડાઉલરની પડોશી બાઈએ બારી ઉઘાડીને રસ્તા ઉપર નજર કરી, તો મિસિસ ડાઉલરની મ્યાના-ખુરશીમાં મિ૦ વિંકલને જલદી જલદી બેસી જતા જોયા. તેણે તરત મિ૦ ડાઉલરના બારણા પાસે આવી ઠોકાઠોક કરીને ધૂમ પાડી: "અરે મિ૦ ડાઉલર, જાગો, જાગો, તમારી પત્ની બીજા કોઈ સદ્‌ગૃહસ્થ સાથે નાસી જાય છે!"

મિ૦ ડાઉલર તરત પથારીમાંથી ઠેકડો મારી ઊભા થયા અને રસ્તા ઉપરની બારી ઉઘાડી નીચે નજર કરવા લાગ્યા. તે જ વખતે મિ૦ પિકવિક પણ શાની ધાંધલ છે તે જોવા બારી ઉઘાડી.

ડાઉલરે તરત જ પહેરેગીરને ધૂમ પાડી અને મ્યાના-ખુરશીમાં પેઠેલા બદમાશને પકડી રાખવા ફરમાવ્યું તથા પોતે હમણાં છરી લઈને એ બદમાશનું ગળું કાપી નાખવા આવે છે, એમ જણાવ્યું.

મિ૦ વિંકલ એ ધમકી સાંભળી તરત એ મ્યાના-ખુરશીમાંથી નીકળીને એ મકાનની પાછળની બાજુ પ્રદક્ષિણા કરતા ભાગ્યા. ડાઉલર અને પહેરેગીર તેમની પાછળ પડ્યા. મિ૦ વિંકલે મુખ્ય બારણા આગળ આવી, અંદર પેસી બારણું અંદરથી બંધ કરી દીધું, અને પોતાના કમરામાં પેસી જઈ, તેનું બારણું બંધ કરી તેની

પાછળ ટેબલ વગેરેની પુષ્કળ આડચેા ગેાઠવી દીધી. પછી વહેલી સવારે ગામ છેાડી ભાગી છૂટવા માટે જોઈતી વસ્તુઓ તે સમેટવા લાગ્યા. ડાઉલર જેવા ખૂની સાથે એક ગામમાં રહેવું જ જાણે હરામ છે!

મિ૦ ડાઉલરે મિ૦ વિંકલના બારણા આગળ આવી, તેમનું ગળું કાપી નાખવાની ફરીથી ધમકી આપી. પણ અત્યારે બારણું બંધ હેાવાથી દિવસ દરમ્યાન જ્યારે તે બહાર નીકળે, ત્યારે તેમને પેાતે ખતમ કરશે એમ જણાવ્યું. દરમ્યાન કમરા બહાર ઘણાં લેાકેા ભેગાં થઈ ગયાં અને મિ૦ ડાઉલરને સમજાવીને ત્યાંથી ખેંચી ગયાં. તે સૌના અવાજમાં મેાટેથી બેાલતા મિ૦ પિકવિકનેા અવાજ પણ સંભળાતેા હતેા.

## ૩૮

# મિ૦ વિંકલની ખેલદિલી

## ૧

સવારે મિ૦ પિકવિકે સેંમને બેાલાવ્યેા અને મિ૦ વિંકલને માથે મિ૦ ડાઉલર તરફથી ઊભા થયેલા ખતરાની વાત કરી. સેંમ રાતે બધા નેાકરેાના મંડળે આપેલા ખાસ આમંત્રણને માન આપી, તેઓના જલસામાં ચાલ્યેા ગયેા હતેા અને વહેલી સવારે જ પાછેા આવ્યેા હતેા.

તેણે કહ્યું કે, "મેં પણ એ વાત હમણાં જ સાંભળી, સાહેબ."

"સેંમ, પણ મને કહેતાં દુઃખ થાય છે કે, એ ડરના માર્યા મિ૦ વિંકલ આજે ભાગી ગયા છે."

"ભાગી ગયા?" સેંમે પૂછ્યું.

"આજ વહેલી સવારે જ મને કે કેાઈને કંઈ કહ્યા વિના ભાગી ગયા છે, અને કયાં ભાગી ગયા છે તે હું કલ્પી શકતેા નથી."

"એમણે અહીં રહીને લડી લેવું જોઈતું હતું, સાહેબ; એ ડાઉલરને ઠોકવામાં શી તકલીફ પડે તેમ હતું?"

"પણ સૅમ, મને વિંકલની બહાદુરી અને નિશ્ચયબળ વિષે હવે ઘણી શંકા જાય છે. પરંતુ એ વાત અત્યારે રહેવા દઈએ, પણ મિ૰ વિંકલ આમ શરમજનક રીતે નાસી ગયા છે, તેમને ગમે તેમ કરીને શોધી કાઢવાના છે."

"પણ શોધી કાઢ્યા પછી તે અહીં પાછા આવવાની ના પાડે તો, સાહેબ?"

"તો એને બળજબરીથી અહીં લાવવાનો વળી."

"એ બળજબરી કોણ કરે?"

"તું જ વળી."

"ઘણું સારું, સાહેબ."

તરત જ સૅમ પ્રારંભિક તપાસ માટે બહાર ચાલ્યો ગયો અને થોડી વારમાં ખબર લઈ આવ્યો કે, "મિ૰ વિંકલના દેખાવને મળતા કોઈ સાહેબ આજે સવારે બ્રિસ્ટલ જતા કોચમાં ચાલ્યા ગયા છે."

"તો સૅમ, તું તેમની પાછળ બ્રિસ્ટલ જા."

"જરૂર જઈશ, સાહેબ."

"તું તેની ભાળ મેળવી શકે કે તરત મને પત્ર દ્વારા ખબર આપજે. જો તે તારા હાથમાંથી છટકીને નાસી જવા પ્રયત્ન કરે, તો તેને મારીને ઢીલો કરજે અથવા કમરામાં કયાંક પૂરી દેજે. તને મારી સંપૂર્ણ સત્તા છે, સૅમ."

"હું બરાબર કાળજી રાખીશ, સાહેબ."

"તારે તેને કહેવાનું કે, તેણે લીધેલા અસાધારણ પગલાથી હું બહુ જ નારાજ થયો છું, અને મને બહુ જ ખોટું લાગ્યું છે."

"હું તેમને બરાબર સંભળાવીશ, સાહેબ."

"પણ તને ખાતરી છે કે, તું તેમને શોધી કાઢી શકીશ?"

"તે ગમે ત્યાં હશે, ત્યાંથી હું શોધી તો જરૂર કાઢીશ, સાહેબ."

"તો પછી લે આ પૈસા, અને ઊપડ જલદી."

"પણ સાહેબ, હું એક વખત આપણી વચ્ચે થયેલા કરાર ફરીથી બોલી જાઉં તો?"

"ઠીક, બોલી જા."

"ન માને તો તેમને મારીને મારે ઢીલા કરવાના, એ હું બરાબર સમજ્યો છુંને, સાહેબ?"

"હા, હા; જે જરૂરી હોય તે બધું જ કરજે, મારી સંમતિ છે; માત્ર જીવલેણ વાગી ન જાય તેટલું જ જાળવજે."

## ૨

મિ૦ વિંકલ બ્રિસ્ટલ છોડી જવાના પોતાના નિર્ણય ઉપર કેવી રીતે પહોંચ્યા હતા, તે આપણે તેમને ન્યાય થાય તે ખાતર નોંધવું જોઈએ. "આ ડાઉલરે મને ધમકી આપી છે, એટલે એ મારું ગળું કાપી નાખવા આવવાનો જ; હવે મારે પણ મારું ગળું સહીસલામત રાખવા પ્રયત્ન કરવો જ જોઈએ; એટલે કે મારે તેનો સામનો કરવો જોઈએ. પરંતુ મારામારીમાં તેને બહુ ખરાબ રીતે વાગી જાય અને તે મૃત્યુ પણ પામે એવો સંભવ ખરો જ. પણ તેને જીવતી પત્ની છે; અને પત્નીનો આધાર તો પતિ જ કહેવાય. તો પછી હું એ પત્નીના પતિને મારી નાખું એટલે એ સ્ત્રી નિરાધાર થઈ જાય; અને એ વસ્તુ જીવનભર મને ડંખ્યા કરે." એટલે પોતાને હાથે હત્યા થતી નિવારવા ખાતર જ તે હોટેલમાં કોઈ ઊઠે તે પહેલાં જ કોચ-સ્ટેશને દોડી ગયા, અને બ્રિસ્ટલ તરફનો કોચ પહેલો ઊપડવાની તૈયારીમાં જોઈ, તેમાં બેસી ગયા.

બ્રિસ્ટલ પહોંચી, તેમણે 'ખુશ' હોટલમાં ઉતારો લીધો. તેમનો વિચાર એવો હતો કે, મિ૦ ડાઉલરનો ગુસ્સો શાંત પડે, ત્યાં સુધી મિ૦ પિકવિકને પણ પોતાના સરનામાની ખબર ન આપવી. એટલે તે બ્રિસ્ટલનાં જોવાલાયક સ્થળો જોવામાં વખત

ગાળવા લાગ્યા. એક વખત તે કિલ્ફૂટન તરફ જવા નીકળ્યા. પણ શહેરની ગલી-કૂંચીઓમાં તે જરા અટવાઈ ગયા. એટલે કોઈ મકાન-વાળાને પૂછીને રસ્તાની ભાળ મેળવવાના ઇરાદાથી, એકાદ દુકાન ખુલ્લી જોઈ તે તેમાં પેઠા. પણ આગળના ભાગમાં ગિલેટિયાં લેમ્પલ-વાળાં ખાનાંવાળો ઘોડો અને શીશીઓવાળો ગલ્લો હોવા છતાં, કોઈ માણસ હાજર ન હતું. એટલે તેમણે અંદરના બારણા ઉપર ટકોરા માર્યા. અંદરથી વાતોનો અવાજ આવતો હતો.

બીજે ટકોરે એક ગંભીર દેખાવનો, લીલાં ચશ્માંવાળો યુવાન હાથમાં મોટી ચોપડી સાથે નીકળ્યો. તેણે ગલ્લા પાછળ પહોંચી જઈ, મિ૦ વિંકલને પૂછ્યું, "આપને શું જોઈએ છે?"

"આપને તકલીફ આપવા માટે હું બહુ દિલગીર છું; પરંતુ આપ મને કિલ—"

પણ મિ૦ વિંકલ વાકય પૂરું કરે, તે પહેલાં તો પેલો જુવા-નિયો ખડખડાટ હસી પડ્યો. તે તો હાથમાંની ચોપડી હવામાં ફંગોળી, ગલ્લા ઉપરની શીશીઓનો ભૂકો થઈ જવાનું જોખમ ઊભું થાય તે રીતે બહાર નીકળી આવ્યો. તે બૉબ સૉયર હતો—બેન્જામિન ઍલનનો ભાવિ બનેવી—આરાબેલા ઍલનનો ભાવિ પતિ!

મિ૦ વિંકલ પણ હવે તેને ઓળખીને રાજી થયા, અને તેને બધી પડપૂછ કરવા લાગ્યા. તેમને જે હકીકત જાણવા મળી, તે આટલી હતી—

પરીક્ષા પાસ કરતાં વેંત મિ૦ બૉબ સૉયરે અહીં આવી ધંધો શરૂ કર્યો હતો. જો કે, ધંધો સાચા અર્થમાં કશા 'માલ' વગરનો હતો – શીશીઓમાં દવાને બદલે રંગીન પાણી હતું અને ઘોડાનાં ખાનાં અર્ધાં ખાલી હતાં તથા બાકીનાં અર્ધાં ઊઘડતાં જ ન હતાં.

એટલામાં અંદર બેઠેલો બેન્જામિન ઍલન પણ બહાર આવ્યો. પછી, બધા અંદર જઈ, પીવા બેઠા. તે વખતે મિ૦ બૉબ સૉયરનો નોકર ટૉમ – જે એક નાનો છોકરો હતો, તે બહાર ગયેલો ત્યાંથી પાછો

આવ્યેા. તેને જુદાં જુદાં મકાનેામાં જુદાં જુદાં પડીકાં અને શીશીએા, દવા લેવાનેા વખત અને રીત લખી આપીને, બેાટી જગાએાએ મૂકી આવવા મેાકલવામાં આવ્યેા હતેા. હેતુ એ હતેા કે, પછી સાંજને વખતે, પેાતે ભૂલથી મૂકી ગયેા હતેા એમ કહી, તે એ દવાએા પાછી લઈ આવે – પણ દરમ્યાનમાં અનેક ઘરેામાં ડૉકટર બૉબ સૉયરનું નામ પહેાંચી જાય!

જાહેરાતની તથા ઘરાક મેળવવાની બીજી યેાજના પણ મિ૦ બૉબ સૉયરે વિંકલને કહી સંભળાવી. ચર્ચમાં પેાતે બેઠા હેાય, તે વખતે આ છેાકરેા તેમને ઉતાવળે 'અરજંટ કેસ છે' એમ કહેતેા દેાડતેા તેડવા આવે. એ રીતે ત્યાં આવેલાં બધાં કુટુંબેામાં જાણ થઈ જાય કે, ડૉકટરની પ્રેકિટસ ધમધેાકાર ચાલે છે.

એ દરમ્યાન કેાઈ ઘરાક આવવાથી મિ૦ બૉબ સૉયર ગલ્લા પાછળ જઈને ઊભા રહ્યા. તે દરમ્યાન, મિ૦ બેન્જામિન ઍલન દાઢના ઘેનમાં મિ૦ વિંકલને સંભળાવી બેઠા કે, તેમની નાની બહેનને મિ૦ બૉબ સૉયરને જ પરણાવવાની છે. કારણ કે, બંને જણાંને એકબીજા માટે જ કુદરતે પેાતે નિયત કરેલાં છે – જુએાને, તેઓની ઉંમરમાં બરાબર પાંચ વર્ષનેા તફાવત છે, અને તે બંનેની વરસગાંઠ ઑગસ્ટ મહિનામાં જ આવે છે.

પછી તેણે ઉમેર્યું કે, "તેમ છતાં મારી બહેન મેં તેને માટે નક્કી કરેલ આ લગ્ન સામે ભારે વિરેાધ ઉઠાવી રહી છે. મને લાગે છે કે તેનું મન બીજે ચેાટયું છે."

"બીજે કયાં ચેાંટયું હશે, તેની તમને કલ્પના જાય છે?" મિ૦ વિંકલે ભારે આનંદમાં આવી જઈને ડરતાં ડરતાં પૂછયું.

જવાબમાં ઍલને અંગીઠીનેા લેાખંડી સળિયેા ઊંચેા કરી, હવામાં ઘુમાવી જેરથી અગ્નિ ઉપર પછાડયેા અને કહ્યું, "એ કેાણ છે, એ જ મારે જાણવાનું બાકી છે; પછી તેા તે માણસની બેાપરીમાં હું આ જ સળિયેા બેાસી દઈશ, એ નક્કી છે."

મિ૦ વિકલને સળિયો કેાઈની પણ ખોપરીમાં પેઠો હોય, એ ચિત્ર બહુ પસંદ ન આવ્યું; કારણ કે, તે પોતે જ આરાબેલા ઉપર ઓછા આસક્ત ન હતા; અને તેમને ઊંડે ઊંડે વહેમ હતો કે, આરાબેલા પણ પોતાના ઉપર તેટલી જ આસક્ત છે. એટલે તેમને ડર પણ લાગ્યો કે, મિ૦ બેન્જામિનનો એ સળિયો પોતાની ખોપરીમાં જ પેસવાને સરજ્યો છે; છતાં છેવટે તેમણે ધીમે રહીને પૂછ્યું, "તમારાં બહેન હજુ મિ૦ વૉર્ડલને ત્યાં જ છે કે શું?"

"ના, ના; ત્યાં તો હું એના જેવી મનસ્વિની છોકરીને રહેવા જ ન દઉં; કારણ કે ત્યાં તેને ચડાવનારા કે ટેકો આપનારા ઘણા નીકળે. એટલે હું તો એને – મારાં માબાપ ગુજરી ગયાં હોઈ – આ તરફ એક ઘરડાં ફેાઈને ત્યાં લઈ આવ્યો છું. ત્યાં તે બીજા કેાઈને મળી શકે તેમ જ નથી. મને લાગે છે કે, એ જગાએ થોડા દિવસોમાં તેના મનનો તોર ઊતરી જશે. અને છતાં જો તે નહિ માને, તો થોડા દિવસ બાદ હું તેને લઈ પરદેશ ચાલ્યો જઈશ, એટલે તે તરત સીધી થઈ જશે."

"તમારાં ફેાઈ અહીં બ્રિસ્ટલમાં જ રહે છે, ખરું?"

"ના, ના; બ્રિસ્ટલમાં નહિ." પછી તેણે પોતાનો અંગૂઠો જમણા બભા તરફ ઉલાળીને કહ્યું, "એ તરફ રહે છે; પરંતુ બૉથ હવે આવશે; તેને કશી વાતની બબર ન પડવી જોઈએ; એટલે હવે એ વાત બંધ કરી દો."

## ૩

જમ્યા પછી, દારૂનું પાન બરાબર ચાલ્યું; પણ મિ૦ વિકલે જોયું કે, અહીં તો ધંધેદારી બ્યાતિ જમાવવાની હોઈ, મિ૦ બૉથ સૌબરે બખાળા પાડીને ગાણું ચલાવ્યું નહિ. જોકે, વાતચીત અને બડબડાટ હસવાનું ભરપટ્ટે ચાલતાં જ હતાં.

દારૂ બરાબર ચડવા લાગ્યો, એવામાં જ એક જુવાન બાઈ ડૉક્ટરને પાસેની શેરીમાં કેસ તપાસવા માટે વિઝિટે બોલાવવા આવી.

વીસેક વખત પેલી બાઈએ કેસની વિગતો કહી સંભળાવી પછી, મિ૦ બૉબ સૉયર તરત ઘેન ઓછું કરવા માથે ભીના પાણીનું પોતું મૂકી દઈ, લીલાં ચશ્માં ચડાવી, તેની સાથે ચાલતા થયા.

મિ૦ વિંકલ પણ ઍલનની રજા લઈ, બુશ હૉટેલ તરફ રવાના થયા. મિ૦ ઍલન ત્રણેક અઠવાડિયાંથી બૉબ સૉયર સાથે જ રહેતા હતા અને દારૂના ઘેનમાં જ વખત પૂરો કરતા હતા.

મિ૦ વિંકલે ઉતારે જઈ, કાંઈ ખાવાની રુચિ રહી ન હોવાથી માત્ર સોડા-વૉટર અને બ્રાન્ડીનો પ્યાલો મંગાવીને પી લીધો; પછી તે હૉટેલના કૉફી-રૂમમાં આવી અંગીઠી પાસે જઈને બેઠા. તેમને આરા-બેલાની વાત સાંભળી ચિંતા થઈ હતી અને તે ભારે વિચારમાં પડી ગયા હતા.

આખા ઓરડામાં બીજા એક જ ગૃહસ્થ અંગીઠી પાસે બેઠા હતા. તેમની પીઠ મિ૦ વિંકલ તરફ હતી. પણ બીજા કોઈ ગૃહસ્થને પાછળ આવીને બેઠેલો જોઈ, તેમણે પોતાની ખુરશી વચ્ચેથી જરા બાજુએ ખસેડી, જેથી મિ૦ વિંકલને પણ અંગીઠીનો સીધો તાપ મળે.

પણ આ શું? એ માણસ મિ૦ ડાઉલર પોતે હતા – જેમનાથી ભાગીને મિ૦ વિંકલ બ્રિસ્ટલ આવ્યા હતા!

મિ૦ વિંકલને સૌથી પ્રથમ વિચાર મદદ માટે ઘંટ વગાડવાનો આવ્યો. તેનું દોરડું મિ૦ ડાઉલર બેઠા હતા તે તરફ હોવાથી તેમણે તે તરફ પગલું ભર્યું કે મિ૦ ડાઉલર એકદમ નમી પડ્યા અને બોલ્યા, "મિ૦ વિંકલ, સાહેબ, શાંત પડો, શાંત પડો; મને મારશો નહિ. જરા બેસો અને હું કહું તે સાંભળી લો."

ડાઉલરની વાણી એવા ડરી ગયેલા માણસની હતી કે, મિ૦ વિંકલને જ નવાઈ લાગી. છતાં પગથી માથા સુધી ધ્રૂજતા ધ્રૂજતા તે બોલ્યા, "તમારી પાસે બેસું? એમ? તમે ગઈ કાલે રાતે જ ધમકી આપી છે, તે ભૂલી ગયા?"

"મેં ધમકી આપી હતી; પણ સાહેબ, તમે જ વિચાર કરોને કે સંજોગો કેવા શંકા ઉપજાવે તેવા હતા. પણ બધા ખુલાસા થઈ ગયા છે. અને તમને ખોટું લાગી જાય એ સ્વાભાવિક છે. પરંતુ તમારી લાગણીઓ એક સદ્‌ગૃહસ્થને છાજે તેવી જ છે — હું તેમની કદર કરું છું અને મને તમારા મિત્ર તરીકે સ્વીકારવા વિનંતી કરું છું."

મિ૦ વિંકલ તરત સમજી ગયા કે, કંઈક જુદી જ વાત છે; અને મારી પેઠે આ ડાઉલર પણ કંઈક ડરનો માર્યો ભાગ્યો છે, તેથી જ અહીં પણ મને સામો દેખી તેના મોતિયા મરી ગયા છે. તેમણે તરત કંઈક જુદી રીતે વાત કરી જોવાનો પ્રયત્ન શરૂ કર્યો: "પણ ખરેખર, સાહેબ, હું —"

"હા, હા, તમે શું કહેવા માગો છો તે હું સમજી ગયો છું. બધું સ્વાભાવિક જ છે. હું પણ તમારી જગાએ હોઉં તો તેમ જ કરું. મારી ગંભીર ભૂલ થઈ હતી. તમારી હું માફી માગું છું; મને તમારા મિત્ર તરીકે સ્વીકારો."

આમ કહેતાં કહેતાં ડાઉલરે મિ૦ વિંકલને પરાણે હાથ પકડીને બેસાડી દીધા. અને તેમ કરવામાં તેને જે જોર દાખવવું પડ્યું, તેથી મિ૦ વિંકલની તાકાત વિષેનો તેનો અંદાજ એકદમ વધી ગયો.

"પણ હવે મહેરબાની કરીને મને કહો કે, તમે મને અહીં શી રીતે શોધી કાઢ્યો? સાચે સાચું કહી દો."

"તદ્દન અકસ્માત રીતે જ," મિ૦ વિંકલે ટૂંકમાં જવાબ આપ્યો.

"હું પણ તમને અહીં અકસ્માત જ મળવા પામ્યો એ સારું થયું. બધી ખુલ્લંખુલ્લા વાત થઈ શકશે; ત્યાં બધાં વચ્ચે સાચા ખુલાસા ન થઈ શકે. આજે સવારે જ હું જાગ્યો ત્યારે મને રાતનો આખો પ્રસંગ યાદ આવ્યો, અને મને હસવું આવી ગયું. મેં તરત જ મિસિસ ડાઉલરને કહ્યું કે, રાતે કશું સમજ્યા વગર મેં તમને કેવી ધમકી આપી હતી. મિસિસ ડાઉલરે મને તરત જ ચેતવ્યો કે,

કોઈ સદ્‌ગૃહસ્થને હું પડકારી બેઠો હતો અને પેલા સદ્‌ગૃહસ્થ જો એ ઝીલીને મારી સામે લડવા આવી જશે, તો હું શું કરીશ? હું તરત એ વાત સમજી ગયો અને તમને શોધવા નીચે ઊતર્યો. પણ તમે મળ્યા નહિ, અને તમારા મિત્ર મિ૦ પિકવકનું મોં મેં ખૂબ ઉદાસ જોયું એટલે હું સમજી ગયો કે, તમે કદાચ પિસ્તોલોની જોગવાઈ કરવા જ નીકળી ગયા હશો. ખરેખર, તમારી એ શૌર્યભરી અને ખેલદિલીભરી વર્તણૂકની હું બહુ કદર કરું છું. પરંતુ, મેં કહ્યું તેમ, મારો ઇરાદો કશું અપમાન કરવાનો હતો જ નહિ. સંજોગોવશાત્ જ હું એવું બોલી બેઠો, અને મિસિસ ડાઉલરે જ્યારે મને ઉપરથી તતડાવ્યો કે, બારણું ઉઘાડવા જાગતા રહેવાનું મેં વચન આપ્યું હોવા છતાં હું ઊંઘી ગયો, અને બારણું ઠોકી ઠોકીને મ્યાનાવાળાનો દમ નીકળી ગયો છતાં હું ન જ ઊઠ્યો ત્યારે તમે ભલા થઈ રાતનાં કપડાંમાં જ ઉતાવળે બારણું ઉઘાડવા આવ્યા; પણ તે વખતે સામેથી સ્ત્રીઓને આવતી જોઈને, રાતના પોશાકમાં સ્ત્રીઓ સન્મુખ ન દેખાવાની સદ્‌ગૃહસ્થાઈ દાખવવા જ તમે મ્યાના-ખુરસીમાં પેસી ગયા હતા — એ બધું જાણ્યા પછી મને મારી વર્તણૂક બદલ એટલો બધો ખેદ થયો કે, હું પાછળ તમારે માટે ચિઠ્ઠી મૂકીને, આ તરફ કામકાજ હોવાથી અહીં દોડી આવ્યો. પણ તમને એ ચિઠ્ઠીથી સંતોષ ન થયો, એટલે તમે જાત-ખુલાસો મેળવવા મારી પાછળ પાછળ અહીં આવ્યા ખરું ને? તમે ઠીક જ કર્યું. પણ હવે એ બધું ભૂલી જાઓ. મારું કામકાજ પણ હું પરવારી ગયો છું, એટલે હું કાલે જ પાછો ફરું છું. તો તમે પણ મારી સાથે ચાલો."

મિ૦ વિંકલ હવે બધી વાત સમજી ગયા. આ ડાઉલર પણ ઉપર ઉપરથી જ તુમાખી બનાવતો હતો; બાકી અંદરખાનેથી છેક જ કાયર માણસ હતો. એટલે તે પણ, બધો ઉશ્કેરાટ શમે નહિ ત્યાં સુધી જાતને બચાવવા ખાતર જ, બહારગામ ભાગી આવ્યો હતો. ભલે બહાનું 'કામકાજ'નું બતાવતો હોય!

પણ મિ૦ વિંકલ આ બધું સમજ્યા એટલે તરત બહાદુરીનો, ખેલદિલીનો, તુમાખીનો, અને માફી આપવાનો ભાવ એક પછી એક ધારણ કરી, છેવટે બહુ વારે તે શાંત થયા; અને આમ બંને કાયર પુરુષો હાથ મિલાવી, રાત પૂરતા છૂટા પડ્યા.

## ૩૯

## સૅમની કામગીરી

રાતના સાડા બાર વાગે મિ૦ વિંકલ પહેલી ઊંઘની મોજ માણી રહ્યા હતા, તેવામાં જ તેમના કમરાને બારણે જોરદાર ટકોરા પડ્યા. એ ટકોરાનું જોર એટલું અસાધારણ રીતે વધવા લાગ્યું કે, મિ૦ વિંકલને ઊંઘમાંથી જાગવું પડ્યું અને બારણું ઉઘાડવું પડ્યું.

બહાર વેઈટરને લઈને સૅમ ઊભો હતો. બારણું ઊઘડ્યું એટલે તરત સૅમ અંદર પેસી ગયો. તેણે બારણું બંધ કરી, ચાવી લગાવી દીધી. પછી એ ચાવી કાઢીને પોતાના ખીસામાં મૂકી દીધી. આટલું કર્યા બાદ તે મિ૦ વિંકલને પગથી માથા સુધી નીરખતો ઊભો રહ્યો.

"આનો શો અર્થ છે? અબઘડી મારા કમરામાંથી નીકળી જા," મિ૦ વિંકલે ગુસ્સે થઈને કહ્યું.

"હું આ કમરામાંથી તમે જે મિનિટે નીકળશો તે મિનિટે જ નીકળવાનો ઇરાદો રાખું છું; અલબત્ત, તમને મારી પીઠ ઉપર નાખીને મારે બહાર નીકળવું પડશે, તો તમારાથી મારા ડોકાપૂર બહાર વહેલો નીકળ્યો હોઈશ એટલો અપવાદ ગણવો." એટલું કહી સૅમ પોતાના ઢીંચણ ઉપર બે હાથ મૂકી મિ૦ વિંકલની સામું જોવા લાગ્યો.

પછી થોડી વાર બાદ તેણે પાછું શરૂ કર્યું: "તમે બહુ મળતાવડા સ્વભાવના છો, એટલે મને છેલ્લી હદે જવાની ફરજ નહિ પાડો એમ હું માનું છું. પરંતુ તમે તમારી કામગીરીથી મારા ગવર્નરને

ઘણી કઢંગી પરિસ્થિતિમાં નાખતા જાઓ છો; અને તે પણ જ્યારે પોતાના સિદ્ધાંતને ખાતર મારા ગવર્નર બધું જતું કરવા તૈયાર થયા છે ત્યારે."

"ઠીક, ભાઈ, ઠીક; તારા શેઠ માટેની તારી વફાદારી હું સમજું છું, અને તારા શેઠને ચિંતા થાય તેવું કંઈક મેં કર્યું છે, તે હું કબૂલ કરું છું. પરંતુ તે વિષે તને મારે જે કંઈ વિશેષ કહેવાનું છે, તે હું સવારે જ કહીશ. અત્યારે તો હું પથારીમાંથી નીકળ્યો છું, એટલે ટાઢે ધ્રૂજવા લાગ્યો છું. તું પણ નિરાંતે જઈને સૂઈ જા."

"હું બહુ દિલગીર છું."

"શું તું સૂવા માગતો નથી?"

"ના; મારાથી સૂઈ શકાય તેમ નથી."

"પણ શું તું અત્યારે જ પાછો ફરવા માગે છે?"

"એ તો તમારી મરજી એવી જ હોય તો; બાકી, મારા ગવર્નરનો તાકીદનો હુકમ એવો છે કે, તમને પાછા તેમની પાસે લઈ જતા સુધી મારે એક મિનિટ પણ વીલા ન મૂકવા."

"ના, ના, મારે હજુ અહીં બે કે ત્રણ દિવસ રોકાવું પડે તેમ છે; ઉપરાંત એક યુવતીની મુલાકાત મેળવવાના પ્રયત્નમાં મને તારી જ મદદની ઘણી જરૂર પડે તેમ છે, એટલે હું તને પણ અહીં જ વધુ રોકવા ઇચ્છું છું."

પણ એ બધાના જવાબમાં સેમે ડોકું હલાવીને એટલું જ કહ્યું, "એ બની શકે તેમ નથી."

પછી મિ૰ વિંકલે ડાઉલર સાથે થયેલી પોતાની મુલાકાતનું વિગતે વર્ણન કરી બતાવ્યું, ત્યારે સેમ કંઈક ઢીલો પડવા લાગ્યો. છેવટે બંને વચ્ચે સમાધાનના કરાર થયા, જેમાં નીચેની શરતોનો સમાવેશ થતો હતો —

સેમ આ ઓરડામાંથી અત્યારે બહાર નીકળે, પણ એ શરતે કે બારણાને બહારથી તાળું મારે અને કૂંચી સાથે લઈ જાય. જોકે

આગ કે એવા કોઈ અકસ્માતને વખતે તેણે જલદી દોડી આવીને બારણું ખોલી નાખવું જોઈએ, એ સમજી રાખવાનું. બીજે દિવસે જ વહેલી સવારે મિ૦ વિંકલે મિ૦ પિકવિકને પત્ર લખી, ડાઉલર સાથે જ હાથોહાથ પહોંચાડાવવો અને તેમાં સૅમ તથા વિંકલ બ્રિસ્ટલમાં થોડા વધુ દિવસ રોકાય તેવી પરવાનગી માગવી અને તે અંગેનો જવાબ વળતા જ કોચથી પરત માગવો. જો પરવાનગી મળે, તો બંને જણ બ્રિસ્ટલમાં રહે. આ દરમ્યાન મિ૦ વિંકલે બારીમાંથી, ધુમાડિયામાંથી કે બીજા કોઈ માર્ગે ભાગી જવા પ્રયત્ન ન કરવો.

શરતો બંને પક્ષે કબૂલ રખાતાં, સૅમ બારણે તાળું મારી નીચે સૂવા રવાના થયો.

## ૨

બીજે દિવસે સૅમે મિ૦ વિંકલને એક ક્ષણ પણ વીલા ન મૂક્યા. વિંકલ ખૂબ અકળાયા, પણ સૅમને મન મિ૦ પિકવિકનો હુકમ એટલે ઈશ્વરી આજ્ઞા હતી, અને તે બાબતમાં તે જરાય નમતું મૂકવા તૈયાર ન હતો.

છેવટે સાંજના આઠેક વાગ્યે મિ૦ પિકવિક પોતે જ કોચમાં બેસી ત્યાં દોડી આવ્યા, અને તેમણે બધું જાણ્યા પછી હસીને સૅમને તેની ફરજમાંથી મુક્ત કર્યો, ત્યારે જ મિ૦ વિંકલનો છૂટકો થયો.

"મેં જાતે જ દોડી આવવાનું ઠીક માન્યું," મિ૦ પિકવિકે મિ૦ વિંકલને સંબોધીને કહ્યું; "કારણ કે, સૅમને તમારી મદદમાં મૂકતા પહેલાં મારે ખાતરી કરી જોવી જોઈએ કે, તમે પેલી યુવતીની બાબતમાં ખરેખર ગંભીરતાપૂર્વક તથા સમજદારીપૂર્વક વિચાર કરી રહ્યા છો કે કેમ."

"હું એટલું જ કહેવા માગું છું કે, હું તેને મારા પૂરા અંતરથી ચાહું છું, અને મારી એ લાગણી ઉપરછલી નથી."

"જુઓ ભાઈ, હું કોઈ યુવતીની નાજુક લાગણીઓ સાથે તમને ઉપરછલી રમત રમવા દઈ શકીશ નહિ, એ યાદ રાખજો."

"મારો વિચાર એવો ઉપરછલ્લો નથી, એ માનવા હું તમને આગ્રહપૂર્વક વિનંતી કરું છું; અલબત્ત, તમે મને બીજી સ્ત્રીઓ પ્રત્યે પણ ખેંચાયેલો જોયો છે, પણ આ યુવતી પ્રત્યેનો મારો પ્રેમ તદ્દન જુદી વસ્તુ છે. મને એમ લાગે છે કે, મારું જીવનભરનું સુખ અને સાર્થકય એ સ્ત્રીમાં જ સમાયેલાં છે."

ત્યાર પછી મિ૦ વિંકલે એ યુવતીના ભાઈ બેન્જામિન ઍલન પાસેથી પોતાને મળેલી માહિતી કહી સંભળાવી, તથા ઉમેર્યું કે મારો વિચાર ગમે તેમ કરી એક વખત તે યુવતીની મુલાકાત લેવાનો છે, જેથી હું મારી લાગણી તેની સમક્ષ નિવેદિત કરી શકું. એ યુવતીને અત્યારે 'ડાઉન્સ' તરફ કયાંક તેની ફોઈને ત્યાં પૂરી રાખવામાં આવી છે અને તે યુવતીનો એ લગ્ન સામે સખ્ત વિરોધ છે, એટલું હું તેના ભાઈ સાથેની વાતચીત દરમ્યાન સાંભળેલા ઉલ્લેખો ઉપરથી કલ્પી શકું છું.

બીજે દિવસે સેંમને બેન્જામિન ઍલનના કહ્યા ઉપરથી સૂચિત થતા 'ડાઉન્સ' નામના વિભાગમાં આરાબેલા ઍલનની તપાસ માટે મોકલવામાં આવ્યો. બંનેને સેંમની શક્તિ ઉપર વિશ્વાસ હતો અને પોતાની બંનેની એ બાબતની શક્તિઓ ઉપર અવિશ્વાસ હતો. તેથી એ બે જણાએ તો બીજે દિવસે મિ૦ બૉબ સૉયરની મુલાકાત લેવાનું નક્કી કર્યું, જેથી, તેની સાથેની વાતચીતમાંથી આરાબેલાને જ્યાં છુપાવવામાં આવી છે તે સ્થળ વિષે વિશેષ માહિતી કદાચ મળી જાય.

સેંમ અનેક નોકરચાકર, ઘોડાગાડીવાળા વગેરેની સાથે વાતચીત કરતો પોતાની શોધખોળને કામે આગળ વધવા લાગ્યો. પણ કેટલાંય ઘરોમાં જુવાન બાઈઓ હતી, અને તે બાઈઓ કોઈની સાથે ગુપ્ત રીતે પ્રેમમાં પડી હોવાનો ઘરના નોકરચાકરોને પાકે પાયે વહેમ હતો પરંતુ આરાબેલા ઍલન નામની યુવતી વિષે તો સેંમ કંઈ સમાચાર ન મેળવી શકયો.

'ડાઉન્સ' તરફ આગળ ને આગળ વધતાં છેવટે સૅમ થાકચો. આસપાસ કેટલાય 'વિલા' છૂટક છૂટક પથરાયેલા હતા. એક શેરી એ બધા 'વિલા'ના પાછળના ભાગને જોડતી લંબાતી હતી. સૅમ તેમાં જ વળ્યો; કારણ કે, એ તરફ જ ઘરના નોકરો આવતા જતા મળી જાય.

એક તબેલાના બારણા આગળ ઘોડાવાળો ધૂળખમા કંઈક કામ કરતો હોવાનો દેખાવ કરતો વખત ગાળી રહ્યો હતો. તેની પાસે જઈ સૅમે કહ્યું —

"મૉર્નિંગ."

"મૉર્નિંગ નહિ પણ પાછલો પહોર, એમ જ કહેવું છે ને?" પેલાએ કંઈક અણગમા સાથે જવાબ આપ્યો.

"બહુ સાચી વાત કહી દીધી, મોટાભાઈ; મારે એમ જ કહેવું હતું; પણ મજામાં છો ને?"

"તને મળવાથી મારી મજામાં કંઈ વધારો થાય એમ મને લાગતું નથી."

"વાહ, નવાઈની વાત છે; મને તો તમારો ખુશનુમા દેખાવ જોઈને આનંદ આનંદ થઈ ગયો છે."

પેલાએ સૅમ મશ્કરી કરે છે કે નહિ તેની ખાતરી કરવા તેના તરફ નજર કરી. પણ સૅમનું મોં એવું ભલુંભોળું તથા નિર્દોષ દેખાતું હતું કે, પેલાથી બીજું કંઈ કહી શકાયું નહિ.

"તમારા માલિકનું નામ વૉકર છે, ખરું?" સૅમે પૂછ્યું.

"ના, જરીકે નહિ."

"તો બ્રાઉન હશે, ખરું ને?"

"ના, એ પણ નહિ."

"તો, વિલ્સન?"

"એ પણ નથી."

"ઠીક, તો હું એમ માનતો હતો કે, તમારા માલિકને મારી ઓળખાણનું બહુમાન મળેલું છે; પણ હવે મને લાગે છે કે, મારી માન્યતા ખોટી છે. પણ મારો આભાર માનવાની તસ્દી લેવાની જરૂર નથી," પેલાને અંદર જઈ દરવાજો બંધ કરવાની તૈયારી કરતો જોઈ સેમે કહ્યું; "સગવડ પહેલી, ને શિષ્ટાચાર પછી; હું તમને ક્ષમા આપું છું."

"તારું માથું હું અર્ધા કાઉનના બદલામાં તોડી નાખવા તૈયાર છું."

"પણ એ શરતે એ કામ કરાવવું મને પાલવે તેવું નથી; બદલામાં આખી જિંદગીની જનમટીપ ભોગવવા તમે તૈયાર હો તોપણ નહીં. પણ અંદરનાં સૌને મારો આભાર જણાવજો ને જમવા માટે મારી રાહ ન જુએ એમ કહી દેજો. વળી મારે માટે કશું ઢાંકી મુકાવવાની પણ જરૂર નથી; કારણ કે હું આવું તે પહેલાં એ વાસી થઈ જશે."

પેલો હવે એક ગાળ ભાંડી, બારણાને જોરથી બંધ કરવા દ્વારા પોતાનો ગુસ્સો વ્યક્ત કરીને દેખાતો બંધ થયો. તેના વાળની એક લટ બાદગીરી માટે આપતા જવાની સેમની ભાવભરી વિનંતી પણ તેણે પોતાના ગુસ્સા આડે સાંભળી નહીં.

સેમ હવે એક પથરા ઉપર થાક ખાવા બેઠો; તથા શું કરવું તે વિચારવા લાગ્યો. પ્રથમ તો તેણે એવી યોજના ઘડી કાઢી કે બ્રિસ્ટલની આસપાસ પાંચ માઈલ સુધીનાં બધાં બારણાં ઉપર ટકોરા મારી ઉઘાડાવવાં. રોજનાં દોઢસો કે બસો બારણાં એ રીતે ઉઘાડાવીએ, તો કોઈ ને કોઈ બારણું ઉઘાડવા આરાબેલા પોતે આવે, તો તરત ભેટો થઈ જાય.

તે આમ વિચાર કરતો બેઠો હતો, તેવામાં પાસેના બીજા એક ઘરમાંથી નોકરડી શેતરંજીઓ ઝાટકવા બહાર આવી. એ નોકરડી દૂરથી બહુ કૂટડી દેખાતી હતી, અને ભારે શેતરંજીઓ ઊંચકવા લાગવા કોઈ મદદગાર તેની સાથે ન જોતાં, સેમ કેવળ સ્ત્રી પ્રત્યેના — હા, જુવાન સ્ત્રી પ્રત્યેના આદરભાવથી જ પ્રેરાઈ તેને મદદ કરવા ઊઠ્યો.

પાસે જતાં જતાં તે બોલ્યો, "મીઠડી, તું એકલી આ ભારે શેતરંજીઓ હલાવવા જશે, તો તારું નાજુક શરીર હલબલી ઊઠશે; માટે લાવ હું મદદ કરવા લાગું."

પેલી નોકરડી અજાણ્યાને મોઢે આવી વાત સાંભળી તેને દૂરથી ના પાડવા જ જતી હતી. તેવામાં તો તે એકદમ ચોંકાને સહેજ પાછી હઠી. સૅમ પણ હવે નજીકથી તેને જોઈને ઓછો ન ચોંકયો; કારણ કે, આ તો તેણે હમણાં જેને વૅલેન્ટાઈન (પ્રેમપત્ર) લખ્યો હતો, તે મિ૦ નપ્કિન્સની ફૂટડી નોકરડી મૅરી હતી.

"ઓહો, આ તો વહાલી મૅરી છે ને!" સૅમ બોલ્યો.

"લો, મિ૦ વેલર, તમે લોકોને કેવા બિવડાવતા ફરો છો!"

સૅમે તેને શો જવાબ આપ્યો તે તો અમે ચોક્કસ કહી શકતા નથી. પણ તેણે મૅરીને પકડી લઈને ચુંબન કરી દીધું હતું, એટલી અમને બેએક બાબતોને આધારે કલ્પના જાય છે. જેમકે, સૅમનો ટોપો પડી ગયો હતો અને ફૂટડી મૅરી થોડી વાર પછી બોલી ઊઠી હતી, 'ફરી એમ કરો તો ખરા; ખબર પાડી દઉં' ઇ૦.

"પણ તમે અહીં શા માટે આવ્યા છો?" મૅરીએ પૂછ્યું.

"વાહ તને શોધવા જ વળી," સૅમે જવાબ આપ્યો.

"પણ હું અહીં છું, એમ તમે કેવી રીતે જાણી લીધું? મેં ઇપ્સવીચમાં નોકરી લીધી હતી, અને એ લોકો અહીં બ્રિસ્ટલ આવ્યાં એટલે હું અહીં આવી છું, એ બધું તમને કોણે કહ્યું હોય?"

"એ જ વાત છે ને; કહે જોઉં, મને કોણે કહ્યું હોય?"

"હા, હા, મિ૦ મઝલે કહ્યું હશે."

"ના, તેણે નથી કહ્યું."

"તો પેલી રસોઇયણે."

"એણે કહ્યું હોય, ખરું."

"આવું તે મારી પાછળ પાછળ ભમાતું હશે, વળી?"

"પણ ભમતો આવ્યો જ છું, એટલે એ પંચાત મૂક; પણ વહાલી મૅરી, મારે બીજું એક અગત્યનું કામ છે. મારા ગવર્નરના મિત્ર પેલા મિ૦ વિંકલ હતાને?"

"હા, લીલેા કેાટ પહેરતા હતા તે વળી."

"બસ એ જ; તે કેાઈ યુવતીના એકદમ પ્રેમમાં પડી ગયા છે; અને માત્ર પડી ગયા હેાત તેા વાંધેા નહીં, પણ ડૂબી જ મર્યા છે."

"બાપરે!"

"પણ, જો તેમની પેલી જુવાનડીને બેાળી કાઢીએ, તેા તે જીવતા થઈ શકે તેમ છે."

"લેા, મેં તેા એવી પ્રેમમાં ડૂબી મરવાની વાત મારા સગા કાને કદી સાંભળી નથી."

"મેં પણ વાત સાંભળી નથી; માત્ર મિ૦ વિંકલને એવા પ્રેમમાં બૂડેલા નજરે જોયા છે; એટલે જ હું ખાવાનું, પીવાનું, ઊંઘવાનું બધું ભૂલી, તેમની એ મિસ આરાબેલાને શેાધતેા ભટકચા કરું છું."

"કેાણ મિસ?"

"મિસ આરાબેલા ઍલન."

"ઓહેા! એ તેા પેલા ઘરમાં જ રહે છે! છ અઠવાડિયાં થયાં, એ આવી છે. એ ઘરની નેાકરડીએ એક સવારે બધાં ઊઠચાં તે પહેલાં બહાર ઊભાં ઊભાં એ વાત મને કહી હતી." એમ કહી મૅરીએ પેલેા ઘેાડાવાળેા સેંમ ઉપર ગુસ્સે થઈને જે ઘરમાં પેસી ગયેા હતેા તે ઘર જ બતાવ્યું. સેંમનું મુખ્ય કામ અચાનક આમ પૂરું થયું તેથી તેને એટલેા બધેા હર્ષ થઈ આવ્યેા કે, તેને ઊભા રહેવા માટે પણ મૅરીના શરીરનેા ટેકેા લેવેા પડયેા, અને આભારદર્શક કંઈક કંઈક ચેષ્ટાઓ કરવી પડી. પછી તેણે કહ્યું, "મારે તે બાઈને જ એક સંદેશેા પહેાંચાડવાનેા છે, એટલા સારુ થઈને હું સવારનેા

રખડયા કરું છું.”

“સંદેશો આપવાનું તો હમણાં નહીં બની શકે. કારણ કે તે સાંજના બહુ થોડો વખત તેના ઘરના બગીચામાં એકલી ફરવા નીકળે છે. તે વખતે તેને મળાય તો મળાય. બાકી તે હંમેશ પેલી બુઢ્ઢી બાઈની સાથે જ નીકળતી હોય છે.”

સેમે તરત જ પોતાની યોજના વિચારી લીધી. સાંજે આરાબેલાનો બગીચામાં ફરવાનો સમય થાય ત્યારે જ પાછા આવવું, અને મેરીના ઘરવાળા બગીચામાં ઊભેલા એક મોટા ઝાડ ઉપર ચડી જવું; પછી આરાબેલાના બગીચામાં ઝઝૂમતી તેની ડાળીઓ ઉપર જઈ સંતાઈ જવું. પછી આરાબેલાને મિ૦ વિંકલની વાત કરીને, તે કબૂલ થાય, તો એ જ રીતે, એ જ જગાએ, તે બેની મુલાકાત બીજે દિવસે સાંજે ગોઠવાય તો ગોઠવવી.

પછી મેરીને તેનું શેતરંજીઓ ઝાટકવાનું અટકી પડેલું કામ જલદી પતાવી આપવામાં સેમ ખરા દિલથી મદદ કરવા લાગ્યો. અને આમ તો શેતરંજીઓ ઝાટકવી એ તદ્દન બિન-જોખમકારક વસ્તુ છે; કારણ કે બંને પક્ષો શેતરંજી જેટલા તો દૂર રહે છે. પણ જ્યારે શેતરંજીની ગડી કરવાની થાય, ત્યારે તે કામ પૂરું જોખમકારક બની રહે છે. કારણ કે દરેક ગડીએ બંને પક્ષનું અંતર અર્ધું થતું જાય છે. અને જ્યારે ગડી વાળતાં વાળતાં એ અંતર બત્રીસમા ભાગ જેટલું થઈ જાય છે, ત્યારે પછી એ બંને પક્ષે જો સેમ અને મેરી હોય, તો છેવટની ગડી વખતે એ બંને જણ કોઈ અગમ્ય રીતે એક બીજાની લગોલગ જ આવી જાય છે.

## ૩

વખતસર સેમ પાછો આવી મેરીના બગીચામાં થઈ ઝાડ ઉપર ચડીને, આરાબેલા જ્યાં ફરવા આવતી તે તરફની ડાળીમાં છુપાઈ ગયો. આરાબેલા ગમગીનપણે બગીચામાં આવીને એકલી આંટા મારવા લાગી,

ત્યારે સેંમે ગળાની ખરખરીના વિચિત્ર અવાજે કાઢીને તેનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કરવા માંડયો. આરાબેલાએ ડરી જઈને એ અવાજો કયાંથી આવે છે, તે જોવા પ્રયત્ન કર્યો; અને છેવટે ડાળ તરફ નજર કરતાં એક માણસને બેઠેલો જોઈ, તે તરત ઘર તરફ ભાગી જવા ગઈ, પણ તેના પગ ડરના માર્યા એવા ભાગી પડયા કે તે પાસેની બેઠક ઉપર જ બેસી પડી. જો તેણે ઘર તરફ દોડી જઈને ધૂમાધૂમ કરી મૂકી હોત, તો સેંમની યોજના કદાચ હંમેશ માટે નિષ્ફળ ગઈ હોત.

સેંમ તરત જ હાંફતો હાંફતો બોલી ઊઠયો, "અરે, આ સ્ત્રીઓને જ્યારે બેભાન ન બનવાનું તેમના હિતમાં હોય ત્યારે જ બેભાન થવાનું આવડે છે. અરે બેય મિસ હાડ-વહેર, અરે મિસિસ વિંકલ, મહેરબાની કરી ધૂમ ન પાડશો કે બેભાન ન બનશો."

હવે મિ૦ વિંકલનું જાદુઈ નામ સાંભળીને, કે ખુલ્લી હવાને કારણે, કે પછી સેંમનો અવાજ ઓળખવાને કારણે, આરાબેલાએ તરત જ ઝાડ તરફ ફરીથી મોં ઊંચું કર્યું અને પૂછ્યું, "તમે કોણ છો, અને અહીં શા માટે આવ્યા છો?"

સેંમ હવે તરત ડાળી ઉપરથી ભીંત ઉપર કૂદી આવીને બોલ્યો, "એ તો હું જ છું, મિસ, હું જ છું, બીજું કોઈ જ નથી!"

"તમે મિ૦ પિકવિકના માણસ, ખરું ને?"

"બરાબર એ જ; પણ હું તો એ કહેવા આવ્યો છું કે, મિ૦ વિંકલ તમારા વિના એકદમ ગાંડા થઈ ગયા છે, હવે શું કરવું છે?"

"હેં? તેમને શું થયું?"

"અરે બિલકુલ ગાંડા થઈ ગયા છે, અને એટલું જ કહ્યા કરે છે કે, કાલ સુધીમાં તમને નજરે નહિ જુએ, તો તે કૂખી નહીં મરે તો તેનાથી વધુ ખરાબ કંઈ જરૂર કરી બેસશે."

"હેં? એવું કરી બેસશે?"

"અરે મિસ, મિ૦ વિંકલ એકદમ એકવચની પુરુષ છે; અને એવું કરશે જ એની ખાતરી રાખજો. ઉપરાંતમાં તેમણે હાડ-વહેર પાસેથી તમારે વિષે બધી વાત જાણી લીધી છે."

"એટલે કે મારા ભાઈ પાસેથી?"

"એ બેમાંથી કોણ તમારો ભાઈ છે એ તો હું નથી ઓળખતો; પણ બેમાંથી વધુ ગંદો જે છે તેની પાસેથી."

"હા, હા, મિ૦ વેલર; પછી તમારી વાત આગળ કરો."

"વાત એમ છે કે, તમારા ભાઈએ મિ૦ વિંકલને બધી વાત કહી દીધી છે કે, તે તમને પૂરી રાખવાનો છે, અને પેલા બીજા હાડ-વહેરને પરણાવવાનો છે. એટલે મારા ગવર્નર એમ માને છે કે, તમે જો મિ૦ વિંકલને જલદી મળીને તેમને જ પરણવાનું વચન નહીં આપી દો, તો મિ૦ વિંકલ તમારા ભાઈના માથામાં એટલું સીસું ભરી દેશે કે, પછી કુદરતી વિકાસનું મૂળિયું તદ્દન મરી જશે, ભલે પછી તેને સ્પિરિટની શીશીમાં ડૂબાડૂબ ભરી રાખે."

"અરેરે, હું આ બધી ખૂનખાર તકરારો અને લડાઈઓ કેમ કરીને અટકાવું?"

"બસ, બધી ખાનાખરાબી દૂર કરવાનો એક જ ઉપાય છે અને તે મોઢામોઢ વાતચીત;—જેમ બહારવટિયાએ ઉમરાવને લખેલી જાસાચિઠ્ઠીમાં લખ્યું હતું તેમ. તમારે મિ૦ વિંકલને મળવું જ જોઈએ; તો જ તેમના પ્રેમની આગ બંદૂકની આગમાં ફેરવાતી અટકી જશે ભલે પછી એ બંદૂક તેમના પોતાના માથા તરફ તાકી હોય કે તમારા ભાઈના માથા તરફ કે તમારા ભાઈના પરમ પ્રિય મિત્રના માથા તરફ."

"પણ હું તેમને કેવી રીતે મળી શકું? મારો ભાઈ એવો અવિચારી તથા કઠોર હૃદયનો છે કે, મને તે કદી મિ૦ વિંકલને મળવા જ નહીં દે; અરે, તમને આ રીતે હું મળી છું, એટલું જ તે

જાણે, તો કમરા બહાર આમ થોડો વખત મારું ફરવા નીકળવાનું પણ બંધ કરાવી દે.”

“જુઓ મિસ, મારે એટલું જ કહેવાનું છે કે, આ બાબતમાં તમને જે કંઈ મદદ જોઈતી હોય તે કરવા હું છેક જ તૈયાર છું—એ બે હાડવહેરામાંથી એકાદને ઓછો કરવાની જરૂર હોય તો તેમ કરીને પણ.”

પહેલાં તો આરાબેલા મિ૦ વિંકલ સાથેની સીધી મુલાકાત ગોઠવવાની બાબતમાં કબૂલ થવા આનાકાની કરવા લાગી; પણ એટલામાં બગીચામાં કોઈ આવતું હોવાનો અવાજ સાંભળતાં જ, તેણે સૅમને ઉતાવળે એટલું જણાવી દીધું કે, કાલે રોજના સમયથી એક કલાક મોડી એટલે કે અંધારું થયે બગીચામાં આ જગાએ તે આંટા મારશે.

## ૪૦

## અદ્‌ભુત પ્રકાશની શોધનો જન્મ

સૅમે જઈને પોતાની મુલાકાતનો અહેવાલ મિ૦ પિકવિક તથા મિ૦ વિંકલને કહી સંભળાવ્યો, ત્યારે બંને જણ વિચારમાં પડી ગયા. મિ૦ પિકવિક છેવટે બોલ્યા, “આપણે ત્યાં જવામાં બહુ કાળજી રાખવી જોઈશે; આપણે કારણે નહિ, તો પેલી યુવતીને કારણે તો ખાસ.”

“આપણે જવામાં?” મિ૦ વિંકલે ભારપૂર્વક પૂછ્યું.

“આપણેસ્તો; હું સાથે જ આવીશ.” મિ૦ પિકવિકે પણ એટલી જ ખાતરીથી સામો જવાબ આપ્યો.

“તમે?”

“હા, હા, હું જ વળી. તમને મુલાકાત આપવામાં એ યુવતીએ સ્વાભાવિકપણે જ પરંતુ એક અવિચારી પગલું ભર્યું છે.

એટલે આ મુલાકાત વખતે બંનેનો હિતેચ્છુ અને બંનેનો પિતા હોઈ શકે તેવો પુખ્ત ઉંમરનો માણસ હાજર હોય, તો પછી કોઈ પ્રકારના આક્ષેપ-આરોપનો ભવિષ્યમાં સવાલ ઊભો ન થાય."

મિ૦ વિંકલને પોતાના આ પ્રૌઢ મિત્રની શુભેચ્છાભરી લાગણી ઊંડે સુધી અસર કરી ગઈ. તેણે તરત તેમનો હાથ ભાવપૂર્વક હાથમાં લીધો અને કહ્યું, "તમે જરૂર આવજો."

વખત થતાં સૅમ કોચગાડી લઈ આવ્યો. મિ૦ પિકવિક અને મિ૦ વિંકલ અંદર બેઠા, અને સૅમ ડ્રાઈવર સાથે બેસી ગયો. જ્યાં જવું હતું તે જગાથી પાએક માઈલ દૂર તે લોકો ઊતરી ગયા. ડ્રાઈવરને પોતાની રાહ જોઈ ત્યાં જ થોભવાનું કહી, તેઓ પગપાળા મૅરીવાળા ઘર તરફ ચાલ્યા; પણ તે વખતે જ મિ૦ પિકવિકે પોતાની સાવચેતીના અને સમજદારીના પ્રતીક તરીકે પોતાના ખીસામાંથી જરા હસતાં હસતાં એક ચોર-ફાનસ કાઢયું, અને તેની ખૂબીઓ વિંકલને ચાલતાં ચાલતાં સમજાવવા માંડી.

મિ૦ પિકવિકે સૅમને પણ હસતાં હસતાં કહ્યું, "બરી મુકામે કન્યાછાત્રાલયના બગીચામાં જતી વખતે પણ જો આવું સાધન મારી પાસે હોત, તો મને બહુ મદદ થાત."

"હા સાહેબ, આ બધી વસ્તુઓનો ઉપયોગ હોય ત્યાં કામમાં લેવાય તો બહુ કામની છે. પરંતુ જ્યારે કોઈ આપણને ન જુએ એવું આપણે ઇચ્છતા હોઈએ, ત્યારે આ વસ્તુઓ ઝાઝી ઉપયોગની હોય એમ મને લાગતું નથી."

મિ૦ પિકવિક સૅમના શબ્દોમાં રહેલી ટકોર તરત સમજી ગયા, અને તેમણે તે ફાનસ ખીસામાં મૂકી દીધું.

મૅરીના ઘર પાસે આવતાં સૅમે એક મોટા પથરા ઉપર તે બંનેને બેસાડી દીધા, અને પોતે મૅરીનો સંપર્ક સાધી, બધી ગોઠવણ કરી આવવા ખાતર, ધીમેથી તેના ઘરના પાછલા બારણા પાસે ગયો.

પાંચ કે દશ મિનિટ બાદ તે પાછો આવ્યો અને બંનેને મેરીના બગીચામાં પેલા ઝાડ પાસે લઈ ગયો.

પણ ત્યાં જતાં જતાં મિ૦ પિકવિકે પાછું ફાનસ બહાર કાઢયું અને સેમે તરત તેમને ટોકયા, "સાહેબ આ માનવંત ફાનસ આજે આપણા બધાનું મોત બનવાનું છે. તમે આ ફાનસનું ફોકસ બરાબર પેલા મકાનની બારી ઉપર નાખ્યું છે, તે જોતા નથી?"

મિ૦ પિકવિકે ગભરાઈને ફાનસનું મોં ફેરવી લીધું.

"હવે બીજા ઘર ઉપર તેનું ફોકસ જાય છે, સાહેબ," સેમે ઉતાવળે ઉતાવળે કહ્યું.

મિ૦ પિકવિક ગભરાઈને તેને બંધ કરવા ગયા.

"ભલા ભગવાન, હવે તબેલા ઉપર તેનું ફોકસ તમે નાખ્યું છે. તેને બંધ કરી દોને! નહીં તો હમણાં પડોશીઓ અને તેમના ચાકર આપણને ચોર ધારી અહીં દોડી આવશે, તે વધારામાં."

મિ૦ પિકવિકે મહાપરાણે હવે ફાનસનું ઢાંકણ નીચે પાડી દીધું. તરત જ ભીંત પાછળ કોઈનાં પગલાં સંભળાયાં. સેમે વિંકલને કહ્યું, "તમે સાહેબ, હવે ભીંત ઉપર ઠેકડો મારો જોઉં; તમારાં બાનુ આવી પહોંચ્યાં..."

"ઊભા રહો, ઊભા રહો; પહેલાં મને તેની સાથે વાત કરી લેવા દો," મિ૦ પિકવિક બોલી ઊઠયા.

સેમ તરત નીચો નમ્યો; મિ૦ પિકવિક તેની પીઠ ઉપર બેસી ગયા; પછી સેમ ઊંચો થતાં મિ૦ પિકવિકે ભીંતની કોરે પંજા ભીડાવી દીધા. પછી વિંકલ અને સેમ બંનેએ મળીને તેમને પગ પકડીને થાય તેટલા ઊંચા કર્યા. એટલે તેમનાં ચશ્માં ભીંતની ધાર સુધી જઈ પહોંચ્યાં.

તરત જ મિ૦ પિકવિકે આરાબેલાને સંબોધીને કહેવા માંડયું, "બીતી નહિ, મીઠડી; એ તો હું જ છું."

"મહેરબાની કરીને ચાલ્યા જાઓ મિ૦ પિકવિક; બધાને જ ચાલ્યા જવાનું કહો. મને બહુ ડર લાગે છે. અહીં આમ ઊભા ન રહેશો; તમે પડી જશો અને વગાડી બેસશો."

"જો મીઠડી, આમ ડરી ન જા. મારા મિત્રની સ્થિતિ છેક ચિંતાજનક થઈ ન ગઈ હોત, તો હું તેમને આમ મળવાની સલાહ તને ન આપત. છતાં હવે જ્યારે આ મુલાકાત ગોઠવવી જ પડી છે, ત્યારે હું એટલા માટે હાજર રહ્યો છું કે જેથી તમો બંનેને નિરાંત રહે,—અને કોઈ કશી જાતનું આળ તમો લોકો ઉપર ચડાવી ન શકે."

"તમારો આભાર માનું છું, મિ૦ પિકવિક; તમે તમારા મિત્રના અને મારા કેવા હિતેચ્છુ છો, એ હું બરાબર જાણું છું," એટલું કહી આરાબેલાએ હૃદય ભરાઈ આવતાં આંખે રૂમાલ લગાડ્યો. પણ એટલામાં મિ૦ પિકવિક અચાનક નીચે પડી ગયા. સૌના ખભા ઉપર પગ બદલવા જતાં તેમનો પગ હવામાં અધ્ધર જ ગોઠવાયો અને તે સીધા જમીન ઉપર આવ્યા. પરંતુ છોલાયા—વાગ્યાની સહેજ પણ પરવા કર્યા વિના, તેમણે તરત મિ૦ વિંકલને ભીંત ઉપર જઈ પોતાની મુલાકાત ચાલુ કરી દેવા સૂચના આપી.

મિ૦ વિંકલ તે પ્રમાણે ભીંત ઉપર ચડી ગયા એટલે મિ૦ પિકવિક શેરીમાં કોઈ આવે જાય તેની તપાસ રાખતા બહાર ઊભા રહ્યા. હાથમાં તેમણે તેમનું વહાલું ફ્રાનસ પકડી રાખ્યું હતું. અને આખી શેરીને રસ્તે તે તેનો પ્રકાશ દૂર સુધી નાખ્યા કરતા હતા.

મિ૦ વિંકલે મોહું કર્યા વિના ભીંત ઉપરથી નીચે આરાબેલાના પગ આગળ જ પડતું નાખ્યું, અને પોતાના પ્રેમની પ્રબળતાનું સોગંદ-પૂર્વક બયાન શરૂ કર્યું.

આ અરસામાં જ, અહીંથી બેત્રણ ઘર દૂર એક મહાન વિજ્ઞાની પોતાના અભ્યાસગૃહમાં બારી પાસે બેઠો બેઠો, પાસે પડેલા સીસામાંથી વખતોવખત જ્ઞાનોત્તેજક પીણું કાઢી કાઢીને પીતો પીતો, પોતાના વિજ્ઞાન-

વિચારમાં મશગૂલ થઈ બેઠો હતો. તે વખતે તેના મગજમાં એક અનોખા સિદ્ધાંતની પ્રસૂતિ-વેદના ઊપડેલી હતી, અને તે એક પ્રકારનો ખાસ અજંપો અનુભવી રહ્યો હતો. અચાનક તેણે એક તેજસ્વી પ્રકાશનો લિસોટો શેરીમાં પસાર થતો જોયો. જમીનથી થોડો જ ઊંચે તે પસાર થતો હતો, અને પાછો બંધ થઈ જતો હતો. એમ કેટલીય વાર બન્યું.

એ મહા-વિજ્ઞાનીએ એ જોઈ પોતાની બીજી બધી વિચારણા બાજુએ મૂકી દીધી, અને આ પ્રકાશના લિસોટાનાં કુદરતી કારણોની તીવ્ર તપાસ આરંભી દીધી.

એ લિસોટો ઉલ્કાનો પ્રકાશ તો ન હોઈ શકે; કારણ કે, આ તો વધારે નીચો છે. તે આગિયાઓનો પ્રકાશ પણ ન હોઈ શકે; કારણ કે, આ તો વધુ ઊંચો છે. તે દારૂખાનું ન હોઈ શકે; કારણ કે, તે ફૂટવાનો અવાજ જરાય આવતો નથી.

તો આ પ્રકાશ અત્યાર સુધી ન જાણવામાં આવેલો, ન સમજાવી શકાયેલો કોઈ અદ્‌ભુત પ્રકાશ છે. અને તેની શોધખોળ કરવી અને તે બાબત પુસ્તક લખવું, એ તો વિજ્ઞાનની અને માનવજાતની ભારે સેવા કરી કહેવાય, એમ તેને લાગ્યું. તરત જ તેણે એ પ્રકાશ કયારે દેખાયો તેની તારીખ, સમય, એક એક ઝબકારની સ્થળ–કાળમાં લંબાઈ વગેરે મુદ્દાસર માહિતી નોંધવા માંડી. અને જેમ જેમ તેણે એ તપાસ આગળ ચલાવી, તેમ તેમ, એક મહાન અવકાશી શોધના પ્રારંભના ગૌરવથી તેનું હૃદય ફાટી પડવા લાગ્યું.

મુદ્દાઓની નોંધણી પૂરી થયા બાદ તેણે તે પ્રકાશની લીલા જ આતુર ચિત્તે નિહાળવા માંડી. તેણે હવે પોતાને પત્ની ન હોવાથી, પોતાના નોકરને એ વાતના સાક્ષી તરીકે બોલાવ્યો. તેણે એ પ્રકાશનું નૃત્ય તેને બતાવીને પૂછ્યું, "જોયો, એ પ્રકાશ ? તું એનાં મૂળ કારણો વિષે શું ધારે છે ?"

"ચોર લોકો આવ્યા લાગે છે, સાહેબ," નોકરે તરત જવાબ આપ્યો.

પેલા મહાવિજ્ઞાનીનો પુણ્ય-પ્રકોપ આ જવાબથી તરત ભભૂકી ઊઠ્યો. તેણે ત્રાડ નાખીને કહ્યું, "એક વિજ્ઞાનીના સંશોધનને અવળે પાટે ચડાવી દેવા ઇચ્છનાર બબૂચક મૂર્ખ, તું ચાલ્યો જા અહીંથી."

પેલો નોકર જરા છોભીલો પડીને ચાલ્યો ગયો, એટલે આ મહાવિજ્ઞાનીએ હવે જરા વધુ નજીક જઈ, એ પ્રકાશ વિષે વિશેષ માહિતી મેળવવાનો ઇરાદો કર્યો. તે તરત ટોપો પહેરી, પોતાના બગીચાના ઝાંપા પાસે જઈ પહોંચ્યો.

હવે તે જ ઘડીએ મિ૰ પિકવિકે શેરીમાંથી કોઈને આવતું ખરેખર સાંભળ્યું અથવા તેમને એવો ભ્રમ થયો, એટલે તરત તે પોતાના ફાનસનું ઢાંકણ ઉતાવળે ઉઘાડ-વાસ કરતા મેરીવાળા મકાનના બગીચા તરફ દોડ્યા અને સૌને બહાર નીકળી આવવા અને ઠેકાણે પડી જવા તેમણે તાકીદ કરી.

તરત મિ૰ વિકલ પાછા કૂદી આવ્યા, આરામેલા તેના મકાનમાં પેસી ગઈ, મેરી તેના મકાનમાં, અને સેમ વગેરે ત્રણ જણ બગીચાનો ઝાંપો વાસી દઈ, બહાર શેરીમાં નીકળી આવ્યા. તે જ વખતે પેલો વૈજ્ઞાનિક પોતાના બગીચાના ઝાંપાનું તાળું ખોલતો હતો.

સેમે મિ૰ પિકવિકને કહ્યું, "મહેરબાની કરીને તમારું ફાનસ એક સેકંડ માટે ખોલી નાખો."

મિ૰ પિકવિકે એનું ઢાંકણ ખોલ્યું, તેની સાથે જ સેમની નજરે પેલા મહા-વૈજ્ઞાનિકનું માથું બગીચાનો દરવાજો ઉઘાડવા ઊંચું નીચું થતું દેખાયું. તરત જ તેણે પોતાના હાથ વડે એક ધક્કો નીચેની તરફ એવી રીતે દીધો કે તે મહાન માથું બગીચાના દરવાજા ઉપર અફળાય તેમ વૈજ્ઞાનિક પોતે જમીન ઉપર તૂટી પડ્યો. આ બધું અતિ ચાલાકીપૂર્વક પતવી દઈ, સેમ તરત મિ૰ પિકવિકને પીઠ ઉપર નાખી,

ઘોડાગાડી તરફ જોરથી દોડી જતા મિ૰ વિંકલની પાછળ પાછળ દોડ્યો, અને એ શેરી બહાર ઘેારી રસ્તા ઉપર આવીને જ થોભ્યો. પીઠ ઉપરથી મિ૰ પિકવિકને ઉતાર્યા પછી મિ૰ વિંકલે અને સૅમે તેમને પેાતાની વચ્ચે તેાળી રાખી, ઘેાડાગાડી સુધી દોડાવી લીધા.

ઘેાડાગાડીમાં બેસાડતી વખતે સૅમે વિંકલને ધીમેથી પૂછી લીધું, "તમારી પહેલાં કોઈ પેલીના રદિયામાં ઘૂસી ગયેલું તેા નથી ને?"

"બધું બરાબર છે, સૅમ, બધું બરાબર છે. કશેા વાંધેા નથી." મિ૰ વિંકલે ધીમેથી હસતાં જવાબ આપ્યેા.

બીજી બાજુ પેલા મહા વૈજ્ઞાનિકે પછી એ અદ્‌ભુત પ્રકાશ ઉપર એક મેાટેા ગ્રંથ લખ્યેા, તે અહીં જ કહેતા જઈએ. તેણે હવે સાબિત કર્યું કે, એ પ્રકાશ પૃથ્વીમાં રહેલી વીજળીનેા અમુક અમુક વખતે, અમુક કારણેાએ થતેા આવિષ્કાર છે—જે કારણેા અલબત્ત શેાધવાં રહે છે—પણ આકાશની વીજળી સાથે તે પ્રકાશને કશેા સંબંધ નથી, એ નક્કી છે; કારણ કે, તે વખતે આકાશમાં વીજળી હતી નહીં. એ પ્રકાશ પૃથ્વીમાંની વીજળીનેા છે, એ બાબતનેા બીજો અગત્યનેા પુરાવેા એ હતેા કે, પેાતે જ્યારે બગીચાનેા ઝાંપેા ઉઘાડી બહાર નીકળવા ગયેા, તે જ વખતે એ પ્રકાશનેા ગેાળેા તેના તરફ ખેંચાયેા, અને તેને માથા ઉપર એવેા ધક્કેા લાગ્યેા કે જેથી પાએક કલાક સુધી તે છેક જ બેભાન થઈ ગયેા હતેા. બધાં વૈજ્ઞાનિક મંડળેાએ આ શેાધને અનુપમ ઉત્સાહ અને અભિનંદનથી વધાવી લીધી; અને એણે નેાંધેલા મુદ્દાઓને આધારે જોર જોરથી આગળ શેાધેા ચાલવા લાગી.

# ૪૧

# જેલ-મહેલમાં

## ૧

'બાથ' તરફ રહેવાનો જે સમય નક્કી કરવામાં આવ્યો હતો તે પૂરો થતાં, મિ૦ પિકવિક અને તેમના મિત્રો લંડન પાછા ફર્યા. મિ૦ પિકવિક તરત પોતાના 'જ્યૉર્જ ઍન્ડ વલ્ચર' હૉટેલના મથકે ચાલ્યા ગયા.

આવ્યા પછીને ત્રીજે દિવસે સવારે એક વિચિત્ર દેખાવની ગાડીમાં એક માણસ ત્યાં આવી પહોંચ્યો. તે પહેલાં તેના કરતાં વધુ વિચિત્ર દેખાવનો એક માણસ કચારનો આસપાસ ચોકી કરતો ઊભો હતો. તે એ ગાડીને આવેલી દેખી પાસે આવીને ઊભો રહ્યો, એ સૅમની નજરની બહાર રહ્યું નહીં. તે તરત બારણા વચ્ચે આવીને ઊભો રહ્યો. તે સમજી ગયો હતો કે, પોતાના માલિક જેઓની રાહ જોઈ રહ્યા છે, તે જ એ લોકો હતા.

થોડી ધક્કામુક્કી અને બોલાચાલી થયા પછી એક જણે સૅમને બારણાની બાજુએ દબાવી રાખ્યો અને ઘોડાગાડીમાં આવેલો બીજો માણસ અંદર ઘૂસ્યો. તેણે ગલ્લા ઉપર બેઠેલી બાઈને મિ૦ પિકવિકનો કમરો બતાવવા ફરમાવ્યું. બાઈએ વેઇટરને કમરો બતાવવા મોકલ્યો.

મિ૦ પિકવિક પથારીમાં ઘસઘસાટ ઊંઘતા હતા. બારણા બહાર થયેલો અવાજ સાંભળી તે જાગી ઊઠયા. સૅમ આવ્યો હશે એમ માની તેમણે હજામતનું પાણી માગ્યું.

"હમણાં જ તમારી હજામત કરી નાખું છું, મિ૦ પિકવિક," એમ કહી પેલા માણસે તરત અદાલત તરફથી મિસિસ બાર્ડેલના ફેસ્લા ચુકાદા અંગેનું વૉરંટ બતાવ્યું, અને પોતાનું ઓળખપત્ર રજૂ કર્યું.

તે જ ઘડીએ સૅમે અંદર આવી પેલાને પૂછ્યું, "તમે કવેકર છો?"

"હું કોણ છું તે હું તને જતા પહેલાં બતાવતો જવા માગું છું તથા જરા સારી રીતભાતનો પાઠ પણ શીખવવા ધારું છું."

"તારો આભારી છું, ભલા'દમી; હું પણ તને કોઈ સદ્‌ગૃહસ્થના ઓરડામાં કેમ કરીને પેસાય તેની રીતભાત શીખવાડી દઉં છું; ચાલ તારો ટોપો માથા ઉપરથી ઉઠાવ—" એમ કહી સૅમે એવી ચાલાકીથી એક ઝપાટો માર્યો કે પેલાનો ટોપો ઊડીને દૂર પડ્યો તથા તેણે મોંમાં ઘાલેલી દાંત ખોતરવાની સોનાની સળી તેના ગળામાં ઊતરી જતી મહાપરાણે રહી ગઈ.

"જુઓ, જુઓ, મિ૦ પિકવિક, મારા ઉપર – એક સરકારી નોકર ઉપર, તેની ફરજ બજાવતી વખતે, હુમલો કરવામાં આવ્યો છે; મારી જિંદગી જોખમમાં છે, અને તમે તે બાબતમાં સાક્ષી પૂરશો એવી આશા રાખું છું."

"સાહેબ, આંખો મીંચી દો, એટલે કશું જોવાની સાક્ષી પૂરવી નહિ પડે; અને આને તો હું આ બારી બહાર વિદાય કરી દઉં છું." સૅમે ઉશ્કેરાઈને કહ્યું.

"સૅમ," મિ૦ પિકવિક ગુસ્સાભર્યા અવાજે બોલી ઊઠ્યો; "જો તું હવે આગળ એક શબ્દ પણ બોલીશ, તો અબઘડી તને મારી નોકરીમાંથી છૂટો કરી દઈશ."

મિ૦ પિકવિકને હવે ઉતાવળથી પરવારી લેવા કહેવામાં આવ્યું. પછી તેમને લંડનના શેરીફના અફસરની કચેરીમાં લઈ જવામાં આવ્યા. ઘોડાગાડીમાં આવેલો માણસ એ અફસર પોતે જ હતો.

મિ૦ પિકવિકને 'કૉફી-રૂમ' કહેવાતા એક ઓરડામાં બેસાડવામાં આવ્યા. તેમણે તરત સૅમને પોતાના વકીલ પર્કરને બોલાવી લાવવા મોકલી દીધો.

ત્યાં બીજા બેત્રણ જણ પણ બેઠેલા હતા. તેમાં એક ઓગણીસ-વીસ વર્ષનો જુવાનિયો પણ હતો. તે આખો વખત દારૂ પીધા કરતો હતો અને સિગાર ફૂંકયા કરતો હતો. તેના ઊભરાયેલા મોં ઉપરથી લાગતું હતું કે, જિંદગીનાં છેલ્લાં બે-ત્રણ વર્ષથી તેણે એ જ કામ કર્યા કર્યું છે. તેના એક જોડીદારે હજામત કરી રહ્યા પછી પોતાનો અસ્ત્રો તેને ધર્યો અને તેને હજામત કરી લેવા કહ્યું. પણ પેલા જુવાનડાએ જવાબ આપ્યો કે, કલાકેકમાં તો તેને છૂટો કરવામાં આવશે, એટલે ઘેર જઈને તે નિરાંતે જ હજામત કરશે.

અસ્ત્રાવાળાએ હવે મિ૦ પિકવિક સામે જોઈને હસતાં હસતાં કહ્યું, "આ છોકરાને અહીં આવ્યે એક અઠવાડિયું થયું, છતાં તેણે એકે વાર હજામત કરી નથી. તે એમ માને છે કે, એકાદ કલાકમાં જ તેને ઘેર પાછા ફરવાનું થશે!"

"બિચારો!" મિ૦ પિકવિકે સહાનુભૂતિમાં કહ્યું, અને પૂછ્યું, "તો શું તેના છૂટવાના ચાન્સ બહુ ઓછા છે?"

પેલાએ જવાબમાં માત્ર ખભા ચડાવ્યા. એ જોઈ પેલા જુવાન-ડાએ પિતાને તાકીદનો કાગળ લખવા કાગળ-કલમ મંગાવ્યાં, અને એ કાગળ સારા શબ્દોમાં લખવા પોતાની જાતને તત્પર કરવા માટે દારૂનો પ્યાલો મંગાવ્યો.

થોડી વાર બાદ બે કે ત્રણ જણ તે છોકરાને મળવા આવ્યા જ. એ લોકોની લાંબી વાટાઘાટના જે થોડા શબ્દો મિ૦ પિકવિકે સાંભળ્યા, તે ઉપરથી તેમને ખાતરી થઈ કે, છોકરાની વારંવારની ગેરવર્તણૂક, અને દેવું કરવાની ટેવથી ત્રાસીને તેના બાપે જ તેને અહીં દેવાળિયાની જેલમાં પુરાવવાનું પગલું ભર્યું હતું, અને હવે તે તેને એક પણ વધુ તક આપવાની ના પાડતો હતો.

મિ૦ પિકવિકે હવે પોતાને બેસવા માટે એક અલગ ઓરડી માગી. પોતાને પૈસે માગી સગવડ ત્યાં મળે તેમ હતું.

મિ૦ પર્કરે આવીને મિ૦ પિકવિકને સમજાવવા માંડ્યા, અને દંડના પૈસા ભરી દઈ, અહીંથી જ ઘેર પાછા ફરવા વિનંતી કરી. પણ મિ૦ પિકવિકે બધો વિધિ પૂરો કરી, તરત 'આજે ને આજે જ' દેવાળિયાઓની જેલમાં પહોંચી જવાનો નિરધાર જાહેર કર્યો, અને એ વિધિ જલદી પતવવામાં જ મદદ કરવાની મિ૦ પર્કરને વિનંતી કરી.

## ૨

ફ્લીટ સ્ટ્રીટમાં આવેલી દેવાળિયાઓની જેલમાં પેસવાનો રસ્તો બહુ વિચિત્ર હતો. જમીનની નીચે જ જાણે એક પછી એક દાદર ઊતરવાના હતા. તે જોઈ સૅમ બોલી ઊઠ્યો, "આ ખરું છે! કૂવામાં કૂવો કહે છે તે આનું નામ!"

ટૉમ રોકર નામનો કર્મચારી મિ૦ પિકવિક તથા સૅમને આગળ દોરતો જતો હતો. મિ૦ પિકવિક અંધારિયાં અને ભેજવાળાં ઘોલકાંની પંક્તિઓ જોઈ બોલી ઊઠ્યા, "ખરે જ અહીં માણસો રહે છે?"

"હા, હા; કેમ ન રહે? રહે છે એટલું જ નહિ પણ મરતા સુધી રહે છે, વળી!" રોકરે જવાબ આપ્યો.

પછી પાછા થોડા દાદર ચડીને તેઓ ઉપર આવ્યા. અમુક જગ્યાએ ગયા પછી મિ૦ પિકવિકને એક કમરો ઉઘાડી આપવામાં આવ્યો. એ વૉર્ડનનો ઓરડો હતો, અને ત્યાં મિ૦ પિકવિકે રાત પૂરતા સૂઈ રહેવાનું હતું.

સૅમે અંદર બીજા માણસો જોઈને પૂછ્યું, "અહીં આ બીજા જે છે, તે બધા સદ્‌ગૃહસ્થો હશે, એમ માની લેવું જોઈએ, ખરું ને?"

"હા હા, સદ્‌ગૃહસ્થો સિવાય બીજા કોઈ અહીં આવી શકે જ નહિ. આ કંઈ જેલ નથી; 'નિવાસ' છે, અને અહીં રહેનાર બધાનું ખર્ચ હોટેલની માફક ચૂકવાય છે." રોકરે જવાબ આપ્યો.

એ ઓરડો એક મોટી ઓસરીમાં ખૂલતો હતો; અને જરા ગરમી હોવાથી એ ઓસરીમાં ખૂલતા બીજા ઓરડાઓના નિવાસીઓએ બારણાં જરા ખુલ્લાં રાખ્યાં હતાં.

મિ૦ પિકવિકે સૅમને કહ્યું, "જોને ભાઈ, દેવા માટેની જેલમાં પુરાવું એમાં સજા જેવું કંઈ હોય એમ લાગતું નથી. આ બધા કેવા મજામાં દારૂ પીએ છે, અને સિગાર ફૂંકે છે!"

બીજે દિવસે મિ૦ પિકવિકને ૨૭મા નંબરના ઓરડામાં જગા આપવામાં આવી. તે ઓરડામાં તેમના ઉપરાંત બીજા ત્રણ જણ હતા. મિ૦ પિકવિક ત્યાં ગયા ત્યારે એ ઓરડામાં ખાલી જગા જેવું ખાસ ન હતું. પેલાઓએ મિ૦ પિકવિક જો બીજે કયાંક જાય તો લાલચ આપવા અંદરોઅંદર ફંડ ઉઘરાવવાની તૈયારી બતાવી.

મિ૦ પિકવિકે નવાઈ પામી પૂછયું, "શું, મરજી મુજબ રહેવાનું અહીં બદલાવી શકાય છે? મેં તો જાણ્યું કે એ લોકો નક્કી કરી આપે ત્યાં જ આપણે રહેવાનું હોય છે."

પેલા ત્રણમાંના એકે હસીને જવાબ આપ્યો. "ભાઈ, પૈસાથી 'બહાર' પણ જેમ બધું બની શકે છે, તેમ 'અહીં' પણ તમારી પાસે ખર્ચવાના પૈસા હોય, તો તમે એક અલગ ઓરડી પણ મેળવી શકશો!"

મિ૦ પિકવિક તરત રોકર પાસે પાછા આવ્યા. પેલાએ હસીને કહ્યું, "સાહેબ, તમારે મને પહેલેથી કહી દેવું હતું કે તમારી પાસે પૈસા છે! હવે તો હું તમને પાંચ મિનિટમાં જુદા કમરાની વ્યવસ્થા કરી આપીશ તથા તેમાં તમારે જોઈતું ફરનિચર પણ વાપરવા માટે મારે ત્યાંથી ભાડે આપીશ."

ચાન્સરી-કેદી તરીકે ઓળખાતો એક કેદી ઘણા વખતથી કૉફી-રૂમ પાસેના એક સરસ ઓરડામાં રહેતો હતો. પહેલાં તો કુટુંબીજનો, મિત્રો વગેરે પાસેથી આવક થતી; પણ હવે એ બધું બંધ થવા લાગ્યું હતું. એટલે તેને મળેલો અલગ કમરો

અઠવાડિયે એક પાઉંડ ભાડું લેવાનું નક્કી કરીને તેણે રાજી થઈને મિ૰ પિકવિકને ખાલી કરી આપ્યો.

રોકરે અઠવાડિયે સાડી સત્તાવીસ શિલિંગે મિ૰ પિકવિકને એક શેતરંજી, છ ખુરસીઓ, એક ટેબલ, સોફા-બેડ, ચાની કીટલી– એટલી ચીજો ભાડે આપી; તથા હવે પોતે તેમની વધુ શી સેવા બજાવે એમ પૂછ્યું.

મિ૰ પિકવિકે તેને પૂછ્યું, "અહીં કોઈ બહારના ફેરાફાંટા ખાનારો માણસ મળી શકે ?"

"બહારના ?"

"હા; અર્થાત્ કોઈ બહાર જઈ શકે – કેદી ન હોવાને કારણે એવો માણસ ?"

"હા, હા; ગરીબ-વિભાગમાં રહેતા એક કેદીનો સગો બહારથી અહીં આવ્યા કરે છે. તે આવા ફેરાફાંટાનું કામ કરે છે. હું તેને તમારી પાસે મોકલું ?"

"હા, હા, જરૂર મોકલજો. પણ તમે ગરીબ-વિભાગનું નામ દીધું, તે શું અહીં એવો કોઈ વિભાગ પણ છે ? તે તરફ હું પોતે જ એક વખત જઈ આવવા માગું છું."

૩

દેવાદારોની જેલનો ગરીબ-વિભાગ, એટલે તેના નામ ઉપરથી જ સૂચિત થાય છે તેમ, બહુ જ કંગાળ અને તુચ્છ દેવાદારોને પૂરી રાખવાનો વિભાગ. પોતે ગરીબ-વિભાગમાં જવા માગે છે એમ દેવાદાર જાહેર કરી દે, એટલે પછી તેને ભાડું આપવું પડતું નથી. તેને ખાવાનું થોડુંઘણું મળી રહે, પણ તેય કેટલાક દાનવીર લોકોએ પોતાના વીલમાં એ લોકો માટે લખી આપેલી રકમોમાંથી. એ જેલની ભીંતમાં બહારથી નજરે પડે એવું મજબૂત સળિયાનું એક પાંજરું જડી દેવામાં આવેલું હતું. તેમાં બેઠેલો ગરીબ દેવાદાર હાથમાં એક દાન-પેટી ખખડાવ્યા કરતો અને જતા-આવતાને કહેતો, "ગરીબ દેવાદારોને ભૂલશો નહિ; તેમને

કંઈક આપતા જાઓ.” ગરીબ-વિભાગના બધા દેવાદારો વારાફરતી તે પાંજરામાં બેસતા અને ધૂળધમા જે મળે તે વહેંચી લેતા.

અત્યારે તો હવે એ પાંજરું જંગલીપણાની નિશાની ગણીને ચણી લેવામાં આવ્યું છે; પણ ગરીબ દેવાદારોને કંઈક આશરાનું એ સાધન તેથી કરીને બંધ થયું એટલું જ; બાકી બ્રિટિશ કાયદો ખૂની–ડાકુ જેવા ભયંકર ગુનેગારોને બચરાવવાનું-પિવરાવવાનું અને મજબૂત રહેઠાણ આપવાનું સ્વીકારે છે, પણ ગરીબ દેવાદારને તો ભૂખે-તરસે-નગ્ન અવસ્થામાં મરવાની જ સ્વતંત્રતા બક્ષે છે.

રોકર આવીને મિ૦ પિકવિકને ગરીબ-વિભાગની સીડી સુધી મૂકી ગયો. મિ૦ પિકવિક પછી પોતે એ સાંકડો દાદર ચડીને ઉપર ગયા, તો તેમની નજરે એક વિશાળ ઓરડો અને તેમાં પુરાયેલી તેટલી જ વિરાટ કંગાલિયત નજરે પડ્યાં.

તેમનું ધ્યાન અંગીઠી પાસે માથું નીચું રાખી વિચારમગ્ન થઈ બેઠેલી એક વ્યક્તિ તરફ ખેંચાયું. તે માણસ આલ્ફ્રેડ જિંગલ પોતે હતો. જોકે, અત્યારે તે ચીંથરેહાલ દશામાં હતો અને ભૂખમરો, હતાશા તથા કંગાલિયત તેના મોં ઉપર શિલાલેખની પેઠે કોતરાઈ રહ્યાં હતાં.

એ ઓરડાના બીજા નિવાસીઓની કમકમાટી ઉપજાવે તેવી સ્થિતિ, તથા તેમની પાસે બેઠેલાં સ્ત્રી-બાળક વગેરેનાં મોં–એ બધાનું હૃદયદ્રાવક ચિત્ર તરત મિ૦ પિકવિકના ચિત્ત ઉપર ડામની પેઠે અંકાઈ રહ્યું.

મિ૦ પિકવિક એ બધા તરફ નજર કરતા ઊભા હતા, તેવામાં બારણામાંથી ઠોકરો ખાતો એક બીજો કંગલો આવ્યો. તેના ઉપર નજર પડતાં જ મિ૦ પિકવિક તેને ઓળખી ગયા : તે મિ૦ જિંગલનો દોસ્ત અને સાથી જૉબ ટ્રૉટર હતો. રોકરે બહારના ફેરાફાંટાનું કામ કરવા, ગરીબ-વિભાગના એક કેદીના સગાને મોકલવાનું મિ૦ પિકવિકને જણાવ્યું હતું, તે આ જૉબ ટ્રૉટર જ હશે, એ પણ મિ૦ પિકવિકને સમજાઈ જતાં વાર ન લાગી.

જૅબ મિ૰ પિકવિકને જોઈ, તરત જ બોલી ઊઠ્યો, "મિ૰ પિકવિક!"

જિંગલે એ શબ્દો સાંભળીને ચોંકી ઊઠી તે તરફ મોં ફેરવ્યું, પણ પછી મિ૰ પિકવિકને જ સાક્ષાત્ ઊભેલા જોઈ, શરમના માર્યા પોતાનું મોં તરત નીચું નાખી દીધું.

મિ૰ પિકવિક એ બે જણની કંગાળ દશા જોઈને ગળગળા થઈ ગયા. જૅબ જિંગલને માટે કાંઈ ખાવાનું જ બહારથી લાવ્યો હતો. તેના ઉપર નજર કરતાં જ મિ૰ પિકવિક સમજી ગયા કે તેઓ કેવો છેલ્લી કોટીનો ભૂખમરો વેઠી રહ્યા છે.

મિ૰ પિકવિકે જિંગલને વાતચીત કરવા બાજુએ બોલાવ્યો. થોડીક વાતચીત ઉપરથી જ જણાઈ ગયું કે, તેઓએ એક પખવાડિયું પોતાના બૂટ ખાધા છે—અર્થાત્ પોતાના બૂટ વેચી નાખીને જે આવ્યું તે ઉપર તેઓ જીવ્યા છે; હાથીદાંતના મૂઠાવાળી રેશમી છત્રી ઉપર એક અઠવાડિયું તેમણે કાઢ્યું છે, અને પછી કોટ, જૅબનાં ખમીસ વગેરેનો વારો પણ એક પછી એક આવી ગયો છે. હવે માત્ર પથારીમાં પડ્યા પડ્યા ભૂખથી મરી જવાનું જ બાકી રહેતું હતું. વાત પૂરી કરી રહ્યા પછી, જિંગલે છેવટે ઉમેર્યું કે, 'મારી કરણીની પૂરી સજા મને બરાબર થઈ છે; કેટલાય દિવસ બીમાર રહ્યો છું; ભૂખે પણ બૂબ મર્યો છું; મેં ઘણાને ઠગ્યા છે, અને એ બધા ગુનાઓનો વિચાર કરતાં, હવે જિંદગી આ રીતે પૂરી થાય તો તેનું બાસ દુઃખ હું નથી માનતો.'

મિ૰ પિકવિકે તરત ધમકાવતા હોય તેમ જૅબને પાસે બોલાવ્યો, અને આંખો કડક કરીને કહ્યું, "લે!"

આ ભાષામાં કશું આપવાનું હોય તો તે ઘુમ્મો કે ફટકો જ હોય. અને જૅબે પણ માન્યું જ હતું કે, પોતે આ ભલા માણસને જે રીતે ઠગ્યા છે, બનાવ્યા છે, હેરાન કર્યા છે, તે જોતાં તે એક ગરમાગરમ ઘુમ્મો મારી દે, તોપણ તે કાયદેસર કહેવાય. પણ બરેબર તો હાથ ઉગામીને મિ૰ પિકવિકે જૅબને જે આપ્યું તે માત્ર ચમકાર જ કરતું તેની હથેળીમાં લપાઈ ગયું. જૅબની આંખમાં આનંદ અને

આભારની લાગણી ઊભરાઈ આવી, અને થોડાં આંસુ પણ; પરંતુ તેનાં આ આંસુ જિંદગીમાં પહેલી વાર સાચાં હતાં.

૪

મિ૦ પિકવિક પોતાના કમરામાં પાછા ફર્યા, ત્યારે સૅમ ત્યાં આવ્યો હતો અને મિ૦ પિકવિકે મંગાવેલી બધી વસ્તુઓ ગોઠવતો હતો. મિ૦ પિકવિકે સૅમને જોતાં જ પૂછ્યું, "મિ૦ ટપમન વગેરે મિત્રો મળ્યા?"

"હા, હું તેમને મળવા ગયો હતો; તેઓ કાલે અહીં આવવાના છે; જોકે, આજે નથી આવવાના એ એકદમ વિચિત્ર વાત છે."

"ઠીક, પણ સૅમ, મારે તને એક વાત કહેવી છે, તું જરા ધ્યાન દઈને સાંભળ."

"હા, હા, સાહેબ; બોલી નાખો."

"જો ભાઈ, આ જગા જુવાન કામગરા માણસ માટે વધુ વખત રહેવા યોગ્ય જગા નથી."

"બુઢ્ઢા માણસ માટે પણ યોગ્ય કહેવાય તેવી જગા નથી, એ સાથે જ કહી નાખોને!" સૅમે જવાબમાં કહ્યું.

"હા, હા; પણ બુઢ્ઢા માણસો તો તેમની ગફલત તથા અતિ વિશ્વાસુપણાને કારણે અહીં આવવાની સજા પામે પણ ખરા. પરંતુ તારા જેવા જુવાન માણસને તો તારો સ્વાર્થી શેઠ તને અહીં રાખે તો જ રહેવું પડે. એટલે જુવાન કામગરા માણસોએ અહીં વધુ સમય કંઈ કારણ વિના ન રોકાવું જોઈએ, એમ હું માનું છું. તું મારા કહેવાની મતલબ સમજ્યો કે નહિ?"

"તમે કઈ તરફ ધસી રહ્યા છો, એ તો હું જોઈ શકું છું, જેમ મેઇલ-ગાડીવાળા કોચમેને બરફના તોફાનને પોતા તરફ ધસી આવતું જોઈને કહ્યું હતું તેમ."

"તો પછી, તારે અહીં આળસમાં વખત ગુમાવવો સારો નહીં; અને આ જેલખાનામાં રહેનારે પોતાની તહેનાત માટે એક નોકર રાખવો એ તો છેક જ બેહૂદું લાગે. એટલે થોડોક વખત તું મારાથી છૂટો થાય એ સારું છે."

"થોડોક વખત?" સૅમ ટાણો મારતો હોય તેમ પૂછ્યું.

"હા, હું અહીં રહું તેટલો સમય; હું તને તારો પગાર તો આપ્યા જ કરીશ. મારા ત્રણ મિત્રોમાંનો કોઈ પણ તને પોતાની તહેનાતમાં રાખી લેશે. અને જ્યારે હું આ જગા છોડીને બહાર આવીશ, એટલે તરત તને મારે ત્યાં બોલાવી લઈશ, એની ખાતરી આપું છું."

"તો સાહેબ, મારી વાત પણ સાંભળી લો; તમારે આ વાત કદી આપણી વચ્ચે ઉપાડવી નહિ."

"ના, ના; પણ મેં મારા મન સાથે નક્કી કરી લીધું છે."

"એમ? એમ? તો મેં પણ નક્કી કરી લીધું છે," એમ કહી તરત સૅમ દોડતોકને બહાર નીકળી ગયો.

તેને ખોટું લાગી ગયું, એમ જાણી, મિ૦ પિકવિક શાંતિથી બધી વાત સમજાવવા તેને પાછો ફરવા ખૂમો પાડવા લાગ્યા, પણ સૅમ ત્યાં હતો જ નહિ.

## ૪૨

## સૅમ મુશ્કેલીમાં આવી પડે છે

### ૧

લિંકન્સ ઇન ફિલ્ડ્ઝ તરફ આવેલી પોર્ટુગલ સ્ટ્રીટમાં દેવાળિયા-ઓની કોર્ટ આવેલી હતી. ત્યાંનો બધો દેખાવ દેવાળિયો જ હતો. છતાં ત્યાં પણ એ બધામાંથી કમાણી કરી ખાવા ધંધાદારા વકીલો અને દલાલો ધમાલ કરતા ફર્યા જ કરતા.

સૅમના બાપ મિ૦ વેલર સીનિયર, પોતાના એક સહધર્મી કોચ-ગાડી હાંકનારા અંગેના દાવા બાબતમાં, હાંકેડુઓના માનીતા વકીલ મિ૦ સોલોમન પેલ પાસે આવ્યા હતા.

મિ૦ પેલ મિ૦ વેલરને ખાતરી આપતા હતા કે, પોતે જરૂર પેલા માણસને છોડાવી આપશે. જોકે, તેમણે ઉમેર્યું કે, "તમે બીજા

કોઈ ફાવે તેવા વકીલ પાસે ગયા હોત, તો શું પરિણામ આવત તે કહેવાની જરૂર નથી."

કેસ ચાલવાનો થતાં મિ૦ વેલર બીજા કોચવાળાઓ સાથે ધક્કા-મુક્કી કરતા અદાલતના ખંડમાં ઘૂસવા જતા હતા, તેવામાં તેમનો ભારે પગ કોઈના પગ ઉપર આવી જતાં, પેલાએ તેમનો ટોપો થપાટ મારીને માથા ઉપરથી આંખો ઉપર લાવી દીધો. જોકે, એ થપાટ મારનારો મિ૦ વેલર સામે જોઈને તરત પાછો ચોંકી ઊઠ્યો, અને તેમને ધકેલતો ખેંચતો બહાર લઈ આવ્યો. મિ૦ વેલરે તેને જોતાં જ કહ્યું, "વાહ, સેંમિવેલ, ઘડપણમાં તારા બાપના માથાને ટપારતાં કયારથી શીખ્યો, દીકરા?"

"પણ તમે છો એની મને શી રીતે ખબર પડે? મારા પગ ઉપર મૂકેલા તમારા શરીરના ભારથી મારે જાણી લેવું જોઈએ, એમ"?

"સાચી વાત છે, સેંમિવેલ, પણ તું અહીં શું કરે છે? તારા ગવર્નર અહીં આવ્યા છે?"

"અરે હું તો ગઈ રાતે છેક તમારે ઘેર જઈ આવ્યો, તમને શોધવા માટે."

"તો મારી મહારાણીને પણ જોઈ હશે."

"હા, હા."

"મહારાણી કેવીક દેખાતી હતી?"

"બહુ વિચિત્ર દેખાતી હતી; મને લાગે છે કે, પેલા પાદરીની સોબતે ચડી જઈને વધારે પડતું પી પીને તબિયત બગાડી નાખી છે."

મિ૦ વેલરે એ વાત સાંભળી, દુઃખ કે નિરાશાનો કંઈ ભાવ બતાવવાને બદલે આંખમાં કંઈક આશાની ચમક સાથે સેંમનો હાથ પકડી લઈને પૂછ્યું—

"ખરી વાત? ખરી વાત? તું પણ એમ માને છે? હું અત્યાર સુધી એ વાત, પાછળથી નિરાશ ન થવું પડે એ કારણે, તને કહેતો નહોતો, પણ હવે કહી દઉં છું કે, પેલા પાદરીનું લીવર પણ બગડી ચૂકયું છે."

"તે પણ બહુ નબળો પડી ગયો છે?"

"હા, હા, તદ્દન ફીક્કોફ્ચ. માત્ર તેના નાકનું ટેરવું વધારે ને વધારે લાલ થતું જાય છે. તે ખાય છે બહુ થોડું, પણ ઢીંચે છે ભારે!"

સેમે હવે ડોસાને તેની વાતોનો ગડગડાટ બંધ કરી પોતાની એક-બે વાતો એકદમ સાંભળી લેવાનું સૂચવતાં કહ્યું, "મારા ગવર્નર હવે મને તેમની પાસે રહેવા દેવા માગતા નથી."

"હું તારા વગર એકલા શું કરશે? જેલના લોકો તો તેમને જીવતા ને જીવતા ફોલી ખાશે. એમ કદી ન બનવું જોઈએ."

"હું પણ કહું છું કે, એમ ન જ બનવું જોઈએ. પણ તેથી શું વળ્યું? તમને કશો રસ્તો સૂઝે છે?"

"જો તે પોતે તને ત્યાં રહેવા ન દે, તો તું ત્યાં ન જ રહી શકે, સેમી. જેલ એ કંઈ ઘોરી રાજ-માર્ગ નથી, કે જેથી ગમે તે માણસ ફાવે ત્યારે ત્યાં હંકારી જઈ શકે," વેલર ડોસાએ કહ્યું. અને પછી થોડો વિચાર કરી લઈને ઉમેર્યું, "જો તેમને પથારીના વીંટામાં વીંટી લઈને, પહેરાવાળા જુએ નહિ તેમ, બહાર કાઢી લાવીએ તો? તારે કહેવું કે એ તારી પથારી છે, ભૂલથી તારા ગવર્નર સાથે આવી ગઈ છે. અથવા તારે એક ડોસીનાં કપડાં બગલમાં ઘાલીને લઈ જવાં અને પછી તેમને બુરખા સાથે પહેરાવી, તારી સાથે પાછા બહાર કાઢી લાવવા."

"ડોસા, તમારું ભેજું પણ પેલા પાદરીની પેઠે પી-પીને ચસકયું લાગે છે. જે માણસ સિદ્ધાંત ખાતર જ અંદર ગયો છે, તે એમ ધોખો દઈને નીકળી આવવા કબૂલ થાય ખરો? તેના કરતાં મને એક રસ્તો સૂઝે છે; બોલો કબૂલ છે?"

"હા, હા, દીકરા, બોલી નાખ."

"તો તમે મને પચીસ પાઉંડ એકદમ ઊછીના આપી દો જોઉં."

"તેથી શું થાય?"

"અરે, તમે એ પચીસ પાઉંડ મને આપીને પાંચ મિનિટ પછી પાછા માગજો. હું પાછા નહીં આપું. એટલે તમે તરત મારા ઉપર દાવો માંડી, મને દેવાળિયાની જેલમાં મારા ગવર્નર પાસે ધકેલી દેજો. બોલો ડોસા, તમારી અક્કલ પહોંચે છે?"

ડોસો થોડી વાર સૅમ તરફ જોઈ રહ્યો; પછી આખી વાતનો મર્મ સમજાતાં, તરત ઠેકડો મારી ઊભો થયો અને સૅમની અક્કલ માટે શાબાશી બતાવતાં બતાવતાં તેણે પોતાના જાડા શરીરને એક બાજુ આમળવા આંચકા મારી મારીને, પોતાનું જંગી ખીસું હાથ તરફ આણ્યું. પછી તેમાંથી મોટું પાકીટ ખેંચી કાઢી, તેમાંથી નોટો કાઢીને સૅમના હાથમાં પકડાવી દીધી. પછી તે એને ખેંચતા ખેંચતા પેલા વકીલ સૉલોમન પેલ પાસે લઈ ગયા. ત્યાં જઈ તેમણે વકીલના કાનમાં બધી વાત સમજાવી દીધી અને 'અબઘડી' સૅમને ફ્લીટ-જેલમાં મોકલી આપવામાં પોતાની બધી બુદ્ધિ ખર્ચી નાખવા ભલામણ કરી; "ફી તમારે માંગવી હોય તેટલી માગી લો!"

મિ૦ પેલે તરત એ દાવાનું ખર્ચ ગણી કાઢ્યું, અને એટલી રકમ ખીસામાં પડી ગઈ, એટલે પછી સૅમને શાબાશી આપવા માંડી કે, વફાદારી આનું નામ!

ડોસા વેલરની છાતી એ સાંભળીને ગજ ગજ ઊછળવા લાગી.

અલબત્ત, મિ૦ પેલ સાથે તે ઘડીએ એ શરત કરાવવામાં આવી કે, મિ૦ પિકવિક કોઈ કારણે જેલમાંથી છૂટે, તો સૅમને પણ જેલમાંથી છોડાવવાની તૈયારી તે જ ઘડીએ કરી દેવાની.

## ૨

આઠ આઠ જણા હોકારા-પડકારા કરતા સૅમને ફ્લીટ-જેલને દરવાજે મૂકી ગયા. સૅમ તરત જ પોતાના માલિક મિ૦ પિકવિકના ઓરડા તરફ દોડી ગયો. બારણું બંધ હોવાથી તેણે થોડું થપથપાવ્યું. મિ૦ પિકવિકે અંદરથી કહ્યું, "ઉઘાડીને અંદર આવો."

સૅમે તરત અંદર જઈ હૅટ ઉતારી સલામ કરી. મિ૰ પિકવિક તેને જોઈ કહેવા લાગ્યા, "સૅમ, તું ઉતાવળે ચાલ્યો ગયો, પણ મારો ઇરાદો તારી લાગણી દુઃખવવાનો ન હતો; એટલે મારે જે કહેવું હતું તે હું તને વિગતે ફરી સમજાવવા માગું છું; જરા ધીમો પડીને સાંભળ તો ખરો."

"પણ હવે બધું નકામું છે, સાહેબ."

"કેમ હવે શું નકામું છે, વારુ?"

"હમણાં મારી પથારીની વ્યવસ્થા જલદી કરી લેવાની ઉતાવળમાં છું, સાહેબ."

"તારી પથારીની? અહીં જેલમાં?" મિ૰ પિકવિકે ડધાઈને પૂછ્યું.

"હા, સાહેબ; કારણ એટલું જ કે, હું પણ કેદી છું; આજે પાછલા પહોરે, દેવાને કારણે મને પકડીને અહીં ધકેલી દેવામાં આવ્યો છે."

"દેવાને માટે પકડવામાં આવ્યો છે?" મિ૰ પિકવિકે નવાઈ પામી પૂછ્યું; "કેટલું દેવું હતું?"

"સાહેબ, એ પંચાતમાં પડવા જેવું નથી; કારણ કે, જેણે મને જેલમાં પુરાવ્યો છે, એ એવો ખૂની ખવીસ છે કે મને જેલમાં પુરાવ્યા વિના તેને શાંતિ થાય એમ જ નથી. એને પૈસા નહીં, પણ મારું લોહી જ જોઈએ છે; અને જ્યારે તમે આ જેલમાંથી છૂટા થશો ત્યારે જ તે મને બહાર નીકળવા દેશે; નહિ તો કોઈ પણ હિસાબે કદી નહિ, એ નક્કી છે."

"એટલે શું, ભલા?"

"એટલે એ જ કે, મારે અહીં ચાલીસ વર્ષ જેલમાં રહેવું પડશે, તો પણ હું અહીં કશી રોકટોક વિના રહી શકીશ. હવે વાત તમારા હાથમાં નથી રહી, સાહેબ."

## ૪૩

# મિ૦ વિંકલ જાન ઉપર આવી જાય છે

### ૧

મિ૦ પિકવિક સૅમની વફાદારી જોઈ આભા બની ગયા. તેમનામાં હવે સૅમને ધમકાવવાની કે સમજાવવાની હિંમત જ ન રહી. અલબત્ત, તેને આ રીતે દેવાળિયાની જેલમાં પુરાવનાર માણસનું નામ તે વારંવાર પૂછતા રહેતા; પણ સૅમ એ નામ આપતો જ નહીં. તે કહેતો, "એનું નામ જાણવાથી કશો ફાયદો નથી, સાહેબ; એના જેવો ઝેરીલો, અદેખો, ખરાબ સ્વભાવનો, પૈસા માટે મરી જાય એવો, અને પથ્થર જેવા હૃદયનો બીજો માણસ જ જન્મ્યો નથી. તેના જેવાના હૃદયને પલાળવું અશક્ય છે,—પેલા મરવા પડેલા સદ્‌ગૃહસ્થે પોતાની મિલકતમાંથી દેવળ બંધાવવાને બદલે તે મિલકત પોતાની પાછળ પોતાની પત્નીને જ આપતા જવાનું વિચાર્યું, ત્યારે તેને સમજાવવા આવેલા ધર્મગુરુ પાદરીએ કહ્યું હતું તેમ."

"પણ સૅમ, એ રકમ ગમે તેટલી હોય તો પણ ઝટ તેને ચૂકતે કરી દઈએ, અને તું બહાર આવ-જા કરી શકે તેવો સ્વતંત્ર માણસ હોય, તો મને કેટલો બધો ઉપયોગી થઈ શકે, એ તો વિચારી જો."

"પણ સાહેબ, એ નઠોર, કઠોર, દુશ્મન પાસે મહેરબાની માગવા જવાનું હું ધારીમાં પણ ધરાતું નહીં."

"પણ એને પૈસા પાછા આપવા એમાં એની મહેરબાની માગવાપણું ક્યાં છે? ઊલટું એ તો એના ઉપર મહેરબાની કરવા જેવું છે."

"પણ એ માણસ પૈસા પાછા આપવા જેવો લાયક માણસ જ નથી, સાહેબ. એને પૈસા પાછા આપવા એ પૈસા ઊંડા પાણીમાં ફેંકી દેવા બરાબર છે."

મિ૦ પિકવિક હવે અકળાયા. સૅમે તે જોઈ, વાત બદલવા માટે કહ્યું, "સાહેબ, મારો એ નિશ્ચય અડગ સિદ્ધાંતને ખાતર છે. ઉપરાંત, સિદ્ધાંતની વાત ઉપરથી મને એક માણસનો દાખલો યાદ આવે છે."

"કયા માણસનો એ દાખલો છે, વારુ," મિ૦ પિકવિક કોઈ દાખલો સાંભળવાની વાત આવતાં ઉત્સાહમાં આવી જઈ બોલી ઊઠ્યા.

"સાહેબ, એ માણસ ભારે સિદ્ધાંતવાદી હતો; તે પોતાના સિદ્ધાંત ખાતર પૈસા બચાવ્યા કરતો; પોતાના સિદ્ધાંત ખાતર તે કોઈ બીજા સાથે ભળતો-હળતો નહીં,—રખેને તેઓ તેની પાસે પૈસા ઊછીના માગી બેસે. પોતાના સિદ્ધાંત ખાતર પખવાડિયે એક જ વાર તે હજામત કરાવતો; અને વરસમાં ત્રણ સૂટ કપડાં જ કંટ્રાટથી ખરીદતો,—વરસને અંતે જૂનાં પાછાં લેવાની શરતે. તે દરરોજ એક જ જગાએ એક જ ભાવે નિયમિત ખાવા જતો, અને આખામાંથી અમુક સારો ભાગ જ ખાવામાં લેતો. છાપાં આવે તો હોટેલના બીજા ઘરાકો અંદર રાહ જોઈને બેસી રહે, અને તે તો બહાર દોડી જઈ છાપાવાળા પાસેથી છાપું પહેલું જ હાથમાં લઈ લેતો અને પછી એટલું બધું વાંચ્યા કરતો કે, બીજા ઘરાકો ત્રાસી જાય. જમણ પછી ત્રણ કલાક તે ત્યાં જ બેસી રહેતો અને તે દરમ્યાન ઊંઘ સિવાય બીજું કશું જ લેતો નહિ. પછી તે ત્યાંથી નીકળી થોડે દૂર આવેલા કૉફી-હાઉસમાં પહોંચી જતો અને ત્યાં નાનો કૉફીનો પ્યાલો અને ચાર 'કંપેટ' (કેક) ખાઈ લેતો. ત્યાંથી સીધો તે પોતાને ઘેર પગે ચાલતો જઈને સૂઈ જતો. એ એનો સિદ્ધાંત મુજબનો રોજનો વ્યવહાર હતો.

"એક રાતે તે બહુ માંદો પડ્યો. ડાકટર આવ્યો. તેણે પૂછ્યું, 'શું ખાધું હતું?' 'કંપેટ.' 'બસ એ જ કારણ છે; હું ગોળીઓ મોકલું છું; હવેથી કદી ન ખાશો.' 'ગોળીઓ કદી ન ખાઉં ને?'

'ના, ના, કૅપેટ કદી ન ખાશો.' 'પણ હું પંદર વર્ષથી નિયમિત રોજ રાતે કૅપેટ જ ખાઉં છું.' 'પણ હવેથી નિયમની રીતે જ કૅપેટ કદી ન ખાતા.' 'કૅપેટ તો બહુ સારી ચીજ છે.' 'તમારે માટે સારી ચીજ નથી.' 'પણ એટલા પૈસામાં એનાથી પેટ ભરાય તેવું બીજી કશાથી ન ભરાય.' 'પણ તમને તો કૅપેટ ખાવા બદલ ઉપરથી પૈસા મળે તોપણ હવે ન ખાતા; નહીં તો બહુ મોંઘી પડી જશે,—છ મહિનામાં તો તમે ખતમ થઈ જશો.' પેલો દરદી દાક્તરના મોં સામું થોડી વાર જોઈ રહ્યો, પછી બોલ્યો, 'દાક્તર, તમને ખાતરી છે કે કૅપેટ ખાવાથી હું છ મહિનામાં ખતમ થઈ જઈશ?' 'જો હું ખોટો પડું તો મારે દાક્તરીથી હાથ ધોઈ નાખવા.' 'જો રોજ રાતના ચાર કૅપેટ ખાવાથી હું છ મહિનામાં મરી જાઉં, તો એકી સાથે હું કેટલી ખાઉં તો તરત જ મરી જાઉં?' 'એ તો મને ખબર નથી.' 'પણ અર્ધા ક્રાઉનની (અઠી શિલિંગની) લઈને એકી સાથે ખાઉં તો મરી જ જાઉંને?' 'જરૂર!' 'તો ત્રણ શિલિંગની એકીસાથે ખાઉં તો તો ખસૂસ જ મરી જાઉંને?' 'ચોક્કસ!'

"બીજે જ દિવસે સવારે તેણે ત્રણ શિલિંગની કૅપેટ મંગાવી, અને બધી જ ટોસ્ટ કરીને તે ખાઈ ગયો. ત્યારબાદ બંદૂકની ગોળી લમણામાં મારીને મરી ગયો."

"શા માટે ભલા?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"પોતાના સિદ્ધાંતને પુરવાર કરવા ખાતર કે, પોતે કૅપેટ ખાધાથી મરી નથી ગયો, પણ બંદૂકની ગોળીથી જ મરી ગયો છે!"

વાતોમાં વખત ચાલ્યો ગયો. પછી મિ૦ પિકવિકે સૅમને એક મોચીની ઓરડીમાં સૂવાની જગા ભાડે અપાવરાવી, અને રોકર પાસેથી પથારી ભાડે અપાવી. એ પથારી ઉપર સૅમ જ્યારે સૂઈ ગયો ત્યારે એટલી નિરાંતથી ઊંઘવા લાગ્યો કે જાણે ત્રણ પેઢીથી તે એ જેલનો જ રહેવાસી હોય.

## ૨

બીજી સવારે મિ૦ પિકવિક નાસ્તો કરવા બેઠા હતા અને સૅમ તેમના જોડા વગેરે સાફ કરતો હતો, તેવામાં મિ૦ ટપમન, મિ૦ વિંકલ અને મિ૦ સ્નોડગ્રાસ તેમને મળવા ત્યાં આવી પહોંચ્યા.

મિ૦ પિકવિકે ત્રણે જણ સાથે વારાફરતી હાથ મિલાવી તેમને હાર્દિક આવકાર આપ્યો. ત્રણે જણ આંખે રૂમાલ દાબવા લાગ્યા.

"ગૂડ મૉર્નિંગ, સદ્‌ગૃહસ્થો," સૅમે તે જ ઘડીએ સાફ કરેલા જોડાઓ સાથે કમરામાં પ્રવેશ કરતાં કહ્યું; "અને શોક જલદી દૂર કરો; જેમ પોતાની મહેતી મરી ગઈ ત્યારે નાના છોકરાએ કહ્યું હતું તેમ."

મિ૦ પિકવિકે તરત સૅમના માથા ઉપર ટપાકો મારીને કહ્યું, "આ મૂરખ મારી નજીક રહી શકાય તે માટે કેદ પકડાઈને આવ્યો છે, જાણો છો?"

"શું?" ત્રણે મિત્રો બોલી ઊઠ્યા.

"હા, સદ્‌ગૃહસ્થો; હું કેદી છું; બંધ-બારણે છું, જેમ સુવાવડી બાઈએ કહ્યું હતું તેમ."

"કેદી?" મિ૦ વિંકલ લગભગ અડબડિયું ખાતા બોલી ઊઠ્યા.

"શું થયું, સાહેબ? શી વાત છે?" સૅમે પૂછ્યું.

"મેં એવી આશા રાખી હતી,—પણ કંઈ નહીં, કંઈ નહીં." મિ૦ વિંકલ ઉતાવળે બોલવા ગયા અને એટલા જ ઉતાવળે અધવચ્ચ થોભી ગયા.

મિ૦ પિકવિકે મિ૦ વિંકલના ગાભરાપણાના ખુલાસા માટે બીજા બે મિત્રો તરફ જોયું.

"અમને કશી ખબર નથી," મિ૦ ટપમને જવાબ આપ્યો; "પણ બે દિવસથી મિ૦ વિંકલ બહુ ઉશ્કેરાયેલા રહે છે, અને તેમની વર્તણૂક બહુ બદલાઈ ગઈ છે. કંઈક અવનવું બન્યું હોય કે બનવાનું હોય એમ લાગે છે; પણ પૂછીએ છીએ ત્યારે 'કશું નથી' એમ જ કહ્યા કરે છે."

મિ૦ પિકવિકે હવે સીધું મિ૦ વિંકલને જ પૂછ્યું. પણ તેમણે એટલો જ જવાબ આપ્યો, "હું ખાતરીથી કહું છું કે, કંઈ જ નથી. માત્ર મારે થોડા વખત માટે અંગત કામસર શહેર છોડી બહારગામ જવું પડે તેવું છે; અને હું સેમને મારી સાથે લઈ જવા માગતો હતો, એટલું જ."

સેમના હાથ તે વખતે અચાનક મૂજી ઊઠ્યા. મિ૦ પિકવિકે તે જોઈ સેમને તે કંઈ જાણતો હોય તો કહી દેવા જણાવ્યું. પણ તેણે કશું જાણતો હોવાની ખાતરીપૂર્વક ના પાડી. તેણે માત્ર એટલું જ કહ્યું કે, "હું કંઈક કલ્પના કરી શકું છું. પણ બીજાની બાબતોમાં એવી ખોટી ખોટી કલ્પનાઓ કરવાનો અને કહી બતાવવાનો મારો ધરમ નથી."

મિ૦ પિકવિકે એ બાબતની ચોળાચોળ હવે બંધ કરાવી, અને મિત્રોના સત્કારમાં ખાવા-પીવાનું મંગાવ્યું.

છેવટે જ્યારે સૌ ઊઠીને જવા તૈયાર થયા, ત્યારે મિ૦ વિંકલે અચાનક પાછા ફરીને મિ૦ પિકવિકનો હાથ પકડીને કહ્યું, "મારા મિત્ર, મારા હિતેચ્છુ, મારા માનવંત સાથી, મારા વિષે કંઈક ભૂંડી વાત સાંભળો તો મારે વિષે કશો ઉતાવળો નિર્ણય ન બાંધી લેતા. પરંતુ એટલું જ જાણી રાખજો કે, છેક છેવટની હદે પહોંચ્યો હોઈશ ત્યારે જ –"

"પણ શું છે? ભાઈ, શું છે? મને કહો તો ખરા," મિ૦ પિકવિકે પૂછ્યું.

"કંઈ નથી, કંઈ જ નથી; ઠીક ત્યારે આવજો," એમ કહી મિ૦ વિંકલ, મિ૦ ટપમને ઉતાવળ કરવા બહારથી પાડેલી બૂમના જવાબમાં વિદાય થયા.

તરત સેમે બારણા બહાર નીકળી મિ૦ વિંકલના કાનમાં કંઈક ગુસપુસ કરી લીધી.

"ખાતરી રાખજો, દોસ્ત, મારા ઉપર વિશ્વાસ રાખજો," મિ૦ વિંકલે જવાબમાં જરા મોટેથી કહ્યું.

"તમે ભૂલી તો નહિ જાઓને?"

"ના, ના. કદી નહિ."

"તમને ખુશનસીબ વાંછું છું; હું પણ તમારી સાથે જરૂર આવ્યો હોત; પણ કહે છે ને કે, સમા આગળ શાણપણ કામનું નહિ."

"ના, ના, ભાઈ; તું તારી જાતે અહીં રહેવા તૈયાર થયો છે, એ તારી લાયકાત જ છે." મિ૦ વિંકલ એટલું બોલતા બોલતા વિદાય થઈ ગયા.

તે જ વખતે રોકરે આવીને મિ૦ પિકવિકને ખબર આપી કે, તેમને આ ઓરડી બદલી આપનારા ચાન્સરી-કેદીની હાલત ગંભીર છે, અને તેને અલગ ખસેડવામાં આવ્યો છે.

મિ૦ પિકવિકના વિશેષ પ્રશ્નના જવાબમાં તેણે જણાવ્યું કે, છ મહિનાથી તેનો ક્ષયરોગ વધી રહ્યો હતો, અને ડાકટરે તેને સારી હવામાં ખસેડવાની સલાહ આપી હતી. પણ જ્યાં બાવાના જ સાંસા, ત્યાં ચોખ્ખી હવામાં જવાનું કલ્પવાનું જ શાનું હોય?"

અને વીસ વર્ષ આ જેલમાં સડ્યા બાદ, તથા દરમ્યાન પોતાનું એકનું એક બાળક મરી ગયું તે વખતે પણ તેને મળવા પામ્યો ન હતો એ શોકથી હિજરાતો એ માણસ તે દિવસે છેવટે જેલનિવાસમાંથી કાયમની મુક્તિ પામ્યો.

## ૪૪

# સેંમને ધર્મોપદેશ

સેંમ એક વખત જરા આરામથી, હાથમાં પ્રવાહી ભરેલો પ્યાલો રાખી તેમાંથી ટેસથી પીતો, જૂનું છાપું હાથમાં ફેરવતો બેઠો હતો, તેવામાં તેને બહારના મુલાકાતીનું તેડું આવ્યું.

તેના પિતાશ્રી જ તેને મળવા આવ્યા હતા. સેંમને જોઈ તે આંખો મિચકારી હસવા લાગ્યા, અને હસવાનો અવાજ મોંમાં ને પેટમાં જ ભરી રાખવા જતાં શરીરે અનેક જગાએથી ફાટી પડવાની સ્થિતિએ જઈ પહોંચ્યા.

સેંમે તરત તેમને પૂછ્યું, "અરે બુઢ્ઢે, અહીં આવીને આમ ફાટી પડવાની શી જરૂર છે, વારુ?"

"સેંમી, દીકરા, બોલ જોઉં, અહીં મારી સાથે કોણ આવ્યું હશે?"

"વકીલ પેલ?"

ડોસા વેલરે ડોકું હલાવ્યું. પછી મહાપરાણે થોભીને તે બોલ્યા, "તારી નવી મા આવી છે, અને પેલો લાલ નાકવાળો પાદરી! તને શિખામણ આપવા આવ્યાં છે!" એટલું કહી આ વખતે તો તે હો-હો-હો કરતા હસી જ પડ્યા. પણ પછી ધીમેથી સેંમના કાન પાસે મોં લઈ જઈને બોલ્યા, "જોજે પૈસા ધીરનારનું નામ તે લોકો આગળ બોલી ન બેસતો."

"તેઓ ક્યાં બેઠાં છે?"

"અરે વાહ, આરામ-ઘરમાં; એ લાલ નાકવાળો જ્યાં દારૂ ન હોય, ત્યાં હોય જ નહિ. આજે આપણા કાળરંગીતરાને ડમણી-ગાડીમાં

જોડીને, તેમાં એક ખુરશી મૂકીને તેના ઉપર તેને બેસાડીને લાવ્યો છું. પણ જ્યાં જ્યાં રસ્તાના વળાંક આવ્યા, ત્યાં મેં ગાડી એવી ચલાવી છે કે, બે-ચાર વખત એનું લાલ નાક, અને ખુરસી સાથે એ આખો પોતે,–રસ્તા ઉપર જ ઊલળી પડવાનાં થયાં હતાં.” એટલું કહી એ ડોસો પાછો ખડખડાટ હસવા માંડ્યો.

“ડોસા ફગફગ હસી પડવાની તમારી આ ટેવ સારી નથી.”

“સારી નથી ખરું? વાત ખરી છે. પણ જો મને આમ હસવાની ટેવ ન હોત, તો તારી માનો ગુસ્સાભર્યા શબ્દો બોલવાનો કેટલોય શ્વાસ બચી ગયો હોત. પણ મને કોણ જાણે હસવાનો રોગ જ થઈ ગયો લાગે છે. અને કોઈક વખત હું હસી હસીને જ મરી જવાનો છું.”

તે બંને જણા હવે જે કમરામાં પેલાં બે બેઠાં હતાં ત્યાં આવી પહોંચ્યા.

સેંમે ત્યાં પહોંચી, માને અને પેલા પાદરીને વંદન કર્યાં.

“હેં સેંમ્યુએલ, આ જગા તો બહુ ભૂંડી કહેવાય.” મિસિસ વેલરે કહ્યું.

“ના, ના, એવું કંઈ નથી; એવું ખાસ છે કંઈ, પાદરી બાવા?”

જવાબમાં મિ૦ સ્ટિગિન્સે હાથ ઊંચા કર્યા અને સાથે જ આંખો ઊંચી કરી, જેથી ઘોળો ભાગ અરે પીળો ભાગ જ બહાર દેખાતો રહ્યો.

“મા, આમને શું થઈ ગયું? તે કંઈ બીમાર છે?”

“તને અહીં જોઈને એ ભલા માણસને પારાવાર દુઃખ થાય છે, સેંમ્યુએલ.”

“મેં તો જાણ્યું કે, આજે કાકડી ખાતી વખતે જોડે પીપર લેવાનું ભૂલી ગયા હશે, એટલે તેમની આંખો ચડી ગઈ છે. તો સાહેબ, હવે નીચે ઠરતા થાઓ; રાજાએ પોતાના મિનિસ્ટરોને દારૂગોળાથી ઊંચે ઉડાડી દીધા પછી કહ્યું હતું તેમ, નીચે ઠરતા થવા માટે એક્સ્ટ્રા ચાર્જ નથી.”

"જુવાનિયા, તું જેલ-નિવાસથી જરાય નરમ પડયો લાગતો નથી," સ્ટિગિન્સે કહ્યું.

"માફ કરજો, સાહેબ, આપે હમણાં મહેરબાની કરીને શું સંભળાવ્યું?"

"મને ડર છે કે, આ સજા મળવાથી તું જરાય નરમ પડયો નથી."

"હું સ્વભાવે નરમ નથી, એ તમે દર્શાવેલા અભિપ્રાયથી હું તમારો બહુ આભારી છું, સાહેબ."

આ ઘડીએ દૂર ખૂણામાં બેઠેલા વેલર ડોસાના પેટમાંથી ખડખડાટ હસવાનો અવાજ દબાવી રાખ્યો હોય એવો અવાજ આવતો સંભળાયો.

તરત મિસિસ વેલર તાડૂકી ઊઠયાં, "વેલર, વેલર! અહીં આવો જોઉં."

"બહુ આભાર, મીઠડી; પણ હું અહીં જ બહુ સગવડમાં છું."

એ જવાબથી તરત જ મિસિસ વેલર ફૂટી ફૂટીને રડવા લાગી.

"શું થયું? શું થયું, મમ?" સેમે પૂછયું.

"ઓ સેમ્યુએલ, તારા બાપુથી હવે હું ત્રાસી ગઈ છું. કશાથી એ નહિ સુધરે?"

"એ ડોસા, લેડી પૂછે છે કે તમે કશાથી જરા પણ સુધરવાના છો કે નહીં?"

"મિસિસ વેલરની વિનયભરી પૂછપરછ માટે આભારી છું, સેમી. તું મને અહીં ચુંગી ભરાવી આપે, તો મને ઘણો ફાયદો થાય ખરો. અહીં એવી સગવડ મળી શકશે?"

મિસિસ વેલરે વધુ આંસુ રેલાવ્યાં અને મિ૦ સ્ટિગિન્સે ગળામાંથી રૂંધામણનો અવાજ કાઢવા માંડયો.

"અરે આ કમનસીબ સદ્‌ગૃહસ્થ પાછા બીમાર થઈ ગયા કે શું? તમને કયાં તકલીફ છે, સાહેબ?"

"રુદિયામાં જ, જુવાનડા, રુદિયામાં જ બધી તકલીફ ભેગી થઈ ગઈ છે," સ્ટિગિન્સે ગળામાંથી અવાજ બહાર કાઢ્યો.

સહાનુભૂતિમાં મિસિસ વેલરે પણ ડૂસકાં ભરતાં ભરતાં જણાવ્યું, "એ પુરુષ તો સંત છે; દુનિયાના લોકોનાં પાપ જોઈ તેમનું હૃદય આગથી સળગી ઊઠે છે."

"મા, મને તો આ મહાપુરુષ અહીંનું બધું દુઃખ અને પાપ જોઈને તરસ્યા થઈ ગયા લાગે છે."

એ ભલી બાઈએ જવાબ માટે મિ૦ સ્ટિગિન્સ તરફ જોયું. પણ સ્ટિગિન્સે આંખો ચકળવકળ કરતાં કરતાં, પોતાના ગળાને જમણા હાથે દાબ્યું અને કંઈક ગળતા હોય એવી ચેષ્ટા કરી, એટલે સેમ સમજી ગયો કે, તેઓશ્રી તરસ્યા થયા જ છે.

મિસિસ વેલરે હવે દિલગીરીપૂર્વક જણાવ્યું કે, તેમની લાગણી-વશતાનું એ પરિણામ છે.

"તમારો માનીતો પ્યાલો કયો છે?" સેમે પૂછ્યું.

"બધા પ્યાલા કેવળ મોહ છે."

મિસિસ વેલરે એ મહા સત્યના ટેકામાં સંમતિદર્શક માથું હલાવ્યું.

"હા, સાહેબ, પણ એ બધા મોહમાંથી તમારો ખાસ મોહ શો છે?"

"મને તો એ બધા જ પ્રત્યે તિરસ્કાર જ છે; પરંતુ જો કોઈ એક પ્રત્યે ઓછો તિરસ્કાર હોય તો તે 'રમ' કહેવાતા પ્રવાહી પ્રત્યે. ટંબલર દીઠ ખાંડનાં ત્રણ ઢેફાં બસ થશે."

"પણ એ ચીજ આ સંસ્થામાં વેચવા દેવામાં આવતી નથી, એટલો જ વાંધો છે." સેમે જણાવ્યું.

"લ્યાનત હજો, આ પાપી-કઠોર સ્થાન ઉપર! અરેરે, આ પામર મનુષ્યોની હૃદયહીનતા તો જુઓ આવી અમાનવતા પોતાના

માનવબંધુઓ પ્રત્યે દાખવવી એ કેવળ ઈશ્વરી શાપને પાત્ર થવા બરાબર છે.”

એટલું કહી તેઓશ્રીએ પોતાની છત્રી પોતાની છાતી ઉપર એવા જોરથી પછાડી કે, તેમનો ગુસ્સો અને ધૂણા તદ્દન સાચાં હતાં એ સમજાઈ ગયા વિના ન રહ્યું.

છેવટે થોડા પાણી સાથે, ગરમ મસાલા અને ખાંડવાળો પોર્ટ-વાઈન મળશે તો ચાલશે, એવું નિરાકરણ આવતાં, તે તૈયાર કરવાનો ઑર્ડર આપવામાં આવ્યો.

દરમ્યાન ડોસા વેલરે સૅમ પ્રત્યે જોઈને કહ્યું, “બેટા સૅમી, આ મુલાકાતથી અને આ વાતચીતથી તને ઘણા ઘણા ફાયદા થશે અને આનંદ થશે, એ વધારામાં.”

સૅમે ડોસાને ચૂપ રહેવા છાંછિયું કર્યું. પણ ડોસાએ મિ૦ સ્ટિગિન્સની પાછળ, તેમના માથાનો મુક્કા મારી મારી ચૂરો કરતા હોય તેવી ચેષ્ટાઓ કોઈ ન જુએ તેમ કરી લીધી, ત્યારે જ તેમને કંઈક શાંતિ થઈ.

પેલું ગરમાગરમ પ્રવાહી આવ્યા પછી, મિ૦ સ્ટિગિન્સે પ્રથમ તેને ચાખી જોયું, પછી જીભ હોઠ ઉપર ફેરવી એ પ્રવાહી માટે સંતોષ જાહેર કર્યો અને પછી એક શ્વાસે આખો પ્યાલો ખાલી કરી ફરી ભરી આપવા માટે આગળ ધર્યો.

મિસિસ વેલર પણ એ બાબતમાં પાછળ ન રહ્યાં. શરૂઆત તો તેમણે એમ કહીને કરી કે, તે પોતે તો એવી ચીજોના એક ટીપાને પણ અડકતાં નથી. પણ પછી એક ટીપું, એક ઘૂંટડો, એક ગ્લાસ, બે ગ્લાસ એમ કામ આગળ ચલાવ્યું.

જ્યારે પી પીને મિ૦ સ્ટિગિન્સ થોડા ‘પીધેલ’ બન્યા, ત્યારે તેમણે ઊભા થઈ આંખો ઉઘાડ-વાસ કરતાં કરતાં સૅમને માટે ગમે તે દિશામાં ફરતાં ફરતાં ઉપદેશ આપવા માંડ્યો,—જાણે ચારે તરફ શ્રોતા-જનો વીંટળાઈને બેઠા હોય. તેમણે સૅમને આ નરકમાં પડ્યા પછી

પણ સાવચેત રહેવા આગ્રહ કર્યો, અને હૃદયનું ઘમંડ અને દંભનો ત્યાગ કરવા ભલામણ કરી. છેવટે પોતાના જેવા માણસોના દાખલાને ધ્રુવ-તારક તરીકે સ્વીકારી, આ વિષમ સંસારમાંથી હેમખેમ નીકળવાનો એ જ એકમાત્ર માર્ગ છે, એમ કહી, તેમણે પોતાનું લાંબું વ્યાખ્યાન પૂરું કર્યું.

પણ પછી કંઈક યાદ આવવાથી તેમણે દારૂના વ્યસનનો સદંતર ત્યાગ કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો. અને જ્ઞાન-જ્યોત જેમના અંતરમાં જળહળી રહી હોય, તેવા લોકો તે વસ્તુ આવશ્યકતા પડે ત્યારે થોડી ઘણી ભલે પી લે, પણ તેથી કરીને અજ્ઞાન અંધકારમાં સબડતા સેંમ જેવા પામર લોકોએ એ વસ્તુ પીવી એ તો આત્મનાશ નોતરવા બરાબર છે, એવી ગંભીર ચેતવણી આપી. પછી વધુ વખત ટટાર ઊભા રહેવું અશક્ય થઈ જતાં, લથડિયું ખાઈ, તેમણે ખુરશીની પીઠ પકડી લીધી અને પછી એક આંખ મીંચી બીજી આંખ ખૂબ મટમટાવ્યા કરી. અર્થાત્ તે પછીની જે ઉપદેશ-ધારા તેમના મગજમાં ઊભરાતી હતી, તે બધી તેમણે પોતાના અંતરમાં જ સમાવી રાખી.

મિસિસ વેલર તો મિ૦ સ્ટિગિન્સના શબ્દે શબ્દે આંખો રેલાવતાં જ રહ્યાં, તથા ઉપદેશ પૂરો થતાં બોલ્યાં, "તું આ ઉપદેશથી બહુ લાભ ઉઠાવીશ, એવી હું આશા રાખું છું, સેંમ્યુએલ."

સેંમે જવાબ આપ્યો, "મને પણ લાગે છે કે, જરૂર લાભ થશે."

"તારા બાપુને પણ એથી લાભ થશે, એવી આશા રાખું છું."

"આભાર, આભાર, મીઠડી; પણ એ ઉપદેશ બાદ તારી પોતાની તબિયત કેવી રહી છે, એ તો કહે."

"ધત્ અવિશ્વાસુ, નાસ્તિક," મિસિસ વેલર તડૂકયાં.

"છેક જ અંધકારની ગર્તામાં સપડાયેલો," મિ૦ સ્ટિગિન્સ વદ્યા.

પછી વિદાય લેતી વખતે ડોસા વેલરે સેંમને બાજુએ બોલાવીને કહ્યું, "સેંમી, પિયાનર, પિયાનર અજમાવી જો."

"ડોસા, સમજાય તેવું તો બોલો; તમને પણ ધર્મોપદેશકની જેમ જ્ઞાન-પ્રકાશ લાધ્યો હોય તેમ પોતાની જાતને જ સંભળાવવા શું લવ્યા કરો છો?"

"બેટા સૅમી, મેં અને મારા એક ભાઈબંધ પિયાનર બનાવનારાએ એક યુક્તિ વિચારી કાઢી છે: તારા ગવંડર એક પિયાનર ભાડે મંગાવે, અને તેય મારા ભાઈબંધની દુકાનેથી. તેની અંદરની બધી મશીનરી કાઢી નાખેલી હશે. પછી તારા ગવંડર એ પિયાનામાં બૂટ-હૅટ સમેત બેસી જાય, એટલે તું પછી એ પિયાનર ખરાબ છે, વાગતો નથી એમ કહીને પાછો મોકલી દેજે. પછી તેમને માટે અમેરિકરનો પૅસેજ કઢાવી રાખીશું એટલે તરત તે અમેરિકર ભેગા થઈ જશે, અને એવા પૈસાપાત્ર માણસને અમેરિકર સરકાર પાછા નહિ જ કાઢી મૂકે. પછી જ્યારે મિસિસ બાર્ડેલ મરી જાય કે મિ૦ ડોડસન અને ફૉગને ફાંસીએ ચડાવવામાં આવે (અને મને ખાતરી છે કે, એ બદમાશો થોડા દિવસમાં ફાંસીએ ચડવાના જ છે) ત્યારે નિરાંતે તારા ગવંડર અમેરિકરથી પાછા આવે અને અમેરિકરના અનુભવો વિષે એક મજાની ચોપડી લખી નાખે, તો ત્યાં જવા-આવવાનું ખરચ પણ મળી રહેશે. બોલ, આ યોજના કેવી રવાલબંધ છે?"

આટલું કહી ડોસો તરત ત્યાંથી ચાલતો થયો.

# ૪૫

# સૅમ નવાઇભર્યું દૃશ્ય જુએ છે

આપે કહેલી મિ૰ પિકવિકને જેલમાંથી ભગાડવાની 'પિયાનર' (પિયાનો વાજામાં પેસીને નાસી છૂટવાની) યુક્તિ સાંભળ્યા પછી સૅમ હજુ પોતાની પહેલાંની સ્વસ્થતા પ્રાપ્ત કરે, તે પહેલાં જ મિ૰ પિકવિકે સૅમને જેલમાં 'ફરવા' માટે જવા સાથે લીધો.

થોડેક આગળ જતાં જ જિંગલ સામે આવીને ઊભો રહ્યો. આજે તેની સ્થિતિ કંઈક સારી દેખાતી હતી; કપડાં બદલાયાં હતાં અને હજામત પણ કરાવેલી હતી. છતાં તે બહુ જ નબળો તથા દૂબળો પડી ગયેલો દેખાતો હતો. બીમારી તથા તંગીએ તેના શરીરને અને તેની અક્કડતા તથા ધીટતાને સમૂળગાં તોડી નાખ્યાં હતાં. મિ૰ પિકવિકને જોઈને તેણે તરત ટોપો હાથમાં લઈ સલામ કરી અને સૅમને જોઈ તરત શરમિંદા બની મોં ફેરવી લીધું.

જિંગલની પાછળ પાછળ જ જૅબ ટ્રોટર આવતો હતો. તેના દુર્ગુણોની યાદીમાં બીજી ગમે તેટલી ભીડ હશે, પણ પોતાના મિત્ર અને સાથીમાં શ્રદ્ધા તથા આસક્તિનો અભાવ શોધ્યાં જડે તેમ નહોતાં. તેની સ્થિતિ તો હજુય ચીંથરેહાલ તથા કંગાળ જ હતી. મિ૰ પિકવિકની તરફ જોઈ તેણે પણ નમ્રતાથી નમન કર્યું અને ભૂખમરામાંથી બચાવી લીધા બદલ તેમનો કંઈક ધીમેથી ગણગણી આભાર માનવા પ્રયત્ન કર્યો.

મિ૰ પિકવિકે તરત જ તેને વચ્ચેથી જ રોકી, સૅમ સાથે પાછળ પાછળ આવવા કહ્યું, અને જિંગલને કંઈક 'વાત' કરવા આગળ લીધો.

જિંગલથી જરાય ઉતાવળે ડગ ભરી શકાતું નહોતું તથા તે લથડિયાં ખાતો હતો. મિ૦ પિકવિકે તેને પોતાના હાથનો ટેકો લઈ ચાલવા કહ્યું, પણ જિંગલથી તે હિંમત થઈ શકી જ નહિ. તેણે પોતાના આશ્રયદાતાના શરીર તરફ એવી બેઅદબી દાખવવા ધસીને ના પાડી. મિ૦ પિકવિકે તરત તેનો હાથ પોતાની બગલમાં જોરથી ખેંચીને દબાવી લીધો અને આગળ વધવા માંડયું.

સૅમ જોબના મોં તરફ તથા જિંગલના મોં તરફ આભો બની જોઈ રહ્યો. જોબ તેની નવાઈ જોઈને ધીમેથી ગણગણ્યો, "મારે વિષે શંકા ન રાખશો, હું હવે બદલાઈ ગયો છું."

"હા, હા; જેમ કાઉનનું પરચૂરણ માગનારા સદ્‌ગૃહસ્થને બે શંકા પડતા શિલિંગ અને છ પેન્સ મળ્યા ત્યારે તેણે કહ્યું હતું તેમ, આ ફેરબદલો સારો થયો લાગતો નથી."

"ના, ના, મિ૦ વેલર, હવે આ બધું સાચા દિલનું છે. આંસુ તો ખોટાં લાવી શકાય; પરંતુ આ બધું ખોટેખોટું લાવી શકાય ખરું?" —એમ કહી તેણે બાંયો ચડાવીને પોતાનો સોટી જેવો પાતળો થઈ ગયેલો હાથ બતાવ્યો. તેના ઉપર સ્નાયુનું એટલું ઓછું પડ રહેલું હતું તથા તે એવો બરડ થઈ ગયેલો લાગતો હતો કે, જાણે સહેજ અડકતાંય ભાગી જશે.

સૅમને એ બદમાશ તરફ પહેલી જ વાર સાચી દયા આવી. [illegible], "આ શું કરી નાખ્યું?"

"કશું નહિ. કેટલાય વખતથી કશું જ કર્યું નથી, અને ઓછામાં ઓછું ખાધું-પીધું છે, એટલું જ."

સૅમ તેના મોં સામું જોઈ રહી તરત તેનો હાથ ખેંચી તેને ઘસડતો દોડવા લાગ્યો.

બચારો નવાઈ પામી પૂછવા લાગ્યો, "મને કયાં લઈ જાઓ છો? મને શું કરવા માગો છો, મિ૦ વેલર? દયા લાવો, મહેરબાની કરો, હવે પહેલાંની વાતો યાદ ન રાખો!"

"બોલ્યા વિના મારી પાછળ પાછળ આવ, નહીં તો તારી ખેર નથી." એમ કહી સૅમ તેને પાન-ગૃહ તરફ દોરી ગયો. અને ત્યાં લઈ જઈ તેને એક ગરમાગરમ પીણાનો પ્યાલો ભરાવી એક શ્વાસે પિવરાવી દીધો અને કહ્યું, "જો એક ટીપું પણ રહેવા દીધું છે તો આવી બન્યું; ખાલી કરીને ઊંધો કરી બતાવ."

જૅબે બિચારાએ આખો પ્યાલો ખાલી કરી, ઊંધો નમાવી બતાવ્યો. અંદરથી એક ટીપું પણ પડ્યું નહિ.

જૅબના મોં ઉપર થોડીક તૃપ્તિની આભા જોઈ સૅમ પ્રસન્ન થયો. પછી તેને કંઈક ખાવાનો વિચાર છે કે નહિ તે પૂછ્યું.

"ભલું થજો, તમારા ગવર્નરનું કે, અમને હવે ખાવાનું તો મળી રહે છે," જૅબે આંખમાં પાણી સાથે કહ્યું; "તે પહેલાં તો કેટલે દિવસે મોં હલાવવા પામતા તે હું જાણું છું."

"હેં, મારા માલિક તમને લોકોને ખાવાનું પૂરું પાડે છે?"

"હા સાહેબ; તેથી પણ વધારે; મારા માલિકની તબિયત બહુ બગડી ગઈ હતી, એટલે હવે પૈસા ખર્ચી, તેમણે કંઈક રહેવાય સુવાય તેવી ઓરડી પણ મેળવી આપી છે. એટલું જ નહિ, કોઈ જાણે નહિ તેમ રાતે તે તેમને જોવા અને ખબર કાઢવા પણ આવે છે. મને તો તેમના પગની ધૂળ માથે ચડાવવાનું મન થઈ જાય છે. એવા માણસની સેવા-ચાકરી કરતાં જાન જાય તો પણ ઓછો ઓછો."

સૅમે તરત જ જૅબને જોરથી પકડીને ખૂબ હલાવ્યો અને કહ્યું, "અલ્યા એય, મારા માલિકની સેવા-ચાકરી કરવાની વાત હું જીવતો છું ત્યાં લગી રહેવા દે. મારા સિવાય મારા માલિકનો નોકર કોઈ નહિ થઈ શકે, સમજ્યો? પણ તેં એ સારો વિચાર દર્શાવ્યો તે બદલ તને એક ગુપ્ત વાત હું કહી દઉં છું; અને તે એ કે, મારા માલિક જેવો ચશ્માં પહેરેલો અને ટાઈટ અને ગેઇટર પહેરનારો બીજો દેવદૂત આ પૃથ્વી ઉપર મને કોઈ બતાવે, તો તેની સાથે લડી લેવા હું તૈયાર છું."

આટલી વાતચીત પછી, બંને જણ, મિ૦ પિકવિક જિંગલને કંઈક કહેતા હતા ત્યાં જઈ પહોંચ્યા.

" તો તમારી તબિયત સારી થાય ત્યારે; ઉતાવળ નથી; પણ બધો હિસાબ માંડી કુલ સરવાળો કાઢી જોજો, અને પછી મારી સાથે વાત કરજો. અત્યારે હવે તમારી ઓરડીએ જાઓ; તમને જરા વધારે પડતા થકવ્યા છે."

મિ૦ આલ્ફ્રેડ જિંગલે કશો જવાબ આપ્યા વિના મિ૦ પિકવિક સામે વધારે પડતું નીચું નમન કરી ચાલવા માંડયું. સેમ નવાઈ પામીને જોઈ રહ્યો કે જિંગલ જેનું નામ, તે માણસ, ચોધાર આંસુએ રડતો હતો.

## ૪૬

## મિસિસ બાર્ડેલ આફતમાં

### ૧

જુલાઈ મહિનો પૂરો થવા આવ્યો હતો, એ અરસામાં ગોસ્વેલ-રોની તરફ એક ઘોડાગાડી વેગે ધસી રહી હતી. મિસિસ બાર્ડેલનું મકાન આવતાં તે ગાડી ત્યાં થોભી, અને તેમાંથી ડોડસન એન્ડ ફોગનો ગુમાસ્તો જેકસન નીચે ઊતર્યો. પછી પૂછપરછથી મિસિસ બાર્ડેલને એક મિજબાનીમાં ગયેલાં જાણી તે ત્યાં પહોંચી ગયો.

બાનુઓની જ મહેફિલ જામી હતી. જેકસનને જોઈ મિસિસ બાર્ડેલ રાજી થતી બોલી ઊઠી, " મિ૦ પિકવિકે નુકસાની ભરી દીધી કે શું ?"

" કે પછી મિસિસ બાર્ડેલ સાથે લગ્ન કરવાનું સ્વીકાર્યું કે શું ?" મિસિસ ક્લપિન્સ બોલી ઊઠી.

જેકસને જણાવ્યું, " મિસિસ બાર્ડેલ, તમે જરા મારી સાથે અમારી કચેરીએ ચાલશો ? તમારી જરૂર પડી છે. મેં એટલા માટે

ઘોડાગાડી બહાર ઊભી રખાવી છે. મુલતવી રખાય તેમ નથી; મિ૦ ડૉડસને મને ખાસ કહ્યું છે; અને ફ્રૅંગે પણ."

"કેવું વિચિત્ર?" મિસિસ બાર્ડેલે કહ્યું.

બધી પડોશણોએ જણાવ્યું કે, ખરેખર આ વાત તો વિચિત્ર જ કહેવી પડે; પરંતુ કશુંક અગત્યનું ન હોત તો ડૉડસન અને ફ્રૅંગે આમ તેડું મોકલ્યું જ ન હોત; અને અગત્યનું જ કામ હોય તો મિસિસ બાર્ડેલે તરત જ જવું જોઈએ, વળી!

પોતાના વકીલો આમ ભયંકર ઉતાવળ કરી પોતાને તેડાવે એ જાતની પોતાની અગત્ય વિષે સૌ પડોશણો સમક્ષ મિસિસ બાર્ડેલ ગર્વ અનુભવવા લાગ્યાં. સૌ બાઈઓએ મિ૦ જૅક્સન ઉતાવળ કરતા હોવા છતાં તેમને કંઈક પીવા આગ્રહ કર્યો. મિ૦ જૅક્સને કહ્યું, "મારે ઉતાવળ છે; તેમ જ મારી સાથે બીજો એક મિત્ર ગાડીમાં આવેલો છે."

"તો તેને પણ બોલાવો," સૌએ આગ્રહ કર્યો.

"પણ બાનુઓ સમક્ષ આવતાં તે જરા શરમાય છે." જૅક્સને કહ્યું.

"તો પછી તેને ગાડીમાં જ કંઈક મોકલીશું."

પીણાનું પત્યા પછી જૅક્સને ઉતાવળ કરાવી એટલે પછી મિસિસ સૅન્ડર્સ, મિસિસ કલપિન્સ અને મિસિસ બાર્ડેલનો સપૂત ટૉમી, એટલાં સાથે મિસિસ બાર્ડેલ ગાડીમાં બેસી ગઈ.

ગાડીમાં બેઠા પછી મિસિસ સૅન્ડર્સ વગેરે ઝોકાંઓ ચડ્યાં એટલે જૅક્સને મિસિસ બાર્ડેલને જણાવ્યું કે, "અમારા લોકોની ફીના પૈસાની કંઈક વાત છે."

"હા; ખરેખર મિ૦ પિકવિકે નુકસાની ન ભરી, એટલે તમારા લોકોની ફીના પૈસા મળ્યા નથી; અને તે બદલ હું પણ દિલગીર છું. પરંતુ તમે લોકોએ નુકસાની મળે ત્યારે તેમાંથી જ ફી લેવાનું પહેલેથી કબૂલ કરેલું છે ને?"

"પણ કેસ પત્યા પછી, તેમની ફીની રકમ બાબત તમે લેણા-ચિઠ્ઠી તેમને લખી આપી છે ને?"

"એ તો તે લોકોએ જ કહ્યું હતું તેમ માત્ર દેખાડ પૂરતું જ લખી આપવાનું હતું." મિસિસ બાર્ડલે ભારપૂર્વક જણાવ્યું.

"હા, હા; લેણા-ચિઠ્ઠી તો ઉઘરાણી કરતી વખતે દેખાડ કરવા માટે જ હોય ને!" જેકસન મનમાં ગણગણ્યો.

મિસિસ બાર્ડલ પણ ધીમે ધીમે ઊંઘે ચડી. પણ પછી ઘોડાગાડી થોભતાં તે જાગી ઊઠી અને પછી તો બધાં જ જાગી ઊઠ્યાં.

જે જગાએ તેમને ઉતારીને લઈ જવામાં આવ્યાં, તે કંઈ ડૉડસન અને ફૅોગની ઑફિસ ન હતી.

તરત જ મિસિસ બાર્ડલે થોભીને કહ્યું, "આ કઈ જગા છે?"

"એ પણ જાહેર કચેરી જ છે," જેકસને મિસિસ બાર્ડલને અંદર લઈને બીજી બાઈઓ પણ અંદર બરાબર આવે માટે પોતાના સાથીદારને સાવચેત કરતાં કહ્યું.

પછી તેઓને થોડાં પગથિયાં ઊતારી એક કમરામાં લઈ જવામાં આવ્યાં.

ત્યાં પહોંચ્યા પછી જેકસને કહ્યું કે, ડૉડસન અને ફૅોગ એવા ભલા માણસો છે કે, તેઓને પોતાની ફીની વસૂલાત માટે તમને સીધાં જેલ ભેગાં કરવાનો જ હક હોવા છતાં, તેઓએ તમારી લાગણીનો વિચાર કરી તમને આ રીતે અહીં આણ્યાં છે. આ ફ્લીટ જેલ છે, દેવાળિયાંઓને પૂરવા માટેની. તો આવજો, મિસિસ બાર્ડલે! ગૂડ-નાઈટ ટૉમી!"

એમ કહી જેકસન તેના સાથીદાર સાથે ચાલતો થયો. હવે ત્યાં ઊભેલો મોટી ચાવીવાળો એક માણસ આવી, મિસિસ બાર્ડલ વગેરેને વધુ થોડાં પગથિયાં ઉતારી એક બારણા તરફ ધકેલી ગયો. અંદર આંગણામાં મિ૦ પિકવિક હવા ખાવા ખુલ્લામાં ફરતા હતા. મિસિસ બાર્ડલે તેમને જોતાં જ ચીસ પાડી. મિ૦ પિકવિક તેને જોતાં

જ ધૂણાથી પાછા ફરી ગયા. પણ સેમ અને જૉબ ટ્રોટર ત્યાં ઊભા હતા, તે તરત આગળ આવ્યા. સેમે મજાકમાં મિસિસ બાર્ડેલને સલામ કરવા ટોપો ઊંચો કર્યો અને પેલા પહેરેગીરને પૂછ્યું, "આ બાઈ શા માટે અહીં આવી છે?"

"ડૉડસન અને ફૅોગે દાવાના ખર્ચ માટે લખાવી લીધેલી ચિઠ્ઠીની વસૂલાત ન થવાથી તેને જેલમાં પુરાવી છે."

સેમે તરત જ જૉબને કહ્યું, "આ તો કંઈક ફાયદાની વાત થઈ લાગે છે; તું જલદી જલદી પર્કરને બોલાવી લાવ, અને હું મારા ગવર્નરને જઈને વાત કરું."

## ૨

રાતે તો મિ૦ પર્કર આવી શકે તેમ ન હતું, એટલે બીજે દિવસે સવારે જ મિ૦ પર્કર પોતાના ગુમાસ્તા સાથે ફ્લીટ-જેલમાં આવી પહોંચ્યા. તેમને બધી ખબર મળી ગઈ હતી.

સેમે તરત મિ૦ પર્કરને દાખલ કરવા મિ૦ પિકવિકના કમરાનું બારણું ઉઘાડયું. મિ૦ પર્કરે સેમ તરફ અર્થપૂર્ણ નજર નાખીને ઇશારાથી જણાવી દીધું કે, તેં મને તેડવા મોકલ્યો હતો એ વાત હું મિ૦ પિકવિકને કહેવાનો નથી. તથા પછી તેને પાસે બોલાવી તેના કાનમાં વિશેષ કંઈક કહ્યું.

"સાચી વાત? ખરેખર?" સેમે અતિશય ચોંકીને પાછા ખસતાં કહ્યું.

પર્કરે જવાબમાં માથું ધુણાવ્યું તથા સ્મિત કર્યું. સેમે હવે મિ૦ પિકવિક સામું જોયું, પછી છત સામું જોયું અને પાછું પર્કર સામું જોયું, પછી પોતાનો ટોપો શેતરંજી ઉપરથી ઉપાડી વધુ ખુલાસા વિના બહાર ચાલતી પકડી.

મિ૦ પિકવિકે નવાઈ પામી, પર્કર સામું જોઈને પૂછ્યું, "શી વાત છે?"

"કંઈ નહીં, કંઈ નહીં; પણ મારા સાહેબ, જરા ખુરશી ટેબલ પાસે ખેંચીને બેસી જાઓ જોઉં; મારે ઘણી ઘણી વાતો તમને કહેવાની છે."

"આ શાનાં કાગળિયાં છે?" મિ૰ પિકવિકે પર્કરને કાગળોની નાની થોકડી કાઢતા જોઈને પૂછ્યું.

"'બાર્ડેલ અને પિકવિક'ના દાવાના કાગળો છે," પર્કરે દાંતથી ઉપરની દોરી તોડતાં કહ્યું.

મિ૰ પિકવિક એ સાંભળી તરત જ ખુરશીની પીઠ ઉપર અઢેલીને અદબવાળી બેસી ગયા. જાણે એ બાબત સાથે તેમને કશી નિસબત ન હોય.

"તમે એ દાવાનું નામ પણ સાંભળવા રાજી નથી, કેમ?"

"ના, હરગિજ નહિ."

"તો તો ખરેખર હું દિલગીર છું; પરંતુ મારે એ અંગે જ વાત કરવાની છે."

"પણ પર્કર, એ બાબત વિષે મારી આગળ કશી વાત તમારે કદી કાઢવી નહિ, એવી મારી ભલામણ છે."

"જાઓ, જાઓ, મારા સાહેબ, એ બાબત વિષે પણ વાત તો કાઢવી જ પડે; અને એ માટે તો હું ખાસ આવ્યો છું."

"તમારી જૂની જ વાત હશે; પણ હું એ બાબતમાં અડગ છું, એ જાણી લો."

"ના, ના, સાહેબ, આ જરા જુદી વાત છે; જરા સાંભળો તો ખરા. મિસિસ બાર્ડેલ કે જે આ દાવાનાં ફરિયાદી હતાં, તે હવે આ જેલખાનામાં પધાર્યાં છે."

"મેં હમણાં જ તેમને જોયાં."

"તો તે શા માટે આવ્યાં છે, એ પણ જાણતા હશો?"

"સૅમે મને તે અંગે હમણાં જ કંઈક કહ્યું."

"તો સવાલ એ છે, સાહેબ, કે એ બાઈ આ જેલખાનામાં રહે, એ યોગ્ય છે ખરું?"

"એ વસ્તુ મને શા માટે પૂછો છો? એ તો ડૉડસન અને ફૅોગના હાથની વાત છે."

"એ ડૉડસન અને ફૅોગના હાથની વાત હરગિજ નથી. તમે એ લોકોને બરાબર ઓળખો છો, મારા સાહેબ. એટલે એ વસ્તુ પૂરેપૂરી તમારા હાથની વાત છે; બીજા કોઈના હાથની વાત નથી."

"મારા હાથની વાત છે?"

"હા, તમારા હાથની; એ જલદી આ જગામાંથી છૂટે કે કાયમની અહીં રહે, એ તમારા જ હાથની વાત છે, મારા સાહેબ. તમે જ તેને આ નરકમાંથી છોડાવી શકો તેમ છો; તમે આ દાવાના ખર્ચના પૈસા ભરી દો કે તરત બધું પતી જાય. આકળા ન થાઓ, મારા સાહેબ, શાંતિથી સાંભળો."

મિ૰ પિકવિકના મોં ઉપર જબરા ફેરફારો થવા લાગ્યા હતા અને તેમનો ગુસ્સો ફાટી પડવાની તૈયારીમાં જ હતો. પણ પર્કરે શાંતિથી, ધીમેથી, પોતાની દલીલ ચાલુ રાખી—

"હું આજે સવારે જ એ બાઈને મળ્યો છું. તમે દાવાના ખર્ચની રકમ ભરી દો, તેની સાથે જ તેનો પૂર્ણ છુટકારો થઈ જશે. તેણે આપ-મરજીથી સ્વહસ્તે મને એવો પત્ર લખી આપ્યો છે કે, આ આખો દાવો પહેલેથી માંડીને ડૉડસન અને ફૅોગની સમજાવણી, અને ચઢવણીનું જ પરિણામ છે; અને તમને આ રીતે પજવણી અને નુકસાન પહોંચાડવા બદલ તે ખરેખર બહુ દિલગીર છે. તેના હાથનું આ લખાણ મળ્યાથી તમારે નુકસાનીની જે રકમ તેને ભરવાની છે તે હવે નહીં જ ભરવી પડે. તેણે મને રડતાં રડતાં આજીજી કરીને તેના વતી તમને આ બધું કહેવા જણાવ્યું છે."

આમ કહી પર્કરે એક કાગળ પેલી થોકડીમાંથી કાઢ્યો અને કહ્યું, "આ કાગળ એક બાઈ આજે સવારના નવ વાગ્યે મારી

ઑફિસે આવીને મને આપી ગઈ તે પહેલાં હું મિસિસ બાર્ડેલને મળ્યો પણ ન હતો કે આ જેલમાં મેં પગ પણ મૂક્યો ન હતો."

"તમારે આટલું જ કહેવાનું છે ને?" મિ૰ પિકવિકે હવે જરા ધીમેથી પૂછ્યું.

"ના, સાહેબ. હું અત્યારે કહી શકતો નથી કે, મિસિસ બાર્ડેલે લખી આપેલી લેણા-ચિઠ્ઠીના શબ્દો જોતાં, તથા આખો દાવો કેવી રીતે ઊભો કરવામાં આવ્યો હતો તેના જે કંઈ પુરાવા આપણે ભેગા કરી શકીએ, તે ઉપરથી આપણે કાવતરું કર્યાનો કેસ ઊભો કરી શકીએ કે કેમ. કદાચ, આપણે ન જ કરી શકીએ. ડૉડસન અને ફૅોગ બહુ ચાલાક લોકો છે. પરંતુ આપણે જે કંઈ માહિતી ભેગી કરી શકીશું તે ઉપરથી બધા વિચારવંત માણસોને ખાતરી થઈ શકશે કે, તમારી નાહક બદનામી કરવામાં આવી છે. ઉપરાંત માત્ર દાવાના ખર્ચના દોઢસોએક પાઉંડ ભરી દેવા એ તમારે માટે મોટી રકમ નથી. જૂરીએ તમારી વિરુદ્ધ ચુકાદો આપેલો છે. ભલે તે ખોટો હોય. પણ એમને ઠીક લાગ્યું તેવો ચુકાદો તેમણે આપ્યો છે, એ વાતની ના પાડી નહીં શકાય. પણ હવે તમને એવી તક મળે છે કે જેથી તમે અહીં રહીને કદી આશા ન રાખી શકો તેવી નિર્દોષતાના શિખર ઉપર ઝળહળતું સ્થાન પ્રાપ્ત કરી શકો. અહીં રહેશો તો લોકો તમારા ચારિત્ર્ય ઉપર શંકા પુરવાર થયેલી ગણશે અને ઉપરથી તમને જક્કી અને પાજી ગણશે એ વધારામાં. પણ તેની સરખામણીમાં આખા સમાજમાં અને બધા પરિચિત મિત્રોમાં આ રીતે નિર્દોષ ઠરી, તથા અપકાર ઉપર ઉપકાર કરનારનું બિરુદ પામી, પાછા પોતાની બહારની ચાલુ પ્રવૃત્તિમાં જોડાવું અને આરોગ્ય તથા સેવાના ભાગી બનવું, એ વધુ ઉપયોગી નથી? તમારો વફાદાર અને ભાવયુક્ત જુવાન નોકર પણ તરત જ તમારી સાથે મુક્ત થઈ જશે. નહિ તો તેને પણ તમારી સાથે આ જેલમાં જ પુરાઈ રહેવું પડશે. અને તમારા ઉપર અપકાર કરનાર બાઈ ઉપર તમે કેવો ઉપકાર કર્યો

કહેવાશે ? આ કંગાલિયત અને વ્યભિચારના ધામમાં કોઈ પુરુષને પણ મોકલવો એ પાપ ગણાય; તો હાથે કરીને એક સ્ત્રીને આ સ્થાનમાં ધકેલી આપવી એ તો કેવળ પશુતા અને જંગાલિયત જ ગણાય. હું આ બધું તમને તમારા કાયદાના સલાહકાર તરીકે નહીં, પણ એક સાચા મિત્ર તરીકે કહી રહ્યો છું. ડૉડસન અને ફૅોગના ખીસામાં એક પાઈ પણ ન જવા દેવાનો આગ્રહ રાખવાને બદલે, ભલે આ થોડા પાઉંડ તેમના ખીસામાં જાય, તેનાથી તેઓ પોતાના આ કુટિલ માર્ગોએ આગળ ધપ્યે જઈ, છેવટે પોતાનો સર્વનાશ જરા જલદી વહોરશે, એટલાથી જ સંતોષ માનોને ! મારાથી આ બધી વાતો યોગ્ય ભાષામાં નથી મૂકી શકાઈ, પણ મેં મારા દિલની વાત તમારી આગળ રજૂ કરવા પ્રયત્ન કર્યો છે. હવે તમારા જવાબની જ રાહ જોવાનું મારે માટે બાકી રહે છે."

મિ૦ પિકવિક આ બધાનો કંઈ જવાબ આપે, તેટલામાં તો બહાર કંઈ પગલાંનો અને બોલચાલનો અવાજ સંભળાયો. સૅમે બહારથી બારણું થપથપાવ્યું અને કહ્યું, "સાહેબ, આપને કોઈ બાઈ મળવા માગે છે."

"હું અત્યારે જરૂરી કામમાં છું, અને કોઈને મળી શકતો નથી," મિ૦ પિકવિકે મિસિસ બાર્ડેલની કલ્પના કરીને જ કહી દીધું.

"સાહેબ, પણ તમે કોણ આવ્યું છે એ જાણ્યા પછી તમારો મત જરૂર બદલશો, એમ મને લાગે છે."

"કોણ છે ?"

"પણ તમે તેમને મળવા કબૂલ થાઓ છો ખરા ?"

"હા, હા, અંદર આવવા દે."

તરત જ સૅમે બારણું ખોલી નાખ્યું અને મિ૦ નૅથેનિયલ વિંકલ, ઠિંગણી ડેલ મુકામે ફરની ટોચવાળા બૂટ પહેરનારી સુંદર યુવતીને દોરતા, અંદર ધસી આવ્યા.

"મિસ આરાબેલા ઍલન ?" મિ૦ પિકવિક ખુરશી ઉપરથી ઊભા થતા તેની સામું જોઈ, મીઠું હસીને બોલી ઊઠ્યા.

"ના," મિ૦ વિંકલ ઘૂંટણિયે પડીને બોલી ઊઠ્યા; "મિસ ઍલન નહીં. પણ મિસિસ વિંકલ! તમારી માફી માગું છું, મારા પરમ મિત્ર અને શુભેચ્છક, મને ક્ષમા કરો."

મિ૦ પિકવિક કશું માની શક્યા જ નહિ. સૅમની સાથે પાછી પેલી ફૂટડી નોકરડી મૅરી પણ ઊભી હતી, જેણે પોતાના માલિકણના બગીચામાં મિ૦ પિકવિક તથા મિ૦ વિંકલને તે રાતે દાખલ કર્યા હતા.

"મિ૦ પિકવિક, તમે મારી ધૃષ્ટતાને માફ કરશો?" હવે આરાબેલાએ પોતાના રૂપેરી ટહી જેવા અવાજે કહ્યું.

મિ૦ પિકવિકે તરત પોતાનાં ચશ્માં ઉતારી નાખ્યાં અને તેના બંને હાથ પોતાના હાથમાં પકડી લઈ, તેને અનેક વાર ચુંબન કર્યાં, અને પછી તેનો એક હાથ પોતાના હાથમાં જ રાખીને મિ૦ વિંકલને ધમકાવતા હોય તેમ ઊભા થઈ જવા કહ્યું.

મિ૦ પિકવિકે તરત તેમની પીઠ ઉપર ચાર પાંચ ધબ્બા લગાવી દીધા અને પછી મિ૦ પર્કરના હાથ સાથે જોરથી હસ્તધૂનન કર્યું. મિ૦ પર્કર બધો પલટો યોગ્ય સમયે આવતો જોઈ મનોમન ઘણા રાજી થયા. તે રાજી થતા સૌની સાથે હાથ મિલાવવા લાગ્યા, અને છીંકણીના સડાકા ઉપર સડાકા ખેંચવા લાગ્યા.

"વહાલી દીકરી, આ બધું શી રીતે બની ગયું, એ તું જ હવે મને કહી દે; આ હરામખોર વિંકલ ઉપર તો મને જરાય વિશ્વાસ નથી," મિ૦ પિકવિક પોતાની જ દીકરી હોય તેમ તેના મોંની સુંદરતા તરફ અભિમાનભરી નજરે જોતા અને તેને પોતાની પાસે જ બેસાડતા બોલ્યા.

આરાબેલાએ તરત સૅમ તરફ નજર કરીને કહ્યું, "આ સૅમની મહેનતને જ બધું આભારી છે. તેણે અને તેની આ મૅરીએ મદદ ન કરી હોત, તો મારાથી કશું થઈ શકત નહિ."

મિ૦ પિકવિકે હવે મૅરીને પણ પોતાની પાસે બેસાડી લીધી. પછી આરાબેલાને પૂછ્યું, "તમને લોકોને પરણ્યે કેટલા દિવસ થયા?"

"ત્રણ દિવસ," આરાબેલાએ મિ૦ પિકવિક સામે શરમથી લાલચોળ થઈ જતાં કહ્યું.

"માત્ર ત્રણ દિવસ જ ? તો આ બધા ત્રણ મહિના તમે શું કર્યું ?"

"ખરી વાત, મિ૦ વિંકલ, તમે આટલા મહિના આળસુ થઈને બેસી કેમ રહ્યા, તેનો જવાબ આપો. એ તો હું પરણેલો છું, નહિ તો તમારા જેવા આળસુના હાથમાં આવી કૂટડી અને લાયક સ્ત્રીને જવા જ ન દેત," એમ કહી, મિ૦ પર્કરે મિ૦ વિંકલની પાંસળીમાં ગોદો માર્યો.

"વાત એમ છે કે, હું બેલાને લાંબા વખત સુધી મારી સાથે ભાગી જવા મનાવી જ ન શકયો. છેવટે જ્યારે મનાવી શકયો, ત્યારે ભાગી જવાની તકની રાહ જોવી પડી. ઉપરાંત આ મેરી પોતાની નોકરીમાંથી મહિનાની નોટિસ આપ્યા વિના છૂટી થઈ શકે તેમ ન હતું; અને તેની મદદ વિના તો કશું હાલી શકે નહીં, એટલે."

મિ૦ પિકવિક રાજી થતા થતા વારાફરતી વિંકલ અને આરાબેલાના મોં સામું જોતા જોતા બોલ્યા," પણ તારા ભાઈને ખબર પડી છે, મીઠડી ?"

"ના, ના; વહાલા મિ૦ પિકવિક, તેને તો આ સમાચાર તમારા મોં સિવાય બીજા કોઈને મોંએ કહેરાવવાની મારી હિંમત જ ચાલતી નથી. તે બહુ ક્રોધી તથા ઝનૂની માણસ છે તથા તેના મિત્ર મિ૦ સોયર તરફ એટલા બધા પક્ષપાતવાળો છે કે, તે શું કરી બેસે તે કહી શકાય નહિ," આરાબેલાએ જવાબ આપ્યો.

મિ૦ પર્કરે હવે વચ્ચે ઝંપલાવ્યું, "ખરી વાત છે, મિ૦ પિકવિક, તમારે હવે આ જુવાનડાંનું કંઈક ગોઠવી આપવું પડશે. તેઓ જે પગલું ભરી બેઠાં છે, તેમાંથી હવે તેમને પાર પાડવાનું બીજા કોઈનું ગજું નથી."

"મારી મીઠડી, તું ભૂલી જાય છે કે, હું તો કેદી છું." મિ૦ પિકવિકે આરાબેલાને જવાબ આપ્યો.

"મને રાત-દિવસ તમે કેવી ભયંકર જગાએ આવી પડ્યા છે, તેના જ વિચારો આવ્યા કર્યા છે. પણ હવે તમારે પોતાને માટે તમે જે કદી ન કરત, તે અમારાં સુખ અને સહીસલામતી માટે કરવું જ પડશે. મારે આ દુનિયામાં મારા ભાઈ સિવાય બીજું કોઈ નથી, અને તેને તમે જ સમજાવી શકો તેમ છો. બીજા કોઈની વાત તે સાંભળે પણ નહિ, અને તેને કહેવાની બીજા કોઈની હિંમત પણ ચાલે નહીં. એટલે તમે જો વચ્ચે નહીં પડો, તો મારે તો એકનો એક ભાઈ પણ ગયો જ સમજવાનો. મેં ભારે ઉતાવળ કરી છે, મેં ભારે ભૂલ કરી છે!" એટલું બોલતાં બોલતાં આરાબેલા એકદમ ધ્રૂસકે ધ્રૂસકે રડી જ પડી.

મિ૦ પિકવિક આરાબેલાનાં આંસુ જોઈ જરા ઢીલા થયા. બેન્જામિન એલન કેવો ઝનૂની માણસ હતો તેનો તેમને અનુભવ હતો. અને મિ૦ વિંકલ આરાબેલાનું કે પોતાનું તેના હાથમાંથી રક્ષણ કરી શકે એવી સ્થિતિ જ ન હતી. વિંકલ તો ઊલટો આરાબેલા કરતાં પણ વધુ ઢીલપણ દાખવે, એવી તેમને ખાતરી હતી.

પણ એવામાં મિ૦ પર્કરે મિ૦ પિકવિકની હાલકડોલક પરિસ્થિતિનો લાભ લઈ, તરત ઉમેર્યું કે, "મિ૦ વિંકલના પિતાને પણ તેમના પુત્રે લીધેલા આ પગલાની ખબર નહિ જ હોય. અને મિ૦ વિંકલને તેમના પિતાના વારસાનો જ આધાર છે. એટલે તેમનાથી પણ આ બીના લાંબો વખત ગુપ્ત રાખવામાં આવે, તો તે આ બધું જાણ્યા પછી પોતાના પુત્ર ઉપર ગુસ્સે થઈ શું પગલું ભરી બેસે તે કહેવાય નહિ. એટલે મિ૦ પિકવિકે બ્રિસ્ટલ જઈ મિ૦ એલનને મળવું જેમ જરૂરી છે, તેમ બર્મિંગહામ જઈ મિ૦ વિંકલના પિતાને મળવું એથી પણ વધારે આવશ્યક છે. કારણ કે, હું તો મિ૦ વિંકલને ના-વારસદાર ઠરાવેલા અત્યારથી જ મારી સગી આંખે જોઉં છું. આમ બંને પક્ષે મિ૦ પિકવિક જાતે વચ્ચે પડી બધી ઝીક ઝીલવા તૈયાર નહીં થાય, તો આ જુવાનડાંની માંડી વાળે બેસી જવાની છે, એ નક્કી છે. ઉપરાંત મિ૦ વિંકલના પિતાએ પોતાના જુવાન પુત્રને ઘડાવા માટે જ મિ૦ પિકવિકની છત્રછાયામાં

સોંપ્યો છે. એટલે મિ૦ વિંકલે લીધેલા પગલાની બધી જવાબદારી ખરી રીતે મિ૦ પિકવિકની જ ગણાય. તેમણે જ મોઢામોઢ વિંકલના પિતાને મળીને કંઈક રસ્તો કાઢી આપવો જોઈએ." મિ૦ પર્કર આ ઢબે હજુ વધુ કંઈક આગળ બોલ્યે જાત, પરંતુ એ વખતે મિ૦ ટપમન અને મિ૦ સ્નોડગ્રાસ ત્યાં આવી ચડ્યા.

તેમણે પણ મિ૦ વિંકલના પિતા વિષે એવી જ વાત કરી. મિ૦ પિકવિક ઉપર આમ એકીસાથે ચારે બાજુથી ઠોક પડવા માંડ્યા. છેવટે તે એકદમ ઊભા થઈ ગયા અને આરાબેલાને પોતાની છાતીએ વળગાડીને આલિંગન આપતાં બોલ્યા, "મીઠડી, કોણ જાણે પહેલ-વહેલી જ્યારથી તને જોઈ છે, ત્યારથી હું તને મારી દીકરી જ ગણતો આવ્યો છું. એ વાત આજે જ તને મોંએ કહું છું, પણ તારી વાત જ્યારે જ્યારે આવે, ત્યારે હું બીજો કશો વિચાર જ કરી શકતો નથી. હવે હું જોઉં છું કે, તેં હિંમતપૂર્વક લીધેલા પગલા બદલ મારે તને અભિનંદન આપવાની સાથે જ, તારું પછીનું લગ્નજીવન સુખી અને સહીસલામત નીવડે એ જોવાની મારી ફરજ છે, અને હું તે અદા કરીશ. બીજી કોઈ બાબત મને જેલ નહિ છોડવાના મારા નિશ્ચયમાંથી વિચલિત કરી ન શકત,"

સૅમે તરત પોકાર કર્યો : "સિદ્ધાંતનો જય! સિદ્ધાંતનો જય!" અને બહાર જઈ તરત જ જૅબ ટ્રૉટરને તેણે પોતાના વકીલ મિ૦ પેલની પાસે મોકલી દીધો, જેથી તેના પિતાના દેવાના દાવામાંથી તરત તેને મુક્તિ અપાવવાની કારવાઈ શરૂ કરી દે. મિ૦ પેલ સાથે પહેલેથી એ જાતની શરત કરી રાખવામાં આવી હતી.

બીજું કામ સૅમે એ કર્યું કે, જેલમાં છૂપી રીતે દારૂ વેચનારા પાસેથી પોતાની પાસેની બધી રોકડ રકમ ખરચીને પચીસ ગૅલન દારૂ તેણે મંગાવરાવ્યો અને જેને પીવો હોય તે સૌને પિવરાવી દીધો.

* * *

મિ૦ પિકવિકે ત્યાર બાદ જેલના ઓળખતા થયેલાઓને ભાવપૂર્વક એક પછી એક મળવા માંડયું. મિ૦ જિંગલ પાસે જઈ તેમણે મિ૦ પર્કરને સંબોધીને કહ્યું, "આ મિ૦ જિંગલ છે, જેમને વિષે મેં તમને વાત કરી હતી."

મિ૦ પર્કરે જિંગલ તરફ ફરીને કહ્યું, "હું કાલે તમને ફરી મળીશ. હું જે સમાચાર તમારે માટે કાલે લાવીશ, તે આભારપૂર્વક યાદ કરવા તમે લાંબું જીવશો, એવી હું આશા રાખું છું."

જિંગલે પર્કરને નીચા નમી સલામ કરી, અને મિ૦ પિકવિકે લાંબો કરેલો હાથ પકડતાં તો તે આખે શરીરે ધ્રૂજી ઊઠયો અને ચોધાર આંસુએ રડી પડયો.

"આ જૅબને પણ તમે ઓળખો છો ને?" મિ૦ પિકવિકે તેને પર્કર સામે ધરતાં પૂછ્યું.

"હું એ બદમાશને બરાબર ઓળખું છું. તો તું તારા મિત્રની સંભાળ રાખજે અને કાલે એક વાગ્યે હું આવું ત્યારે સામો ટિચાજે." મિ૦ પર્કરે જૅબને મજાકની રીતે કહ્યું.

મિ૦ પિકવિકે ફ્લીટ-જેલમાંથી વિદાય થતા પહેલાં સૅમના અને પોતાના ઓળખીતા જેલ-નિવાસીઓને જે જુદી જુદી ભેટો આપી તે ગણાવવાની જરૂર નથી.

ઘોડાગાડીમાં બેસીને જતાં સૅમે મિ૦ પિકવિકને કહ્યું, "સાહેબ આ ઘોડાઓ ત્રણેક મહિના ફ્લીટ જેલમાં રહી આવ્યા હોત, તો બહુ સારું થાત."

"કેમ ભલા?" મિ૦ પિકવિકે નવાઈ પામી પૂછ્યું.

"તો તેઓ જરા વધુ જલદી ઘર તરફ જવા દોડતા હોત." સૅમે જવાબ આપ્યો.

## ૪૭

# મિ૦ પિકવિક બેન એલનને અને રૉબર્ટ સૉયરને મળે છે

મિ૦ બેન્જામિન એલન અને મિ૦ બૉબ સૉયર દુકાનની પાછળના 'સર્જરી' કહેવાતા ભાગમાં બેઠા હતા. વિચાર ચાલતો હતો દુકાનના વર્તમાનનો અને નજીકના ભવિષ્યનો. મિ૦ બૉબ સૉયર કહેતા હતા કે, ધંધામાંથી ઠીક ઠીક આવક થાય તેવા ચાન્સ બહુ ઓછા દેખાતા હતા.

મિ૦ એલને એ બાબતમાં સંમતિનો સૂર પુરાવવા બીરનો એક મોટો ઘૂંટ પીધો.

"ગરીબ લોકો જ મને હંમેશાં દવા કરાવવા બોલાવે છે; અને રાતે ગમે તે વખતે પણ ઉઠાડે છે. તેઓ મારાં બધાં ઔષધો જથાબંધને હિસાબે વાપરે છે તથા સંખ્યાબંધ દોસ્તોને દરદી તરીકે લાવી આપે છે, ઉપરાંત પોતાના કુટુંબમાં જે નવા અવતારો થવાના હોય છે કે થાય છે, તેમનું આયુષ્ય અને આરોગ્ય પણ મારા હાથમાં જ સોંપી દે છે."

"બહુ વ્યાપક અને બહુ ભારે પ્રેક્ટિસ કહેવાય."

"હા, એમાં ના નહીં; પણ થોડાક પૈસાદાર લોકો પણ એ ટોળામાં ભળે, તો બાસ વાંધાજનક ન કહેવાય."

"તે માટે તો હું કહ્યા કરું છું કે, હવે તારે જલદીમાં જલદી આરાબેલાના હજાર પાઉંડના માલિક બની જવું જોઈએ. તે ઉંમર-લાયક થવામાં હજુ વરસની વાર છે, પણ પરણવા માટે તો તું અબ-ઘડી તૈયાર થાય તો કશી વાર જ નથી."

"આરાબેલા બહુ સુંદર અને મીઠી છોકરી છે એની ના નહિ; પણ તેનામાં એક મોટી ખોડ છે : તેને હું જરાય ગમતો નથી!"

"હું તો એમ માનું છું કે, તેને શું ગમે છે તે જ તેને ખબર નહિ હોય."

"કદાચ એમ હશે; પણ તેને જે નથી ગમતું તે એ બરાબર જાણે છે; અને એ વસ્તુ વધુ અગત્યની છે."

ઍલન તરત હાથમાંની છરી ઉગામીને બોલ્યો, "તેના મન સાથે કયો બદમાશ ચેડાં કાઢી રહ્યો છે, તે હું જાણું તો આ છરીથી તત્ક્ષણ તેનું ગળું કાપી નાખવા હું તૈયાર છું."

"મને પણ ખબર હોય તો હું જ તેના માથામાં થોડું સીસું ભરી દેવા તૈયાર છું. અને એટલાથી એનું કામ તમામ ન થાય, તો એ ગોળી પાછી કાઢવાનું ઑપરેશન કરીને તો તેને હું તત્ક્ષણ ખતમ કરી નાખું."

"પણ તેં કદી આરાબેલાના હાથની સીધી માગણી કરી છે ખરી?"

"ના; કારણ કે, મને પેટ ભરીને ખાતરી છે કે, એમ કરવાનો કશો અર્થ જ નથી."

"બસ, હું કહું છું કે, ચોવીસ કલાક વીતે તે પહેલાં તારે તેની આગળ તેના હાથની માગણી રજૂ કરી દેવાની છે, સમજ્યો?"

"ઠીક, આપણે જોઈશું."

"હા; હા; આપણે જોઈશું કે તે ના કેવી રીતે પાડે છે. તે છેક નાની હતી, ત્યારથી જ તું તેને ચાહતો આવ્યો છે; જોકે ત્યારથી જ તારી લાગણીઓને તે કેમે ચડાવતી આવી છે, એ પણ એટલી જ સાચી વાત છે."

બંને મિત્રો તરત જ એ બાળપણનાં સ્મરણોમાં જ ખોવાઈ ગયા.

તે જ વખતે એક ઘોડાગાડી દુકાનને બારણે આવીને ઊભી રહી. તે ઘોડાગાડીમાં હાંકનાર તરીકે પેલો માણસ જ હતો, જેની સાથે

મૅરીનું ઘર જડતા પહેલાં સૅમને જરા 'બોલાચાલી' થઈ હતી; અને એ ઘોડાગાડીમાં બેસનાર ઍલનની ફ્રેઈ જ હતી, જેને ત્યાં આરા-બેલાને પૂરી રાખવામાં આવી હતી.

ફ્રેઈએ આવીને ઍલનને જોતાં જ હાંફળાં ફાંફળાં કહી નાખ્યું, "તે નાસી ગઈ! ત્રણ દિવસ ઉપર જ મારી બહેનને ત્યાં મળવા જવાનું બહાનું કાઢીને તે ગઈ અને પછી આજ સવારે માત્ર તેનો પત્ર જ મને મળ્યો. તેમાં તેણે જણાવ્યું છે કે, તે પરણી ચૂકી છે."

બેન્જામિન ઍલન અત્યારે ખૂબ જ પીધેલ હાલતમાં હતો. પોતાની બહેન પરણી ચૂકી છે, એવા શબ્દો સાંભળ્યા કે તરત ઊઠીને તે ખુરશી ઉપરથી બેઠો થયો અને ફ્રેઈના ઘોડાગાડીવાળા માર્ટિન ઉપર સીધો લપટક્યો. પેલો બિચારો તેનો ઇરાદો શો છે તે કલ્પી પણ શકે તે પહેલાં તો ઍલને તેનું ગળું જોરથી દબાવી દીધું. પેલાએ સ્વરક્ષા અર્થે જ બેન ઍલનને થોડા પ્રહારો કરી નીચે ગબડાવી પાડ્યો. પછી બંને જણ ઝનૂનમાં આવી જઈને બાથંબાથા આવી ગયા.

તે જ ઘડીએ મિ૦ પિકવિક અને સૅમ ત્યાં આવી પહોંચ્યા. સૅમે માન્યું કે, આ હાડ-વહેર તેના ફ્રેઈ દરદીને ન-ગમતી દવા પિવરાવવાનો ફ્રેઈ પ્રયોગ જ અજમાવી રહ્યો છે; એટલે તે ચૂપ બધું જોતો ઊભો રહ્યો. પણ મિ૦ પિકવિકે તરત જ વચ્ચે પડી બંનેને છૂટા પાડ્યા.

મિ૦ પિકવિકે બૉબને પૂછ્યું, "શી વાત છે? તમારા મિત્રને શું થયું છે?"

ઍલન તરત જ દુઃખપૂર્ણ અવાજે બોલી ઊઠ્યો, "મારી બહેન, મારા સાહેબ, મારી બહેન!"

"ગભરાશો નહિ; તમારી બહેન સાજીસમી છે; અને હું તેના સમાચાર કહેવા જ અહીં આવ્યો છું."

સૅમ હવે બોલી ઊઠ્યો, "માફ કરજો સાહેબ, આ મજાના કાર્ય-ક્રમમાં ખલેલ પહોંચાડવા માટે — રાજાએ પાર્લમેન્ટ વિખેરી નાખતાં

કહ્યું હતું તેમ; પણ આ બીજા ઓરડામાં એક બાઈ પણ વાઢકાપ માટે તૈયાર કર્યાં હોય તેવી હાલતમાં પડેલાં છે."

"હું ભૂલી ગયો; તે મારાં ફોઈ છે; બિચારાં બેભાન થઈ ગયાં લાગે છે."

સૅમે તરત બૉબના નોકરને કહ્યું, "અલ્યા ડેપીટી-હાડવહેર, કંઈ સૂંઘાડવાની દવા-બવા હોય તો લઈ આવ."

મહાપરાણે ફોઈબાને ભાનમાં લાવવામાં આવ્યાં. પછી પિકવિકે સૌને ભેગાં બેસાડી ઍલનને સમાચાર કહેવા માંડ્યા :—

"તમારાં બહેન લંડનમાં છે; ભલાંચંગાં છે અને સુખમાં છે."

"તેના સુખની મને જરા પણ પરવા નથી, જો તે પરણી ગઈ હોય તો," ઍલન હાથ વીંઝીને બોલ્યો.

"તેના પતિની મને ખાસ પરવા છે," બૉબ સૉયર બોલ્યો; "બાર જ ડગલાં દૂર ઊભો રહી, હું તેના શરીરનો ઘાટ તરત બદલી નાખીશ; હરામજાદો, બદમાશ!"

"થોભો થોભો સાહેબ; એકદમ તમારા નિર્ણયો જાહેર કરવા ન બેસશો; પરણનાર માણસનો કેટલો અપરાધ છે, એનો જરા શાંતિથી વિચાર કરો; તથા સાથે એટલું વિચારજો કે તે મારો મિત્ર છે."

"શું?" બૉબ બોલી ઊઠ્યો.

"તેનું નામ?" બેન ઍલન બોલ્યો.

"મિ૦ નેથેનિયલ વિંકલ," મિ૦ પિકવિકે કહ્યું.

બેન ઍલને તરત પોતાનાં ચશ્માં પગ તળે નાખી છૂંદી નાખ્યાં, અને કાચના બધા ટુકડા ત્રણ જુદાં ખીસાંમાં ભરી લીધા; પછી મિ૦ પિકવિકને ખૂની નજર વડે તાકતો તે ઊભો રહ્યો અને બોલ્યો,

"તો તમે જાતે વચ્ચે ઊભા રહીને આ લગ્ન કરાવ્યું છે, કેમ?"

"અને એ સદ્‌ગૃહસ્થના નોકરે જ મારા ઘરની આસપાસ રખડ્યા કરીને મારા નોકરોને ફોડવા પ્રયત્ન કર્યો હતો. પૂછી જુઓ મારા ઘોડાવાળા માર્ટિનને." ફઈબા બોલ્યાં.

મિ૦ પિકવિક હવે સમજાવતા હોય તેમ બોલ્યા, "જુઓ, મારી વાત પહેલાં સાંભળી લો. મેં આ લગ્નમાં કશી મદદ કરી નથી. માત્ર લગ્ન પહેલાંની એક મુલાકાત વખતે હું હાજર રહ્યો હતો; તે પણ યુવક-યુવતી એકલાં એકાંતમાં મળે એ અજુગતું ગણાય તે માટે. જો કે, તે વખતે મને વહેમ સરખો પણ ન હતો કે, તેઓ લગ્ન કરવાની આવી ઉતાવળ કરશે. જો કે, લગ્ન કરવાનો તેમનો ઇરાદો છે, એમ મેં જાણ્યું હોત, તો હું આડે આવ્યો હોત એમ હું એથી નથી કહેવા માગતો."

"જુઓ, તમે બધાં સાંભળો, આ માણસ શું કહે છે તે!" ઍલન ગુસ્સામાં બોલી ઊઠ્યો.

"હા, હા, હું ઇચ્છું છું કે તેઓ બધાં મારી વાત સાંભળે. તમને તમારી બહેન ઉપર પરાણે કશું લાદવાનો જરા પણ અધિકાર નથી; કારણ કે તમારાં મા અને બાપ ન હોવાથી ભાઈ તરીકે તમારી પાસે જ તે પોતાના મનની વાત પ્રગટ કરી શકે તથા સહાનુભૂતિની આશા રાખી શકે. પણ તમે તો તેના મનની લાગણીઓનો કશો જ વિચાર કરવાને બદલે તેના ઉપર જોરજુલમ ચલાવવાનો જ ઇરાદો રાખ્યા કર્યો છે. મારો મિત્ર બધી રીતે લાયક જુવાન છે; એ વાતનો જો તમે લોકો શાંતિથી વિચાર કરવા ન માગતાં હો, તો મારે તમારી સાથે વિશેષ વાતચીત કરવી નથી."

ઍલને તરત ખુરશી ઉપરથી ઊભા થઈ જાહેર કર્યું કે, તે આરાબેલાનું મોં હવે કદી જોવાનો નથી; અને મિ૦ બૉબ સૉયરે જણાવ્યું કે, એ ભાગ્યશાળી વરરાજા ઉપર તે પોતાનું વેર એક દિવસ ખસૂસ લેશે.

પણ આ જગાએ ફોઈબા વચ્ચે પડ્યાં. તેમના ઉપર મિ૦ પિકવિકની વાતનો સારો પ્રભાવ પડ્યો હતો. તેમણે મિ૦ બેન્જામિન ઍલનને સમજાવીને કહ્યું, આ જે થયું છે તેમાં કશું ખોટું થયું નથી; ડર એ વાતનો હતો કે આથીય વધુ ભૂંડું થઈ બેસે. જે થઈ ચૂકયું

છે, તેને હવે બદલી શકાય તેમ નથી. અને જેનો ઉપાય ન થઈ શકે, તેને વેઠી લેવું જ રહ્યું.

પણ મિ૦ બેન્જામિન ઍલને તો એટલું જ જણાવ્યું કે, "મારે કોઈનું ખામુખા અપમાન કરવું નથી; અને બીજાઓને બધું સરખું ભલે લાગે, પણ હું પોતે તો મરતા લગી મારી બહેનને ધિક્કાર્યા જ કરવાનો – મૃત્યુ બાદ પણ."

પોતાનો આ નિર્ણય જ્યારે તેણે પચાસેક વખત બોલી બતાવ્યો, ત્યારે છેવટે ફઈબા ગુસ્સે થઈ બોલી ઊઠ્યાં, "મારા ઘડપણનો અને મારી સગાઈનો તારે કશો વિચાર જ ન કરવાનો હોય, તથા જનમતી વખતથી જેને જાણતી અને સંભાળતી આવી છું એવા ભત્રીજા આગળ પણ આમ મારે ફેગટ કાલાવાલા અને આજીજી કરવાની સ્થિતિમાં મુકાવાનું હોય, તો બહેતર છે કે, મારે પણ કંઈક નિશ્ચય ઉપર આવી જવું અને આવાં નમારમૂંડાં સગાંને વિસારી મૂકવાં."

ડોસી ઍલન ઉપર પોતાની વાગ્ધારા આમ અજમાવી રહ્યાં હતાં, તે દરમ્યાન મિ૦ પિકવિક બૉબ સૉયરને બીજા ઓરડામાં લઈ ગયા અને સમજાવવા લાગ્યા. અને એ સમજૂતીને પ્રતાપે કે પછી મિ૦ બૉબ સૉયરે એક કાળા રંગની શીશીનું મોં બોલી નાખી તેને પેટમાં પધરાવવા માંડી તેને પ્રતાપે, તરત મિ૦ બૉબ સૉયર એ શીશી સાથે જ બહાર ધસી આવ્યા અને બોલ્યા, "અત્યાર સુધી કરેલી મૂર્ખાઈ બદલ હું દિલગીર છું, અને હું અત્યારે જ મિ૦ વિંકલ અને મિસિસ વિંકલનું દીર્ઘાયુષ્ય અને સુખ વાંછવા આ બૉટલ પીવાનો પ્રસ્તાવ સૌ સમક્ષ રજૂ કરું છું." એમ કહી તરત જ બૉબે એ કાળી શીશી ઍલનના હાથમાં મૂકી દીધી. ઍલને તેમાંથી એક લાંબો ઘૂંટડો ખેંચ્યો, અને એને અંતે એના મોં ઉપર દાઢડિયાનું શૂન્ય હાસ્ય છવાઈ રહ્યું.

છેવટે સૌનાં મોં હસતાં થયાં, એટલે મિ૦ પિકવિકે જણાવ્યું કે, "કાલે સવારે નવ વાગ્યે ઘોડાઘાડી લઈને હું આવીશ. મારે મિ૦ વિંકલના પિતાને મળવા અને મનાવવા જવાનું છે, તે વખતે સાથે મિ૦ બેન્જામિન ઍલન પણ હોય તો સારું."

## ૪૮

# મિ૦ વિંકલ-સીનિયર

કહ્યા પ્રમાણે મિ૦ પિકવિક સૅમ સાથે બીજે દિવસે મિ૦ બેન્જામિન ઍલનને તેડવા આવ્યા, ત્યારે તેમણે જોયું કે, મિ૦ બૉબ સૉયર પણ તેમની સાથે ઘેડાગાડીમાં બેસવા તૈયાર થઈ રહ્યા હતા.

મિ૦ બૉબ સૉયરે એટલું જ જણાવ્યું કે, અહીં ધંધો બરાબર ચાલતો નથી, અને મારે અહીં રહેવું પણ નથી.

મિ૦ પિકવિકે દુકાનના માલને આમ રવડતો મૂકવા અંગે તથા ખાસ તો પોતાના વિશ્વાસુ દરદીઓને રવડતા મૂકવા અંગે ચિંતા દર્શાવી. મિ૦ બૉબ સૉયરે તેમને આંખો મિચકારતાં મિચકારતાં જણાવી દીધું કે, દુકાનમાં કશો 'માલ' જ ન હતો, અને દરદીઓને તો દુકાનમાં જે કંઈ ભૂકી ઉપલબ્ધ હોય તેને જ જુદા જુદા રંગના પાણી સાથે પીવામાંથી ઉગારી લેવા, એ તો તેમના ઉપર ઉપકાર કરવા જેવું જ હતું.

મિ૦ પિકવિકને મિ૦ વિંકલના પિતાને મળવા જવા જેવા અગત્યના કામે આવા ગંડુને સાથે લેવામાં ભારોભાર જોખમ જણાયું; પણ અત્યારે બૉબ સૉયરની બાબતમાં મિ૦ બેન્જામિન ઍલનને છંછેડવા એ પણ એટલું જ જોખમકારક હતું, એટલે તેમણે ગુપચુપ બંનેને ઘેડાગાડીમાં બેસાડી જ લીધા.

મુસાફરી દરમ્યાન બંને મિત્રોએ રસ્તામાં આવતાં વિશ્રાંતિગૃહોનો ખાન-પાન માટે, અને ખાસ તો પાન માટે એવો લાભ લીધા કર્યો કે, જ્યારે બર્મિંગહામ નજીક આવ્યું, ત્યારે મિ૦ બેન્જામિન ઍલન તો શૂન્યતાને સાતમે આસમાને જ પહોંચી ગયા હતા.

'ઓલ્ડ રૉયલ' હોટલ આગળ આવીને ગાડી ઊભી રહી. મિ૦ પિકવિક થોડું પરવારી રાતોરાત જ મિ૦ વિંકલના પિતાને મળવા માગતા હતા. એટલે એલનને સોડા પિવરાવી જરા હોંશમાં લાવવાનો પ્રયત્ન કરવો પડ્યો.

રાતે દશના ટકોરા પડતાં જ મિ૦ પિકવિક મિ૦ વિંકલના પિતાના સ્વચ્છ, સુઘડ, અલગ મકાને આવી પહોંચ્યા. વિંકલ ડોસા વાળુ કરવા બેસવાની તૈયારીમાં જ હતા. પણ મિ૦ પિકવિકનું કાર્ડ મળતાં જ એ સૌને મળવા બેઠકના ઓરડામાં આવી પહોંચ્યા.

તે જરા બટકા કદના હતા; તથા મિ૦ પિકવિકને જોઈ તેમણે તેમને હાર્દિક આવકાર આપ્યો. મિ૦ બૉબ સૉયરનું ઓળખાણ તેમના પુત્રના મિત્ર તરીકે મિ૦ પિકવિકે કરાવ્યું. અને મિ૦ બેન્જામિન એલનનું ઓળખાણ કરાવતાં ઉમેર્યું કે, "તમારે માટે હું જે પત્ર લાવ્યો છું, તે વાંચી જોશો એટલે તમને જણાશે કે, આ સદ્‌ગૃહસ્થ તમારા પુત્રના નિકટના સંબંધી છે. તેમનું નામ એલન છે." મિ૦ વિંકલે એલન તરફ જોયું ત્યારે તો તે કચારના ઘેનમાં પડી ગયા હતા. એટલે બૉબે તેમને જગાડવા એક સખત ચીમટી ભરતાં તે ચીસ પાડી જાગી ઊઠ્યા. પછી કોઈ અજાણ્યાને પોતાની સમક્ષ ઊભેલો જોઈ, એકદમ પાંચ મિનિટ સુધી તેમના બંને હાથ પકડી તેમણે હલાવ્યા અને પૂછ્યું, "તમને જોઈને મને ઘણો આનંદ થયો છે; તમે અત્યારે લાંબું ફરી આવ્યા પછી શું પીણું લેશો? કે જમવાના સમય સુધી પીવાનું મુલતવી રાખશો?" આટલું કહી, તે પાછા નીચે બેસી જઈ, શૂન્ય નજરે ચોતરફ નજર કરવા લાગ્યા.

મિ૦ પિકવિકને આ બંને મિત્રોનો વ્યવહાર બહુ મૂંઝવણકર્તા થઈ પડ્યો. મિ૦ વિંકલ-સીનિયર તો અજાયબી પામી આ અનોખાં વ્યક્તિત્વોને નિહાળી જ રહ્યા. મિ૦ પિકવિકે વાતને ઝટ ટૂંકી કરવા ખીસામાંથી એક કાગળ કાઢ્યો અને મિ૦ વિંકલ-સીનિયરને આપતાં કહ્યું, "આ પત્ર તમારા પુત્રે આપેલો છે. તે વાંચીને તમે સમજી

શકશો કે, આ પત્ર ઉપર તમે સહાનુભૂતિભર્યો વિચાર કરો તેના ઉપર જ તમારા પુત્રના ભાવી સુખ તથા યોગક્ષેમનો આધાર છે. તમે એ પત્ર વાંચીને તેમાંના મુદ્દા અંગે કંઈક ચર્ચા કે વિચારણા મારી સાથે કરીને મને આભારી કરશો, એવી મારી ઇચ્છા છે. અગાઉથી ખબર આપ્યા વિના અત્યારે મોડી રાતે જ હું સીધો તમને એ પત્ર આપવા જાતે દોડી આવ્યો છું, તે ઉપરથી તમારા નિર્ણયની અગત્ય તમારા પુત્રને કેટલી ભારે હશે, તેની કંઈક કલ્પના તમે કરી શકશો." તથા પછી પેલા બે જણા તરફ થોડી નજર કરી લઈને મિ૦ પિકવિકે ઉમેર્યું, "અત્યારે તમને આવા અગત્યના કામ માટે મળવા આવવામાં સંજોગો કેવા પ્રતિકૂળ છે, તેનું મને પૂરે-પૂરું ભાન છે, સાહેબ."

મિ૦ વિંકલ-સીનિયર મિ૦ પિકવિકે આપેલો કાગળ હાથમાં લઈ, ચારે બાજુથી જોઈ લઈ, તેનું સીલ તોડી, વાંચવા લાગ્યા. તે વખતે મિ૦ બૉબ સૉયરે તેમના તરફ મોં કરી, ઢીંચણ ઉપર હાથ મૂકી, તેમના વિચિત્ર રીતે ચાળા પાડવા માંડ્યા. મિ૦ વિંકલ-સીનિયરને વહેમ ગયો જ હતો, એટલે તેમણે હાથમાંના પત્રની કોર ઉપરથી નજર કરીને મિ૦ બૉબના ચાળા જોઈ લીધા. મિ૦ બૉબ સૉયર આમ પકડાઈ જવાથી કંઈક છોભીલા બની શાંત થઈ ગયા.

"તમે મને કંઈક કહ્યું, સાહેબ?" ડોસાએ પૂછ્યું.

"ના સાહેબ," બૉબે તદ્દન શાણા માણસની પેઠે જવાબ આપ્યો.

"તમને ખાતરી છે કે, તમે કશું કહ્યું નથી?"

"હા, સાહેબ; તદ્દન ખાતરી છે."

"મને લાગ્યું કે, તમે કંઈક કહ્યું, સાહેબ. કદાચ તમે મારી સામે જોયું હશે, ખરું?"

"ના, સાહેબ, જરા પણ નહિ."

"એ સાંભળી મને ઘણો આનંદ થયો સાહેબ," એટલું ગૌરવ-ભરી રીતે બૉબ સામે ઘૂરકીને મિ૰ વિંકલ-સીનિયરે પત્ર વાંચવાનું શરૂ કર્યું.

મિ૰ પિકવિક તેમના મોં ઉપર થતા ફેરફારો બારીકાઈથી તથા ધબકતા હૃદયે નિહાળી રહ્યા.

મિ૰ વિંકલ-સીનિયરે કાગળ વાંચી લઈ, કાળજીથી તેની ગડી કરી લીધી અને પછી ખડિયામાં કલમ બોળીને પૂછ્યું, "નૅથેનિયલનું સરનામું શું છે, વારુ?"

"'જ્યૉર્જ ઍન્ડ વલ્ચર' હૉટેલ."

"એ ક્યાં આવી?"

"લૉમ્બાર્ડ સ્ટ્રીટમાં."

"શહેરમાં કે બહાર?"

"શહેરમાં."

પછી એ બુઢ્ઢા સદ્‌ગૃહસ્થે વિધિસર ઊભા થઈ સરનામું ટપકા-વેલો એ કાગળ પોતાના ટેબલના ખાનામાં મૂકી દઈ, તેને તાળું મારી દીધું, અને ચાવીઓ પાછી ખીસામાં મૂકતાં મૂકતાં કહ્યું, "તો હવે આપણે વધુ રોકાઈ રહેવું પડે એવું કાંઈ આપણી વચ્ચે બોલવા-કહે-વાનું રહેતું નથી, એમ હું માની લઉં છું."

"બાસ તો કાંઈ બાકી નથી રહેતું સાહેબ, પરંતુ આપણા જુવાન મિત્રના જીવનમાં બનેલી આ નિર્ણાયક ઘટના અંગે તમે કશો અભિ-પ્રાય મને અત્યારે જણાવવા માગતા નથી, સાહેબ?"

"અત્યારે મારે કંઈ કહેવાનું નથી. હું હજુ એ બાબત અંગે વિચાર કરીશ. હું ધંધેદારી–વેપારી માણસ છું, સાહેબ. મને ઉતાવળે કશું બોલીને બંધાઈ જવાની ટેવ નથી. અલબત્ત, જે કંઈ ઉપરચોટિયા નજરે દેખાય છે, તેટલુંય મને બાસ ગમ્યું નથી, એટલું હું કહી શકું છું. હજાર પાઉંડની એ બાઈની મિલકત છે, એ કંઈ વિશેષ ન કહેવાય."

"તમારું કહેવું તદ્દન સાચું છે, સાહેબ," એન એલન બોલી ઊઠ્યા. તેમને તો અર્ધજાગૃત અવસ્થામાં એટલું જ લાગ્યું કે, જાણે પોતાના હજાર પાઉંડ તેમણે ચપટીમાં ખર્ચી નાખ્યા છે; "તમે બહુ સમજદાર માણસ લાગો છો; બૉબ, આ માણસ બહુ ડાહ્યો છે, એની નોંધ અવશ્ય લઈ લે."

"મારા વિષે તમે આવો સારો અભિપ્રાય દર્શાવ્યો એ બદલ હું તમારો આભારી છું સાહેબ," મિ૦ વિંકલ-સીનિયરે એલન તરફ તુચ્છકારભરી રીતે જોઈને કહ્યું; "વાત એમ છે કે, મિ૦ પિકવિક, જ્યારે મેં મારા છોકરાને (તમારી દેખરેખ હેઠળ) અનુભવે ઘડાવા માટે એક વરસ ફરવા હરવાની પરવાનગી આપી, ત્યારે તે આમ પરણી બેસશે, એ વસ્તુની કલ્પના સરખી મને નહોતી. મારો પુત્ર બરાબર જાણે છે કે, હું તેના તરફથી આ કારણે મારું મોં પાછું ફેરવી લઉં તો તેણે નવાઈ પામવાની નહિ હોય. તેને થોડા વખતમાં મારા તરફથી લેખિત જવાબ મળશે. મિ૦ પિકવિક, ગૂડ-નાઈટ, સાહેબ; માર્ગરેટ, બારણું ઉઘાડ."

આ દરમ્યાન બૉબ એલનને કંઈક કહેવા ગોદાવ્યા કરતો હતો. તે હવે એકદમ તડૂકી ઊઠ્યો, "સાહેબ, તમારે આમ બોલતાં શરમાવું જોઈએ."

"હા, હા, એ યુવતીના ભાઈ તરીકે તમને તમારો અભિપ્રાય બાંધવાનો હક છે, એ હું કબૂલ કરું છું; પરંતુ, હવે આ પ્રસંગ પૂરો કરો; મિ૦ પિકવિક, ગૂડ-નાઈટ."

આટલું કહી ડોસાએ સૌને સીધું બારણું જ બતાવી દીધું.

મિ૦ પિકવિક હવે આકળા થઈને બોલી ઊઠ્યા, "તમે તમારી આ વર્તણૂક બદલ જરૂર પસ્તાવાના છો, સાહેબ."

"અત્યારે તો હું એથી ઊલટા જ અભિપ્રાયનો છું – તમારા શિષ્યે જ આ પગલું ભરીને જિંદગીભર પસ્તાવાપણું છે; પણ તમને હું 'ગૂડ-નાઈટ' વાંછું છું, સાહેબ."

મિ૦ પિકવિક ગુસ્સામાં ઠેકડા ભરતા બહાર રસ્તા ઉપર ચાલી આવ્યા. પેલા બે જણ પણ તેમની પાછળ પાછળ લથડિયાં ખાતા આવ્યા.

## ૪૯

## છેલ્લી લાત

બૉબ અને ઍલનનો મિ૦ વિંકલ અને આરાબેલાની સાથે ભેટો કરાવીને બીજો ભૂંડો પ્રસંગ ઊભો થતો ટાળવાના વિચારથી, મિ૦ પિકવિક 'જ્યૉર્જ ઍન્ડ વલ્ચર' હૉટેલથી થોડે દૂર ઊતરી ગયા અને બે બંને જુવાનિયાઓનો ઉતારો જુદી એક હૉટેલમાં ગોઠવી દીધો.

સૅમ 'જ્યૉર્જ ઍન્ડ વલ્ચર'ના બારણા આગળ આવ્યો એટલે મિસિસ વિંકલની નોકરડી તરીકે રહેલી મૅરી તેને સામે મળી.

મિ૦ પિકવિક અંદર દાખલ થઈ ગયા એટલે સૅમે મૅરીને કહ્યું, "વાહ, શું મીઠું મીઠું મોં છે?"

"જાઓ, જાઓ, આ બધું શું કરો છો, મિ૦ વેલર! મારા વાળ કેવા બગાડી નાખ્યા? જુઓને ચાર દિવસથી તમારો એક કાગળ આવીને પડ્યો છે, તે મેં સાચવી રાખ્યો છે; પણ તમને એ કાગળ માગવાનીય ફુરસદ કયાં છે? કોણ જાણે મેં કયાં મૂકયો હશે? ઠેકાણે રહ્યો હોય તો સારું, નહીં તો મારે માથે બદનામી આવશે." એમ કહી મૅરીએ એ કાગળ પોતાનાં કપડાંમાં આમ તેમ ફંફોસી, છેવટે છાતી ઉપર બાંધેલા સુંદર કાપલા હેઠળથી કાઢી આપ્યો. સૅમે એ બદલ મૅરીનો યોગ્ય રીતે આભાર માન્યો.

પછી સૅમ મૅરી સાથે એક બારીની કિનાર ઉપર બેસી એ કાગળ વાંચવા લાગ્યો. તરત તે બોલી ઊઠ્યો, "અરે આ શું છે?" મૅરી તેના બ્લા આગળ મોં રાખી એ કાગળ તરફ નજર કરીને બોલી ઊઠી, "શી વાત છે? કંઈ માઠા સમાચાર તો નથી?"

પણ મેરીએ એ પ્રશ્ન પૂછતી વખતે એવી મીઠી ચિંતાભરી નજર કરીને સેમ સામે જોયું હતું કે, સેમ માટે એ આંખોનું આકર્ષણ અનુલ્લંઘનીય બની ગયું.

"જાઓ, જાઓ, મારી આંખો સામું શું જોયા કરો છો? તમારો કાગળ વાંચોને!"

"કુરબાન જાઉં આ મીઠીમધ આંખો ઉપર," સેમથી બોલ્યા વિના ન રહેવાયું.

એ કાગળ વેલર ડોસાએ સ્વહસ્તે લખ્યો હતો. તેમાં તેની નવી-મા પેલા પાદરીનું ભાષણ સાંભળવાના લોભમાં મોડી રાત સુધી ખુલ્લામાં કેવી રીતે બેસી રહી, અને પરિણામે તેને શરદી લાગી ગઈ, એની વાત માંડીને લખી હતી. "પેલા પાદરીએ બ્રાન્ડી અને પાણીનું મિશ્રણ પીને ચાવી ચડાવીને ભાષણ માંડ્યે જ રાખ્યું. તારી માએ પણ પેલા પાદરીની સાથે જ શરૂઆતમાં ખૂબ બ્રાન્ડી પીધેલી હોઈ, તે પણ ઘેનમાં ને ઘેનમાં ખુલ્લામાં છેવટ સુધી બેસી રહી. ડાક્ટર કહે છે કે, તેણે જો શરૂઆતમાં બ્રાન્ડી પીવાને બદલે છેવટે પીધી હોત તો આવું ન થાત. તેનાં પૈડાં ઊંજવાનું ને સાફ કરવાનું કામ તરત દાક્તરે શરૂ કરી દીધું, પણ તેનું ગાડું બેટે ઢાળે ગબડવા માંડ્યું તે છેવટે બધું છૂટું પડી ગયું ત્યાં સુધી થોભ્યું જ નહિ. એટલે મંગળવારે સાંજે છ વાગ્યામાં તો તેનું છેલ્લું નાકું ચૂકવી દઈ, તે વિદાય થઈ ગઈ. હવે તું એક વખત અહીં આવી જઈને મને મળી જશે તો મને સારું લાગશે. હું એકલો પડી ગયો છું. અને તારી માના વીલમાં જણાવેલી ઘણી બાબતોનો નિકાલ લાવવાનો છે. તારા ગવંડર તને અહીં આવવાની રજા જરૂર આપશે. તેમને મારા સલામ કહેજે."

—ટોની વેલર

સેમે કાગળ બે વાર વાંચીને પૂરો કર્યો. તેણે મેરીને કહ્યું, "તો એ ગઈ! સ્વભાવે બહુ સારી બાઈ હતી; પણ પેલા પાદરીઓના

સાથમાં તે ખોટે રવાડે ચડી ગઈ ન હોત, તો સુખી થાત અને સુખી કરત. પણ જે થવાનું હતું તે થઈ ગયું. હવે તેનો કંઈ ઉપાય નથી; જેમ પેલી બુઢ્ઢી બાનુએ પોતાના પદાતી સાથે લગ્ન કરી લીધા બાદ કહ્યું હતું તેમ. ઠીક, મૅરી, તો હું મારા શહેનશાહ પાસે રજા માગવા જાઉં છું. તો આવજે, વિદાય !"

"આવજો."

"પણ મારી સાથે છેવટના હસ્તધૂનન પણ નહીં કરે?"

ફૂટડી મૅરીએ પોતાનો હાથ આગળ ધર્યો. એ હાથ નોકરડીનો હતો, છતાં નાનો સુંદર હતો.

"હું લાંબો વખત ઘેર-હાજર નહિ રહું."

"તમે તો બહાર જ રહો છો; આવ્યા તો નહીં, તે પહેલાં પાછા ચાલ્યા!" મૅરીએ ડૂસકું ખાતાં જણાવ્યું. સૅમે તેને પાસે ખેંચી. પછી જ્યારે તેઓ છૂટાં પડ્યાં ત્યારે મૅરીને પોતાના કમરામાં જઈ પોતાના માથા ઉપરનું બોચિયું અને વાળ સમાં કરી લેવાં પડ્યાં.

મિ૦ પિકવિકે સૅમને તરત રજા આપી, એટલું જ નહિ પણ તેના પિતાને પોતાની કંઈ મદદની જરૂર હોય તો તરત સંદેશો કહેવરાવવા જણાવ્યું.

સૅમની નવી-માની માલિકીની 'માર્કિવસ ઑફ ગ્રેન્બી' આવી પહોંચતાં સૅમ ગાડીમાંથી નીચે ઊતર્યો. દફનક્રિયા તે દિવસે પતી ગઈ હતી, અને ડોસો એક ખુરશી ઉપર વિચારમાં પડી જઈ શાંત બેઠો હતો.

સૅમને જોઈ ડોસો ખુશ થયો. આડી અવળી થોડી વાત થયા પછી, ડોસાએ કહ્યું, "દીકરા, સૅમી, મને રહી રહીને એમ લાગી આવે છે કે, તે ગઈ એ બહુ ખોટું થયું."

સૅમે ડોકું ધુણાવી તે વાતમાં સંમતિ દર્શાવી.

"અને દીકરા, મરતા પહેલાં તે કેટલીક વાતો કરતી ગઈ, તે બહુ સમજદાર વાતો હતી. તે બોલી, 'મને હવે બહુ વિચાર આવે

છે કે, તમારી સાથે હું સારી રીતે વર્તી નહીં. તમે બહુ ભલા માયાળુ હૃદયના માણસ છો; અને મેં ધાર્યું હોત તો તમારું ઘર મેં સુખશાંતિથી ભરી કાઢયું હોત. પણ હવે બહુ મોડું થઈ ગયું ત્યારે પસ્તાવાનો અર્થ નથી. પરણેતર બાઈએ દેવળ-મંદિરમાં ધર્મ-કર્મ તરફ લક્ષ આપવા પહેલાં પોતાના ઘરનાં ધર્મ-કર્મ પ્રથમ સંભાળવાં જોઈએ. મેં ઘર તરફ છેક જ દુર્લક્ષ રાખ્યું, અને બહારનાં માન-પાન તરફ જ વધારે લક્ષ રાખ્યું. મારો સમય, શક્તિ અને મિલકત મેં નકામાં વેડફી નાખ્યાં. પણ હું મરી જાઉં ત્યારે હું પેલા પાદરીઓને રવાડે ચડી તે પહેલાં જેવી હતી તેવી મને યાદ કરજો. હું મૂળે આવી નહોતી.' સૅમિવેલ, મને એના એ શબ્દો યાદ આવી બહુ ઓછું આવી જાય છે. મેં તેને જવાબ આપ્યો, 'સુસાન, તું બહુ સારી અને બહુ લાયક પત્ની નીવડી છે. માટે મનમાં બીજો કશો વિચાર ન કરીશ. તું હજુ પણ સાજી થવાની જ છે; અને હું પેલા સ્ટિગિન્સનું માથું ફોડી નાખીશ તે નજરે જોવાની છે.' તે મારી વાત સાંભળીને હસી પડી, પણ છતાં છેવટે મરી જ ગઈ."

સૅમને પણ પોતાની નવી-માના આખરી શબ્દો સાંભળી લાગણી થઈ આવી. છતાં આશ્વાસન આપવા પૂરતો તે બોલ્યો, "ઠીક, ગવર્નર, આપણે બધાને છેવટે એ રસ્તે જ જવાનું છે."

"ખરી વાત છે, દીકરા," ડોસાએ જવાબ આપ્યો.

"પણ એટલામાં પડોશની એક ધિંગી બાઈ ત્યાં આવી પહોંચી અને ડોસાને કંઈક પીવા આગ્રહ કરવા લાગી.

ડોસાએ ના પાડી, તેમ પેલી વધુ આગ્રહ કરવા લાગી.

છેવટે ડોસો ચિડાઈ ગયો. પેલી બાઈ, દુઃખથી માણસો કેવા ચીડિયા બની જાય છે, એ વાત બોલતી બોલતી છણકો કરીને ચાલી ગઈ.

ડોસાએ કહ્યું, "દીકરા, સૅમિવેલ, જ્યારથી તારી નવી-મા મરી ગઈ, ત્યારથી આ બધી પડોશણ બાઈઓનો મારા પ્રત્યેનો ભાવ

એકદમ ઊભરાઈ ગયો છે. તેઓ કંઈ ને કંઈ ખાવાનું ને પીવાનું લઈને આવે છે, અને મારી આગળ કંઈ કંઈ વાતો કરી જાય છે. તેઓ બધી જ વિધવાઓ છે, અને તેઓ મને પરણી નાખવા માગે છે! અને જો હું અહીં એકાદ અઠવાડિયું વધુ થોભ્યો, તો આ જાડી તો મને બળજબરીથી પરણી જશે. એટલે હું તો મારી કોચ-ગાડી ઉપર જલદી ચાલ્યો જવા માગું છું."

"પણ તો પછી આ દુકાનનું શું કરવા ધાર્યું છે?"

"એ બધું માલ-સામાન, ગૂડવીલ સાથે વેચી નાખવાનું છે; અને જે પૈસા આવે તેમાંથી અઠ્ઠીસો પાઉંડ તારી નવી-માએ તારે નામે પેલા કશામાં રોકવાના કહ્યા છે."

"કયા કશામાં?"

"શહેરમાં જે ઊંચે ચડ્યા કરે છે ને નીચે પડ્યા કરે છે, તેમાં."

"ઑમ્નીબસમાં?"

"ના, ના, જે ચડ-ઊતર કર્યા કરે છે, અને ફાવે તેમ દેશના દેવામાં ને બધે અટવાયા કરતા કહેવાય છે, એ."

"સરકારી કાગળિયાંમાં, ખરું?"

"હા, હા, સાડાચાર ટકાનાં; બાકીના પૈસા તારે નામે રોકવાના છે અને હું મરી જાઉં ત્યાર પછી તે બધા તને મળશે. પણ કોઈ વિધવાને તારી મિલકતની ખબર ન પડી જાય, એ જાળવજે; નહીં તો તે તને પરણી પાડશે અને તારું આવી બનશે, દીકરા."

તે જ ઘડીએ બારણા ઉપર કોઈના ટકોરા પડ્યા.

વેલર-ડોસાએ કહ્યું, "ભલે ટકોરા માર્યા કરે; હશે કોઈ વિધવા!"

કોઈએ બારણું ઉઘાડ્યું નહિ એટલે ટકોરા મારનારે પોતે જ બારણું ઉઘાડ્યું અને માથું અંદર ઘાલ્યું. એ માથું કોઈ સ્ત્રીનું ન હતું પણ મિ૰ સ્ટિગિન્સનું પોતાનું હતું.

તેણે અંદર આવી બારણું જાળવીને બંધ કર્યું અને પછી સૅમ તરફ નજર કરી, કુટુંબ ઉપર આવી પડેલ મહા-શોકમાં સહાનુભૂતિ

દાખવવા હાથ તથા આંખો આકાશ તરફ ઊંચાં કર્યાં, અને પછી અંગીઠી તરફ ખુરશી ખેંચી જઈ તેણે આંખોએ રૂમાલ દાબવા માંડ્યો.

વેલર-ડોસો આ પાદરાની હિંમત જોઈ, આશ્ચર્યચકિત થઈ તેના તરફ જોઈ રહ્યો. અને સેંમ પણ આ અણગમતી મુલાકાતનું શું પરિણામ આવે છે, તે જાણવા ઇંતેજાર બની ગયો.

સ્ટિગિન્સ થોડી વાર રૂમાલ આંખો ઉપર રાખી બેસી રહ્યો. પછી સેંમ તરફ જોઈને બોલ્યો, "મારા જુવાન મિત્ર, આ તો ભારે શોકજનક વિપત્તિ આવી પડી કહેવાય."

સેંમે સહેજ ડોકું હલાવી સંમતિ દર્શાવી.

"તારા નાસ્તિક પિતા માટે પણ. પરંતુ, સેંમ, હું એ જાણવા માગું છું કે, તારી માએ અમારા દેવળ માટે—મંડળ માટે કંઈ રકમ વીલમાં મૂકી છે કે કેમ?"

"ના, ના કંઈ મૂક્યું નથી. ભરવાડ માટે પણ નહિ કે તેનાં ઘેટાં માટે પણ નહિ કે તેના કૂતરાઓ માટે પણ નહિ," સેંમે જવાબ આપ્યો.

"મારે માટે પણ કંઈ નહિ, સેંમ્યુએલ?"

સેંમે ડોકું હલાવ્યું.

"કંઈક તો હશે જ; કંઈક પ્રતીક જેવું પણ કશુંક."

"ના, ના, તમારી જૂની છત્રીની કિંમત જેટલું પણ નહિ."

"કદાચ, તારા નાસ્તિક પિતાને તેણે મારી કાળજી રાખવાનું તો કહ્યું જ હશે."

"કદાચ એમ બન્યું હોય; મારા બાપુ હમણાં તમારી જ વાત કરતા હતા."

"એમ? તો તો તેમનો આ વિપત્તિથી સારો હૃદયપલટો થયો કહેવાય. તો તો અમે બંને હવે નિરાંતે સાથે રહી શકીશું. તે બહાર ગયા હશે ત્યારે હું તેમની મિલકતની સંભાળ પણ રાખીશ. અને બહુ સારી સંભાળ રાખીશ, સેંમ્યુએલ!"

આટલું કહી મિ૦ સ્ટિગિન્સ હવે કંઈક સ્વસ્થ થઈ ઊભા થયા અને એક જાણીતી અભરાઈ પાસે જઈ, તેના ઉપરથી એક ટંબલર લઈ તેમણે તેમાં ચાર ઢેફાં ખાંડ નાખી; પછી તેમાં પાઈન-એપલ રમ ઉમેરી એક ઊકળતી કીટલીમાંથી પાણી લઈ આખું ટંબલર ભરી કાઢ્યું. પછી તેમાંથી એક મોટો ઘૂંટડો ભરી, તે શ્વાસ લેવા થોભ્યા.

ડોસો વેલર અત્યાર સુધી તો માત્ર જોઈ જ રહ્યો હતો; પણ હવે તે ઝટપટ ઊઠ્યો. તેણે તેના હાથમાંથી ટંબલર ઝૂંટવી લીધું અને અંદરનું પ્રવાહી તેના મોં ઉપર જોરથી ઝાપટયું. પછી તેને કૉલરથી પકડી તેણે તેના આખા શરીર ઉપર લાતો તથા ઠોંસા ઠોકવા માંડ્યા.

પછી એ જ રીતે ઠોંસા અને લાતો લગાવતો તેને ધકેલીને બહારના બારણા આગળ લઈ ગયો, અને ત્યાં પણ વધુ જોરથી ઠોકાઠોક શરૂ કરી.

બિચારો સ્ટિગિન્સ વેલર-ડોસાના હાથમાં માછલું તરફડે તેમ તરફડવા લાગ્યો. પછી બહાર ઘોડાઓને પાણી પાવાના હવાડા પાસે લઈ જઈ, ડોસાએ તેનું મોં તેમાં ઝબકોળી દીધું. છેવટે જ્યારે તે ડૂંધાઈને મરી જશે એમ લાગ્યું, ત્યારે જ તેણે તેનું મોં ઊંચું આવવા દીધું.

ત્યાર બાદ પોતાના આખા શરીરની સમગ્ર તાકાત પોતાની છેલ્લી લાતમાં કેન્દ્રિત કરી, તેણે તેના પૂંછડા ઉપર લગાવી દીધી અને મોટેથી કહ્યું, "સાલા, આળસુના પીર, હજુ તમારા બીજા ભરવાડોને પણ અહીં આવવા દેજે, એટલે તેમનું મારી મારીને ચૂરમું કરી આપીશ."

## ૫૦

# કેટલીક વિદાય : ભાવભરી અને કડવી

### ૧

આરાબેલાને ધીમે ધીમે, આઘાત ન લાગે તેમ મિ૦ પિકવિકે મિ૦ વિંકલ-સીનિયર સાથેની પોતાની મુલાકાતનો અહેવાલ સંભળાવ્યો, ત્યારે તે બિચારી પિતા-પુત્ર વચ્ચે આવા કારમા અણબનાવનું નિમિત્ત બનવા બદલ કલ્પાંત કરવા લાગી.

"વહાલી મીઠડી, એમાં તારો શો વાંક છે? એ ડોસા પોતાના પુત્રના લગ્નનો આટલો બધો વિરોધ કરશે, એ પહેલેથી કલ્પી શકાય તેમ જ નહોતું. અને તે ડોસા પોતાના કેવા સદ્‌ભાગ્યને પોતાને હાથે પોતાની પાસેથી દૂર ઠેલી રહ્યા છે, એ જોઈ, મને તેમના ઉપર ખરે-ખર દયા આવે છે."

"પણ આમ જ જો તે અમારા પ્રત્યેનો અણગમો કાયમ રાખશે, તો અમારું શું થશે?"

"હજુ તેમના જવાબની રાહ જોઈએ, વહાલી; તેમને પણ વિચાર કરવા દેવો જોઈએ."

"પણ નૅથેનિયલના બાપુ પોતાની મદદ પાછી ખેંચી લેશે તો નૅથેનિયલનું શું થશે?"

"જો એમ બનશે, મીઠડી, તો હું ભવિષ્ય ભાખું છું કે, તારા વહાલા પતિનો કોઈ શુભેચ્છક મિત્ર તેને જગતમાં ઉચિત સ્થાને પહોંચાડવા માટે મદદે દોડી આવવામાં પાછી પાની નહિ જ કરે."

આરાબેલા એ વાક્યમાં રહેલું સૂચન સમજી ગઈ. તેણે તરત પોતાના બંને હાથ મિ૦ પિકવિકના ગળાની આસપાસ વીંટી દીધા, અને તેમને વહાલપૂર્વક ચુંબન કરતાં કરતાં વધુ જોરથી ડૂસકાં ભરવા માંડ્યાં.

"સાંસતી થા, મીઠડી; તારા પતિના પત્રનો કશોક જવાબ ડોસા જરૂર આપશે. તેની આપણે હજુ થોડા દિવસ અહીં જ રોકાઈને રાહ જોઈશું. પછી જો તે છેક જ ખસી જશે, તો મારી પાસે ડઝનેક યોજનાઓ તૈયાર છે, જેમાંથી એક પણ તમને બંનેને એકદમ સુખી કરી મૂકશે."

## ૨

બીજે દિવસે સવારે પિકવિક આ જુવાનડાંનો જ વિચાર કરતા કરતા, મિ૦ પર્કરનો હિસાબ ચૂકતે કરવા નીકળ્યા.

મિ૦ પર્કર હજુ ઑફિસે આવ્યા ન હતા. ગુમાસ્તા લેાટને મિ૦ પિકવિકને જણાવ્યું કે, "ગઈ કાલ રાતે અમારે તમારા મિત્ર મિ૦ જિંગલનું દેવું પાઉંડે દશ શિલિંગ લેખે ચૂકવવાની ખટપટમાં મોડી રાત સુધી જાગવું પડયું હતું. પણ એ બધું હવે બરાબર પતી ગયું છે."

મિ૦ પિકવિકે એ જાણી આનંદ પ્રદર્શિત કર્યો. લેાટને ઉપરાંતમાં જણાવ્યું કે, "લિવરપુલની પેઢીવાળાએ જણાવ્યું છે કે, તમે ધંધામાં હતા ત્યારે તમે એમને કેટલીય વાર મદદ કરી છે; એટલે તે તમારી ભલામણથી મિ૦ જિંગલને પેાતાની નોકરીમાં લેવા તૈયાર છે, અને તે તેમને ડેમેરેરા મોકલી આપશે."

"વાહ એ તો બહુ સારું થયું."

"પણ એનો દોસ્ત કહેા કે નોકર કહેા, પેલેા ટ્રૉટર, તેને મિ૦ પર્કર અઠવાડિયે અઢાર શિલિંગને પગારે પેાતાની ઑફિસમાં રાખી લેવા તૈયાર હતા, પણ તેય મિ૦ જિંગલ સાથે ડેમેરેરા જવા માગે છે. છેવટે મિ૦ પર્કરે ફરીથી લખાપટ્ટી ચલાવી, અને તેને પણ મિ૦ જિંગલ સાથે જ વેસ્ટ ઇંડિઝ મોકલવાની વ્યવસ્થા કરી દીધી છે."

પણ એટલામાં મિ૦ પર્કરનાં પગલાં સંભળાયાં અને મિ૦ પિકવિક મિ૦ પર્કરને પેાતાના મિત્રને જ મળતા હેાય એ ઉમળકાથી મળ્યા.

મિ૦ જિંગલ અને જૉબ ટ્રૉટર પણ સાથે જ હતા. મિ૦ જિંગલે પોતાની તૂટક ભાષામાં 'પોતાના જીવનદાતા, આશ્રયદાતા'નો ખૂબ ખૂબ આભાર માન્યો. તથા પોતાને મદદ કરવા બદલ મિ૦ પિકવિકને કંઈ પસ્તાવો નહીં કરવો પડે એવી ખાતરી આપી.

'ક્યારે લિવરપુલ બંદરે જવા ઊપડવાના છો', એવા પ્રશ્નના જવાબમાં જૉબે જ જણાવ્યું, "આજે સાંજે સાત વાગ્યે, સાહેબ. ક્વાચમાં બેઠકો મેળવી લીધી છે."

"પણ તુંય મિ૦ જિંગલ સાથે જવા માગે છે?"

"હા, સાહેબ; જિંદગીમાં એ એક સિવાય મારે બીજા કોઈ મિત્ર નથી; અને હું છેવટ સુધી તેમની સાથે જ રહેવા માગું છું."

મિ૦ પર્કરે હવે લિવરપુલ પહોંચી ત્યાંના એજંટને આપવાનો પત્ર મિ૦ જિંગલના હાથમાં મૂકી દીધો, તથા ફરી વાર સલાહ આપી કે, "વેસ્ટ ઇંડિઝ જઈને પણ પાછા સમા-સખના રહેજો. આ તક તમારા માટે છેલ્લી છે. અને તેનો લાભ ઉઠાવવાનો પૂરો પ્રયત્ન કરજો. ગેરલાભ લેવાનો નહિ."

મિ૦ જિંગલે મિ૦ પિકવિકને તથા મિ૦ પર્કરને ફરીથી ખાતરી આપી કે, અમને મદદ કરીને તમારે જરાયે પસ્તાવું નહિ પડે.

બંને જણ વિદાય થયા એટલે મિ૦ પિકવિકે મિ૦ પર્કરને કહ્યું, "મને આશા છે કે, આ લોકો સુધરી જશે."

મિ૦ પર્કરે કહ્યું, "હમણાં હમણાં તો તેમને તાજેતરના દુઃખનો ડંખ યાદ છે, એટલે તેઓ સીધા ચાલશે. પણ પછી એ ડંખ ઘસાઈ જતાં તેઓ શું કરે છે, એ મુદ્દાની વાત છે. પરિણામ ગમે તે આવે, પરંતુ તમારો હેતુ તો બહુ ઉમદા છે, એ હું કબૂલ કરું છું. બહુ સાવચેતીભરી કે દીર્ઘસૂત્રી મદદ કરવા જનાર ખરેખર કોઈને મદદ કરી શકતો જ નથી. એના કરતાં તો આ બંને જણ આવતી કાલે જ ચોર-ડાકુ બની જશે, તોપણ આજે તમે જે કર્યું છે, તે માટેનો મારો અભિપ્રાય તો જેવો ને તેવો સારો જ રહેશે."

પછી મિ૦ પિકવિકે મિ૦ વિકલના પિતાના જક્કીપણાની. અને આડાઈની વાત કાઢી.

મિ૦ પર્કરે કહ્યું, "એક અઠવાડિયું હજુ તેમને આપો."

"એક અઠવાડિયામાં તે માની જશે, એમ તમે માનો છો, મિ૦ પર્કર ?"

"મને લાગે છે કે તે જરૂર માની જશે. અને નહિ માને તો પછી આપણે જુવાન આરાબેલાની મીઠી જીભને ઉપયોગમાં લેવી પડશે. આમેય, આખી દુનિયામાં તમે જ એવા માણસ હશો કે જેમને એનો ઉપયોગ કરવાનું ન સૂઝ્યું !"

પણ એટલામાં લેાટને આવી બારણું ખખડાવ્યું. રજા મળતાં અંદર આવીને તેણે મિ૦ પર્કરને જણાવ્યું, "ડૉડસન અને ફૅોગ તમને મળવા આવ્યા છે."

મિ૦ પર્કરે તરત મિ૦ પિકવિકને જણાવ્યું, "હિસાબ કરવા મેં તેમને સાડા અગિયારે બેાલાવ્યા હતા. પણ તમે શું કરશેા ? બીજા કમરામાં ચાલ્યા જશેા કે અહીં બેસી રહેશેા ?"

"વાહ, મારે તેમનાથી શા માટે શરમાવું પડે ? તેઓને ખરી રીતે મારા મેાં સામું જેતાં શરમાવાનું હેાય." મિ૦ પિકવિકે પુણ્યપ્રકેાપની દશામાં આવી જઈને જણાવ્યું.

"તેા સાહેબ, તમે ખરેખર વિચિત્ર ભૂલમાં છેા. ડૉડસન અને ફૅોગ તમારાથી છપાય કે શરમાય, એવું તમારા સિવાય બીજું કેાઈ ન માને. મિ૦ લેાટન તેમને અહીં જ મેાકલેા જેાઉં."

તે બંને અંદર આવતાં, મિ૦ પર્કરે તેમને જણાવ્યું—

"આ મિ૦ પિકવિક છે; તમે તેમને પહેલાં જેાયા છે, એમ હું માની લઉં છું."

"વાહ, કેમ છેા, મિ૦ પિકવિક ?" ડૉડસને મેાટે અવાજે કહ્યું.

"વાહ, વાહ, કેમ છેા, મિ૦ પિકવિક ? આશા રાખું છું, તમારી તમારી તબિયત સારી હશે." ફૅોગે સૂર પુરાવ્યેા.

પછી તેઓએ કાગળો કાઢી હિસાબ કર્યો તો એકસો છત્રીસ પાઉંડ, છ શિલિંગ, ચાર પેન્સ ચૂકવવાના થયા. મિ૦ પર્કરે ચેક તૈયાર કરવા માંડ્યો.

દરમ્યાન ડૉડસને મિ૦ પિકવિકને માયાળુપણે પૂછ્યું, "તમને છેલ્લા મેં જોયા તેવા હૃષ્ટપુષ્ટ તમે હમણાં લાગતા નથી, સાહેબ."

મિ૦ પિકવિકનો ગુસ્સો ઊભરાવા લાગ્યો. તેમણે જવાબ આપ્યો, "ખરી વાત છે, સાહેબ; હમણાંનાં મારે કેટલાક બદમાશો સાથે પાનાં પડ્યાં હતાં, જેમણે મને સતાવવામાં અને પજવવામાં કસર રાખી નથી."

મિ૦ પર્કર જોરથી ખોંખારા ખાવા લાગ્યા. તેમણે મિ૦ પિકવિકને પૂછ્યું, "તમારે આજ સવારનું છાપું વાંચવું છે, સાહેબ?"

મિ૦ પિકવિકે ઘસીને ના પાડી.

પૈસાનો ચેક ફૉગે ખીસામાં મૂકી દીધો, પછી તેણે મિ૦ પિકવિક તરફ સંતોષની નજરે જોતાં જોતાં કહ્યું, "મને લાગે છે કે, આજે હવે તમને અમારા વિષે તે દિવસે જેવું લાગ્યું હતું, તેવું ખોટું નહિ લાગતું હોય, ખરુંને સાહેબ?"

"શા માટે લાગે?" ડૉડસને ખોટી રીતે દૂભવવામાં આવેલા નિર્દોષ માણસની અદાથી કહ્યું; "હવે મિ૦ પિકવિક આપણને વધુ સારી રીતે ઓળખતા થયા હશે. આપણા ધંધાના માણસો વિષે તેમનો ગમે તે અભિપ્રાય હોય, પણ હું તેમને ખાતરી આપવા માગું છું કે, તે દિવસે આપણી ઑફિસમાં આવીને આપણું જે અપમાન કરી ગયા હતા, તે હું જરાય યાદ રાખવા માગતો નથી."

"ના ના; હું પણ ભૂલી જ જવા માગું છું," ફૉગે જણાવ્યું.

"અમારી વર્તણૂક જ અમારો સાચો પરિચય તમને આપશે. અમે આ ધંધામાં વરસોથી છીએ, અને અમને અમારા ઉત્તમ અસીલોનો વિશ્વાસ પ્રાપ્ત કરવાનું બહુમાન મળેલું છે."

મિ૦ પર્કરે હવે એ લોકો ઝટ વિદાય થાય તે માટે લેટનને બારણું ઉઘાડવા કહ્યું.

મિ૦ પિકવિક તરત જ વચ્ચે આવી બોલી ઊઠ્યા, "થોભો, થોભો, મારે કંઈક કહેવું છે."

મિ૦ પર્કરે કહ્યું, "સાહેબ, વાત જ્યાં છે ત્યાં જ થોભાવી દો; મિ૦ પિકવિક, હું વિનંતી કરું છું."

"ના, ના; મને આ લોકો આમ દબાવી જાય, એ હું જરાય સાંખી લેવાનો નથી. મિ૦ ડૉડસન તમે અને તમારા ભાગીદારે હમણાં જાણે મારી તરફ મહેરબાની કરી ક્ષમાભાવ દાખવતા હો તેવી વાત કરી. પરંતુ તમારા જેવાની પાસેથી પણ એવી ધૃષ્ટતાની મેં આશા રાખી નહોતી."

"આપને શું કહેવું છે, સાહેબ?" ડૉડસન બોલી ઊઠ્યો.

"હાં, આપને શું કહેવું છે, સાહેબ?" ફૉગે પુનરુક્તિ કરી.

"તમે જાણો છો કે, હું તમારા બદમાશીભર્યા દુષ્ટ કાવતરાનો ભોગ બન્યો હતો. તમે જાણો છો કે, તમે મને જેલમાં પુરાવ્યો હતો, તથા હવે લૂંટ્યો છે. તમે ફરિયાદીના વકીલ છો, એ પણ જાણો છો."

"હા, સાહેબ અમે જાણીએ છીએ," ડૉડસને જવાબ આપ્યો.

"અલબત્ત, અમે જાણીએ જ છીએ," ફૉગે ચેકવાળું ખીસું અજાણમાં જ થાબડતાં કહ્યું.

"તમારાં એ બધાં કારનામાં વિષે મારો અભિપ્રાય શો છે એ હું તમને મોઢામોઢ સંભળાવી દેવા માગતો હતો; પણ મારા પ્રિય મિત્ર મિ૦ પર્કર મને ના પાડી રહ્યા હતા. પરંતુ તમે જે ઠસ્સાથી મારી સાથે વાત કરી, તે જોઈ હું આભો જ બની ગયો છું." આમ કહી મિ૦ પિકવિક ફૉગ તરફ એવા જુસ્સાથી વળ્યા કે, તે એકદમ બારણા તરફ ધસી ગયો.

ડૉડસન એ સૌમાં કદાવર માણસ હતો, પણ તે તો ફૉગની પાછળ પહેલો ભરાઈ જઈને બોલવા લાગ્યો, "મિ૦ ફૉગ, ભલે તમારા ઉપર તે હુમલો કરે; કશોય સામનો ન કરતા."

"ના, ના; હું કશો વળતો હુમલો હરગિજ કરવાનો નથી."

"તમે બંને બદમાશ, રાસ્કલ, હીન ડાકુઓ છો," મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

"જુઓ, સાહેબો, હવે તમારે વિશેષ રોકાવાની કંઈ જરૂર નથી; મિ૦ પિકવિકને જે કહેવું હતું તે તમે સાંભળી લીધું છે. હવે મહેરબાની કરી વિદાય થાઓ." મિ૦ પર્કર ઉતાવળા બોલી ઊઠ્યા.

"ઇંગ્લેંડ દેશમાં કાયદો નામની ચીજ હશે, તો તમારે સાહેબ તમારી આ વર્તણૂકથી પસ્તાવાનું થશે, એની ખાતરી રાખજો," ોડસને મિ૦ પિકવિકને કહ્યું.

"તમે બંને બદમાશ, ...—"

"યાદ રાખજો, સાહેબ, તમારે આ માટે મોંઘી કિંમત ચૂકવવી પડશે," ફોગે કહ્યું.

"—હીન ડાકુઓ છો," મિ૦ પિકવિકે એમની ધમકીઓ જરા પણ લક્ષમાં લીધા વિના વાકય પૂરું કર્યું.

પેલા બંને હવે દડબડ દાદર ઊતરવા લાગ્યા એટલે મિ૦ પિકવિકે દાદરને મથાળે જઈ પહોંચી ઘૂમ પાડી, "ડાકુઓ!"

મિ૦ પર્કર અને લોટન મિ૦ પિકવિકને પકડી રાખવા તરત દોડી આવ્યા.

પણ મિ૦ પિકવિક એ બંનેના હાથમાંથી જોર કરીને છૂટી ગયા અને દાદરની બારી ઉઘાડી, બહાર જોઈને પેલાઓને સંભળાવતા બોલ્યા, "ડાકુઓ!"

મિ૦ પિકવિક હવે બારીમાંથી મોં પાછું ખેંચી લઈ, હસતે શાંત ચહેરે ઑફિસમાં પાછા આવ્યા.

પર્કરે આખી દાબડી તપખીર નાકમાં ખેંચ્યા પછી તેને ફરી ભરી લાવવા લોટનને આપી, ત્યાં સુધી તે કશું બોલ્યા નહીં. પણ પછી તે એકદમ પેટ દબાવી એટલું બધું હસવા મંડ્યા કે, પાંચ મિનિટ પછી તેમને માંડ કળ વળી.

મિ૦ પિકવિકે તેમને કહ્યું, "ચાલો આપણા બે વચ્ચેની વાત પણ હવે પતવી લઈએ."

"તમે હમણાં જે વાત પતવી તેની પેઠે?" એટલું કહી મિ૦ પર્કર ફરી પાછા હસવાના એક વમળમાં સપડાઈ ગયા.

## ૫૧

## મિ૦ વૉર્ડલની મુશ્કેલીઓ

### ૧

બંને મિત્રો એકબીજાનો હિસાબ ચૂકતે કરી રહ્યા, તેવામાં બારણા ઉપર એકધારો ટકોરાનો વરસાદ વરસવા લાગ્યો.

મિ૦ વૉર્ડલનો નોકર જોસફ આવ્યો હતો. આમ બારણા ઉપર સતત ટકોરા મારવા કરવાનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે, "હું બારણા બહાર ઊભો ઊભો ઊંઘી ન જાઉં, માટે મારા માલિકે મને બારણું ઊઘડે નહીં ત્યાં સુધી ટકોરા મારવા કરવાનું ફરમાવ્યું છે."

મિ૦ વૉર્ડલ થોડે દૂર ઘોડાગાડીમાં જ બેઠેલા હતા. તે હવે તરત દોડતા ઉપર આવ્યા. તેમણે મિ૦ પિકવિકનો હાથ પોતાના હાથમાં લઈને જણાવ્યું, "વાહ, દોસ્ત, જેલની હવા ખાઈ આવ્યા એ વાતની મને તો ખબર જ પડી જ નહિ. મિ૦ પર્કર, તમે હાજર હતા છતાં તમે આમ કેમ થવા દીધું?"

"મારું કંઈ જ ચાલ્યું નહિ, સાહેબ; તમે જાણો છો કે તે કેવા જિદ્દી છે," મિ૦ પર્કરે હસતાં હસતાં કહ્યું.

"હું જાણું છું, બરાબર જાણું છું; અને એટલે જ હવે હું તેમને મારી આંખ આગળથી સહેજ પણ દૂર થવા દેવાનો નથી."

આટલું કહી, મિ૦ વૉર્ડલ એક ખુરશીમાં બેસી પડ્યા.

પછી તેમણે મિ૦ પર્કરની દાબડીમાંથી છીંકણીની ચપટી ભરીને કહ્યું, "કેવો સમય આવ્યો છે? કશી જ સમજ પડે તેવું રહ્યું નથી."

"તમે શું કહેવા માગો છો, ભાઈ?" મિ૦ પિકવિકે મિ૦ વૉર્ડલના અવાજમાં કંઈક નિરાશાનો સૂર સાંભળીને પૂછ્યું.

"શું કહેવાનું, દોસ્ત? બધી છોકરીઓ હવે ગાંડી થઈ જવા બેઠી છે."

"તમે શું આ મહાન સમાચાર કહેવા માટે જ અહીં લંડન સુધી દોડી આવ્યા છો, મિત્ર?" મિ૦ પર્કરે પૂછ્યું.

"ના, ના, એમ તો ન જ કહી શકાય; જો કે, મારા આવવાનું એ મુખ્ય કારણ તો છે જ. પણ આરાબેલા કેમ છે?"

"ઘણી સારી છે; અને તમને જોઈને ઘણી રાજી થશે, એની મને ખાતરી છે," મિ૦ પિકવિકે જવાબ આપ્યો.

"કાળી આંખોવાળી નાનકડી જાદુગરણ! ગમે ત્યારે તેને પરણી નાખવાનો મારો જ વિચાર હતો! પણ લગ્નના સમાચાર જાણી હું ઘણો રાજી થયો છું — ઘણો જ રાજી થયો છું."

"પણ તમને એના લગ્નના સમાચાર શી રીતે મળ્યા?"

"મારી દીકરીઓ મારફત જ વળી. આરાબેલાએ જ પરમ દિવસે પત્ર લખીને જણાવ્યું કે, તેણે પોતાના પતિના પિતાની જાણ વિના છાનુંમાનું લગ્ન કરી દીધું છે — રખેને ના પાડી બેસે, એ બીકે; અને એવું એવું બધું. મેં મારી દીકરીઓને તરત જ ભાષણ આપવા માંડ્યું કે, છોકરાંઓ પોતાનાં માબાપની સંમતિ વિના પરણે, એ કેવી ભયંકર વાત ગણાય, ઇ૦. પણ તેમનાં હૃદય ઉપર આપણા કહેવાની જરાય અસર થાય ત્યારેને! તેમને તો એમાં આરાબેલાને કન્યા-સખી વિના પરણવું પડ્યું એટલી વાત જ ભયંકર લાગી; બાકીનું તો કશું જ નહિ! પણ આ તો હજુ પાશેરામાં પહેલી પૂણી જેવું જ છે. છ છ મહિનાથી જે પ્રેમ-પ્રકરણો અને પ્રેમ-કાવતરાં ચાલતાં હતાં, તેની આપણને કશી ખબર જ પડી ન હતી. આપણે જાણે છુપાવીને દાટેલી સુરંગો ઉપર જ રહેતા હતા; અને હવે એક પછી એક એ સુરંગો ફૂટવા લાગી છે!"

"હેં ? શું કહો છો ? પાછું બીજું કોઈ ગુપચુપ પરણી તો નથી ગયું ?"

"ના, ના, એટલું બધું ખરાબ તો નથી થયું."

"તો પછી ? હું એ બધામાં કયાંક સંડોવાયો છું, ખરો ?"

"તમે એવા જલદી ભભૂકી ઊઠનારા જુવાન છો કે, તમને કશુંક કહેતાં ડર લાગે છે. પણ જો મિ૦ પર્કર આપણી બેની વચ્ચે બેસવા કબૂલ થાય, તો હું કહેવાની હિંમત કરું ખરો."

પછી કમરાનું બારણું બંધ કરી, વૉર્ડલે મિ૦ પર્કરની દાઢી-માંથી ફરી છીંકણીનો સડાકો ખેંચી શરૂ કર્યું—

"મારી દીકરી આઇઝાબેલા તો ટ્રન્ડલ સાથે પરણી છે, એ વાત તમે જાણો છોને ?"

"હા, હા; પછી ?" મિ૦ પિકવિકે અધીરાઈથી પૂછ્યું.

"જુઓ આમ આકળા થઈ શરૂઆતથી જ મને ગભરાવી દેતા નહિ; વાત એમ છે કે, આરાબેલાનો કાગળ મળ્યો પછી માથું દુઃખવા લાગવાથી એમિલી તરત સૂવા ચાલી ગઈ. એટલે આઇઝાબેલા તે સાંજે મારી પાસે બેસીને આરાબેલાના લગ્નવાળી વાત કરવા લાગી. મારી બંને છોકરીઓ બરાબર તેમની સદ્‌ગત માતાની આબેહૂબ પ્રતિકૃતિઓ છે. તેમનો અવાજ અને તેમની આંખો બંને મને તરત મારી સદ્‌ગત પત્નીની જ યાદ આપે છે; અને તેમની સાથે વાત કરતાં ઝટ હું મારા જુવાનીના દિવસોમાં પહોંચી જાઉં છું. હં, તો પછી આઇઝાબેલા કહેવા લાગી, 'એ લગ્ન તો પૂરું પ્રેમ-લગ્ન છે, પપ્પા.' મેં કહ્યું, 'હા, ખરી વાત; પણ એવાં બધાં લગ્ન છેવટે સુખી નીવડતાં નથી.'

"હું એ અભિપ્રાય સાથે સંમત નથી," મિ૦ પિકવિક વચ્ચે બોલી ઊઠ્યા.

"બહુ સારી વાત : પણ હું પૂરું કરું પછી તમારો વારો આવે ત્યારે જે કહેવું હોય તે કહેજો; અત્યારે મહેરબાની કરી મારી વાતમાં ભંગ ન પડાવતા."

"તમારી માફી માગું છું," મિ૦ પિકવિકે કહ્યું.

"ચાલો ઠીક; મારી દીકરી આઇઝાબેલાએ તરત મને જવાબ આપ્યો, 'તમે પ્રેમથી કરાતા લગ્નની વિરુદ્ધમાં છો, એ જાણી મને દુઃખ થાય છે પપ્પા.' પણ મેં તેના ગાલ ઉપર હળવી ટપલી મારીને કહ્યું, 'મેં ખોટું કહ્યું, મીઠડી; તારી માનું લગ્ન પણ પ્રેમ-લગ્ન હતું અને તારું પણ.' બેલાએ ઝટ કહ્યું, 'એની વાત નથી, પપ્પા; વાત એમ છે કે, હું એમિલી બાબત તમને કંઈક કહેવા માગતી હતી.'"

મિ૦ પિકવિક ચોંકી ઊઠ્યા.

"કેમ, ડોસા, હવે શું થયું? કેમ ચોંકયા?" વૉર્ડલે હસતાં હસતાં કહ્યું, અને પછી આગળ ચલાવ્યું; "ટૂંકમાં આઇઝાબેલાએ હિંમત ભેગી કરીને મને કહી જ નાખ્યું કે, એમિલી ઘણી રિબાય છે; તેની અને તમારા મિત્ર મિ૦ સ્નૉડગ્રાસની વચ્ચે ગઈ નાતાલથી માંડીને લગાતાર પત્ર-વ્યવહાર ચાલ્યા જ કરે છે; તથા તેણે પણ આરાબેલા જેવી સખીનો દાખલો લઈ, તેમની સાથે ભાગી જવાનો નિર્ણય લઈ જ લીધો હતો; પણ પોતાના અંતરાત્મા પાસે એ વાત તે કબૂલ કરાવી ન શકી, તથા હું તે બંને ઉપર ભાવ દાખવતો આવ્યો જ હતો, એટલે તેઓએ લગ્ન બાબત પ્રથમ મારે કાને વાત નાખવાની મહેરબાની કરી હતી. તો હવે મિ૦ પિકવિક, તમારી આંખોને તેમના મૂળ કદે લાવી દઈ, મને સલાહ આપો કે, આપણે આ બાબતમાં શું કરવું છે?"

"સ્નૉડગ્રાસ? ગઈ નાતાલથી માંડીને?" મૂંઝાયેલા મિ૦ પિકવિકના મોંમાંથી એટલા જ શબ્દો નીકળી શક્યા.

"હા, ઉઘાડું જ છે; માત્ર આપણે બહુ ખોટા નંબરનાં ચશ્માં વાપરતા હોવા જોઈએ કે, આપણે આ પહેલાં કશું દેખી શક્યા જ નહિ."

"મને તો કશું સમજાતું જ નથી; ખરેખર મને કશું સમજાતું જ નથી." પિકવિક બોલી ઊઠ્યા.

"બધું સહેલાઈથી સમજી શકાય એવું જ છે. તમે જો જરા વધુ જુવાન હોત, તો તમને કયારની એ ગુપ્ત વાતની ખબર પડી ગઈ હોત. પણ હુંય તમારા જેવો જ બુઢ્ઢો, એટલે છેલ્લા ચાર-પાંચ મહિનાથી હું, અમારા પડોશના એક યુવાન સદ્‌ગૃહસ્થ સાથે પરણવા ઍમિલીને આગ્રહ કર્યા કરતો હતો. મારી ડાહી દીકરી ઍમિલીએ એ વાત મિ૦ સ્નોડગ્રાસને પણ કરી હશે, જેથી મિ૦ સ્નોડગ્રાસ જરા ઉતાવળા થાય અને પોતાની કિંમત તેમની આગળ વધે! છેવટે એ બંને જણ એવા નિર્ણય ઉપર આવ્યાં કે, આખી દુનિયા તેમની વિરુદ્ધમાં પડી છે, અને તે બંનેને રિબાવવામાં જ આનંદ માને છે; તેથી એ પ્રેમ-પંખીડાં માટે હવે ચુપચુપ લગ્ન કર્યા સિવાય કે આત્મહત્યા સિવાય બીજો કશો માર્ગ બાકી રહેતો નથી! હવે સવાલ એ છે કે, આપણે શું કરવાનું છે?"

"પણ તમે આ પહેલાં શું શું કર્યું છે, તે કહી દોને!" મિ૦ પિકવિકે પૂછ્યું.

"મેં મૂરખ માણસ જેવું જે કંઈ કરી શકાય તે કર્યું છે વળી! મેં બૂમબરાડા પાડયા, ધમકીઓ આપી, અને મારી બુઢ્ઢી માને હિસ્ટીરિયા ચડાવ્યો!"

"શાબાશ; બહુ રૂડું કામ કર્યું; આ સિવાય બીજું કરી પણ શું શકો?" મિ૦ પર્કરે કટાક્ષમાં કહ્યું.

"બીજો આખો દિવસ પણ બબડતો, બરાડતો, અને કૂંફાડા મારતો રહ્યો; પછી મને જ લાગ્યું કે, આમ સૌ પાસે અકારા થવાની શી જરૂર છે? એટલે મેં તરત એક ઘોડાગાડી ભાડે કરી, અને ઍમિલીને આરાબેલાને મળવાને બહાને અહીં ઉપાડી લાવ્યો."

"તો મિસ વૉર્ડલને તમે સાથે જ લાવ્યા છો, કેમ?"

"હા; અડેલ્ફીમાં ઑસ્બૉર્ન હોટેલમાં હું ઊતર્યો છું; અને તમારો પરાક્રમી મિત્ર, હું અહીં આવ્યો તે દરમ્યાન તેને ઉઠાવી ન ગયો હોય, તો તે અત્યારે પણ ત્યાં જ હશે."

"તમારે આ બાબતમાં મારી સલાહ જોઈએ છે, ખરી?" મિ૦ પર્કરે પૂછ્યું.

"જરૂર," વૉર્ડલે મિ૦ પિકવિક સામું જોતાં જોતાં કહ્યું.

"તો, મારી સલાહ એ છે કે, તમે બંને અહીંથી ઊઠો, અને એકબીજા સાથે વાત કરી લો; પછી તમે બંને જો એકમતીથી નિર્ણય ઉપર ન આવી શકો, તો હું મારો ફૅંસલો તમને સંભળાવવા તૈયાર છું."

"આ તો બહુ સંતોષકારક યોજના છે," વૉર્ડલ હસવું કે ગુસ્સો કરવો એ નક્કી ન કરી શકવાથી બોલી ઊઠ્યા.

"અરે જાઓ, મહેરબાનો, તમને હું બરાબર ઓળખું છું; તમે બંને કચારના એક નિર્ણય ઉપર આવી જ ગયા છો," એમ કહી પર્કરે પોતાની દાબડી મિ૦ પિકવિકની તથા મિ૦ વૉર્ડલની પાંસળીમાં વારાફરતી ખોસી દીધી. ત્રણે જણ ખડખડાટ હસી પડ્યા.

"તો આજે તમે પાંચ વાગ્યે મારે ત્યાં જમવા આવજો," વૉર્ડલે મિ૦ પર્કરને ફરમાવ્યું.

મિ૦ વૉર્ડલ અને મિ૦ પિકવિક 'જ્યોર્જ ઍન્ડ વલ્ચર' હોટેલે આવ્યા ત્યારે તેમને ખબર પડી કે, ઍમિલીનો પત્ર મળતાં જ આરાબેલા અડેલ્ફી તરફ તેને મળવા પહોંચી ગઈ છે. મિ૦ વૉર્ડલને શહેરમાં કામકાજ હોવાથી તેમણે જોસફ સાથે પોતાને ઉતારે ખબર કહેવરાવી કે, મિ૦ પિકવિક વગેરે સાથે પોતે પાંચ વાગ્યે જમવા પાછા ફરશે.

જોસફ ઉતારે પાછો ફર્યો ત્યારે બારણે ટકોરા માર્યા વિના અંદર કમરામાં ઘૂસ્યો. તે વખતે આરાબેલા અને તેની કૂટડી નોકરડી મૅરી બારી તરફ કંઈક જોવા વળ્યાં હતાં, અને દરમ્યાન મિ૦ સ્નૉડગ્રાસ ઍમિલીની કમરે હાથ વીંટાળી તેને કંઈક આશ્વાસન આપતા હતા.

જોસફને અંદર આવેલો જોઈ સૌ ચોંકી ઊઠ્યાં. જોસફ મિ૦ વૉર્ડલનો માનીતો નોકર હોઈ, તે જો મિ૦ સ્નૉડગ્રાસ છૂપી રીતે

આવીને એમિલીને મળ્યા છે એવું કહી દે, તો બધી બાજી એકદમ બગડી જાય. એટલે સૌ ગભરાઈ ગયાં. તેઓએ બાનુએ જઈ એકદમ વિચાર કરી લીધો.

મિ૦ સ્નોડગ્રાસે તરત આગળ આવી પાંચ શિલિંગ જોસફને પકડાવી દીધા; અને આરાબેલાએ પણ જોસફનાં વખાણ કરી, તેને પાંચ શિલિંગ આપ્યા. એમિલીએ તરત તેને કંઈક ખાવાનું આપવા મેરીને જણાવ્યું. બધી વાત સમજી જઈ, મેરી તરત તે જાડિયાને મીઠા મધુર શબ્દોથી આવકારતી નીચે લઈ ગઈ અને તેને ટેબલ ઉપર બેસાડી ખાવાનું મંગાવી, ધીમે ધીમે વાત કરવા લાગી.

સારી સારી વાનીઓ ખાવાની આવતાં જાડિયાને મોંમાં રસ છૂટવા લાગી ગયો. પણ જાડિયો જાડિયોય છેવટે મરદ હતો; એટલે મીઠડી મેરીને પાસે બેઠેલી જોઈ, તેને પણ ખાવા માટે આગ્રહ કરવા તથા સ્પર્શ કરવા લાગ્યો.

મેરીએ વખત વિચારી તેને ટોળટપ્પાંએ ચડાવ્યો અને જોસફે થોડી જ વારમાં કબૂલ કરવા મહેરબાની કરી કે, મેરી તો મિસ એમિલી કરતાં પણ વધુ સુંદર છે.

જાડિયાએ હવે રોજ પોતાની સાથે આમ ખાવા બેસવા મેરીને નિમંત્રણ આપ્યું. મેરીએ દિલગીરી સાથે જણાવ્યું કે, તેને તો આજે રાતે જ પાછા જવાનું છે. છતાં મિ૦ જોસફ જો એક મહેરબાની કરે, તો તે અવારનવાર તેમને મળવા આવે ખરી.

"બોલી નાખ, પ્યારી."

"ઉપરનાં બાનુઓની ઇચ્છા છે કે, તમે મિ૦ સ્નોડગ્રાસ અહીં આવ્યા હતા, તે વાત મિ૦ વૉર્ડલને ન કહેશો."

"બસ એટલું જ ? હું નહિ જ કહું વળી."

"જો તમે કહેશો તો મિ૦ વૉર્ડલ ગુસ્સે થઈ, તમને તથા મિસ એમિલીને પાછા દૂર ગામડે લઈ જશે, જ્યાં હું તમને કદી મળવા પામીશ નહીં."

"ખરી વાત; હું કહીશ જ નહિ. પણ તું ઊઠે છે કેમ?"

"ઉપર જઈ, મારે મારાં માલિકણને ડિનર માટે તૈયાર કરવાનાં છેને!"

"ના, હજુ ન જતી."

"પણ મારે જવું જ જોઈએ," એમ કહી મૅરી, જાડિયાનો લાંબો થયેલો હાથ ચપળતાથી ટાળી, ઝડપી પગલે ઉપર ચાલી ગઈ. જાડિયાએ પછી ખાવાની વસ્તુઓ ઉપર જોરથી મારો ચલાવ્યો.

## ૨

દરમ્યાન, ઉપર સૌ મંડળે જુદી જુદી પરિસ્થિતિમાં શું કરવું તે અંગે વિચારણા કરી લીધી. મિ૦ વૉર્ડલ જો કોઈ પણ હિસાબે આ લગ્ન કબૂલ રાખવા તૈયાર ન જ થાય, તો કેવી રીતે નાસી જઈ છૂપી રીતે લગ્ન કરી નાખવાં તેની યોજના પણ સાંગોપાંગ વિચારાઈ ગઈ. પણ એ બધી વાતમાં સૌને ખ્યાલ ન રહ્યો કે, મિ૦ વૉર્ડલ વગેરેને જમવા આવવાનો સમય થઈ ગયો છે.

છતાં છેવટે પણ મોડું થયાનો વિચાર આવતાં સૌ ચોંકયાં. બાનુઓ જમવા સારુ તૈયાર થવા માટે ઍમિલીના શયન-કક્ષ તરફ દોડી ગઈ અને મિ૦ સ્નોડગ્રાસ બહાર ચાલ્યા જવા માટે બેઠકના ઓરડાના બારણાની બહાર નીકળ્યા. પણ એટલામાં નીચે મિ૦ વૉર્ડલનો અવાજ સાંભળી ગભરાયા અને એ જ કમરામાં પાછા ફરી, તેની અંદરથી જવાતા મિ૦ વૉર્ડલના શયન-કક્ષમાં પેસી ગયા, અને અંદરથી તેનું બારણું તેમણે બંધ કરી દીધું.

મિ૦ વૉર્ડલ, મિ૦ પિકવિક, મિ૦ નૅથેનિયલ વિંકલ અને મિ૦ બેન્જામિન ઍલન હવે બેઠકના ઓરડામાં આવીને બેઠા.

અંદર પેઠેલા મિ૦ સ્નોડગ્રાસ પોતે જલદી પાછા ફરી ગયા તે બદલ જાતને ધન્યવાદ આપવા લાગ્યા અને એ કમરાનું બીજું બારણું ઉઘાડી બહાર નીકળવા ગયા. પણ આ શું? એ બારણાને બહારથી તાળું મારેલું હતું! હવે તો બાનુઓ કલ્પના કરીને, પોતે

અંદર હશે એમ માની, એની ચાવી મેળવીને પોતાનો છુટકારો કરે તો જ! પણ દરમ્યાન મિ૰ વૉર્ડલ કશુંક લેવા આ ઓરડામાં આવે તો કેવી ફજેતી?

જમણુ બેઠકના ઓરડામાં મંગાવવામાં આવ્યું. જોસફ સૌની તહેનાત ભરવા લાગ્યો. પણ તે વારંવાર બાનુઓ તરફ જોતો જોતો આંખો મિચકારી કે બીજા ચાળા કરી તેમને ખાતરી આપતો હતો કે, પોતે સમજી ગયો છે અને મિ૰ સ્નોડગ્રાસ આવ્યાની વાત મિ૰ વૉર્ડલને જણાવવાનો નથી.

તેની ચેષ્ટાઓ એકએ વખત મિ૰ વૉર્ડલની નજરે પડી જતાં, તેમને વિચિત્ર લાગ્યું અને તે બોલી ઉઠ્યા, "આ જોસફે આજે વધારે પડતું પી લીધું છે કે શું?"

"ના, સાહેબ નથી પીધું," કહી એ જાડિયો પાછો બાનુઓ તરફ નિશાનીઓ કરવા લાગ્યો.

દરમ્યાન મિ૰ વૉર્ડલને પોતાની તપખીરની દાબડી અંદરના શયન-કક્ષમાં રહી ગયેલી યાદ આવવાથી જોસફને તેમણે તે લઈ આવવા અંદર મોકલ્યો.

જોસફ અંદર ગયો તો ત્યાં મિ૰ સ્નોડગ્રાસ ઊભા હતા! તેમણે ચુપચુપ બહાર જઈ પેલું બીજું બારણું ઉઘાડી પોતાને બહાર કાઢવા જોસફને કાલાવાલા કરવા માંડ્યા.

પણ જોસફ અંદર વધુ રોકાય તો સૌને વહેમ જાય એ બીકે તેમણે તેને છીંકણીની દાબડી સાથે બહાર મોકલી લીધો.

જોસફે બહાર આવી, મિ૰ સ્નોડગ્રાસને બહાર કાઢવાનું કામ મૅરીને ભાળવવાનો વિચાર કર્યો; એટલે દાબડી આપી તે સીધો મૅરીને મળવા બહાર દોડી ગયો. પણ મૅરી તો પોતાનાં બાનુને તૈયાર કરીને ઉતારે પાછી ચાલી ગઈ હતી, એટલે જોસફ પડી ગયેલે મોઢે સૌ જમતા હતા ત્યાં આવ્યો. મિ૰ વૉર્ડલને તેની આ દોડાદોડ અને તેનું

ઊતરી ગયેલું મોં જોઈ નવાઈ લાગી. તેમણે તેને પૂછ્યું, "બહાર ક્યાં ગયો હતો ?"

જોસફ તત-પપ કરવા લાગ્યો. મિ૦ વૉર્ડલે અકળાઈ, ચીઝના ટુકડા મિ૦ પિકવિકને પીરસવા તેને કહ્યું. જોસફે મિ૦ પિકવિક પાસે જઈ ચીઝ ધરતાં ધરતાં તેમના મોં પાસે મોં લઈ જઈ, અંગૂઠા વડે પેલા શયન-કક્ષના બંધ બારણા તરફ નિશાની કરી, પણ મિ૦ પિકવિકે તે જોયું નહીં એટલે જોસફે ટાંકણી જેવું કશુંક તેમના પગમાં ખોસી તેમનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કર્યો.

મિ૦ પિકવિક ટાંકણી ભોંકાવાથી એકદમ ચોંકીને ઊછળ્યા, અને જોસફ ગાંડો થયો છે કે શું એમ બોલી ઊઠ્યા.

મિ૦ વૉર્ડલે તડૂકીને જાડિયાને પૂછ્યું, "તું આમ કેમ કરે છે ?"

"તે મારી સામું જોતા નથી અને મારી વાત સમજતા નથી, એટલે." જાડિયાએ જવાબ આપ્યો.

"પણ તારે શી વાત તેમને સમજાવવી હતી, હરામખોર ?"

"મારે મિ૦ પિકવિકને કાનમાં કશુંક કહેવું છે."

"હા, હા, તારે તેમના કાન કરડી ખાવા હશે, બદમાશ !" મિ૦ વૉર્ડલ ગુસ્સે થઈ બોલી ઊઠ્યા; "ઘંટ વગાડો અને આ પીધેલ બદમાશને નીચે લઈ જઈ, કોલસાની ઓરડીમાં થોડી વાર પુરાવી દો, ત્યારે તે હોસમાં આવશે."

મિ૦ વિકલ ઘંટની દોરી ખેંચવા જ જતા હતા, તેવામાં મિ૦ સ્નૉડગ્રાસ શયન-કક્ષનું બારણું ઊઘાડી ધીમે ધીમે બહાર નીકળી આવ્યા.

મિ૦ વૉર્ડલ ચોંકીને બોલી ઊઠ્યા, "આ શું વળી ?"

"તમે પાછા આવ્યા ત્યારથી હું એ ઓરડામાં જ છુપાઈ રહ્યો હતો," મિ૦ સ્નૉડગ્રાસે ધીમેથી કહ્યું.

"ઍમિલી, મને આવી બધી ચોરીછૂપી પસંદ નથી; તારી આ વર્તણૂક છેક જ ગેરકાયદેસર છે. તારી પાસેથી મેં આની આશા રાખી નહોતી, ઍમિલી !" મિ૦ વૉર્ડલ દુઃખ સાથે બોલી ઊઠ્યા.

"વહાલા પપ્પા! આરાબેલા જાણે છે, જેસફ જાણે છે, – સૌ કોઈ જાણે છે કે, મેં એમને ત્યાં સંતાડ્યા નથી. ઑગસ્ટસ (સ્નૉડગ્રાસ), ભગવાનને ખાતર તમે જ બધો ખુલાસો કરો," ઍમિલી કકળી ઊઠી.

મિ૦ સ્નૉડગ્રાસે તરત પોતે આ સ્થિતિમાં શી રીતે મુકાયા તેનો ખુલાસો સંભળાવી દીધો. અને પોતે એ સ્થિતિમાં મુકાયા તે બદલ ઘણી દિલગીરી દર્શાવીને માફી માગી. પણ સાથે જણાવ્યું કે, "હું ઍમિલીને મારા અંતરથી ચાહું છું, અને ઍમિલીની પણ મારા પ્રત્યે એવી જ લાગણી છે. અમારી બંનેની વચ્ચે હજારો માઈલ કે મહાસાગરો આવી જશે, તો પણ અમારી એકબીજાની લાગણીમાં જરાયે ફરક પડવાનો નથી –"

આટલું કહી, નમ્રતાથી સૌને સલામ કરી, મિ૦ સ્નૉડગ્રાસ બહાર જવા બારણા તરફ વળ્યા.

"થોભો!" વૉર્ડલે ત્રાડ નાખી; "પણ આ બધું કરવાને બદલે તમે પહેલેથી મને કહી કેમ ન દીધું?"

"કે મને પણ કેમ વિશ્વાસમાં ન લીધો?" મિ૦ પિકવિકે પૂછ્યું.

આરાબેલાએ જવાબ આપ્યો, "આ બધું પૂછવાનો હવે શો અર્થ છે? તમે સૌ જાણો છો કે, પુત્રીના પિતાઓને તવંગર જમાઈ મેળવવાનો કેવો લોભ હોય છે? ઉપરાંત તેઓ પુત્રીની કશી વાત સાંભળતા પહેલાં જ કેવા ગુસ્સે થઈ જાય છે તથા ખૂની બની જાય છે? એટલે હવે તો મિ૦ સ્નૉડગ્રાસ માટે પણ ભાણું મંગાવો અને તેમને અત્યારે તો સાથે જમવા બેસાડી દો, એ જ ભદ્રતા કહેવાશે. એકબે બાટલીઓ ખાલી થયા પછી, તમારે જે કહેવું હોય તે તેમને કહેજો ને સંભળાવજો."

મિ૦ વૉર્ડલે તરત ઊભા થઈ આરાબેલાનો કાન પકડ્યો અને તેને જરા પણ સંકોચ વિના મીઠું ચુંબન કરી લીધું. પછી પોતાની

દીકરી ઍમિલીને પણ પ્રેમથી ચુંબન કરી, તેમણે મિ૦ સ્નૉડગ્રાસ સાથે ઉમળકાભેર હાથ મિલાવ્યા.

મિ૦ પર્કર પણ એ અરસામાં વખતસર આવી પહોંચ્યા, અને ટૂંકમાં એ જમણ વિવાહની જાહેરાતનું જમણ જ બની રહ્યું.

## ૫૨
## ચોંકાવનારી વાતો
### ૧

મિ૦ પિકવિક પોતાના કમરામાં મિ૦ વિકલ અને આરાબેલાની બાબતમાં આગળ શું કરવું તેનો વિચાર કરતા બેઠા હતા, તેવામાં મૅરીએ આવીને કહ્યું, "નીચે સૅમ્યુએલ આવ્યા છે, તે પુછાવે છે કે, તેમના બાપુ અત્યારે તમને મળી શકે, સાહેબ?"

"જરૂર; સૅમને આવ્યે કેટલો વખત થયો, વારુ?"

"હમણાં જ આવ્યા; તથા તે કહે છે કે, તમારી પાસેથી હવે વધુ છૂટી માગવાના નથી."

મૅરીએ કંઈક ગરમીથી કહેલી આ વાત ઉપર મિ૦ પિકવિક નવાઈ પામી વિચાર કરવા લાગ્યા. તે તરત સમજી ગયા કે, સૅમ અને મૅરી વચ્ચે પ્રેમ-સંબંધ જામતો જાય છે; આમ સૌ જુવાન સાથીઓ અને મિત્રો, નવા નવા સંબંધો બાંધી પોતાનાથી છૂટા પડતા જાય છે અથવા છૂટાં પડતાં જશે, એ વિચારથી તેમના પ્રેમળ હૃદયને જરા ઓછું આવ્યા જેવું થઈ ગયું. છતાં તેમણે મૅરીને તો પેલાઓને ઉપર ઝટ મોકલી આપવા જણાવી જ દીધું.

સૅમ અને તેનો બાપ ઓરડામાં દાખલ થતાં જ મિ૦ પિકવિકે પૂછ્યું, "તને પાછો આવેલો જોઈ બહુ આનંદ થયો, સૅમ. મિ૦ વેલર તમે પણ ભલા-ચંગા તો ખરા?"

"આભાર, સાહેબ; બહુ સારી હાલતમાં છું, સાહેબ; તમે ભલા-ચંગા છોને સાહેબ?" વેલર ડોસાએ સામી ખબર પૂછી.

"આભાર; હું પણ બરાબર છું."

"મારે તમારી સાથે પાંચેક મિનિટ વાત કરવી છે, સાહેબ, જો અત્યારે ફુરસદ હોય તો," ડોસાએ કહ્યું.

"જરૂર; સેમ, તેમને માટે એક ખુરશી પાસે લાવ."

પણ ડોસા પોતે જ ખુરસી ખેંચી લાવીને બેઠા પણ સંકોચને કારણે કશું બોલી ન શકાતાં એટલું જ બોલ્યા, "આજનો દિવસ બહુ મજાનો છે, નહિ સાહેબ?"

"હા, બહુ મજાનો છે, જરૂર."

"મેં કદી ન જોઈ હોય એવી સારામાં સારી ઋતુ છે, સાહેબ," એમ કહી, ડોસા ઉપરાઉપરી ઉધરસ ખાવા મંડી ગયા. દરમ્યાન તેમણે સેમ તરફ ધમકીભરી નિશાનીઓ કરવા માંડી.

મિ૦ પિકવિક સમજી ગયા કે, ડોસાને કંઈ કહેવું છે, પણ બોલતાં ખચકાય છે; એટલે તેમણે પાસે પડેલી ચોપડીનાં પાનાં કાપવાનો દેખાવ કરી, ડોસા આગળ બોલે તેની રાહ જોવા માંડી.

"તારા જેવો ખરાબ છોકરો મેં કદી જોયો નથી, સેમિવેલ; મારી આખી જિંદગીમાં પણ," વેલર ડોસા તડૂકી ઊઠ્યા.

"તમને કંઈ પજવે કરે છે?" મિ૦ પિકવિકે પૂછ્યું.

"તે શરૂઆત જ કરતો નથી; તે જાણે છે કે, મને બરાબર ફાવતું નથી; છતાં તે ઊભો ઊભો જોયા કરે છે અને તમારો કીમતી સમય બગાડે છે. પોતાના બાપની આવી ફજેતી કરાવવી એ સારા છોકરાનો ધર્મ છે, સાહેબ? જરાય નહિ," એમ કહી, ડોસાએ કપાળ ઉપરથી પરસેવો લૂછવા માંડ્યો.

"વાહ, તમે એ બધું બોલવાના છો, એમ તો તમે મને પહેલેથી કહ્યું હતું; હું કેમ કરીને જાણું કે, તમે પહેલે ધડાકે જ પાણીમાં પેસી જવાના છો?"

"પણ મારી ગાડી ઊપડતી જ નહોતી; એ જોઈને તો તારે સમજી જવું જોઈએ ને ? ઘોડો પાછો ખસતો હોય, રસ્તાની ખોટી બાજુ તરફ જતો હોય, પગ ઊંચાનીચા કરતો હોય, તો પાસે ઊભેલાએ મદદ કરવી જોઈએ. મને તારી શરમ આવે છે સૅમિવેલ, શરમ આવે છે."

"વાત એમ છે સાહેબ, મારા બાપુ પોતાની બધી મિલકત વેચી-સાટી રોકડ પૈસા કરી લાવ્યા છે."

"બરાબર છે, દીકરા, બરાબર છે. આગળ ચાલ; મારો તને ઠપકો આપવાનો જરાય વિચાર નહોતો, સમજ્યો, સૅમી. બરાબર છે, ઠીક શરૂઆત કરી. શાબાશ સૅમિવેલ!"

"મારા બાપુ પાસે પાંચસો ને ત્રીસ પૌંડ છે, સાહેબ; તેમાં તેમણે ઘર તથા ધંધો-રોજગાર વેચી-સાટીને જે આવ્યું તે ઉમેરતાં તેમની પાસે અગિયારસો અૅંસી પૌંડ થયા છે."

"વાહ, એ તો બહુ સારી રકમ થઈ કહેવાય, મિ૰ વેલર; તમને અભિનંદન આપું છું."

સૅમે આગળ જણાવ્યું, "એ બધા પૈસા એ કોઈકે સહીસલામત જગાએ મૂકવા માગે છે. હું પણ એમ જ ઇચ્છું છું, સાહેબ; કારણ કે, જો એ પૈસા તેમના હાથમાં રહ્યા, તો તે કોઈને ને કોઈને ઊછીના આપી દેશે અથવા ઘોડાઓ ખરીદવામાં વાપરી નાખશે, અથવા પોતાનું પાકિટ રસ્તામાં જ ક્યાંક નાખી દેશે અને થોડી વારમાં ઇજિપ્શિયન મમી જેવા ખાલીખમ થઈ જશે."

"વાહ, સૅમિવેલ, બરાબર છે," જાણે દીકરાએ પોતાનાં ગુણ-ગાન કર્યાં હોય એવા ભાવથી ડોસા બોલી ઊઠ્યા.

"એ કારણે તે બધા પૈસા ઉપાડી, અહીં એમ કહેવા આવ્યા છે કે,—"

એટલામાં વેલર ડોસા જ વચ્ચે બોલી ઊઠ્યા, "કે, એ પૈસાનો મારે કશો ઉપયોગ નથી; હું તો આખર સુધી કોચગાડી જ

હાંકવા કરવાનો છું; એટલે એ બધું કોચ-ગાડીમાં જ મૂકી રાખું તો કોઈને નાહક ચોરી કરવાનું મન થાય. એટલે આ પૈસા તમે જ રાખો; અને—" પછી મિ૦ પિકવિકના હાથમાં એ પડીકું મૂકી દેતાં તેમણે ધીમેથી કહ્યું, "એમાંથી સાહેબ તમારા દાવાના ખર્ચના પૈસા પણ આપી દેવાશે—" એટલું કહી, તે કશું કોઈ કહે તે પહેલાં ઓરડીની બહાર નાઠા.

મિ૦ પિકવિક તરત જ ઘૂમ પાડી ઊઠ્યા, "સૅમ, તેમને પકડી લાવ; પાછા પકડી લાવ, જલદી."

સૅમે માલિકનો હુકમ થતાં, ડોસાની પાછળ દોડી જઈ, તેમને જોરથી ઓરડામાં ખેંચી આણ્યા.

"ભલા મિત્ર," મિ૦ પિકવિકે ડોસાનો હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું; "તમારો મારા ઉપરનો વિશ્વાસ જોઈ ખરેખર હું રાજી થયો છું. પણ મારી પાસે હું આખી જિંદગી સુધી વાપરી શકું તે કરતાં પણ ઘણા વધુ પૈસા છે. એટલે તમારા આ પૈસા તો તમારી પાસે જ રાખો."

વેલર ડોસા ગુસ્સે થઈ બોલી ઊઠ્યા, "ઠીક, તો સૅમી, જાણી રાખ, હવે આ પૈસા મારા હાથમાં રહેતાં હું કશુંક મરણિયું કામ કરી નાખીશ; અને કોઈ વિધવા આવીને મને ઉપાડી જાય, તો તેનો પણ ભરોંસો નહીં. તારા બાપથી હવે તું હાથ ધોઈ નાખ, દીકરા."

મિ૦ પિકવિક તરત ઊભા થઈ ગયા. તેમણે કહ્યું, "ઠીક, ઠીક, મિ૦ વેલર, હું એ પૈસા મારી પાસે જ રાખીશ. કદાચ એ પૈસાને હું તમારે માટે સારી રીતે રોકી આપી શકીશ."

"બસ, બરાબર છે; એ જ હું કહેવા માગતો હતો, સાહેબ," ડોસા રાજી થતા થતા બોલ્યા.

"ઠીક, ઠીક; પણ હવે તમે જરા બેસો; મારે તમને એક વાત કરવી છે; સૅમ તું જરા બહાર જઈશ?"

સૅમ તરત બહાર ચાલ્યો ગયો.

મિ૦ પિકવિકે હવે ડોસાને સંબોધીને કહ્યું, "તમે લગ્ન-જીવનની વિરુદ્ધ છો, એમ મેં સાંભળ્યું છે, ખરી વાત ?"

ડોસાએ તરત માથું હલાવ્યું. તેમને એકદમ ચિંતા થઈ આવી કે આ પિકવિક ડોસાના ઉપર વળી કોઈ વિધવાએ કામણ કરવા માંડ્યાં કે શું ?

"તમે હમણાં સેમ સાથે ઉપર આવ્યા ત્યારે નીચે કોઈ જુવાન છોકરીને ઊભેલી જોઈ હતી ખરી ?"

"હા; એક જુવાનડી ઊભી હતી ખરી," ડોસાએ ટૂંકમાં જવાબ આપ્યો.

"તેને વિષે તમે શું ધારો છો, તે મને સાચેસાચું કહી દો, જોઉં."

"ઠીક ગોળમટોળ અને સારી ઘડેલી લાગતી હતી ખરી."

"તે સુંદર-સુઘડ છે, એ સાચી વાત છે. પણ તેની વર્તણૂક કેવી લાગી ?"

"બહુ મજાની અને સગવડભરી."

'સગવડભરી' એ ઘોડાગાડીનું વિશેષણ આ છોકરીની બાબતમાં શી રીતે લાગુ પાડી શકાય એની ચિંતા મિ૦ પિકવિકે ન કરી. તે સમજી ગયા કે છોકરી ડોસાને ગમી છે ખરી.

"હું એ છોકરીની બાબતમાં ઘણો રસ લઉં છું, મિ૦ વેલર."

વેલર ડોસાએ અજાણતાં અણગમો દર્શાવતો અવાજ ગળામાંથી કાઢ્યો.

"એનું ભલું થાય, એ સારી રીતે ગોઠવાઈ જાય, એ રીતનો રસ હું તેનામાં ધરાવું છું, સમજ્યા ?"

"હવે બરાબર સમજ્યો."

"એ જુવાનડી તમારા દીકરા ઉપર પ્રેમ રાખે છે."

"સેમિવેલ ઉપર ?" ડોસો ઘૂમ પાડી ઊઠ્યો.

"હા."

"બસ એ પેઢીગત દુર્ગુણ છે; સૌએ બહુ સાવચેત રહેવું પડશે."

"તમે શું કહેવા માગો છો, તે સમજાવશો?" મિ૰ પિકવિકે ધીમેથી પૂછ્યું.

"સાવચેત એ બાબતમાં રહેવાનું કે, એને કંઈ વચન ન આપી બેસે. બેફામની ઘડીમાં તે કંઈ કહી બેસે ને પછી તેના ઉપર લગન કરવાના કરારનો ભંગ કરવાનો દાવો મંડાય તો? આ બૈયરો સાથે તમે કદી સહીસલામત રહી શકતા નથી. તેઓએ એક વખત તમને દાઢમાં ઘાલ્યા કે પછી તેઓ તમને ક્યાં ઘસડી જાય તેનું ઠેકાણું નહિ. હું જ પહેલી વાર એ રીતે પરણ્યો હતો ને એ પગલાનું પરિણામ સૌ છે, હવે સમજ્યા, સાહેબ?"

"મારે જે કહેવું છે તે પૂરું કરવા માટે તમે મને ખાસ ઉત્તેજન આપતા હો એવું લાગતું નથી. પરંતુ એક વાર હું કહી દઉં એ જ બરાબર છે. આ જુવાનડી તમારા પુત્ર ઉપર પ્રેમ રાખે છે એટલું જ નહિ, પરંતુ તમારો પુત્ર પણ તેના ઉપર બહુ ભાવ રાખે છે."

"વાહ, બાપના કાને ઘરડે ઘડપણ સાંભળવાની બહુ સારી વાત આવી! બાપ થવું એ કેવી આફતની વાત છે, સાહેબ? પોતાના નીવડેલા છોકરાને છેવટે એક બૈયરના હાથમાં જઈ માટી થતો જોવાનો!"

"જુઓ મિ૰ વેલર, હું એ બંનેનાં લગ્ન કરાવી તેમને એક સ્વતંત્ર ધંધો માંડી આપવા માગું છું, જેથી તેઓ સુખેથી અને નિરાંતે ઘરસંસાર માંડી શકે. તમને એ વાત મંજૂર છે કે નહિ?"

પહેલાં તો લગ્નની વાતથી જ ભડકતા ડોસા છેવટે મેરી વિધવા નથી એ એક દલીલથી ધીમે ધીમે 'હકાર' તરફ વળતા થયા. અને પછી તો મિ૰ પિકવિક પાસેથી આવતી કોઈ પણ વાત વિચારવા યોગ્ય, ડહાપણ ભરેલી અને સૌના હિતમાં જ હોય એવો એમનો આંતરિક વિશ્વાસ કેવી ગયો. હવે તો તે પોતે જ સૌને ઝટપટ પેલી સાથે પરણાવી ઠેકાણે પાડી દેવા ઉતાવળા થઈ ગયા!

સૅમને હવે અંદર બોલાવવામાં આવ્યો.

"સૅમ, હું અને તારા બાપુ તારા વિષે એક અગત્યની બાબતમાં વિચાર કરતા હતા, અને મને કહેતાં આનંદ થાય છે કે, તે એ બાબતમાં મારી સાથે સંપૂર્ણ સહમત છે," મિ૦ પિકવિક વાત માંડી.

"સાંભળ્યું, સૅમી? તારા હિતની વાત છે અને મિ૦ પિકવિક એ બાબતમાં બરાબર વિચાર કર્યો છે, સમજ્યો? ફાવે તેમ આનાકાની ન કરી બેસતો; અને એ બાઈ વિધવા નથી, એ હું તને પહેલેથી કહી દઉં છું." વેલર ડોસાએ ઉમેર્યું.

મિ૦ પિકવિકે પછી હસતાં હસતાં મૅરી સાથે તેનું લગ્ન કરવાની પોતે વિચારેલી વાત સૅમને સમજાવીને કહી.

સૅમ થોડીવાર ચૂપ રહીને પછી એકદમ મોં ફેરવીને બોલી ઊઠ્યો, "એ વાત બને તેવી નથી, સાહેબ."

"શું?"

"એ વાત બને તેવી નથી, સાહેબ; કારણ, હું પરણીને ચાલ્યો જાઉં પછી તમારું શું થાય, સાહેબ?"

"ભલાદમી, મારા મિત્રોની સ્થિતિમાં જ ફેરફારો ઝડપથી થવા લાગ્યા છે, તે જોતાં, હવે મારે પણ મારા જીવનને નવેસર ગોઠવવાનું વિચારવું જ પડશે. હું પણ હવે ઘરડો થતો જોઉં છું, અને મારે પણ આરામ અને નિરાંતની જરૂર છે; સૅમ, મારા પ્રવાસ હવે પૂરા થાય છે."

"પણ મને તેની શી ખબર પડે? તમે અત્યારે આમ વિચારો ને ઘડી પછી બીજું વિચારો તો શું થાય? તમે હજી પચીસ વર્ષની ઉંમરના માણસ જેવા ચપળ છો અને કામગરા છો; એટલે હું ન હોઉં તો તમારી સંભાળ કોણ રાખે? માટે હું કહી દઉં છું કે, એ વાત બને તેવી નથી."

"શાબાશ, સૅમિવેલ, તારા કહેવામાં ઘણી ઘણી વજૂદ છે," ડોસા ઉતેજન રૂપે બોલી ઊઠ્યા.

"હું લાંબો વિચાર કરીને જ કહું છું કે, હું હવે ફરવા-રખડવાનું છોડી દેવાનો છું. ચારે બાજુથી હવે નવી પરિસ્થતિમાં હું મુકાતો જાઉં છું, અને મેં પોતે જ હવે સ્થિર થઈને રહેવાનું નક્કી કરેલું છે."

"તો એ કારણે જ હવે તો તમારી જરૂરિયાતો અને ટેવો સમજી શકે એવો માણસ હરઘડી તમારી સાથે જોઈએ, જેથી તમે નિરાંતમાં રહી શકો. તમારે મારા કરતાં કોઈ વધુ સુધરેલો નોકર રાખવો હોય તો રાખી શકો છો, તેની ના નથી; પણ હું તો તમે પગાર આપો કે ન આપો, અથવા મને રાખો કે ન રાખો પણ તમારી પાસે અને તમારી સાથે રહેવાનો જ છું. ભલે જેને જે કરવું હોય તે કરી નાખે!"

એમ કહી સૅમ હાંફતો હાંફતો એક બાજુ મોં ફેરવી ઊભો રહ્યો.

ડોસાથી હવે રહેવાયું નહિ; તે પોતે કયાં છે, સામે કોણ છે એ બધું ભૂલી તરત ઊભા થઈ ગયા, અને સૅમી વેલર માટે તેમણે ટોપો ઊંચો કરી ત્રણ વાર જયનાદ કર્યો! સૅમી વેલરની વાત તેમના અંતરના વિચારને એટલી બધી મળતી આવતી હતી.

"પણ, ભલા સૅમ, તારે પેલી મીઠડીનોય વિચાર કરવો જોઈએ ને?" મિ૦ પિકવિકે છેલ્લું શસ્ત્ર વાપર્યું.

"મેં તેની સાથે બધી વાત કરી લીધી છે, સાહેબ. મેં તેને કહ્યું કે, મારા માલિકનું ઠેકાણું ન પડે, ત્યાં સુધી હું પરણવાનો નથી. તેને રાહ જોવી હોય તો જુએ. મને લાગે છે કે, તે જરૂર રાહ જોશે. અને જો તે રાહ નહિ જુએ, તો મેં ધારી હતી તેવી તે સ્ત્રી નહિ હોય, એટલે હું જ તેની સાથે લગન કરવાની પંચાતમાં નહીં ઊતરું."

મિ૦ પિકવિક સૅમનો પોતા પ્રત્યેનો આ ભાવ જોઈ ખરેખર ગળગળા થઈ ગયા. બાપ-દીકરા બંનેએ આજે તેમને ચોંકાવ્યા હતા.

## ૨

ઉપર મિ૦ પિકવિકના ઓરડામાં આ બધું ચાલતું હતું, તે દરમ્યાન એક બટકા ઘરડા સદ્‌ગૃહસ્થ એક નાની સરખી બૅગ હાથમાં

લઈને પાછળ આવતા મજૂર સાથે નીચે આવી પહોંચ્યા. તેમણે રાતને માટે પોતાની પથારીનું નક્કી કરી લીધા પછી વેઇટરને પૂછ્યું કે, મિસિસ વિંકલ નામનાં બાનુ આ જ હોટલમાં ઊતર્યાં છે કે કેમ? વેઇટરે ડોકું હલાવી 'હા'માં જવાબ આપ્યો.

"તે અત્યારે એકલાં હશે કે કેમ?" બટકા સદ્‌ગૃહસ્થે આગળ પૂછ્યું.

"મને લાગે છે કે અત્યારે તે એકલાં જ હશે; પરંતુ આપ સાહેબ કહેતા હો તો હું તેમની નોકરડીને બોલાવી લાવું."

"ના, મારે તેની જરૂર નથી." સદ્‌ગૃહસ્થ જરા ઉતાવળે બોલી ઊઠ્યા. "પણ મારા આવવાની જાહેરાત કર્યા વગર મને તેમનો કમરો બતાવી દે."

"શું, સાહેબ?"

"તું બહેરો છે?"

"ના, સાહેબ."

"તો સાંભળ, મારા આવ્યાની જાહેરાત કર્યા વિના મને તેમનો કમરો બતાવી દે જોઉં," એમ કહી, બટકા સદ્‌ગૃહસ્થે વેઇટરના હાથમાં પાંચ શિલિંગ પકડાવી દીધા.

"હું, સાહેબ, પણ મને લાગે છે કે —"

વેઇટર વાકય પૂરું કરે તે પહેલાં સદ્‌ગૃહસ્થ પોતે જ બોલી ઊઠ્યા, "રહેવા દે; વખત શા માટે બગાડે છે? તું મને ત્યાં લઈ જવાનો જ છે."

એ બોલતી વખતે સદ્‌ગૃહસ્થના મોં ઉપર એટલી ટાઢાશ અને સ્વસ્થતા દેખાતી હતી કે વેઇટર વધુ કંઈ બોલ્યા વિના, પાંચ શિલિંગ પોતાના ખીસામાં સેરવી દઈ, ડોસાને દૂરથી કમરો બતાવીને પાછો ફર્યો.

વેઇટર દેખાતો બંધ થતાં જ સદ્‌ગૃહસ્થે કમરાના બારણા ઉપર ટકોરા માર્યા.

"અંદર આવો." આરામેલાએ જવાબમાં કહ્યું.

"હું. અવાજ તો મીઠો છે; પણ એથી શું?" એમ ગણગણતો બુઢ્ઢો સદ્‌ગૃહસ્થ બારણું ઉઘાડી અંદર દાખલ થયો.

આરાબેલા કોઈ અજાણ્યાને કમરામાં દાખલ થતો જોઈ, હાથમાંનું કામ પડતું મૂકી, ગાભરી બનીને એકદમ ઊભી થઈ ગઈ. પણ તે વખતેય તેની મોહક છટા પ્રગટ થયા વિના ન રહી.

"બાનુ, ઊભા થવાની જરૂર નથી," બુઢ્ઢો કમરામાં દાખલ થઈ બારણું બંધ કરતાં બોલ્યો. "માની લઉં છું કે તમે મિસિસ વિંકલ છો?"

આરાબેલાએ જવાબમાં માથું નમાવ્યું.

"મિસિસ નેથેનિયલ વિંકલ, કે જે બરમિંગહામના એક બુઢ્ઢા ડોસાના દીકરા જોડે પરણ્યાં છે?" મોં ઉપર દેખાઈ આવતી અચંબાની આભા દબાવતાં અજાણ્યાએ પૂછ્યું.

આ વખતે પણ આરાબેલાએ માથું નમાવીને 'હા'માં જવાબ આપ્યો; પણ તે હવે મદદ માટે બૂમ પાડવી કે નહીં તેની ગડભાંજમાં પડી ગઈ.

"મને દેખા તમે ચોંકયાં લાગો છો, ખરું?" ડોસાએ ખુરશીમાં બેસવાની રજા માગવાની સભ્યતા દાખવીને પૂછ્યું. અને સાથે સાથે જ ખુરશીમાં બેસી જઈ, આસ્તેથી ખાસામાંથી ચશ્માંની દાબડી કાઢીને ચશ્માં નાક ઉપર ચડાવ્યાં.

"તમે મને ઓળખતાં નથી, ખરું ને?" બુઢ્ઢાએ એ સવાલ પૂછતાં એટલું તાકીને આરાબેલા સામું જોયું કે તે બિચારી ડઘાઈ ગઈ.

"ના, સાહેબ," આરાબેલાએ ધીમેથી જવાબ આપ્યો.

"મારું નામ પણ નહીં જાણતાં હો?"

"ના જી! પરંતુ તે હું પૂછી શકું?"

"હમણાં જ જાણશો, હમણાં જ!" ડોસાએ આરાબેલાના મોં ઉપરથી આંખ ખસેડયા વિના કહ્યું. "પણ બાનુ, તમે હમણાં તરતમાં જ પરણ્યાં છો, ખરું ને?"

આરાબેલાને જે વાતનો ડર અત્યાર સુધી સતાવતો આવ્યો હતો, તે અચાનક તેના મનમાં સ્ફુરી આવ્યો. તે હવે છેક જ ઢીલી પડી જઈને ભાગ્યે સાંભળી શકાય તેવા અવાજે બોલી, "હા, જી."

"અને તે પણ તમારો પતિ જેનો આશ્રિત છે તે બાપને પૂછવાનો વિવેક દાખવવાનું તમારા પતિને સૂચવ્યા વિના ?"

"હું તે વાતનો ઇનકાર નથી કરી શકતી, સાહેબ."

"અને વળી તમારો પતિ, તેના બાપની ઇચ્છા તેને જ્યાં પરણાવવાની હતી, ત્યાંથી તેને જે આર્થિક અને સાંસારિક લાભો થાત તેની અવેજીમાં સાટું વાળવા જેવી તમારી પોતાની આર્થિક સ્થિતિ સબ્બર નથી, તે સારી પેઠે જાણતાં હોવા છતાં ?" બુઢ્ઢાએ આગળ ચલાવ્યું. "આને જુવાનડાં નિઃસ્વાર્થ – સ્વર્ગીય – પ્રેમ કહે છે, ખરું ? પણ જ્યારે તેમને પોતાનાં છોકરા-છોકરી થાય છે, ત્યારે તેમનું એ બધું સ્વર્ગ કયાંય ઊડી જાય છે, અને નક્કર વાસ્તવિકતા તેમના માથા સાથે અફળાય છે !"

આરાએલાને હવે ખાતરી થઈ ગઈ કે, તે પોતાના સસરા સાથે વાત કરી રહી છે. તે ચોધાર આંસુએ રડી પડી અને કહેવા લાગી કે, પોતે બહુ કાચી ઉંમરની અને બિનઅનુભવી છે. તેની પોતાની આસક્તિ જ તેને લગ્નનું પગલું ભરવા દોરી ગઈ હતી; અને નાનપણથી જ માબાપ વિનાની બની ગઈ હોવાથી, તેને તેમની શિખામણ અને દોરવણીનો જરા પણ લાભ મળ્યો ન હતો.

"બહુ ખોટું કર્યું, બહુ જ ખોટું કર્યું. નર્યા પ્રેમલાવેડા, અને મૂર્ખાઈ, બીજું શું ?"

"એ મારો વાંક હતો, બબ્બો મારો જ વાંક હતો, સાહેબ." આરાએલા રડતાં રડતાં બોલી.

"નક્કામી વાત." ડોસો બોલી ઊઠ્યો. "તે તમારી સાથે પ્રેમમાં પડ્યો એ તમારો વાંક કેવી રીતે કહેવાય ?" પણ પછી થોડી વાર આરાએલા તરફ છૂપી રીતે જોઈ રહ્યા બાદ ડોસો ઓચિંતો બોલી ઊઠ્યો, "તમારો જ બધો વાંક છે, વળી; તે બિચારો બીજું કરે પણ શું ?"

પોતાના સૌંદર્યની આ આડકતરી તારીફથી કે કઢંગી રીતે ડોસાએ કરેલી એની રજૂઆતથી કે ડોસાના પહેલાં કરતાં માયાળુ

બનેલા વ્યવહારથી કે એ ત્રણે વાનાં ભેગાં થવાથી આરાબેલાને આંસુ વચ્ચે પણ થોડું હસવું આવી ગયું.

પછી પોતાના મોં ઉપર પણ આવી રહેલા હાસ્યને છુપાવવા ડોસાએ ઓચિંતું પૂછ્યું : "તમારો પતિ કયાં છે, વારુ ?"

"અબઘડી જ આવી પહોંચવા જોઈએ. પોતાના પિતા તરફથી કશો જવાબ મળ્યો ન હોવાથી તે બહુ ભાંગી પડ્યા હતા; એટલે મેં જ તેમને સવારના થોડું ફરી આવવા સમજાવ્યા હતા."

"ભાંગી પડ્યો છે ? સાચું કહો છો ? તો તો બેટમજી એ જ દાવના હતા."

"તેમને મારા વતીનું ખૂબ લાગી આવે છે, એવો મને ડર છે; અને મને પણ તેમના વતીનું એવું લાગી આવે છે, કે તેમની આ વલે થવામાં હું જ કારણભૂત છું."

"તેના વતીનું માઠું લગાડવાની જરા પણ જરૂર નથી. એની એ જ વલે થવી જોઈએ. તેની માફી વલે થઈ છે, એ જાણી, ઊલટો મને આનંદ જ થાય છે."

પણ એટલામાં બહારથી આવેલો પગલાંનો અવાજ સાંભળતાં જ બંને જણ એકસાથે સમજી ગયાં કે કોણ આવે છે. ડોસો એકદમ ઝાંખો પડી ગયો પણ સ્વસ્થ દેખાવાનો પ્રયત્ન કરીને ઊભો થઈ ગયો. તે જ ઘડીએ મિ૰ વિંકલે ઓરડામાં પ્રવેશ કર્યો.

"બાપુ !" એમ બોલતાંમાં તો મિ૰ વિંકલ ગાભરા બની લથડિયું ખાઈ ગયા.

"હા, જી" ખટકા ડોસાએ જવાબ આપ્યો. "ઠીક, સાહેબ, હવે તમારે મને શું કહેવાનું છે ?"

મિ૰ વિંકલ ચૂપ રહ્યા.

"તમને હવે શરમ લાગતી હશે, ખરું ને ?"

મિ૰ વિંકલે કશો જવાબ ન આપ્યો.

"તમને હવે તમારા વતીની શરમ આવે છે કે નહીં ?" ડોસો તડૂક્યો.

હવે વિકલે આરાબેલાનો હાથ પોતાના હાથમાં ભેરવી લઈ જવાબ આપ્યો, "ના સાહેબ, મને મારા વતીની કે મારી પત્ની વતીની જરા પણ શરમ આવતી નથી."

"ખરે જ?" ડોસો મરડાટમાં બોલી ઊઠ્યો.

"તમારો મારા ઉપરનો ભાવ ઓછો થાય એવું કરવા બદલ હું ખરેખર દિલગીર છું; પરંતુ મારે સાથે સાથે જ કહેવું જોઈએ કે આ બાનુને પત્ની તરીકે સ્વીકારવાથી મારે જરા પણ શરમાવાપણું નથી. તેમ જ આપને પણ એને પુત્રવધૂ તરીકે સ્વીકારવાથી જરા પણ શરમાવાપણું નથી."

એ છેલ્લા શબ્દો સાંભળતાં જ ડોસાની બધી અકડાઈ જાણે ચાલી ગઈ. પુત્રે તેમને પોતાની પુત્રવધૂથી જરાય શરમાવાપણું નથી એવું જે કહ્યું, તે જાણે તેમના ઉપર ખોટો આરોપ મૂકયો હોય તેવું તેમને લાગ્યું. તે એ આરોપનો રદિયો આપતા હોય એમ એકદમ બદલાયેલા અવાજે આરાબેલાને સંબોધીને બોલી ઊઠ્યા, "ચાલ દીકરી, તું તારો હાથ મને આપ અને મને ચુંબન કર જોઉં. મને નાનકડી સુંદર પુત્રવધૂ મળી છે, એ વાતની કોઈ ના તો પાડી જુએ!"

થોડી જ મિનિટોમાં મિ૦ વિંકલ દોડતા જઈને પિકવિક ડોસાને બોલાવી લાવ્યા; અને પછી બંને ડોસાઓએ આનંદથી પૂરી પાંચ મિનિટ સુધી હસ્તધૂનન કર્યું.

"તમે મારા પુત્ર તરફ જે માયાળુતા દાખવી છે તે બદલ હું તમારો ખૂબ ખૂબ આભારી છું, મિ૦ પિકવિક! તમે જ્યારે આ લોકોના લગ્નના સમાચાર લઈને આવ્યા, ત્યારે ઓચિંતા એ સમાચાર મળવાથી હું ગૂંચવાઈ ગયો હતો અને અકળાઈ ગયો હતો. પરંતુ વધુ વિચાર કરતાં હું આ બાબતનો મારા મનમાં ઉકેલ લાવી શકયો છું અને તમારી સાથે અભદ્ર રીતે વર્તવા બદલ હું તમારી ઘણી ઘણી માફી માગું છું."

"જરા પણ નહિ, સાહેબ! ઊલટું તમે મારો આનંદ પરિપૂર્ણ બનવામાં જે વસ્તુ ખૂટતી હતી, તે પૂરી પાડીને મને આભારી કર્યો

છે.” પિકવિક બોલી ઊઠ્યા. અને ફરી પાછા બંને ડોસાઓ પૂરી પાંચ મિનિટ સુધી હસ્તધૂનન કરતા રહ્યા.

## ૫૩

## “સૌ સારું, જેનું છેવટ સારું . . .”

જીવન-યાત્રામાં જેમ જેમ માણસો આગળ વધતા જાય છે, તેમ તેમ તેમને અનેક સગાં-સંબંધી સાંપડતાં જાય છે. પરંતુ કુદરતી ક્રમમાં જ તેમને તેમનાથી છૂટા પણ પડવું પડે છે; અને કેટલાંકની બાબતમાં તો અધવચ્ચ પણ પહોંચતા પહેલાં! લેખકની બાબતમાંય પોતાનાં પ્રિય બની ગયેલાં પાત્રોથી સર્જનકળાના ક્રમમાં જ છૂટા પડવાનું આવે છે; અને કેટલાકની બાબતમાં તો અધવચ્ચ પણ પહોંચતા પહેલાં.

આ ક્રમમાં લેખકને હવે કેટલાંય પ્રિય પાત્રોથી વિદાય લેવાની કે વિદાય આપવાની વેળા આવી પહોંચી છે. પિકવિક ક્લબના સંસ્થાપક મિ૦ પિકવિકે પોતે જ પોતાની ક્લબના સભ્યોને લખી જણાવ્યું છે કે, હવે પિકવિક-ક્લબને સમેટી લેવામાં આવે છે. મિ૦ પિકવિક પ્રવાસમાં હતા તે દરમ્યાન ક્લબના સભ્યોમાં અંદર-અંદરના જ કેટલાય વિખવાદો એવા ઊભા થયા હતા કે તેમની વચ્ચે મળવા-બોલવાનો વ્યવહાર જ રહ્યો ન હતો. મિ૦ પિકવિકની પોતાની શરૂઆતની જિંદગી ધંધા-રોજગારમાં ચુસ્તપણે અટવાઈ રહી હોવાથી બહુ કૂલી-ફાલી ન હતી; પણ હવે જીવનના પાછલા પહોરે પ્રવાસ દરમ્યાન તથા બીજી રીતે જે નવા અનુભવોમાંથી તેમને પસાર થવું પડ્યું હતું, તેને કારણે તેમના અંતરમાં કેટલાય અવનવા ફણગા ફૂટવા માંડ્યા હતા. તે બધાને બાજુએ બેસી નિરાંતે વાગોળવાની અને પોતાના અંતરને વધુ મોકળું થવા દેવાની જરૂર તેમને લાગવા માંડી હતી.

તેથી, મિ૦ વિંકલ-સિનિયરે આવીને, પોતાના પુત્ર સાથે અને વધારે તો પોતાની ફૂટડી પુત્રવધૂ સાથે સુમેળભર્યું સમાધાન સાધી લેતાં, તેનો આનંદ અને સંતોષ સૌ માણી રહ્યાં હતાં તે દરમ્યાન જ, મિ૦ પિકવિક અને તેમનો વફાદાર અનુચર સૅમ રોજ સવારના કયાંક ચાલી નીકળતા તે છેક રાત પડયે પાછા ફરતા. એ વસ્તુ વારંવાર ધ્યાનમાં આવતાં, મિ૦ વૉર્ડલે, પોતે ઊતર્યા હતા તે હોટલમાં તાકીદે એક પાર્ટી ગોઠવીને સૌને ભેગાં કર્યાં.

બધાં આવી ગયાં અને પીણું-બીણું પીને સહેજ સાંસતાં થયાં, એટલે તરત મિ૦ વૉર્ડલે ઊભા થઈ મિ૦ પિકવિકને ધમકાભર્યા સ્વરે પૂછ્યું કે, તે અને તેમનો હજૂરિયો સૅમ કોના વાંકે કે શા વાંકે સૌ મિત્રોને છોડી એકલા એકલા બહાર ફરતા ફરે છે, તેનો ખુલાસો તેમણે તાકીદે કરવો, નહિ તો ... ૪૦

મિ૦ પિકવિક મિ૦ વૉર્ડલની ધમકી સાંભળી રાજી થતા થતા એકદમ ઊભા થઈને બોલી ઊઠ્યા કે, હું પોતે જ આજે એ બધા સમાચાર તમને કહેવાનો હતો; પણ તમારા સૌનો મારા ઉપરનો સદ્‌ભાવ વધુ બળવાન નીવડ્યો અને તમે જ મને પૂછવાની પહેલ કરી. થોડાએક દિવસથી આપણાં સૌની વચ્ચે જે બનાવો બન્યા છે કે બનવાના થયા છે — અર્થાત્ જે લગ્ન થઈ ચૂકયું છે અને જે હવે પછી થવાનું છે — તે બધાને કારણે આપણાં જીવનમાં જે ફેરફારો થવાના છે, તે લક્ષમાં રાખી, મને પણ મારા ભવિષ્યના જીવન બાબત કંઈક યોજના વિચારી કાઢવાનું આવશ્યક લાગતું હતું. દરમ્યાન આ લંડન શહેરની નજીકમાં જ કયાંક એક સારું સ્થળ શોધી કાઢી, ત્યાં શાંતિમય નિવૃત્ત જીવન ગાળવાનો મને વિચાર આવ્યો. તે પ્રમાણે અહીંથી નજીકમાં જ ડલવિચ મુકામે મેં એક અલગ સારું મકાન શોધી કાઢી ખરીદી લીધું છે અને મારી જરૂરિયાતો વિચારી લઈને તેને સારી રીતે સજાવ્યું છે. તે મકાનની આસપાસ મોટો બગીચો છે જેમાં લાંબા કલાકો એકાંતમાં બેસીને ગાળી શકાય તેવી સગવડ છે. મારા વફાદાર સાથી સૅમ સાથે ત્યાં રહેવાનું મેં નક્કી કર્યું છે. મારા ભલા વકીલ પર્કરે ઘર સંભાળનારી એક પ્રૌઢ બાઈ ભલામણથી

કરીને મોકલી છે, અને તેણે માગ્યા પ્રમાણેનાં બીજાં પણ કેટલાંક નોકર-ચાકર મેં રાખી લીધાં છે. ત્યાં શાંતિથી રહી, મારું બાકીનું જીવન, અવારનવાર તમો મારા પ્રિય મિત્રોની સાથે હળવામળવામાં હું ગાળીશ; અને મૃત્યુ બાદ તમારાં વહાલભર્યાં સંભારણાં મારી પાછળ લેતો જઈશ. જીવન દરમ્યાન સારું કહેવાય એવું બહુ ભલે મેં નહિ કર્યું હોય; પણ ખોટું કહેવાય એવું બહુ ઓછું કર્યું હશે, એનો મને સંતોષ છે. હું મારા ઘરનું ઉદ્‌ઘાટન, મારા મિત્ર મિ૰ વૉર્ડલ જો વાંધો ન લે તો, તેમની સુપુત્રીનું લગ્ન મારા પ્રિય મિત્ર અને સાથી સ્નૉડગ્રાસ સાથે તે ઠેકાણે ઊજવીને કરવા માગું છું; અને તે પ્રસંગે આનંદની વૃદ્ધિ કરવા તમો સૌને નિમંત્રું છું.

સૌએ તાળીઓ પાડીને, અને પોતાના પ્રિય મિત્ર, વડીલ અને સાથીથી છૂટા પડવાનું નજીકમાં જ આવ્યું છે એના ખ્યાલથી કંઈક ભારે હૈયે, મિ૰ પિકવિકના નિવેદનને વધાવી લીધું.

મિ૰ સ્નૉડગ્રાસને તો લગ્ન પહેલાં બહુ જૂજ તૈયારીઓ કરવાની હતી. તેમનાં માતા કે પિતામાંથી કોઈ જીવતું ન હતું અને સગીરવયે મિ૰ પિકવિકના વાલીપણા હેઠળ જ ઊછરીને તે પુખ્ત ઉમરના થયા હોઈ, મિ૰ પિકવિકને તેમની બધી અરકામતોની પૂરેપૂરી માહિતી હતી. તે તેમણે મિ૰ વૉર્ડલને કહી સંભળાવી. મિ૰ વૉર્ડલને તે જાણી પૂરો સંતોષ થયો; અને તેમણે પોતે પણ એમિલીને આપવા રકમ નક્કી કરી રાખેલી હોવાથી, બંને દંપતી સુખે જીવન ગાળી શકે તેવી જોગવાઈ થઈ ગઈ હતી. એટલે આજના દિવસ પછી ચોથે દિવસે જ લગ્ન લેવાનું નક્કી થયું.

મિ૰ વૉર્ડલ પોતાને પક્ષે બધી તૈયારીઓ કરવા તરત જ પોતાને ગામ ડિંગ્લી ડેલ જવા ઊપડી ગયા. એટલા ટૂંકા વખતમાં લગ્ન માટેના પોશાકો તૈયાર કરાવવાની સ્ત્રી-જનોની તાકીદથી દરજીઓ તો જીવ ઉપર આવી ગયા.

* * *

લગ્નવિધિ, તે પછીની મિજબાની, મિ૰ પિકવિકનું ભર્યું ભાદર્યું થઈ ગયેલું ઘર, તેમના નોકરોનો ઉમંગ અને ઉત્સાહ, સૌમનું ખુશી

અને આનંદથી ફાટી પડતું વફાદાર હૃદય, મેરીના એથી પણ વધુ આનંદભર્યો છતપતાટ – એ બધું જીવનની સુખી પળોનું વર્ણન કરવાની ખટપટમાં હવે ન ઊતરીએ. ગમે તેવી મિલનની સુખી પળો પાછળ વિદાયની પ્રેમભરી પણ ઘેરી શોકભરી પળો આવતી જ હોય છે; પરંતુ ધુવડની પેઠે આપણે અંધારા તરફ જ શા માટે આંખ ઠેરવવી? એને બદલે આનંદના સૂર્યપ્રકાશને જ ઝીલતા વિદાય થઈએ, એમાં શું ખોટું?

છતાં, કેટલીક વિગતો આપણી કથાને પૂરી કરતા પહેલાં કે પૂરી કરવા માટે જ જણાવી લેવી જરૂરી છે.

મિ૦ વિંકલ અને મિસિસ વિંકલ ઉપર ખુશી થઈ ગયેલા વિંકલ ડોસાએ મિ૦ પિકવિકના મકાનથી ભાગ્યે અર્ધોએક માઈલ દૂર આવેલું એવું એક નવું બંધાયેલું મકાન પસંદ કર્યું અને તેમાં તેઓને વસાવી દીધાં. વિંકલ ડોસાએ ઉપરાંતમાં પોતાના પુત્રને શહેર તરફના પોતાના કારોબારનો એજન્ટ પણ નીમી દીધો. મિ૦ વિંકલે હવે પોતાનો 'મેદાની' પોશાક તજી દઈને સીધા અંગ્રેજ સદ્‌ગૃહસ્થનો પોશાક ધારણ કર્યો છે, એની નોંધ લેવી ઘટે.

મિ૦ અને મિસિસ સ્નૉડગ્રાસે ડિંગ્લી ડેલમાં જ એક જાગીર ખરીદી લીધી — આવકના હેતુથી નહીં પણ કંઈક કામકાજમાં રોકાવા ખાતર. મિ૦ સ્નૉડગ્રાસનો અવારનવાર ખિન્ન થઈ જવાનો સ્વભાવ તેમની કવિ તરીકેની કાવ્ય-સર્જનની પ્રસૂતિપીડા રૂપ જ મનાતો; જેવું ઘણા મહાનુભાવોની બાબતમાં મનાતું આવે છે. જોકે તેમની કોઈ કાવ્યકૃતિ અમારા જોવામાં હજુ સુધી નથી આવી.

મિ૦ ટપમને, પોતાના બે સાથીદારો પરણી ગયા પછી, અને મિ૦ પિકવિક પોતાના નવા ઘરમાં ગોઠવાઈ ગયા પછી, રિચમંડ મુકામે નિવાસ કર્યો. હજુ તે કુંવારા જ છે, જોકે કુંવારી પ્રૌઢ સ્ત્રીઓ તેમને ઝંખી રહી છે, એમ તે માને છે.

મિ૦ બૉબ સૉયર અને મિ૦ બેન્જામિન એલન બંગાળામાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ સર્જનો તરીકે નિમણૂક કરતાં ઇન્ડિયા ચાલ્યા ગયા છે; અને ઠેકાણે પડ્યા છે તથા ઠેકાણે આવ્યા છે.

સૅમ વેલર પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે બે વર્ષ સુધી અપરિણીત રહ્યો. મિ૦ પિકવિકની ઘરડી ઘરકારભારણ મરી ગઈ ત્યાર પછી મિ૦ પિકવિકે મૅરીની નિમણૂક એ હોદ્દા ઉપર કરી – એક શરતે કે તેણે સૅમ સાથે લગ્ન કરવું; જે શરત તેણે કશો બબડાટ કર્યા વિના સ્વીકારી લીધી. મિ૦ પિકવિકના બગીચાના પાછળના ઝાંપા આગળ બે ધિંગાં ભૂલકાં કોઈ કોઈ વાર દોડતાં–કૂદતાં, દેખા દે છે, તે ઉપરથી માનવાને કારણ મળે છે કે સૅમ કુટુંબી બન્યો છે.

સૅમના બાપ વેલરડોસાએ બારેક મહિના તો કોચ ઉપરની પોતાની જૂની કામગીરી બજાવવી ચાલુ રાખી. પણ પછી સંધિવાથી વધુ ને વધુ જકડાઈ જતાં તેમને તે ધંધામાંથી નિવૃત્ત થવું પડ્યું. પરંતુ મિ૦ પિકવિકે તેમના પૈસાનું જે કાળજીભર્યું રોકાણ કર્યું હતું, તેને પ્રતાપે તે. . . લત્તા તરફની એક લૉજમાં આરામથી સ્વતંત્ર જીવન ગુજારે છે. ત્યાં પણ પિકવિક સાથેના સંબંધની વાતો તથા વિધવાઓથી બચતા રહેવાની સલાહોથી તે પરવારતા જ નથી.

મિ૦ પિકવિકે પોતાના અનુભવોનો ઇતિહાસ લખવામાં થોડોક વખત ગાળ્યો, અને તે ઇતિહાસ ક્લબના મંત્રીને મોકલી આપ્યો. આ કથા મંત્રી પાસેની તે નોંધોને જ આભારી છે.

મિ૦ વિંકલ, મિ૦ સ્નૉડગ્રાસ અને મિ૦ ટ્રન્ડલ તરફથી વારંવાર આવતાં પોતાનાં સંતાનોના ગૉડ-ફાધર બનવાનાં નિમંત્રણો સિવાય બીજી કોઈ વાતનો મિ૦ પિકવિકને ત્રાસ નથી. તે આમંત્રણો પણ હવે તેમને કોઠે પડી ગયાં છે.

મિ૦ જિંગલ અને તેના સાથી જૉબ ટ્રોટર ઉપર મિ૦ પિકવિકે કરેલા ઉપકાર બદલ મિ૦ પિકવિકને પસ્તાવાનું કાંઈ કારણ મળ્યું નથી. બંને જણ સમાજના આબરૂદાર નાગરિકો બની ગયા છે.

મિ. વૉર્ડલ દર વર્ષે પોતાના બધા સંબંધીઓને ભેગા કરવા માટે પોતાને ત્યાં મોટી મિજબાની ગોઠવે છે; અને બધાં જ અચૂક એ મિજબાનીમાં હાજર રહે છે. મિ૦ પિકવિક પણ સૅમ સાથે ત્યાં હાજર રહે છે જ. એ બે માલિક-નોકર વચ્ચે અરસપરસ પ્રેમ-આદરનો જે દૃઢ તંતુ બંધાયો છે, તેને મોત જ તોડી શકે તેમ છે.

# વિક્ટર હ્યૂગોની નવલકથાઓ

## [સંક્ષિપ્ત અનુવાદ]

૧. દરિદ્રનારાયણ ['લે મિઝેરાબ્લ'] ૧૨.૦૦

સંપા૦ ગોપાળદાસ પટેલ [સચિત્ર]

૨. ક્રાંતિ કે ઉત્ક્રાંતિ ? ['નાઇન્ટી થ્રી'] ૫.૦૦

સંપા૦ ગોપાળદાસ પટેલ [સચિત્ર]

૩. ધર્માધ્યક્ષ ['હંચબેક ઑફ નોત્રદામ'] ૧૦.૦૦

સંપા૦ ગોપાળદાસ પટેલ [સચિત્ર]

૪. પ્રેમ-બલિદાન ['ટૉઇલર્સ ઑફ ધ સી'] ૧૨.૦૦

સંપા૦ ગોપાળદાસ પટેલ [સચિત્ર]

૫. 'લાર્ક્ફિંગમૅન' યાને ઉમરાવશાહીનું પોત ને અતિભા ૮.૦૦

સંપા૦ ગોપાળદાસ પટેલ [સચિત્ર]

પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ૦
સત્યાગ્રહ છાવણી, અમદાવાદ-૫૪

## અલેકઝાન્ડર ડૂમાની નવલકથાઓ

[સંક્ષિપ્ત અનુવાદ]

૧. **'શ્રી મસ્કેટિયર્સ'–૧ યાને પ્રેમશૌર્યને રાહે** ૮.૦૦

બધીના સંપા૦ ગોપાળદાસ પટેલ [સચિત્ર]

૨. **'શ્રી મસ્કેટિયર્સ'–૨ યાને વીસ વર્ષ બાદ !** ૮.૦૦

['ટવેન્ટી ઇયર્સ' આફ્ટર' – સચિત્ર]

૩. **'શ્રી મસ્કેટિયર્સ'–૩ યાને કામિની અને કાંચન** ૧૦.૦૦

['વાઇકાઉન્ટ દ બ્રાજલોન'–સચિત્ર]

૪. **'શ્રી મસ્કેટિયર્સ'–૪ યાને પ્રેમ–પંક** ૧૫.૦૦

['લુઇઝા દ લ વાલિયેર' ]

૫. **'શ્રી મસ્કેટિયર્સ'–૫ યાને દગા કિસીકા સગા નહીં !** ૧૫.૦૦

['મેન ઇત ધ આયર્ન માસ્ક']

૬. **'કાઉન્ટ ઑફ મૉન્ટે ક્રિસ્ટો'** ૪.૦૦

[કિશોરો માટેનો સંક્ષેપ, સચિત્ર]

૭. **આશા અને ધીરજ** ૪.૫૦

[ઉપરના પુસ્તકનો પ્રૌઢો માટેનો સંક્ષેપ]

# ધર્મસાહિત્ય

## [શ્રી. મગનભાઈ દેસાઇ સંપાદિત]

**૧. ઈશાવાસ્ય ઉપનિષદ** ૨.૦૦

[મૂળ, પદાર્થ, અન્વય, અનુવાદ તથા વિવેચન સહિત]

**૨. કેનોપનિષદ** ૧.૭૫

[મૂળ, પદાર્થ, અન્વય, ભાષાંતર, વિવેચન, પુરવણીઓ, પદસૂચિ સહિત]

**૩. મુંડકોપનિષદ** ૨.૦૦

[મૂળ, પદાર્થ, અન્વય, ભાષાંતર, વિવેચન, પદસૂચિ સહિત]

**૪. માંડૂક્યોપનિષદ** ૧.૭૫

[મૂળ, પદાર્થ, અન્વય, અનુવાદ, વિવેચન તથા ગૌડપાદ કારિકાઓના સાર સહિત]

**૫. યોગ એટલે શું ?** ૩.૨૫

[પ્રથમ પાદ. યોગતત્ત્વ વિશે વિસ્તૃત અને ઐતિહાસિક ઉપોદ્‌ઘાત સહિત]

**૬. ગીતાનું પ્રસ્થાન** ૫.૦૦

[મહાભારતના યુદ્ધમંડાણ પહેલાંની રસિક કથા]

**૭. ગીતાનો પ્રબંધ** ૨.૦૦

[ગીતાના વિષયની ગોઠવણી અને રત્નપ્રાત કેવી રીતે થઈ છે તેનું સળંગ નિરૂપણ]

**૮. શ્રીકૃષ્ણાર્જુનસંવાદ અથવા બુદ્ધિયોગ-૧** ૫.૦૦

[ગીતાના વિસ્તૃત વિવરણના પ્રથમ બે અધ્યાય]

**૯. શ્રીકૃષ્ણાર્જુનસંવાદ અથવા બુદ્ધિયોગ-૨** ૫.૦૦

[ઉપરના ગ્રંથનું બીજું પુસ્તક અ૦ ૩-૪-૫]

# પરિવારની શિક્ષાપત્રીઓ

[સુવિચારો અને સુવાક્યો]

**૧. વિચારમાળા** સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૦.૭૫
[સુંદર વિચાર-કલિકાઓ]

**૨. ચિંતનમણિમાળા** સંપા૦ ઉપર મુજબ ૧.૦૦
[વિચારપુષ્પોની ફૂલગૂંથણી]

**૩. અમરવેલ** સંપા૦ ઉપર મુજબ ૨.૦૦
[દેશ-દેશનાં ડાહ્યાં સ્ત્રીપુરુષોનાં વિચારમૌક્તિકો]

**૪. આત્મ-શોધનમાળા** સંપા૦ ઉપર મુજબ ૨.૦૦
[આત્મ-સંશોધનને લગતાં સુભાષિતો]

**૫. વિચાર-મણિ-માળા** સંપા૦ ઉપર મુજબ ૨.૦૦
[વિચાર-કલિકાઓ]

**૬. પારસમણિ** સંપા૦ ઉપર મુજબ ૨.૦૦
['શિક્ષણ અને સાહિત્ય' માસિકમાંથી ચૂંટેલાં સુભાષિતો અને સુવાક્યો]

**૭. અવળવાણી** સંપા૦ ઉપર મુજબ ૨.૦૦
[ચાબખા, કોરડા અને કડવી-વાણી જેવાં સુવાક્યો]

**૮. મોતીમાળા** સંપા૦ ભવાનીદાસ મોતીવાળા ૨.૦૦
[સુભાષિતસંગ્રહ]

"(આ નવલકથામાં) ડિકન્સે એકસાથે હાસ્ય અને નવલકથાનો રસ ભેગા કરીને એક અનોખું સર્જન કર્યું છે. પિકવિક નામના એક તવંગર અને નિવૃત્ત સદ્‌ગૃહસ્થે સ્થાપેલી 'પિકવિક ક્લબ'ને પાયામાં લઈ તેના પ્રમુખ અને સ્થાપક મિ૦ પિકવિક સાથે બીજા ત્રણ સભ્યોને ... લેખક (ડિકન્સ) પત્ર-પ્રવાસે મોકલે છે...

"એ પ્રવાસીઓ મારફત ડિકન્સ પોતાના આખા સમાજનાં – સ્ત્રીઓ-પુરુષો, તવંગર-ગરીબો, માલિક-નોકરો, કાયદો અને ન્યાયના સંરક્ષક તથા વિતરક ગણાતા પોલીસ-ન્યાયાધીશ-વકીલ-ગુમાસ્તાઓ, પ્રજાની શારીરિક સંભાળ રાખનાર કહેવાતા ડાક્તરો, પ્રજાના આધ્યાત્મિક રખેવાળ ગણાતા ધર્માચાર્યો, લોકશાહીના પ્રાણરૂપ ગણાતી ચૂંટણીઓ, વિજ્ઞાનીઓના સંશોધનો અને અભ્યાસો, ક્લબો, મંડળો અને તેમની કામગીરીઓ — એ બધાં ઉપર પોતાની કટાક્ષ-કટારી ચલાવે છે. કોઈ વર્ગ કે વ્યક્તિ એની ઉગામેલી કલમના પ્રહારમાંથી બચી શકતાં નથી. ..."

આવરણ : પરિવાર પ્રેસ, સત્યાગ્રહ છાવણી, અમદાવાદ-૩૮૦ ૦૫૪
ફોન : ૪૪૬૫૭૮